શ્રી વલ્લભાખ્યાન રસપાન

પ્રવક્તા

પ. પૂ. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી

(કડી-અમદાવાદ)

|| શ્રીહરિઃ ||
|| શ્રી વાક્પતયે નમઃ ||

શ્રીવલ્લભાખ્યાન રસપાન

પ્રવક્તા
પ. પૂ. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી
(કડી-અમદાવાદ)

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨ (ગુજરાત, ભારત)
ફોન : ૭૭૭૭ ૯૧૬ ૯૪૦, ૬૩૫૮૮ ૪૨૩૫૩
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Shri Vallabhakhyan Raspan
by Go. Shri Yadunathaji Mahoday, Ahmedabad

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રાપ્તિસ્થાન

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (રૂબરૂ અને પોસ્ટથી)
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ,
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ
આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ ત્રણ ભાગમાં પ્રકાશિત થઈ અને
'વૈષ્ણવ પરિવાર'ના સર્વ ગ્રાહકોને ભેટપુસ્તક તરીકે અપાઈ.
(સને ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪ દરેક ભાગની ૩૦,૦૦૦ નકલ છપાઈ.)

દ્વિતીય આવૃત્તિ
શ્રી ગુસાંઈજી પ્રાગટ્યોત્સવ-૨૦૭૧ (પંચશતાબ્દિ વર્ષના ઉપલક્ષમાં)

તૃતીય આવૃત્તિ
વૈશાખ સુદ ત્રીજ, વિ. સં. ૨૦૭૭ (અખાત્રીજ)

પ્રત : ૧૦૦૦

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૩૦૦/-



નિકુંજનાયક શ્રીનાથજી



શ્રીમહાપ્રભુજી



શ્રીગુસાંઈજી

પ. પૂ. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી

(કડી-અમદાવાદ)

|| શ્રીગોપાલપ્રભુ વિજયતે ||
|| શ્રીગોવર્ધનપ્રભુ વિજયતે ||

વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રીયદુનાથજી મહોદયશ્રી

(કડી–અમદાવાદ)

આમુખ

ખૂબ જ આનંદનો વિષય છે કે શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમથી ગો. વા. પ. ભ. શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત ત્રણ વર્ષ સુધી પ્રેમપુરી આશ્રમ (મુંબઈ)માં શ્રીવલ્લભાખ્યાન રસપાન કાર્યક્રમ આયોજિત થયો. જેમાં ખૂબ જ ઉત્સાહ અને પ્રેમથી વૈષ્ણવોએ શ્રવણલાભ લીધો અને શ્રીવલ્લભના સ્વરૂપ, લીલા, નામમાં મગ્ન બન્યા. નવ આખ્યાન પૂર્ણ થતાં વૈષ્ણવોમાં અતિ આનંદ તો હતો પણ થોડી પીડા પણ હતી કે આ ગુણગાન, આ સ્પંદનો, આ માહોલ ફરી ક્યારે મળે અને આ કમીને પૂરવા વૈષ્ણવોમાંથી ખૂબ જ આગ્રહ અને વિનંતીઓ થવા લાગી કે આ વલ્લભાખ્યાનનું રસપાન અમે શ્રવણ કર્યું, એ અક્ષરશઃ પુસ્તકના રૂપમાં પ્રકાશિત થાય. તો એ જ આનંદ અમે નિત્ય લઈ શકીએ, જોડે પધરાવી જઈ શકીએ અને વૈષ્ણોવોના અંતઃભવનમાં ગુંજેલા આ શબ્દો પ. ભ. વસંતબેનના કાને પડ્યા અને પોતે અતિ વ્યસ્ત હોવા છતાં પણ સી. ડી.નું શ્રવણ કરી, જાતે લેખન કાર્ય માટે કટિબદ્ધ બન્યાં. સબળ હસ્ત દ્વારા આ કાર્ય થવાનું હોઈ અમે પણ સહર્ષ સંમતિ આપી અને આજે આ પુસ્તકના રૂપમાં તમારા હસ્તમાં છે.

શ્રીવલ્લભાખ્યાનનું સ્થાન આપણા સત્સંગમાં અદ્વિતીય છે. ગુજરાતી ભાષાને ગૌરવ પ્રદાન કરનાર ગ્રંથ હોવા ઉપરાંત આપણા સંપ્રદાયની ધરોહર છે. આપણો સિદ્ધાંતપક્ષ, તત્ત્વજ્ઞાનપક્ષ, દરેક ભાવોનું અદ્‌ભુત રીતે ચિત્રણ થયેલું છે. ગુજરાતની ભૂમિ ધન્ય છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણે છ વખત આ ભૂમિને પાવન કરી છે. રાજનગરની અસારવા બેઠક, ભાઈલા કોઠારીના ઘરમાં જ આ દિવ્ય ગ્રંથ પ્રગટ થયો. પ. ભ. ગોપાલદાસજીએ ગાયું કહીએ અથવા શ્રીગુસાંઈજીએ હૃદયમાં બિરાજી ગવડાવ્યું કહીએ, એવો ગ્રંથ ગુજરાતી તળપદી ભાષામાં હોવા છતાં એના અમુક અર્થો અને ભાવો અત્યંત ગૂઢ છે. માટે જ આ એક માત્ર એવો ગુજરાતી ગ્રંથ છે, જેના ઉપર સંસ્કૃતમાં ટીકા લખાઈ છે. મારું તો દઢપણે એવું માનવું છે કે શ્રીવલ્લભાખ્યાનના મૂળ અર્થો માત્ર બે જ જણ જાણે છે. એક શ્રીગુસાંઈજી પ્રભુચરણ, બીજા

શ્રી ગોપાલદાસજી. માટે આ દિવ્યવાણીનો પોતાની અલ્પ બુદ્ધિથી વિચાર ન કરતા પૂર્વ આચાર્યો શ્રી જીવનલાલજી મહારાજ, પ્રાતઃસ્મરણીય શ્રી રમણપ્રભુ (જે. જે. શ્રી) અને બીજા ભગવદીયજનોના દર્શનનો આધાર લીધો છે અને એ પણ જેટલું મને સમજાયું અને સમજીને માણ્યું એ જ આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ ગ્રંથના વાંચનથી શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને આપણા માર્ગમાં પ્રીતિ વધે એ જ આ ગ્રંથ પ્રકાશનનો હેતુ છે. અંતમાં પ. ભ. વસંતબેન, એમના બંને સુપુત્રો પ્રમોદભાઈઅને અમિતભાઈ, આ ત્રણે વર્ષના આયોજનમાં જેમણે ખૂબ જ ઉત્સાહ દ્વારા અનેકાનેક વૈષ્ણવોને શ્રવણલાભ લેવડાવ્યો એવા પ. ભ. વિજયભાઈ દેસાઈ, સુંદર મનોરથોની સજાવટ માટે પ. ભ. સુરેખાબેન વગેરે સર્વને ખૂબ ખૂબ શુભાશિષ આપું છું.

આ ગ્રંથના મનોરથી અમારા પરપિતામહ નિ. લી. શ્રી પુરષોત્તમલાલજી (કડી, કોટા)ના સેવક તેમજ અમારા પૂ. પિતૃચરણના અત્યંત કૃપાપાત્ર એવા પ. ભ. ગો. વા. કનુભાઈ વોરા તેમજ તેમનાં ધર્મપત્ની પદ્માબેન, જેમની મધુર સ્મૃતિમાં આ પ્રકાશન થઈ રહ્યું છે, એ મનોરથી પરિવારના પ. ભ. નિખીલભાઈ કનુભાઈ વોરા તેમજ તેમનાં ધર્મપત્ની આશાબેન તથા કનુભાઈના ભત્રીજી પ. ભ. ડૉ. નલિનીબેન હરીશભાઈ પરીખ આ ગ્રંથના મનોરથી બન્યાં છે, એ બદલ ખૂબ ખૂબ આશીર્વાદ આપીએ છીએ કે શ્રીગોપાલપ્રભુની કૃપા સદા તેમના પરિવાર ઉપર બની રહે.

શુભમ્

- ગો. યદુનાથજી

દ્વિતીય આવૃત્તિ ટાણે

પ્રસ્તાવના

શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત પૂ. પા. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રીના શ્રીમુખે શ્રીવલ્લભાખ્યાન રસપાન કાર્યક્રમ ત્રણ સત્રમાં મુંબઈમાં શ્રી પ્રેમપુરી અધ્યાત્મ કેન્દ્રમાં શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટ દ્વારા શ્રીવલ્લભની કૃપાથી યોજાઈ ગયો.

પ્રથમ સત્ર તા. ૨૧-૫-૨૦૦૯ થી ૨૪-૫-૨૦૦૯ સુધી, દ્વિતીય સત્ર તા. ૩-૧૦-૨૦૧૦ થી ૬-૧૦-૨૦૧૦ સુધી, તૃતીય સત્ર તા. ૧૬-૯-૨૦૧૧ થી ૧૯-૯-૨૦૧૧ સુધી યોજાયું.

ત્રણે સત્રમાં વૈષ્ણવોનો અદમ્ય ઉત્સાહ શ્રીવલ્લભાખ્યાનને સમજવા માટે રહ્યો. આપશ્રીની સરળ, મધુર, સંગીતમય શૈલીમાં થયેલ વચનામૃત શૃંખલાને સૌએ ભાવવિભોર થઈને માણી, કાર્યક્રમ બાદ તેની ઓડિયો - વીડિયો સીડી દ્વારા પણ તેનું રસપાન કરતા રહ્યા. આ વચનામૃતો પુસ્તક સ્વરૂપે પ્રાપ્ત થાય તેવી માગણી કરતા રહ્યા.

પ્રથમ અને દ્વિતીય વલ્લભાખ્યાન ઉપર થયેલ વચનામૃતોની સીડી ઉપરથી સંકલિત કરી 'શ્રીવલ્લભાખ્યાન રસપાન : ભાગ-૧' પુસ્તક વૈષ્ણવ પરિવારના સન ૨૦૧૧-૧૨ના સર્વ મેમ્બરોને ભેટ પુસ્તક તરીકે આપવામાં આવ્યું.

તૃતીય, ચતુર્થ, પંચમ અને ષષ્ઠ વલ્લભાખ્યાન ઉપર થયેલ વચનામૃતોની સીડી ઉપરથી સંકલિત કરી 'શ્રીવલ્લભાખ્યાન રસપાન : ભાગ-૨' પુસ્તક વૈષ્ણવ પરિવારના સન ૨૦૧૨-૧૩ના સર્વ મેમ્બરોને ભેટપુસ્તક તરીકે અપાયું.

સપ્તમ, અષ્ટમ્ અને નવમ્ વલ્લભાખ્યાન ઉપર આપશ્રીની દિવ્ય વાણીમાં થયેલ વચનામૃતોની સીડી ઉપરથી સંકલિત કરી 'શ્રીવલ્લભાખ્યાન રસપાન : ભાગ-૩' પુસ્તક વૈષ્ણવ પરિવારના સને ૨૦૧૩-૧૪ના સર્વ મેમ્બરોને ભેટ પુસ્તક તરીકે અપાયું અને આ રીતે શ્રીગોપાલદાસજીએ ગાયેલાં નવ વલ્લભાખ્યાનના રસપાનની ગ્રંથ શૃંખલા ત્રણ ભાગમાં પૂર્ણ થઈ. સાથે સાથે 'વૈષ્ણવ પરિવાર'ની દર વર્ષે ભેટ-પુસ્તક આપવાની પરંપરા પણ જળવાઈ રહી.

યુવા વૈષ્ણવાચાર્ય પૂ. પા. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રીએ પોતાના દેશ-વિદેશના અનેક કાર્યક્રમોમાંથી સમય મેળવીને સતત ત્રણ વર્ષ સુધી શ્રીવલ્લભાખ્યાન રસપાન કાર્યક્રમ માટે ૪-૪ દિવસો આપ્યા. આપશ્રીની અલૌકિક, સરળ છતાં રસમય વાણીને વૈષ્ણવોએ મન ભરીને માણી. દરેક સત્રના અંતે દરેક વૈષ્ણવની આંખમાં એક જ પ્રશ્ન હોય કે હવે ક્યારે આ વાણીનું રસપાન કરવાનો લાભ મળશે? વૈષ્ણવોના સુખ માટે આપશ્રીએ કૃપા કરી આ વચનામૃતોની સીડી, ડીવીડીના પ્રકાશન માટે આજ્ઞા આપી તેમજ ત્રણે સત્રના વચનામૃતોને ગ્રંથસ્થ કરી પ્રકાશિત કરવાની અને વૈષ્ણવોને ભેટપુસ્તક તરીકે આપવાની

પણ આજ્ઞા આપી. આજે હજારો વૈષ્ણવો દેશ-વિદેશમાં શ્રીવલ્લભાખ્યાનને સમજવાનો, શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલના સ્વરૂપમાધુર્ય, લીલામાધુર્ય તેમજ સામર્થ્યમાધુર્યને માણવાનો તેમજ શ્રીવલ્લભના પરિવારને જાણવાનો લાભ આ વચનામૃતોની ડીવીડી, પુસ્તકો વગેરે દ્વારા લઈ રહ્યાં છે. આ કાર્યક્રમની આ ફલશ્રુતિ છે. તે માટે પૂજ્ય શ્રીચરણોના યુગલ ચરણકમલોમાં વંદન કરી આપશ્રીનો ઋણસ્વીકાર કરું છું.

ત્રણે સત્ર દરમ્યાન શ્રીવલ્લભાખ્યાનમાં આવતા પ્રસંગોને અનુરૂપ વિવિધ મનોરથો યોજાયા. શ્રીકૃષ્ણપ્રિયા સત્સંગ મંડળનાં અધ્યક્ષ શ્રીમતી સુરેખાબેન કડકિયા અને મંડળની બહેનો દ્વારા એ મનોરથની નયનરમ્ય સુંદર સજાવટ થઈ. ત્રીજા સત્રમાં સંપન્ન થયેલ ફૂલબંગલાનો મનોરથ, ખટઋતુનો મનોરથ, વિવાહખેલનો મનોરથ અને સતઘરામાં હોળી ખેલના મનોરથની તેમના દ્વારા અલૌકિક સજાવટ ખૂબ ભાવપૂર્વક થઈ. વૈષ્ણવોએ આ મનોરથોનાં દર્શનનો પણ લાભ લીધો.

કીર્તનકાર શ્રી મંગલભાઈ બાપોદરા અને વાદ્યવૃંદ દ્વારા બધા આખ્યાનોના મધુર સંગીત સાથે થયેલ સુંદર ગાનનો પણ કાર્યક્રમની સફળતામાં મોટો ફાળો રહ્યો. સૌનો આભાર.

સત્સંગ સત્રોના મનોરથી વૈષ્ણવો તેમજ ભેટપુસ્તકના મનોરથી વૈષ્ણવોનો આ કાર્યક્રમની સફળતામાં મોટો ફાળો છે. તેમણે પોતાના દૈવી દ્રવ્યના વિનિયોગ દ્વારા સહકાર આપી કાર્યને સરળ બનાવ્યું છે, તે સૌના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરી, આભાર માની તેમને ધન્યવાદ આપું છું.

ત્રણ વર્ષ સુધી ત્રણ ભાગમાં પ્રકાશિત આ ગ્રંથ મોટી સંખ્યામાં વૈષ્ણવોને અપાયા હોવા છતાં એને માટે ખૂબ જ માગણી રહેતાં ત્રણે ગ્રંથોને એક જ ગ્રંથમાં સમાવી, નવ વલ્લભાખ્યાનના રસપાનનું આ એક પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે. તેમાં મનોરથી બનનાર મૂળ કડીના અને હાલ યુ.એસ.એ. સ્થિત શ્રી વોરા પરિવારના પ. ભ. શ્રી નિખીલભાઈ કનુભાઈ વોરા, શ્રીમતી આશાબેન નિખિલભાઈ વોરા તેમજ પ. ભ. ડૉ. નલિનીબેન હરીશભાઈ પરીખ વગેરે સૌને ધન્યવાદ આપી, તેમની પ્રત્યે પણ મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું.

શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવોની કૃપા અને આશીર્વાદ થકી થઈ રહેલી આ ટ્રસ્ટની સર્વ પ્રવૃત્તિઓમાં આપ સૌનો પ્રેમભર્યો સહકાર, આપના દ્વારા મળી રહેલી હૂંફ અને આત્મીયતા અમને કાર્ય કરવા માટે પ્રેરણા અને બળ પૂરાં પાડે છે. સૌની આવી જ ભાવના નિત્ય બની રહે તેવી શ્રીપ્રભુના ચરણોમાં અભ્યર્થના સાથે વિરમું છું.

- વસંતબેન પરીખ

।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।
।। શ્રીગુસાંઈજી પરમદયાલવે નમઃ ।।

શ્રીવલ્લભાખ્યાન રસપાન

વ્યાખ્યાતા : પૂ. પા. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી

(કડી - અમદાવાદ)

ભૂમિકા

આ દિવ્ય રસપાન કાર્યક્રમના આયોજક એવા શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના સર્વ ટ્રસ્ટીગણ અને શ્રીવલ્લભના ગુણગાન શ્રવણ કરવા આવેલા મારા બધા જ આત્મીય જનો,

ખૂબ આનંદનો અવસર છે. હમણાં એક મહિના પહેલાં જ અહીં પ્રેમપુરી આશ્રમમાં ભાગવતજીનું શ્રવણ કર્યું. તેના બરાબર એક મહિના પછી શ્રીવલ્લભના ગુણગાનનો અવસર મળ્યો. શ્રીજી કૃપા કરે ત્યારે વલ્લભના ગુણગાન થાય, સંભાળાય. વાસ્તવમાં કહેનાર અને શ્રવણ કરનાર બંને ઉપર શ્રીજીની પૂર્ણ કૃપા થઇ, તેથી જ શ્રીવલ્લભના ગુણગાન સાંભળવા આપણે બેઠાં છીએ.

ગો.વા. પરમ ભગવદીય શ્રીરમેશભાઇ પરીખની સ્મૃતિમાં આ વ્યાખ્યાનમાળાનું આયોજન થયું છે. પુષ્ટિમાર્ગમાં એમનું નામસેવા માટે મોટું યોગદાન રહ્યું છે, શ્રીમહાપ્રભુજીની દુર્બોધ વાણીને સુબોધ કરીને, ગામે ગામ, જન જન સુધી, લોક લોક સુધી પહોંચાડવાનું શ્રેય જો કોઇને જતું હોય તો તે શ્રીરમેશભાઇને જાય છે. એમની સ્મૃતિમાં જ આ વ્યાખ્યાનમાળાનું આયોજન થયું તે ખરેખર આપણા માટે આનંદનો અવસર છે.

સત્સંગ શું છે?

આમ તો આપણે વર્ષમાં છ ઋતુઓનો અનુભવ કરતાં હોઇએ છીએ, પણ પ્રત્યેક વૈષ્ણવના જીવનમાં ત્રણ ઋતુઓ જરૂર આવે છે. ગ્રીષ્મઋતુ, વસંતઋતુ અને વર્ષાઋતુ.

ગ્રીષ્મઋતુ જ્યારે આવે ત્યારે વનસ્પતિ સૂકાઇ જાય, પાન ખરી જાય, પણ એ સૂકા વૃક્ષની ઉપર, થોડા સમય પછી વર્ષાઋતુ આવે ત્યારે ગ્રીષ્મથી તપ્ત બનેલા એ વૃક્ષમાં લીલી લીલી કૂંપળો ઊગે. લીલા પાનથી એ વૃક્ષ જ્યારે ભરાય ત્યારે લાગે કે વર્ષાઋતુ આવી, પછી જ્યારે વસંતઋતુ આવે ત્યારે એ વૃક્ષ ઉપર સુંદર પુષ્પ ખીલે, ફળ આવે, અને જ્યારે પુષ્પ ખીલે, ફળ આવે ત્યારે એ વૃક્ષ સફળ થાય.

એમ પ્રત્યેક વૈષ્ણવના જીવનમાં આ ગ્રીષ્મઋતુ એટલે કે સંસાર હોય. જેટલો માણસ સંસારમાં રહે, એના તાપથી એવો તપે કે એના જીવનમાં પાનખર આવી જાય, માનવીના પાંદડા ખરી જાય એટલે કે એ અસહાય બને, નિરાધાર બને. હંમેશા ફરિયાદ ભરેલો રહે, પણ જ્યારે એ જીવને બ્રહ્મસંબંધ થાય અને એને પ્રભુની સેવાનો અધિકાર

મળે ત્યારે માનવું કે હવે એના જીવનમાં વર્ષાઋતુ આવી ગઈ છે. જીવને પ્રભુની સાથે સંબંધ થયો, એ પ્રભુના રંગે રંગાયો, શ્રીકૃષ્ણના રંગે રંગાયો, એના જીવનમાં ભક્તિની કૂંપળો ફૂટી, એનું જીવન લીલાં લીલાં પાનથી આચ્છાદિત થયું, ભરાયું, પણ લીલાં પાન પ્રાપ્ત કરીને એના જીવનની સફળતા નથી, જ્યારે વસંતઋતુ આવે અને વૃક્ષ ઉપર પુષ્પો ખીલે, ફળ લાગે ત્યારે સફળ બને, તેમ સંસારમાં જ્યારે એ જીવ હતો ત્યારે ગ્રીષ્મઋતુ, જ્યારે બ્રહ્મસંબંધ લઇ પ્રભુની સન્મુખ થયો ત્યારે વર્ષાઋતુ અને જીવનમાં ભગવદીયોનો સંગ મળે, સત્સંગ મળે ત્યારે માનવું કે હવે વસંતઋતુ આવી છે.

વસંતઋતુ એને કહેવાય કે જ્યારે પુષ્પો ખીલે, ફળ લાગે. ત્યારે જ વસંતઋતુની સફળતા છે ને? વાસ્તવમાં આપણે આ ચાર દિવસ સુધી વસંતમાં રહેવાનું છે અને વસંતના વાતાવરણમાં રહીને જ્યારે આપણી અંદર પણ એ ભક્તિનાં પુષ્પો ખીલે, ભગવદ્સેવાનાં ફળ ઉગે, ત્યારે સાચા અર્થમાં આપણું વૈષ્ણવી જીવન સાર્થક થાય.

શ્રીવલ્લભનાં, શ્રી વિઠ્ઠલનાં ગુણગાન શ્રવણ કરવા માટે આપણે અહીં આવ્યાં છીએ. ગ્રંથ કયો છે તે પણ બધાં જાણો છે– વલ્લભાખ્યાન. શ્રીવલ્લભ, શ્રીવલ્લભની વાણી, વલ્લભનું જીવન વગેરેનો પરિચય જેમાંથી મળે તે વલ્લભાખ્યાન.

પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજીનાં ગુણગાન આપણે શા માટે સાંભળીએ છીએ? શ્રીવલ્લભની ગાથાનું શ્રવણ શા માટે કરવાનું? કારણ કે આ સમય એવો છે કે કંઇ પણ કરવાનું કહીએ એટલે કહે કે અમે કરીએ ખરા, પણ એમ કરીને અમને મળશે શું? એ પહેલો પ્રશ્ન આવે. આપણે તો પાછા ગુજરાતી એટલે વિચારીએ કે આ સાંભળીને આપણને શું મળશે?

શ્રીમહાપ્રભુજીનું ગુણગાન કરવું શા માટે? દયારામભાઇ કહે છે કે જે વૈષ્ણવના મનમાં પ્રશ્ન જાગતો હોય અને એમ લાગતું હોય કે હું તો પ્રભુનું સ્મરણ કરું છું, પણ પ્રભુની કૃપા મારા ઉપર ઉતરી, એની ખબર કેમ પડે? તો કહે છેઃ

જેના પર વ્હાલ ઘણું વ્રજપતિને આવે,
એના મુખે શ્રીવલ્લભ નામ આવે.

જે વૈષ્ણવ ઉપર પ્રભુને વ્હાલ આવે, પ્રેમ આવે અને એના ઉપર કૃપા કરવાનું વ્રજપતિને મન થાય તો પ્રભુ વિચારે કે આ જીવને હું શું આપું, આ જીવ એવો છે કે મને જેના ઉપર વરસવાનું મન થઇ રહ્યું છે. આ જીવ એવો છે જેના ઉપર મારી કૃપાના બધા કળશો ઢોળવાનું મન થઇ રહ્યું છે તો એને હું શું આપું? જીવને પોતાની કૃપામાં રોમ રોમમાં ભીંજાવવાનું મન થાય ત્યારે પ્રભુ એના મુખમાંથી વલ્લભ નામ લેવડાવે. આમ જેના પર વહાલ વ્રજપતિને ઘણું આવે તેના મુખે શ્રીવલ્લભ નામ લેવડાવે. આ વલ્લભનું નામ સાંભળવા આપણે એમને એમ નથી બેઠાં, પ્રભુની કૃપા થઈ છે માટે બેઠાં છીએ. પછી એમ ન કહેતાં કે પ્રભુ ક્યારે કૃપા કરશે, ચાર દિવસ સાંભળવા બેસીશું તો પ્રભુ કૃપા કરશે એવું નથી. કૃપા થઈ ચૂકી છે માટે અહીં સત્સંગમાં બેઠાં છીએ.

શ્રીવલ્લભના ગુણગાનમાં એમને એમ ન અવાય. પ્રભુ તમારી ઉપર વરસી ચૂક્યા છે, શ્રીવલ્લભના ગુણગાન સંભળાવવા તમને પસંદ કર્યાં છે. માટે આજે તમે અહીં બેઠાં છો.

હું કાયમ મારા પ્રવચનમાં કહેતો હોઉં છું કે પ્રભુનાં ગુણગાન સાંભળવા આવવું બહુ સહેલું છે. પ્રભુનાં ગુણગાન સાંભળવા બધા આવી શકે પણ વલ્લભના ગુણગાન બધાનાં નસીબમાં નથી હોતાં. કેમ? દયારામભાઇ એક સુંદર વાત કહે છે.

જગત જપે નૃપ નામ, રહ્યો જગત જશ ફેલી,
પણ પટરાણીનું નામ લહે, જે રહે રંગમહેલ,

કોઇ મોટો રાજા હોય, એની કીર્તિ, એની પ્રતિષ્ઠા આખા જગતમાં વ્યાપ્ત હોય, એ રાજાના ગુણગાન તો બધાં ગાતાં હોય. એના પરાક્રમો બધાં જાણતાં હોય એટલે એનાં ગુણગાન તો બધાં કરે જ, પણ એ રાજાની રાણીનાં ગુણગાન તો એ જ ગાઇ શકે જેને રાજાએ પોતાનાં રંગમહેલમાં પ્રવેશ આપ્યો હોય.

આપણા મહાપ્રભુજી કોણ છે? મહાપ્રભુજીનું એક સ્વરૂપ શ્રીસ્વામિનીજીનું છે. તેથી જ પ્રભુનાં ગુણગાન તો બધાં ગાય પણ શ્રીવલ્લભનાં ગુણગાન કોણ ગાઇ શકે? જેને પ્રભુએ પોતાના રંગમહેલમાં પ્રવેશ આપ્યો હોય, જેને પ્રભુએ પોતાની નિકુંજમાં પ્રવેશ આપ્યો હોય. જેને પ્રભુએ પોતાના નિજધામમાં પ્રવેશ આપ્યો હોય - પટરાણીનું નામ લહે, જે રહે રંગમહેલ, જેને ઠાકોરજીએ વિશ્વાસ કરીને પોતાના ધામમાં પ્રવેશ આપ્યો છે તે જ વલ્લભનાં ગુણગાન ગાઇ શકે. પ્રભુના ગુણગાન તો બધાં ગાય પણ આજ શ્રીવલ્લભનાં ગુણગાન ગાવાં આપણે બેઠાં છીએ તો એ બાબત એ વાતનું પ્રમાણે છે કે પ્રભુએ આપણા ઉપર વિશ્વાસ કરી આપણને નિજધામમાં પ્રવેશ આપ્યો છે. માટે જ આપણે આજે વલ્લભનાં ગુણગાન ગાવા બેઠાં છીએ. એટલું સૌભાગ્ય આપણું છે કે પ્રભુએ આપણા ઉપર વિશ્વાસ કર્યો છે.

એક ચિંતકે બહુ સરસ કહ્યુ છે કે કોઇ તમને એમ કહે કે હું તમને પ્રેમ કરું છું તો એ બહુ મોટી વાત નથી, પણ કોઇ જ્યારે એમ કહે કે હું તમારા ઉપર વિશ્વાસ કરું છું, ત્યારે એ સૌથી મોટી વસ્તુ છે, કારણ કે જેને પ્રેમ કરવાનો દાવો કરીએ એના ઉપર વિશ્વાસ નથી આવતો, પણ જેના ઉપર વિશ્વાસ હોય તેના ઉપર પ્રેમ થયા વિના રહેતો નથી.

જ્યારે આપણે અહીં શ્રીવલ્લભનાં ગુણગાન ગાવા માટે આવ્યાં છીએ ત્યારે એનો અર્થ એવો કે પ્રભુએ આપણા ઉપર વિશ્વાસ મૂક્યો છે. શ્રીવલ્લભનું નામ શું છે? માનો કે એ તો શ્રીઠાકોરજીનો પણ ખજાનો છે. કોઇ પોતાનો ખજાનો બીજાને ન બતાવે, આપણે એને જ તીજોરી ખોલીને બતાવીએ કે જેના ઉપર આપણને વિશ્વાસ હોય, સંપૂર્ણ વિશ્વાસ હોય, તો શ્રીવલ્લભનામ એ પણ પ્રભુની તીજોરી છે. અને આપણી આગળ પ્રભુ પોતાની તીજોરી ખોલી રહ્યા છે, કારણ કે આપણા ઉપર શ્રીઠાકોરજીને વરસવાનું મન થયું છે. સાંગોપાંગ ભીંજાવવાનું મન થયું છે.

શ્રીવલ્લભનું નામ કેવું છે? જે નામમાં ભીંજાવા માટે આપણે અહીં આવ્યાં છીએ, એ વલ્લભનું નામ કેવું છે? શ્રીહરિરાય મહાપ્રભુજી તો એટલે સુધી કહે છે કે **સબનતેં શ્રીવલ્લભ નામ ભલો. યાહીમેં ગોકુલ,યાહીમેં વૃંદાવન, યાહીમેં વ્રજમંડલો - સબનતેં શ્રીવલ્લભ નામ ભલો.**

શ્રીહરિરાયજી અહીં કહે છે કે જેના મુખમાં એકવાર શ્રીવલ્લભનું નામ આવે તો માનો એને શ્રીગોકુલની પરિક્રમા થઇ ગઇ. શ્રીવલ્લભનું નામ લેતાં લેતાં રોમાંચ થાય તો માનો કે શ્રીગિરિરાજજીની પરિક્રમા થઇ ગઇ, શ્રીવલ્લભનું નામ લેતાં આંખમાં આંસુ આવવા લાગે તો આખા વ્રજમંડલની ૮૪ કોસની પરિક્રમા થઇ ગઇ.

શ્રીવલ્લભનું નામ એમને એમ આપણા મુખમાં ન આવે. આ તો પ્રભુની અહૈતુકી કૃપા આપણા ઉપર થઇ ગઇ છે. પ્રભુ કૃપા કરીને વરસ્યા છે, એટલા માટે વલ્લભનું ગુણગાન કરવા આપણે અહીં ઉપસ્થિત થયાં છીએ.

હવે વલ્લભાખ્યાનમાં આપણે પ્રવેશ કરીએ. શ્રીગુસાંઇજી ગુજરાતમાં છ વાર પધાર્યા છે. જ્યારે પણ આપ અમદાવાદ પધારતા ત્યારે આપના સેવક ભાઇલા કોઠારીને ત્યાં આપનો મુકામ રહેતો. એકવાર આ રીતે શ્રીગુસાંઇજી પ્રભુચરણ ભાઇલા કોઠારીને ઘેર પધાર્યા છે. સુંદર ગાદી-તકિયા ઉપર આપ બિરાજમાન છે. લલાટમાં વિશાળ તિલક છે. સુંદર સ્વરૂપ છે. આપનું તેજ એવું છે કે આપનાં દર્શન કરીએ તો સૂરજનું તેજ પણ ઝાંખું પડે. આજે જ્યારે આવા શ્રીગુસાંઇજી ભાઇલા કોઠારીને ત્યાં પધાર્યા છે ત્યારે આસપાસના ગામોમાંથી અને દૂરદૂરથી પણ વૈષ્ણવો આપનાં દર્શન કરવા આવ્યા છે. વૈષ્ણવો પાસે આવે ત્યારે શ્રીગુસાંઇજી ઉપરણો ઓઢાવી દે છે. કોઇના હાથમાં બીડું આપી રહ્યા છે. ત્યાં ખૂણામાં ઊભેલો એક નાનકડો બાળક, કાંઇ બોલતો નથી, કાંઇ કહેતો નથી, માત્ર શ્રીગુસાંઇજીને જોયા કરે છે. શ્રીગુસાંઇજી કોઇ વૈષ્ણવ ચરણસ્પર્શ કરે તો આશીર્વાદ આપી રહ્યા છે, કોઇ પ્રશ્ન પૂછે તો ઉત્તર આપી રહ્યા છે. જ્યારે કોઇ સ્થિર દૃષ્ટિથી જોયા કરે ત્યારે આપણી દૃષ્ટિ પણ એના તરફ જાય. પેલો બાળક સ્થિર દૃષ્ટિથી જોઇ રહ્યો છે ત્યારે શ્રીગુસાંઇજીને થાય છે કે આ કોણ છે? ક્યારનો મારી તરફ દૃષ્ટિ કરી રહ્યો છે. આમ શ્રીગુસાંઇજીની દૃષ્ટિ પણ એના તરફ ગઇ. થોડીવાર પછી બધા વૈષ્ણવો ચાલ્યા ગયા ત્યારે ભાઇલા કોઠારી એ બાળકને લઇને આગળ આવ્યા.

શ્રીગુસાંઇજી પૂછે છે, 'અરે કોઠારીજી, આ નાનો બાળક કોણ છે?' ભાઇલા કોઠારીએ પરિચય આપતાં કહ્યું: 'કૃપાનાથ, આ તો આપણી ગોમતીનો વર છે.' જ્યારે ગુસાંઇજીએ જાણ્યું કે આ બાળક તો કોઠારીજીની દીકરી ગોમતીનો વર છે, ત્યારે આપે આજ્ઞા કરી: 'કોઠારીજી, ગોમતી એટલે નદી, નદીનો વર તો સાગર હોય. બધી નદીઓ જઇને સાગરમાં મળે. કોઠારીજી, આપ કહો છો કે આ ગોમતીનો વર છે, તો ગોમતીનો વર તો સાગર હોવો જોઇએ. ગાતો હોય, ઘૂઘવાટ કરતો હોય, ગર્જના કરતો હોય, તો આ ગોમતીનો વર થઇને મૂક કેમ છે?'

'કૃપાનાથ, આપની કૃપા થશે તો જરૂર સાગર થશે. પણ હાલ તો જન્મથી મૂંગા છે.'

આ ગોપાલદાસજી કોણ છે? એમને માટે અનેક મત પ્રચલિત છે. એક મત એ પણ છે કે જ્યારે ભગવાન રાજા મુચુકુંદની ગુફામાં પધાર્યા, ત્યારે રાજા મુચુકુંદે વિનંતી કરી કે આપ કૃપા કરો કે મને ભક્તિ મળે, ત્યારે પ્રભુએ કહ્યું: 'આ

જન્મમાં નહિ, પણ આવતા જન્મમાં તમને ભક્તિ મળશે.'

એ જ રાજા મુચુંકુંદ બીજા જન્મમાં નરસિંહ મહેતા સ્વરૂપે આવ્યા, એ જન્મમાં પ્રભુએ કૃપા કરીને તેમને રાસલીલાનાં દર્શન કરાવ્યાં. પ્રભુએ આપેલી વાણીથી તેમણે પ્રભુને એ જન્મમાં જાણે-અજાણે શ્રમ પહોંચાડ્યો, પોતાનાં કાર્ય સાધવા માટે- મારી હૂંડી સ્વીકારો મહારાજ-વગેરે પ્રસંગો જાણીતા છે. માટે આ જગતમાં ગોપાલદાસ સ્વરૂપે જન્મેલા તેમણે વિચાર કર્યો કે મેં મારી વાણી દ્વારા પ્રભુને શ્રમ આપ્યો છે માટે આ જન્મમાં બોલવું નથી. એમ વિચારીને મૂક-મૂંગા રહ્યા છે.

કાકા વલ્લભજીનો એક બીજો મત છે. આપશ્રી કહે છે કે આ ગોપાલદાસજી પ્રભુની સારસ્વત કલ્પની લીલામાં વિદુરજી સ્વરૂપે પ્રગટ્યા હતા. વિદુરજી જ્યારે વ્રજમાં ગયા ત્યારે ઉદ્ધવજી ત્યાં આવ્યા. ઉદ્ધવજી એ હતા કે જેમણે વ્રજભક્તોની લીલાનો અનુભવ કર્યો હતો. વિદુરજી સાથે એમનો સંવાદ થયો. પોતે કરેલ લીલાનો અનુભવ ઉદ્ધવજીએ વિદુરજીને કહ્યો. આમ ભક્તના મુખથી લીલાનું શ્રવણ તો વિદુરજીને થયું, પણ એ લીલાનું દર્શન ન થયું. માટે વિદુરજી બીજા જન્મમાં નરસિંહ મહેતા સ્વરૂપે પધાર્યા. શિવજીની આરાધના કરી. શિવજીની કૃપાથી રાસનાં દર્શન થયાં. પણ એ દર્શન કરીને મર્યાદા ભક્તિ કરી, એ નરસિંહ મહેતા ગોપાલદાસજી સ્વરૂપે પુનઃપ્રકટ્યા. તો હવે શ્રીગુસાંઇજીની કૃપાથી એમને પુષ્ટિભક્તિ સ્ફુરિત થશે.

શ્રીગુસાંઇજીની સામે ઊભા ઊભા ગોપાલદાસજી દર્શન કરી રહ્યા છે અને ભાઇલા કોઠારીએ જ્યાં કહ્યું કે હાલ તો જન્મથી મૂંગા છે, પણ આપની કૃપાથી જરૂર સાગર થશે. ત્યારે શ્રીગુસાંઇજીએ એ નાનકડા ગોપાલદાસજીને પોતાની પાસે બોલાવ્યા. પોતાના ખોળામાં બેસાડ્યા અને પોતાના મુખમાંથી ચર્વિત તાંબુલ કાઢી ગોપાલદાસના મુખમાં પધરાવ્યું. જેવું ચર્વિત તાંબુલ પધરાવ્યું, કે તરત એ જન્મથી મૂંગા ગોપાલદાસજીને અલૌકિક વાણી સ્ફુરી. તેમણે શ્રીગુસાંઇજીની કૃપાથી આ નવ આખ્યાન ગાયાં.

આમ આપણને પહેલી નજરે લાગે છે કે શ્રીગુસાંઇજીએ અધરામૃત આપ્યું અને વાણી સ્ફૂરી, પણ મને તો એમ એમ લાગે છે કે શ્રીગુસાંઇજી જ્યારે એક બાજુ ઊભેલા ગોપાલદાસજી તરફ વારેવારે દૃષ્ટિ કરતા હતા, ત્યારે એ દૃષ્ટિથી જ આ કાર્ય થઇ ગયું હશે. આ તો એક મર્યાદા રાખવા માટે આપે મુખમાં તાંબુલ પધરાવ્યું. બાકી જ્યારે ગુરુની દૃષ્ટિ પડી કે તરત જ એનું કાર્ય સિદ્ધ થઈ ગયું હતું. દૃષ્ટિની સાથે સાધનનું દાન આપી દીધું હતું અને અધરામૃત આપીને ફલનું દાન પણ કરી દીધું. સાધનને યોગ્ય બનાવ્યા દૃષ્ટિથી અને ફલને યોગ્ય બનાવ્યા અધરામૃતથી.

ગુરુ પોતાની કૃપાનો અનુભવ ચાર પ્રકારે કરાવે છે, એવું શાસ્ત્ર કહે છે. એક તો પોતાની વાણી દ્વારા, બીજું સ્પર્શ દ્વારા, ત્રીજું દૃષ્ટિ દ્વારા, ચોથું સ્મરણ દ્વારા. ગુરુની કૃપાનો અનુભવ આ ચાર પ્રકારે થાય. પ્રથમ વાણી દ્વારા. વાણી દ્વારા એટલે ગુરુની સન્મુખ બેઠા હોઇએ અને ગુરુના મુખમાંથી કોઇ એક એવો

શબ્દ નીકળે અને એ શબ્દ એવો અસર કરી જાય કે માણસનું આખું જીવન બદલાઇ જાય.

બીજી કૃપા છે દૃષ્ટિ દ્વારા. ઘણા કહેતાં હોય છે કે અમે ગુરુ પાસે ગયા પણ તેઓ અમારી સાથે બોલ્યા પણ નહિ. ભલે બોલ્યા નહિ પણ દૃષ્ટિ તો કરીને? દૃષ્ટિ તો કરી. તો ભલે. તમારું કામ થઇ ગયું. ગુરુની કૃપાનું દાન દૃષ્ટિ દ્વારા પણ થાય. એક પ્રસંગ આવે છે કે શ્રીમહાપ્રભુજી મથુરાના બજારમાંથી પધારતા હતા અને એક જગ્યાએ દૃષ્ટિ પડી તો જેટલાં પણ ભગવદ્ સ્વરૂપો ત્યાં હતાં, તે બધાં દૃષ્ટિ માત્રથી પ્રગટ થઇ ગયાં અને જે જે લીલાનાં સ્વરૂપો હતાં તે બધી લીલા કરવા લાગ્યાં. આમ પોતાની દૃષ્ટિ માત્રથી અંદર છુપાયેલું સ્વરૂપ પ્રગટ કરી દે. એમ જયારે ગુસાંઇજીની દૃષ્ટિ ગોપાલદાસજી ઉપર પડી ત્યારે દૃષ્ટિમાત્રથી લીલા હૃદયમાં પ્રગટાવી અને અધરામૃત દ્વારા એ બહાર વહેતી કરી.

આ રીતે વાણી સ્ફુરિત બે જગ્યાએ થઇ છે. ભગવદીયો એમ બતાવે છે કે જ્યારે ધ્રુવજીની સામે ભગવાન પ્રગટ થયા, ત્યારે ધ્રુવજીના મુખમાંથી પણ વાણી ન નીકળી. વિચાર કરવા લાગ્યા કે મારે પ્રભુની સ્તુતિ કરવી છે, પણ સ્તુતિ કેવી રીતે કરું? મારા મુખમાંથી કાંઇ પ્રગટ થતું નથી, એ વખતે ભગવાને પોતાનો શંખ લઈને ધ્રુવજીના કપોલને સ્પર્શ કરાવ્યો અને ધ્રુવજીને વાણી સ્ફુરિત થઇ. આમ ત્યાં ધ્રુવજીને વાણી સ્ફુરિત થઇ અને અહીં ગોપાલદાસજીને વાણી સ્ફુરિત થઇ, પણ બંનેમાં ફરક શું? ધ્રુવજીને પ્રત્યક્ષ રૂપે સ્પર્શ ન કર્યો, શંખથી સ્પર્શ કર્યો અને અહીં શ્રીગુસાંઇજીએ જ્યારે અધરામૃત આપ્યું ત્યારે દૃષ્ટિથી સ્પર્શ તો કર્યો હતો, પણ એમના અંતઃ નો સ્પર્શ પણ કરાવ્યો.

ધ્રુવજીને વાણી આપીને પછી એમને રાજ્ય આપ્યું અને ગોપાલદાસજીને વાણી આપીને ભગવાન આપ્યા. સ્વયં પ્રભુ એમના હૃદયમાં બિરાજમાન થયા. પ્રભુની લીલા સ્ફુરિત થઇ ગઇ.

ધ્રુવજીને માત્ર શંખનો સ્પર્શ કરાવ્યો, જ્યારે ગોપાલદાસજીને તો સાક્ષાત્ અધરામૃતનું દાન આપીને એમને વાણી આપી અને જન્મથી જે મૂંગા હતા એવા ગોપાલદાસજીએ સમગ્ર વેદવેદાંતનો સાર એવા વલ્લભાખ્યાનનું ગાન કર્યું.

ગોપાલદાસજીએ વલ્લભાખ્યાનનું ગાન કર્યું, એ વલ્લભાખ્યાન ગાયાં છે ગોપાલદાસજીએ, પણ એ તો એના નિમિત્ત બન્યા છે. એમના હૃદયમાં બિરાજીને સ્વયં શ્રીગુસાંઇજીએ એ ગાયાં છે. ભલે એ સરિતા વહી શ્રીગોપાલદાસજીના મુખમાંથી, પણ એમના હૃદયમાં બિરાજમાન થઇ એ પ્રગટ કર્યા છે શ્રીગુસાંઇજીએ. કેમ?

આપણે કહીએ છીએ ને કે ભાગવત ભલે શુકદેવજીના મુખથી પ્રગટ થયું, પણ ગાયું છે તો સ્વયં ભગવાને, શુકદેવજીના હૃદયમાં બિરાજમાન થઇને અને ભગવાને શુકદેવજીના હૃદયમાં બિરાજમાન થઇને ગાયું છે, એનું પ્રમાણ શું? તો કહે છે કે ભાગવતના અઢાર હજાર શ્લોકમાં બધાંનો ઉલ્લેખ છે પણ ક્યાંય રાધાજીનું નામ નથી, કેમ? શાસ્ત્રમાં કહ્યું છે કે ગુરુનું, પતિએ પત્નીનું અને પત્નીએ પતિનું, મોટા પુત્રનું નામ ન લેવાય. જે સૌથી પ્રિય હોય એનું નામ ન લેવાય. રાધાજીનું નામ નથી કારણ આ

વાણી સ્વયં પ્રભુની છે, પ્રભુની વાણી હોવાને કારણે રાધાજીનું નામ ભાગવતમાં નથી, એ જ પ્રમાણે વલ્લભાખ્યાનમાં પણ – નવમા આખ્યાનમાં શ્રીગુસાંઇજીના સમસ્ત પરિવારનો પરિચય છે, સાતે લાલજીનો, સાતે વહુજીનો, બધાનાં નામનો ઉલ્લેખ છે, પણ ક્યાંય શ્રીગુસાંઇજીનાં વહુજીના નામનો ઉલ્લેખ નથી, કારણ કે આ સ્વયં શ્રીગુસાંઇજીની વાણી છે.

પ્રિયનું નામ આપણે કેમ નથી લેતાં? તો કહે છે કે આ જગતમાં જેનું નામ છે, એનો નાશ નિશ્ચિત છે, માટે જે આપણા પ્રિય છે તેમનું નામ ન બોલવું, ચાહે આપણો નાશ થાય પણ એમનો નાશ કયારેય ન થાય. આમ ભાગવતમાં રાધાજીનું નામ ક્યાંય નથી, એ જ પ્રમાણે આ વલ્લભાખ્યાન પણ શ્રીગુસાંઇજીની વાણી હોવાને કારણે નવમા આખ્યાનમાં ક્યાંય શ્રી ગુસાંઇજીનાં વહુજીનું નામ નથી.

આ વલ્લભાખ્યાન શું છે એ જણાવતાં કેટલાક એમ પણ કહે છે કે આ વલ્લભાખ્યાન પ્રભુની વાણી છે, ગુરુની વાણી છે અને ભગવદીયની વાણી પણ છે. ઠાકોરજીની વાણી, ગુસાંઇજીની વાણી અને ગોપાલદાસજીની વાણી એમ ત્રણ વાણી આમાં છે. કેવી રીતે? જ્યાં જ્યાં પણ સંસ્કૃત શબ્દ આમાં આવે ત્યાં સમજી લેવાનું કે એ શ્રીગુસાંઇજીની વાણી છે. જ્યાં જ્યાં ગુજરાતી શબ્દ આવે એ ગોપાલદાસની વાણી અને જ્યાં જ્યાં વ્રજભાષાના શબ્દ આવે ત્યાં શ્રીજીની વાણી છે.

વલ્લભાખ્યાનમાં સંસ્કૃત ભાષાના શબ્દો છે, વ્રજભાષાના પણ છે અને ગુજરાતીના પણ છે. આમ આ ભક્ત, ભગવાન, અને ગુરુની વાણી છે. જ્યારે એ વાણીનું ગાન આપણે કરીએ ત્યારે ક્યારેક ભગવાન રીઝે અને કૃપા કરે, ગુરુ રીઝે અને કૃપા કરે, ક્યારેક ભગવદીય રીઝે અને કૃપા કરે, એ રીતે આખ્યાન ગવાય છે.

વલ્લભાખ્યાન નવ કેમ છે? ઘણાં કહે છે કે નવનો આંક પૂર્ણ છે માટે, ઘણાં કહે છે એ વખતે ગોપાલદાસ નવ વર્ષના હતા માટે, કોઇ કહે છેઃ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, એમના સાત લાલજી મળીને થાય નવ, માટે નવ. કોઇ કહે છે શ્રીગુસાંઇજીનું પ્રાગટ્ય નોમના દિવસે થયું હતું માટે નવ ગાયાં. કોઇ કહે છે નંદમહોત્સવ નોમના દિવસે થયો હતો માટે નવ આખ્યાન કહ્યાં.

જેવી ગોપાલદાસજીને વાણી સ્ફુરિત થઇ, એમણે વિચાર્યું કે ગયા જન્મમાં મેં જે રાગ ગાઇને પ્રભુને શ્રમ આપ્યો હતો, આ જન્મમાં મારે એ જ રાગ ગાઇને પ્રભુની સેવા કરવી છે. માટે પ્રથમ આખ્યાન એમણે રાગ કેદારમાં ગાયું.

આવો, આપણે એનું ગાન કરીએ. રસપાન કરીએ. એવું વિચારીને કરીએ કે એમાં શ્રીઠાકોરજીની વાણી છે, ક્યાંક શ્રીગુસાંઇજીની વાણીનો સંબંધ છે અને ભગવદીયની પણ વાણી છે, પ્રથમ આખ્યાનનું ગાન કરીએ, અને એમની કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ.

❖

વલ્લભાખ્યાન : ૧

(રાગ-કેદાર)
વંદુ શ્રી વિઠ્ઠલવર સુંદર,
નવઘનશ્યામ તમાલ,
જગતિતલ ઉધ્ધાર કરેવા,
પ્રગટ્યા પરમ દયાલ.. ૧

ગોપાલદાસજીએ પ્રથમ આખ્યાન ગાવાની શરૂઆત કરી ત્યારે પહેલો શબ્દ આપના મુખમાંથી નીકળ્યોઃ વંદુ. કોને વંદુ? શ્રીવિઠ્ઠલવર. ક્યા વિઠ્ઠલવર? નવઘનશ્યામતમાલ. શા માટે પ્રગટ્યા છે? જગતિતલ ઉધ્ધાર કરવા પ્રગટ્યા પરમ દયાલ.

ગોપાલદાસજીએ વલ્લભાખ્યાનનો પ્રારંભ કર્યો - વંદુ શબ્દથી. શ્રીમહાપ્રભુજીએ પણ જેટલા ગ્રંથો રચ્યાં તેમાં સૌ પ્રથમ વંદન કર્યું છે. નમામિ યમુનામહં, નત્વા હરિ સદાનંદં, નત્વા હરિં પ્રવક્ષ્યામિ - કારણ કે આ ભક્તિના માર્ગમાં વંદન કરીએ ત્યારે પ્રવેશ મળે. સાચા અર્થમાં વંદન ક્યારે થાય?

ખાલી દેહ ઝૂકવાથી વંદન ન થાય, પણ અંદર રહેલો અહંકાર પણ ઝૂકે ત્યારે સાચા અર્થમાં વંદન કર્યા કહેવાય. દરેક વસ્તુ ઝૂકી શકે પણ અહં ઝૂકવો બહુ અઘરો છે. કહેવાય છે ને કે આઈ- I હંમેશા કેપીટલ આવે છે. I એટલે હું. કદી નમે નહિ.

કોણ નમે? પ્રાચીન મંદિરોમાં તમે જાઓ તો મંદિર બહુ ભવ્ય હોય, પણ મુખ્ય પ્રવેશદ્વાર બહુ નાનું હોય . કારણ પ્રભુના ધામમાં ચાહે મોટો સમ્રાટ કેમ ન હોય, પણ જ્યારે એ પ્રવેશ કરે ત્યારે મસ્તક ઝુકાવીને પ્રવેશ કરે, કારણ આ માર્ગ કેવો છે? જે ઝૂકે એના માટે દ્વાર ખુલે. માટે કહ્યુંઃ વંદુ શ્રીવિઠ્ઠલવર. આ વંદન શું છે? આ વંદન એ પ્રવેશની મુખ્ય ચાવી છે. જેને નમતા આવડે, જે નમે, તે પ્રભુને ગમે.

સાચા અર્થમાં આપણા વંદનની પ્રભુને જરૂર નથી, પણ આપણે વંદન એટલા માટે કરીએ છીએ કે એમાં આપણા દેહની સાર્થકતા છે. એકવાર સમ્રાટ અશોક પોતાના કોઇ મંત્રી સાથે બહાર જતા હતા. સામેથી કોઇ સાધુ આવી રહ્યા હતા. ચીંથરેહાલ વસ્ત્રો પહેરેલાં હતાં. પણ સમ્રાટ અશોકે જ્યાં એને જોયા કે તરત એને વંદન કર્યા. મંત્રીને સમજાયું નહિ કે આવો મોટો સમ્રાટ અને તે આવા ફાટેલાં વસ્ત્રોવાળા સાધુને વંદન કરે? 'મહારાજ, આપને હજારો લોકો વંદન કરે છે ત્યારે આપ આવી વ્યક્તિને વંદન કરો છો?' મંત્રીએ પૂછ્યું.

અશોક કહેઃ 'મારું એક કામ કરો. આ બધાં માણસોનાં અને પ્રાણીઓનાં માથાં છે, તે ગામમાં જઇને વેચી આવો. એમાં હરણનું, હાથીનું, સિંહનું અને જોડે માણસનું માથું પણ હતું. મંત્રીએ માણસના માથાની કિંમત સૌથી વધારે રાખી, કારણ કે માણસમાં બુદ્ધિ છે. આખા ગામમાં ફર્યા, સિંહનું, હરણનું, હાથીનું માથું લેવાવાળા મળ્યા પણ

માણસનું માથું લેવાવાળા કોઇ પણ ન મળ્યા, વિચારે છે, હવે કરવું શું? સ્કીમ મૂકીઃ એક ખરીદો અને એક મફત, તોય માણસનું માથું લેવાવાળા કોઇ ન મળ્યા. હારી-થાકીને સાંજે પાછો રાજા પાસે આવ્યો. પૂછ્યુંઃ 'બધાં મસ્તક વેચી આવ્યો?' કહે છેઃ 'વેચી તો આવ્યો પણ જેની કિંમત સૌથી વધારે રાખી હતી, એને લેવાવાળું કોઇ મળ્યું નહિ. બધાં પ્રાણીઓનાં માથા વેચાયાં પણ માણસનું ન વેચાયું'.

ત્યારે અશોકે સમજાવ્યું કે માણસના માથાની કિંમત આમ તો કાંઇ નથી, પણ એની કિંમત ત્યારે થાય કે જ્યારે એ પ્રભુના અને ગુરુના ચરણોમાં ઝૂકે. જ્યારે હરિ-ગુરુના ચરણોમાં એ નમે ત્યારે એની કિંમત થાય.

માટે જ શ્રી ગોપાલદાસજીએ ગાયુંઃ વંદુ શ્રી વિઠ્ઠલવર સુંદર. વંદન કરીને પ્રારંભ કર્યો. વંદન કરીશું તો આપણો પ્રવેશ ભક્તિમાર્ગમાં થશે. ઝૂકીશું તો પ્રવેશ મળશે.

જ્યારે ભયંકર આંધી આવે છે ત્યારે મોટાં મોટાં વૃક્ષો ઉખડીને પડી જાય છે પણ નાનું લીલું ઘાસ હોય તેને કાંઇ વાંધો ન આવે, કેમ? તો કહે છે મોટાં મોટાં વૃક્ષો અકડાઈને ઊભા હતાં, તેથી આંધીમાં પડ્યાં, પણ આ ઘાસને ઝૂકતાં આવડતું હતું. તે ઝૂકી ગયું, તેથી આંધીમાં તેમને કોઈ નુકશાન ન થયું.

ગોપાલદાસજીએ વંદન કર્યા. કોને? શ્રી વિઠ્ઠલવર સુંદર. શ્રી એટલે શ્રી સ્વામિનીજી. શ્રી ગુસાંઈજીનું એક સ્વરૂપ શ્રી ચંદ્રાવલીજીનું છે. ચંદ્રાવલીજી સ્વરૂપ શ્રી ગુસાંઈજીને વંદન કરું છું. વિઠ્ઠલનાથજી એટલે કોણ? વિ એટલે જ્ઞાન અને ઠ એટલે શૂન્ય. જેનામાં જ્ઞાનનો અભાવ છે, જે જ્ઞાનશૂન્ય છે, એનો પણ જે ઉદ્ધાર કરે તે વિઠ્ઠલનાથ કહેવાય. એવા વિઠ્ઠલનાથને હું વંદન કરું છું.

શ્રી ગુંસાઈજી કોણ છે? સાક્ષાત શ્રી વલ્લભનું સ્વરૂપ તો છે જ. શ્રી મહાપ્રભુજી આસુર વ્યામોહ લીલા પછી જ્યારે દર ત્રણ દિવસે હરસાનીજીને દર્શન આપતા, ત્યારે આપશ્રીએ પૂછ્યું : 'તું ગુસાંઈજીકો કહા કર કે જાને હૈ?' દામોદરદાસજીએ કહ્યું કે હું તો આપના પુત્ર માનું છું. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી : 'દમલા, ઉનકો પુત્ર મતિ માનિયો. વો તો મેરો હી સ્વરૂપ હૈ. તુમ ઉનકો ચરણોદક ભી લીજો ઔર ચરણ સ્પર્શ ભી કરિયો.'

ત્યારથી દમલાજી નિત્ય શ્રી ગુસાંઈજીના ચરણસ્પર્શ કરી, ચરણોદક લેવા લાગ્યા. આવા શ્રી ગુસાંઈજી પ્રભુચરણ છે. આપ કેવા છે? સુંદરવર. આપને સુંદરવર કેમ કહ્યા? ગોપાલદાસજીનું લીલામાં સ્વરૂપ ચંદ્રાવલીજીની સખી સારંગીનું છે. સારંગી સખીનું સ્વરૂપ હોવાથી ગોપાલદાસજી કહે છે કે મારાં સ્વામિનીનાં ઈષ્ટ હોવાથી તેઓ મારા પણ ઈષ્ટ છે, તેથી સુંદરવર કહ્યા.

સુંદરવર કોને કહેવાય? જેના દર્શન કરતાંની સાથે પ્રભુનું સ્મરણ થઈ આવે, માનવું કે એ સુંદરવર છે. શ્રી ગુસાંઈજીનું સ્વરૂપ એવું છે કે જેમનાં દર્શન કરવા માત્રથી શ્રીજીની સુધિ આવી જાય. દર્શન કરવા માત્રથી ચંદ્રાવલીજીની સુધી આવી જાય. માટે કહ્યું : વંદુ શ્રી વિઠ્ઠલવર સુંદર નવઘન શ્યામ તમાલ-જગતિતલ ઉધ્ધાર કરેવા પ્રગટ્યા પરમદયાલ.

ટીકાકારો વર શબ્દને સુંદર શબ્દ સાથે જોડે છે અને વિઠ્ઠલ શબ્દ સાથે પણ જોડે છે. આપ

વિઠ્ઠલવર છે અને સુંદરવર પણ છે. શ્રી ગુસાંઈજીને શ્રી વિઠ્ઠલવર કહીએ ત્યારે શ્રી સ્વરૂપ-શ્રી સ્વામિનીજીના નાથ, એટલે કે સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ છે અને સુંદરવર કહીએ ત્યારે શ્રી ગુસાંઈજી આચાર્યનું એવું સ્વરૂપ છે કે જેનાં દર્શન કરતાંની સાથે જ પ્રભુની સુધિ આવે. શ્રી ઠાકોરજીનું સ્મરણ થઈ આવે.

આગળ વર્ણન કરતાં કહે છે કે આપનો વર્ણ નવઘનશ્યામતમાલ છે. ગોપાલદાસજીને દર્શન કરતાં કેવી અનુભૂતિ થઈ રહી છે? જાણે ભયંકર ગરમીથી લોકો પીડાતા હોય, આકાશ તરફ દૃષ્ટિ કરતા હોય કે ક્યારે વૃષ્ટિ થશે, ક્યારે શીતળતા મળશે અને સૌથી પહેલાં જળથી ભરેલું શ્યામ વાદળ આકાશ ઉપર આવે, તેને જોઈને જેવી સંતુષ્ટિ થાય, એવો આનંદ ગોપાલદાસજીને થઈ રહ્યો છે. તેમને શ્રી ગુસાંઈજીના દર્શન કરતાં તેઓ નવઘનશ્યામ જેવા લાગે છે એટલે કે આપનું સ્વરૂપ જળથી ભરેલા શ્યામ વાદળ જેવું છે.

નામરત્નાખ્ય સ્તોત્રમાં શ્રી રઘુનાથજી શ્રી ગુસાંઈજીનું વર્ણન કરતાં કહે છે કે ‘ગૌરમંભોજવક્ત્રમ્ અહીં આપને શ્રી ગુસાંઈજીનો વર્ણ ગૌર લાગે છે, પણ ગોપાલદાસજીને નવઘનશ્યામ લાગે છે. આમ ગોપાલદાસજીને શ્યામ લાગે છે અને શ્રી રઘુનાથજીને ગૌર લાગે છે. આવું કેમ? જ્યારે વાદળ વરસવા માટે આવે ત્યારે શ્યામ લાગે અને વરસી જાય ત્યારે ગૌર લાગે-અહીં ગોપાલદાસજીએ શ્રીગુસાંઈજીનાં એવાં દર્શન કર્યા કે જે વરસવા તૈયાર થયા છે અને રઘુનાથજીએ એવાં દર્શન કર્યા કે જે વરસી ચૂક્યા છે.

શ્રીગુસાંઇજીનાં દર્શન થતાં ગોપાલદાસજીને લાગે છે કે આજે તો હું રોમરોમ ભીજાઇશ. આજે તો હું કણકણ ભીંજાઇશ. કારણ કે શ્રીગુસાંઇજીનાં નવઘનશ્યામ સ્વરૂપે મને દર્શન થઇ રહ્યાં છે. માટે આપ કૃપા કરીને મને ભીંજવશે, ભીતરથી અને બહારથી બંને રીતે આપ મને ભીંજવશે.

જેમ માનવી સૂરજના તાપથી તપતો હોય ત્યારે જલથી ભરેલું વાદળ આવીને એના તાપનું શમન કરે એમ અહીં ગોપાલદાસજીના તાપનું શમન થયું. જ્યારે એ વાદળ વરસે ત્યારે પૃથ્વીને શીતળતા થાય એમ ગોપાલદાસજી વર્ણન કરે છે કે જેમ આ સૂરજના તાપથી તપેલી પૃથ્વી જલથી ભરેલા મેઘને જોઇને તરસે કે ક્યારે આ વરસે અને ક્યારે મને શીતલતા પ્રદાન કરે, એમ હે શ્રીગુસાંઇજી પ્રભુચરણ, આપના દર્શન પણ હું એ ભૂમિની જેમ જ કરું છું જે સંસારના તાપથી તપેલી હોય અને આપની દૃષ્ટિ માટે આતુર હોય. એ જ રીતે પ્રભુ, હું ઝંખું છું.

વાદળ વરસે તો કેવી રીતે વરસે? ભગવદીયો કહે છે કે આપનું વરસવું અમાપ છે, અસીમ છે, અકારણ છે. જ્યારે શ્રીગુસાંઈજી વરસે ત્યારે આપની દૃષ્ટિ અસીમ હોય. એની કોઈ સીમા બાંધી ન શકાય કે આના ઉપર વરસે અને આના ઉપર ન વરસે. એ કૃપા અમાપ છે. માપી પણ ન શકાય અને આપના વરસવાનું કોઈ કારણ પણ નથી માટે આપની કૃપાદૃષ્ટિ અકારણ છે.

આપણે કહીએ કે આટલું કરીએ તો પ્રભુ કૃપા કરશે, આ સાધન કરીએ તો પ્રભુની કૃપા થશે. એમ કહીને આપણે પ્રભુને સાધનોને આધીન બનાવી દીધા. પ્રભુની કૃપા તો અકારણ છે. પ્રભુ

પાસે આવી કોઈ શરત ન ચાલે. આપણે તો આપણું કર્તવ્ય કરતાં રહેવાનું. નિત્ય નિયમ કરતાં રહેવાનું. નિત્યનિયમ કરવો એટલે શું? પ્રભુનેં સંદેશ મોકલવાનો કે અમે વરસવાની વિનંતી કરતાં નથી, પણ એટલું જરૂર કહીએ છીએ કે જ્યારે આપને વરસવાનું મન થાય ત્યારે અમે ભીંજાવા તૈયાર છીએ.

આપણે તો આટલું જ કહી શકીએ. બાકી એની કૃપાનું કોઈ કારણ નથી, એની કૃપાનું કોઈ નિમિત્ત નથી, સાધન એટલા માટે કરવાં કે સાધન કરીને આપણે સંદેશ મોકલાવીએ છીએ કે જ્યારે પણ આપ પધારો ત્યારે અમે ચાલવા તૈયાર છીએ. જ્યારે પણ વરસો ત્યારે અમે ભીંજાવા તૈયાર છીએ.

એટલા માટે કહ્યું નવઘનશ્યામતમાલ. અહીં બીજી ઉપમા આપી છે તમાલ વૃક્ષની. તમાલ વૃક્ષ જેમ શ્યામ હોય તેમ શ્રી ગુસાંઈજી પણ શ્યામ છે. શ્યામ વર્ણ શૃંગારનો વર્ણ છે, એથી જ શ્રીગિરિરાજબાવા, શ્રીજીબાવા, શ્રીયમુના મહારાણી શ્યામ છે, શ્રી વલ્લભજી પણ શ્યામ છે. શ્યામ રંગ શૃંગારરસનો વર્ણ છે. તમાલવૃક્ષની છાયામાં જે આવે તેને વૃક્ષ તાપથી બચાવે તેમ શ્રી ગુસાંઈજી પણ જે એકવાર એમના ચરણોમાં જાય તેને સંસારના તાપથી બચાવે. કેવો પણ જીવ કેમ ન હોય, પણ શ્રી ગુસાંઈજીના શરણે આવ્યો, શ્રી ગુસાંઈજીએ એનો હાથ પકડ્યો, પછી એને ક્યારેય છોડે નહિ. કૃષ્ણદાસ અધિકારીએ છ-છ મહિના સુધી શ્રી ગુસાંઈજીને વિપ્રયોગ કરાવ્યો પણ જ્યારે એ કારાગૃહમાં છે, એવું શ્રી ગુસાંઈજીએ જાણ્યું ત્યારે આપે કહ્યું : 'પિતૃચરણના સેવક, એવા ભગવદીય કે જેણે શ્રીનાથજીની આટલી સેવા કરી, એમને કેદ?' શ્રી ગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યું. તેમણે કહ્યું : 'જ્યાં સુધી કૃષ્ણદાસ મુક્ત નહિ થાય ત્યાં સુધી હું અન્નજળ ગ્રહણ નહીં કરું.'

કૃષ્ણદાસ જેલમાંથી છૂટીને આવ્યા. એમણે જોયું કે જેનો મેં અપરાધ કર્યો એમણે જ આવી ટેક લઈને મને છોડાવ્યો ! ત્યારે એમણે ગાયું : પરમકૃપાલ શ્રી વલ્લભનંદન કરત કૃપા નિજ હાથ દે માથે. શ્રી ગુસાંઈજી કેવા છે? પરમકૃપાલ. કૃપા કેવી રીતે કરે છે? નિજ હસ્ત દે માથે. પોતાનો શ્રીહસ્ત માથે પધરાવી, જાણે તમાલવૃક્ષની છાયામાં આવી ગયા હોઈએ અને તાપથી બચી જવાય, એમ જે શ્રી ગુસાંઈજીના શ્રીહસ્તની નીચે આવી જાય, સંસારના તાપ એને બાળી ન શકે.

જેમ મોટા વૃક્ષની ઉપર ઘણી બધી લતાપતાઓ આશ્રય કરીને રહી હોય તેમ આ તમાલવૃક્ષ સ્વરૂપ શ્રી ગુસાંઈજીનો આશ્રય કરીને અનેક ભગવદીયજનો રહેલા છે, જે ઉપર પ્રભુ સુધી જઈ શકે. જેમ લતાપતાઓને વધવા માટે વૃક્ષનો સહારો જોઈએ, એમ ભગવદીયો લતા જેવા છે, જે એમ તેમ ઉપર ન જાય, પણ વૃક્ષનો અધાર મળે તો ઉપર જાય. શ્રી ગુસાંઈજી જેવા વૃક્ષનો આધાર મળે તો પ્રભુની સન્મુખ જાય.

શ્રી ગુસાંઈજી ભૂતલ ઉપર પધાર્યા, શા માટે? જગતિતલ ઉધ્ધાર કરવા પ્રગટ્યા પરમ દયાલ, શ્રી ગુસાંઈજી આ ભૂતલ ઉપર દૈવી સૃષ્ટિનો ઉધ્ધાર કરવા માટે, લીલાના જીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રગટ્યા છે. ઉધ્ધાર એટલે શું? વ્રજમાં નિત્ય વાસ મળે એજ વૈષ્ણવોનો ઉધ્ધાર. શ્રી ઠાકોરજીની સેવામાં

આસકિત થઈ જાય, એ ઉધ્ધાર. શ્રીઠાકોરજી અનુભવ કરાવવા લાગે, એ ઉધ્ધાર. શ્રી ઠાકોરજી આપણી સેવા સ્વીકારે, એ ઉધ્ધાર.

આવી રીતે જીવનો ઉધ્ધાર કરવા માટે શ્રી ગુસાંઈજી પ્રભુચરણ ભૂતલ પર પધાર્યા. પ્રથમ આખ્યાનની આ પ્રથમ કડી ગાઈ, પછી ગોપાલદાસજી કહે છે : 'હે કૃપાનાથ, આપ જે લીલા કરી રહ્યા છો તેના ઉપરથી હું આપને ઓળખી ગયો છું. ચાહે આ બધા બીજા લોકો આપને જાણી શકે કે ન જાણી શકે, પણ હું આપની સામે બેઠો છું અને આપને ઓળખી ગયો છું. બધાંની સામે કહું છું કે આપ કોણ છો.'

શ્રી ગુસાંઈજી વિચારે છે કે આ શું કહેવા માગે છે? બધા વૈષ્ણવો પણ વિચારવા લાગ્યા. કોઈને પણ આપણે કહીએ કે આપ કોણ છો એ હું બરાબર જાણી ગયો છું, તો બધા વિચાર કરે કે આ શું જાણી ગયો હશે. શ્રી ગુસાંઈજી કહે છે : 'બતાવ, હું કોણ છું?' બીજી કડીમાં ગોપાલદાસજી એનો જવાબ આપે છે.

શ્રી પુરુષોત્તમ સ્વતંત્ર ક્રીડા,
લીલા દ્વિજ તનુ ધારી,
સાત દિવસ ગિરિવર કર ધાર્યો,
વાસવ વૃષ્ટિ નિવારી...૨

ગોપાલદાસજીએ વંદન કરીને જ્યાં વલ્લભાખ્યાન ગાવાની શરૂઆત કરી કે તરત એમને શ્રી ગુસાંઈજીના સ્વરૂપનું જ્ઞાન થયું. તેઓ કહેવા લાગ્યા કે કૃપાનાથ, આપ ભલે બ્રાહ્મણના દેહમાં, આચાર્યના દેહમાં મારી સામે બિરાજમાન છો, પણ પ્રભુ આ તો આપની લીલા માત્ર છે. આપ કોણ છો તે હું બરાબર જાણી ગયો છું. આપ એ જ છો જેમણે સારસ્વત કલ્પની લીલામાં સાત દિવસ સુધી શ્રીગિરિરાજબાવાને પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કરીને ઈન્દ્રના માનને ભંગ કર્યો હતો. આપ એ જ છો. એનું પ્રમાણ મળે છે વાર્તાસાહિત્યમાં. એકવાર શ્રી ગુસાંઈજી પોતાના સેવકો સાથે ક્યાંક પરદેશ પધારતા હતા. શ્રીઠાકોરજીને રાજભોગનો સમય થયો. શ્રી ઠાકોરજીને અવેર થતી હતી. શ્રી ગુસાંઈજીએ કહ્યું: 'એમ કરો. આ વનની અંદર કનાત બાંધો, અહીં સામગ્રી સિધ્ધ કરીને, પ્રભુને રાજભોગ સુધી પહોંચીને, પછી આગળ ચાલીશું.'

જ્યાં સામગ્રી સિધ્ધ થવા લાગી, ત્યાં જોતજોતામાં વાદળો ચડી આવ્યાં. વીજળી ચમકવા લાગી, પવન ફૂંકાવા લાગ્યો. બધા કહે છે : 'કૃપાનાથ, હમણાં વરસાદ વરસશે. જુઓ તો ખરા, કેવા કાળાં કાળાં વાદળો આવી ગયાં છે. થોડીવારમાં વરસાદ તૂટી પડશે તો સામગ્રી કેમ થશે? શ્રી ઠાકોરજીને ભોગ કેમ ધરાશે?' આટલું સાંભળતાં શ્રી ગુસાંઈજી થોડા આગળ પધાર્યા. આકાશ તરફ દૃષ્ટિ કરીને જાણે ઈન્દ્રને યાદ કરાવતા હોય તેમ કહ્યું : 'ભૈયા, સંભાલકે આઈઓ, હમ આન્યોરકે હૈ.' આટલું કહેતામાં તો જાણે ઈન્દ્ર પણ ઓળખી ગયો હોય કે આ બીજું કોઈ નહિ પણ એ જ છે, જેણે સાત દિવસ સુધી ગિરિરાજજીને ધારણ કરી, મારા મદને ચૂર કર્યો હતો, આટલું કહેવાની જ વાર હતી અને વાદળો વેરાવા લાગ્યાં. વીજળી ચમકવાની બંધ થઈ, પવન ફૂંકાવાનો બંધ થયો. જોતજોતામાં વાતાવરણ બધું શાંત થઈ ગયું.

આપણે તો આપના સેવક છીએ એટલે કહીએ કે આપ બીજું કોઈ નહિ પણ એ જ પુરુષોત્તમ છો, પણ જે જાણતા નથી એ કેમ માને? જેને આપના સ્વરૂપનો પરિચય નથી, એને વિશ્વાસ કેવી રીતે આવે, કે અમે જેની વાત કરીએ છીએ, એ પુરુષોત્તમ જ છે?

શાસ્ત્રો કહે છે કે કોઈપણ જગ્યાએ ભગવદ્ પ્રાગટ્ય થવાનું હોય તો એની કસોટી કેવી રીતે થાય? એના અમુક પ્રમાણો છે. આ ભગવદ્ પ્રાગટ્ય છે, આ પ્રભુજીનું જ સ્વરૂપ છે, એ કેવી રીતે જાણવું? વૈષ્ણવો તો ભાવથી માને પણ બીજા કેવી રીતે વિશ્વાસ કરે? પહેલું પ્રમાણ એ છે કે એમના પ્રાગટ્યથી પહેલાં પુરાણોમાં અને ગ્રંથોમાં એમના પ્રાકટ્યનો ઉલ્લેખ હોવો જોઈએ. બીજી વસ્તુ એ કે એમના પ્રાગટ્ય પહેલાં ભક્તોએ એમના પ્રાગટ્યનાં ગાન કરેલાં હોવા જોઈએ. ત્રીજી વસ્તુએ કે એમના ચરણમાં અને હસ્તમાં એવાં સામુદ્રિક ચિહ્નો હોવાં જોઈએ.

આપણે જાણીએ છીએ કે શ્રી ગુસાંઈજી પ્રભુચરણનું પ્રાકટ્ય એ પુરુષોત્તમનું પ્રાગટ્ય છે, પણ જેઓ જાણતા નથી એ કેવી રીતે માને? શું આ ત્રણ પરિમાણોની અંદર એ વાત સાબિત કરી શકીએ? ગ્રંથોમાં એનો ઉલ્લેખ છે? શ્રી ગુસાંઈજીના પ્રાકટ્યના સાડાચાર હજાર વર્ષ પહેલાં વ્યાસજીએ લખેલા અગ્નિપુરાણના ભવિષ્યેતર ખંડમાં લખ્યું છે કે કલિકાલમાં સાક્ષાત્ અગિસ્વરૂપે શ્રીવલ્લભનું પ્રાકટ્ય થશે અને સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપે પ્રકટશે.

બીજા પણ ગ્રંથોમાં આનો ઉલ્લેખ છે. ગૌરીતંત્રમાં ઉલ્લેખ છે કે શિવજી પાર્વતીજીને કહે છે કે –

'પોષ કૃષ્ણ નવમીએ આ ભૂતલ ઉપર સાક્ષાત્ ભગવાન પ્રકટશે.' આવા તો અનેક પુરાણોમાં,ગ્રંથોમાં આપણી પાસે એવાં પ્રમાણ છે કે જેમાં આપના પ્રાગટ્યના સાડાચાર હજાર વર્ષ પહેલાં, આપના નામની સાથે, પ્રાગટ્યની તિથિ સાથેના ઉલ્લેખ મળે છે.

બીજું પ્રમાણ એ છે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના પ્રાગટ્ય પહેલાં એની વધાઇ ગાઇ છે નરસિંહ મહેતાએ, જે પુષ્ટિમાર્ગના વધૈયા કહેવાયા. તેમણે ગાયું: 'વલ્લભ વિઠ્ઠલ પ્રગટશે.' આમ આપના પ્રાગટ્ય પહેલાં પ્રાગટ્યનો સંકેત તેમણે આપ્યો. આ બીજું પ્રમાણ છે.

શ્રી ગુસાંઇજી અને શ્રીમહાપ્રભુજીના ચરણચિહ્નો પણ આપણને જાણવા મળે છે. બીજા અનેક એવા પ્રસંગો છે, જેમાં શ્રી ગુસાંઇજી અને પ્રભુની એકરૂપતાનો પરિચય મળે છે.

જ્યારે શ્રીગુસાંઇજીનું પ્રાગટ્ય થયું ત્યારે એક બ્રાહ્મણ શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ પધરાવીને લાવ્યો. તે સમયે શ્રીઆચાર્યચરણે કહ્યું: 'આજ ઠાકોરજી મેરે ઘરમેં દો સ્વરૂપસે પધારે હૈ. એક તો ભગવદ્ સ્વરૂપસું સેવા લેવે ઓર દૂસરે ભકત સ્વરૂપસે પ્રભુકી સેવા કરવે.' આમ શ્રીગુસાંઇજી પ્રભુચરણ સાક્ષાત્ શ્રીપ્રભુનું સ્વરૂપ છે, એટલા માટે તો વાર્તામાં એવા અનેક અનેક પ્રસંગ મળે કે જ્યાં પ્રભુનું અને શ્રી ગુસાંઇજીનું એકત્વ બતાવવામાં આવ્યું છે.

છીતસ્વામીએ બીરબલની આગળ પદ ગાયું, જેમાં તેમણે શ્રી ગુસાંઇજીનું પુરુષોત્તમત્વ બતાવ્યું, એ સાંભળીને બીરબલને વિશ્વાસ ન આવ્યો, ભલે એ ગુસાંઇજીનો સેવક છે, પણ હજી એનો સ્વીકાર નથી, લીલામાં પ્રવેશ નથી. તેથી કહે છે: 'છીતસ્વામી, શ્રી ગુસાંઇજી તો ગુરુ છે, એમનું વર્ણન પુરુષોત્તમની જેમ કેમ કરો છો? બાદશાહને ખબર પડશે તો બાદશાહ નારાજ થશે.' એ વખતે છીતસ્વામી મૌન થઇ ગયા, જેને શ્રી ગુસાંઇજીના સ્વરૂપનું જ્ઞાન નથી, એની આગળ આપણી વાણી કેમ ખોલવી?

એકવાર નંદમહોત્સવનો પ્રસંગ હતો, બાદશાહે સાંભળ્યું હતું કે શ્રી ગુસાંઇજીને ત્યાં નંદમહોત્સવ થાય ત્યારે સાક્ષાત્ પ્રભુનાં પ્રગટ દર્શન થાય છે. તો મારે પણ એ દર્શન કરવા જવું છે. કોઇ ઓળખી ન જાય તે માટે વેશ બદલીને અકબર બાદશાહ આવ્યા, બીરબલ પણ સાથે છે.

બાદશાહ યવન હતો પણ દૈવી તત્ત્વ એનામાં હતું, તેથી તે જ્યારે દર્શન કરવા આવ્યો ત્યારે એને લીલાનો અનુભવ થયો, પણ બીરબલને ન થયો.

બાદશાહને શું દર્શન થયાં? શ્રીગુસાંઇજી પ્રભુચરણ નંદમહોત્સવ કરી રહ્યા છે. સુંદર કેસરી વસ્ત્ર ધર્યાં છે, કેસરી ધોતી અને ઉપરણો. કંઠમાં સુંદર માળાઓ ધરી છે. સુંદર છાપાનાં તિલક કર્યાં છે. પલનામાં નવનીતપ્રિયજી ઝૂલે છે અને શ્રી ગુસાંઇજી પલને ઝૂલાવે છે. છીતસ્વામીએ પદગાન શરૂ કર્યું. છીતસ્વામી જે લીલાંના દર્શન કરીને પદગાન કરે છે એ જ લીલાનાં દર્શન બાદશાહને થવા લાગ્યાં.

પ્રિય નવનીત પાલને ઝૂલે શ્રીવિઠ્ઠલનાથ ઝુલાવે હો,

છીતસ્વામીજી કહે છે કે પલનામાં જે ઝૂલી રહ્યા છે એ તો નવનીતપ્રિય છે. આજે શ્રી ગુસાંઇજીને એમના ઉપર એટલો પ્રેમ આવી રહ્યો છે કે નવનીતપ્રિયજી ન કહેતાં કહે છે: પ્રિય નવનીત. જુઓ તો ખરા, શ્રી ગુસાંઇજીને એ કેવા પ્રિય થયા છે! એમની દૃષ્ટિ શ્રી ગુસાંઇજી ઉપર અને ગુસાંઇજીની દૃષ્ટિ શ્રીનવનીતપ્રિયજી ઉપર છે, બંને એકબીજાને જોઇને મંદમંદ મુસકાઇ રહ્યા છે. છીતસ્વામી વિચારે છે: આપને નવનીતપ્રિય કહું કે શ્રીવિઠ્ઠલના પ્રિય કહું? એટલા માટે કહ્યું: પ્રિય નવનીત પાલને ઝૂલે શ્રીવિઠ્ઠલનાથ ઝૂલાવે.

કબહૂક આપ સંગ મિલ ઝૂલે,
કબહૂક ઉતર ઝૂલાવે હો!

હમણાં સુધી અકબર દર્શન કરે છે કે શ્રી ગુસાંઇજી પલના ઝૂલાવી રહ્યા છે અને શ્રી નવનીતપ્રિયજી પલના ઝૂલી રહ્યા છે, ત્યાં જ દર્શન કરતાં કરતાં એવો અનુભવ થયો કે શ્રી નવનીતપ્રિયજીએ મંદ હાસ્ય કરી, કંઇક સંકેત કર્યો અને શ્રીગુસાંઇજીનો શ્રીહસ્ત પકડી પોતાની સાથે પલનામાં પધરાવ્યા, પોતાની સાથે બિરાજમાન કર્યા. બંને સાથે ઝૂલી રહ્યા છે. ત્યાં વળી પરાકાષ્ટા થઇ કે શ્રી નવનીતપ્રિયજી પલનામાંથી નીચે પધાર્યા અને શ્રીગુસાંઇજીને પલનામાં પધરાવીને ઝૂલાવવા લાગ્યા, અનાયાસ આવો મનોરથ જાગ્યો.

કબહૂક સુરંગ ખિલૌના લે લે,
નાના ભાંતિ ખિલાવે હો ।
ચકરી બંકી ફિરકની લહેટુ,
ઝુન ઝુન હાથ બજાવે હો ।।

હવે તો નિકુંજની અલૌકિક લીલા અહીં પ્રગટ થઇ છે. શ્રી ગુસાંઇજી ભલે આચાર્યના દેહથી અહીં બિરાજમાન છે, પણ આપનું ચંદ્રાવલીજીનું સ્વરૂપ અહીં પ્રગટ થયું છે. શ્રીનવનીતપ્રિયજીએ હઠ કરી કે આપ ભલે શ્રીગુસાંઇજી સ્વરૂપે અહીં બિરાજો છો પણ આપ ચંદ્રાવલીજીનું સ્વરૂપ છો. આપ જ્યારે નિકુંજમાં મારી સામે નૃત્ય કરો છો, ત્યારે આપના ચરણમાં ધરેલા નૂપુરનો અવાજ હું સાંભળું છું તો મને આનંદ આવે છે. મારે હમણાં પણ આપનું નૃત્ય જોવું છે. શ્રી ગુસાંઇજી મનમાં વિચારે છેઃ આ તો નિકુંજની લીલા છે. એ લીલાના અધિકારી જીવો અહીં નથી, તો એ લીલા કેવી રીતે પ્રગટ થાય?

પણ શ્રીનવનીતપ્રિયજીના મનમાં આ મનોરથ જાગ્યો ત્યારે પલના ઝુલાવતાં ઝુલાવતાં શ્રી ગુસાંઇજીએ ફિરકની (ચકરડી) ફેરવી. આ ફિરકની શું છે? તે બીજું કાંઇ નહિ પણ ચંદ્રાવલીજીનું ગોળગોળ ઘૂમર નૃત્ય છે, શ્રીઠાકોરજી કહે આવું ખાલી નૃત્ય નથી જોવું. મારે તો એવું નૃત્ય જોવું છે જેમાં આપના ચરણાવિંદના ઘૂંઘરુનો અવાજ પણ આવે. તરત જ આપ ઘૂઘરા લઇને વગાડવા લાગ્યાં. ઝુન ઝુન અવાજથી કેવું લાગ્યું? જાણે ચકરડી સ્વરૂપે શ્રીચંદ્રાવલીજી ગોળગોળ નૃત્ય કરી રહ્યાં છે અને ઘૂઘરા રૂપે આપના ચરણમાં નૂપુરનો અવાજ આવી રહ્યો છે, શ્રીનવનીતપ્રિયજી પ્રસન્ન થઇ ગયા.

ભોજન કરત થાર એક ઝારી
દોઉ મીલ ખાય ખવાવે હો ।

રોજની જેમ આજે પલના ઝુલાવીને પ્રભુને રાજભોગ ધર્યા. ચાહે પ્રભુ નંદાલયમાં બિરાજી રહ્યા છે, પણ ભાવ નિકુંજનો સ્ફુરિત થઇ રહ્યો છે, જ્યાં રાજભોગનો કોર સાન્યો શ્રીઠાકોરજી કહે છે હું એકલો ભોજન નહીં કરું. આપ મારી સાથે ભોજન કરો, દર્શન થઇ રહ્યાં છે, થાર એક ઝારી. પોતે આરોગી રહ્યા છે અને પોતાના શ્રીહસ્તમાં કોર લઇને શ્રીગુસાંઇજીને પણ આરોગાવી રહ્યા છે. એક જ થાળ છે અને એક જ ઝારી છે- દોઉ મીલ ખાય, ખવાવે હો.

ગુપ્ત મહારસ પ્રગટ જનાવે,
પ્રીત નઇ ઉપજાવે હો ।।

છીતસ્વામીજી વિચારે છે આજે પ્રભુના મનમાં એવો કયો મનોરથ જાગ્યો છે કે નિકુંજની લીલાને આપે પ્રગટ કરી દીધી છે. જે મહા ગુપ્ત લીલા છે, તે દર્શાવી રહ્યા છે. અકબર ઉપર દૃષ્ટિ પડી. જે લીલા ગવાઇ રહી છે તેનાં દર્શન કરીને તેની આંખમાંથી પ્રેમાશ્રુ વહી રહ્યાં છે, છીતસ્વામી સમજી ગયા કે આજે પ્રભુ આના ઉપર કૃપા કરવા માટે ગુપ્ત લીલાને પ્રગટ જણાવી રહ્યા છે. હજારો લોકો ઊભા છે પણ કોઇના નહિ પણ અકબરના નેત્રમાં આવેલાં પ્રેમાશ્રુએ બતાવી દીધું કે આજે આના હૃદયમાં આ લીલા પ્રગટ થઇ છે, પ્રભુ વરસ્યા છે. એમણે ગાયું:

ધન્ય ધન્ય ભાગ્ય દાસ
નિજજનકે જો યહ દર્શન પાવે હો ।
છીતસ્વામી ગિરિધરન શ્રી વિઠ્ઠલ
નિગમ એક કરી ગાવે હો ।।

ધન્ય ધન્ય ભાગ્ય દાસ નિજજનકે જો યહ દર્શન પાવે હો. છીતસ્વામી કહે છે કે આજે તો આની ઉપર વારી જવાનું મન થાય છે. કારણે કે શ્રી ઠાકોરજીએ આજે એને પોતાનો નિજ માન્યો છે.

નિજ માનીને નિકુંજની ગૂઢ રહસ્યલીલા આજે એના હૃદયમાં સ્ફૂરિત કરાવી છે. વાસ્તવમાં જ્યારે પ્રભુની આવી કૃપાનો અનુભવ થાય ત્યારે સમજાય કે શ્રી ગુસાંઇજીનું સ્વરૂપ શું છે? શ્રી ગુસાંઇજીના સ્વરૂપને જ્યારે એ કૃપા કરીને સમજાવે ત્યારે જાણી શકાય. બાકી આપણું સામર્થ્ય નથી કે એ લીલાને જાણી શકીએ.

એ લીલા અહીં ગોપાલદાસજી પ્રગટ કરી રહ્યા છે કે પ્રભુ આપ બીજા કોઇ નહિ, આપ એ જ છો, જેણે સારસ્વત કલ્પની લીલાની અંદર સાત દિવસ સુધી શ્રીગિરિરાજબાવાને છત્ર બનાવીને ધારણ કર્યા અને વ્રજવાસીઓને સનાથ કર્યા.

શ્રી પુરુષોત્તમ સ્વતંત્ર ક્રીડા લીલા દ્વિજતનુધારી. અહીં ક્રીડા શબ્દ એટલા માટે કહ્યો કે ભલે આ જગતના લોકોને કોઇ માનવની ક્રીડા લાગતી હોય પણ આપતો માનવદેહ ધારણ કરીને આચાર્ય સ્વરૂપે જગતમાં વિચરણ કરી રહ્યા છો, એ તો સાધારણ જીવોને મોહ પમાડવા માટે છે. આ તો આપની લીલા માત્ર છે. એક હોય ક્રીડા, એક હોય કર્મ અને એક હોય લીલા.

આપણે એવાં કાર્ય કરીએ કે જેમાં કોઇ કર્મફલ ન હોય એને કહેવાય ક્રીડા. કોઇ વસ્તુ મૂકી, કંઇક પકડ્યું - એ કહેવાય ક્રીડા. એવાં કાર્ય કરીએ કે જેમાં કોઇ કર્મફલ હોય એને કહેવાય કર્મ. ક્રીડા અને કર્મ આ બે મનુષ્ય કરે છે અને પ્રભુ જે કરે છે તે લીલા કહેવાય. એમાં એમને કોઇ કર્મફલનો અનુભવ થતો નથી. પ્રભુ જે કંઇ કરે છે તે માત્ર પોતાના નિજજનોના મનોરથ પૂરા કરવા માટે કરે છે, એને લીલા કહેવાય. માટે ભક્તોના મનમાં જ્યારે મનોરથ જાગ્યો હશે કે પ્રભુ, તમે અમને ગુરુ સ્વરૂપે મળો, ત્યારે એ લીલા કરવા માટે, ભક્તોના મનના મનોરથ પૂર્ણ કરવા માટે, કોડ પૂરા કરવા માટે, પ્રભુ આપ ગુરુ સ્વરૂપે વિચરણ કરી રહ્યા છો, ચાહે શરીર દ્વિજનું-બ્રાહ્મણનું ધારણ કર્યું છે, પણ પ્રભુ આપ એ જ છો જેણે વ્રજવાસીઓને સનાથ કર્યા હતા. જેણે ગિરિરાજ ધારણ કરી વ્રજને ઈન્દ્રની વૃષ્ટિથી બચાવ્યું હતું.

એટલે જ અહીં શબ્દો કહ્યા- લીલા દ્વિજ તનુ ધારી, દ્વિજનો અર્થ બ્રાહ્મણ થાય અને ચંદ્રમા પણ થાય. પ્રભુ આપ ચંદ્રમા જેવા છો, કારણ કે જેમ ચંદ્ર ઊગે અને અંધકાર દૂર થાય એમ ભક્તના મનના અંધકાર દૂર કરવાવાળા, અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવાવાળા શ્રી ગુસાંઇજી, આપ ચંદ્ર છો.

શ્રીવિઠ્ઠલનાથ ચંદ ઊગ્યો
જગમેં ભક્તિ ચાંદની છાય રહી.

આપ ચંદ્રમા છો. ચંદ્રમા સાથે ચકોરને પ્રેમ થાય. ચકોર જ્યારે ચંદ્રમાને જુએ ત્યારે એને એવું સુખ મળે કે એને થાય કે ત્યાં જઇને હું ચંદ્રને મળું, હે પ્રભુ, આપ એવા ચંદ્ર છો. જે પુષ્ટિજીવો છે એ ચકોર જેવા છો. પ્રભુ, જુઓ તો ખરા, જે ચકોર ચંદ્રમા માટે તરસતા હતા, એમના મનોરથ પૂર્ણ કરવા માટે આપ શ્રી ગુસાંઇજી પ્રભુચરણ રૂપે આ ભૂતલ ઉપર પ્રગટ્યા. ચકોરને ચંદ્રમા માટે એટલો પ્રેમ છે કે એને મળવા માટે એ કંઇ પણ કરી શકે છે. ક્યારેક એને લાગે કે ચંદ્રમાને પામી નહિ શકાય તો એ ચંદ્રમાને જોતાં જોતાં અંગારા ખાવા લાગે છે. કેમ? આમ તો મને ચંદ્રમા પ્રાપ્ત નહિ થાય પણ આ ગરમ ગરમ અંગારા ખાઇશ તો મારો દેહ બળીને

ભસ્મ થશે. ભસ્મ થશે તો શિવજી મને એમના મસ્તક ઉપર લગાવશે. ત્યાં મને ચંદ્રમા મળશે. એમનાં દર્શન થશે. મારા પ્રીતમનો મિલાપ થશે. જેવો ચકોર ચંદ્રમા માટે તલસે એવી રીતે શ્રી ગુસાંઇજી રૂપી ચંદ્રમા માટે આ પુષ્ટિસૃષ્ટિ તરસે છે. જ્યારે ચંદ્રમા ઊગે ત્યારે બધી ઔષધિઓ ખીલે, ઔષધિઓ શું છે? ભક્તોની અંદર રહેલા ભગવદ્‌ભાવરૂપી બીજ. જ્યાં સુધી ગુસાંઇજીરૂપી ચંદ્રમા ન ઊગે ત્યાં સુધી આ બીજ એમને એમ જ રહે, એ ક્યારેય પલ્લવિત ન બને. જુઓ તો ખરા, આ ચંદ્રમા શું છે? વિયોગીનો વિરહ વધારે તે ચંદ્ર. ચંદ્રમાને જોઇને વિયોગીને વિરહ વધે. જ્યારે શ્રી ગુસાંઇજીનાં દર્શન કરીએ ત્યારે એમનાં દર્શન કરવા માત્રથી પ્રભુ માટેનો તાપ હૃદયમાં જાગે છે. પ્રભુને મળવાની આતુરતા, તત્પરતા ભક્તના મનમાં જાગે, જ્યારે એ શ્રી ગુસાંઇજીનાં દર્શન કરે. કારણ કે એ ચંદ્ર છે. એટલા માટે કહ્યું કે શ્રી ગુસાંઇજી એ છે કે જેમણે સાત દિવસ સુધી શ્રીગિરિરાજને ધારણ કરી, વાસવવૃષ્ટિ નિવારી છે.

અહીં 'નિવારી' શબ્દનો ઉપયોગ કર્યો. નિવારી કોને કહેવાય? એવું વાતાવરણ કરી નાખવું કે જાણે ઇન્દ્રની વૃષ્ટિ થઇ જ નથી. એવું કરવાવાળા શ્રી ગુસાંઇજી છે. હવે ત્રીજી પંક્તિમાં ગોપાલદાસજી કહે છે, કે હે શ્રીગુસાંઇજી પ્રભુચરણ, આપના સ્વરૂપને તો હું જાણી ગયો, પણ આ પુષ્ટિસૃષ્ટિને જણાવવા માગું છું કે આપના પ્રાગટ્યનું મૂળ કારણ તો કંઇ બીજું જ છે, હે કૃપાનાથ, આપના મૂળ સ્વરૂપનું હું દર્શન કરવા માગું છું. કૃપા કરો અને કૃપા કરીને મને દિવ્ય દૃષ્ટિ આપો, જેથી હું આપના પ્રાગટ્યના મૂળ કારણનું વર્ણન કરી શકું. ત્રીજી કડીમાં શ્રીગોપાલદાસજી શ્રીગુસાંઇજીને વિનંતી કરે છે કે પ્રભુ, એવી કૃપા કરો કે હું આપના રૂપને અને આપના પ્રાગટ્યના મૂળ કારણને જાણી શકું.

તે પ્રગટ્યાનું કારણ કહીએ,
જો સુરતા મન આણો,
કરો કૃપા હું કરું વિનંતી,
પોતાનો કરી જાણો... ૩

આ પંક્તિમાં શ્રીગોપાલદાસજી શ્રીગુસાંઇજીને વિનંતી કરે છે કે તે પ્રગટ્યાનું કારણ કહીએ, જો સુરતા મન આણો, કરો કૃપા હું કરુ વિનંતી, પોતાનો કરી જાણો. જેમ અર્જુને ભગવાનને વિનંતી કરી અને ભગવાને અર્જુનને પોતાનું વિરાટ રૂપ બતાવ્યું. તે માટે દિવ્ય દૃષ્ટિનું દાન કર્યું. જ્યારે અર્જુનને દિવ્ય દૃષ્ટિ મળી પછી પ્રભુના વિરાટ સ્વરૂપનાં દર્શન એને થયાં, એમ ગોપાલદાસજી પણ વિનંતી કરે છે: 'હે કૃપાનાથ, આપના પ્રાગટ્યના મૂલ કારણને, મૂળ હેતુને હું જાણવા માગું છું, પણ એ હું ક્યારે જાણી શકીશ કે જ્યારે પ્રભુ આપ કૃપા કરશો.'

જો સુરતા મન આણો- પ્રભુ ગત જન્મમાં આપે મને લીલાનો અનુભવ કરાવ્યો, પણ આ જન્મમાં આપનાથી આટલો સમય દૂર રહેવાને કારણે મારી એ લીલાની સ્મૃતિનું વિસ્મરણ થઇ ગયું છે. એનું સ્મરણ ત્યારે થશે કે જ્યારે આપ કૃપા કરી મને પોતાનો માનશો- ગિરિધર જબ અપનો કરી માને. સાધન કરવાની જરૂર ક્યાં સુધી? જ્યાં સુધી પ્રભુ આપણને પોતાનો નથી માનતા. જ્યારે પ્રભુ આપણને પોતાના માની લે ત્યારપછી કોઇ સાધનની જરૂર ન પડે. પ્રભુ આપના પ્રાગટ્યનું મૂળ કારણ હું

કહેવા માગું છું. પ્રભુ કૃપા કરી મને એવી દૃષ્ટિ આપો, એવી વાણી આપો, કે જેથી આપના સ્વરૂપનું ગાન કરી શકું.

પ્રભુ, એવી દૃષ્ટિ આપો જે આપના પ્રાગટ્યના મૂળ હેતુને જોઇ શકે. મારી ઇન્દ્રિયોને એવી શુદ્ધ કરો કે જે આપના મૂળ સ્વરૂપને પામી શકે. આ બધું ક્યારે શક્ય બનશે કે જ્યારે પ્રભુ આપ કૃપા કરીને મને પોતાનો કરી જાણો-આના બે અર્થ થાય. પોતાનો કરી જાણો અને પહેલાં પોતાનો કરો અને પછી જાણો. જ્યાં સુધી પોતાનો કર્યો નથી ત્યાં સુધી, મારી અંદર તો અનેક દોષો ભરેલા છે, તેથી દોષ જ દેખાશે, પણ જ્યારે પ્રભુ પોતાનો કરી લે ત્યારે એના અવગુણ પણ ગુણ દેખાય.

હે પ્રભુ કૃપા કરીને મને પોતાનો કરો. ચાહે ગુરુની સેવા કે ટહેલ કરતાં હોઇએ પણ આપણને ગુરુએ પોતાનાં માન્યાં, એવું ક્યારે જાણવું? હંમેશા આપણા ઉપર રીઝે, પ્રસન્ન રહે ત્યારે જાણવું કે આપણને એમણે પોતાના માન્યા, પણ જ્યારે ક્યારેક આપણા ઉપર ક્રોધ કરે, ત્યારે ચોક્કસ માનવું કે આજે એમણે મને પોતાનો માન્યો. પ્રસન્ન રહે, હંમેશા સારી રીતે વર્તે, તો માનવું કે હજી આપણે સાધન દશામાં છીએ પણ જ્યારે કોઇવાર ગુસ્સો કરે તો દુઃખી થવાની જરૂર નથી. માનવું કે આજે એમણે મને પોતાનો માન્યો છે. તેથી કહ્યું હે પ્રભુ એવી કૃપા કરો, એવો અનુગ્રહ કરો, મને પોતાનો કરી જાણો. મારી દશા તો એવી છે કે આપના સ્વરૂપનું વિસ્મરણ થયું છે.

સિંહના બચ્ચાની વાત આવે છે ને કે સિંહનું બચ્ચું ભૂલું પડ્યું અને ઘેટાં-બકરાંના ટોળામાં જઇને ઘાસ વગેરે ખાવા લાગ્યું. ઘેટાં-બકરાં જેવું બોલવા લાગ્યું. એક દિવસ સામે સિંહ આવ્યો. સિંહને જોઇને ઘેટાં-બકરાં ભાગ્યાં. એને જોઇને પેલું સિંહનું બાળક પણ ભાગ્યું. સિંહ વિચાર કરે છે કે આ સિંહબાળ છે, મારા કુળનો છે, પછી ડરીને કેમ ભાગે છે? સિંહ કહેઃ ઊભો રહે, ઊભો રહે, પણ એ તો ભાગ્યું. સિંહે જઇને એ સિંહબાળને પકડ્યું, ‘અલ્યા તું કેમ ડરે છે? તું તો આ જંગલમાં રાજ કરવા આવ્યો છે. પછી ડરીને કેમ જીવે છે?'

બચ્ચું કહે છે મને બીક લાગે છે, તમે મને મારી નાખશો. સિંહ એને પાણી પાસે લઇ ગયો, નદીમાં એનો ચહેરો બતાવ્યો, જો આ તારો ચહેરો, મારી સાથે મળે છે કે પેલાં ઘેટાં સાથે મળે છે? બચ્ચાએ પોતાનો ચહેરો જોયો. સિંહ સાથે મળતો હતો, સિંહે સમજાવ્યુંઃ ‘તું મારા પરિવારનો છે, મારા કુળનો છે, તું અહીં જંગલમાં ડરીને જીવવા માટે નહિ પણ રાજ કરવા આવ્યો છે. મારી જેમ જોરથી ગર્જના કર.'

આટલા દિવસ સુધી ઘેટાં-બકરાં સાથે રહીને તે પોતાનો મૂળ અવાજ પણ ભૂલી ગયો હતો. ઘેટાં-બકરાંની જેમ બોલતો હતો. સિંહે ગર્જના કરી. એ સાંભળી એણે પણ ગર્જના કરી. જે ઘેટાં-બકરાં સાથે અત્યાર સુધી જીવ્યો હતો એ બધાં એની ગર્જના સાંભળીને ભાગ્યાં. પછી એને પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન થયું.

તો આ સિંહના બચ્ચા જેવી દશા આપણી છે. આપણને પણ કોઇ ભક્તનો સંગ થયો, ગુરુ મળ્યા અને નદીકિનારે જઇને આપણો ચહેરો બતાવ્યો,નદી એટલે શું? સત્સંગ.

સત્સંગથી ખબર પડી કે કોનો છે અને કોની વચ્ચે રહેતો હતો, જ્યાં ગર્જના કરી ત્યાં મૂળ વાણી સ્ફૂરી. મૂળ અવાજ નીકળ્યો અને બધાં ઘેટાં-બકરાં ડરીને ભાગ્યાં.

ગોપાલદાસજી કહે છેઃ પ્રભુ નવ વર્ષ સુધી આપના વિના રહીને વીતાવ્યાં. પ્રભુ, આપના વિના નવ વર્ષ ગયાં. સંસારના લોકોની વચ્ચે રહીને મારી લીલાની સ્મૃતિનું વિસ્મરણ થઇ ગયું. પ્રભુ એવી કૃપા કરો કે લીલાનું મને પુનઃ સ્મરણ થાય. ભગવદ્ અનુગ્રહ થાય, હું તો એકલો અટવાયેલો હતો, પણ સાચા અર્થમાં જેમ કોઇ ભક્ત રૂપી સિંહ મળે અને પોતાનો ચહેરો બતાવે, એમ મને શ્રીગુસાંઇજીની કૃપાથી ભાઇલા કોઠારીનો સંબંધ થયો. એમણે પરિચય કરાવ્યો કે તું કોણ છે, કોના માટે જન્મ્યો છે? ભક્ત કોણ છે કે જે આપણા સ્વરૂપનું જ્ઞાન કરાવે.

જ્યારે શ્રીઠાકોરજી કોઇની ઉપર કૃપા કરવાનું વિચારે ત્યારે શું કરે? સૌથી પહેલાં કોઇ વૈષ્ણવ સાથે એનો સંગ કરાવી દે. ભગવદીય સાથે એવો સંગ કરાવે કે એ ક્યાંય વિમુખ ન થાય. મને છોડીને ક્યાંય ભટકે નહિ.

જ્યારે જીવનમાં કોઇ ભગવદીયનો સંગ થાય ત્યારે માનવું કે આપણી વિમુખતા દૂર થઇ. આપણું હૃદય ઉજ્જડ ખેતર જેવું હતું, જેમાં કાંઇ ઊગી શકતું ન હતું, બધાનો અનુભવ છે કે કેટલીય વાર સત્સંગમાં બેસો, ભગવદ્ નામ લો પણ કાંઇ ઊગે નહિ. હૃદય એવું ઉજ્જડ ખેતર છે કે અનેક અનેક વાર પ્રયત્ન કરવા છતાં, ઊગાડવાનો પ્રયત્ન કરવા છતાં, કાંઇ ઊગતું નથી. એવા ઉજ્જડ ખેતરમાં જલ્દી કોઇ જવા પણ તૈયાર નથી. વાવવા માટે પણ કોઇ તૈયાર ન થાય. પણ જ્યારે કોઇ ભગવદીયનો સંગ મળે ત્યારે માનવું કે જ્યાં કોઇ દૃષ્ટિ કરવા તૈયાર ન હતું એવા ખેતરને કોઇ ખેડૂતે મોલ લઇ લીધું.

એ ખેડૂતે ખેતરમાં આવીને જોયું તો ખેતરમાં વધારાનું નકામું ઘાસ છે. પથરા છે, કાંકરા છે. આમાં કાંઇ ઊગશે નહિ. સૌથી પહેલાં જ્યારે વૈષ્ણવનો સંગ થાય ત્યારે એ ભગવદ્ પ્રસંગો કહી કહીને, ભગવદ્‌લીલાનું ગાન સંભળાવી સંભળાવી, ભગવદ્ વાર્તાઓ કહી કહીને આપણી અંદર પ્રભુ માટે વિશ્વાસ જગાવે. ત્યારે માનવું કે એ ખેડૂતે હવે ખેતરમાંથી નકામું ઘાસ, પથરા, કાંટા કાઢી લીધાં છે. ભૂમિને સમતલ કરીને ખેડી છે.

જ્યારે વૈષ્ણવના મનમાં ભાવ જાગે કે મારે હવે સમર્પિત થવું છે, શરણે જવું છે, ત્યારે જાણવું ખેડૂત રાજા પાસે બીજ લેવા જાય છે. એ રીતે ભગવદીયના હૃદયને ખેડીને ખેડૂત ગુરુ પાસે લઇને જાય છે. રાજા બીજ આપે તેમ ગુરુ મંત્ર આપે છે અને મંત્રનું બીજ એના હૃદયમાં સ્થાપિત કરે છે. જ્યારે બીજ સ્થાપિત થાય છે ત્યારે પ્રભુની લીલાના પ્રસંગો, જે પ્રસંગોથી એના જીવનમાં પરિવર્તન આવ્યું છે, એવા પ્રસંગો કહી એ બીજને સિંચન કરે છે. સિંચનથી બીજમાં નાના નાના અંકુર ફૂટે છે. એટલે મનમાં ભાવ જાગે છે કે હું પ્રભુનો છું. કુમળા છોડ હોય એમાં જીવાત પણ લાગી જાય છે. હજી તો પ્રેમના અંકુર ફૂટ્યા હતા, ભગવદ્ પ્રેમની કળીઓ ફૂટી હતી, ત્યાં એના આશ્રયને દૃઢ કરવા માટે પ્રભુ કોઈ વાર કસોટીઓ પણ કરે છે.

કોઇ થાંભલો જમીનમાં ઊંડો નાખવો હોય તો પહેલાં એને હલાવવો પડે. જેટલો હલાવો તેટલો થાંભલો ઊંડો જાય. પ્રેમના અંકુરને દૃઢ કરવા માટે શ્રીઠાકોરજી લૌકિક કસોટીરૂપી થાંભલાને હલાવે છે, જ્યાં ભગવદ્ નામ લેતા હો, ત્યાં જ જીવનમાં કસોટી આવવા લાગે, લોકો આવીને કહે કે તું આટલી સેવા કરે છે, સત્સંગ કરે છે, તો તારી સાથે પ્રભુએ કેમ આવું કર્યું? પેલો તો કહીને છુટી જાય પણ આપણે બંધાઇ જઇએ. એની વાત પર આપણા મનમાં ચિંતન ચાલે છે કે જેઓ પ્રભુથી વિમુખ છે, એ બધા તો જલસા કરે છે અને હું આખો દિવસ પ્રભુનાં સેવા-સ્મરણ કરતો રહું છું, તો પણ આવી કસોટી? અને જ્યારે આવો ખ્યાલ આપણી અંદર આવે ત્યારે માનવું કે કુમળા છોડ ઊગ્યા હતા એમાં હવે સંશયની જીવાત લાગી ગઇ છે.

જ્યાં સંશયની જીવાત લાગે છે, પછી એ કુમળા છોડને નષ્ટ થતાં એક ઘડીની વાર ન લાગે. આવે વખતે કુશળ કિસાન હોય તો દવા નાખે, કંઇક ઉપચાર કરે,એમ મનમાં સંશયની જીવાત લાગે ત્યારે ભગવદીય કહેઃ 'જો, આવા સમયમાં પણ પ્રભુની અને ગુરુની સન્મુખતા રાખજે, ભગવદ્નામ છોડતો નહિ. આ ઉપચાર રૂપી ઔષધિથી એ સંશયરૂપી જીવાતથી બચી શકે.

છોડ થોડો મોટો થાય તે પછી એને ભય રહે બીજા પશુઓનો, કોઇ એને ચરી ન જાય. ત્યારે એની આસપાસ વાડ કરવી પડે. વાડ એટલે શું? વાડ એટલે ઘરમાં શ્રીઠાકોરજીની સેવા પધરાવી, નિત્ય સેવા-સત્સંગ કરીએ એ જ આપણી વાડ છે. વાડ હશે તો જ ભક્તિનો અંકુર સચવાશે. ભક્તિનાં ફળ સચવાશે. પણ જો વાડ નહિ હોય તો બહારનાં પશુ આવીને, બહારના જીવો આવીને ક્યારે ચરી જશે, આપણને ખબર પણ નહિ પડે.

ઘણાં લોકો કહે છે સત્સંગ કરીએ છીએ. સ્મરણ કરીએ છીએ પણ એનાં ફળ દેખાતાં કેમ નથી? કોઇ ભક્તે સરસ કહ્યું છે કે આ જગતના લોકો એવા છે કે ખેતર ખેડે છે, બી વાવે છે, મોટા થાય એનું ધ્યાન રાખે છે પણ જ્યારે એના ઉપર ફળ લાગે, દાણા આવે છે, એટલે ખેતરની વાડ તોડી દે છે, વાડ તૂટે એટલે આખા ગામના પશુઓ આવીને ચરી જાય, એટલે ફળ મળતાં નથી. આ ખેતરની વાડ ખોલી દઇએ એટલે શું?

સેવા કરતાં કરતાં શ્રીઠાકોરજી કોઇ અનુભવ કરાવે, કોઇ કૃપાનું દાન આપણને કરે અને એને પોતાની પૂંજી માનીને પોતાની પાસે ન રાખતાં આપણે જગતમાં ઢંઢેરો પીટાવીને, આખા ગામને કહેતાં ફરીએ, એનો અર્થ એમ થાય કે ખેતરની વાડ ખોલી દીધી. વાડ ખોલી કે પશુઓ આવીને ચરી જાય અને આપણે હતા એવા ખાલી થઇ જઇએ. આપણે બીજને સાચવી શકતાં નથી એટલે કે વસ્તુ આપણને મળે તો છે પણ એને જીવનમાં દૃઢ કરી શકતાં નથી.

બીજ મોટું વૃક્ષ થાય અને એકવાર દૃઢ થઇ જાય પછી જેને પશુઓથી બચાવવું પડતુ હતું, એ જ વૃક્ષની નીચે આશ્રય લેવા બધા પશુઓ આવીને સૂઇ જાય છે. આરામ કરે છે.

એટલા માટે ગોપાલદાસજી કહે છે કે હે પ્રભુ, હું આપનાથી દૂર ગયો, વિમુખ થયો પણ પ્રભુને વરસવાનું મન થયું અને મને ભાઇલા કોઠારી જેવા

ભગવદીયનો સંગ મળ્યો. એમની સાથે સંબંધ થવાને કારણે મારાથી વિખુટા પડેલા પ્રભુ શ્રી ગુસાંઇજી સ્વરૂપે મને મળ્યા, તેથી કહ્યું:

તે પ્રગટ્યાનું કારણ કહીએ, જો સુરતા મન આણો,
કરો કૃપા હું કરું વિનંતી, પોતાનો કરી જાણો.

હે પ્રભુ, મને પોતાનો જાણીને એવી કૃપા કરો કે આપના પ્રાગટ્યના મૂળ હેતુને વર્ણવી શકે એવી વાણી મને મળે. એ કારણને જોઇ શકે એવી દૃષ્ટિ મને મળે અને હે પ્રભુ, આપની લીલાને પામી શકે એવી ઇન્દ્રિયો મારી શુદ્ધ થાય, જો સુરતા મન આણો. મને એની સ્મૃતિ થઇ આવે કે જે ગત જન્મમાં આપે મને અનુભવ કરાવ્યો હતો. આવી વિનંતી ગોપાલદાસજીએ કરી. અર્જુને વિનંતી કરી અને પ્રભુએ જેમ એને દિવ્ય દૃષ્ટિ આપી, દિવ્ય દૃષ્ટિ આપતાની સાથે અર્જુનને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થયું, એમ આ પંક્તિનું ગાન કરતાંની સાથે શ્રી ગુસાંઇજીએ કૃપા કરીને ગોપાલદાસજીને દિવ્ય દૃષ્ટિ આપી. દિવ્ય દૃષ્ટિ મળતાં જ તેમને અક્ષરબ્રહ્મનાં દર્શન થયાં.

અક્ષરબ્રહ્મનાં દર્શન થયાં, ત્યાં શું જોયું? અનેક મોટા મોટા યોગીઓ,મહર્ષિઓ બધાનો લય અક્ષરબ્રહ્મમાં થઇ રહ્યો છે. શ્રી ગુસાંઇજીની દૃષ્ટિમાં એમણે દૃષ્ટિ સ્થિર કરી, અને દૃષ્ટિ દ્વારા શ્રી ગુસાંઇજીએ કૃપાનું એમને દાન કર્યું, તેથી ચોથી કડીમાં કહે છે:

વ્યાપકરૂપ અદ્વૈત બ્રહ્મ જે,
તેજોમય કહેવાય,
આર્યપંથ અધિકારી મુનિજન,
તે માંહે લય થાય... ૪

ગોપાલદાસજીને અક્ષરબ્રહ્મનાં દર્શન થયાં. વ્યાપકરૂપ અદ્વૈત બ્રહ્મ જે તેજોમય કહેવાય, આર્યપંથ અધિકારી મુનીજન તે માંહે લય થાય, અક્ષરબ્રહ્મ કેવું છે? વ્યાપક છે, અદ્વૈત છે, તેજોમય છે. મોટા મોટા જ્ઞાનીઓ તેમાં લય પામે છે. મોટા મોટા જ્ઞાનીઓ જ્યાંથી વિખુટા પડ્યા છે, તે અક્ષરબ્રહ્મમાં જઇને મળે છે, ત્યારે એમને ખબર પડી કે જ્ઞાનીઓનો અધિકાર કેટલો છે. એમનો મોક્ષ ક્યાં છે?

અક્ષરબ્રહ્મ કોને કહેવાય? અક્ષરબ્રહ્મ એટલે પરબ્રહ્મનું નિવાસસ્થાન. પરબ્રહ્મ અક્ષરબ્રહ્મની મધ્યમાં રહે, કોઇક જ જીવ જવલ્લે એવા હોય કે આ મધ્યમાં પહોંચી શકે. બાકી તો અક્ષરબ્રહ્મથી જ પાછા ચાલ્યા જાય. અક્ષરબ્રહ્મમાં જ લય થઇ જાય.

વેદની ઋચાઓમાં એક પુષ્ટિશ્રુતિ અને બીજી મર્યાદાશ્રુતિ- બંને વચ્ચે એકવાર ચર્ચા થઇ. મર્યાદાશ્રુતિએ કહ્યું: 'અક્ષરબ્રહ્મથી પરમ તત્ત્વ કોઇ છે જ નહિ.' પુષ્ટિશ્રુતિ કહે છે: 'ના અક્ષરબ્રહ્મથી પણ પરમતત્વ જરૂર છે.' બંનેએ નક્કી કર્યું કે આપણે પક્ષીનું રૂપ લઇને આકાશમાં ઊડીએ અને જોઇએ કે સૌથી પર તત્ત્વ કયું છે?

બંને ઊડ્યાં, મર્યાદાશ્રુતિ અક્ષરબ્રહ્મ સુધી પહોંચી અને કહેવા લાગી: આ તો વ્યાપક છે, અદ્વૈત છે, આનાથી પર બીજું કંઇ હોઇ જ ન શકે અને 'નેતિ નેતિ' કહીને ત્યાં જ થંભી ગઇ, આનો કોઇ અંત નથી- ન ઈતિ, ન ઈતિ.

પણ પુષ્ટિ શ્રુતિ કહે છે. 'ના, આની અંદર પણ કંઈક હોવું જોઈએ' મર્યાદા શ્રુતિ ત્યાં અટકી ગઈ પણ પુષ્ટિશ્રુતિ આગળ વધતાં વધતાં અંદર

ગઈ તો પ્રભુએ એને પોતાના દિવ્ય ગોલોકધામનાં દર્શન કરાવ્યાં ત્યાં એણે શું જોયું?

સુંદર શ્રી યમુનાજી વહી રહ્યાં છે. ત્યાં ઘણી સુંદર ગોપીઓ જળ ભરવા માટે આવી છે. ઘડો ભરીને જવા લાગી, ત્યાં ક્યાંકથી પ્રભુ પધાર્યા. કોઈકની મટકી ફોડી, કોઈની ગાગર ઢોળી, કોઈની સાડીનો છેડો પકડ્યો. પુષ્ટિશ્રુતિ ઊભી ઊભી દર્શન કરે છે. આ તો પ્રભુનું પરમ ધામ છે, જ્યાં પ્રભુ આવી લીલા કરી રહ્યા છે. એ શ્રુતિના મનમાં મનોરથ જાગ્યો કે જેવું સુખ પ્રભુ આ ગોપીઓને આપી રહ્યા છે, એવું સુખ અમને ક્યારે મળે? પ્રભુ એની પાસે પધાર્યા. કહે છે : 'પુષ્ટિશ્રુતિ, હું તમારા ઉપર બહુ પ્રસન્ન છું, એટલા માટે નહિ કે તમને મારાં દર્શન થયાં, એટલા માટે નહિ કે તમે મારી પાસે આવ્યાં, પણ એટલા માટે કે આજે તમને મારી ગોપીઓનાં દર્શન થયાં, માટે હું પ્રસન્ન છું. આજે તમે જે માગો તે આપું. બોલો, તમારે શું જોઈએ?'

પુષ્ટિશ્રુતિ કહે : 'પ્રભુ, બીજું તો કંઈ ન જોઈએ, પણ જ્યારે ગોપીઓના ઉપર આપને કૃપા કરતા જોયા, ત્યારે મનમાં એક જ ભાવ જાગે છે કે જેવી કૃપા આપે આ ગોપીઓ ઉપર કરી, તેવી કૃપા આપ મારા ઉપર કરો.'

આ વિનંતી પ્રભુને ન ગમી. કહે છે : 'હે પુષ્ટિશ્રુતિ, જો તમે એમ માગ્યું હોત કે આ ગોપીઓની ચરણધૂલિ મને મળે, તો હું મારી જાતને પણ તમને આપતાં અચકાત નહિ, પણ તમે ગોપીઓનાં સમાન સૌભાગ્ય માગ્યું, મારે માટે એમના સમાન કોઈ નથી, તમે એમના સમાન સૌભાગ્ય માગ્યું માટે તમને એક જન્મનો અંતરાય પડશે.'

એ શ્રુતિરૂપા ગોપીજનો પાછાં સારસ્વત કલ્પની લીલામાં આવ્યાં. એમ કહેવાય કે જે સાધનદશાના જીવો છે, જે મોટા મોટા યોગીઓ છે, એમની ગતિ ક્યાં સુધી? અક્ષરબ્રહ્મ સુધી. એ ત્યાં આવીને અટકી જાય અને કહે કે એનાથી પર કોઈ તત્ત્વ નથી, આનાથી પર કોઈ તત્ત્વ હોઈ જ ન શકે, પણ જે પુષ્ટિજીવો છે એમની ગતિ એનાથી પર એવા પરબ્રહ્મ સુધી છે. તો જ એ પામી શકાય. તેથી જ કહેવાય કે મર્યાદા જીવોનો મોક્ષ શું? તો અક્ષર બ્રહ્મની અંદર લય થઈ જવો એ એમનો મોક્ષ, પણ પુષ્ટિ જીવોનો મોક્ષ શું? શ્રી મહાપ્રભુજીએ કૃપા કરી જે સ્વરૂપ આપણા ઘરે પધરાવ્યું છે તેમની સેવા કરતાં કરતાં એમનામાં તદ્રુપ થઈ જઈએ એ આપણા વૈષ્ણવોનો મોક્ષ છે, માટે જ ભક્તો કહે છે કે અમારે તો મોક્ષ ન જોઈએ. એવી કૃપા કરો કે વારે વારે જન્મ મળે. આપની સેવા મળે. આપની સેવા માટે અમને આ એક જન્મ ઘણો ઓછો લાગે છે.

હું મારા પ્રવચનમાં વારે વારે એક વાત ખાસ કહું છું કે પુષ્ટિજીવો કોણ છે? જેને શ્રી ઠાકોરજીએ પોતાના હૃદયથી લગાવ્યા છે. એને કોઈ મોક્ષ આપવા જાય તો એને ગમે? કોઈ વ્યક્તિ પોતાના પ્રિયતમના હૃદયથી લાગેલી હોય અને કોઈ બીજી વ્યક્તિ એને આવીને કહે કે તને હું મોક્ષ આપું છું, ચાલ. તો એને ગમે? તો પુષ્ટિજીવ એ છે કે જેમને પ્રભુએ પોતાના હૃદયથી લગાવ્યા છે. તો પ્રીતમના જે પ્યારા હોય એમને દૂર જવું ક્યાંથી ગમે? એને તો પ્રભુની સાથે જીવનભર બંધાવું ગમે.

એટલા માટે કવિને અક્ષરબ્રહ્મનાં દર્શન થયાં, પણ મનમાં સંતોષ ન થયો. જે લીલાનો અનુભવ

પોતે કરવા માગે છે, જે લીલાનું દર્શન પોતે કરવા માગે છે, એની હજી અનુભૂતિ થઈ નથી.

અનેક પ્રકારના જીવો બનાવ્યા, એમાં કહ્યું કે અક્ષરબ્રહ્મ સુધી ગતિ કોની? સાધારણ જીવોની. વર્ણોમાં કોણ શ્રેષ્ઠ? તો કહેવાય કે બ્રાહ્મણ શ્રેષ્ઠ. બ્રાહ્મણથી પણ કોણ શ્રેષ્ઠ? તો નામધારી વૈષ્ણવ, એનાથી પણ શ્રેષ્ઠ કોણ? તો કહે સમર્પિત વૈષ્ણવ હોય એ શ્રેષ્ઠ. એનાથી શ્રેષ્ઠ કોણ? તો કહે કે જે મર્યાદી વૈષ્ણવ હોય તે. એનાથી પણ શ્રેષ્ઠ કોણ? તો કહેવાય કે જે પ્રેમી ભક્ત છે તે. પ્રેમી ભક્ત કોને કહેવાય? જેની આસકિત હરિ–ગુરુ–વૈષ્ણવમાં હોય. આ ત્રણેની કૃપા જેના ઉપર હોય એ શ્રેષ્ઠ છે અને એનો અધિકાર આ અક્ષરબ્રહ્મથી પણ પર એવા પરબ્રહ્મ સુધી છે.

વેણીદાસ માધવદાસ શ્રીગુસાંઈજીના દર્શન કરવા આવ્યા. તેમણે આપશ્રીનાં વચનામૃત શ્રવણ કર્યાં, શ્રવણ કરતાં મનમાં ભાવ જાગ્યો કે જેની તલાશ આટલાં વર્ષોથી હતી, આજે એનાં દર્શન થયાં, એનાં વચનામૃત સાંભળ્યાં. વિનંતી કરી : 'અમને શરણે લો.' જેની કૃપાથી આ જીવ સનાથ થવાનો છે, એનાં દર્શન થતાં જ આવી વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ એમને બ્રહ્મસંબંધ આપ્યાં.

'કૃપાનાથ હવે અમારું કર્તવ્ય શું?'

'તમે બંને શ્રીઠાકોરજીની સેવા કરી એમને પ્રસન્ન કરો એ જ તમારું કર્તવ્ય છે.'

'કૃપાનાથ, પ્રભુની સેવા કરવાની આપે આજ્ઞા કરી, તો એ અમે ચોક્કસ કરીશું, પણ અમારી એક શરત છે. અમે પ્રભુની સેવા ત્યારે કરીએ જ્યારે પ્રભુ અમારી પાસેથી માગી માગીને લે. અમને કંઈ આજ્ઞા કરે, તો અમે સેવા કરીએ.'

'તમે ભાવથી સેવા કરો, શ્રીઠાકોરજી જરૂર કૃપા કરશે.'

બંને ભાઈ ઘેર આવ્યા. શ્રીઠાકોરજી પધરાવ્યા. સેવા કરવા લાગ્યા. બંને ભાઈ વહેલા ઊઠી જતા. એક ભાઈ શ્રીઠાકોરજીને જગાવે, બીજો ભાઈ સામગ્રી કરે. શ્રીઠાકોરજીની ખૂબ ટહેલ કરે. રાજભોગ સુધીનો ક્રમ પહોંચી બંને ભાઈ મંદિરમાં દર્શન કરવા જાય. પાછા ફરતા બે વૈષ્ણવને આમંત્રણ આપીને આવે કે આજે મારે ઘેર પ્રસાદ લેવા આવજો. આવનાર બંને વૈષ્ણવને પ્રસાદ લેવડાવે અને પછી પોતે પ્રસાદ લે. આવો એમનો નિત્યનો નિયમ.

એટલા પ્રેમથી સેવા કરે કે એમની સેવાથી શ્રીઠાકોરજી પ્રસન્ન થયા. આજ્ઞા કરી : 'માધવદાસ, હું તમારા બંને ભાઈ ઉપર બહુ પ્રસન્ન છું. બતાવો, તમને શું જોઈએ?'

'કૃપાનાથ, ગુરુએ કૃપા કરી અને આપની સેવા મળી, આપ અમારાથી પ્રસન્ન છો, હવે બીજું અમારે શું જોઈએ? સૌથી મોટું કંઈ હોય તો તે અમારા પ્રભુની પ્રસન્નતા છે. અમારી કાલીઘેલી ટહેલથી અમે તો આપને શ્રમ જ આપીએ છીએ. પણ અમારા શ્રમને પણ પ્રભુ, આપે સેવા માની અને આપ પ્રસન્ન થયા, એનાથી વધીને અમને શું જોઈએ?'

પ્રભુ કહે : 'ના, પણ હું આજે બહુ પ્રસન્ન થયો છું. તમે કંઈપણ માગો'. 'કૃપાનાથ, અમારે હવે માગવાનું કંઈ બાકી રહ્યું નથી. અમારા ગુરુ પ્રસન્ન છે, આપ પ્રસન્ન છો, પછી અમારે શું જોઈએ?

પણ છતાં પ્રભુ આપ માગવાનું કહો છો. આજ્ઞા કરો છો તો એક વસ્તુ જરૂર જોઈએ છે. આપ એવી કૃપા કરો કે અમને શ્રીગુસાંઈજીની સેવા મળે.' પ્રભુ પાસે શ્રીગુસાંઈજીની સેવા માગી, તેથી પ્રભુ પ્રસન્ન થયા. આજ્ઞા કરી : 'તમારા બંને ભાઈઓ ઉપર હું પ્રસન્ન છું તમને પુષ્ટિભક્તિ ફલિત થઈ છે. બંને જણ જાઓ. હું આશીર્વાદ આપું છું. તમે શ્રી ગુસાંઈજીની સેવા કરો.'

બંને ભાઈઓ શ્રી ગુસાંઈજી પાસે આવ્યા. દંડવત્ પ્રણામ કરીને બેઠા. શ્રીગુસાંઈજી પૂછે છે : 'તમને શ્રીઠાકોરજી કાંઈ અનુભવ કરાવે છે?'

'હા કૃપાનાથ, આપની કૃપાથી અનુભવ કરાવ્યો.'

'શું કહ્યું?'

'માગવાનું કહ્યું.'

'શું માગ્યું?'

'આપની સેવા માગી. હવે આપ આજ્ઞા કરો.'

'ફૂલઘરની-પાનઘરની સેવા કરો'

'ના, અમે તો આપની સેવા કરવા આવ્યા છીએ.' બંને ભાઈઓ સેવામાં રહી ગયા. શ્રીગુસાંઈજી જાગે એ પહેલાં જાગી જાય છે, આપની સંધ્યાવંદનની તૈયારી કરે છે. આખો દિવસ શ્રીગુસાંઈજીની સેવામાં રહે છે. એટલી બધી ટહેલ કરે કે ન પૂછો વાત. એમના ભોજનની, જલપાનની બધી ચિંતા કરે છે. એક ક્ષણ માટે પણ શ્રીગુસાંઈજીને છોડીને ક્યાંય ન જાય. એમની ટહેલથી શ્રીગુસાંઈજી પણ પ્રસન્ન થયા. એક દિવસ આપે આજ્ઞા કરી : 'તમારા બંને ભાઈઓ ઉપર હું બહુ પ્રસન્ન થયો છું. તમારે જે જોઈએ તે માગો. બતાવો, તમને શું જોઈએ છે?'

'કૃપાનાથ, આજે અમારું જીવન ધન્ય બની ગયું. અમારા પ્રભુ પ્રસન્ન થયા, અમારા ગુરુ પ્રસન્ન થયા, હવે અમારે શું બાકી રહ્યું?'

'ના, પણ હું કહું છું. તમે જરૂર કંઈક માગો.'

'પ્રભુ, એક ઈચ્છા જરૂર છે. આપે કૃપા કરી તો પ્રભુજીની સેવા મળી. પ્રભુએ કૃપા કરી તો ગુરુની સેવા મળી. હવે આપ કૃપા કરો કે અમને વૈષ્ણવની સેવા મળે.'

શ્રીગુસાંઈજીએ આ સાંભળતાની સાથે બંનેને પોતાના હૃદયથી લગાવ્યા. આજ્ઞા કરી : 'તમે બંને ભાઈ ધન્ય છો. તમને પુષ્ટિ ભક્તિ ફલિત થઈ છે. હરિ-ગુરુ-વૈષ્ણવ ત્રણેની ટહેલનું સુખ મળે, ત્રણેમાં પ્રીતિ જાગે ત્યારે આપણું વૈષ્ણવી જીવન સાર્થક થયું કહેવાય.'

હવે આગળ અક્ષરબ્રહ્મનું વર્ણન કરતાં ગોપાલદાસજી પાંચમી કડીમાં કહી રહ્યા છે.

અક્ષર આદિ અખંડ અનુપમ,
ઉપમા કહી નવ જાય.
અસ્તિ વસ્તુ સહુ કો મળી બોલે,
નિગમ નેતિ નેતિ ગાય...૫

પાંચમી કડીમાં અક્ષરબ્રહ્મનું વિશેષ વર્ણન કરતાં કહે છે કે અક્ષરબ્રહ્મ કેવું છે. અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ એટલે શું? પરબ્રહ્મ એટલે સૂર્ય અને અક્ષરબ્રહ્મ એટલે એનો જ પ્રકાશ.

અક્ષર એટલે જેનો ક્યારે પણ ક્ષય ન થાય. જે અનાદિ છે, અખંડ એટલે કે જેના કોઈ વિભાગ

નથી. અનુપમ એટલે કે જેને કોઈ ઉપમા ન આપી શકાય તેવું છે. કદાચ ઉપમા આપવાનું મન ગોપાલદાસજીને નથી, કારણ કે એમની દૃષ્ટિ, એમની ઈચ્છા, એમનો મનોરથ તો પરબ્રહ્મનાં દર્શનનો છે. તેથી કહે છે. અક્ષર આદિ અખંડ અનુપમ, ઉપમા કહી નવ જાય. અસ્તિ વસ્તુ સહુ કો મળી બોલે નિગમ નેતિ નેતિ ગાય.

અસ્તિ વસ્તુ એટલે કે સ્થાયી વસ્તુ, નિગમ એટલે કે વેદ. વેદ પણ જ્યારે નેતિ નેતિ એટલે કે આનું વર્ણન ન થઈ શકે, એમ કહેતા હોય ત્યારે હું એનું વર્ણન કેવી રીતે કરી શકું? જ્યારે આપણી ઈચ્છા ન હોય ત્યારે આપણે પોતાની અસમર્થતા બતાવીને ત્યાં વાતને અટકાવી દઈએ. ગોપાલદાસજીની રૂચિ તો એ પરબ્રહ્મનું દર્શન કરવાની છે, પરબ્રહ્મના લીલાસ્થાનનાં દર્શન કરવાની છે. માટે રૂચિ આમાં ન હોવા છતાં કહે છે કે અસ્તિ વસ્તુ સહુ કો મળી બોલે, નિગમ નેતિ નેતિ ગાય. જેનું વર્ણન વેદો કરી શકતા નથી, તેનું વર્ણન હું ક્યાંથી કરું?

વળી કહે છે કે વર્ણન કરવાની ઈચ્છા થાય તો પણ વર્ણન કેવી રીતે કરું? વર્ણન કરવું તો હોય પણ એનું સ્વરૂપ એવું છે કે વર્ણન થાય નહિ. એનું કારણ આગળ છઠ્ઠી કડીમાં કહે છે.

નિર્ગુણનો નિર્દેશ અટપટો
રસના શી પેર કહિએ.
રૂપ, વર્ણ, વપુ, દૃષ્ટ પદારથ,
ત્યાં એકો નવ લહિએ...૬

જો એ નિરાકારનું વર્ણન કરું તો કેવી રીતે કરું? જેને નેત્રોથી જોઈ શકાતું નથી, જેને અનુભવી શકાતું નથી, જેને સ્પર્શ થઈ શકતો નથી, એનું વર્ણન કેવી રીતે કરવું? વર્ણન કરવા માટે નેત્રોને કોઈ વિષય જોઈએ. આ નેત્રોની સામે એને કોઈ ખેંચનાર વિષય દેખાય તો આ નેત્ર અટકે. આ મનને પણ ભટકતું અટકાવનાર કોઈક રૂપ દેખાય તો મન પણ અટકે. એના વિના ભટક્યા કરે. તીર મારવું હોય તો કોઈ નિશાન તો જોઈએને? કંઈ દેખાતું ન હોય તો તીર મારવું ક્યાં? જેની અંદર કોઈ આકાર નથી, રૂપ નથી, ગુણ નથી તો વર્ણન શાનું કરવું? તેથી કહ્યું કે મારી જીભથી આ અટપટા નિર્દેશવાળા, નિગુર્ણનું વર્ણન કેવી રીતે કરું? આમ કહીને અક્ષર બ્રહ્મનું વર્ણન પૂર્ણ કર્યુ. હવે સાતમી કડીમાં અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનો ભેદ બતાવે છે.

તેહ થકી પુરુષોત્તમ અળગા,
લીલા અચળ વિહાર,
બ્રહ્મજ્ઞાની ને મુક્તિમારગી,
સ્વપ્ને નહિ વ્યવહાર...૭

અક્ષરબ્રહ્મનું વર્ણન કરવામાં પોતાની અસમર્થતા બતાવી, હવે પરબ્રહ્મનું વર્ણન કરવાનો પ્રારંભ ગોપાલદાસજી કરે છે. તેહ એટલે કે અક્ષરબ્રહ્મ. અક્ષરબ્રહ્મમાં જે નથી તે બધું પરબ્રહ્મમાં છે એમ કહે છે. અક્ષરબ્રહ્મમાં રૂપ, વર્ણ, વપુ, દૃષ્ટ પદારથ કશું નથી, જ્યારે આ પરબ્રહ્મ તેનાથી અળગા એટલે કે એમાં રૂપ છે, જેને જોઈને નેત્રો લોભાય, એવું વપુ પણ છે જેમાં ગોપીઓનાં મન લોભાયાં, જે જે ત્યાં નથી તે બધું અહીં પ્રભુમાં છે.

ભક્તોના મનનો નિગ્રહ કરવા માટે રૂપ, વર્ણ, વપુ સર્વ છે. જ્યારે ઉદ્ધવજી વ્રજમાં આવ્યા અને કહ્યું કે જુઓ ગોપીઓ, પ્રભુ તો સર્વવ્યાપી છે. એ

તો આ જગતના અણુ અણુમાં રહેલા છે, તો પછી પ્રભુ મથુરા ક્યાંથી ગયા હોય? તેઓ તો અહીં જ છે. એને ન તો આકાર છે, ન તો વપુ છે, ન તો રૂપ છે. એ તો સર્વવ્યાપી છે. ઘટઘટમાં રહેવાવાળા છે.

ગોપીઓ કહે છે 'ઉધ્ધવજી, તમે કહો છે પ્રભુ ઘટઘટમાં રહેવાવાળા છે, એને રૂપ, આકાર, દેહ કશું નથી. ઉધ્ધવજી, તમે એવા પ્રભુને જાણતા હશો, પણ અમે જે પ્રભુને જાણીએ છીએ તે તમારા કરતાં અલગ છે. તમે જે પ્રભુને જાણો છો, જેનું વર્ણન કરો છો, એની પાસે હાથ નથી, પગ નથી. ઉધ્ધવજી, જો એ પ્રભુ પાસે હાથ ન હોય તો જ્યારે અમે દહીં વેચવા જતા અને વ્રજની ગલીઓમાંથી આવીને અમારી સાડીનો છેડો પકડતા. એ હાથ કોના હતા? સાકારના કે નિરાકારના?

'હે ઉધ્ધવજી, તમે એ પ્રભુને જાણતા હશો જેની પાસે ન તો હાથ છે, ન પગ છે. જે કાંઈ કરતો નથી. સાક્ષીરૂપે રહે છે, પણ અમે તો એવા પ્રભુને જાણીએ છીએ જે કાંઈ કરવા દેતા નથી. જ્યાં જઈએ ત્યાં સામે આવી જાય. જીત જાઉં તિત આડોઈ આવે, બિના બુલાયો બોલે.

એટલા માટે કહે છે કે અક્ષરબ્રહ્મ પાસે રૂપ નથી પણ અહીંયા તો પ્રભુનું સ્વરૂપ છે. પ્રહસિતાનનં પ્રેમવીક્ષણં. પ્રભુનું સ્વરૂપ એવું છે કે પ્રભુનાં નેત્રો જોઈએ ત્યારે મીનનો ચટપટાટ પણ ફીકો લાગે, પ્રભુનું હાસ્ય જોઈએ ત્યારે એ દર્શન કરતાં કોટિ કોટિ કામદેવના સ્વરૂપને પણ ન્યોછાવર કરવાનું મન થાય, એવું આપનું હાસ્ય છે.

મોટાં મોટાં શાસ્ત્રો ભણીને ન મળે એવું ફળ એ પ્રભુનાં દર્શન કરીને મળી જાય. પ્રભુનો વર્ણ કેવો છે? ત્રિભુવન કમનં તમાલવર્ણમ્ - ત્રણે ભુવનમાં કમનીય સ્વરૂપ એમનું છે. તમાલ વર્ણના છે, પ્રભુનું વપુ કેવું છે? નટવરવપુ - પ્રભુ નટવત્ પણ છે, પ્રભુ વરવત્ પણ છે. પ્રભુ નટવત્ બનીને ભક્તોના મનનું આકર્ષણ કરે છે, જ્યારે ભક્તો સન્મુખ આવે ત્યારે વરવત્ બની એનું વરણ પણ કરે છે. અમારું મન તો આવા સ્વરૂપમાં ખેંચાયું છે. એટલા માટે તો ભક્તો પ્રભુનાં દર્શન કરે ત્યારે એમનાં મન લોભાય છે. તેથી ગાય છે કે -

જોતાં હૈયું રે હરખાય, નિરખતાં
લોચનિયાં લલચાય, એવું રૂપ રસિયાનું.

ગોકુળમાં એક કન્યા લગ્ન કરીને આવી છે. યમુનાજીમાં જળ ભરવા જઈ રહી છે. બધી સખીઓએ કહ્યું : 'જો તું જળ ભરવા જાય છે, પણ ધ્યાન રાખીને જજે'

'કેમ?'

'કારણ કે જળ ભરવા જઈશ ત્યાં એક એવો ચોર ઊભો હશે, કે બીજા બધા ચોર તો ચોરી કરીને લૂંટે પણ આ ચોર તો મંદ મંદ સ્મિત કરીને લૂંટી લેશે, માટે જ્યારે તું જળ ભરવા જાય અને એવા કોઈને જુએ તો મહેરબાની કરીને એની સામે દૃષ્ટિ કરતી નહિ. સામે ઊભેલો દેખાય તો લાંબો ઘૂમટો તાણી લેજે. જો તારી દૃષ્ટિ એના પર પડી, પછી તારા હાથમાં તારું કંઈ રહેશે નહિ. જો, એ તો એવો નટખટ છે કે તું દૃષ્ટિ નહિ કરે તો તારી સામે આવીને મીઠી મીઠી બોલી પણ બોલશે. એ જ્યારે મીઠી મીઠી ભાષા બોલે તો તું તારા કાનમાં આંગળી નાખી દેજે. જો એની વાણી સાંભળી તો બાજી તારા હાથમાં રહેશે નહિ.'

એ કહે, 'સખિ, હું તને વચન આપું છું, જ્યારે એ સામે આવશે ત્યારે એની તરફ હું જોઈશ પણ નહિ, બોલવા આવશે ત્યારે હું બોલીશ પણ નહિ.'

વચન આપીને એ જળ ભરવા ગઈ. જેની બીક હતી એ જ થયું. જ્યાં ઘડો ભરીને માથે પધરાવ્યો ત્યાં નંદનંદન શ્યામસુંદર હાસ્ય કરતા સામે ઊભા હતા. એને થયું કે આ એ જ ચોર લાગે છે, જે પાસે આવ્યા વગર બધું ચોરી લે. વગર કહ્યે મન પણ ચોરી લે. તરત ઘડો નીચે મૂક્યો અને લાંબો ઘૂમટો તાણી લીધો. દર્શન કરીશ તો ચોરી થશેને. દર્શન જ નથી કરવાં. ઘૂમટો તાણી લીધો, પણ પ્રભુ પાસે આવ્યા. મીઠાં મીઠાં વચન બોલવા લાગ્યા. ત્યાં પેલી સખીના શબ્દો યાદ આવ્યા અને એણે કાનમાં આંગળી નાખી દીધી. આંખો બંધ અને કાનમાં આંગળી. સાંભળીશ પણ નહિ-જોઈશ પણ નહિ.

પણ હવે મનને કેવી રીતે બંધ કરે? આંખો અને કાન તો બંધ કર્યા. મન ચલાયમાન થયું. મન કહે છે કે લોકો જેનાં દર્શન કરવા દૂરદૂરથી આવે, એ આજે મારાં દર્શન કરવા આવ્યા છે. લોકો જેને દૂર દૂરથી મળવા માટે જાય એ આજે મને મળવા આવ્યા છે. લોકો તો દૂર દૂરથી પ્રભુ પાસે આવે ત્યારે પ્રભુ માટે કંઈક ભેટ લઈને આવે, પણ આજે પ્રભુ મારી પાસે આવ્યા છે, તો હું પ્રભુને શું ભેટ આપું? આપણી સૌથી કીમતી વસ્તુ હોય એ પ્રભુને ભેટ અપાય. આજે મારે માટે સૌથી કીમતી વસ્તુ શું છે? મારી સખીને આપેલું વચન - એની સામે જોઈશ પણ નહિ અને બોલીશ પણ નહિ - એ વચન ભેટ આપી દઉં. એણે એ વચન ઠાકોરજીના ચરણમાં ભેટ ધર્યું.

જ્યાં ઘૂમટો ઊંચો કર્યો અને પ્રભુની દૃષ્ટિ એના પર પડી ત્યાં તો આવી હતી ત્યારે કોઈ ઓર હતી અને પાછી ગઈ ત્યારે કોઈ ઓર હતી ! આંખો ખોવાયેલી હતી. કંઈ ભાન ન હતું. સખી પૂછે છે : 'શું થયું? આવી કેમ થઈને આવી છે? તેં એના દર્શન તો નથી કર્યાને?'

શું કહું સખી, મેં જ્યારે એનાં દર્શન કર્યા, ત્યારે મનમાં એવું લાગ્યું કે-

જોતાં હૈયું રે હરખાય, નિરખતાં લોચનિયાં લલચાય,
એવું રૂપ રસિયાનું.
ભરવા ગઈ'તી પાણી, જોતાં નંદકુંવરને લોભાણી.
જોતાં ધીરજ ખૂટી જાય, એવું રૂપ રસિયાનું...
જોતાં હૈયું રે હરખાય.
પાલવ મારો ઝાલ્યો એના હાથે એ વીંટળાયો.
તોય એને કાંઈ ના કહેવાય, એવું રૂપ રસિયાનું...
જોતાં હૈયું રે હરખાય.
મારી પ્રેમ કટારી તોયે લાગે પ્યારી પ્યારી,
મુખડું મધુર મધુર મલકાય, એવું રૂપ રસિયાનું...
જોતાં હૈયું રે હરખાય.
સાસરિયું ન સોહાયે, મારે પિયર ના રહેવાયે,
મનડું આકુળ-વ્યાકુળ થાય, એવું રૂપ રસિયાનું
જોતાં હૈયું રે હરખાય.
રસિક પ્રિયાને કહેતી હું તો છાની છાની રહેતી.
એવો પ્રેમ પિયુનો વારી જાય, એવું રૂપ રસિયાનું..
જોતાં હૈયું રે હરખાય.

ગોપાલદાસજી કહે છે અમારું મન તો એમાં ખેંચાય, જેને જોતાં હૈયું હરખાય.

જેને નિરખતાં લોચનિયાં પણ લલચાય, જેમાં સુંદર રૂપ હોય, વર્ણ હોય, દષ્ટ પદારથ હોય.

અમારા પુરુષોત્તમનું આવું સુંદર રૂપ છે, વર્ણ છે. સુંદર વપુ છે, એની અંદર બધા દષ્ટ પદાર્થ છે. પ્રભુ પણ છે, લીલા સામગ્રી પણ છે.

કોઈએ કહ્યું : 'તમારા પુષ્ટિ પુરુષોત્તમ આવા છે, તો અમને બતાવો કે એ રહે છે ક્યાં?'

તો હવે ગોપાલદાસજી એ પ્રભુના નિવાસ સ્થાન વ્યાપી વૈકુંઠ, ગોલોકધામનું વર્ણન કરે છે. વૈકુંઠના ત્રણ પ્રકાર છે વૈકુંઠ, રમાવૈકુંઠ અને વ્યાપી વૈકુંઠ. વૈકુંઠ એટલે જેમાં શ્રી ઠાકોરજી શેષ શૈયા પર પોઢ્યા છે. રમા વૈકુંઠ એટલે જેમાં શ્રી ઠાકોરજી શેષશૈયા પર પોઢ્યા છે અને લક્ષ્મીજી આપની ચરણસેવામાં રહે છે, એટલે કે એક લક્ષ્મીજી - એક નારાયણ રહે છે. વ્યાપી વૈકુંઠ એટલે એ કે જેમાં 'લક્ષ્મીસહસ્રલીલાભીઃ સેવ્યમાનં કલાનિધિં'- નારાયણ એક અને હજારો હજારો લક્ષ્મીજીઓ આપની સેવા કરી રહ્યાં છે. લક્ષ્મીસહસ્ર કહ્યું છે - સહસ્ર એટલે હજાર અને સહસ્ર એટલે હજારો. જ્યાં હજારો હજારો લક્ષ્મીજીઓ પ્રભુની સેવા કરી રહ્યાં છે. એ વ્યાપી વૈકુંઠ એટલે ગોલોકધામ, એની અંદર પુષ્ટિ પુરુષોત્તમ બિરાજે છે.

શ્રીગુસાંઈજીની કૃપાથી ગોપાલદાસજીને એ ગોલોકધામનાં દર્શન થયાં. હવે આગળનું વર્ણન જે આવે છે તે આ ભૂતલનું નહિ પણ ગોલોકધામનું વર્ણન છે.

સૌથી પહેલાં એક સુંદર વનનું દર્શન થયું. તેનું વર્ણન કરતાં ગાય છે.

જ્યાં શ્રી વૃંદાવન આદિ અચળ શશિ,
શરદ રૈન બહુ વેશ,
વનદેવી પદ કુમકુમ મુખ સુખ,
પરસે રંગ વિશેષ...૮

આ આઠમી પંક્તિમાં પ્રભુના ગોલોકધામનું વર્ણન ગોપાલદાસજી કરે છે. આ વાણી ગોપાલદાસજીની પણ છે, શ્રીનાથજીની પણ છે અને શ્રીગુસાંઈજીની પણ છે. એમાં જે શબ્દો છે તેના અનેક અર્થો થાય છે, પણ અહીં જાહેરમાં જેટલા કહી શકાય તેટલા કહેવાનો પ્રયત્ન કરીશ.

સૌથી પહેલાં ગોલોકધામમાં તેમને વૃંદાવનનાં દર્શન થયાં. વૃંદાવનમાં શું જોયું?

જ્યાં શ્રી વૃંદાવન આદિ અચળ શશિ, શરદ રેન બહુ વેશ. સૌથી પહેલાં આદિ વૃંદાવનનાં દર્શન થયાં. આ વૃંદાવન કેવું છે? જ્યા અચળ શશિ અને નિત્ય શરદ ઋતુ રહે છે. શરદ પૂર્ણિમાનો જેવો અખંડ ચંદ્રમા હોય એવો અખંડ ચંદ્રમા ત્યાં નિત્ય રહે છે. ક્યારેય આથમતો નથી. આવાં વૃંદાવનનાં દર્શન થયાં. અહીં શરદ ઋતુ અનેક સ્વરૂપોને ધારણ કરીને નિત્ય બિરાજમાન રહે છે.

વૃંદાવનના અનેક અર્થ થાય છે. વૃંદાવનનો એક અર્થ છે શ્રીરાધાજી. વૃંદા એટલે તુલસીજી, વૃંદાનો ત્રીજો અર્થ છે સ્ત્રીજનોનો પરિકર. વૃંદાવનનો ચોથો અર્થ છે ભક્તોનું અંતઃકરણ.

અહીં વૃંદાવનનાં દર્શન કર્યાં એટલે શું જોયું? રાધાજીનાં દર્શન થયાં એવો અર્થ કરી શકાય. તુલસીજીનાં દર્શન થયાં એવો અર્થ કરી શકાય. ગોપીજનોના પરિકરનાં દર્શન કર્યાં એમ પણ

કહેવાય. ભક્તોના અંતઃકરણમાં પ્રભુનાં દર્શન કર્યાં, એ પણ અર્થ થાય.

સૌથી પહેલાં કહ્યું 'જ્યાં શ્રીવૃંદાવન આદિ અચળ શશિ' આ ચંદ્ર એવો છે જે અચલ છે, કદી આથમતો નથી. એટલે અહીં વૃંદાવન એટલે ગોપીઓનો સમૂહ-પરિકર અને આદિ અચલ શશિ એટલે સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્ર.

આ વાણી આધિદૈવિક વાણી છે. સામાન્ય અર્થ એવો થાય કે વૃંદાવનનાં દર્શન કર્યાં અને ચંદ્રમા ઊગેલો હતો, એવો ચંદ્રમા કે જે કદી આથમે નહિ, પણ આ વૃંદાવન એટલે શું? વૃંદાવન એટલે ગોપીજનોનો પરિકર. આ ગોપીજનોના પરિકર રૂપી વૃંદાવનમાં એવો ચંદ્રમા ખીલ્યો છે, જે ક્યારેય આથમતો નથી. એવો ચંદ્રમા છે જે ક્યારેય ઓઝલ થતો નથી. એ ચંદ્રમા એટલે શ્રીકૃષ્ણચંદ્ર. જ્યાં શ્રીવૃંદાવન આદિ અચલ શશિ શરદ રેન બહુ વેશ.

અહીં શરદઋતુ અનેક પ્રકારે વિચરણ કરી રહી છે. એનો મતલબ શું? ભાગવતજીમાં વર્ણન છે કે છ એ ઋતુઓ શ્રી ઠાકોરજીના શ્રીઅંગમાં છે, એમાં શરદઋતુનો વાસ શ્રીઠાકોરજીના નેત્રમાં છે. શ્રીઠાકોરજીના શ્રીઅંગમાં વર્ષાઋતુ, નેત્રમાં શરદ, હાસ્યમાં વસંત, એક ચરણમાં હેમંત, બીજા ચરણમાં શિશિર અને આપના શ્રમજલમાં ગીષ્મ ઋતુ વસે છે. તો અહીં એમ કહ્યું કે જ્યાં શ્રી વૃંદાવન, ગોપીજનોનો સમૂહ છે, આદિ અચલ શશિ સ્વરૂપે શ્રીઠાકોરજી બિરાજમાન છે અને શરદ રેન બહુ વેશ-શરદઋતુ શ્રીઠાકોરજીનાં નેત્રોમાં છે અને નેત્રોથી પ્રભુ અલગ અલગ પ્રકારે એ ગોપીજનોનાં મુખનાં દર્શન કરી રહ્યા છે.

ગોપીજનોના પરિકરમાં રહીને શ્રીઠાકોરજી એક એક ગોપીજનોનાં મુખનાં દર્શન કરે છે, ત્યારે એ ગોપીઓનાં મુખ તે માનો ચંદ્રમા, પ્રભુનાં નેત્ર માનો ચકોર. આમતો ચંદ્રમા એક અને દર્શન કરવાવાળા ચકોર અનેક હોય પણ આજે ગોપીઓના મુખરૂપી ચંદ્રમા અનેક અને દર્શન કરવાવાળા ચકોર એક!

આમ આ પંક્તિના અર્થ અનેક થાય. ચાર દિવસ સુધી આ એક પંક્તિ સમજાવી શકાય એટલા પ્રકારે આ પંક્તિના અર્થ છે. ગોલોકધામની લીલાનું વર્ણન છે. માટે સમયની મર્યાદામાં રહીને અર્થ પ્રકટ થઈ શકે તેટલા કરું છું. જ્યાં શ્રીવૃંદાવન આદિ અચલ શશિ, શરદ રેન બહુ વેશ. વનદેવી પદ કુમકુમ મુખ સુખ પરસે રંગ વિશેષ.

શ્રીઠાકોરજી ગોપીઓની મધ્યમાં બિરાજીને રાસ કરી રહ્યા છે. રાસ કરતાં કરતાં જ્યારે પ્રભુ થોડા શ્રમિત થયા ત્યારે ત્યાં શ્રીગિરિરાજજીની કંદરામાં બિરાજ્યા. શ્રીસ્વામિનીજીએ વિનંતી કરી કે પ્રભુ, આપના શ્રી ચરણારવિંદ અમારા હૃદય ઉપર અને અમારા મસ્તક ઉપર પધરાવો. શ્રીઠાકોરજીએ ચરણારવિંદ પધરાવ્યા. ત્યારે શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં શ્રીરાધાજીએ મસ્તક ઉપર ધારણ કરેલું કુમકુમ અને હૃદયમાં ધારણ કરેલ કેસર-કસ્તુરી લાગી ગયાં. શ્રીઠાકોરજી જ્યારે ત્યાંથી પધાર્યા ત્યારે આપના ચરણારવિંદમાં લાગેલાં એ કેસર કસ્તુરી ત્યાંના લીલા લીલા ઘાસમાં લાગી ગયાં. આ જોઈને વૃંદાવનની વનદેવીઓ ત્યાં આવી કહે છે કે આપણને આ કુમકુમ કેસરથી સૌભાગ્ય મળશે, કારણકે આ એ કુમકુમ છે, જે શ્રી સ્વામિનીજી

પોતાના મસ્તક ઉપર લગાવે છે. આ એ કેસર છે જે શ્રી સ્વામિનીજીએ હૃદય ઉપર ધારણ કરેલું છે. વળી આને શ્રીઠાકોરજીના ચરણારવિંદનો પણ સંબંધ છે. વનદેવીઓએ એ કુમકુમ-કેસર લઈને પોતાના મુખમાં પધરાવ્યું. એ સાથે જ વનદેવીઓને સ્વામિનીજી અને ગોપીજનો સમાન સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેથી ગાયું : વનદેવી પદ કુમકુમ મુખ સુખ પરસે રંગ વિશેષ.

આ પંક્તિઓનો તમે જેટલી વાર વિચાર કરશો, તેટલી વાર અલગ અલગ અર્થ સ્ફુરિત થશે, કારણ આ પંક્તિઓનો મૂળ અર્થ તો જેણે જોયું છે, અને જેનું છે એ જાણે છે. કોનું છે? પ્રભુનું. કોણે જોયું? ગોપાલદાસજીએ. તો જેણે જોયું હોય અને જેનું હોય એ જ જાણતા હોય.

આમાં પ્રભુની, ભકતની અને આચાર્યની એમ ત્રણેની વાણી છે. તેથી એનું ગાન કરતાં કરતાં કદાચ શ્રીગુસાંઈજીની કૃપા થાય અને અનુભવ થઈ જાય, કદાચ ભગવદીયની કૃપા થાય અને અનુભવ થઈ જાય, પ્રભુ કૃપા કરે તો એમના દિવ્ય ધામની ઝાંખી થાય. મૂળ અર્થ સ્ફુરિત થાય, એટલા માટે જ વલ્લભાખ્યાનનું ગાન કરવાનું વારંવાર કહું છું. હું અર્થ કરું મર્યાદામાં રહીને, પણ જો જોડે ગાશો તો કદાચ પામી જશો. એમની કૃપાથી નવા નવા અર્થો હૃદયમાં સ્ફુરિત થઈ જશે. વર્ણન થઈ રહ્યું છે એનો થોડો પરિચય મળી જશે. ઝાંખી થઈ જશે. જેનું વર્ણન ન કરી શકાય એને કદાચ અનુભવથી પામી જશો.

વૃંદાવનનાં દર્શન કર્યા પછી અંદર દૃષ્ટિ ગઈ અને જોયું તો ત્યાં શ્રીયમુનાજી વહી રહ્યાં છે. એનું વર્ણન કરતાં ગોપાલદાસજી નવમી પંક્તિમાં ગાય છે.

જ્યાં સરિતા ચામીકર મણિગણ,
ઉભય બદ્ધ સોપાન.
કમલ કુમુદ નાના અલિ સુંદર,
મધુપ કરે ત્યાં ગાન...૯

વૃંદાવનનાં દર્શન કર્યાં. રાસનાં દર્શન કર્યાં. હવે જેમની કૃપાથી ગોપીજનોને રાસનું મુખ મળ્યું, પ્રભુની કૃપાના અધિકારી બન્યાં, એનાં દર્શન થયાં. શ્રીયમુનાજીનાં દર્શન થયાં. પ્રભુ જ્યારે રાસમાંથી અંતર્ધાન થયા, ગોપીજનો શોધતાં શ્રીયમુનાજીના તટ ઉપર આવ્યાં, અહીં ગોપીગીત ગાયું અને ત્યાં શ્રી ઠાકોરજીને પામ્યાં.

શ્રીયમુનાજીનું સ્વરૂપ ગોલોકધામમાં કેવું છે તેનું વર્ણન કરતાં કહે છે કે સુવર્ણના રત્નજડિત ઘાટ છે. હીરા, માણેક, રત્નોથી જડેલા એ ઘાટ છે. એની મધ્યમાં શ્રીયમુનાજી વહી રહ્યાં છે.

શ્રી યમુનાજીનું સ્વરૂપ પણ આવું જ છે ને? બાદશાહે શ્રીગુસાંઈજીને પ્રસન્ન કરવા એક મણિ ભેટ ધર્યો. કહ્યુંઃ અણમોલ છે આ મણિ. શ્રીગુસાંઈજીએ પૂછ્યું : 'તમે મને આ મણિ આપી દીધો?'

'હા, આપી દીધો' ફરી પૂછ્યું. ત્રીજી વાર પૂછ્યું. ત્રણેવાર હા કહી એટલે શ્રીગુસાંઈજીએ તે મણિ શ્રીયમુનાજીમાં પધરાવી દીધો. બાદશાહને આ ન ગમ્યું. કહે છે : 'મેં આટલા ભાવથી આપને મણિ ભેટ કર્યો અને આપે તેને રાખ્યો નહિ? જળમાં પધરાવી દીધો?'

શ્રીગુસાંઈજીને થયું કે આ બાદશાહને શ્રીયમુનાજીના સ્વરૂપનો પરિચય કરાવું. જળમાં શ્રીહસ્ત નાખીને પેલા મણિ કરતાં પણ અનેકગણા કીમતી મણિ બહાર કાઢીને પૂછ્યું : 'બતાવો, આમાંથી તમારો મણિ કયો છે?' જોયું તો એકએકથી ચડિયાતા મણિ હતા. ત્યારે બાદશાહને શ્રીયમુનાજીનું સ્વરૂપ સમજાયું. શ્રીયમુનાજીની રજ એક એક મણિ છે.

અહીં કવિએ રાસનું વર્ણન કરીને તરત શ્રીયમુનાજીનું વર્ણન કર્યું. પહેલાં મંઝિલ બતાવી. પછી ત્યાં પહોંચવાની સીડી પણ બતાવી, મંઝિલ એટલે રાસ અને સીડી-નિસરણી શ્રીયમુનાજી.

શ્રીયમુનાજીનો સ્વભાવ એવો છે કે જ્યારે આપણે એકવાર અહીં ભૂતળ ઉપર આપણા મુખથી શ્રીયમુનાજીનું નામ લઈએ, એ જ વખતે ગોલોકધામની અંદર શ્રીયમુનાજીના મુખથી આપણું નામ નીકળવા લાગે છે અને જ્યાં જીવે શ્રીયમુનાજીનું નામ લીધું, શ્રીયમુનાજી વિચાર કરે કે આ તો એ જીવ છે, જે પ્રભુથી વિખૂટો પડ્યો છે, જેને મારા પ્રભુ ભૂલી ગયા છે. હું શું કરું કે જીવ ફરી પ્રભુના શરણે જાય. શ્રીયમુનાજી તરત જ શ્રીઠાકોરજીની નિકુંજની બહાર ઊભાં રહી જાય. તે વખતે જીવના મુખથી શ્રીયમુનાજીનું નામ નીકળે અને તરત જ શ્રીયમુનાજીના મુખથી એ જીવનું નામ નીકળે. એ જ વખતે શ્રીસ્વામિનીજી પોતાની નિકુંજમાંથી નીકળી શ્રીઠાકોરજીની નિકુંજમાં જતાં હોય, ત્યારે એ નામ એમના કર્ણમાં પડે, સ્વામિનીજી ભીતર જઈ પ્રભુને યાદ કરાવે, ત્યારે એ જીવનું બ્રહ્મસંબંધ ભૂતળમાં થાય.

આપણને લાગે કે બ્રહ્મસંબંધ લેવા ગયા અને બ્રહ્મસંબંધ થઈ ગયું. એમતેમ બ્રહ્મસંબંધ ન થાય. જાણે - અજાણે ક્યારેક તો આપણા મુખથી શ્રીયમુનાજીનું નામ નીકળ્યું હશે. વળી જો જ્યારે આપણું નામ શ્રીયમુનાજીના મુખથી નીકળતાં શ્રીસ્વામિનીજી એ સાંભળીને મંદ મંદ મુસકાય તો સમજી લેવું કે આ જ દેહથી, આ જ નેત્રોથી આપણને પ્રગટ લીલાનાં દર્શન થઈ જશે. જો એ સમયે શ્રીસ્વામિનીજી નેત્રકટાક્ષ કરે તો સમજી લો કે આપણો સદેહે ભગવદ્‌લીલામાં પ્રવેશ થઈ જશે. શ્રીયમુનાજીનું નામ આપણે લઈ તો લઈએ છીએ, પણ એ નામનો મહિમા આપણે જાણતા નથી.

આપણે શ્રીયમુનાજીનું નામ લઈએ, પછી શ્રીયમુનાજી આપણે માટે કેટલો શ્રમ લે છે, એ આપણને ખબર નથી. જ્યારે જીવને બ્રહ્મસંબંધ થયું ત્યારે આપણું નામ ત્યાં લેવાયું હશે.

આગળ કહે છે : કમલ, કુમુદ નાના અલિ સુંદર મધુપ કરે ત્યાં ગાન. ગોપાલદાસજી શ્રીયમુનાજીમાં બે વસ્તુ જુએ છે : કમલ અને કુમુદ- કમલ દિવસે ઊગે અને કુમુદ રાત્રિએ ઊગે. શ્રીયમુનાજીનું જલ તો વહેતું હોય. વહેતા જલમાં કદી કમલ ખીલે નહિ. બંધિયાર જળ હોય એમાં કમળ ખીલે. કુમુદિની પણ એમાં જ ખીલે. અહીં તો શ્રીયમુનાજી વહી રહ્યાં છે, છતાં ગોપાલદાસજી કમલ અને કુમુદનાં દર્શન કરે છે. કુમુદ સફેદ હોય, કમળ લાલ હોય. તો આ બંનેનાં દર્શન એકસાથે કેવી રીતે થયાં? એનું કારણ એ છે કે આ શ્રીયમુનાજીનો તટ, એ તટ છે જ્યાં શ્રીઠાકોરજી નિત્ય રાસ કરે છે. તે સમયે શ્રીયમુનાજીના જળમાં

અનેક સફેદ કમળ ખીલી જાય છે. શ્રીગુસાંઈજી કહે છે કે આ હજારો કુમુદ ખીલે એ બીજું કાંઈ નહિ પણ શ્રીયમુનાજીનાં નેત્રો છે.

શ્રીયમુનાજી વિચારે છે કે આ પ્રભુનાં દર્શન માટે મને બે નેત્રો બહુ ઓછાં લાગે છે, તેથી પ્રભુ જ્યારે એમના તટ ઉપર રાસ કરે, ત્યારે તેઓ અનેક નેત્રો ધારણ કરે છે, જેથી પ્રભુ ઉપર અને બધાં ગોપીજનો ઉપર તેમની દૃષ્ટિ રહે. અનેક નેત્ર ધારણ કરી આખી રાત્રિ શ્રીયમુનાજી પ્રભુનાં રાસનાં દર્શન કરે છે. આખી રાત આપ પ્રભુના રાસનાં દર્શન કરતાં રહે તેથી એ નેત્ર લાલ થાય છે અને લાલ રંગના કમળ ખીલે છે. આમ લાલ કમળ એ શ્રીયમુનાજીનાં અરૂણ થયેલાં નેત્રો છે. એટલા માટે કહ્યું : કમલ કુમુદ નાના અલિ સુંદર મધુપ કરે ત્યાં ગાન.

શ્રીયમુનાજીના ઘાટ અનેક મણિથી આભૂષિત છે, જળમાં રાત્રે કુમુદ અને દિવસે કમળ ખીલે છે. ત્યાં અનેક મધુપ, રસના લોભી ભ્રમરો આવીને સદા સુંદર ગાન કરે છે, મધુપ એટલે ભ્રમર. ભ્રમર એ કે જેને છ પગ હોય. આ છ પગવાળા ભ્રમર એ બીજું કોઈ નહિ પણ ષડ્ શાસ્ત્રના પારંગત મોટા મોટા ઋષિમુનિઓ છે, એ આવીને યમુનાજીના તટ ઉપર વિનંતી કરે છે કે અમારા સાધનથી, અમારા પ્રભુ નહિ મળે, જો પ્રભુ મળે તો શ્રીયમુનાજીની કૃપાથી મળે. વેદોમાં, શાસ્ત્રોમાં પ્રભુને શોધવાનો તેમણે પ્રયત્ન કર્યો પણ ન મળ્યા, મળ્યા તો શ્રીયમુનાજીના તટ ઉપર મળ્યા.

શ્રીયમુનાજીનું સ્વરૂપ કેવું છે? સર્વ ગોપીજનો સદાસર્વદા શ્રીયમુનાજીને ઘેરીને રહે છે. સકલ ગોપ-ગોપીવૃંતે - કેમ? પ્રભુ તો સ્વતંત્ર છે, આજે મળ્યા- કાલે ન પણ મળે, પણ શ્રીયમુનાજીનું સ્વરૂપ એવું છે, જેને છોડીને શ્રીઠાકોરજી ક્યાંય પધારતા નથી. આવાં શ્રીયમુનાજીનાં દર્શન અહીં શ્રીગોપાલદાસજીએ કરાવ્યાં પ્રભુની લીલામાં, ગોલોકધામમાં પ્રવેશ કરાવનારાં શ્રીયમુનાજીનાં દર્શન કરાવ્યાં. શ્રીયમુનાજીની કૃપા વિના પ્રભુ કૃપા ન કરે. એટલા માટે કહ્યું છે : મદનમોહનજુકી ખરી એ પ્યારી - યમુનાજીનું સ્વરૂપ એવું છે કે શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજી, ચંદ્રાવલીજી કે લલિતાજીની આગળ ખોટું બોલી શકે પણ જેવા શ્રીયમુનાજીની પાસે આવે કે બધું સત્ય પ્રગટ થવા લાગે - માટે પટરાની જુ કહાવે.

કનકલતા માલતી મલ્લિકા,
વિવિધ કુસુમ મકરંદ,
શીતળ પવન ઝકોરે લ્હેરે,
પરસે અતિ આનંદ...૧૦

ગોપલદાસજીના મનમાં મનોરથ જાગ્યો હતો કે અક્ષર બ્રહ્મથી પણ પર જે પરબ્રહ્મ છે, એનાં દર્શન કરવાં છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણે કૃપા કરી અને ગોપાલદાસજીને પ્રભુની નિત્ય લીલા વિહાર ભૂમિ એવાં ગોલોકધામનાં દર્શન કરાવ્યાં. એમાં શ્રીવૃંદાવનના, શ્રીગોપીજનો અને એમની મધ્યમાં બિરાજતા પ્રભુનાં, શ્રીયમુનાજીનાં, એમાં ખીલેલાં કમલ અને કુમુદનાં દર્શન કર્યાં. એનો ભાવ જોયો.

શ્રીયમુનાજીની પાસે ઘણી બધી લતાઓ ઊગેલી છે. ઘણી લતાપતાઓ જેવી કે કનકલતા, માલતી, મલ્લિકા વગેરે સુંદર લતાઓ ઊગેલી છે. એ લતાઓ કોણ છે? એ લતાઓ અહીં કેમ છે?

કહેવાય છે કે જ્યારે શ્રીઠાકોરજી અહીં ગોચારણ માટે પધારે, એ વખતે તેમની પાસે જેટલી પણ ગાયો છે, એમાંની કેટલીક ગાયોનાં નામ આ વનસ્પતિનાં નામ ઉપરથી છે. જ્યારે ગાયોને પાછા ફરવાનો સમય આવે, ત્યારે શ્રીઠાકોરજી એ ગાયોને એમનાં નામ દઈ અવાજ લગાવે છે : હે કનકલતે, હે માલતી, હે મલ્લિકે.... આમ પ્રભુ આ નામથી ગાયોને બોલાવે પણ એ વનસ્પતિ પ્રભુના મુખથી પોતાનું નામ સાંભળતાંની સાથે વૃક્ષો સાથે લપટાયેલી હતી એ વૃક્ષોથી અલગ થઈ અને વિચારવા લાગી કે પ્રભુ અમને નામ દઈને બોલાવે છે. પોતાનું નામ પ્રભુના મુખથી સાંભળતાની સાથે એ લતાઓમાં અનેક પુષ્પો ખીલી ગયાં, આજે પ્રભુએ અમને બોલાવ્યાં, અમારું જીવન સફળ થયું, ધન્ય થયું. લતાઓ પ્રભુ તરફ વધવા લાગી. પ્રભુ આપ પ્રતીક્ષા કરો, અમે આવી જ રહ્યાં છીએ, અમે આપની પાસે આવી રહ્યાં છીએ.

લતાઓ વિચારે છે કે અમારાં કેવાં ભાગ્ય કે શ્રીઠાકોરજી અમને બોલાવે. પોતાના મુખારવિંદથી અમારું નામ દઈને અમને અવાજ લગાવે. પ્રભુ તો બોલાવી રહ્યા હતા પોતાની ગાયોને, પણ ગાયોના નામ વનસ્પતિ ઉપરથી હોવાથી એ લતાઓ પ્રભુ પોતાને બોલાવે છે એમ માની શ્રીઠાકોરજી તરફ વધવા લાગી, પણ પ્રભુ પાસે લતાઓ જઈ ન શકી. કહે છે : 'પ્રભુ, અમારું કેવું દુર્ભાગ્ય છે કે આપ અમને પોકારો છો પણ પ્રભુ, અમારાં મૂળિયાં આ સંસારની ભૂમિમાં એટલાં ઊંડા ખૂંપેલા છે કે બહાર નીકળવાનો પ્રયત્ન કરીએ છતાં નીકળી શકતાં નથી. આપની પાસે આવી શકતાં નથી.'

એ જ વખતે એ લતાઓમાંથી મધુધારાઓ થવા લાગી. આ મધુધારા શું છે? તો કહે છે એ મધુધારા બીજું કંઈ નહિ પણ પ્રભુએ એમને બોલાવ્યાં છતાં પ્રભુ પાસે જઈ ન શકવાને કારણે લતાઓની આંખમાંથી વહેલાં આંસું છે. આખી દુનિયા જેને શોધવા જાય એ પ્રભુ શોધતાં શોધતાં અમારી પાસે આવ્યા, આખી દુનિયા જેનાં ગાન ગાતાં થાકે નહિ, એવા પ્રભુના મુખમાં આજે અમારું નામ આવ્યું, પણ અમારા દુર્ભાગ્યથી અમે એમની પાસે જઈ શકતાં નથી. હે પ્રભુ, અમને આટલા બધા અસમર્થ કેમ બનાવ્યાં? ઈચ્છા હોવા છતાં આપની પાસે પહોંચી શકતાં નથી. હે પ્રભુ, અમને એવું સામર્થ્ય આપો કે આપ એકવાર અવાજ લગાવો ને અમે સંસારનાં બધાં બંધનો તોડી આપની પાસે આવી જઈએ.

એ લતાપતાઓ વિચલિત બની. પ્રભુ તો આગળ આગળ ચાલી રહ્યા છે. લતાઓ પોતાના પાન ઊંચા કરી કરીને પ્રભુને બોલાવે છે. હે પ્રભુ, અમારા ઉપર દૃષ્ટિ કરો. એમને એમ લાગ્યું કે પ્રભુ અમને શોધવા નીકળ્યા છે અને અમને ન જોવાને કારણે પ્રભુ આગળ નીકળી જશે તો અમને ન જાણે કેટલાયે જન્મોનો અંતરાય પડી જશે. કેટલાયે જન્મોના પુણ્યના પ્રતાપે અમને પ્રભુએ બોલાવ્યાં, પણ અમે પ્રભુને પામી ન શક્યા, તેમનાં થઈ ન શક્યાં. પ્રભુ તો આગળ પધાર્યા અને એ લતાઓને એટલો તાપ થયો. એટલો વિરહ થયો કે કહેવા લાગ્યાં કે કોઈ કૃપા કરો અને અમારા તાપનું શમન કરો. આ લતાઓની વિનંતી ત્યાં વહી રહેલા વાયુએ સાંભળી. તેમનો મનોરથ પૂર્ણ કરવા માટે એ શીતલ

વાયુ જે વ્રજરજમાં ઠાકોરજી પોતાના ચરણ પધરાવીને જઈ રહ્યા છે, એ રજ લઈને આવ્યો અને લતાઓની ઉપર વૃષ્ટિ કરવા લાગ્યો. પ્રભુના ચરણારવિંદની એ રજમાં જ્યારે લતાઓએ સ્નાન કર્યું ત્યારે એમનું જીવન સફળ થયું. માટે તો અહીં ગોપાલદાસજી ગાઈ રહ્યા છે. કનકલતા માલતી મલ્લિકા વિવિધ કુસુમ મકરંદ, શીતલ પવન ઝકોરે લહેરે પરસે અતિ આનંદ.

પ્રભુના વિરહમાં વ્યાકુળ લતાઓને મદદ કરવા પવન આવ્યો. તેણે વિચાર કર્યો કે રામાવતારમાં તો મારા પુત્રે પ્રભુની સેવા કરી હતી, પણ આ અવતારમાં તો મારે જ પ્રભુની સેવા કરવી છે. પ્રભુની સેવા અને જે પ્રભુનાં છે, એમની સેવા કરવી છે. જ્યારે વનસ્પતિને પ્રભુના તાપમાં વ્યાકુળ બનેલી જોઈ ત્યારે એ શીતલ પવન પ્રભુના ચરણારવિંદની રજ લઈને આવ્યો, લતાઓ ઉપર વૃષ્ટિ કરી. એ રજના સંબંધથી તેમના તાપનું શમન થયું. વિરહ દૂર થયો. રજના સ્પર્શથી અતિ આનંદનો અનુભવ થયો. આગળ ગોપાલદાસજી ગાય છેઃ

પદ્મરાગ મરકત મણિ સ્ફાટિક,
શ્રીગોવર્ધન સોહે,
બ્રહ્મા રુદ્ર ત્યાં કોણ બાપડા,
શ્રીહરિનાં મન મોહે...૧૧

ગોલોકધામમાં ગોપાલદાસજીને વૃંદાવનના, શ્રીયમુનાજીનાં અને વનસ્પતિનાં દર્શન થયાં. હવે દૃષ્ટિ પડી શ્રીગિરિરાજજી ઉપર. જુઓ તો ખરા શ્રીગિરિરાજજીનું કેવું સુંદર સ્વરૂપ છે ! પદ્મરાગ મરકત મણિ સ્ફાટિક શ્રીગોવર્ધન સોહે, બ્રહ્મારુદ્ર ત્યાં કોણ બાપડા શ્રી હરિનાં મન મોહે.

શ્રીગિરિરાજબાવાનું એવું સુંદર સ્વરૂપ છે, જેમાં અનેક પ્રકારના મણિ ચમકી રહ્યા છે. રત્નજડિત એવા શ્રીગિરિરાજબાવાનાં દર્શન કરીને કહે છે કે આ ગિરિરાજબાવા કેવા છે? આખા જગતને મોહ પમાડનારા આપણા શ્યામસુંદર, આખા જગતને મોહિત કરવાવાળા આપણા પ્રભુ, એમનું પણ મન જેમણે મોહી લીધું છે, એવા શ્રીગિરિરાજબાવા છે.

એકવાર ગોલોકધામની અંદર પ્રભુ બિરાજમાન હતા અને તેમની સામે શ્રીસ્વામિનીજી નૃત્ય કરી રહ્યાં હતાં. જેમ શ્રીસ્વામિનીજી નૃત્ય કરે, તેમ શ્રીઠાકોરજી તાલ આપે. પ્રભુ નૃત્યનાં દર્શન કરે, વાહ વાહ કરે. શ્રીઠાકોરજીની પ્રસન્નતાથી શ્રીસ્વામિનીજીને વધુ આનંદ આવે.

નૃત્ય કરતાં કહે છે કે હવે એવું નૃત્ય આપને બતાવું છું કે જ્યારે હું નૃત્ય કરીશ ત્યારે મારા ચરણોમાં બાંધેલાં ઘૂંઘરુંમાથી માત્ર એક ઘૂંઘરુનો અવાજ આવશે અને સ્વામિનીજી એવાં ચતુર કે બરોબર એક જ ઘૂંઘરુનો અવાજ આવે એવું નૃત્ય કરે. આમ અનેક અનેક પ્રકારે નૃત્ય કરી બતાવે છે. શ્રીઠાકોરજી પણ શ્રીસ્વામિનીજીની આ નૃત્યકલા પર વારી ગયા છે. ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. અદ્‌ભુત, અદ્‌ભુત! કહી રહ્યા છે.

નૃત્યવિરામ થયો. પ્રભુ કહે છે, આપે ઘણીવાર નૃત્ય બતાવ્યું છે, પણ આજનું આપનું નૃત્ય તો એવું અદ્‌ભુત છે કે જેનું શબ્દોથી વર્ણન થઈ શકે એમ જ નથી.

કૃપાનાથ, હું તો આનાથી પણ સુંદર નૃત્ય બતાવી શકું, જ્યારે તેને જોવાવાળા માત્ર આપ

એકલા હો તો, પણ અહીં તો એવું એકપણ સ્થાન નથી, જ્યાં આપણે બંને એકલા બેસી શકીએ.

હે પ્રભુ, આપની કૃપાથી આ ગોલોકધામમાં એક સુંદર ધામ બને, જેમાં અનેક કંદરા હોય, સુંદર લતાપતાની નિકુંજો હોય, પક્ષીઓ કલરવ કરતાં હોય, અનેક પ્રકારનાં ઝરણાં વહેતાં હોય.... આમ શ્રીસ્વામિનીજી પોતાનો મનોરથ વ્યક્ત કરી રહ્યાં છે અને શ્રીઠાકોરજી એમના શબ્દો હૃદયમાં ધારણ કરી રહ્યા છે.

'પ્રભુ, એવું સ્થાન હોય જેમાં અનેક મણિ જડેલા હોય, જ્યાં રંગબેરંગી સુંદર પક્ષીઓ નિત્ય ગીત ગાતાં હોય....' પ્રભુ આંખો મીંચી શબ્દોરૂપી મનોરથ પોતાના મનમાં ધારણ કરી રહ્યા છે.

આમ શ્રીસ્વામિનીજીએ પોતાનો મનોરથ પોતાની વાણી દ્વારા વ્યક્ત કર્યો, ત્યાં જ પ્રભુએ પોતાનાં નેત્ર ખોલ્યાં. નેત્ર ખોલતાંની સાથે એમના હૃદયમાંથી તેજપુંજ પ્રગટ્યો. એ તેજપુંજે વિશાળ - ૧૦૦ યોજનના વિસ્તારવાળું- સ્વરૂપ ધારણ કર્યું. સો શિખર થયાં, અને જ્યાં સો શિખર થયાં કે પ્રભુએ પોતાના શ્રીહસ્તનો સ્પર્શ કરાવી એમને સ્થિર કર્યા. એનું નામ પાડ્યું શતશૃંગ. ગોલોકધામમાં બિરાજમાન શતશૃંગ - સો શિખરવાળો પર્વત-એ જ આપણા શ્રી ગિરિરાજબાવા.

શ્રીગિરિરાજબાવાની સન્મુખ જાઓ અને એમનાં દર્શન કરો ત્યારે એમ ન માનતાં કે આ કોઈ પર્વત છે, આ કોઈ ભગવદ્સ્વરૂપ છે. આ માત્ર ભગવદ્ સ્વરૂપ નથી, પણ આ તો સાક્ષાત્ શ્રી સ્વામિનીજીના હૃદયમાં જાગેલો મનોરથ છે.

મારાં નેત્રોના આનંદની આ સરમસીમા છે કે હું મારાં નેત્રોથી પ્રભુનાં અને સ્વામિનીજીના મનના મનોરથનાં દર્શન કરી શકું છું, આ ભાવ રાખીને કરશો તો દર્શન કરતાં રોમાંચ થઈ આવશે. આ કોઈ પર્વત નથી પણ શ્રીસ્વામિનીજીનો એ મનોરથ છે, જેને પ્રભુનો સ્પર્શ મળ્યો છે. આવા શ્રીગિરિરાજબાવાનાં દર્શન કરીએ, એવા શ્રી ગિરિરાજબાવા જેમણે શ્રીઠાકોરજીનું પણ મન મોહી લીધું- 'શ્રીહરિને મન ભાવે' આ ગિરિરાજજીમાં સુંદર સુંદર કંદરાઓ છે. અનેક નિકુંજો છે.

જોતાંની સાથે શ્રીસ્વામિનીજી એટલાં પ્રસન્ન થઈ ગયાં કે આપે કહ્યું : 'હું તો સર્વદા આ કંદરાઓમાં વિહાર કરીશ.' જુઓ તો ખરા, શ્રી ગિરિરાજબાવાનું સ્વરૂપ કેવું સુંદર છે ! અલૌકિક વ્રજ એવા ગોલોકધામમાં બિરાજે છે. ભગવદીયોએ ગાયું છે :

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે. આ પદ શ્રવણ કરો તો એવી રીતે કરો કે શ્રીસ્વામિનીજીના મનનો મનોરથ પ્રભુએ જ્યારે પૂર્ણ કર્યો છે, ત્યારે શ્રીસ્વામિનીજી ઊભાં ઊભાં શ્રી ગિરિરાજબાવાનાં દર્શન કરી રહ્યાં છે. તે સમયે એમનાં હૃદયમાં, એમનાં નેત્રોમાં કેવો આનંદ છે,તેનો અનુભવ કરો. આ ભગવદીયના હૃદયની વ્યક્ત થતી વાણી એ એમના હૃદયનો આનંદ છે. જે શ્રીગિરિરાજબાવાનાં દર્શનથી વ્યક્ત થયો છે.

ઘોષ સિમંતિની સંગ ગિરિવરધરન
કરત નિત્ય કેલિ તહાં કામ લાજે... લલિત વ્રજદેશ.

પ્રભુને સુખ આપવા માટે અને સ્વામિનીજીને સુખ આપવા માટે શ્રી ગિરિરાજબાવાએ કેટલાં સ્વરૂપો ધારણ કર્યાં છે? એક ગાયનું, બીજું સિંહનું, ત્રીજું

તપનું અને ચોથું ગોપબાલકનું. ચાર સ્વરૂપો આપે ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે ધારણ કર્યાં છે. શ્રી ગિરિરાજબાવાનું એક સ્વરૂપ ગાયનું છે કારણ કે ગાયનું કાર્ય છે પોષણ આપવાનું, એમ શ્રી ગિરિરાજબાવા પણ વ્રજવાસીઓને, પ્રભુના ભક્તોને પોષણ આપવાવાળા છે. ગાયને ચાર આંચળ હોય છે તે રીતે ગિરિરાજબાવાના ચાર આંચળ છે. પ્રભુનું નામ, રૂપ, લીલા અને ધામ એ ચારે આંચળ શ્રી ગિરિરાજબાવામાં બિરાજમાન છે. નામ છે અષ્ટાક્ષર, રૂપ છે શ્રી ગિરિરાજબાવાનું સહસ્ત્ર ભુજાવાળું સ્વરૂપ, લીલા શ્રીઠાકોરજી શ્રી ગિરિરાજબાવાજીની કંદરામાં નિત્ય લીલા કરે છે અને ધામ એ ગોલોકધામ, જે શ્રી ગિરિરાજબાવાની અંદર મધ્યમાં બિરાજમાન છે.

ગિરિરાજબાવાએ ગાયનું સ્વરૂપ કેમ ધારણ કર્યું છે? ગિરિરાજબાવામાં પૂછરી છે. એમ કહેવાય છે કે જ્યારે જીવો ઉપર જાય ત્યારે ગાયનું પૂંછડું પકડીને વૈતરણી પાર કરે છે, તેમ જીવ જો શ્રી ગિરિરાજબાવાનો આશ્રય કરે તો ભવસાગરને પાર કરી પ્રભુની પાસે પહોંચે છે. ભક્તોને તારવા માટે, ભક્તોને પ્રભુની પાસે લઈ જવા માટે આપે ગાયનું સ્વરૂપ ધારણ કર્યું છે.

શ્રીગિરિરાજબાવાનું બીજું સ્વરૂપ છે સર્પનું. સર્પનું સ્વરૂપ કેવી રીતે છે? નમામિ હૃદયેશેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્. ઠાકોરજી ક્યાં પોઢે છે? શેષશૈયા ઉપર. એ રીતે શ્રી ગિરિરાજબાવાની અંદર નિત્ય વિહાર કરે છે. સર્પના મસ્તક ઉપર મણિ હોય છે. એ રીતે શ્રી ગિરિરાજબાવા કહે છે મારી ઉપર જે બિરાજે છે એ મારા પ્રભુ, મારા મણિ છે. એ મને છોડીને ક્યાંય જતા નથી. પ્રભુ જ્યારે શ્રી ગિરિરાજબાવા પાસે પધારે ત્યારે શ્રીસ્વામિનીજીની યાદ આવે, એ પ્રકારનું પ્રભુને સુખ આપવા માટે શ્રી ગિરિરાજબાવા સર્પનું સ્વરૂપ ધારણ કરે છે. આવું કેમ? શ્રીઠાકોરજીને જ્યારે શ્રીસ્વામિનીજીનો વિપ્રયોગ થયો હોય, તો ગિરિરાજબાવા જાણી જાય છે કે પ્રભુને આજે સુખ ક્યારે મળશે? કે જ્યારે શ્રી સ્વામિનીજીની સુધી (યાદ) આવશે. શ્રીઠાકોરજી જ્યારે શ્રી ગિરિરાજબાવાનાં સર્પરૂપે દર્શન કરે ત્યારે એમને શ્રી સ્વામિનીજીની ચોટી યાદ આવે, કારણ એમની ચોટીને સર્પની ઉપમા આપવામાં આવી છે. રાધાજીની યાદ આવતાં શ્રીઠાકોરજી પ્રસન્ન થઈ જાય.

એમ પણ કહેવાય છે કે જ્યારે ભક્તો શ્રીગિરિરાજબાવા પાસે આવે ત્યારે શ્રીગિરિરાજબાવા ગાય જેવા થઈ જાય, પણ જ્યારે અનધિકારી જીવ એમની પાસે આવે ત્યારે શ્રીગિરિરાજબાવા સિંહ જેવા થઈ જાય, તેથી એમનું એક સ્વરૂપ સિંહનું પણ છે.

આપણે શ્રીઠાકોરજીને સિંહાસન પર પધરાવીએ છીએ. સિંહનું આસન આમ તો દેવીનું છે, છતાં આપણા પ્રભુ સિંહ રૂપી આસન ઉપર બિરાજે છે, તો આ સિંહ કોણ? શ્રીગિરિરાજબાવા. શ્રીઠાકોરજીને વાઘનખો ધરાય છે. સંયોગ-વિપ્રયોગ ભાવ પ્રમાણે શ્રીઠાકોરજીને જ્યારે શ્રીસ્વામિનીજીની સુધિ આવે ત્યારે શ્રીઠાકોરજીને પ્રસન્ન કરવા માટે શ્રી ગિરિરાજબાવા સિંહનું સ્વરૂપ પણ ધારણ કરે છે. જેમ સર્પને જોઈને ચોટી યાદ આવે તેમ સિંહની ચાલ જોઈને બરાબર એવી જ ચાલવાળાં શ્રીસ્વામિનીજી યાદ આવે. સિંહની ગતિ જોઈને

શ્રીઠાકોરજીને સિંહની ગતિવાળા શ્રી રાધાજીની યાદ આવે. તેનાથી ઠાકોરજીને સુખ મળે. આગળ કહે છે :

ત્રિવિધ પવન સંચરે સુખદ ઝરણાં ઝરે,
લલિત સૌરભ સરસ મધુપ ગાજે,
લલિત તરુ ફૂલ ફલ ફલિત,
ચત્રભુજદાસ ગિરિધર સમાજે.... લલિત વ્રજદેશ.

શ્રી ગિરિરાજબાવાની અંદર છ યે ઋતુઓ બિરાજમાન છે. શ્રી ગિરિરાજબાવાની અંદર રત્ન જડિત ગોલોકધામ બિરાજમાન છે. એકવાર શ્રીમહાપ્રભુજીએ શ્રી ગિરિરાજબાવાનાં સ્વરૂપનું વર્ણન કરતાં કહ્યું કે શ્રી ગિરિરાજબાવાની અંદર રત્નજડિત ગોલોકધામ બિરાજે છે. તે વખતે ત્યાં કૃષ્ણદાસ મેઘન ઉપસ્થિત હતા. તેમણે આ વાત સાંભળી. તેમના મનમાં એવા દર્શન કરવાની તત્પરતા જાગી.

શ્રીમહાપ્રભુજીની પાસે આવી વિનંતી કરતાં કહ્યું : 'કૃપાનાથ, કૃપા કરી મને આપ શ્રી ગિરિરાજજીમાં બિરાજમાન રત્નજડિત ગોલોકધામનાં દર્શન કરાવો.'

શ્રીમહાપ્રભુજી મૌન રહ્યા. પછી આજ્ઞા કરી : 'હમણાં નહિ. જ્યારે આપણે શ્રીગિરિરાજજી જઈએ ત્યારે મને સુધિ કરાવજો.'

કૃષ્ણદાસ મેઘનના મનમાં સહજ ભાવ આવ્યો કે હું વારેવારે શ્રીમહાપ્રભુજીને પૂછું છું. આપ ઉત્તર કેમ નથી આપતા?

શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે કૃષ્ણદાસ મેઘનના મનમાં એ ભાવ છે કે હું યોગ્ય છું, પાત્ર છું છતાં મારા ઉપર કૃપા કેમ નથી કરતા? સૂક્ષ્મ મદ આવ્યો છે, એમને અનુભવ કરાવવો છે, ગોલોકધામનાં દર્શન પણ કરાવવાં છે અને મનમાં મદ આવ્યો હોય કે હું તો વલ્લભનો કૃપાપાત્ર છું, મારી ઉપર કૃપા કેમ નથી કરતા? તો એ સૂક્ષ્મ મદ પણ દૂર કરવો છે.

આપ જતિપુરા પધાર્યા. કૃષ્ણદાસ મેઘને વિનંતી કરી : 'કૃપાનાથ, ઘણીવાર વિનંતી કરી. એકવાર ફરી વિનંતી કરું છું. આપ મને શ્રીગિરિરાજજીની અંદર બિરાજતા રત્નજડિત ગોલોકધામનાં દર્શન કરાવો.'

શ્રી મહાપ્રભુજી ફરી મૌન રહ્યા. પછી આજ્ઞા કરી : 'તમે જ્યારે પૂંછરી તરફ જશો ત્યારે તમને ત્યાં શ્રી ગિરિરાજબાવાની એક કંદરા દેખાશે. એ કંદરામાંથી ભીતર ચાલ્યા જજો. અંદર તમને એક ભગવદીય મળશે. એ ભગવદીયને ભગવદ્ સ્મરણ કરીને તમે પાછા આવી જજો.'

કૃષ્ણદાસ મેઘન પ્રસન્ન થઈ ગયા. તેમને થયું આટલા વર્ષોનો મારો મનોરથ છે કે હું સદેહે એ ગોલોકધામનાં દર્શન કરું. આજે શ્રીવલ્લભની કૃપા ઉતરી છે. નિશ્ચિત મને દર્શન થશે. આમ વિચાર કરીને ગયા. એક ગોળ કંદરા આવી. એમાં પ્રવેશ કરી ગયા. ત્રણ દિવસ સુધી એમાં ચાલતા ચાલતા જઈ રહ્યા છે, પણ એ કંદરા ક્યાં વિરામ પામે છે તેની ખબર પડતી નથી. ત્યાં વળી એક નાની કંદરા આવી કૃષ્ણદાસ મેઘન એ નાની કંદરામાં સૂઈને સરકતા આગળ વધ્યા. બીજા ત્રણ દિવસ એ રીતે ગયા પછી આગળ તો એ કંદરા એટલા સાંકડી થઈ ગઈ કે અંદર એમનો દેહ ફસાઈ ગયો. શ્વાસ પણ

લઈ શકતા નથી. ન આગળ જવાય, ન પાછળ જવાય. આટલી વેદનામાં પણ મુખમાંથી શ્રીવલ્લભ શ્રી વલ્લભ નીકળવા લાગ્યું. શ્રી વલ્લભના કૃપાબળે કામ કર્યુ અને જ્યાં શ્વાસ પણ લેવાતો ન હતો, ત્યાંથી એ ધીરે ધીરે આગળ સરકવા લાગ્યા. બીજા ત્રણ દિવસ ગયા. ત્યાં નાનકડી બારી દેખાઈ. બારી ખોલી તો અંદર સુવર્ણ રંગનો પ્રકાશ દેખાયો. જાણે સોનાનો સૂરજ ઊગ્યો હોય તેવો સોનેરી રંગનો પ્રકાશ સર્વત્ર વ્યાપેલો હતો. કૃષ્ણદાસ બારીમાંથી અંદર ગયા. ત્યાંની શોભા અને વૈભવ જોઈને દંગ થઈ ગયા. અનેક મોટા મોટા રત્નજડિત ભવનો ત્યા હતા. એમાં પોખરાજ, માણેક, જેવા રત્નો જડેલાં છે એવી એક કંદરા હતી. કંદરાની નીચે શૈયાજી હતાં, સફેદ તકિયા, સફેદ રજાઈ હતાં. આસપાસ બે ડબરામાં શ્રીઠાકોરજીનાં વસ્ત્ર-આભૂષણ હતાં. એવું લાગતું હતું કે આમાંથી હમણાં જ કોઈ ઊઠીને ગયું છે.

કૃષ્ણદાસજી આગળ વધ્યા. મોટા રત્નજડિત ભવનો અને માર્ગો છે, પણ કોઈ દેખાતું નથી. વિચાર કરે છે કે શ્રીવલ્લભની આજ્ઞા હતી કે ભીતર એક ભગવદીય મળશે. પણ અહીં તો કોઈ દેખાતું નથી. રંગબેરંગી ફૂવારા ઊડી રહ્યા છે. આગળ એમણે કેટલાક સમુદ્ર જોયા. એક દૂધથી ભરેલો, એક દહીંથી ભરેલો, એક ઘીથી ભરેલો, એક મધથી ભરેલો, એક બુરાથી ભરેલો, એક આમના રસથી ભરેલો, એક જાંબુના રસથી ભરેલો અને એક શેરડીના રસથી ભરેલો, આવા સમુદ્રો જોયા. આગળ ગયા, ત્યાં સુંદર આમ્ર વન જોયાં. તેમાં રસરૂપ ફળ લટકે છે નથી છાલ કે નથી ગોટલો. આગળ એક વાટિકા જોઈ. ત્યાં કદી કોઈ પર્ણ સૂકાતાં નથી. નિત્ય નવીન સ્વરૂપ ધારણ કરીને પ્રભુની પ્રતીક્ષા કરતા હોય તેવું લાગી રહ્યું છે, પણ કોઈ દેખાતું નથી, આમ્રવનની ભીતર ગયા. ત્યાં આંબાના વૃક્ષ ઉપર એક પોપટ બેઠેલો દેખાયો. તે બોલી રહ્યો છે શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ....

કૃષ્ણદાસજી વિચારે છે, મને આજ્ઞા હતી કે ત્યાં ભગવદીય મળશે, એમને ભગવદ્ સ્મરણ કરીને આવજે. અહીં તો આ એક શુક દેખાય છે, વૃક્ષ નીચે ઘણી બધી ભોજનની સામગ્રીઓ છે. અનેક અનેક પ્રકારનાં વ્યંજનો છે. પણ એ શુક કાંઈ ખાતો નથી. પીતો નથી. બેઠો બેઠો શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ બોલે છે. એને જોતાં એમ લાગે છે કે તેણે કેટલાય સમયથી અન્નનો એક દાણો પણ લીધો નથી. મને લાગે છે કે આ જ એ ભગવદીય હોવા જોઈએ. શુક બોલ્યો- શ્રીકૃષ્ણ અને કૃષ્ણદાસજી બોલ્યા : શ્રીકૃષ્ણઃ શરણંમમ. આ સાંભળતા શુક ઊડ્યો અને નીચે આવીને ત્યાં રહેલી સામગ્રી એણે પોતાની ચાંચમાં ભરી. પાછો આવીને વૃક્ષ ઉપર બેઠો, બોલ્યો શ્રીકૃષ્ણઃ. કૃષ્ણદાસ મેઘને કહ્યુંઃ શ્રીકૃષ્ણઃ શરણંમમ. આમ ત્રણ વખત શુક નીચે આવ્યો અને ચાંચમાં સામગ્રી ભરી વૃક્ષ ઉપર પાછો આવ્યો. પછી એ શુકને એટલો વિરહ થયો કે તેના મુખમાંથી અગ્નિની જ્વાળા નીકળવા લાગી. જોતજોતામાં એનો દેહ બળીને રાખ થઈ ગયો.

મેઘનજી વિચારે છે : મારાથી એવો કયો અપરાધ થયો? મેં તો એને માત્ર ભગવદ્ સ્મરણ કર્યા અને આના પ્રાણ ઊડી ગયા? એવી મેં કઈ ગલતી કરી કે આના પ્રાણ ગયા?

એ વિચારે છે હવે હું પાછો કેવી રીતે જાઉં? જ્યાં જુએ ત્યાં ભવ્ય ભવનો દેખાય, વન દેખાય, ઉપવન દેખાય. ક્યાંય બહાર જવાનો રસ્તો ન દેખાય. તેઓ ગૂંચવાયા. બહાર કેવી રીતે નીકળવું? જ્યાં જુએ ત્યાં અટપટા માર્ગો છે. રસ્તો ન મળ્યો, થાક્યા, મૂર્છિત થઈને ઢળી પડ્યા.

થોડીવાર પછી આંખ ખુલી. શું જોયું? ગાદીજી ઉપર શ્રી મહાપ્રભુજી બિરાજમાન છે. સામે પોતે બેઠા છે. તેમણે પૂછ્યું : 'હું કેવી રીતે પાછો આવી ગયો? હું તો કેટલો અંદર ચાલ્યો ગયો હતો. માર્ગ ભૂલી ગયો હતો.'

શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું : 'અંદર ભગવદીય મળ્યા? ભગવદ્ સ્મરણ કર્યા?'

કૃષ્ણદાસ કહે છે : 'કૃપાનાથ, શું બતાવું, ત્યાં તો દિવ્ય ભવ્યતા જોઈ. અનેક ભવનો, ઉપવનો, સામગ્રી જોઈ.'

શ્રીવલ્લભે કહ્યું : 'તમે જે જોયું તે પ્રભુની એક રાત્રિની લીલા સામગ્રી છે.'

કૃષ્ણદાસજીએ કહ્યું : 'મહારાજ, દર્શન તો થયાં પણ એક વસ્તુ ન સમજાઈ. ત્યાં એક શુક બેઠો હતો, હું શ્રીકૃષ્ણઃ શરણંમમ બોલ્યો ત્યારે એણે એના મુખમાં થોડી સામગ્રી લીધી અને આરોગી ગયો. આમ ત્રણવાર થયું. પછી એ શુકને એટલો તાપ થયો. વિરહ થયો કે એનો દેહ બળીને રાખ થઈ ગયો. આ વાત સમજમાં ન આવી.'

ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : એ શુક બીજું કોઈ નહિ પણ શ્રીસ્વામિનીજીની સખી હતો. ભગવદ્લીલામાં એને પોતાની ગાનવિદ્યા ઉપર મદ થયો તેથી શ્રીસ્વામિનીજીએ એને લીલામાંથી દૂર કરી દીધો. એ શુક અહીં કેટલાયે યુગોથી આવીને બેઠો હતો. એણે પ્રતિજ્ઞા કરી હતી કે જ્યાં સુધી પ્રભુ કૃપા નહિ કરે ત્યાં સુધી હું કાંઈપણ ખાઈશ કે પીશ નહિ. ફક્ત શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યા કરીશ. આ રીતે એ યુગોથી સ્મરણ કરતો બેઠો હતો, પણ જ્યારે તમે ગયા અને શ્રીકૃષ્ણઃશરણંમમ બોલ્યા ત્યારે એણે વિચાર્યું કે મારો નિયમ હતો કે શ્રીકૃષ્ણનું નામ લીધા વિના એક ક્ષણ પણ રહીશ નહિ, આજે સામે આવેલા વૈષ્ણવ પ્રભુનું નામ લઈ રહ્યા છે તો એ સાંભળતાં સાંભળતાં હું કાંઈ ખાઈ તો શકીશ, એટલે એણે ચાંચમાં સામગ્રી લઈને ભક્ષણ કર્યું. બીજીવાર પણ અષ્ટાક્ષરનું શ્રવણ કરતાં કરતાં એણે ખાધું અને ત્રીજીવાર શ્રવણ કરતાંની સાથે એને શરણાગતિ સિધ્ધ થઈ ગઈ. શરણાગતિ સિધ્ધ થતાંની સાથે એને એટલો વિપ્રયોગ થયો કે આટલા યુગોથી હું શ્રીકૃષ્ણનું સ્મરણ કરતો હતો છતાં આ લૌકિક રસોમાં મારું મન ગયું? સામગ્રીમાં મન ગયું? આ વાતનો એને એટલો તાપ થયો કે તરત એનો દેહ છૂટી ગયો. પ્રભુની લીલામાં પ્રાપ્ત થયો.

વિચાર કરો – એ શુક તો શ્રીસ્વામિનીજીની લીલાની સખી હતો, છતાં અપરાધ થયો તો એને ક્યાં જવું પડ્યું?

આમ કૃષ્ણદાસને રત્નજડિત ગોલોકધામનાં દર્શન થયાં, સાથે દીનતા પણ પ્રગટ થઈ કે અપરાધ થયો, લીલાનો જીવ હતો છતાં એને આટલા યુગોનો અંતરાય થયો, તો આપણા ઉપર તો જ્યારે આપની કૃપા થાય તો જ કૃપાનો અનુભવ કરી શકાય. આપણા

સાધનથી કે પ્રયત્નથી તરી નહિ શકાય. માત્ર ને માત્ર આપની કૃપાથી જ તરી શકાય.

શ્રીગિરિરાજબાવાનાં જે ચાર સ્વરૂપ આપણે જોયાં, તે ચારે સ્વરૂપનાં દર્શન આપણને ક્યાં થાય? જ્યારે મંદિરમાં મનોરથનાં દર્શન કરવા જઈએ ત્યારે થાય. ભલે કહેવાતું હોય કે વૈષ્ણવજન તો તેને રે કહિયે જે પીડ પરાઈ જાણે રે. પણ આજે એવું છે કે વૈષ્ણવ જન તો તેને રે કહિયે જે ભીડમાં ધક્કા મારે રે!

તમે જ્યારે દર્શન કરવા જાઓ અને ત્યાં લાઈન હોય, વિચાર આવે કે શું મારે લાઈનમાં ઊભા રહીને દર્શન કરવાનાં? જુઓ, આપણે ત્યાં દરેક વસ્તુ સ્વરૂપાત્મક છે. જ્યારે દર્શન કરવા જાઓ અને વાંકીચૂકી લાઈન દેખાય તો વિચારવું કે આ લાઈન નથી પણ શ્રીગિરિરાજબાવા સર્પ સ્વરૂપે શ્રીઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા છે. જ્યારે અંદર જાઓ અને પ્રભુને આરતી થતી હોય, કોઈને બિલકુલ શ્રીઠાકોરજીની સન્મુખ જગ્યા મળી ગઈ હોય, ત્યારે એનાં મુખનાં દર્શન કરજો, ઉપરનીચે – ઉપરનીચે એવી રીતે હાલતું હોય, જાણે ગાય પોતાના વાછરડાંને જોઈને મુખ હલાવે. જ્યારે આવાં દર્શન થાય ત્યારે માનવું કે આજે ગિરિરાજબાવા ગાયના રૂપે પ્રભુનાં દર્શન કરવા આવ્યા છે.

ક્યારેક એવું પણ થાય કે કોઈ માજી પાછળ ઊભાં હોય અને જ્યાં આરતીનો ટકોરો થાય કે એવું જોશ આવે, એવું જોશ આવે કે બધાંને ધક્કા મારતાં મારતાં, હડફેટમાં લેતાં લેતાં આગળ પહોંચી જાય અને ત્યારે માનવું કે ગિરિરાજબાવા સિંહ સ્વરૂપે દર્શન આપી રહ્યા છે.

નંદ મહોત્સવ જેવો ઉત્સવ હોય, બધાં નાચતાં હોય, ગાતાં હોય, ત્યાં કોઈ મોટો માણસ આવ્યો હોય, જે હસતો હોય કે બોલતો હોય તો પણ માપી-માપીને બોલતો હોય કે ક્યાંક નુકશાન ન થઈ જાય, એવો માણસ પણ દર્શન કરતાં કરતાં, બધાને નાચતાં-ગાતાં જોઈ જોશમાં આવી નાચવા લાગે, આવાં દર્શન થાય ત્યારે માનવું કે શ્રીગિરિરાજબાવા ગોપબાળક સ્વરૂપે અહીં પધાર્યા છે.

ગિરિરાજબાવાની કૃપા વિના, કાનિ વિના પ્રભુનાં દર્શન ન થઈ શકે એટલા માટે શ્રીગિરિરાજબાવાનાં સ્વરૂપનું વર્ણન કર્યું. પદ્મરાગ મરકત મણિ સ્ફાટિક શ્રી ગોવર્ધન સોહે, બ્રહ્મ રૂદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરિના મન મોહે. જેણે શ્રીહરિના મનને પણ મોહી લીધું છે, આખી દુનિયાને જે મોહ પમાડે એ મોહનના મનને પણ જે મોહ પમાડે, એનો કોણ પાર પામી શકે?

શ્રીગિરિરાજબાવા કેવા છે? પ્રભુ અને નારદજી એકવાર ચાલતા ચાલતા જતા હતા, ત્યારે ભગવાને ગોલોકધામમાં બિરાજતા શતશૃંગનું વર્ણન નારદજી પાસે કર્યું. નારદજી કહે : 'પ્રભુ, આપ મને એ શતશૃંગના દર્શન કરાવો.' પ્રભુ કહે : 'મને બહુ તરસ લાગી છે. મારા માટે પહેલાં જળ લઈ આવો.'

નારદજી ચાલતા ચાલતા સરોવર પાસે ગયા. ત્યાં જોયું તો બે ઋષિમુનિ બેઠા છે. એમની પાછળ હાડકાંનો મોટો પર્વત જેવો ઢગલો છે. એની આગળ બેસીને બંને તપ કરતા હતા.

નારદજીએ આવીને કહ્યું : 'મહારાજ એક વિચિત્ર દશ્ય જોયું. બે ઋષિમુનિ બેઠા હતા. તેમની પાછળ હાડકાંના બે મોટા ઢગલા હતા. એ શું છે? કાંઈ ખબર ન પડી.'

પ્રભુ કહે છે : 'જે શતશૃંગનાં દર્શન કરવાની વાત તમે મને કરી, એનાં દર્શન કરવા માટે એ મુનિઓ અનેક અનેક જન્મોથી તપ કરી રહ્યા છે. તપ કરતાં મરી જાય અને નવો જન્મ ધારણ કરીને પાછા આવીને તપ કરે. પાછળ હાડકાના જે ઢગલા છે તે બીજું કાંઈ નહિ પણ તેમના એ અનેક અનેક જન્મોનાં હાડકાંના ઢગલા છે. હજુ એમને શ્રીગિરિરાજબાવાનાં દર્શન થયાં નથી.'

આપણને તો ક્યાંથી થાય? વિચાર કરો, આપણે શ્રીગિરિરાજબાવાનાં આ ચર્મચક્ષુથી દર્શન કરીએ છીએ, કેટલું ભાગ્ય આપણું કહેવાય ! આગળ વર્ણન કરતાં કહે છે :

નાના પક્ષીની શબ્દ માધુરી,
શોભા તણો નહિ પાર,
વિવિધ પ્રકારે જૂજવા કહેતાં,
ગ્રંથ થાય વિસ્તાર...૧૨

શ્રીગોપાલદાસજી ગોલોકધામનું વર્ણન કરી રહ્યા છે. ઘણી વસ્તુ એવી છે જે પ્રગટ કરવા નથી માગતા, પણ થઈ ગઈ છે. આગળ હવે એમણે પોતાની વાણીને એક બહાનું આપીને વિરામ આપી દીધો છે. વિવિધ પ્રકારે જૂજવા કહેતાં ગ્રંથ થાય વિસ્તાર. ગ્રંથ લાંબો ન થઈ જાય એમ કહીને સંકેતથી વસ્તુ છુપાવી દીધી. શું છુપાવી દીધું?

જ્યાં શ્રીયમુનાજી છે, શ્રીગિરિરાજબાવા છે, વૃંદાવન છે, શરદની રાત્રિ છે, ત્યાં જે વૃક્ષો છે એ વેદ છે. વેદરૂપી વૃક્ષની શાખાઓ એટલે કે વેદની વિવિધ શાખાઓ છે. એના ઉપર એક એક પક્ષી બેઠાં છે. એટલે કે એ વેદના ઉપાસક, અભ્યાસુ મુનિઓ છે, એ અનેક અનેક જન્મોથી વેદની અલગ અલગ શાખાઓનો આશ્રય કરી, પ્રભુને પામવાનો પ્રયત્ન કરી રહ્યાં છે, પણ અનેક જન્મો સુધી વેદની શાખાઓનો આશ્રય કરી જે સુખ ન મળ્યું તે સુખ વૃંદાવન તરફ દૃષ્ટિ કરવા માત્રથી મળી ગયું. રાસસ્થળમાં શરદની રાત્રિ છે, ઠાકોરજી અને વ્રજભક્તો વિહાર કરી રહ્યા છે, ત્યારે આ બધાં પક્ષીઓ પ્રભુની એ લીલાનું વર્ણન કરે છે.

ગોપાલદાસજી કહે છે કે હું એટલું કહી શકું કે વૃંદાવન છે, શ્રીયમુનાજી છે, શ્રીગિરિરાજજી છે, સુંદર સુંદર લતાપતાઓ છે, એમાં મંદ શીતલ વાયુ વહી રહ્યો છે અને જે લીલા થઈ રહી છે તે લીલાનાં દર્શન કરી ભક્તો પક્ષીરૂપે તેનું ગાન કરી રહ્યાં છે – પણ તેઓ શું કહી રહ્યાં છે, શું વર્ણન કરી રહ્યાં છે, એ તો જેનો અધિકાર હોય, એને જ આપોઆપ ખબર પડે, માટે અહીં ગ્રંથનો વિસ્તાર ન થાય એવું એક નિમિત્ત આપીને, બહાનું આપીને એ વિસ્તારને અટકાવી દીધો. પક્ષીઓના કલરવને એ જ સાંભળી શકે, જેને વૃંદાવનમાં સ્થાન મળે. જેને શ્રીયમુનાજીની કૃપાનો અનુભવ થાય, એ જ સમજી શકે કે પક્ષીઓ શું કહી રહ્યાં છે. શ્રીગુસાંઈજીની કૃપા થાય એ જ વાણીને સમજી શકે, માણી શકે. આ પંક્તિ – નાના પક્ષીની શબ્દમાધુરી – તેમાં શબ્દ માધુરી કહ્યું – પક્ષીઓ હોય તો કલરવ કરે, અહીં તો 'શબ્દ'

કહે છે, કારણ કે અહીં જે પક્ષીઓ વર્ણન કરી રહ્યાં છે તે બહુ સ્પષ્ટ અને બહુ ચોખ્ખા શબ્દોમાં સીધેસીધું વર્ણન કરી રહ્યાં છે. હવે આવું વર્ણન અહીં કેમ અપાય?

જો પક્ષીઓનો કલરવ હોય તો કલરવનું વર્ણન કરી શકાય, પણ અહીં તો 'નાના પક્ષીની શબ્દમાધુરી', સ્પષ્ટ શબ્દોમાં પક્ષીઓ વર્ણન કરી રહ્યાં છે. 'શોભા તણો નહિ પાર, વિવિધ પ્રકારે જૂજવાં કહેતાં ગ્રંથ થાય વિસ્તાર.' અહીં બહુ ચતુરાઈથી આ પંક્તિ મૂકી દીધી છે. આ પંક્તિ એવી છે કે જે માત્ર અને માત્ર કૃપાથી જ સમજાય. જેણે એનો અનુભવ કર્યો હોય એ જ જાણી શકે. આપણે વધારે અર્થ કરવા જઈએ તો કદાચ દોષ પણ આવી જાય. મૂળ વસ્તુ કંઈક હોય અને આપણે અર્થ કંઈ કરીએ. આ પંક્તિ એવી છે કે કૃપા થાય તો જ એના સાચા ભાવ સ્ફુરિત થાય, તેથી અહીં ગ્રંથ વિસ્તારનો ભય બતાવી વાત છુપાવી દીધી. હવે આગળ વર્ણન કરતાં ગોપાલદાસજી કહી રહ્યા છે.

શ્યામા શતદલ નયન સુંદરી,
યૂથ તણો નહિ પાર,
અનેક રાસમંડલ રચના રચી,
ખેલે શ્રી નંદકુમાર....૧૩

વૃંદાવનનાં દર્શન થયાં છે. ત્યાં શરદઋતુનો ચંદ્રમા ખીલી રહ્યો છે. શરદની એ રાત્રિમાં, વૃંદાવન બાગમાં ઠાકોરજી અનેક ગોપીજનો સાથે સુંદર રાસ કરી રહ્યા છે. ગોપીજનો કેટલાં છે? શ્યામા શતદલ નયન સુંદરી–એક મંડળમાં કેટલી ગોપીઓ હોય? જાણે સો પાંખડીનું કમળ હોય એવો અનુભવ થઈ રહ્યો છે. એ સો પાંખડીઓ એટલે ગોપીઓનાં એક એક નયન. એ જાણે એક એક કમળની પાંખડી સમાન છે. એટલે કહ્યું શ્યામા શતદલ નયન સુંદરી, યૂથ તણો નહીં પાર. ગોપીઓનાં અનેક યૂથોમાં અનેક અનેક રાસમંડળોની રચના કરીને શ્રીઠાકોરજી સુંદર રાસ કરી રહ્યા છે. ગોપીજનોની મધ્યમાં બિરાજમાન થઈ પ્રભુ રાસ ખેલી રહ્યા છે.

રાસ એટલે શું? રસાનામ્ સમૂહઃ રાસ. જ્યાં અનેક રસ એક સાથે પ્રગટ થાય, અનેક રસોનો સમન્વય થાય એ રાસ છે, કારણ વેણુનાદ દ્વારા જે રસનું દાન શ્રીઠાકોરજીએ ગોપીજનોને કર્યું એ રસ કોઈ ગોપીના નેત્રમાંથી પ્રગટ થયો, કોઈના કપોલમાથી પ્રગટ થયો, કોઈની વાણીમાંથી પ્રગટ થયો, આમ જ્યાં બધા અલગ અલગ રસો પ્રગટ થયા એ રાસ છે. આમ શ્રીગોપાલદાસજીએ વૃંદાવનનું અને રાસનું વર્ણન કર્યું. જ્યાં જ્યાં રાસ થાય, રાસની ચર્ચા થાય, ત્યાં વૃંદાવન છે અને શ્રીઠાકોરજી રાસ કરી રહ્યા છે.

આજે અહીં રાસની કથા છે, ગોલોકધામનું વર્ણન છે અને ગોપાલદાસજીએ આપણને ગોલોકધામમાં પહોંચાડ્યા છે. શ્રીગુસાંઈજીની કૃપાથી આ દર્શન આપણને થયાં છે. ત્યારે નિશ્ચિતપણે માનજો કે અહીં બેઠેલા વૈષ્ણવો તેમના આધિદૈવિક સ્વરૂપે ત્યાં હશે જ.

વૈષ્ણવના ત્રણ સ્વરૂપો છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. આધિભૌતિક એટલે કે બ્રહ્મસંબંધ પહેલાંનું. આધ્યાત્મિક એટલે બ્રહ્મસંબંધ પછીનું અને પ્રત્યેક વૈષ્ણવનું એક આધિદૈવિક સ્વરૂપ પ્રભુની લીલામાં રાસમાં વિદ્યમાન છે. કિશોરીબાઈની આગળ જ્યારે શ્રીગુસાંઈજીએ રાસનું પદ ગાયું અને

કિશોરીબાઈના હૃદયમાં રાસના ભાવ સ્ફુરિત થયા, ત્યારે તેમણે શું જોયું? તેમણે જોયું કે સામે શ્રી ઠાકોરજી રાસ કરી રહ્યા છે. અનેક મંડળોની રચના કરીને પ્રભુ રાસ કરે છે. તેમાં ગોપીજનોના એક મંડળની વચમાં કિશોરીબાઈને પોતાનાં પણ દર્શન થયાં.

ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું : પ્રત્યેક વૈષ્ણવનું એક સ્વરૂપ પ્રભુજીની રાસલીલામાં છે. જેટલા જીવો છે, તે બધા પ્રભુની લીલામાંથી વિખુટા પડેલા છે, તેથી જ પ્રભુના અનેક રાસમંડળોમાંથી કોઈ એક મંડળમાં અહીં બેઠેલા પ્રત્યેક વૈષ્ણવનું એક આધિદૈવિક સ્વરૂપ બિરાજમાન છે. એ રાસનો અનુભવ આપણે અહીં કરીશું ત્યારે કદાચ પ્રભુ કૃપા કરે તો આપણા એ આધિદૈવિક સ્વરૂપનો આપણને અનુભવ થાય પણ ખરો.

'અનેક રાસમંડળ રચી ખેલે શ્રી નંદકુમાર' અહીં 'ખેલે' શબ્દ વાપર્યો છે. કોઈ નાનું બાળક હોય, તેની આસપાસ જલથી ભરેલાં પાત્રો હોય, એ પાત્રોમાં બાળક પોતાનું સ્વરૂપ જોઈને જેવી રીતે એની સાથે ખેલે એવી લીલા એટલે રાસલીલા. અને ખેલે શબ્દ એટલા માટે કે પ્રભુ આ જે કરી રહ્યા છે તે શું છે? પ્રભુની લીલા છે. પ્રભુનો જ્યારે વિવાહ ઉત્સવ હોય ત્યારે શું કહેવાય! વિવાહ ખેલ. ઠાકોરજીનો જ્યારે વિવાહ હોય ત્યારે એને ખેલ કહેવાય? છતાં આપણે કહીએ છીએ કે વિવાહખેલનો ઉત્સવ છે. મનોરથ છે. કેમ? માણસ વિવાહ કરે ત્યારે તે બંધાય પણ શ્રીઠાકોરજી જે કરે છે તે શું કરે છે? માત્ર અને માત્ર પોતાના નિજજનોના મનોરથ પૂર્ણ કરવા માટે જે પ્રભુ કરે છે તે લીલા કહેવાય. એ લીલા બતાવવા માટે કહ્યું 'ખેલે શ્રીનંદકુમાર' એ નિષ્કામ અને નિર્દોષ લીલા બતાવવા માટે અહીં 'ખેલે' શબ્દ વાપર્યો છે.

આપણે ત્યાં દાનલીલા, માનલીલા, રાસલીલા એ બધી લીલાઓ નિત્ય છે. એ બતાવવા માટે આગળ કહ્યું :

એણી પેરે નિત્ય નવલી લીલા,
ઘોષ વાદ્ય ઝંકાર.
અંગે સ્વેદ મકરંદે મોહ્યા,
મધુપ કરે ગુંજાર....૧૪

રાસલીલાની અવધિ કેટલી? કહે છે એણી પેરે નિત્ય નવલી લીલા. આ વૃંદાવન ધામમાં, ગોલોકધામમાં પ્રભુ અનેક અનેક નવલી લીલા નિત્ય કરી રહ્યા છે. સ્થલલીલા, જલલીલા, વનલીલા કરે છે,એમ અનેક અનેક પ્રકારે લીલા કરે છે, ઘોષ વાદ્ય ઝંકાર – હમણાં જે પક્ષીઓનું વર્ણન થયું, જે વૃક્ષો ઉપર બેઠાં છે, એ પ્રભુની લીલાનાં દર્શન કરવા પ્રયત્ન કરી રહ્યાં છે, પણ એમને દર્શન થતાં નથી. કેમ? એ કૃપાબળથી પ્રભુને પામવાનો પ્રયત્ન નથી કરી રહ્યાં, પણ સાધનબળથી એમને પામવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. જેટલાં પણ ત્યાં વૃક્ષો છે, એ વેદો છે. એની જેટલી પણ શાખા છે, એ વેદની અલગ અલગ શાખા છે. એનો આશ્રય કરીને પોતાના જ્ઞાનથી પ્રભુને પામવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. એમને પ્રભુના દર્શન ધતાં નથી, હજારો ગોપીજનો છે, હજારો હજારો મંડળ રચીને પ્રભુની સાથે નૃત્ય-રાસ કરી રહ્યાં છે, પણ ઉપર બેઠેલાં પક્ષીઓને માત્ર-ઘોષ વાદ્ય ઝંકાર-શ્રીઠાકોરજીના અને ગોપીજનોના નૃત્ય કારણે તેમના

આભૂષણોનો જે ઝંકાર થાય, એ ઝંકાર જ પક્ષીઓ સાંભળી શકે છે.

જે પક્ષીઓ છે, તે પ્રભુનાં દર્શન કરવાનો વિચાર કરે છે. ગોપાલદાસજીએ કહી દીધુંઃ અહીં પ્રભુ છે, રાસમંડળો છે, પ્રભુ રાસ ખેલી રહ્યા છે, પણ એનાં દર્શનનો અધિકાર એ પક્ષીઓને નથી, એ ઉપર બેઠાં બેઠાં માત્ર નૃત્યનો, ક્યારેક ઝાંઝ પખાવજ જેવા વાદ્યોનો અવાજ સાંભળે છે, ત્યારે એ વિચાર કરે છે કે અહીં કંઇક થઇ તો રહ્યું છે, પ્રભુની કોઇક લીલા અહીં થઇ રહી છે, પણ માત્ર આભૂષણોનો ઝંકાર કે વાદ્યોનો ઝંકાર સંભળાય છે. દર્શનનું સુખ કે રાસલીલાનું સુખ એમને મળી શકતું નથી.

શ્રીઠાકોરજી રાસ કરી રહ્યા છે ત્યારે રાસ કરતાં કરતાં આપને એટલો આનંદ આવ્યો કે એ આનંદ એમના મસ્તક ઉપર શ્રમજલ બિંદુ સ્વરૂપે પ્રગટ થયો. એ શ્રમજલબિંદુ વહેતાં વહેતાં નેત્રો પાસે આવ્યાં, ત્યારે નેત્રોમાં લગાવેલો કાજલનો રંગ એમાં ભળ્યો, ત્યારે એ બિંદુઓ શ્યામ થયાં, એ જલ વહેતું વહેતું અધર પાસે આવ્યું ત્યારે પ્રભુ જે પાન આરોગી રહ્યા હતા, એ અધરોનું પીક એમાં ભળ્યું અને એ જલબિંદુ રક્તશ્યામ બન્યાં. એ શ્રમજલ આખા શ્રીઅંગ ઉપરથી વહેતાં વહેતાં જ્યારે ચરણ પાસે આવ્યું, ચરણની રજ એમાં ભળી અને એ ચરણામૃત થયું અને એ જલ વહેતું વહેતું બહાર આવ્યું એ જ શ્રીયમુનાજી. શ્રીયમુનાજીનું આ આધિદૈવિક સ્વરૂપ છે.

શ્રીગિરિરાજજીનું પ્રાકટ્ય ગોલોકધામમાં કેવી રીતે થયું હતું તે આપણે જોઇ ગયા. શ્રીયમુનાજીનું પ્રાકટ્ય ગોલોકધામમાં આ રીતે થયું, જે આનંદ પ્રભુના શ્રીઅંગમાં શ્રમજલ રૂપે પ્રગટ્યો, એ શ્રમજલબિંદુમાં નેત્રનું કાજલ ભળતાં, શ્યામ થયું અને નેત્રામૃત બન્યું, જ્યારે અધર પાસે આવ્યું ત્યારે અધરની પીક ભળીને એ પ્રભુનું અધરામૃત થયું. એ જલ જ્યારે ચરણ પાસે આવ્યું ત્યારે ચરણની રજ ભળતાં ચરણામૃત થયું. તેથી શ્રીયમુનાજીનું સ્વરૂપ કેવું? જેમાં પ્રભુનું નેત્રામૃત, અધરામૃત અને ચરણામૃત છે, એ જ શ્રીયમુનાજી.

રાસ કરતાં જે આનંદ શ્રમજલ રૂપે પ્રગટ થયો તે માટે કહ્યુંઃ 'અંગ સ્વેદ મકરંદે મોહ્યા મધુપ કરે ઝંકાર'– જ્યારે કોઇ લૌકિક વ્યક્તિ હોય અને એને પરસેવો થાય, શ્રમજલ રૂપે આવે તો એની શોભા બગડે પણ જ્યારે પ્રભુની ઉપર શ્રમજલ આવે તો એની શોભા ઓર વધે. કારણ કે કમલની સુગંધથી આકર્ષાઇને એની પાસે ભ્રમર ક્યારે આવે? જ્યારે એનો મકરંદ ફેલાય, એમ શ્રીઠાકોરજીનું મુખ કમલ જેવું છે, એમાં જ્યારે શ્રમજલ આવ્યું ત્યારે એવું થયું કે જાણે એ મુખકમલમાં મકરંદ પ્રગટ્યો. એમાંથી એવી સુંગધ ફેલાઇ કે એ સુગંધથી લુબ્ધ બનેલાં લોભી ભ્રમરો વિચારવા લાગ્યા કે આટલા સમયથી વનમાં ગુંજારવ કરીએ છીએ, અનેક સરોવરમાં ગયા, અનેક કમળોનો રસ લીધો પણ આ અલૌકિક સુગંધ ક્યાંથી આવી રહી છે? જેની સુગંધથી અસમર્થ બની અમે એ તરફ જાણે ખેંચાયા જ કરીએ છીએ, ખેંચાયા જ કરીએ છીએ. આ અદ્ભુત કમળ કયું છે? ભ્રમરો આવ્યા અને શ્રીઠાકોરજીના મસ્તક ઉપર જે શ્રમજલબિંદુ છે, જેમાંથી કમળની સુંગધ આવી રહી છે, સર્વત્ર વ્યાપી

રહી છે, ત્યાં આવીને ગુંજારવ કરવા લાગ્યા. કહે છે કે હંમેશા કમળ જળમાં ખીલતું હતું,આજે પહેલું કમળ એવું જોયું કે જે વનમાં ખીલ્યું છે, ભ્રમરો મત્ત બનીને એની આસપાસ ગુંજારવ કરી રહ્યા, તેથી વર્ણન કર્યું કે 'અંગસ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર.'

'એણે પેરે નિત્ય નવલી લીલા.' એમ કહ્યું કારણ કે પ્રભુ ગોપીજનો સાથે વિહાર કરી રહ્યા છે. પ્રભુની લીલા નિત્ય નવી છે, કારણ કે પ્રેમ–ભક્તિ શું છે? પરમ પ્રેમ કોને કહેવાય? જે પ્રેમની અંદર બધી વસ્તુ આવી જાય, એને પરમ પ્રેમ કહેવાય. જ્યાં ખાલી મીઠી મીઠી વાતો જ હોય, એને નહીં. ક્યારેક ક્યારેક થોડો કલહ થાય, ક્યારેક એકબીજાને થોડુંક સંભળાવવાનું પણ થાય, ત્યારે એ પ્રેમ પુષ્ટ થયો કહેવાય. જેની અંદર બધા રસ આવી જાય, એ પરમ પ્રેમ. જ્યારે પ્રભુ રાસ કરે ત્યારે ગોપીજનોના મનોરથ પૂરા કરે, જ્યારે દાન લેવા માટે જાય ત્યારે ગોપીજનો બેચાર વાતો સંભળાવે પણ ખરાં અને એ વખતે પ્રભુને સાંભળવું ગમે પણ ખરું. જ્યારે હોળીખેલની લીલા હોય ત્યારે ગોપીજનો 'ગારી' ગાય, ઠાકોરજીને ગાળો આપે, ઠાકોરજીને એ પણ મીઠી લાગે. મોટા મોટા ઋષિમુનિઓ હજારો વર્ષો તપ કરે, વિદ્વાનો મોટા મોટા સ્તોત્ર રચીને સ્તુતિ કરે, એનાથી ન રીઝે પણ ગોપીઓની 'ગારી'થી રીઝીને પ્રભુ આવી જાય, કારણ કે પ્રભુની નિત્ય નવીન લીલાઓ છે. નવલી લીલા છે. એ નવલી એટલા માટે છે કે એમાં બધા રસ છે. એમાં સખ્ય રસ છે, માધુર્ય છે, દાસ્ય રસ છે, રૌદ્ર પણ છે. દરેક પ્રકારના રસ જેમાં છે તે પ્રેમ પરમ પ્રેમ કહેવાય, પુષ્ટ પ્રેમ કહેવાય. આવી લીલા કરી કરીને પ્રભુ ગોપીજનોને સુખ આપી રહ્યા છે.

રાસ કરતાં કરતાં જ્યારે બધા ભ્રમરો પ્રભુની આસપાસ ગુંજારવ કરી રહ્યા છે ત્યારે એ સમયે પ્રભુના મનમાં એક મનોરથ જાગ્યો. પ્રભુ ક્યાં છે? રાસમંડલમાં. શું કરી રહ્યા છે? રાસ. હજારો હજારો ગોપીજનોના મંડલ મધ્યે રાસ ખેલતાં ખેલતાં જ્યારે પોતાના શ્રમજલરૂપી મકરંદથી ખેંચાઈ ભ્રમરોને પોતાની પાસે આવતા જોયા, ત્યારે પ્રભુને કોઈકની યાદ આવી, એક મનોરથ જાગ્યો.

આપણને થાય કે રાસ ખેલતાં ખેલતાં શું મનોરથ જાગ્યો હશે? ત્યારે એનું વર્ણન કરતાં ગોપાલદાસજી આગળ ગાય છે.

એ પ્રભુને મન ઈચ્છા ઉપની,
યશ થાવા વિસ્તાર,
અધિકારી પાખે એ વાણી,
નહિ કોને ઉચ્ચાર....૧૫

રાસ કરતાં કરતાં પ્રભુના મનમાં એ મનોરથ જાગ્યો કે જે રસનો આનંદ, જે સુખ આ ગોપીજનો લઈ રહ્યાં છે, મારી કૃપાનો અનુભવ જે આ ગોપીજનો કરી રહ્યાં છે, એ મારા યશનો વિસ્તાર જગતમાં કરવો છે. જે રાસનું સુખ ગોપીજનોને આપ્યું, એ લીલાનો જગતમાં વિસ્તાર કરવાનું મન પ્રભુને થયું.

મારી આ કૃપાનો અનુભવ જગતમાં દૈવી જીવો પણ કરે એવો મનોરથ પ્રભુને જાગ્યો. જે છે તો મારા આ રાસમંડલના, પણ વિખૂટા પડ્યા છે, એમને પણ આ રાસલીલાનું સુખ મળે. આ લીલાનું વર્ણન

કોણ કરી શકે? પ્રભુ કહે છેઃ મોટા મોટા જ્ઞાનીને પણ મોકલું તો એ પણ સાંભળેલું બોલશે, કારણ મારી લીલાને મારા સિવાય બીજું કોઈ જાણી શકતું નથી, માત્ર હું જ તેને જાણું છું. મારે મારા આ યશનો વિસ્તાર કરવો છે.

મારે મારું વર્ણન કરવું છે. મારી લીલાનું વર્ણન કરવાનું સામર્થ્ય મારા સિવાય કોઈની પાસે નથી, યદિ હું મારું જ સ્વરૂપ લઈને પ્રભુ સ્વરૂપે અવતાર ધારણ કરું, પછી મારી લીલાના યશોગાન કરું તો એ અયોગ્ય લાગે, પણ હું જ્યારે કોઈ આચાર્ય સ્વરૂપે જઈને મારા આ યશનું વર્ણન કરું, તો એ વર્ણન જીવો સુધી પહોંચે.

પ્રભુનું વર્ણન કરવાનું સામર્થ્ય પ્રભુ સિવાય કોઈની પાસે નથી, પ્રભુનાં સ્વામિનીજી અને પ્રભુ પોતે એ બે જ આ લીલાને જાણે, માટે પ્રભુએ એ વખતે સ્વામિનીજીને કહ્યું : 'મારા સુખનો વિચાર આપના સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી, મારી લીલાને જાણવા કે સમજવા બીજું કોઈ સમર્થ નથી, જો કોઈ જાણી શકે છે તો તે આપ છો. મારી લીલાનું વર્ણન કોઈ કરી શકે તો તે આપ છો. મારા યશનું વર્ણન માત્ર આપ જ કરી શકશો. મારા મનમાં મનોરથ જાગ્યો છે કે મારી આ લીલાનો વિસ્તાર જગતની અંદર પણ થાય, તો હું આપને વિનંતી કરું છું કે આપ ભૂતલ પર પધારો અને ત્યાં મારા યશનો વિસ્તાર કરો.'

પ્રભુના મનમાં વિચાર જાગ્યો અને આપે શ્રીમુખે શ્રીસ્વામિનીજીને આજ્ઞા કરી. સાથે સાથે એ પણ કહ્યું કે આપનું જે કાર્ય બાકી રહેશે તે આપના જ મુખારવિંદ સ્વરૂપ શ્રી ચંદ્રાવલીજી ભૂતલ ઉપર પ્રગટ થઈને પૂર્ણ કરશે. આપણે ત્યાં જે અષ્ટયામ સેવા છે, બારમાસી સેવા છે. તે શું છે? રાસના બાર અંગો છે, રાસના બાર અંગોને અનુરૂપ જ આપણી આ બારમાસી સેવા છે.

પુષ્ટિજીવો કોણ છે? પુષ્ટિજીવોનું લક્ષ્ય શું? તો કહેવાય છે કે લઘુરાસથી લઈ મહારાસ સુધીની યાત્રા એ આપણા પુષ્ટિજીવોનું મૂળ લક્ષ્ય છે. આ જે વૈષ્ણવ સૃષ્ટિ દેખાય છે એ કઈ છે? લઘુરાસની. લઘુરાસની એટલે કઈ સૃષ્ટિ કે જેની અંદર જાણે - અજાણે કોઈ મદ આવ્યો તો એને છોડીને પ્રભુ પધારી ગયા.

જાણે અજાણે આપણી અંદર કોઈક અભિમાન આવે ત્યારે પ્રભુ આપણને છોડીને પધારી જાય. તેથી જ જ્યારે કોઈ પૂછે કે શું કરીએ તો પ્રભુ મળે? હું કહું કે એમ ન પૂછો કે શું કરીએ તો પ્રભુ મળે, પણ એમ વિચારો કે હું શું કરી રહ્યો છું, જેથી પ્રભુથી દૂર ને દૂર જઈ રહ્યો છું. પ્રભુ તો મળેલા જ હતા. પણ મળેલા પ્રભુને આપણે પામી શક્યા નથી, કારણ કે કોઈને કોઈ મદ આપણી અંદર આવ્યો અને પ્રભુ આપણને છોડીને પધાર્યા.

હાલના વૈષ્ણવની દશા કેવી છે? લઘુરાસમાંથી પ્રભુ પધારી ગયા અને મળેલા પ્રભુને ગોપીજનો ગુમાવી બેઠાં, ત્યારે ગોપીજનો જેમ વૃક્ષોની પાસે જઈને પૂછે કે તમે અમારા શ્યામને જોયા છે? લતાપતાઓને પૂછે કે શું તમે અમારા શ્યામને જોયા છે? એવી રીતે આ વૈષ્ણવસૃષ્ટિ પણ એવી છે કે કેટલીયેવાર સાંભળ્યું હોય, સત્સંગ કર્યો હોય પણ જ્યારે પણ અવસર મળે ત્યારે ભાગતા ભાગતા આવી જાય, યાત્રામાં જાય, દર્શન કરવા જાય, ચાહે

જાણતા હોય કે ન જાણતા હોય કે કઈ વસ્તુ મને આમ લઈ જઈ રહી છે.

આપણે સત્સંગમાં એમને એમ વારે વારે આવતા નથી. સાંભળેલું હોય તો પણ કેમ પૂછીએ છીએ? કારણ કે અંદરની કોઈક ગોપી પૂછવા માગે છે કે શું મારા શ્યામ અહીંયા તો નથી આવ્યા ને? અહીંથી તો નથી ગયા ને? અહીં થઈને તો નથી પધાર્યા ને? માટે જ આપણે ઘણીવાર યાત્રાઓમાં જઈએ, બેઠકજીમાં જઈએ, જ્યાં જ્યાં સત્સંગની વધાઈ મળે ત્યાં જઈએ, કારણ કે અંદરની ગોપી આપણને ખેંચીને લઈ જાય છે, ઈચ્છા ન હોવા છતાં પણ ખેંચીને લઈ જાય છે.

આપણે એ પણ જાણીએ છીએ કે ગોપીઓ શોધતી શોધતી પ્રભુની પાસે ગઈ તો એમણે જોયું કે પ્રભુ એકલા નથી પધાર્યા પણ પોતાની સાથે કોઈ એક સખીને લઈને પધાર્યા છે. કેટલાક કહે છે એ હતાં શ્રી રાધાસહચરીજી. આપણે એક અર્થમાં એમને સ્વામિનીજી સ્વરૂપે રાખીએ કે સ્વામિનીજીને લઈને પ્રભુ પધાર્યા. આપણે એ પણ જાણીએ છીએ કે જ્યારે ગોપીઓ પ્રભુને શોધવા ગઈ, ત્યારે જોયું કે પ્રભુ સ્વામિનીજીને લઈને પધારી ગયા હતા પણ સ્વામિનીજી એમની સાથે ગયાં નહિ. એવી લીલા કરી કે તેઓ રોકાઈ ગયાં. કઈ લીલા? બધાં ગોપીજનોની મધ્યમાંથી શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીને એટલે કે બધા વૈષ્ણવોની મધ્યમાંથી શ્રીઠાકોરજી શ્રીવલ્લભને લઈને ગયા, પણ આપે કહ્યું કે પ્રભુ, આપ મને એકલાને સુખ આપો, એવું મારે ન જોઈએ, મારે આપનું સુખ જોઈએ, પણ ત્યારે જોઈએ જ્યારે મારા બધા વૈષ્ણવો મારી પાસે હોય.

આમ સ્વામિનીજી રોકાઈ ગયાં અને ગોપીજનો શોધતાં શોધતાં તેમની પાસે ગયાં, એ રીતે શ્રીવલ્લભ સ્વરૂપે સ્વામિનીજીનો સંબંધ એ જીવોને થયો ત્યારે પૂછે છે કે અમે પ્રભુને ક્યાં શોધીએ? પ્રભુ અમને છોડીને પધારી ગયા છે. ક્યાં મળશે?

ત્યારે કહ્યું કે પ્રભુ બીજે મળે કે ન મળે પણ શ્રીયમુનાજીના તટ પર તો પ્રભુ નિત્ય બિરાજે છે. ત્યાં જીવનો સંબંધ પ્રભુ સાથે થશે. અને જે પહેલો ગ્રંથ રચાયો તે શ્રીયમુનાષ્ટક, શ્રીવલ્લભે આપણને શ્રીયમુનાજીના તટ ઉપર લાવીને મૂકી દીધા છે. હવે આપણું કામ છે રૂઠેલા પ્રિયતમને મનાવવાનું. ઠાકોરજીની સેવા તો કરીએ છીએ પણ હજી ઠાકોરજી બોલતા નથી, કોઈ આજ્ઞા કરતા નથી, કોઈ પ્રગટ અનુભવ કરાવતા નથી, તો માનવું કે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી શ્રીયમુનાજીના તટ ઉપર તો લાવી દીધા છે, પણ હજી પ્રિયતમ રૂઠેલા છે.

જેમ ગોપીઓએ ગોપીગીત ગાઈને પોતાના રૂઠેલા પ્રિયતમને મનાવ્યા એમ આપણી સેવાથી, ટહેલથી આપણા રૂઠેલા પ્રિયતમ પ્રભુ રીઝી જાય અને મહારાસમાં આપણો પ્રવેશ થાય એ જ આપણા વૈષ્ણવોનું લક્ષ્ય છે, પરમ ફલ છે. તો લઘુરાસથી લઈને મહારાસ સુધી જવું એ જ વૈષ્ણવી જીવનનું સાર્થક્ય છે.

પ્રભુની વાણી કેવી છે? 'અધિકારી પાખે એ વાણી નહિ કોને ઉચ્ચાર' હું ઘણી વાર કહું છે કે શ્રીમહાપ્રભુજીની વાણી એવી છે કે જે આપણા

પુરુષાર્થથી કે આપણા જ્ઞાનથી સમજી ન શકાય. મોટા મોટા ગ્રંથ વાંચનારાને જોયા છે, પણ સૌરાષ્ટ્રના ગામડામાં જઈએ, ત્યાં વૈષ્ણવો ખેતી કરતા હોય, લખતાં-વાંચતા પણ ન આવડતું, હોય છતાં સ્તોત્ર-પાઠ એવા ઉચ્ચારથી બોલે કે આપણને થાય કે આ ક્યાં શીખ્યા હશે? શ્રીમહાપ્રભુજીની વાણી એમને એવી આત્મસાત થઈ ગઈ હોય. શ્રીમહાપ્રભુજીની વાણી આપણા સામર્થ્યથી કે સાધનથી સમજી ન શકાય, શ્રીમહાપ્રભુજીની કૃપા થાય એને જ એ વાણી ફલિત થાય. શ્રીમહાપ્રભુજીની વાણી તો સ્વરૂપાત્મક છે. શ્રીમહાપ્રભુજીની વાણી શું છે? શ્રીમહાપ્રભુજીનું મુખ કમલ અને એમાંથી નીકળતા એક એક શબ્દ, એ કમળમાંથી પ્રકટ થતું મકરંદ છે. કમલમાંથી પ્રગટ થયેલ મકરંદ જ્યાં પડે ત્યાં એક ઓર કમલ ખીલવે એમ શ્રીમહાપ્રભુજીની વાણી પણ એ મકરંદ જેવી છે. જેના હૃદયમાં સ્ફુરિત થાય એના હૃદયમાં બીજું કમળ ખીલવે. સાચા અર્થમાં શ્રીમહાપ્રભુજીની વાણી સમજમાં ક્યારે આવે? અનન્યતા, જેવી અલૌકિક પ્રીતિ શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજી માટે છે, બરાબર એવી જ પ્રીતિ, એવી જ અનન્યતા આપણને પણ આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં થાય ત્યારે શ્રીમહાપ્રભુજીની વાણીમાં સમજ પડે. એના વિના ગમે તેટલા પ્રયત્ન કે સાધન કરીએ પણ એ નહિ સમજાય.

શ્રીમહાપ્રભુજીએ જે આજ્ઞા કરી છે એ પ્રમાણે આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીની અંદર અનન્યતા થાય, દૃઢતા થાય, એમના ચરણોને દૃઢતાથી પકડીને બેસીએ ત્યારે સાચા અર્થમાં શ્રીમહાપ્રભુજીની વાણી ફલિત થાય. માટે કહ્યું:

'અધિકારી પાખે એ વાણી નહિ કોને ઉચ્ચાર'
અધિકારી જનો છે એ જ આ વાણીને જાણી શકે.

પ્રભુએ વિચાર કર્યો કે મારા યશનો વિસ્તાર કરવો છે, પણ વિસ્તાર થશે કોનામાં? એને માટે મારે સૃષ્ટિનું પ્રાગટ્ય પણ કરવું પડશે. દિવ્ય દૃષ્ટિ ગોપાલદાસને આપી, તેથી તેમણે સૌથી પહેલાં ગોલોક ધામનાં દર્શન કર્યા. પછી એ જોયું કે શ્રીઠાકોરજીના મનમાં મનોરથ જાગ્યો છે કે મારા યશનો વિસ્તાર કરું, પણ એ વિસ્તાર કોની વચ્ચે કરું? એને માટે સૃષ્ટિ પ્રકટ કરવાનો વિચાર કર્યો. આ બાબત ગોપાલદાસજી ૧૬ મી કડીમાં બતાવે છે.

ભ્રૂભંગેથી સૃષ્ટિ નીપજી,
અતિ સુંદર બ્રહ્માંડ,
ચૌદ લોક નાના વૈચિત્ર્યે,
ભૂમંડલ નવખંડ....૧૬

જ્યારે પ્રભુના મનમાં યશનો વિસ્તાર કરવાનો વિચાર આવ્યો ત્યારે પ્રભુએ ભ્રૂભંગ એટલે કે એક વાર આંખનો પલકારો કરીને, આંખ બંધ કરીને ખોલી એટલી વારમાં ચૌદ લોકની સૃષ્ટિ ઉત્પન્ન કરી. આંખના પલકારામાં બ્રહ્માંડ, ચૌદલોક, સાત પાતાળ, નવખંડવાળી પૃથ્વી ઉત્પન્ન કરી. અહીં કવિ ચૌદ લોક માટે કંઈ નથી કહેતા, પણ બ્રહ્માંડ માટે કહે છેઃ 'અતિ સુંદર બ્રહ્માંડ' ગોપાલદાસજી કહે છે કે ભલે પ્રભુએ ચૌદ લોક પ્રગટ કર્યા પણ મને તો સૌથી સુંદર આ બ્રહ્માંડ લાગે છે, કારણ કે પ્રભુની સેવાનું સુખ યદિ ક્યાંય છે તો આ બ્રહ્માંડમાં છે. આ પૃથ્વીલોકમાં છે. એનાથી વધીને પ્રભુની સેવાનું સુખ બીજે ક્યાંય ન મળે.

પ્રભુએ સૌથી પહેલાં ચૌદલોક પ્રગટ કર્યા. પછી વિચાર કર્યો કે આ લોકમાં રહેવાવાળા લોકો પણ જોઈશે. તો કોને પ્રગટ કરું? પ્રભુએ જે નક્કી કર્યુ તે ગોપાલદાસજી ૧૭ મી કડીમાં કહે છે.

પર પોતાની વ્યકિત કરેવા,
સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર.
દૈવી આસુરી બે ઉપજાવી,
પ્રભુ મન કરીને વિચાર....૧૭

ભગવાને ચૌદ લોક-બ્રહ્માંડનું સર્જન કર્યા પછી તેમાં રહેવાવાળા જીવોને પ્રગટ કર્યા. 'પર પોતાની વ્યક્તિ કરવા સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર.' પ્રભુએ મનમાં વિચાર કર્યો કે મારે તો મારી અભિવ્યક્તિ કરવી છે. મારે ભૂતલમાં અનેક કાર્યો કરવાં છે. સૌથી પહેલાં વિચાર કર્યો કે મારી સેવાનો માર્ગ, જે રાસને આધારિત છે, તે પ્રગટ કરવો છે. મારો યશ પ્રગટ કરવો છે. યશ કેવી રીતે પ્રગટ કરવો? શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થો પ્રકટ કરી, વિરહાત્મક ભક્તિ પ્રકટ કરીને કરવો છે. જ્યાં સુધી વિરહાત્મક ભકિત પ્રગટ ન થાય ત્યાં સુધી રાસનો અનુભવ કેવી રીતે થાય?

નિજજનોને શરણમાં લઈને, પૃથક શરણમાર્ગ પ્રકટ કરીને ભગવાને પોતાનો યશ આ જગતમાં વિસ્તાર કરવાનો વિચાર કર્યો. આ બધા માટે પ્રભુએ બે પ્રકારની સૃષ્ટિ પ્રગટ કરી. જો બધા સારા માણસો જ પ્રગટ થઈ જાય તો પછી સારા કહેવાશે કોણ? માણસ સારા ત્યારે કહેવાય જ્યારે એની સામે કોઈ ખરાબ હોય. માણસ ગુણવાન ક્યારે કહેવાય? જ્યારે બીજા બધા અવગુણી હોય ત્યારે.

પ્રભુએ વિચાર કર્યો કે મારે તો મારા દૈવી જીવોના માહાત્મ્યને પ્રગટ કરવું છે. 'દયયા નિજમહાત્મ્યં કરિષ્યન્ પ્રગટં હરિઃ' પ્રભુએ પોતાનું મહાત્મ્ય પ્રગટ કરવાનો વિચાર કર્યો. આ નિજ મહાત્મ્ય એટલે શું? નિજ એટલે પોતાનું માહાત્મ્ય અને જે પોતાના છે એમનું માહાત્મ્ય. પ્રભુએ આ બંને વસ્તુ પ્રગટ કરવાનો વિચાર કર્યો. પોતાનું માહાત્મ્ય અને પોતાનાં છે એમનું પણ માહાત્મ્ય. બંનેનું માહાત્મ્ય પ્રગટ કરવા પોતે પધાર્યા. તે માટે પ્રભુએ સૃષ્ટિ પણ બે પ્રકારની પ્રગટ કરી. એક દૈવી અને બીજી આસુરી સૃષ્ટિ, કારણ કે નિજજનોનું માહાત્મ્ય ત્યારે વધશે કે જ્યારે એનો વિરોધ કરવાવાળા પણ હશે. દૈવી જીવોને તકલીફ આપવાવાળી આસુરી સૃષ્ટિ ત્યાં હશે ત્યારે દૈવી જીવોનું માહાત્મ્ય વધશે.

આસુરી સૃષ્ટિ ગોપાલદાસજી એને કહે છે જે શ્રીવલ્લભના સ્વરૂપને જાણી ન શકી. શ્રીગુસાંઈજીના સ્વરૂપને જાણી ન શકી. પ્રભુની લીલામાં જ્યારે સંશય થવા લાગે ત્યારે એને આસુરી જીવ જાણવો. પ્રભુ આવું કરે? પ્રભુની લીલા આવી હોય? આવા સંશય કરનાર સૃષ્ટિ આસુરી છે. કારણ પ્રભુ તો પરમ સત્ય છે. એ જે કરે એ સત્ય જ હોય. પૂર્વ દિશામાં સૂર્ય ઊગે એવું નહિ પણ સૂર્ય જ્યાં ઊગે એને પૂર્વ દિશા કહેવાય. જે સત્ય હોય એમ પ્રભુએ કરવું જોઈએ એમ નહિ, પ્રભુ જે કરે તે સત્ય જ હોય, એવો ભાવ જાગે એ સાચા અર્થમાં દૈવી જીવ કહેવાય.

ભગવાને યુધિષ્ઠિરને કહ્યું કે 'અશ્વત્થામા મરાયો' એમ કહી દો. યુધિષ્ઠિર વિચારે છે કે આમ

કહું કે ન કહું? એ તો હતા સત્યવાદી. ભગવાને એમને જૂઠું બોલવાનું કહ્યું. જૂઠું બોલવું કે ન બોલવું? યુધિષ્ઠિર બોલ્યા તો ખરા કે 'અશ્વત્થામા હતઃ' પણ પછી બોલ્યા કે 'નરો વા કુંજરો વા' અને જે યુધિષ્ઠિરનો રથ જમીનથી ઉપરથી ચાલતો હતો એ જમીનને અડીને ચાલવા લાગ્યો.

યુધિષ્ઠિર ભગવાનને કહે છેઃ 'જુઓ, તમે મને આ જૂઠું બોલવાનું કહ્યું અને હું બોલ્યો, તેથી મારો રથ જમીનથી ઉપર ચાલતો હતો તે જમીનને અડીને ચાલવા લાગ્યો. તમે મને જૂઠું બોલવાનું કેમ કહ્યું?'

પ્રભુ કહે છેઃ 'આ વાત તું મને ન પૂછ. ઉદ્ધવજી પાસે જા.' યુધિષ્ઠિર ગયા ઉદ્ધવજી પાસે. કહે છેઃ 'જુઓ, ભગવાને કેટલો મોટો અન્યાય કર્યો છે. મને જૂઠું બોલવાનું કહ્યું. હું બોલ્યો 'અશ્વત્થામા હતઃ' અને મારો રથ જમીનને અડીને ચાલવા લાગ્યો.'

ઉદ્ધવજીને હસવું આવી ગયું. કહે છેઃ 'તું શું એમ માને છે કે તું જૂઠું બોલ્યો એને કારણે તારો રથ જમીનને અડીને ચાલવા લાગ્યો છે? અરે, ભગવાન તો સત્ય છે. એ તો જે બોલે એ સત્ય જ થઈ જાય. ભગવાને તને જે બોલવાનું કહ્યું એને કારણે નહિ પણ ભગવાને તને કહ્યું, એમાં તને સંશય થયો અને તારી બુદ્ધિથી તેં એમાં ઉમેર્યું કે 'નરો વા કુંજરો વા' આથી પરમ સત્યનું ખંડન થયું. એ ખંડન થવાને કારણે તારું વાક્ય અસત્ય થયું, માટે તારો રથ જમીનને અડીને ચાલવા લાગ્યો.'

આમ ભગવાને બે પ્રકારની સૃષ્ટિ બનાવી. દૈવી અને આસુરી. બે પ્રકારના જીવોને મોકલ્યા. એક પ્રકારના જીવોને એવી રીતે મોકલ્યા કે જે પુષ્ટિબીજ લઈને આવ્યા. બીજા પ્રકારના પુષ્ટિબીજ વગર આવ્યા. આપણે જોઈએ છીએ કે કેટલાક જીવોને સન્મુખ કરવા આપણે કેટલા કેટલા પ્રયત્ન કરીએ પણ સન્મુખ થાય જ નહિ અને બીજા કેટલાકને વિમુખ કરવા પ્રયત્ન કરીએ પણ વિમુખ થાય જ નહિ. આ શું છે? આપણે કહીએ કે ઠાકોરજી સન્મુખ બેસો, પણ કોણ બેસી શકે? જેને શ્રીઠાકોરજીએ પોતાની સેવા માટે આ ભૂતલ ઉપર પ્રગટાવ્યા છે એ.

જેમ કોઈને ઈલેક્ષનમાં ઊભા રહેવું હોય તો એને માટે પહેલી શરત એ કે એ દેશનો નાગરિક હોવો જોઈએ. એ રીતે શ્રીઠાકોરજીની સેવા કરવી હોય તો પહેલી શરત એ કે શ્રીઠાકોરજીએ એને પોતાની સેવા માટે પસંદ કર્યો હોય. પુષ્ટિબીજ સાથે મોકલ્યો હોય. તો જ એ શ્રીઠાકોરજીની સન્મુખ આવી શકે. ઘણીવાર સેવાપ્રકારથી બિલકુલ અજાણ્યા હોય એના ઘરમાં કોઈ જીવ પુષ્ટિબીજ લઈને આવે, ત્યારે લાખવાર લોકો એને પ્રભુથી દૂર કરે તો પણ એ સન્મુખ થયા વગર રહે નહિ. ઘણાંને ત્યાં સાત પેઢીથી વૈષ્ણવ હોય પણ ઘરમાં કોઈક જીવ વિમુખ આવી જાય. કેમ? કારણ પુષ્ટિબીજ નથી.

ઘણીવાર એવી જગ્યાએ એવા લોકો મળે ત્યારે થાય કે આવી જગ્યાએ આવો ભાવ ક્યાંથી? આવી ભાષા ક્યાંથી? ઘણીવાર નાનાં બાળકો મળે ત્યારે એમની ભાષા સાંભળીને થાય આ બાળક કોઈ દૈવી તત્વ લઈને આવ્યો છે. પુષ્ટિબીજવાળા

જીવો છે. એમની ભાષા સાંભળીને ખબર પડી જાય કે આ દૈવી બીજવાળા છે.

એકવાર મારે વિદર્ભ જવાનું થયું. ત્યાં એક વૈષ્ણવને ઘેર પધરામણી હતી. સામેના ફ્લેટમાં એક જૈન પરિવાર રહેતો હતો. એમને ત્યાંથી એક નાનો બાળક મારી પાસે આવ્યો અને મને કહે કે આપ મારી સાથે આવશો? 'ક્યાં?' 'મારા ઘરે' એ બાળકે કહ્યું.

'કેમ?'

'મારે આપનું એક કામ છે'

'શું કામ છે?'

'આપ આવો તો આપને કહું' મેં બધાને પૂછ્યું : આ બાળક કોણ છે? તો કહે સામેના ફ્લેટમાં રહે છે. એ બાળક કહે છે કે ઘરમાં મારો એક મિત્ર છે. મારી ઈચ્છા છે કે આપ એને વઢો.

'આવી કેવી ઈચ્છા?'

'મારી સાથે ચાલો, બતાવું'

હું એની સાથે એના ફ્લેટમાં ગયો. ઘરની અંદર નાનકડો પૂજાનો રૂમ હતો, ત્યાં મને લઈ ગયો. ત્યાં એના પૂજાના મંદિરમાં નાનકડા સિંહાસન ઉપર નાનકડું લાલનનું સ્વરૂપ હતું.

'આમને આપ વઢો' બાળકે લાલનને બતાવીને કહ્યું.

'શા માટે? આમણે મારું શું બગાડ્યું છે તે એમને વઢું?' મેં કહ્યું.

'અરે જેજે, આપને શું કહું? થોડા દિવસ પહેલા અમારી સ્કૂલમાં જન્માષ્ટમીનો પ્રોગ્રામ હતો. મેં એમાં ભાગ લીધો હતો. ત્યારે મને ટીચરે ગીફ્ટમાં આ લાલનનું સ્વરૂપ આવ્યું હતું. મેં ઘરે આવીને અહીં પધરાવ્યું, પહેલાં તો બધાંએ ના પાડી પણ પછી પધરાવવા દીધું. પછી તો રોજ હું એમની પાસે બેસું, વાતો કરું પહેલાં તો એ બહુ સીધા હતા. હવે તોફાની થઈ ગયા છે., માટે વઢો. હવે મને એ બહુ હેરાન કરે છે.'

'શું હેરાન કરે છે?'

'થોડા દિવસ પહેલાં મારા મમ્મી મારે માટે નવાં શૂઝ લઈને આવ્યાં. નવાં શૂઝ જોયાં તો લાલને મને પહેરવા જ ન દીધાં. મને કહે કે મારા માટે પહેલાં આવાં જ શૂઝ લાવ, પછી હું તને પહેરવા દઉં. જ્યારે પણ શૂઝ પહેરું ત્યારે પાછળથી આવીને ઉતારી જાય, ફેંકી દે, મારી મમ્મી મને વઢે કે તું જ ફેંકી દે છે. હું કહું કે પેલો કરે છે, પણ ઘરમાં કોઈ માને જ નહિ. જ્યારે એવા ને એવા બીજા શૂઝ લાવ્યા અને બહાર મૂક્યા, પછી મને શૂઝ પહેરવા દીધાં.'

'એ જ રીતે મારી સ્કૂલબેગ નવી લાવ્યા તો મને સ્કૂલબેગ પણ ન લેવા દે. એવી જ સ્કૂલબેગ લાવીને અહીં પધરાવી, ત્યારે મને સ્કૂલબેગ લઈ જવા દે છે. હવે તો એવું તોફાન કરે છે કે મારી સાથે સ્કૂલે આવે છે. આવીને પાછા ટીચરની ખુરશીમાં બેસી જાય છે. મને એટલું ટેન્શન થઈ જાય છે કે ટીચર મને વઢશે.'

'કાલે હું પૂજાઘરમાં આવતો હતો ત્યારે મને ધક્કો માર્યો, તો હું પડી ગયો અને વાગ્યું. હવે આપ એને વઢો કે આવું તોફાન ન કરે.'

જ્યારે આ બાળકની વાત મેં સાંભળી. ત્યારે લાગ્યું કે આ કેવો જીવ હશે કે શ્રીઠાકોરજી આવી

કૃપા એના પર કરી રહ્યા છે! જે જીવોને પ્રભુ આ રીતે પુષ્ટિબીજ લઈને મોકલે છે, તે જીવો દૈવી અને બીજા આસુરી.

દૈવી જીવો એટલા માટે પ્રગટાવ્યા કે આપનો ઉદ્દેશ આ સેવામાર્ગનો પ્રચાર કરવાનો છે, પ્રચાર કોણ કરશે? આ ભગવદીયજનો. શ્રીમદ્ ભાગવતના અર્થો પ્રગટ કરવાના છે. વિરહાત્મક ભક્તિ પ્રકટ કરવાની છે. નિજજનોને શરણમાં લેવાના છે. પૃથક્શરણમાર્ગ પ્રકટ કરવાનો છે. આ બધા માટે દૈવી અને આસુરી બે સૃષ્ટિ પ્રકટાવી. હવે આગળ ૧૮ મી કડીમાં ગોપાલદાસજી કહે છે :

ભક્તિ સુંદરી ને માયા દાસી,
બે મૂરત પ્રગટાવી.
તેમાં પહેલી નખશીખ સુભગા
શ્રીહરિને મન ભાવી....૧૮

પ્રભુએ બે પ્રકારની સૃષ્ટિ પ્રકટાવી. એક તો દૈવી સૃષ્ટિ, જે પ્રભુની સન્મુખ થઈ અને બીજી આસુરી, જે પ્રભુથી વિમુખ થઈ. આ બે પ્રકારની સૃષ્ટિ પ્રગટ કર્યા પછી પ્રભુએ બીજા બે સ્વરૂપો પ્રકટ કર્યા. એક ભક્તિ સુંદરી અને બીજી માયા દાસી. પ્રભુએ વિચાર કર્યો કે આ બંને સૃષ્ટિના મનોરથ પૂરા કરવાવાળું પણ કોઈ જોઈશેને? તેથી દૈવી સૃષ્ટિના મનોરથ પૂર્ણ કરવા માટે ભક્તિ મહારાણીને પ્રગટ કર્યાં અને આસુરી જીવોના મનોરથ પૂરવા માટે પ્રભુની માયા પ્રગટી. આ જગતનો ભપકો, જગતની ચકાચોંધ એ જ આ માયા છે, જે પ્રભુથી દૂર લઈ જાય છે.

બે સુંદરી પ્રગટાવી. એમાં ભક્તિ મહારાણી નખશીખ સુંદર છે. એ શ્રીહરિને મન ભાવ્યાં છે. ભક્તિ મહારાણીએ પ્રભુને વરવાનો વિચાર કર્યો. તે માટે પહેલાં વરાહ અવતારમાં આવ્યાં. પણ સ્ત્રી છે, ભગવાનનું વરાહ સ્વરૂપ જોયું. મન ન માન્યું તેથી મુલતવી રાખ્યું. નરસિંહ રૂપે ભગવાન પધાર્યા ત્યારે પણ વરવા માટે આવ્યાં. પણ જેમનું સ્વરૂપ જોઈને લક્ષ્મીજી પણ ડરી ગયાં, એની સાથે કેમ વિવાહ થાય? ભક્તિ મહારાણી કહે કે વિવાહ તો પ્રભુ સાથે કરવા છે, પણ હમણાં પ્રોગ્રામ મુલતવી રાખીએ. પાછા પ્રભુ વામન અવતારમાં પધાર્યા. ત્યારે વિચાર્યું કે પ્રભુ તો બ્રહ્મચારી છે, બટુક છે, વિવાહ કેમ કરશે? ભક્તિમહારાણી પાછાં પધાર્યાં. પાછા રામાવતારમાં આવ્યાં. આ વખતે પ્રભુને એકપત્ની વ્રતનો નિયમ હતો, તેથી પાછાં ગયાં. છેવટે શ્યામ સુંદર પ્રગટ્યા ત્યારે ભક્તિ મહારાણીએ આવીને એમનો મનોરથ પૂર્ણ કર્યો, પ્રભુને વર્યાં.

પ્રભુએ ભક્તિમહારાણીને આજ્ઞા કરીઃ 'આપ મને સૌથી વધુ પ્રિય છો. માટે મારા જે પ્રિય ભક્તો છે, એમનું પોષણ આપ કરો.' માયાને આજ્ઞા કરી કે આપ ભક્તિનાં દાસી છો. જે મારા ભક્તોને પરેશાન કરે એમને માયામાં એવા ગુંચવાયેલા રાખો કે મને ભજવાનો સમય એમને ન મળે.

આમ ભક્તિમહારાણી ભક્તોનું પોષણ કરવા લાગ્યાં. જેઓ પ્રભુથી વિમુખ હતા એમને માયાએ જગતના કાર્યોમાં એવા ગોઠવી દીધાં કે પ્રભુને માટે એમની પાસે સમય જ ન રહે.

ભક્તિમહારાણી નખશિખ સુંદર છે, તેમનાથી પ્રભુ રીઝે છે. ઘણીવાર સેવામાં ૩૬૫ દિવસની પ્રણાલી મોઢે હોય, પણ પ્રભુ એનાથી રીઝે નહિ અને પ્રીત હોય તો રીઝે. 'પ્રીતમ પ્રીત

હી તે પૈયે. યદ્યપિ રૂપ-ગુણ શીલ સુઘરતા, ઈન બાતન ન રીઝૈયે, પ્રીતમ પ્રીત હી તે પૈયે.' આપણા પ્રભુ જ્યારે પણ કોઈને મળ્યા છે અને કોઈને પણ મળશે, તો તેઓ રીતથી નહિ પણ પ્રીતથી જ મળ્યા છે અને મળશે. ભલે જ્ઞાન હોય કે ન હોય, પણ જેની પાસે ભક્તિ છે, એમને પ્રભુ વરે છે. એમના વિના પ્રભુ રહી શકતા નથી.

ભક્તિમહારાણી જેમને મળ્યાં એ કહેવાયા ભક્ત. ભક્ત કોને કહેવાય? જે વિભક્ત નથી તે ભક્ત. જે વિભક્ત એટલે કે વંટાયેલા-વહેંચાયેલા હોય, જગતના પણ હોય અને પ્રભુને કહે કે પ્રભુ હું આપનો છું. ત્યારે પ્રભુ કહે છે કે તું જગતનો હોય તો મારો કેવી રીતે હોઈ શકે? આપણાથી વધારે વંટાયેલા કોણ હોય? પ્રભુ કહે કે મારો ભક્ત એ છે જે વિભક્ત નથી, માત્ર ને માત્ર મારો છે, તે મારો ભક્ત છે. માટે કહ્યું કે ભક્તિ મહારાણી જેને વરે એના ઉપર પ્રભુ કૃપા કરે.

આપણે ત્યાં વાર્તામાં એવા ઘણા પ્રસંગો છે જેમાં ભક્તની પાસે જ્ઞાન ન હતું પણ પ્રેમ હતો, તો પ્રભુએ એના પર કૃપા કરી. પરે નો પ્રસંગ આવે છે. શ્રીગુસાંઈજીને પોતાના પ્રભુનું નામ પૂછ્યું. શ્રી ગુસાંઈજીએ કહ્યુંઃ થોડીવાર ધીરજ રાખ. પણ પેલો તો ગાદી ઉપર ચડી ગયો. આપે કહ્યુંઃ 'ભૈયા, પરે પરે.' પરે એટલે દૂર જા પણ પેલો સમજ્યો મને નામ આપ્યું - ભૈયા પરે.

ભંડારમાંથી બે સીધા લીધાં. કેમ? ઘરે મહેમાન આવ્યા છે. રસોઈ કરી બે પાતળ પીરસી. ભૈયા પરેને બોલાવ્યા. પ્રભુ ન પધાર્યા. પોતે પણ પ્રસાદ ન લીધો. જ્યાં સુધી 'ભૈયાપરે' મારા ઠાકોરજી ભોજન ન કરે ત્યાં સુધી હું પણ પ્રસાદ ન લઉં. પ્રભુએ વિચાર કર્યો કે હું નહિ જાઉં તો આ ભૂખ્યો મરી જશે. અને બીજા દિવસે બોલાવ્યા ત્યારે પ્રભુએ પધારીને એની સામે ભોજન કર્યું.

જુઓ પરે....પરે.... કરતાં પણ ભક્તિ હતી તો પ્રભુ પ્રત્યક્ષ પધાર્યા. આમ પ્રભુની કૃપાના અધિકારી આપણે ત્યારે બનીએ જ્યારે એમનો દૃઢ આશ્રય કરીએ. હવે પ્રભુએ આ ભક્તિ મહારાણી અને માયા દાસીના શરણમાં રહે તેવા જીવોને પ્રગટાવ્યા, તેનું વર્ણન કરતાં આગળ કહે છે.

કૃપાકટાક્ષે હુઆ અક્ષરમાં,
ઉપન્યા સત્વ અનંત
ભક્તિલીન હુઆ સૌભાગી,
તે વૈષ્ણવ ગુણવંત...૧૯

સૌથી પહેલાં પ્રભુએ પોતાનો કૃપાકટાક્ષ કર્યો. જ્યાં પ્રભુએ કૃપાકટાક્ષ કર્યો અને જે જીવો પ્રગટ થયા, એમને ભક્તિમહારાણીએ પોતાના શરણમાં રાખ્યા અને જેણે ભક્તિમહારાણીનો આશ્રય કર્યો એ વૈષ્ણવ કેવા થયા? 'ભક્તિલીન હુઆ સૌભાગી તે વૈષ્ણવ ગુણવંત.'

જ્યારે પ્રભુને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ ત્યારે સૌથી પહેલાં પોતાના મનમાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરી. પ્રભુના મનમાં માયાનો વાસ છે તેથી માયાનો અંશ લઈને જન્મેલા જીવો પ્રભુને ભૂલ્યા અને જગતના ચકાચૌંધમાં ફસાયા. એ કહેવાઈ પ્રવાહી સૃષ્ટિ. પ્રભુને સંતોષ ન થયો. પ્રભુએ વિચાર કર્યો કે મેં જે જીવો ઉત્પન્ન કર્યા તે મારા સુખ માટે ઉત્પન્ન કર્યા, પરંતુ આ તો એવા થયા જે પોતાના ભોગવિલાસમાં જ રચ્યાપચ્યા રહે છે. મારું તો

સ્મરણ પણ કરતા નથી. હવે તો મારે એવી સૃષ્ટિ ઉત્પન્ન કરવી છે, જે મારું સ્મરણ કરે.

બીજી સૃષ્ટિ ઉત્પન્ન કરી પ્રભુએ પોતાની વાણીમાંથી. વાણી એટલે વેદ. વાણીમાંથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિ વૈદિક માર્ગે પોતાના આત્મકલ્યાણ માટે, પોતાના ઉધ્ધાર માટે, મોક્ષ માટે પ્રયત્ન કરવા લાગી, પણ પ્રભુના સુખનો વિચાર એને ન આવ્યો. આ મર્યાદા સૃષ્ટિ.

પ્રભુએ વિચાર્યું કે આ જીવો પણ પોતાના આત્મકલ્યાણનો, પોતાના સુખનો - ઉધ્ધારનો વિચાર કરે છે, પણ મારા સુખનો વિચાર આમના મનમાં પણ નથી. પ્રભુને આ સૃષ્ટિથી પણ સંતોષ ન થયો. તેમણે વિચાર્યું કે હવે એવી સૃષ્ટિ ઉત્પન્ન કરવી છે કે જે માત્ર અને માત્ર મારા સુખનો વિચાર કરે. આમ વિચારી પોતાના આનંદરૂપ શ્રીઅંગમાંથી જે સૃષ્ટિ ઉત્પન્ન કરી, તે આ પુષ્ટિસૃષ્ટિ, જે માત્ર અને માત્ર પોતાની સેવા માટે પ્રગટ કરી છે. અને આ પુષ્ટિસૃષ્ટિ, જેને પ્રભુએ પોતાની સેવા માટે પ્રગટ કરી છે, તેઓ ચાહે જીવનમાં કેટલીયે વસ્તુ પામી લે, છતાં એને મનમાં સંતોષ નહિ થાય, કંઈક ખૂટતું હોય એવું મનમાં લાગ્યા કરે. કેમ? પ્રભુએ જે કાર્ય માટે મોકલ્યા છે તે કાર્ય હજી થયું નથી.

પૃષ્ટિ સૃષ્ટિના પણ ત્રણ પ્રકાર છે - પ્રવાહપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ અને પુષ્ટિ પુષ્ટિ. આપણે પુષ્ટિમાર્ગીય તો છીએ, દૈવી જીવો તો છીએ, પણ કેટલાક વૈષ્ણવો એવા હોય, જેમને ખાલી તીર્થયાત્રા કરવાનું બહુ મન થાય, પણ શ્રીઠાકોરજીની સેવા કે સત્સંગમાં રૂચિ ન થાય. તીર્થોમાં ભ્રમણ કરે એ પુષ્ટિજીવ કહેવાય પણ એ પ્રવાહપુષ્ટિ જીવ. બીજા એવા કે તીર્થયાત્રામાં, કથા શ્રવણ - સત્સંગમાં રસ હોય, પણ સ્વરૂપ સેવામાં આસકિત ન હોય. એમને કહેવાય મર્યાદા પુષ્ટિ. ત્રીજા એવા જેમને ભગવદ્ સેવા અને સત્સંગમાં રસ હોય, જેમ એક ભ્રમર હોય એને પુષ્પમાં જ રસ પડે, એવી રીતે જેમને પ્રભુની સેવામાં અને સત્સંગમાં જ રૂચિ થાય, એમને કહેવાય પુષ્ટિપુષ્ટિ જીવ.

આ માત્ર ત્રણ પ્રકાર નથી પણ ત્રણ દર્પણ છે, જેમાં પોતાની જાતને જોવાની છે. આપણે પુષ્ટિજીવો તો છીએ પણ ઠાકોરજીની સન્મુખ છીએ કે વિમુખ છીએ? સેવા - સત્સંગમાં રૂચિ થાય છે કે નથી થતી? ઠાકોરજીથી વિમુખ છે એવું ક્યારે કહેવાય?

એકવાર કોઈએ પૂછ્યું: 'રાવણ મરી ગયો પછી એનું સૂતક કોણે પાળ્યું?' ત્યારે આચાર્યશ્રીએ કહ્યું: 'એ વખતે કોઈએ સૂતક પાળ્યું હોય કે નહિ પાળ્યું હોય, પણ આજે એવા ઘણા બધા વૈષ્ણવો છે કે જે રાવણનું સૂતક પાળી રહ્યા છે.'

'એવા કોણ છે જે રાવણનું સૂતક પાળે છે?'

'એવા ઘણા વૈષ્ણવો છે જેમણે બ્રહ્મસંબંધ તો લઈ લીધું છે, પણ સેવા કે સત્સંગ નથી કરતા. તેઓ રાવણનું સૂતક પાળી રહ્યા છે'

કારણ કે સૂતકમાં સેવા ન થાય, સત્સંગમાં ન જવાય. એવો કોઈ દેખાય તો એને આગ્રહ નહિ કરવો. માની લેવું કે એ સૂતકી છે. રાવણનું સૂતક પાળે છે.

શું આપણે સૂતકી રહેવું છે? જેઓ પણ સેવા વગર રહેતા હોય એમને જો આ સત્સંગ શ્રવણ

કરીને એમ થાય કે મેં બહુ વર્ષો સુધી સૂતક પાળ્યું, હવે શુદ્ધ થવું છે, તો ઘેર જઈ, માથાબોળ સ્નાન કરી, કંઠી બદલી, ચરણામૃત લઈ ઠાકોરજીની સેવામાં પહોંચવાનું શરૂ કરજો. તો સાચા અર્થમાં આ સત્સંગનું શ્રવણ કર્યું છે એમ કહેવાશે.

એટલા માટે કહ્યું કે 'કૃપાકટાક્ષે હુઆ અક્ષરમાં ઉપન્યા સત્વ અનંત, ભક્તિલીન હુઆ સૌભાગી તે વૈષ્ણવ ગુણવંત' આપે એવી સૃષ્ટિ પ્રગટ કરી કે એ જીવો ભક્તિમાં લીન થયા. પ્રભુને ઘરમાં પધરાવી ખૂબ સુખ આપવા લાગ્યા. પ્રભુનાં ગુણગાન કરવા લાગ્યા. દૈવી સૃષ્ટિ આ ભૂતલ ઉપર છે, એને જોવા માટે આપણી પાસે દૃષ્ટિ જોઈએ.

એકવાર એક વૈષ્ણવ શ્રીગુંસાઈજી પાસે આવ્યા. કહે છેઃ 'મારે આપની વૈષ્ણવ સૃષ્ટિનાં દર્શન કરવાં છે' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી, 'અમુક ગામમાં જાઓ.'

એ વૈષ્ણવ ગયો. થોડા દિવસ રહ્યો. પાછો આવ્યો. 'પ્રભુ, શું કહું? ત્યાં તો કોઈનામાં વૈષ્ણવતા રહી જ નથી. દરેક જગ્યાએ રાગદ્વેષ, નિંદા, ઈર્ષા જ છે, મને તો ત્યાં ક્યાંય વૈષ્ણવતા દેખાઈ જ નહિ.' બીજા વૈષ્ણવને પણ એ જ ગામમાં આપે મોકલ્યો. એને પણ વૈષ્ણવતાનાં દર્શન કરવાં હતાં. એ થોડા દિવસ ત્યાં રહ્યો. પાછો આવ્યો. શ્રીગુંસાઈજીએ પુછ્યું : 'શું જોઈ આવ્યા?' ત્યારે કહે છે : 'અરે કૃપાનાથ, શું બતાવું. એ ગામમાં કેટકેટલી વિષમતા છે, છતાં વૈષ્ણવો શ્રીઠાકોરજીની સન્મુખ છે. કેટલા કેટલા અભાવો છે, છતાં લોકો ભગવદ્નામ લે છે, સત્સંગ કરે છે. કેટલા દ્વેષ હોવા છતાં બધા મળીને બેસે છે અને ભગવદ્ વાર્તા કરે છે. હું તો આ બધું જોઈને ધન્ય થઈ ગયો.'

બંને વૈષ્ણવોને એક જ ગામમાં મોકલ્યા હતા. ત્યાં તો બધી વસ્તુઓ હતી. પણ શું જોવું એ દરેકના અધિકારની વાત છે. આપણી સામે બધી શ્રીમહાપ્રભુજીની સૃષ્ટિ છે. શ્રીગુસાંઈજીની સૃષ્ટિ છે. પણ આ સૃષ્ટિને જો લોકિક ભાવથી જોઈશું તો બધી સૃષ્ટિ લૌકિક જ દેખાશે પણ જો અલૌકિક ભાવ રાખીશું તો અલૌકિક દેખાશે, સાચા અર્થમાં એમના દૈવી સ્વરૂપનું આપણને દર્શન થશે. તેથી કહ્યું 'ભક્તિલીન હુઆ સૌભાગી તે વૈષ્ણવ ગુણવંત' જે ભક્તિમાં લીન થયા એ વૈષ્ણવ સાચા અર્થમાં સૌભાગ્યશાળી કહેવાયા. પ્રભુએ બીજી કટાક્ષ કરી અને જે જીવો ઉત્પન્ન થયા, એમનું શું થયું તેનું વર્ણન આગળની કડીમાં કરે છે.

બીજી કટાક્ષે જે જન ઉપન્યા,
માયામાં થયા લીન.
કર્મજડ, આસુર, અન્ય ઉપાસક,
ભજનધર્મથી હીન....૨૦

પ્રભુએ પહેલાં જે દૈવી સૃષ્ટિ ઉત્પન્ન કરી, તેમાં ૮૪ નિર્ગુણ ભક્તો થયા. પછી સાત્ત્વિક, રાજસ, તામસ એમ ૨૫૨ ભગવદીયો થયા.

એમાંથી પછી એમના પેટા વિભાગમાં આજના બધા જ વૈષ્ણવો આવ્યા. આજે પણ જે વૈષ્ણવો બ્રહ્મસંબંધ લઈને શરણે આવે છે, તે બધા એના જ એક ભાવરૂપે છે.

જ્યાં બીજી કટાક્ષ આપે કરી ત્યારે 'જે જન ઉપન્યા, માયામાં થયા લીન, કર્મજડ, આસુર, અન્ય ઉપાસક, ભજનધર્મથી હીન' આ જીવો માયામાં

ફસાયા. કર્મજડ બન્યા. કર્મજડ કોને કહેવાય? માત્ર પોતાના સાધનમાં અટવાયેલા રહે તે. હાથમાં માળા લઈને ફેરવતા હોય, સામે કોઈ બાળક રમતું રમતું ખાડામાં પડી જાય અને બૂમો પાડે, પણ પેલો કહે,ના જ્યાં સુધી માળા પૂરી ન થાય ત્યાં સુધી કેમ ઊઠાય? સામે કોઈ તરસ્યું હોય અને પાણી માગતું હોય પણ કહે કે ના માળા છોડી ન ઊઠાય. આમ જે પોતાના કર્મની અંદર જ - સમજ્યા વિના - ડૂબેલા રહે તે કર્મજડને પ્રભુ ન મળે. બીજા આસુર એટલે કે ગમે તેમ કરીને પોતાનું અને પોતાના પરિવારનું પેટ ભરી લેવું, એને જ જીવનનું સાફલ્ય માને, માત્ર પોતાના પરિવારનું રક્ષણ કરવું, એને જ એકમાત્ર જીવનનું સાફલ્ય માનનાર એ આસુરી કહેવાયા. અન્ય ઉપાસક એટલે પ્રભુને છોડીને જગતમાં બીજા બધાંનો આશ્રય કરવા જાય. પ્રભુનો આશ્રય છોડી જગતનો થવા જાય તો આ જગત તો કોઈનું થયું નથી અને થવાનું પણ નથી. છતાં જુઓ, આપણે એનો આશ્રય કરીએ છીએ! આપણે બધું જાણવા છતાં જઈએ છીએ. બ્રહ્મસંબંધ લીધું ત્યારે પ્રભુને વચન આપ્યું કે હે પ્રભુ મારું જે કાંઈ છે એ આપને અર્પણ કરું છું. આજથી હું આપનો અને આપ મારા. તો પ્રભુને વચન આપીને પણ એમનો ન થયો, એ મારો ક્યાંથી થવાનો છે? ક્યાંય જાઓ પણ જગતના લોકો આવું કહેશે કે વચન આપીને પણ પ્રભુનો ન થયો તો અમારો તો ક્યાંથી થવાનો છે? આવા લોકો પ્રભુના ભજનથી પણ દૂર થાય છે. ભજન એટલે ઠાકોરજીની સેવાથી દૂર થયો. ધર્મથી હીન થયો એટલે પોતાના ધર્મને, સ્વધર્મને ભૂલ્યો અને જગતના કાર્યોમાં અટવાયો. એ કયો જીવ? જે બીજી કટાક્ષે પ્રભુએ પ્રગટ કર્યા. આવા જીવો માયામાં લીન થયા અને જગતના લોકોને રીઝવવામાં જ એમના જીવનનું સાફલ્ય માનવા લાગ્યા.

આમ જે જીવોમાં પ્રભુને સુખ આપવાની ક્ષમતા હતી એ પ્રભુની સન્મુખ આવ્યા અને શ્રમ આપે તેવા પ્રભુથી દૂર થયા. હવે આગળ વર્ણન કરે છે:

એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધાગુણ,
મિશ્રિત ચાલી જાય.
ભક્તિમાર્ગી જીવ સ્વતંત્ર
કેવળ ભક્ત ન થાય....૨૧

આમ બે પ્રકારની સૃષ્ટિ પ્રભુએ પ્રગટ કરી. અનંત યુગોથી આ બે પ્રકારની સૃષ્ટિ વહી રહી છે આ સૃષ્ટિથી પર કોણ છે? તો કહે છે : 'ભક્તિમાર્ગી જીવ સ્વતંત્ર, કેવળ ભક્ત ન થાય.' પુષ્ટિ ભક્તો બધાથી વિલક્ષણ છે. પુષ્ટિભક્ત સ્વતંત્ર ભક્તિનો અધિકારી છે. ભક્તિમાર્ગીય જીવ સ્વતંત્ર કેવળ ભક્ત ન થાય - આ પંક્તિના અનેક અર્થ ટીકાકારોએ કર્યા છે. એ કેવળ ભકિતનો ઉપાસક ન થાય. કેવળ મોક્ષનો ઉપાસક ન થાય. એનો એક અર્થ એવો પણ કર્યો કે ભક્તિમાર્ગી જીવ સ્વતંત્ર છે. એ કેવળ ભક્ત રહેતો નથી ભક્ત એટલે ભગવાનનો ઉપાસક. તે માત્ર ઉપાસક રહેતો નથી, પણ જેમ જેમ એની અંદર ભાવ વધે, પ્રભુને મળવાની તત્પરતા વધે તેમ એ કેવળ ભક્ત ન રહેતાં પ્રભુનો પણ ઉપાસ્ય બની જાય. પ્રભુનો પણ આરાધ્ય બની જાય. શરૂઆતમાં ભક્ત ભગવાનની પાછળ પાછળ ચાલતો હોય, પણ એક ઘડી એવી આવે કે પ્રભુ એને ગોતતા ગોતતાં એની પાછળ ચાલે. કેમ? કારણકે પ્રભુ તો

રસના લોભી છે. જેનું હૃદયકમળ પ્રભુના પ્રેમમાં ખીલ્યું છે, એમાંથી ભક્તિની સુગંધ ફેલાઈ છે, ત્યાં ભ્રમર આપોઆપ આવી જાય છે. પુષ્પની અંદર મધુ આવે ત્યારે ભ્રમરોને ઈન્વીટેશન લેટર લખવા પડતા નથી. ભ્રમર એને શોધતાં શોધતાં આવી જાય છે.

એમ જેના હૃદયમાં ભક્તિનું કમળ ખીલ્યું હોય એણે પ્રભુને આમંત્રણ આપવું ન પડે. પ્રભુ જ એને શોધતાં આવી જાય. તેથી કહ્યું ભક્તિમાર્ગી જીવ સ્વતંત્ર કેવળ ભક્ત ન થાય. એ તો પ્રભુનો પણ આરાધ્ય બની જાય. 'ભક્તવિરહકાતર કરૂણામય ડોલત પાછે પાછે.' ભક્ત સાધારણ ભક્ત ન રહે પણ પ્રભુ પણ એને આધીન બની જાય. પહેલાં ભગવાન કહે એમ ભક્ત કરતા હતા, પણ હવે ભક્ત કહે એમ ભગવાન કરે છે.

સૂરદાસજી કીર્તનગાન કરતા ત્યારે જેવી લીલા શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી કરે એવી જ લીલાનું વર્ણન કરતું પદ તેઓ ગાતા. એકવાર જ્યારે શ્રીઠાકોરજી અને સ્વામિનીજી વિહાર કરતાં હતાં અને દર્શન કરતાં સૂરદાસજી એ લીલાનું વર્ણન કરતા હતા ત્યારે અચાનક શ્રીસ્વામિનીજીના મનમાં મનોરથ જાગ્યો. સૂરદાસજી પાસે આવીને આજ્ઞા કરી, 'સૂરદાસજી, અત્યાર સુધી અમે જેવી લીલા કરી તેવાં પદગાન તમે કર્યાં, પણ આજે મારા મનમાં એક મનોરથ જાગ્યો છે.'

'શું મનોરથ જાગ્યો છે?'

'એવો મનોરથ જાગ્યો છે કે તમે જેવાં પદ ગાઓ તેવી લીલા અમે કરીએ. તમે જેવું વર્ણન કરો તેવી લીલા અમે કરીએ.'

આવું થાય ત્યારે માનવું કે આ જીવ સ્વતંત્ર છે. હવે તે માત્ર ભક્ત નથી રહ્યો. પ્રભુનો પણ આરાધક બની ગયો છે. પ્રભુ પણ એની આરાધના કરે છે. એટલા માટે તો પુષ્ટિભક્તોની અંદર એ સામર્થ્ય છે – મર્યાદામાં એમ કહેવાય કે 'જાકી રહી ભાવના જૈસી પ્રભુ મુરત દેખી તીન ઐસી.' જેના મનમાં જેવો ભાવ હતો એણે એવાં પ્રભુનાં દર્શન કર્યાં. પણ પુષ્ટિમાર્ગમાં કહેવાય કે 'જાકી રહી ભાવના જૈસી પ્રભુ મૂરત કર દી તૈસી.' ભક્તને જેવાં દર્શન કરવાં હતાં, એવાં દર્શન પ્રભુને આપવાં પડયાં, આ પુષ્ટિમાર્ગ. પેલો પ્રસંગ છે ને કે પેલા માજીની પાસે શ્રીબાલકૃષ્ણલાલજી પધાર્યા અને એમની આસક્તિ હતી મદનમોહનજીની અંદર. પ્રભુનાં દર્શન કરતાં એમને થયું કે આ પ્રભુને શું થઈ ગયું? ઠંડીમાં આ વૈષ્ણવ લઈને નીકળ્યો અને જુઓ પ્રભુની કેવી દશા થઈ છે! માજીએ ગરમ તેલની માલીશ કરી, અનેક ઉપચાર કર્યા. પ્રભુ વિચારે છે: આમાં આનો વાંક નથી. શ્રીગુસાંઈજીની વાણી ઉપર આને વિશ્વાસ છે કે પ્રભુ મદનમોહનજી જેવા હોય, માટે માજીનો વાંક નથી. વાંક ગુસાંઈજીનો પણ નથી. પણ જો હું બાલકૃષ્ણલાલજીમાંથી મદનમોહનજી નહિ બનું તો વાંક મારો. ભક્તના મનમાં જે સ્વરૂપનાં દર્શન કરવાનો મનોરથ હતો એ પ્રમાણે ભક્તને પ્રભુએ દર્શન આપ્યાં. બાલકૃષ્ણલાલજી મદનમોહનજી બન્યા. પ્રભુ મૂરત કર દી તૈસી. પુષ્ટિભક્તની જેવી ભાવના હતી તેવું સ્વરૂપ પ્રભુને ધારણ કરવું પડયું.

એટલા માટે કહ્યું કે ભક્તિમારગી જીવ સ્વતંત્ર, કેવળ ભક્ત ન થાય. એટલા માટે આપણા પુષ્ટિમાર્ગમાં ભગવદીય માટે શબ્દ છે – તાદશી.

તા એટલે પ્રભુ અને જે પ્રભુ જેવો થઈ જાય તે કહેવાય તાદશી. પ્રભુનું અલૌકિક સામર્થ્ય એમનામાં પ્રગટ થઈ જાય. દૂબળા પાતળા કૃષ્ણદાસ મેઘન ત્રણ ત્રણ દિવસ સુધી હિમાલયમાં ગુફાના દ્વાર પાસે ઊભા રહ્યા, ભારે વજનદાર શીલાને હાથ વડે રોકી–આ શું છે? અલૌકિક સામર્થ્ય છે. જીવ પ્રભુને ભજતો હોય તેમ પ્રભુ એને ભજવા લાગે ત્યારે એ તાદશી કહેવાય. પ્રભુ જેવો થઈ જાય એ તાદશી. એટલા માટે જ ભક્તોએ ગાયું છે :

'શ્યામ લગ્યો સંગ ડોલે મેરો માઈ શ્યામ લગ્યો સંગ ડોલે.' મોટા મોટા ઋષિમુનિઓ હજારો વર્ષો સુધી તપસ્યા કરે, પ્રભુનાં દર્શન માટે વલખાં મારે, પણ પ્રભુની ઝાંખી ન થાય, પણ આપણા પુષ્ટિભક્તો કહે છે:

'જિત જાઉં તિત આડો હી આવે, બિના બુલાયો બોલે.' મોટા ઋષિમુનિઓને કોઈ સમાચાર આપે કે પ્રભુ આ પથ ઉપર છે, મુનિઓ ત્યાં જાય તો પ્રભુ અંતર્ધાન થઈ જાય. પણ ભક્ત કહે છે. જિત જાઉં તિત આડો હી આવે. ભકતો પ્રભુથી બચીને ચાલે, વિચારે કે આ રસ્તે જઈશ તો પ્રભુ સામે આવશે. દહીં–દૂધ લઈ લેશે. માટે એ પથ ઉપર નથી જવું. તો બીજે રસ્તે જાય તો ત્યાં પ્રભુ સામે જ આવી જાય, એટલા માટે કહેવું પડયું કે ભક્તિમાર્ગી જીવ સ્વતંત્ર કેવળ ભક્ત ન થાય.

આગળ ૨૨ મી પંક્તિમાં ગોપાલદાસજી કહે છે:

શ્રી પુરુષોત્તમે વળી વિચાર્યું,
હવે પ્રકાર શો કરીએ,
મારી સેવા અને કથારસ,
નિરૂપવા તનુ ધરીએ....૨૨

સત્સંગનો રંગ લાગતાં બહુ વાર લાગે પણ દુઃસંગનો રંગ લાગતાં જરાયે વાર ન લાગે. વર્ષોના વર્ષો સત્સંગ કરો ત્યારે થોડોક રંગ ચડે, પણ એક ક્ષણનો દુઃસંગ લાગે તો વર્ષોનો સત્સંગ ધોવાઈ જાય. વર્ષોથી દુઃસંગી હોઈએ એવું થઈ જાય. થયું પણ એવું કે બે પ્રકારની સૃષ્ટિ પ્રભુએ પ્રગટ કરીઃ આસુરી અને દૈવી. બંનેને રહેવાનું હતું તો સાથે, એક જ સમાજમાં રહેવાનું હતું એને કારણે આસુરીની સાથે રહેતાં રહેતાં, એમની સાથે વ્યવહાર કરતાં કરતાં, એનું જીવન જોતાં જોતાં, દૈવીનો રંગ આસુરીને ન ચડ્યો પણ આસુરીનો રંગ દૈવી ઉપર ધીરે ધીરે ચડવા લાગ્યો, કારણ કે દૈવી તત્વ પોતાની અંદર ક્ષમતાવાળું હોય પણ થોડી નિષ્ક્રિયતા પણ હોય. દુર્જનો વધારે પડતા સક્રિય હોય. પોતાનો રંગ ચડાવવા બહુ ઉતાવળા હોય.

માણસની વૃત્તિ એવી કે સત્ય વસ્તુમાં હંમેશા સંશય રહે અને કોઈ અસત્ય કહે એને વિશ્વાસથી અપનાવી લે. કોઈ તમને કહે કે એ તમને પ્રેમ કરે છે તો તમે કહેશો આવું તે હોતું હશે? પણ એમ કહે કે હું તમને નફરત કરું છું, તો જરાય સંશય થાય? એવું જ હશે એમ માની લઈએ. કોઈ કહે કે તારામાં બહુ સારા ગુણો છે. આપણને લાગે કે ચોક્કસ મારી પાસેથી કંઈ મેળવવું હશે માટે મારાં વખાણ કરે છે. પણ પેલો આવીને કહે કે તું બહુ બગડી ગયો છે. તો સાચું માને કારણ કે મનુષ્યનો સ્વભાવ છે કે Positive વસ્તુ ઉપર હંમેશા સંશય કરે.

જેમને પ્રભુએ પોતાની સેવા માટે મોકલ્યા હતા તેઓ પણ માયામાં લપટાયા અને પ્રભુથી વિમુખ થયા. પ્રભુને એક દિવસ આ જીવોની સુધિ-યાદ આવી. પ્રભુ વિચારે છે આ મારા જીવો મારાથી વિમુખ થયા છે. એટલે સુધી કે અહીં ગોલોકધામમાં એમને જે સુખ હતું એ સુખનું પણ એમને વિસ્મરણ થઈ ગયું છે. તેમને મારી લીલાની યાદ કરાવવાવાળું કોઈ હોય તો એ યાદશક્તિ. ભૂલેલાને પાછું યાદ આવે કે હું કોનો છું, હું ક્યાંથી વિખૂટો પડ્યો છું, આ યાદ અપાવવાનું સામર્થ્ય કોનામાં છે? પ્રભુ આ વિચારમાં શેષશય્યા ઉપર પોઢેલા હતા ત્યારે શેષજીએ જોયું કે જે જીવ પ્રભુને ભજવા આવ્યા છે, પ્રભુની સેવા કરવા આવ્યા છે, એ જીવ આજે પ્રભુથી વિમુખ થયા છે, એ જીવ આજે પ્રભુના અસ્તિત્વ ઉપર શંકા કરવા લાગ્યા છે. આ બાબત શેષજીથી સહન ન થઈ. એમની આંખોમાંથી અશ્રુબિંદુ પ્રભુના કપોલ ઉપર પડ્યાં.

પ્રભુ પૂછે છે : 'શું થયું?'

શેષજી કહે છે : 'પ્રભુ, શું બતાવું? જે જીવોને આપે આપના માટે પ્રગટ કર્યા તેમને આપનાથી વિમુખ થતા જોઉં છું, એ મારાથી સહન થતું નથી. પ્રભુ, એ જીવો સન્મુખ કેવી રીતે થશે?'

'જ્યારે એ જીવોને નિત્યલીલામાં એમને થયેલા અનુભવોનું સ્મરણ કરાવવામાં આવશે.'

એ સ્મરણ કરાવવાનું સામર્થ્ય કોની અંદર છે? મારી લીલાનું વર્ણન કોણ કરી શકે? એ જ વખતે પ્રભુએ વિચાર કર્યો: શ્રીપુરુષોત્તમે વળી વિચાર્યું, હવે પ્રકાર શો કરીએ. મારી સેવા અને કથારસ નિરૂપવા તનુ ધરીએ. દૈવી સૃષ્ટિ ઉપર આસુરીનો પ્રભાવ આવવા લાગ્યો છે. દૈવી સૃષ્ટિ પ્રભુથી વિમુખ થવા લાગી છે. એમને મારી સેવા અને મારી કથાના નિરૂપણ દ્વારા નિત્યલીલાના અનુભવોનું સ્મરણ કરાવવાનું સામર્થ્ય મારા સિવાય કોઈનામાં નથી. માટે મારે જ હવે ભૂતલ ઉપર પ્રગટવું પડશે. પ્રભુ સ્વરૂપે પ્રગટી સેવા લેવા અને ગુરુ સ્વરૂપે પ્રગટી સેવા શીખવવા એમ બે સ્વરૂપે પ્રગટવાનો પ્રભુએ વિચાર કર્યો. આમ પોતાની સેવા અને પોતાની કથાનો પ્રચાર કરવા માટે સ્વામિનીજીને ગુરુ સ્વરૂપે – કારણ કે પ્રભુને શામાં સુખ મળે એ સ્વામિનીજી સિવાય કોણ જાણી શકે? પ્રભુને શામાં આનંદ મળે એ સ્વામિનીજીથી અધિક કોણ જાણી શકે? તેથી પોતાની સેવા શીખવવાનું કાર્ય શ્રીમહાપ્રભુજીને સોપ્યું. સ્વામિનીજી જ શ્રીવલ્લભ સ્વરૂપે પ્રગટ્યા, જેમણે આવીને સેવાની રીત શીખવાડી. મારા સ્વામીને આનંદ, સુખ શામાં મળે તે બતાવ્યું. સેવા લેવા માટે એ જ પ્રભુ શ્રીગોવર્ધનધર સ્વરૂપે ગિરિકંદરામાં પ્રગટ્યા. પણ ૭૦ વર્ષો તો ભૂજાનું પૂજન થતું રહ્યું. આપના મુખારવિંદનું પ્રાકટ્ય ત્યારે થયું જ્યારે ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય થયું. આમ શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યની પહેલાં શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય થયું ન હતું. શ્રીનાથજી કહે કે મારું મુખારવિંદ ત્યારે જ પ્રકટ કરું જ્યારે શ્રીસ્વામિનીજી પ્રકટે. જેમને જોઈને મને સુખ મળે, ત્યારે જ હું પ્રગટ થાઉં. ત્યારે જ હું મારું મુખારવિંદ બધાંને બતાવું. જ્યારે શ્રીસ્વામિનીજી શ્રીવલ્લભ સ્વરૂપે પ્રગટ્યા ત્યારે શ્રીનાથજી પણ શ્રીગિરિરાજજીમાં પ્રકટ્યા. કેવી રીતે પ્રગટ્યા?

પ્રભુ મન કરીને વિચાર-પ્રભુના મનમાં ચિંતા થઇ કે મારા દૈવી જીવોને હું પાછા મારી સેવામાં કેવી રીતે લાવું? આ ચિંતા જ્યારે શ્રીઠાકોરજીને થઇ અને આપ શ્રીગિરિરાજજીમાં પ્રકટ્યા, પણ એક સંકલ્પ સાથે પ્રગટ્યા કે જ્યાં સુધી શ્રીમહાપ્રભુજી પ્રગટ થઇને લીલામાંથી વિખૂટા પડેલાં જીવોને બ્રહ્મસંબંધ આપીને મારી સન્મુખ નહિ કરે ત્યાં સુધી હું અન્ન ગ્રહણ નહિ કરું, તેથી જ મહાપ્રભુજીના પ્રાગટ્ય સુધી આપ દૂધ અને દહીં આરોગતા રહ્યા. મહાપ્રભુજી પધાર્યા, શ્રીનાથજીને પાટ પધરાવ્યા, એમની સન્મુખ બ્રહ્મસંબંધ આપી જીવોને શરણે લીધા, પછી આપને અન્નપ્રાશન કરાવ્યું.

શ્રીનાથજીને વૈષ્ણવો માટે, લીલામાંથી વિખૂટા પડેલા જીવો માટે એટલો બધો તાપ હતો કે આપે આવો સંકલ્પ કર્યો કે જ્યાં સુધી એ જીવો શરણે નહિ આવે ત્યાં સુધી હું અન્ન ગ્રહણ નહિ કરું. જીવોને બ્રહ્મસંબંધ થયા પછી જ આપ અન્ન આરોગ્યા અને આપને એનાથી સુખ મળ્યું. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી બંને પ્રગટ્યા. હવે આગળ ૨૩ મી કડીમાં શ્રી ગોપાલદાસજી ગાય છે.

ભક્ત જીવના ભાગ્ય વિસ્તર્યા,
ઇચ્છા કરી હરિ સાર,
એણે હેતે આપોપે પ્રગટ્યા,
શ્રીવલ્લભરાજકુમાર....૨૩

ગોપાલદાસજીની આસકિત તો શ્રી ગુસાંઇજીના સ્વરૂપમાં છે, તેથી કહે છે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગનું એક સુરેખ ચિત્ર બનાવ્યું, પણ એમાં રંગો પૂરવા તો શ્રીગુસાંઇજી પ્રગટ્યા, વાસ્તવમાં શ્રીમહાપ્રભુજીએ સુંદર પુષ્ટિમાર્ગનું નિર્માણ કર્યું પણ એને દરેક રીતે વિકસાવ્યો તો શ્રીગુસાંઇજીએ. જ્યારે શ્રીવલ્લભને ત્યાં શ્રીગુસાંઇજીનું પ્રાગટ્ય થયું ત્યારે ગોપાલદાસજીને લાગ્યું કે 'ભક્તજીવના ભાગ્ય વિસ્તર્યા ઇચ્છા કરી હરિ સાર.'

પ્રભુને થયું કે મારે આ જીવોનો ભાગ્યોદય કરવો છે, એમને પરમ સુખ આપવું છે, આવો વિચાર જ્યારે પ્રભુના મનમાં આવ્યો ત્યારે આપોપે પ્રગટ્યા શ્રીવલ્લભરાજ કુમાર. અધિક સુખ આપવાનું મન પ્રભુને થયું અને તેઓ પુનઃ શ્રીમહાપ્રભુજીને ત્યાં એમના લાલ શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ્યા. એમનું સ્વરૂપ કેવું છે, એનું વર્ણન કરતાં ગોપાલદાસજી આગળ ૨૪ મી કડીમાં કહે છે.

પૂર્ણ બ્રહ્મ શ્રી લક્ષ્મણસુત,
પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ,
શ્રીગોકુલમાં પ્રગટ પધાર્યા,
સ્વજન કીધાં સનાથ.....૨૪

શ્રીગોપાલદાસજી કહી રહ્યા છે, 'પૂર્ણ બ્રહ્મ શ્રી લક્ષ્મણસુત પુરુષોત્તમ શ્રી વિઠ્ઠલનાથ.' આપણને લાગે કે શ્રીમહાપ્રભુજીને પણ પૂર્ણ બ્રહ્મ કહ્યા. શ્રીગુસાંઈજીને પણ પૂર્ણ પુરુષોત્તમ કહ્યા. બંને એક સાથે કેવી રીતે પ્રગટી શકે?

પ્રભુએ જ્યારે મહારાસ કર્યો ત્યારે જેટલાં ગોપીજનો હતાં એટલાં સ્વરૂપ પ્રભુએ ધારણ કર્યાં હતાં. એવી રીતે દૈવી જીવોના મનોરથ પૂર્ણ કરવા માટે એક પરબ્રહ્મ પિતા રૂપે અને એક પરબ્રહ્મ પુત્ર રૂપે અવતર્યા અને પોતાના જીવોને સનાથ કર્યા.

શ્રીગોકુલમાં પ્રગટ પધાર્યા. આ ગોકુલ એટલે શું? આપણી ઈન્દ્રિયોનો સમૂહ. માનવદેહ એટલે ગોકુલ. આપે કૃપા દ્વારા, પોતાની કૃપા વૃષ્ટિ દ્વારા, પોતાના સિધ્ધાંતોનો પ્રવેશ આપણી અંદર કરાવી, પોતાના નિજજનોને સનાથ કર્યા. એમના મનોરથ પૂર્ણ કર્યા. એટલા માટે કહ્યું. સ્વજન કીધાં સનાથ.

આપણને થાય કે અક્રૂરજી પ્રભુને ગોકુળથી મથુરા પધરાવી ગયા ત્યારે ગોકુળવાસીઓ એમને માટે રડતાં રહ્યાં, કકળતાં રહ્યા, તો શું પ્રભુને પાછા પધારવાનું મન નહિ થયું હોય?

ગોપાલદાસજી કહે છેઃ કોણ કહે છે કે પ્રભુ પાછા નથી પધાર્યા? એજ પુરુષોત્તમ શ્રીવલ્લભ સ્વરૂપે પ્રગટ્યા, શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ્યા. પ્રગટ થઈને પુનઃ ગોકુલમાં પધાર્યા-પોતાની લીલાસૃષ્ટિના મનોરથ પૂરા કરવા માટે, પોતાના નિજજનોને સનાથ કરવા માટે, નિજજનોના માહાત્મ્યને આપે પ્રકટ કર્યુ. એટલા માટે તો શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગના ગુરુ તરીકે શ્રીગોપીજનોને બતાવ્યાં. 'ગોપીકાનાં ગુરવા પ્રોકતા' કહ્યું કે મારા ગુરુ ગોપીજનો છે.

શ્રીવલ્લભે પ્રભુ પાસે માગ્યું કે 'યચ્ચ દુઃખં યશોદાયાં નંદાદિનાં ચ ગોકુલે, ગોપીકાનાં યત્ દુઃખં તત્ સ્યાત્ મમ કવચિત્' આમાં કહ્યું કે પ્રભુ ગોકુલથી પધારી ગયા પછી જે પીડા, જે વેદના, જે વિરહનું દુઃખ વ્રજની ગોપીઓને થયું, પ્રભુના દૂર જવાના કારણે જે વિપ્રયોગ નંદ-યશોદાને થયો, પ્રભુ, એવી પીડાનો અનુભવ મારા હૃદયમાં ક્યારેક થાય, આમ કહીને આપે નિજજનોનું માહાત્મ્ય વધાર્યુ. એ માટે તો આપ પધાર્યા છે.

દરેક સંપ્રદાયમાં ભક્તોએ એમના ગુરુનાં ગુણગાન ગાયાં છે, પણ આપણો આ એક સંપ્રદાય એવો છે, જેમાં શ્રીગોકુલેશ પ્રભુ, શ્રી હરિરાય મહાપ્રભુ પધાર્યા, એમણે વૈષ્ણવોની ગાથા ગાઈ. ૮૪ વૈષ્ણવોની વાર્તા ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ કોણે લખી છે? શ્રીગોકુલનાથજીએ અને શ્રીહરિરાયજીએ. કહેવાય છે કે શ્રીહરિરાયજી તો ભોજન કરતાં પહેલાં ૮૪-૨૫૨ ભગવદીયોના નામની માળા કરતા. આમ આપે નિજજનોનું માહાત્મ્ય પ્રગટ કર્યુ. માટે કહ્યું : શ્રીગોકુળમાં પ્રગટ પધાર્યા, વહાલે સ્વજન કીધા સનાથ.

જે પ્રભુ ૫૦૦૦ વર્ષ પહેલાં ગોકુળને છોડીને પધાર્યા હતા, જુઓ આજે એ જ પ્રભુ શ્રીગુસાંઈજી સ્વરૂપે પુનઃગોકુલમાં પધાર્યા છે. નિજજનોના મનોરથ પૂરા કરવા માટે, એમના ભાવોને પૂર્ણ કરવા માટે.

અહીં આપણે આ પ્રથમ આખ્યાનનો વિરામ કરીએ.

⁂

વલ્લભાખ્યાન : ૨

(રાગ : રામકલી)

લક્ષ્મણસુત શ્રીવલ્લભરાયજી,
સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી.
કલિજન તરવા નહિ અવર ઉપાયજી,
યજ્ઞપુરુષ હરિના શ્રુતિ ગુણ ગાયજી...૧

શ્રીવલ્લભના સ્વરૂપનું વર્ણન કરતાં ગોપાલદાસજી કહે છે કે લક્ષ્માણ સુત શ્રીવલ્લભરાયજી. જેમનું લક્ષ પણ પ્રભુ અને મન પણ પ્રભુમાં હોય એના ઘરમાં વલ્લભનું પ્રાકટ્ય થાય, આવા લક્ષ્મણભટ્ટજીને ત્યાં શ્રીવલ્લભનું પ્રાકટ્ય થયું.

વલ્લભ કેવા છે? સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી-એવા સમર્થ ગુરુ આપણને મળ્યા કે જેમનું સ્મરણ કરતાં માત્રમાં દુષ્કૃત જાય- કેટલીક જગ્યાએ તો સન્મુખ જવું પડે, ગુણગાન કરવા પડે પણ અમારા વલ્લભ તો એવા છે કે કોઇ એક ક્ષણ માટે પણ વલ્લભનું સ્મરણ કરે તો, સ્મરણ કરતાંની સાથે જ, શ્રીવલ્લભ અગ્નિસ્વરૂપ હોવાથી તેમનું સ્મરણ એક ચિનગારી છે. ઘાસનો ગમે તેટલો મોટો ઢગલો હોય એક ચિનગારી પડે તો ઘાસ બળીને રાખ થાય, એમ ચાહે આપણી અંદર કેટલાયે અપરાધ, કેટલાય દોષો કેમ ન હોય, પણ જો શ્રીવલ્લભનું સ્મરણ થાય, એ ચિનગારીનો સ્પર્શ થાય, તો એ અપરાધો નિવૃત થઇ જાય છે.

શ્રીવલ્લભનું સ્મરણ શું છે? યાદમાં અને સ્મરણમાં પણ ફરક છે. પ્રયત્ન કરવાથી જે આવે તે યાદ અને પ્રયત્ન કર્યા છતાં પણ જે જાય નહિ તે સ્મરણ. પ્રયત્ન કરીએ ભૂલવાનો, છતાં ન ભૂલાય, મનમાંથી કાઢવાનો પ્રયત્ન કરીએ તો પણ ન નીકળે અને સહજ રીતે એની યાદ બની રહે. ક્યારેક આવે એ યાદ અને સદા બની રહે એ સ્મરણ.

શ્રીવલ્લભ કેવા છે? સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી-સ્મરણ કરવા માત્રથી, જે જીવનો ઉધ્ધાર કરે એવા શ્રીવલ્લભ છે.કારણ કે જે જીવના મનમાં વલ્લભનું સ્મરણ થાય, એ જ ક્ષણે શ્રીવલ્લભને એ જીવનું સ્મરણ થાય. જેમ જીવ જ્યારે શ્રીયમુનાજીનું નામ લે તે વખતે શ્રીયમુનાજીના મુખમાં એ જીવનું નામ આવે, એમ જ્યારે કોઇ જીવ વલ્લભનું સ્મરણ કરે ત્યારે શ્રીવલ્લભ એ જીવનું સ્મરણ કરે. જેનું સ્મરણ શ્રીવલ્લભ કરે, જેને શ્રીવલ્લભ વિચારે એને તો પ્રગટ પદારથ ચારે. એટલે તો કહ્યું કે શ્રીવલ્લભનું સ્મરણ કરવા માત્રથી જીવના બધા જ દોષો દૂર થાય અને શ્રીવલ્લભ અલૌકિક સામર્થ્યનું દાન એને આપે.

કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા, પછી એમના પહેલાના ગુરુ પાસે ગયા, ત્યારે એ બહુ નારાજ થયા. 'હું જ્યારે તારો ગુરુ છું છતાં તે બીજાને ગુરુ કેમ કર્યા?' કૃષ્ણદાસ કહે છેઃ 'મારા ગુરુ તો આપ છો, પણ આપની કૃપાથી મને સાક્ષાત્ પુરુષોત્તમ મળી ગયા. સાક્ષાત પ્રભુ મળી ગયા.' ગુરુ કહે છેઃ 'શું તું સાચું કહે છે કે જેના

શરણે તું ગયો છે એ શ્રીવલ્લભ પુરુષોત્તમ છે? તો એનું પ્રમાણ આપ.'

જ્યાં પોતાની નિષ્ઠા છે, પોતાનો અનન્ય ભાવ છે, એને માટે ગુરુએ પડકાર કર્યો ત્યારે કૃષ્ણદાસ મેઘનને એવો આવેશ આવી ગયો કે શ્રીવલ્લભનું સ્મરણ કરીને સગડીમાંથી બળતા અંગારા હાથમાં લીધા અને કહ્યું કે જો શ્રીવલ્લભ પુરુષોત્તમ હોય તો આ અગ્નિ મને કંઇ ન કરે અને જો ન હોય તો આ બળતા અંગારા મારા હાથને બાળીને રાખ કરે. આંખો બંધ કરી વલ્લભનું સ્મરણ કરતા રહ્યા. અગ્નિ બળી ગયો પણ એમના હાથને જરાય આંચ ન આવી. ગુરુને ખાત્રી કરાવી કે પોતે જેને શરણે ગયા છે તે બીજું કોઇ નહિ પણ સ્વયં પુરુષોત્તમ છે. જે જીવ આ રીતે વલ્લભનું સ્મરણ કરે, એને વલ્લભ આ રીતે કૃપાનું અને પોતાના સામર્થ્યનું દાન આપે છે.

શ્રીહરિરાયજી મહાપ્રભુજી નાના હતા ત્યારે ભગવદ્ વાર્તા કરતા, ગુણગાન કરતા. એ સમયે એમને એટલો બધો આવેશ આવી જતો કે ક્યારેક વૈષ્ણવોની મધ્યમાં જઇને બેસીને જાય, ક્યારેક નાચવા લાગે, મુક્ત કંઠે ગાવા લાગે.

વૈષ્ણવો જઇને એમના પિતૃચરણ કલ્યાણરાયજીને ફરિયાદ કરે. બાવાને સમજાવો. વૈષ્ણવોની વચ્ચે ન બેસે. શ્રીકલ્યાણરાયજીએ સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ આપ ન માન્યા. તો એક ઓરડામાં આપને બંધ કરી દીધા. સત્સંગનો વિયોગ થતાં આપે શ્રીવલ્લભનું સ્મરણ કરતાં ત્રણ દિવસ સતત શ્રીસર્વોત્તમજીના પાઠ કર્યા. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી બંને ત્યાં પ્રગટ થયા. બંનેએ પોતાનો શ્રીહસ્ત શ્રીહરિરાયજીના માથે પધરાવીને આશીર્વાદ આપ્યા,

જય જય શ્રી વલ્લભ પ્રભુ શ્રી વિઠ્ઠલેશ સાથે,
નિજજન પર કરત કૃપા ધરત હાથ માથે.

શ્રી હરિરાયજીએ આપની સ્તુતિ કરતાં આ પદ ગાયું. આમ સ્મરણ કરતાં શ્રીવલ્લભ એવી કૃપા કરે કે એ જીવના બધા મનોરથ પૂર્ણ થાય.

સુરતમાં શ્રીપુરુષોત્તમજી લેખવાળા બિરાજતા હતા, એમની નાની વય હતી, ત્યારે સુરતમાં એક માયાવાદીએ તેમની સામે શાસ્ત્રાર્થ માટે પડકાર કર્યો. નાનકડા ૫-૭ વર્ષની વયના પુરુષોત્તમજી અને સામે આટલા મોટા માયાવાદી વિદ્વાન! નાનકડા પુરુષોત્તમજીને મનમાં ઉદ્વેગ થયો કે આમની સાથે ચર્ચા કેવી રીતે કરીશ? મારી પાસે તો એટલું જ્ઞાન પણ નથી, વિદ્વતા પણ નથી.

એમનાં માતુશ્રીએ સમજાવ્યું 'બાવા,આપ કેમ ભૂલી જાઓ છો? આપનું પ્રાગટ્ય તો શ્રીવલ્લભના વંશમાં થયું છે. શ્રીવલ્લભનું સ્વરૂપ એવું છે કે જે જીવ એમનું સ્મરણ કરે, હૃદયના તાપપૂર્વક એમના નામનો ઉચ્ચાર કરે, શ્રીવલ્લભ એ જીવને પોતાના સામર્થ્યનું દાન કરે છે.'

ત્યારે શ્રીપુરુષોત્તમજીએ ત્રણ દિવસ સુધી ભોંયરામાં બિરાજી શ્રીવલ્લભનું સ્મરણ કરતાં શ્રીસર્વોત્તમજીના અખંડ પાઠ કર્યા છે, જ્યારે ત્રણ દિવસ પછી બહાર આવ્યા ત્યારે આપનું સ્વરૂપ જાણે બદલાઇ ગયું હતું. એ માયાવાદી પંડિતને ક્ષણમાત્રમાં નિરુત્તર કરી નાખ્યા. બાલ્યાવસ્થામાં હોવા છતાં શ્રીવલ્લભની કૃપાથી એમના મુખમાંથી એવી વાણી સ્ફૂરિત થઇ, વેદવેદાંતના અર્થો પ્રકટ

થયા કે વિદ્વાનો પણ હારીને પાછા ગયા. શ્રીવલ્લભનું આ સામર્થ્ય છે. શ્રીવલ્લભની કૃપાનો અનુભવ તેમને થાય જે શ્રીવલ્લભનું સ્મરણ કરે. એને કૃપાનું દાન કરીને સનાથ કરે છે. માટે કહ્યુંઃ સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી.

આવા સ્વામી, આવા ગુરુ આપણને મળ્યા હોય, અને એમનો આશ્રય આપણે કરી ન શકીએ તો આપણાથી અભાગિયો બીજો કોણ હોય? જેના ઘરમાં પારસમણિ હોય, પણ એ પારસમણિને ભૂલીને જગતના બીજા સાધનોમાં અટવાય એના જેવો દુર્ભાગી બીજો કોણ હોય? જેના ઘરમાં વલ્લભનો પારસમણિ હોય, એનો આશ્રય છોડીને બીજે ભટકવા જાય એને દુર્ભાગી ન કહેવાય તો બીજું શું કહેવાય?

આ જગતમાં શ્રીવલ્લભની કૃપા વિના પ્રભુ સાથે જીવનો સંબંધ થઇ શકતો નથી, તેથી કહ્યુંઃ કલિજન તરવા નહિ અવર ઉપાયજી. કલિકાલના જીવો માટે શ્રીવલ્લભના નામના આશ્રય વિના બીજું કોઇ સાધન તરવા માટે નથી. ન તો ભગવદ્‌નામ લઇ શકીએ એવો દેશ છે, ન તો કાળ છે, ન તો મંત્રનુ ધ્યાન છે, ન તો શુદ્ધિ છે કે ન તો કોઇ પ્રક્રિયાનું આપણને જ્ઞાન છે. સાધન ઔર નહિ યા કલિમે, જાસોં હોય નિવેરો, આ કલિકાલમાં એવા કોઇ સાધન રહ્યા નથી કે જેનાથી આપણે પ્રભુને પામી શકીએ.

તેથી કહીએ છીએ કે અમને અમારા સામર્થ્ય ઉપર કે અમારા દ્વારા થતા સાધનો ઉપર વિશ્વાસ નથી. અમને તો પ્રભુ આપની ઉપર વિશ્વાસ છે. કારણ કે સાધનોથી પ્રભુ મળે કે ન મળે, ગુરુની કૃપાથી પ્રભુ જરૂર મળશે.

સૂરદાસજીના અંતિમ સમયે વૈષ્ણવોએ પ્રશ્ન પૂછ્યો કે સૂરદાસજી, આપે પ્રભુનું વર્ણન કરતાં સવા લાખ પદો રચ્યાં પણ શ્રીવલ્લભની આટલી કૃપા, આટલો અનુગ્રહ આપના ઉપર હોવાં છતાં આપે શ્રીવલ્લભનું એક પણ પદ કેમ ન રચ્યું?

સૂરદાસજીએ જવાબ આપ્યોઃ 'કછુ ન્યારો દેખતો તો ન્યારો ગાતો.' મેં વલ્લભને અને પ્રભુને અલગ માન્યા હોત તો એમનું અલગ વર્ણન કર્યું હોત. મેં તો જે ગાયું છે તે મારા વલ્લભનાં જ ગુણગાન ગાયાં છે. મેં તો પલનામાં ઝૂલતા અને ઝુલાવતા બંને વલ્લભને જોયા છે. મેં તો જ્યાં પણ જોયા ત્યાં વલ્લભને જ જોયા છે, શૃંગાર ધરાવતા વલ્લભને જોયા તો શૃંગાર ધારણ કરતા પણ પણ વલ્લભને જ જોયા છે. આમ કહીને પોતાના હૃદયનો ભાવ એમણે વહેતો કર્યો એક પદ દ્વારા–

દઢ ઇન ચરનન કેરો ભરોસો.

આ આશ્રયનું પદ ગાયું. આ પદમાં ચાર લીટીઓ છે. ચાર લીટીઓ દ્વારા બતાવ્યું કે વૈષ્ણવોને એમનો ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારેની પ્રાપ્તિ થાય તો એ આશ્રયથી થાય. કોઇપણ યુગમાં આશ્રયથી જ એની પ્રાપ્તિ થશે. ભરોસો દઢ ઇન ચરનન કેરો. આ પંક્તિમાં કુલ ૧૩ અક્ષરો છે. વૈષ્ણવો સત્સંગના વિરામ પછી આશ્રયપદનું ગાન કરે, એ સમયે જ્યારે આ પ્રથમ પંક્તિ ગાય ત્યારે એના તેર અક્ષરો દ્વારા અષ્ટાક્ષર અને પંચાક્ષર સિધ્ધ થવાનું ફલ પ્રાપ્ત થાય છે. બંને આ પ્રથમ પંક્તિના ગાનથી ફલિત છે, બીજી પંક્તિમાં કહે છે :

શ્રીવલ્લભ નખચંદ્ર છટાબિન સબ જગમેં જુ અંધેરો.

પ્રથમ પંક્તિના તેર અક્ષરો બોલતા અષ્ટાક્ષર અને પંચાક્ષર મંત્ર ફલિત થાય, એટલું જ નહિ તેરે મહિનાની લીલા હૃદયમાં સ્ફૂરિત થાય. બાર મહિના અને તેરમો અધિક માસ- એમાં પ્રભુ જે જે પણ અલગ અલગ લીલાઓ કરે છે, એ બધી લીલાના ભાવો હૃદયમાં સ્ફૂરિત થાય છે. આ દ્વિતીય પંક્તિમાં ૨૧ અક્ષરો છે. જ્યારે એનું ગાન કરીએ તો દસ પ્રકારના જીવોની એકાદશ ઇન્દ્રિયોનો શ્રીઠાકોરજીના સ્વરૂપમાં નિગ્રહ દઢ થાય.

ત્રીજી પંક્તિમાં કહે છે : સાધન ઔર નહિ યા કલિમેં જાસોં હોય નિવેરો. આ ત્રીજી પંક્તિમાં ૧૮ અક્ષરો છે. એના ઉચ્ચાર કરતાંની સાથે અઢારે અઢાર પુરાણ, ભાગવતના અઢાર હજાર શ્લોક, ગીતાના અઢાર અધ્યાયનું ફલ પ્રાપ્ત થાય. ચોથી પંક્તિમાં ગાય છેઃ સૂર કહા કહે દ્વિવિધ આંધરો બીના મોલકો ચેરો. આ પંક્તિમાં ૧૯ અક્ષર છે. આ ૧૯ અક્ષરો બોલીએ ત્યારે પુષ્ટિમાર્ગના ૧૯ સ્વરૂપોમાં આપણી દઢ આસક્તિ થાય છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, એમના લાલજી પુરુષોત્તમજી, શ્રીગુસાંઇજી, શ્રીગુસાંઇજીના સાત લાલજી, શ્રીનાથજી અને સાત સ્વરૂપો આમ ૧૯ સ્વરૂપોમાં આપણી એકાદશ ઇન્દ્રિયો દ્વારા દઢ આસક્તિ થાય.

આમ આશ્રયનું પદ પણ કોઇ સાધારણ પદ નથી. દરરોજ ભગવદ્ વાર્તાના વિરામમાં આ પદ બોલાય ત્યારે આટલા સ્વરૂપોમાં આપણો આશ્રય દઢ થાય. માટે તો આપણે એને આશ્રયનું પદ કહીએ છીએ. માટે તો સર્વોત્તમ સ્ત્રોતમાં શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનું એક નામ આપ્યુંઃ **સ્મૃતિમાત્રાર્તિનાશનઃ** સ્મરણ કરવા માત્રથી ભક્તની આરતીને જે હરી લે છે એવા શ્રીમહાપ્રભુજી છે. જ્યાં સુધી તાપનું હરણ થયું નથી ત્યાં સુધી માનવું કે આપણે યાદ કર્યા છે, પણ હજી સ્મરણ કર્યું નથી, સ્મરણ થાય તો તાપનું હરણ થયા વિના રહે નહિ અને તાપનું હરણ થયું નથી તો ફરિયાદ ન કરીએ. પોતે હજી સ્મરણ કર્યું નથી, તેમ માનીએ.

કેવા શ્રીવલ્લભ? જે લક્ષ્મણસુત છે, જે સ્મરણ કરવા માત્રથી ભક્તના તાપને હરી લે છે, ભક્તના તાપને હરી લેવો એ જેમનો સ્વભાવ છે, એવા શ્રીવલ્લભ છે. કલિકાલના જીવોને તરવા માટે શ્રીવલ્લભ સિવાય કોઇ ઉપાય જ નથી. વળી વલ્લભ યજ્ઞભોક્તા પણ છે અને યજ્ઞકર્તા પણ છે. પહેલાં ભોક્તા થયા, પછી કર્તા થયા, કારણ કે યજ્ઞ કરીએ તો તેમાં પહેલાં દેવતાઓનું આવાહન કરવું પડે. પછી આહુતિ અપાય. યજ્ઞમાં જે દેવતાઓનું આવાહન કરવામાં આવે એના મુખ્ય દેવ તે શ્રીવલ્લભ, અને આહુતિઓ આપી રહ્યા છે તે પણ શ્રીવલ્લભ.

અહીં કહે છેઃ યજ્ઞપુરુષ હરિના શ્રુતિ ગુણ ગાયજી. આ યજ્ઞપુરુષ કોણ છે? જેમના વંશમાં શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય થયું, એવા યજ્ઞનારાયણ ભટ્ટ. જ્યારે યજ્ઞનારાયણે સોમયજ્ઞ કર્યો ત્યારે એમને પ્રભુની આજ્ઞા થઇ કે આપના વંશમાં સો સોમયજ્ઞ પૂરા થશે ત્યારે હું સ્વયં તમારા વંશમાં પ્રાગટ્ય લઇશ. જ્યાં યજ્ઞનારાયણજીને પ્રભુએ આ સંકેત આપ્યો, આજ્ઞા કરી, ત્યારે આજ્ઞાનું પાલન કરવા માટે યજ્ઞનારાયણજીએ સોમયજ્ઞ કરવા માંડ્યાં યજ્ઞની

વેદીમાંથી સ્વયં શ્રી મદનમોહનલાલજી અને સ્વામિનીજી પ્રકટ થયાં. જે આજે કામવનમાં બિરાજે છે. આપે ૩૧ સોમયજ્ઞો કર્યા. આપ સ્વયં વેદ સ્વરૂપ હતા. પોતાનો પરિચય આપવા માટે, પોતાના વેદસ્વરૂપને પ્રકટ કરવા પાડા પાસે વેદમંત્રોનો ઉચ્ચાર કરાવડાવ્યો હતો. આગળ આપના વંશમાં સોમયજ્ઞની આ પરંપરા ચાલતી રહી. ગંગાધર ભટ્ટે- જે શિવજીનું સ્વરૂપ મનાય છે, તેમણે ૨૭ સોમયજ્ઞ કર્યા. પોતાના સ્વરૂપને બતાવવા માટે એમણે પોતાની જટા ખોલીને મસ્તકમાંથી ગંગાજી પ્રકટ કર્યા હતા.

પછી થયા ગણપતિ ભટ્ટ. તેઓ ગણેશજીના અવતાર હતા. પોતાના સ્વરૂપને પ્રગટ કરવા માટે તેમણે ચાર કલાક સુધી સુવર્ણમુદ્રાઓની એક યોજન વિસ્તારમાં વૃષ્ટિ કરાવી હતી. તેમણે ૩૨ સોમયજ્ઞ કર્યા.

આગળ તેમના વંશમાં થયા બાલમ ભટ્ટ. એમણે ૫ સોમયજ્ઞ કર્યા. આપ સૂર્યના અવતાર હતા. પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા માટે આપે મધ્યરાત્રિએ સૂર્યનાં દર્શન કરાવીને પોતાના સ્વરૂપનો પરિચય આપ્યો. એમના વંશમાં પછી થયા લક્ષ્મણભટ્ટજી. તેઓ સ્વયં વસુદેવજીનું સ્વરૂપ છે. જે વસુદેવજીને ત્યાં પ્રભુ પ્રકટ થયા હતા, પરંતુ તેમને બાલલીલાનું સુખ નહોતું મળ્યું. એમના ત્યાં પ્રભુનું પ્રાકટ્ય થતાંની સાથે એમને ગોકુળમાં પધરાવી આવવું પડ્યું. વસુદેવજીને તાપ હતો કે પ્રભુ મારે ત્યાં પ્રગટ્યા છતાં મને આપની બાલલીલાનું સુખ ન મળ્યું, એ બાળલીલાનું સુખ લેવા માટે લક્ષ્મણભટ્ટજી સ્વરૂપે વસુદેવજી પધાર્યા. એમને ત્યાં શ્રીવલ્લભનું પ્રાકટ્ય થયું. માટે કહ્યું: યજ્ઞપુરુષ હરિના શ્રુતિ ગુણ ગાયજી.

લક્ષ્મણભટ્ટજીએ પાંચ સોમયજ્ઞ કર્યા. એ સાથે સો સોમયજ્ઞ પૂર્ણ થયા. સ્વપ્નમાં એ જ શ્રીમદનમોહનલાલજીએ એમને દર્શન આપ્યા અને સંકેત આપ્યો કે હવે હું તમારે ઘેર પ્રગટવાનો છું. એમ કહીને પોતાનો પ્રસાદી ઉપરણો આપ્યો, તુલસીની કંઠી અને ગૌમુખી અને પોતાના મુખારવિંદનો ઉગાર આપ્યો. આશ્ચર્યની વાત એ બની કે દર્શન સ્વપ્નમાં થયાં પણ જે જે વસ્તુઓ આપી તે તે વસ્તુઓ લક્ષ્મણભટ્ટજીએ પોતાની સામે જોઈ. પ્રમાણ મળ્યું કે હવે નિશ્ચિત મારે ઘેર પ્રભુનું પ્રાકટ્ય થશે. આગળ ગોપાલદાસજી કહે છે:

ગાય શ્રુતિગુણ રૂપ અહર્નિશ,
ધરી ધ્યાન વિચાર.
આનંદરૂપ અનુપ સુંદર
પામે નહિ કોઇ પાર... ૨

શ્રી લક્ષ્મણ ભટ્ટજીને ત્યાં શ્રીવલ્લભનું સ્વરૂપ પ્રકટવાનું છે એ સ્વરૂપ કેવું છે, એનું વર્ણન કરે છે. જેનું ગુણગાન અહર્નિશ વેદની શ્રુતિઓ ગાય છે અને છતાં એ ગુણગાન ગાવામાં અસમર્થ રહે છે, નેતિ નેતિ કહે છે, એવું આપનું સ્વરૂપ છે. વેદની ઋચાઓ પ્રભુના રૂપ અને ગુણોનું ગાન કરતાં રહે છે. કેટલીક વેદની ઋચાઓ એવી છે જે પ્રભુના ગુણોનું ગાન કરે તે મર્યાદા શ્રુતિ અને જે પ્રભુના રૂપના ગાન કરે તે પુષ્ટિ શ્રુતિ. કારણ કે આ ભક્તિમાર્ગમાં ગુણાસકિત નથી. સ્વરૂપાસકિત છે. પુષ્ટિભક્તિ અને મર્યાદાભક્તિમાં શું ફરક છે? પ્રભુના ગુણોને લઇને યદિ પ્રભુમાં પ્રેમ છે તો તે કહેવાય

મર્યાદા ભક્તિ અને પ્રભુના સ્વરૂપમાં પ્રેમ છે તો માનવું કે પુષ્ટિભક્તિ છે.

પ્રભુના ગુણોને કારણે જે પ્રેમ થાય તે ત્યાં સુધી રહે જ્યાં સુધી પ્રભુના ગુણો દેખાતા રહે. પ્રભુને પ્રેમ એટલા માટે કરીએ છીએ કે એ દયાનિધિ છે, કૃપાનિધિ છે, કરુણાસાગર છે. જ્યાં સુધી કૃપા કે કરુણા દેખાશે ત્યાં સુધી પ્રેમ રહેશે. પણ જ્યાં કરુણા દેખાવાની ઓછી થઇ કે પ્રેમ પણ ઓછો થઇ જશે. કૃપાનો અનુભવ થતો રહે ત્યાં સુધી પ્રેમ રહે, જ્યાં કૃપા દેખાતી બંધ થાય કે મનમાં આવે કે હું આટલું આટલું કરું છું, છતાં પ્રભુએ મારી સાથે આવું કેમ કર્યું? પ્રભુને પ્રેમ કરીએ છીએ તે એટલા માટે કરીએ છીએ કે પ્રભુની અંદર આ ગુણ છે, જ્યારે પ્રેમ કરવાનું કારણ હોય ત્યારે પ્રેમ કરીએ તો એને કહેવાય મર્યાદા પ્રેમ. તમે કોઇને પ્રેમ કરતા હો અને એમ કહો કે હું એને એટલા માટે પ્રેમ કરું છું કે એની આંખો સરસ છે, એનો અવાજ સરસ છે, વાણી સરસ છે, સ્વભાવ સરસ છે. આમ કોઇને કોઇ કારણસર પ્રેમ કરતા હોઇશું તો એ પ્રેમ ત્યાં સુધી રહેશે, જ્યાં સુધી એ કારણ તમને અનુકૂળ રહે. સ્વભાવ સારો હોય, તમને અનુકૂળ હોય ત્યાં સુધી પ્રેમ રહે. થોડો વિપરીત થયો કે પ્રેમ ગયો.

આમ પ્રભુના ગુણને કારણે પ્રેમ થવો અને પ્રભુના સ્વરૂપના કારણે પ્રેમ થવો, બંને અલગ છે. કોઇ આપણને પ્રભુ સાથે પ્રેમ થવાનું કારણ પૂછે ને આપણને ઉત્તર ન મળે તો માનવું કે પ્રેમ સાચો છે. પ્રેમ થવાનાં ઘણાં બધાં કારણો મળે તો માનવું કે એ પ્રેમ નથી પણ ભ્રમ છે. જ્યાં સુધી પ્રેમ કરવાનું કારણ આપણને દેખાતું રહે ત્યારે માનવું એ સકારણ પ્રેમ છે અને એવો પ્રેમ ટકશે નહિ, તેથી જે ગુણોનું ગાન કરે છે એ મર્યાદા શ્રુતિ છે અને જે સ્વરૂપનું ગાન કરે છે એ પુષ્ટિ શ્રુતિ છે.

વલ્લભનું સ્વરૂપ કેવું? પોતે આનંદ સ્વરૂપ છે. આનંદરૂપ અનુપ સુંદર. જીવણલાલજી મહારાજ એમની ટીકામાં કહે છેઃ કેટલીક વસ્તુઓ એવી હોય કે જેનું સ્વરૂપ સુંદર હોય પણ ગુણ સારા ન હોય જ્યારે કેટલીક વસ્તુઓ એવી હોય કે જેનું સ્વરૂપ સુંદર ન હોય પણ ગુણ સારા હોય. દા.ત કસ્તુરીના ગુણ સારા છે પણ તેનામાં રૂપ નથી. એવા કોઇક જ હોય જેની અંદર દરેક વસ્તુ અનુકૂળ હોય. જેનું સ્વરૂપ અને ગુણ બંને સારા હોય. એટલા માટે તો શ્રીગુસાંઇજીએ જ્યારે શ્રીવલ્લભના ગુણગાન કર્યા ત્યારે એ સ્તોત્રનું નામ આપ્યું 'સર્વોત્તમ સ્તોત', કારણ કે શ્રીમહાપ્રભુજી સર્વોત્તમ છે.

સર્વોત્તમ કોને કહેવાય? જે સર્વમાં ઉત્તમ હોય. સર્વદા ઉત્તમ હોય અને સર્વત્ર ઉત્તમ હોય. આ ત્રણ વસ્તુ જેને લાગુ પડે તે સર્વોત્તમ કહેવાય. ઘણા લોકો સર્વમાં ઉત્તમ હોય, એના જેવું કોઇ ન હોય પણ એ સર્વદા ઉત્તમ ન પણ રહે, એની અવધિ હોય. કદાચ સર્વમાં ઉત્તમ હોય, સર્વદા ઉત્તમ હોય પણ એ સર્વત્ર ઉત્તમ રહેતા નથી. એનામાં એક કાર્ય કરવાની આવડત હોય એનો એવો અર્થ નહિ કે દરેક કાર્ય કરવાની એનામાં ચતુરાઇ હશે. તો જે સર્વમાં ઉત્તમ,સર્વદા ઉત્તમ અને સર્વત્ર ઉત્તમ હોય એને જ સર્વોત્તમ કહેવાય. એવા શ્રીમહાપ્રભુજી છે. એટલા માટે તો કહ્યું છેઃ આનંદરૂપ અનુપ સુંદર પામે નહિ કોઇ પાર.

જે આનંદ સ્વરૂપ છે, જે આનંદરૂપ અનુપ સુંદર છે, એનો પાર કોણ પામી શકે? શ્રીવલ્લભનું એવું અદ્‌ભુત સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજીના એક સેવક હતા સુંદરદાસ. એ જ્યારે પણ સુંદર શબ્દનો ઉપયોગ કરતા ત્યારે એકમાત્ર મહાપ્રભુજી માટે કરતા. શ્રીવલ્લભની ચર્ચા ચાલતી હોય, શ્રીવલ્લભના ગુણગાન ચાલતા હોય તો જ એમના મુખમાંથી સુંદર શબ્દ નીકળે. તે સિવાય એ સુંદર શબ્દનો ઉપયોગ કરે જ નહિ. એટલી અનન્યતા અને સ્વરૂપ આસક્તિ એમને શ્રીવલ્લભમાં હતી.

એક દિવસ કોઇ વૈષ્ણવના ઘેર મનોરથમાં મહાપ્રસાદ લેવા બેઠા હતા. કોઇ વૈષ્ણવે તેમને પૂછ્યું, 'મહાપ્રસાદ કેવો છે?' સુંદરદાસ કહે: 'અતિ સુંદર, અતિ સુંદર.' બધા વૈષ્ણવોને આશ્ચર્ય થયું. સુંદરદાસને ટેક હતી કે સુંદર શબ્દનો ઉપયોગ શ્રીવલ્લભ માટે જ કરવો. આજે તેમણે મહાપ્રસાદ માટે સુંદર શબ્દ વાપર્યો!

બધાએ કહ્યુઃ 'સુંદરદાસ, આજ તમારી ટેક તૂટી.'

'કેમ?'

'તમે આજે પ્રસાદ માટે સુંદર બોલ્યા.'

'તમે શું પૂછી રહ્યા હતા, બોલી રહ્યા હતા તેમાં મારું ધ્યાન જ ન હતું. મારું મન તો આજે વિજયનગરના એ દરબારમાં હતું, જ્યાં શ્રીમહાપ્રભુજી ઊંચા સિંહાસન પર બિરાજમાન હતા, મોટા મોટા પંડિતો આપની સ્તુતિ કરી રહ્યા હતા. તમે પૂછયું ત્યારે મેં તો એ સ્વરૂપ માટે 'અતિસુંદર' કહ્યું હતું. ચાહે તમે મને કંઇ પણ પૂછ્યું હશે, પણ મારા મનની વૃત્તિ તો ત્યાં હતી, વલ્લભમાં હતી અને મેં વલ્લભ માટે અતિ સુંદર શબ્દો કહ્યા.'

માટે ગોપાલદાસજી કહે છે આનંદરૂપ અનુપ સુંદર, પામે નહિ કોઇ પાર. વલ્લભના પ્રાગટ્યની ભૂમિકા બનાવતાં પહેલાં અહીં ગોપાલદાસજી કહી રહ્યા છે કે વલ્લભનું પ્રાગટ્ય અદ્‌ભુત એટલા માટે છે કે આ બીજું કોઇ નહિ પણ આનંદ સ્વરૂપ છે. આનંદને વેદમાં 'રસો વૈ સઃ' કહેવાયો છે. જે સ્વયં રસ છે. એ રસ જ સાકાર રૂપમાં પ્રગટે, અદ્‌ભુતતા એમાં છે. એટલા માટે અહીંયા કહ્યુંઃ શ્રીવલ્લભ પ્રગટવાના છે એ મહાપ્રભુ કહેવાવાના છે. આપણે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરીએ છીએ, પણ શ્રીવલ્લભનું સ્વરૂપ કેવું છે? જા કે રોમ રોમ પ્રતિ કોટિ ગોવર્ધનરાઇ, શ્રીવલ્લભ બરનું કહા બડાઇ? શ્રીવલ્લભના ગુણગાન અમે શું કરીએ? જેના એક એક રોમમાં કોટિ કોટિ શ્રીગોવર્ધનનાથજી બિરાજમાન છે. શ્રીવલ્લભનું સ્વરૂપ કેવું છે?

શ્રીમદ્ વૃંદાવનેન્દુ પ્રકટિત રસિકા નંદ સંદોહ રૂપમ્ ।

અનેક અનેક ગોપીજનોના હૃદયમાં બિરાજમાન આપણા શ્રીનાથજી પ્રભુ અને એવા કોટિ કોટિ ગોપીજનો શ્રીમહાપ્રભુજીના રોમ રોમમાં બિરાજે છે. શ્રીમહાપ્રભુજીના એક એક રોમમાં શ્રીગોપીજનોનો સંયોગ છે. વેણુનાદનું શ્રવણ કરી પ્રભુ પાસે પહોંચી ગયાં અને પ્રભુના દર્શન કર્યા. સંયોગ મળ્યો. મહાપ્રભુજીના એક એક રોમમાં એ ગોપીજનોનો વિપ્રયોગ પણ છે. વેણુનાદનું શ્રવણ કરીને પણ જે ગોપીઓ પ્રભુ પાસે જઇ ન શકી અને તેમને જે પ્રગાઢ વિરહનો અનુભવ થયો, એ વિરહ પણ શ્રીવલ્લભના એક એક રોમમાં છે. જ્યારે કોઇ

જીવ શ્રીવલ્લભના માધ્યમથી બ્રહ્મસંબંધ લે, ત્યારે એમના રોમરોમમાં બિરાજમાન એ ગોપીજનોમાંથી એક ગોપીજનનો ભાવ એ બ્રહ્મસંબંધ લેનાર વૈષ્ણવના હૃદયમાં સ્થાપિત થાય, બીજ રોપાય પણ એ બીજને વૃક્ષ બનાવવાનું કાર્ય તો આપણું છે, એટલા માટે ગોપાલદાસજી ત્રીજી પંક્તિમાં કહે છેઃ

પ્રાણપતિ પ્રાગટ્ય કારણ,
કાંઇક કહું મતિમંદ.
હરસુર વિધાતા નવ લહે,
સાક્ષાત બ્રહ્માનંદ...૩

પ્રાણપતિ પ્રાગટ્ય કારણ કાંઇક કહું મતિ મંદ– શ્રીવલ્લભના પ્રાગટ્યનું કારણ હું કહેવા માગું છું. હું તો સાગરની એક બુંદ છું. વટવૃક્ષનું એક પાન છું. ઘટાદાર વૃક્ષનું એક પાન આખા વૃક્ષને ઓળખવા જાય, એ તો જેમ અસંભવ લાગે એમ હું તો સાધારણ જીવ છું. વલ્લભના પ્રાગટ્યનું કારણ હું કેવી રીતે કહું? પ્રભુના પ્રાગટ્યનું કારણ તો પ્રભુ જ જાણી શકે. પ્રભુ જ્યારે અવતાર લે ત્યારે દૈત્યોને મારે, એમ બધા કહે છે, પણ પ્રભુ ક્યારેય દૈત્યોને મારવા માટે અવતાર લેતા નથી. માત્ર અને માત્ર પોતાના નિજજનોના મનોરથ પૂર્ણ કરવા માટે જ પ્રાગટ્ય લે છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રભુ તો દરેકના મનમાં રહેલા છે, તો શું એ અંદર બિરાજેલા પ્રભુ નિજજનોના મનોરથ પૂરા ન કરી શકે? એમને અવતાર લેવો પડે? તો કહે છે જેમ કાષ્ટમાં રહેલો અગ્નિ કાષ્ટને બાળી શકતો નથી, પણ જ્યારે બહારથી એમાં અગ્નિનો પ્રવેશ કરાવવામાં આવે ત્યારે અંદર રહેલો અગ્નિ પ્રજ્વલિત બને છે. એ પછી કાષ્ટને બાળે. તે રીતે આપણી અંદર તો પ્રભુ છે. એ પ્રભુ જ્યારે પૂર્ણ સાકાર સ્વરૂપે પધારે અને આપણા નેત્રો દ્વારા હૃદયમાં પધારે,આપણા કર્ણ દ્વારા હૃદયમાં પધારે, ત્યારે મનોરથ પૂર્ણ કરે. ત્યારે આપણને ભગવદ્ અનુભૂતિ થાય, આ વાત અહીં કરી છે.

વલ્લભના પ્રાગટ્યનું કારણ કોણ જાણી શકે? એક પ્રાચીન હસ્તલિખિત ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યનું કારણ એ બતાવ્યું છે કે જ્યારે ભગવાને પ્રાગટ્ય લીધું ત્યારે જે ઉદ્દેશથી એ પ્રાગટ્ય લીધું હતું, એવાં ૮૪ કાર્યો કરવાનાં આપને બાકી રહી ગયાં હતાં. એ બાકી રહેલાં ૮૪ કાર્યો કરવા માટે શ્રીમહાપ્રભુજી ભૂતલ ઉપર પધાર્યા. એમાંના એક–બે કારણોનું દર્શન આપણે કરીએ.

પ્રભુનું પ્રાકટ્ય થવાનું હતું ત્યારે પૃથ્વી ગાયનું રૂપ લઇને પ્રભુ પાસે ગઇ અને પ્રભુને વિનંતી કરી કે હે પ્રભુ, મારા તાપનું શમન કરો.

'કેવી રીતે?'

'આપના ચરણાવિંદ મારા ઉપર પધરાવો.'

પૃથ્વીના તાપનું શમન કરવા માટે ભગવાને વ્રજમાં પ્રાગટ્ય લીધું. પણ ખુલ્લા ચરણાવિંદથી માત્ર વ્રજમાં જ પધાર્યા. ત્યારે પૃથ્વીને ફરી તાપ થયો.

'હે પ્રભુ, આપના વિપ્રયોગને કારણે આખુ શ્રીઅંગ તપી રહ્યું છે. વ્રજ તો મારું મુખ છે, વૃંદાવન મારું ભાલ છે, એમાં આપ પધાર્યા પણ બાકીના અંગોનું શું?'

પ્રભુનું આ કાર્ય બાકી રહ્યું. એ કાર્ય પૂર્ણ કરવા શ્રીવલ્લભ પધાર્યા. આખા ભારતની

ત્રણ વાર પરિક્રમા કરી અને પૃથ્વીનો મનોરથ પૂર્ણ કર્યો.

બીજું કાર્ય જોઇએ તો અક્રૂરજીનો ઉદ્ધાર બાકી રહ્યો હતો. અક્રૂરજી જેવા પ્રભુના પરમ ભક્ત,જે પ્રભુને વ્રજમાંથી મથુરા પધરાવી ગયા હતા. જેનામાં આટલું બધું સામર્થ્ય હતું કે એ પ્રભુને પધરાવી ગયા હતા, પણ એમનું મન સ્યમંતક મણિમાં ગયું. પ્રભુએ કહ્યું: 'પથ્થરમાં મન ગયું છે તો પથ્થર થશે.' આ અક્રૂરજીનો ઉધ્ધાર બાકી હતો. તે માટે વલ્લભ પ્રગટ્યા. આપ જ્યારે વ્યાસ આશ્રમમાં પધારતા હતા ત્યારે એક મોટી શિલા ગબડતી ગબડતી આવી. એ શિલા યુગોથી ત્યાં પ્રતીક્ષા કરતી હતી, જ્યારે વલ્લભનાં દર્શન થયા ત્યારે એ શિલા ગબડી. વલ્લભે દૃષ્ટિ કરી. ઓળખ્યા, પોતે તો આગળ પધાર્યા, આનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય તો મારા ભક્તમાં છે. એ શિલા બીજું કોઇ નહિ સ્વયં અક્રૂરજી હતા. યુગોથી પ્રતીક્ષા કરતા હતા કે ક્યારે પ્રભુ પધારે અને એમની ચરણધૂલિથી મારો ઉદ્ધાર થાય. એમણે વલ્લભનાં દર્શન કર્યા. અક્રૂરજી ઓળખી ગયા. વિચાર્યું કે એમના ચરણ પકડીને મારા અપરાધનું શમન કરું. શિલા ગબડતી આવી. કૃષ્ણદાસ મેઘને તેને ત્રણ દિવસ સુધી રોકી રાખી, અને સત્વ, રજ, તમ, ત્રણે ગુણોમાંથી મુક્ત કરી ઉદ્ધાર કર્યો.

પ્રભુનાં આવાં કુલ ૮૪ કાર્યો બાકી હતાં. એ કરવા માટે શ્રીમહાપ્રભુજીએ પ્રાગટ્ય લીધું. એ શેષ કાર્યો પૂર્ણ કર્યાં. તેથી ગોપાલદાસજી કહે છે 'પ્રાણપતિ પ્રાગટ્ય કારણ કાંઇક કહું મતિ મંદ.' જગતનાં લૌકિક કાર્યો કરવા આવ્યા હોય તો વર્ણન કરી શકાય, પણ પ્રભુનાં - જે પૂર્ણ છે - એનાં બાકી રહેલાં કાર્યો કરવાં હોય એનું વર્ણન કરવાનું સામર્થ્ય મારામાં ક્યાંથી હોય?

અહીં ગોપાલદાસજીએ શ્રીવલ્લભ માટે 'પ્રાણપતિ' શબ્દનો પ્રયોગ કર્યો. કેમ? પતિ એને કહેવાય જે રક્ષણ કરે. દેહનું રક્ષણ કરે એ સાધારણ પતિ, જે આત્માનું રક્ષણ કરે અને જેનો અંશ છે, એની સાથે જોડી આપે એ પ્રાણપતિ. શ્રીવલ્લભ આપણા પ્રાણોનું પોષણ અને રક્ષણ કરે છે. માટે એમને 'પ્રાણપતિ' કહ્યા.

વળી કહ્યું: 'હર સુર વિધાતા નવ લહે સાક્ષાત્ બ્રહ્માનંદ'

શ્રીવલ્લભ સાક્ષાત બ્રહ્માનંદ છે. એનો પાર મોટા મોટા દેવતાઓ પણ પામી ન શક્યા કે આપ કેમ પ્રગટ્યા, તો હું તો મતિમંદ છું, આપના પ્રાકટ્યનું વર્ણન કેવી રીતે કરી શકું. આપ પૂર્ણ છો- હું અપૂર્ણ છું, આપ બ્રહ્મ છો - હું જીવ છું. જીવ આપના પ્રાગટ્યનો હેતુ શું જાણી શકે? આપ જ્યારે પ્રાગટ્ય લેતા હોય ત્યારે આપની અંદર અનેક-અનેક જીવોના મનોરથ પૂરા કરવાના સંકલ્પો હોય. આપના મનમાં શું છે, એ આપના સિવાય કોણ જાણી શકે? તો આપના પ્રાગટ્યનો મૂળ હેતુ કેવી રીતે વર્ણન કરું?

આપ તો પ્રાણપતિ છે. અને આપનો એક સ્વભાવ હું જાણું છું કે જે એમના શરણે જાય એના આત્માનું પોષણ કરે. એમની ટેક પણ એવી કે એકવાર જેનો હાથ પકડે એનો કદી છોડે નહિ, તેઓ એવા ગુરુ છે જે ઢીલ જરૂર આપે પણ દોર કદી તોડે નહિ.જ્યારે પતંગ ચગાવતા હોઇએ ત્યારે ઢીલ આપવી પડે, તે પણ એટલા માટે કે પતંગ

સ્થિર થાય. વલ્લભનો અનુગ્રહ થાય ત્યારે એ ઢીલ જરૂર આપે પણ દોર ક્યારેય કાપે નહિ, વલ્લભની કૃપામાં બે વસ્તુ નથી, એક તો 'દૂરી' નથી બીજું 'દેરી' નથી. દૂરી એટલે આપણને થાય કે આપણે અહીં છીએ અને વલ્લભ તો ત્યાં છે, કેવી રીતે અનુભવ કરાવે? કૃપા થાય તો વાર પણ નથી. સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી. જેમ સૂર્યનો ઉદય થાય - વલ્લભ 'ભક્તિમાર્ગાબ્જમાર્તંડ' છે. ભક્તિમાર્ગ રૂપી કમળને વિકસાવનાર સૂર્ય છે- પછી અંધકાર રહી જ ન શકે, તે રીતે જ્યાં વલ્લભ રૂપી સૂર્યનો ઉદય થાય ત્યાં કોઇપણ દૂષણો-બુરાઇઓ આપણી અંદર રહી જ ન શકે. આવા શ્રીવલ્લભના પ્રાકટ્યનું કારણ હું કેવી રીતે કહી શકું? હું તો મતિમંદ છું પણ એ પ્રાગટ્ય કોનું છે એ હું કહી શકું. આગળની કડીમાં એનું વર્ણન કરે છે.

શ્રીવૃંદાવન ચંદ મુખરુચિ,
અગ્નિ તે અવતાર,
દ્વિજતિલક ત્રિભુવન નામ નિરૂપમ,
રૂપ અંગીકાર...૪

આ પંક્તિઓનું આપણે ત્રણ ત્રણ વાર ગાન એટલા માટે કરીએ છીએ કે એમાં ભગવદીયની વાણી છે, ગુરુની વાણી છે, પ્રભુની વાણી છે, ક્યાંક કોઇનો સ્પર્શ મળી જાય, ક્યાંક ભગવદીયનો સ્પર્શ મળે, વલ્લભનો- ગુરુનો સ્પર્શ મળે, ક્યારેક પ્રભુનો સ્પર્શ મળે- આધિભૌતિક ફળ મળે,આધ્યાત્મિક ફળ મળે કે આધિદૈવિક ફળ મળે- કારણ કે દરેક પંક્તિમાં ત્રણે અર્થ છે. ત્રણ ભાવ છે. આધિભૌતિક રીતે ખાલી શબ્દ છે, આધ્યાત્મિક અર્થ પણ છે અને આધિદૈવિક અર્થ પણ એમાં છે. કારણ શબ્દ શું છે? શબ્દો પાત્ર છે. એની અંદર ભરેલો રસ એ એનો અર્થ છે. ખાલી શબ્દોનો પરિચય થશે તો રસ પામી નહિ શકાય. શબ્દ રૂપી પાત્રો જ્યારે આપણી ઉપર ઢોળાશે, ત્યારે સાચા અર્થમાં આની અંદર ભરીને ભગવદીય જે રસ આપી રહ્યા છે, તેનો આસ્વાદ આપણે કરી શકીશું.

હવે આમાં વલ્લભના પ્રાકટ્ય વિશે કહે છે. શ્રીવૃંદાવન ચંદ મુખરૂચિ અગ્નિ તે અવતાર, દ્વિજતિલક ત્રિભુવન નામ નિરૂપમ રૂપ અંગીકાર. શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ કેવું છે? શ્રીવૃંદાવનચંદમુખ- એક તરફ એ ચંદ્રમાનું મુખ અને એક તરફ અગ્નિ અવતાર.એક તરફ શીતલતા પણ આપે અને બીજી તરફ તાપ પણ આપે.

વૃંદાવનમાં જે પ્રભુએ રાસ કર્યો અને ગોપીજનોને રાસનું સુખ આપ્યું, એમના જ મુખારવિંદનું પ્રાગટ્ય શ્રીવલ્લભ છે. અગ્નિ તે અવતાર-અગ્નિસ્વરૂપ પણ છે.

શ્રીવલ્લભલાલજી મહારાજ વૃંદાવનનો બીજો અર્થ આપે છે, વૃંદ એટલે ગોપીજનોનો સમૂહ અને અવન એટલે તેમના અધિપતિ- એટલે શ્રીસ્વામિનીજી. શ્રીવલ્લભનું પ્રાગટ્ય શ્રીસ્વામિનીજીનું અને શ્રીઠાકોરજીનું એમ બંનેના મુખારવિંદ સ્વરૂપ છે.

આ ભાવ સૌદર્યં નિજહૃદ્‌ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં માં બતાવવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને જાણવા માટે આ પંક્તિ બહુ જ મદદરૂપ થાય છે. રસશાસ્ત્રમાં ઉત્તમ નાયક અને ઉત્તમ નાયિકા કોને કહેવાય? ઉત્તમ નાયક એટલે કે આપણા પ્રભુ અને ઉત્તમ નાયિકા એટલે

શ્રીસ્વામિનીજી. રસશાસ્ત્રમાં એ નાયક ઉત્તમ છે ક જે ભલે પુરુષ સ્વરૂપે છે પણ તેના હૃદયમાં ગૂઢ સ્ત્રીભાવ પણ બિરાજતો હોય, જે સ્ત્રી સ્વરૂપે છે પણ તેની અંદર ગૂઢ પુંભાવ બિરાજતો હોય તે ઉત્તમ નાયિકા. જો નાયકની અંદર ગૂઢ સ્ત્રીભાવ નહિ હોય તો તે પ્રેમની કોમલતાનો અનુભવ નહિ કરી શકે. નાયિકાની અંદર પણ ગૂઢ પુંભાવ નહિ હોય તો પ્રેમની એક એક અવસ્થામાં-જ્યારે પ્રગાઢ વિરહ આવશે ત્યારે પોતાના દેહને ટકાવી નહિ શકે. પ્રગાઢ વિરહમાં પણ એ પુંભાવથી પોતાના દેહને ટકાવશે.

આવા ઉત્તમ નાયક-નાયિકા- શ્રીપ્રભુ અને સ્વામિનીજીને જ્યારે એકબીજાનો વિપ્રયોગ થયો, ત્યારે બંને એકબીજાની પાસે આવ્યાં. સ્વામિનીજી વિચાર કરે છે કે પ્રભુ જ્યારે સ્વયં સામે પધાર્યા છે, તો પછી મારી અંદર જે પુંભાવ છે એને હું બહાર પ્રગટ કરું તો પ્રભુનો અનુભવ મને થશે. માટે જ્યારે પ્રભુ સ્વામિનીજી પાસે પધાર્યા ત્યારે સ્વામિનીજીના હૃદયમાં રહેલો એ પુંભાવ તેમણે બહાર પ્રગટ કર્યો. પ્રભુના હૃદયમાં જે સ્ત્રીભાવ હતો તે ભાવ પણ બહાર પ્રગટ કર્યો. આ બંનેના હૃદયમાં ભાવ મળ્યા અને એમાં જ્યારે પ્રભુના મુખારવિંદનો પ્રવેશ થયો, એ ત્રીજા સ્વરૂપે પ્રભુની પ્રત્યેક લીલાનાં દર્શન અને અનુભવ કર્યો. આ ત્રીજું જે સ્વરૂપ પ્રકટ થયું એ જ શ્રીવલ્લભનું સ્વરૂપ. માટે અહીંયા કહ્યું કે શ્રીવલ્લભ શ્રીપ્રભુ અને શ્રીસ્વામિનીજી એમ બંનેના મુખારવિંદ સ્વરૂપે છે, તેથી ગોપાલદાસજી ગાય છે-શ્રીવૃંદાવન ચંદ મુખરુચિ અગ્નિ તે અવતાર.

શ્રીપ્રભુએ જ્યારે ભૂતલ ઉપર શ્રીવલ્લભ સ્વરૂપે પ્રાગટ્ય લેવાનો વિચાર કર્યો, ત્યારે જ્યારે શ્રીઠાકોરજી પ્રગટ થયા ત્યારે ભૂતલ ઉપર જેવું વાતાવરણ થયું હતું - કાલં પરમ શોભનં-એવા જ વાતાવરણનો અનુભવ ગોપાલદાસજીને થવા લાગ્યો. ગોપાલદાસજી આ વર્ણન ભૂતકાળમાં નથી કરતા પણ વર્તમાનમાં અનુભવ કરી રહ્યા હોય તે રીતે કરે છે. જ્યારે વલ્લભના પ્રાગટ્યનો સમય આવ્યો ત્યારે દેવતાઓને પણ ખબર પડી. દેવતાઓએ શું કર્યું તેનું વર્ણન કરતાં આગળ કહે છે:

દેવલોક દુંદુભિ વાગિયાં,
આનંદ કરે રે નિઃશંક,
અસુર તિમિર ઉચ્છેદવા,
ભુવિ વલ્લભદેવ મયંક....૫

પ્રભુ સ્વયં શ્રીવલ્લભ સ્વરૂપે પ્રગટવાના છે એવા સમાચાર મળતાં તેમને આનંદ થયો. તેમના દુંદુભિઓ વાગવા લાગ્યાં. આનંદનો અનુભવ તેમને કેમ થયો? શ્રીવલ્લભે અસુર તિમિર ઉચ્છેદવા પ્રાગટ્ય લીધું હતું. અસુર કોણ હતા? અસુર તિમિર એટલે અજ્ઞાનનો અંધકાર. અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરવા પ્રભુએ પ્રાગટ્ય લીધું. શ્રી સર્વોત્તમજીમાં કહ્યું છે ને કે

કલિકાલ તમશ્છન્ન દૃષ્ટિત્વાદ્ વિદુષામ્ અપિ ।
સંપ્રત્ય વિષયસ્તસ્ય મહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥

કલિકાલ આવે ત્યારે એની અસર સૌથી પહેલાં મોટા મોટા જ્ઞાનીઓ ઉપર થાય. કલિકાલ મોટા જ્ઞાનીઓને પોતાના પંજામાં લઇ લે એટલે શું થાય? સાધારણ લોકો પોતાના વિચાર પ્રમાણે જીવન

ન જીવતાં હોય. જ્ઞાનીઓ જે ઉપદેશ આપે તે માનીને જીવન જીવતાં હોય. કલિકાલમાં જ્ઞાનીઓ પણ વેદની મર્યાદા ભૂલી, વેદના ખોટા ખોટા અર્થઘટનો કરવા લાગે. અલગ અલગ પ્રકારે પ્રભુનું વર્ણન કરવા લાગે એટલે લોકો પ્રભુ સાથે જોડાવાને બદલે ભટકી જાય. અજ્ઞાન રૂપી તિમિર ફેલાય.

જ્યારે મોટા મોટા વિદ્વાનોની આંખોમાં કલિના આવરણ આવે ત્યારે શું થાય? એક માણસ સ્વર્ગમાં ગયો. કહે કે મારે પ્રભુનાં દર્શન કરવાં છે. થોડીવાર થઇને એક મોટો વરઘોડો નીકળ્યો. હજારો માણસ આગળ- હજારો માણસ પાછળ- વચ્ચે ઘોડા ઉપર એક તેજસ્વી માણસ બેઠો છે. પૂછે છેઃ 'આ ભગવાન છે?' 'ના, આ તો મોટા સંત છે.' વળી એક બગી આવી. હજારો માણસ આગળ પાછળ છે. 'આ તો ફલાણા મહાત્મા છે' એમ ઘણી બગીઓમાં ઘણા સંતો પસાર થયા. છેવટે સાંજે એક એકલો માણસ ચાલતો આવતો દેખાયો. પૂછ્યુંઃ 'આપ કોણ છો?'

'હું જ ભગવાન છું' આશ્ચર્ય થયું. પૂછે છે :

'અરે ભગવાન, આપ એકલા – અટૂલા? ન કોઇ આગળ- ન કોઇ પાછળ? પેલા બધાની આગળ-પાછળ તો હજારો માણસો હતા.'

'શું કહું? આ કલિયુગમાં મારા જેવો એકલો અટૂલો કોઇ નથી. જેને પણ મેં મારી પાસે લાવવા મોકલ્યા હતા, તે બધા ભગવાન બનીને બેસી ગયા છે! એમને મારી પાસે લાવવાની એમની ઇચ્છા નથી. બધાંને પોતાની આજુબાજુ રાખી દીધાં છે.'

આવું વાતાવરણ જ્યારે નિર્મિત થયું છે ત્યારે હવે તો મારે જ જવું પડશે. આ જે અજ્ઞાનનો અંધકાર વ્યાપ્ત થયો છે, ખોટાં ખોટાં અર્થઘટનો થવા લાગ્યા છે, એ અજ્ઞાન દૂર કરી જ્ઞાનનો પ્રકાશ કરવો પડશે.

અજ્ઞાનની ત્રણ અવસ્થા છે. એક જ્ઞાનનો સર્વથા અભાવ, બીજું અલ્પજ્ઞાન અને ત્રીજું વિપરીત જ્ઞાન. જ્ઞાનનો સર્વથા અભાવ એટલે કંઇ ન આવડવું. તેઓ માને તો છે કે કંઇ નથી આવડતું. કોરી સ્લેટ જેવા છે. એમાં જે લખવું હોય તે લખાય. બીજા બે જ નડતા હોય છે. અલ્પજ્ઞાન અથવા વિપરીત જ્ઞાન.

બે છોકરાઓ સંગીત શીખવા ગયા. એકે કહ્યુંઃ મને સંગીત બીલકુલ આવડતું નથી. શિક્ષકે કહ્યુંઃ 'તને શીખવવાના બસો રૂા. લઇશ.' બીજાએ કહ્યુંઃ 'મને થોડું ઘણું આવડે છેઃ' 'તારા હજાર રૂા લઇશ.'

પેલો કહે છેઃ 'આવું કેમ?' 'એને કંઇ નથી આવડતું. કોરી સ્લેટ છે. તેથી મારે જે શીખવવું હશે તે શીખવાશે. તારા ઉપર તો ડબલ મહેનત કરવી પડશે. પહેલાં ખોટું શીખેલું ભૂંસવું પડશે અને ફરી સાચું લખવું પડશે.' આ અલ્પજ્ઞાન અને ત્રીજું વિપરીત જ્ઞાન. ત્રણે જ્ઞાનની અવસ્થાઓમાં લોકો અટવાતા હતા ત્યારે, યજ્ઞ વગેરે બંધ થઇ ગયા હતા, એવા સમયે એ અજ્ઞાનને દૂર કરવા માટે સાક્ષાત વલ્લભદેવ ભૂતલ ઉપર પ્રગટ્યા.

વલ્લભરૂપી સૂર્યનો ઉદય થતાં અજ્ઞાન રૂપી અસુરનો નાશ થયો. બધાનું અજ્ઞાન દૂર થયું. અજ્ઞાનનો અંધકાર આપે કેવી રીતે દૂર કર્યો તે બાબત હવે આગળ કહે છે.

પૂર્ણ પુરુષ પ્રમાણ પંથા,
વ્યાખ્યાતા વેદાંત,
ગ્રંથ સર્વે રસરૂપ કીધા,
પોતાને સિધ્ધાંત...૬

અસુર રૂપી અજ્ઞાનને દૂર કરવા માટે વલ્લભ રૂપી સૂર્યનો ઉદય થયો. મોટા મોટા વિદ્વાનોમાં અને દૈવી જીવોમાં જે અજ્ઞાન ફેલાયેલું હતું, તેને આપે કેવી રીતે દૂર કર્યું?

તે સમયે વિદ્વાનો બધાં શાસ્ત્રોના ખોટા અર્થઘટનો કરીને વિપરીત અર્થ આપતા હતા, પોતાને ગમતા અર્થઘટનો કરતા હતા, ત્યારે આપે પ્રાગટ્ય લઇને એ શાસ્ત્રોના-ગ્રંથના મૂળ અર્થ પ્રકટ કર્યા. શાસ્ત્રોના-વેદોના વચનો દ્વારા આપના મતને સ્થાપિત કર્યો. વ્યાખ્યાતા વેદાંત-વેદાંતની વ્યાખ્યા આપી. જીવની અવસ્થા બતાવી, બ્રહ્મ, જગત, સંસાર વિશે બતાવ્યું.

ગ્રંથ સર્વે રસરૂપ કીધા પોતાને સિધ્ધાંત- આપે બધા ગ્રંથોને રસરૂપ કર્યા એટલે કે ગ્રંથોમાં આપે ભગવદ્લીલાનું જે વર્ણન કર્યું, એ વર્ણન સાંભળીને જીવોને એવો રસ આવ્યો કે તેઓ રસમત્ત બન્યા. એનો બીજો અર્થ એ પણ થાય કે શ્રીમહાપ્રભુજીના જેટલા પણ ગ્રંથો છે, એ બધાંના ત્રણ અર્થ થાય. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. જ્યારે આપણે કૃષ્ણાશ્રયનો પાઠ કરીએ કે

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણી ।
પાખંડ પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ।।

આધિભૌતિક અને આધ્યાત્મિક અર્થ તો આપણે સમજીએ કે બધા માર્ગો નષ્ટ થયા છે- કલિયુગમાં પાખંડ વધ્યો છે, ત્યારે કૃષ્ણ જ મારું શરણ છે. પણ આ સોળે સોળ ગ્રંથો છે, એનો અર્થ એટલો સિમિત નથી. મહાપ્રભુજીના એ દરેક ગ્રંથોના અર્થ ભગવદ્ લીલા પરક પણ છે. સર્વમાર્ગેષુ નષ્ટેષુ- જ્યારે નિકુંજની અંદર ચંદ્રાવલીજી પ્રભુને મળવા જતાં હતાં ત્યારે સખીઓએ એવી યુક્તિ કરી કે આપ ત્યાં પહોંચી ન શકે. બધાં પદોનો આવો અર્થ છે. શ્રીમહાપ્રભુજીની આ વાણી એમની કૃપા થાય તો જ સમજાય. વલ્લભની વાણી એ આધિદૈવિક વાણી છે. ચાહે આપણને લાગે કે જગતની વાત કરી છે.

શ્રીમહાપ્રભુજીની વાણી રસરૂપ છે. આપે ક્યારેય ઉપદેશની વાત નથી કરી. ભગવદ્લીલા જ વર્ણવી છે. ઉપદેશથી કોઇનો ભગવદ્ભાવ વધતો નથી. ભગવદલીલામાં એ સામર્થ્ય છે. ભગવદ્લીલાનું શ્રવણ કરે તો જીવને પ્રભુમાં પ્રેમ થાય. આજે તકલીફ શું થાય છે કે ભગવદ્લીલા ગૌણ થઇ જાય છે અને આપણા પોતાના વિચારો વ્યકત કરવા લાગીએ છીએ તો એનાથી કોઇને પરિવર્તન નહિ મળે. પણ જીવ જ્યારે ભગવદ્લીલાનો રસ ચાખશે ત્યારે એને લાગશે કે સાચા અર્થમાં જેને માટે હું આવ્યો છું, એ મને હવે પ્રાપ્ત થયું. માટે કહ્યું: ગ્રંથ સર્વે રસરૂપ કીધાં. આ ગ્રંથોના આધિદૈવિક અર્થો તો જ્યારે શ્રીવલ્લભ કૃપા કરે ત્યારે હૃદયમાં સ્ફૂરિત થાય.

જેટલા આચાર્યો થયા, તે સૌએ કહ્યું: આ માર્ગ મારો છે. આ માર્ગ મેં સ્થાપ્યો છે. પરંતુ વલ્લભ પ્રગટ્યા. આપે કહ્યું કે દમલા, યે માર્ગ મૈંને

તેરે લીયે પ્રગટ કિયો હૈ. આ જ શ્રીમહાપ્રભુજીની કૃપા છે, કરુણા છે.

આપણે કહીએ છીએ કે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રકટાવ્યો. પ્રકટાવાય ક્યારે? જ્યારે છુપાયેલો હોય ત્યારે. શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ જ્યાં છુપાયેલો હતો ત્યાંથી પ્રગટાવ્યો. ક્યાં છુપાયેલો હતો?

વેદાનિ ચ કૃષ્ણ વાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ ।
સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તત્ચતુષ્ટયમ્ ।।

અહીં પ્રસ્થાન ચતુષ્ટયીની જે વાત કરી- વેદ, ભાગવત, ગીતા, બ્રહ્મસૂત્ર એ ચારેમાં જે પુષ્ટિમાર્ગ છુપાયેલો હતો, એનું મંથન કરીને એમાં છુપાયેલા પુષ્ટિમાર્ગને શ્રીમહાપ્રભુજીએ પ્રગટાવ્યો અને પોતાના સિધ્ધાંત આપ્યા.

એમાં પ્રથમ સિધ્ધાંત આપ્યો આત્મ નિવેદનનો. જીવ સૌથી પહેલાં નિવેદિત થાય એટલે કે પ્રભુને અરજી કરે કે પ્રભુ હું આપનો છું. અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ એ બીજો સિધ્ધાંત. ત્રીજી વસ્તુ કહી અન્યાશ્રયનો ત્યાગ. એટલે કે આપણા ઠાકોરજીનો દૃઢ આશ્રય. ઠાકોરજી સિવાય બીજું કાંઇ દેખાય જ નહિ. એ અંધતા આપણી અંદર આવી જાય. ચોથી વસ્તુ કહી અસમર્પિત ત્યાગ. આ ત્યાગ એટલા માટે કહ્યો કે આપણે જો આ પુષ્ટિમાર્ગમાં ટકવું હોય તો એને અનુરૂપ ભોજન કરવું પડે. જેમ કોઇ સૈનિક હિમાલયના પહાડોમાં કારગીલનું યુધ્ધ લડવા ગયો હોય, એને હિમાલયની ઠંડીમાં ટકી રહેવું હોય તો ત્યાંની આબોહવાને અનુકૂળ ભોજન લેવું પડે.

આમ પુષ્ટિમાર્ગમાં ટકવા માટેના ઉપાય શ્રીમહાપ્રભુજી બતાવે છે. જો આટલી વસ્તુ કરશો તો પુષ્ટિમાર્ગમાં ચાલતા રહેશો. જો જરા ચૂક થશે તો પગ લપસતાં વાર નહિ લાગે. અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ, આત્મનિવેદનનું સ્મરણ, અન્યાશ્રય અને અસમર્પિત ત્યાગ, મનમાં દીનતા વગેરે વાત આપે કરી. હૃદયમાં દૈન્યભાવ જાગે ત્યારે માનવું કે પ્રભુનો સ્પર્શ મળ્યો. એક વૃક્ષમાં જ્યારે ફળ લાગે ત્યારે એ ઝૂકે. આપણું ઝૂકવું પણ આવું સહજ હોય તો એને દીનતા કહેવાય. પુષ્ટિમાર્ગમાં દીનતા છે. હીનતા નથી.

સૂરદાસજીએ જ્યારે ગાયું કે 'હો સબ પતિતનકો ટીકો'- ત્યારે શ્રીવલ્લભને કહેવું પડ્યું- 'સૂર હોય કે કાહેકો ઘિઘિયાત હૈ? કછુ ભગવદ્લીલા ગા' આમ હીનતાની વાત ન કરવી, પણ દીનતાની વાત કરવી. જ્યારે દીનતા હૃદયમાં પ્રગટ થાય, જ્યારે વૃક્ષમાં ફળ લાગે ત્યારે વૃક્ષોનું ઝૂકવું સહજ હોય એટલી સહજ રીતે જ્યારે વ્યક્તિ ઝૂકે, ત્યારે સાચા અર્થમાં હૃદયમાં દૈન્યભાવ પ્રગટ થયો કહેવાય, છઠ્ઠી વસ્તુ છે આપણું વૈષ્ણવ તરીકેનું કર્તવ્ય આપણે કેટલું નિભાવી રહ્યા છીએ તે.

પુષ્ટિમાર્ગ એટલે કૃપામાર્ગ. કૃપા એટલે કર અને પા. કર્યા વિના પાવાની (મેળવવાની) આશા રાખીશ તો કંઇ થશે નહિ, પણ જે સિધ્ધાંત છે, કર્તવ્ય છે એના પ્રમાણે કંઇક કર તો કંઇક પાશે.(મેળવશે.)

પુષ્ટિમાર્ગ મળ્યો ક્યારે કહેવાય? સાચો રસ્તો આપણને મળી ગયો હોય, પણ એ મળી જાય એટલું પર્યાપ્ત નથી. એ રસ્તે આપણે ચાલીએ અને કેટલી સ્પીડથી ચાલીએ એના ઉપરથી ખબર પડશે કે મંઝિલ ક્યારે મળશે. દા.ત આપણે મુંબઇ જઇ રહ્યા છીએ.

એક માઇલ સ્ટોન બતાવે કે અહીંથી મુંબઇ આટલા કિ.મી. દૂર છે, ત્યારે એ માઇલસ્ટોનને ભેટીને ત્યાં બેસી જઇએ તો મુંબઇ પહોંચાશે નહિ. એ રસ્તે ચાલવું પડશે. શ્રીવલ્લભ અને શ્રીપ્રભુએ કૃપા કરી અને પુષ્ટિમાર્ગ આપણને મળી તો ગયો, સાચા માર્ગે આપણને લાવી તો દીધા, પણ જો એ રસ્તે ચાલીશું તો જ ક્યારેક મંઝિલે પહોંચીશું, પણ જો હાઇવે પર જઇને ઊભા રહીશું તો ક્યારેક ને ક્યારેક ઠોકર ખાઇને પડીશું. આમ કર્તવ્યનું જ્ઞાન હોવું જોઇએ.

સાતમી વસ્તુ કહીઃ પ્રભુના સ્વરૂપમાં નિરોધ સિધ્ધ થવો જોઇએ. પ્રપંચનું વિસ્મરણ અને શ્રીઠાકોરજીમાં આસક્તિ એ જીવનની નિરોધ અવસ્થા છે.

આઠમી વસ્તુ કહી– ભગવદ્સેવા. પ્રત્યેક વૈષ્ણવનું આ કર્તવ્ય છે. શ્રીમહાપ્રભુજીએ પ્રાગટ્ય લઇને ભગવદ્સેવાનો પ્રચાર કર્યો.

એકવાર પ્રભુએ યશોદામાતાના ખોળામાં બેસીને કહ્યુંઃ 'મૈયા, મારે કંઇક જોઇએ છે.'

'શું જોઇએ છે?'

'મૈયા મોહે ઐસી દુલહનિ ભાવે. મારે વિવાહ કરવા છે પણ મારે એવી દુલ્હન જોઇએ કે જે મને પોતાના ખોળામાં બેસાડીને ભોજન કરાવે, ક્યારેક બહાર જાય તો મને તેડીને લઇ જાય.' મૈયાને ચક્કર આવી ગયા. આવી દુલ્હન ક્યાંથી શોધી લાવું?

મૈયા વિચાર કરતાં રહ્યાં. પ્રભુનો મનોરથ પૂરો ન થયો, પણ આ મનોરથ જાગ્યાના સાડા ચાર હજાર વર્ષ પછી શ્રીવલ્લભે એ મનોરથ પૂરો કર્યો. કેવી રીતે?

જીવનું બ્રહ્મસંબંધ શું છે? પ્રભુ સાથેનો વિવાહ છે. પ્રત્યેક જીવના વિવાહ પ્રભુ સાથે કરાવી, પ્રત્યેક જીવને પ્રભુની દુલ્હન બનાવી, જે મનોરથ પ્રભુના મનમાં જાગ્યો હતો તે મનોરથ વલ્લભે પૂર્ણ કર્યો. વૈષ્ણવો શૃંગાર કરે ત્યારે શ્રીઠાકોરજીને પોતાના ખોળામાં પધરાવીને શૃંગાર કરે. બહાર જાય ત્યારે શ્રીઠાકોરજીના ઝાંપીજી હાથમાં લઇને બહાર જાય. આમ જે મનોરથ પ્રભુના મનમાં જાગ્યો હતો કે એવી દુલ્હન મને મળે જે ખોળામાં બેસાડીને ભોજન કરાવે, શૃંગાર કરે અને બહાર જાય તો મને તેડીને જાય, એ મનોરથ શ્રીવલ્લભે કૃપા કરી. પ્રત્યેક જીવને બ્રહ્મસંબંધનું દાન આપી, પ્રભુની દુલહન બનાવી, પૂર્ણ કર્યો.

હવે આગળ ગોપાલદાસજી કહે છેઃ

રસિક રસના રસિક વાણી,
જાણી નર નવખંડ
ઊર્ધ્વપંથા સુયશ પ્રસર્યો,
વાધિયો બ્રહ્માંડ... ૭

શ્રીવલ્લભે પોતાના માર્ગનો પ્રચાર કેવી રીતે કર્યો તે બતાવે છે. જ્યારે શ્રીવલ્લભે પોતાની રસિક વાણીથી પ્રભુની રસમય લીલાનું વર્ણન કર્યું, ત્યારે એ પ્રભુની ભક્તિની સુવાસ સર્વત્ર એટલી ફેલાઇ, કે દૂર દૂર સુધીના લોકો એમાં મગ્ન બન્યા. જેમ ચંદનને ઘસીએ અને એ ખુશ્બુ આપે, એને અગ્નિમાં નાખીએ તો પણ ખુશ્બુ આપે એમ જ્યારે વલ્લભે વેદની વાત કરી અને એમાંથી પણ પ્રભુની લીલા પ્રગટ કરી. ભગવદ્લીલાનો અનુભવ કરાવી ભગવદ્ સામીપ્યનો અનુભવ કરાવ્યો. અનેક અનેક ગ્રંથો દ્વારા દુર્બોધ વાણીને સુબોધ કરીને પોતાના

નિજજનોને એનું દાન આપ્યું. શ્રીવલ્લભનો યશ સર્વત્ર ફેલાવા લાગ્યો.

શ્રીવલ્લભ કોણ છે? શ્રીવલ્લભનું પ્રાગટ્ય શા માટે થયું છે? એક ભગવદીયે ગાયું છેઃ

દ્વિજકુલ પ્રકટે શ્રીહરિ સુંદરતાકી રાસ.
પરમ પુનિત એકાદશી ધન્ય ધન્ય માધવ માસ...૧

શ્રીવલ્લભ પ્રગટ્યા દ્વિજકુલમાં. ક્યારે પ્રગટ્યા? પરમ પુનિત એકાદશી, ધન્ય ધન્ય માધવમાસ. પ્રત્યેક જીવની એકાદશ ઇન્દ્રિયોનો વિનિયોગ પ્રભુના સ્વરૂપમાં કરવો છે. માટે પ્રાગટ્ય લેવા એકાદશીનો દિવસ પસંદ કર્યો. વૈશાખ માસ પ્રભુનો પ્રિય માસ છે. માટે એને માધવમાસ કહેવાય છે. આ માધવમાસમાં વલ્લભ પ્રગટ્યા. વૈશાખમાં કેમ પ્રગટ્યા? વૈશાખ માસમાં ચાર વસ્તુઓનું મહત્વ છે, પહેલું તો એ કે વૈશાખ માસ પ્રભુનો પ્રિય માસ છે. આ માસમાં વલ્લભે પ્રગટીને પ્રત્યેક વૈષ્ણવોના ઘર ઘરમાં પ્રભુને પધરાવ્યા, વૈષ્ણવોને ઠાકોરજીના પ્રિય બનાવ્યા અને ઠાકોરજીને વૈષ્ણવોના પ્રિય બનાવ્યા, આમ આ માસનું મહત્વ વધાર્યું.

વૈશાખ માસના મહાત્મ્યની કથામાં પ્રેતોધ્ધારની કથા આવે છે. આ માસમાં પ્રેતનો ઉધ્ધાર થાય. શ્રીમહાપ્રભુજીએ જે પ્રભુથી દૂર હતા તેવા જીવ, જે પ્રેત જેવા કહેવાય, તેમને પ્રભુથી જોડી તેમનો ઉધ્ધાર કર્યો. ઠાકોરજી સાથે એમનો સંબંધ જોડ્યો,

વૈશાખ માસની કથાની અંદર તુલસીજીના મહાત્મ્યની કથા આવે છે. એ તુલસીજીને શ્રીવલ્લભે વૈષ્ણવોના હાથમાં લેવડાવ્યા, પ્રભુના ચરણોમાં એનું સમર્પણ કરાવ્યું, જીવના કંઠમાં તુલસીની કંઠી પહેરાવી, જેમ સૌભાગ્યવતી સ્ત્રીના ગળામાં મંગલસૂત્ર હોય તેમ વૈષ્ણવને ગળામાં તુલસીકંઠી પહેરાવી, શ્રીઠાકોરજી સાથે એનો અખંડ સંબંધ જોડી આપ્યો.

આ માધવમાસમાં દાનનું પણ મહત્વ છે, સમર્પણ ઠાકોરજીના ચરણોમાં કરાવ્યું. એ રીતે આ માસનું મહત્વ વધાર્યું.

લગ્ન નક્ષત્ર વર શોધકે બૈઠે દ્વિજવર આય.
લક્ષ્મણ ભટ્ટ મન મોદસોં દીની બહુવિધ ગાય. ૨

શ્રીવલ્લભના પ્રાગટ્યથી લક્ષ્મણ ભટ્ટજીના હૃદયમાં આનંદ છવાયો છે. જે સુખ સારસ્વત કલ્પમાં મને ન મળી શક્યું, મારા હાથમાં પ્રભુ પધાર્યા તો ખરા, પણ પ્રભુના પ્રાગટ્યનો ઉત્સવ ન મનાવી શક્યો, પ્રભુની બાળલીલાનું સુખ મને ન મળી શક્યું, મારા ઘરમાં બાળકનું પ્રાગટ્ય થયું પણ મારે એને ગોકુળમાં પધરાવી આવવું પડ્યું. જે સુખ તે સમયે નંદબાબાને મળ્યું એ સુખ કલિકાલમાં મને મળશે. એ જ પુરુષોત્તમ આજે મારા ઘરમાં શ્રીવલ્લભ સ્વરૂપે પધાર્યા છે. જેમ પ્રભુના પ્રાગટ્ય સમયે નંદબાવાએ ગાયોનું દાન કર્યું, એ જ રીતે આજે લક્ષ્મણભટ્ટજીએ ગાયોનું દાન કર્યું. એ જ રીતે નંદમહોત્સવ મનાવ્યો.

શ્રીઠાકોરજીએ પોતાના અવતાર સમયમાં જે મુખ્ય સોળ લીલાઓ કરી હતી, એ સોળે સોળ લીલા મહાપ્રભુજીએ પણ કરી, સૌથી પહેલાં ભગવાને પૂતનાનો ઉધ્ધાર કર્યો. એમ શ્રીમહાપ્રભુજીએ પૂતનાનો ઉધ્ધાર કર્યો. કેવી રીતે? પૂત એટલે પવિત્ર અને ના એટલે ન હતા, જે પવિત્ર ન હતા, એટલે કે જે ઠાકોરજીથી દૂર હતા, તેમને

પ્રભુ સાથે જોડીને શ્રીવલ્લભે પૂતનાનો ઉદ્ધાર કર્યો.

જેટલી લીલા શ્રીઠાકોરજીએ કરી તેટલી લીલા શ્રીમહાપ્રભુજીએ કરી છે. જેમ ઠાકોરજીએ તૃણાવર્તને માર્યો તે રીતે મહાપ્રભુજીએ માયાવાદની આંધીનું શમન કર્યું. શકટાસુરનો પ્રભુએ ઉદ્ધાર કર્યો તે રીતે વલ્લભે પણ શકટાસુરનો ઉદ્ધાર કર્યો. ભગવદ્‌વિમુખ જે હતા તે શકટ જેવા રસ વગરના હતા, જેમ શકટમાં-લાકડામાં કોઇ રસ ન હોય તેમ શ્રીઠાકોરજીથી જે દૂર હતા, તેમનામાં કોઇ રસ-આનંદ ન હતો, તેમને પ્રભુ સાથે જોડી, રસરૂપ બનાવ્યા, આમ શકટાસુરનો ઉદ્ધાર કર્યો.

જેમ ઠાકોરજીએ ઘર-ઘરમાં જઇ માખણ ચોર્યાં, એમ શ્રીવલ્લભે પોતાના નિજજનોનાં ચિત્ત ચોર્યાં. પ્રભુએ જેમ બકાસુરનો ઉદ્ધાર કર્યો તેમ વલ્લભે કલિકાલને કારણે જે દંભ વ્યાપ્યો હતો તે દંભીઓનો ઉદ્ધાર કરી બકાસુરનો વધ કર્યો. જેમ ઠાકોરજીએ ધેનકાસુરને માર્યો, એમ શ્રીવલ્લભે વિતંડાવાદરૂપી, અનેક અનેક મતમતાંતર રૂપી ધેનુકનો વધ કર્યો.

જેવી રીતે ઠાકોરજીએ વનમાં ગોચારણ કર્યું એમ શ્રીવલ્લભે આખા ભારતમાં ભ્રમણ કર્યું. જેમ ઠાકોરજીએ વેણુનાદ કરી. ગોપીજનોને ખેંચ્યા એમ શ્રીવલ્લભે પણ પોતાનાં વચનામૃતથી પોતાના નિજજનોને પોતાની ઓર ખેંચ્યા.

ઐસી બંસી બાજી બનઘનમેં વ્યાપી રહી ધૂનિ મહામુનિનકી સમાધિ લાગી. શ્રીવલ્લભની વાણી એ જ શ્રીવલ્લભનો વેણુનાદ. ષોડશગ્રંથો, શ્રીસુબોધિનીજી એ પણ વલ્લભનો વેણુનાદ. જ્યારે પ્રભુએ વેણુનાદ કર્યો ત્યારે વ્રજજનો દૂરદૂરથી ખેંચાઇ પ્રભુની પાસે આવતા તેમ શ્રીવલ્લભ - ભલે ગામની બહાર બિરાજતા હોય - ભક્તો દોડી દોડી આવતા. વલ્લભ વચનામૃત કરતા હોય ત્યારે નિજજનો રોક્યા રોકાતા નહિ. પોતાના વલ્લભની પાસે, જ્યાં બિરાજતા હોય ત્યાં પહોંચી જ જાય. વલ્લભ પણ જ્યારે વચનામૃત કરે ત્યારે-

વેણુગીત પુનિ યુગલગીતકી રસ બરખા બરખાઇ.

ક્યારેક વેણુગીતનું વર્ણન કરે, ક્યારેક યુગલગીતની રસવર્ષા વરસાવે કે બધા એમાં મગ્ન બની જાય. કેટલાક અહીં એવી પણ શંકા કરે છે કે ભાગવતજીની અંદર જે વર્ણન છે તેમાં તો શરદઋતુમાં પ્રભુએ વેણુનાદ કર્યો છે. મહાપ્રભુજી નિત્ય વેણુનાદનું વર્ણન કરે છે. વલ્લભ રોજ વેણુગીત ઉપર વચનામૃત કરે તો એટલા બધા વેણુગીત ક્યાંથી લાવતા હશે?

ત્યારે કહ્યું કે ભાગવતજીમાં જે વેણુનાદ છે, એ તો શરદઋતુનો ભલે છે પણ પ્રભુ તો નિત્ય વેણુનાદ કરે છે. જ્યારે શ્રીવલ્લભ વચનામૃત કરતા ત્યારે આજે પ્રભુએ વેણુનાદ કર્યો અને એનું શ્રવણ કરી ગોપીઓ ઉપર કેવી અસર થઇ, પ્રકૃતિમાં કોના ઉપર કેવી અસર થઇ? કોણ ભાન ભૂલ્યું? એ રીતે નિત્ય નવીન વેણુનાદનું વર્ણન પોતાના વચનામૃતમાં કરતા.

ઠાકોરજીએ જેમ દાવાનલનું પાન કર્યું તેમ ભક્તની અંદર રહેલા લોભ ઇત્યાદિનું વલ્લભે પાન કરીને તેમને શુદ્ધ કર્યાં.

ઠાકોરજીએ જેમ ગોવર્ધનલીલા કરી, ઇન્દ્રની વૃષ્ટિ વખતે વ્રજવાસીઓને બચાવવા માટે ગોવર્ધન ઊંચક્યો, ગિરિરાજજીના છત્ર નીચે બધા વ્રજવાસીઓને બોલાવી તેમનું રક્ષણ કર્યું, તેમ શ્રીમહાપ્રભુજીએ પણ આ સંસાર રૂપી ઇન્દ્રના પ્રકોપથી જીવને બચાવવા માટે પ્રભુની સન્મુખ કરી, ગોવર્ધનનાથજીનું છત્ર દરેકને માથે મૂક્યું. આમ આપે પણ ગોવર્ધનલીલા કરી.

શ્રીઠાકોરજી ગોચારણ માટે પધારતા ત્યારે આપની સાથે શ્રીદામા રહેતા, શ્રીવલ્લભ વિચરણ કરતા ત્યારે આપની સાથે દમલાજી રહેતા. ઠાકોરજી નંદનંદન છે. શ્રીવલ્લભ દ્વિજનંદન છે. તેથી કહી રહ્યા છે 'દ્વિજકુલ પ્રકટે શ્રીહરિ.' આગળ કહે છે:

ફૂલે દ્રુમ ઔર વેલી, ફૂલી સરસ વનરાઇ
નિજજન ફૂલે નિરખકે રહસિ વધાઇ પાઇ... ૩

જેમ ઠાકોરજીએ રાસ કર્યો એમ શ્રીવલ્લભે પણ નિજજનોને રાસનાં દર્શન કરાવ્યાં. જે રીતે ઠાકોરજી વ્રજમાં ૧૧ વર્ષ અને ૫૨ દિવસ બિરાજ્યા એ પ્રમાણે શ્રી મહાપ્રભુજીએ વ્રજમાંથી ૧૧ સ્વરૂપો પ્રગટ કર્યા અને પુષ્ટ કરી પધરાવ્યાં. જેવી જેવી લીલા શ્રીઠાકોરજીએ કરી છે, એ પ્રત્યેક લીલા શ્રીમહાપ્રભુજીએ પણ કરી છે.

જેમ કોઇ પુષ્પ ખીલે, એની સુંગધને કોઇ રોકવા પ્રયત્ન કરે તો સુંગધ રોકાતી નથી, એ તો ફેલાતી જ જાય છે અને જે એના ભ્રમર છે એ એની તરફ ખેંચાઇને આવે છે. આવી રીતે શ્રીવલ્લભની વાણીનો પ્રભાવ સર્વત્ર ફેલાયો. આપનો યશ એટલો વધ્યો કે ગોપાલદાસજીને કહેવું પડ્યું કે

એક બ્રહ્માંડે જેના યશ ન માયા,
તેના હુઆ કોટિ અનંત,
તોય ત્યાં થકી વાધિયો,
જઇ વસ્યો મુખ ધીમંત...૮

ગોપાલદાસજી કહે છે કે જ્યારે શ્રીવલ્લભની વાણી સ્ફૂરિત થઇ, શ્રીવલ્લભના મુખ રૂપી કમલ ખીલ્યું, કમલમાંથી મકરંદ રૂપી આપની વાણી જ્યારે વહેતી થઇ, ત્યારે આપનો સુજસ એટલો ફેલાયો, એટલો ફેલાયો કે યશ એક બ્રહ્માંડની અંદર સમાઇ ન શક્યો. એ સુજસ - એ જ પ્રભુ ભૂતલ ઉપર ફરી પ્રગટ્યા છે - એવો યશ આખા બ્રહ્માંડમાં ફેલાયો, પણ ત્યાં ન સમાયો એટલે તેના હુઆ કોટિ અનંત - એટલે કે અનેક અનેક બ્રહ્માંડોમાં ગયો.

કેવી રીતે? આ તો બ્રહ્મ છે, સ્વયં પ્રભુ છે. પ્રભુના પ્રત્યેક રોમમાં એક એક બ્રહ્માંડ છે. અનંત કોટિ બ્રહ્માંડોમાં એ રીતે આપનો યશ ફેલાયો. વલ્લભ દૈવી જીવોના ઉધ્ધાર માટે પ્રગટ્યા છે, એવો યશ આ લોકમાંથી ઊઠીને આકાશમાં, વૈકુંઠમાં ગોલોકધામ તરફ ગયો. અને ત્યાં શ્રીપ્રભુ વલ્લભ સ્વરૂપે પ્રગટ્યા છે એ સમાચાર મળ્યા, ત્યારે એ જીવોએ, જે પ્રભુના ગોલોકધામમાં હતા, તેમણે જાણ્યું કે અમારા પ્રભુ આચાર્યરૂપે ભૂતલ ઉપર પ્રગટ્યા છે, ત્યારે એ બધા દૈવી જીવો વ્યાકુળ બન્યા. જ્યારે પ્રભુ ભગવદ્ સ્વરૂપે પ્રગટ્યા હતા ત્યારે ગોપીજનો સ્વરૂપે અમે હતા, આજે તો આચાર્ય સ્વરૂપે પ્રભુ પ્રગટ્યા, તો એ લીલાનું સુખ અમને કેમ મળે? આવો વિચાર આવતાં એ જીવો વ્યાકુળ બન્યા. અને ૮૪-૨૫૨ સ્વરૂપે તેઓ પણ ભૂતલ ઉપર પ્રગટ થયા.

ધીમંત એટલે ગોલોકધામમાં રહેલા દૈવી જીવો. વલ્લભ ભૂતલ ઉપર પ્રગટ્યા છે એ સમાચાર મળ્યા એટલે તેઓ લાલાયિત બન્યા અને લીલાનાં દર્શન માટે આવ્યા. પ્રભુના ધામમાં, પ્રભુની ટહેલ માટે ગોલોકમાં બિરાજમાન એ દૈવી જીવોને આજે વૈકુંઠ કરતાં પણ પૃથ્વીના ભાગ્યની સરાહના કરવાનું મન થઇ રહ્યું છે. તેઓ જે ભૂમિ ઉપર શ્રીવલ્લભના ચરણારવિંદ પડ્યા છે, જે ભૂમિ ઉપર અમારા પ્રભુ પ્રગટ્યા છે ત્યાં અમે પણ જઇએ, વલ્લભની લીલાના સાક્ષી બનીએ, પુનઃ શ્રીવલ્લભના દ્વારા દીક્ષિત થઇને આપના શરણે આવીએ. તેવું વિચારી રહ્યા. અલગ અલગ સ્વરૂપે બધા જુદી જુદી જગ્યાએ ભૂતલ ઉપર પ્રગટ્યા. શ્રીવલ્લભે પણ જાણ્યું કે મારા દર્શન કરવા માટે મારા બધા નિજજનો ભૂતલ ઉપર પ્રકટ્યા છે, પણ કોઇ ક્યાં છે, કોઈ ક્યાં છે. એ બધાંને મારે શરણે લેવાના છે.

અતુલ અમલ ઉદ્યોત ઉદયો,
ભૂતલ દ્વિજ માર્તંડ
ભક્તિમારગ કેસરી ગજ,
માયિક મત શતખંડ... ૯

વલ્લભાખ્યાન સાંભળતા જ્યાંના છીએ ત્યાં પાછા પહોંચીએ. જેના ચરણમાંથી વિખૂટા પડ્યાં છીએ ત્યાં પહોંચીએ અને બરોબર ગોઠવાઇએ તો સાચા અર્થમાં વલ્લભાખ્યાન શ્રવણ કર્યું કહેવાય. આ નવમી પંક્તિમાં વર્ણન કરતાં ગોપાલદાસજી કહે છે, અતુલ અમલ ઉદ્યોત ઉદયો, ભૂતલ દ્વિજ માર્તંડ.

વલ્લભે બાલ્યાવસ્થા પૂર્ણ કરીને કિશોર અવસ્થામાં પ્રવેશ કર્યો પછી તેઓ જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરતા. એ સમયે સર્વત્ર માયિક મત ગાજતો હતો, એ માયાવાદ મદઝરતા ગજ જેવો હતો. પણ જ્યાં શ્રીવલ્લભે શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગની સ્થાપના કરી, એનો પ્રારંભ કર્યો, ત્યારે એ મદઝરતા ગજ જેવો માયાવાદ પરાસ્ત થઇ ગયો. સિંહ તરાપ મારે ત્યારે ગજ-હાથી પણ પોતાનો રસ્તો બદલીને ચાલ્યો જાય, એવું થયું.

જે ગજરાજ મોટા મોટાઓને પોતાના પથથી ભટકાવે તે જ્યારે સામેથી સિંહ આવતો દેખાય ત્યારે પોતાનો માર્ગ બદલીને ચાલ્યો જાય, અહીં ગોપાલદાસજી એ જ કહે છે કે ભક્તિમારગ કેસરી ગજ માયિક મત શતખંડ. માયાવાદ જે ગજરાજ જેવો છે, પણ એની ગતિ ત્યાં સુધી જ છે જ્યાં સુધી સામે કેસરી-સિંહ નથી આવતો. ગજગતિથી ચાલતો મદઝરતો હાથી પણ સામેથી સિંહ આવી જાય તો પોતાનો રસ્તો બદલી નાખે. માયિક મત રૂપી ગજરાજ બધાંને પરાસ્ત કરતો હતો પણ ભક્તિમાર્ગના કેસરી એવા શ્રીવલ્લભે પ્રવેશ કર્યો અને એ કેસરીને જોઇને ગજરાજ રૂપી માયિક મત શતખંડ થયો.

શ્રીવલ્લભની કીર્તિ અતુલ છે. જેની તુલના કોઇ સાથે થઇ ન શકે. જેની બરોબરી કોઇ ન કરી શકે. અમલ એટલે કે શુદ્ધ છે. શ્રીવલ્લભનો પ્રકાશ એવો ફેલાયો કે જાણે તેઓ ભૂતલ દ્વિજ માર્તંડ છે. દ્વિજ એટલે ચંદ્ર અને માર્તંડ એટલે સૂર્ય. અહીં બે શબ્દો સાથે મૂક્યા, શ્રીવલ્લભ જ્યાં પણ પધારે ત્યાં આપની કીર્તિ અને તેજ રાત્રે ચંદ્રની જેમ અને દિવસે સૂર્યની જેમ પ્રકાશે. આવું તેજ શ્રીવલ્લભનું છે કારણ કે શ્રીવલ્લભનું પ્રાગટ્ય થયું છે - દૈવી

જીવોના હૃદયમાં રહેલી ભક્તિની કળી ખીલવવા માટે. કમળની કળી ક્યારે ખીલે? જ્યારે સૂર્ય ઊગે. સૂર્ય આથમે ત્યારે કમળ પણ બીડાઇ જાય.

ભક્તોના હૃદયમાં પ્રભુના પ્રેમરૂપી જે કળીઓ બીડાયેલી હતી, એ જ્યાં ભક્તિમાર્ગના સૂર્ય એવા શ્રીવલ્લભ પ્રકટ્યા અને તેમના જ્ઞાનના પ્રકાશ દ્વારા ભક્તના હૃદયમાં રહેલી કમળની કળીઓ ખીલી, તેનો મકરંદ ફેલાયો. પ્રભુ આવીને એના હૃદયકમળમાં બિરાજમાન થયા.

વળી આપ ચંદ્ર સ્વરૂપે પણ છે. ચંદ્ર સ્વરૂપે આપ સંયોગનું દાન કરે સૂર્ય સ્વરૂપે આપ હૃદયમાં તાપનું દાન કરે. વિરહનું દાન કરે. તાપ અને શીતલતા બંનેનો અનુભવ કરાવે. સંયોગ અને વિપ્રયોગ બંનેનો અનુભવ કરાવી કૃપા કરવાવાળા શ્રીવલ્લભ છે. વલ્લભે બધા દૈવી જીવોને શરણે લઇ, તેમનાં હૃદયનાં કમળ અને કુમુદિનીઓને પણ ખીલવી.

શ્રીવલ્લભ ભારતયાત્રા કરતા હતા, એનું વર્ણન હવે આગળની કડીમાં કરે છે :

દિગ્વિજય દશ દિશાએ કીધો,
પરિક્રમાને વ્યાજ,
તીર્થ સકલ સનાથ કીધાં,
ચરણ રેણુ સમાજ... ૧૦

અહીં શ્રીવલ્લભના વિચરણનું વર્ણન કરી રહ્યા છે. વલ્લભે દશે દિશામાં દિગ્વિજય કર્યો છે. દશ દિશા એટલે ચાર દિશાઓ, ચાર ખૂણા, આકાશ અને પાતાળ. પોતાના નિજજનો ઉપર કૃપા કરવા પૃથ્વી પરિક્રમાને નિમિત્ત બનાવી. પૃથ્વી શબ્દ અહીં ભારત માટે વપરાયો છે. પૃથુ રાજાએ એને ખેડી માટે પૃથ્વી કહેવાઇ. વલ્લભે ભારતની ત્રણ વખત પરિક્રમા ચરણોથી ચાલીને કરી. જ્યાં જ્યાં બિરાજીને આપે ભાગવતજીનું પારાયણ કર્યું એ સ્થાન બેઠકજી કહેવાયાં. સમગ્ર ભારતમાં આવા ૮૪ બેઠકજી સ્થાપિત થયાં

આપણને વિચાર થાય કે આજથી ૫૦૦ વર્ષ પહેલાં શ્રીવલ્લભે ભારતવર્ષની પરિક્રમા કરી, તે સમયે પાકિસ્તાન, બાંગ્લાદેશ જેવા દેશો ભારતમાં હતા. અફઘાનિસ્તાન પણ પાસે હતું. ત્યાં વલ્લભના બેઠકજી કેમ નથી દેખાતા? આપે જો આખા ભારતની પરિક્રમા કરી છે તો એ વખતે ભારતની વિશાળ સીમાઓમાં પથરાયેલા દેશોમાં બેઠકજી કેમ નહિ હોય?

એ માટે એમ કહી શકાય કે શ્રીવલ્લભના ચરણ એ જ ભૂમિમાં પડ્યા, જે આપણી પાસે કાયમ રહેવાની હતી. એમ પણ કહી શકાય કે વલ્લભના ચરણ જે ભૂમિમાં પડ્યા, એ ભૂમિ જ આપણી પાસે રહી. જેમાં શ્રીવલ્લભના ચરણ ન પડ્યા, એ બધી ભૂમિ ગઇ.

આમ શ્રીવલ્લભે સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરી, દશે દશ દિશાઓમાં વિજય પ્રાપ્ત કર્યો. તીર્થ સકલ સનાથ કીધાં, ચારે દિશાઓમાં આવેલાં તીર્થોમાં પધાર્યા. ઉત્તરમાં બદ્રીનારાયણ, ત્યાંથી પૂર્વમાં જગન્નાથજી, દક્ષિણમાં રામેશ્વર અને પશ્ચિમમાં દ્વારિકા જઇને પોતાના મતનું સ્થાપન કર્યું. વળી કહે છે કે આપે આકાશ અને પાતાળ પણ જીત્યાં. આપણને થાય કે આવું કેવી રીતે બને?

આકાશના અધિપતિ એટલે વાયુ, વાયુના અધિષ્ઠાતા એટલે મધ્વ સંપ્રદાય, એનો મત જે

વ્યાપેલો હતો, એને પરાસ્ત કરીને આપે આકાશ જીત્યું. પાતાળના અધિપતિ શેષજી. એના અધિષ્ઠાતા વિશિષ્ટાદ્વૈતના સ્થાપક શ્રી રામાનુજાચાર્ય, એમના મતનું ખંડન કરીને આપે એમને જીત્યા. આમ આકાશ અને પાતાળ બંને જીત્યા.

વળી કહે છે કે આપે તીર્થ સકલ સનાથ કીધાં ચરણ રેણુ સમાજ. જેટલાં જેટલાં તીર્થોમાં શ્રીમહાપ્રભુજી પધાર્યા, ત્યાં પુણ્ય મેળવવા નથી પધાર્યા. એ લોકોને એમનું તત્ત્વ પાછું આપવા માટે પધાર્યા છે. એ તીર્થોને એની મહત્તા પાછી આપવા માટે, તીર્થોને સનાથ કરવા પધાર્યા છે.

એવાં કેટલાક સ્થાન હતાં, જ્યાં શ્રીવલ્લભ જઇ ન શકે, જે ત્યાજય ભૂમિ હતી, ત્યાં શ્રીવલ્લભે પોતાની ચરણરજ દ્વારા એ જીવોનો ઉદ્ધાર કર્યો. આપ જ્યારે ગંગાસાગર પધાર્યા ત્યારે આપના ચરણના અંગૂઠામાંથી નીકળેલી સુગંધથી એ વનમાં રહેલા તામસી જીવોનો ઉદ્ધાર થયો.

આમ શ્રીવલ્લભે પરિક્રમાને નિમિત્ત બનાવીને (વ્યાજ) કાર્ય કર્યું. આપનો મુખ્ય ઉદ્દેશ પરિક્રમાનો ન હતો પણ નિજજનો ઉપર કૃપા કરવાનો હતો. આપ આ રીતે જે તીર્થોમાં પધારતા તે તીર્થ સાકાર રૂપ ધારણ કરીને, શ્રીવલ્લભની પાસે આવતા. બેઠકચરિત્રમાં આપણને આવા પ્રસંગો જાણવા મળે છે. પોતાની ચરણરજ દ્વારા આપે જીવોનો ઉદ્ધાર કર્યો.

શ્રીમહાપ્રભુજીના ચરણ શું છે? ચરણકમલ. એ ચરણકમલની રજ શું છે? કમલનું મકરંદ. એ મકરંદનો સંબંધ જ્યારે જીવની સાથે સાથે થાય ત્યારે એનો ઉદ્ધાર થાય. શ્રીવલ્લભનાં ચરણારવિંદમાં અનેક ચિહ્નો છે. તેમાં એક ચિહ્ન કમળનું પણ છે. આપે પોતાની ચરણરજ દ્વારા એ જીવોનો ઉદ્ધાર કર્યો. તો ચરણની રજ એ ચરણકમળનું મકરંદ છે. વલ્લભના ચરણમાં કમળ છે. એ કમળ છે કે જે કમળ શ્રીયમુનાજીએ પોતાના હસ્તમાં ધારણ કર્યાં છે. આ કમળ એ એ જ કમળ છે, જેને શ્રીજીબાવાએ પોતાના હસ્તમાં ધારણ કર્યા છે. આ કમળ કયું છે? જ્યારે શ્રીઠાકોરજીને શ્રીસ્વામિનીજીનો વિપ્રયોગ થાય, એટલો વિપ્રયોગ થાય કે જ્યારે તેઓ શ્રીસ્વામિનીજી વગર રહી ન શકે, ત્યારે વલ્લભના ચરણમાં રહેલું આ કમળ એક હજાર પાંખડીવાળું બની જાય. શ્રીઠાકોરજી એ કમળની મધ્યમાં બિરાજમાન થઇ જાય. તે સમયે આપના મુખમાંથી રાધે, રાધે શબ્દોનો ઉચ્ચાર થતો હોય, આપ શ્રી રાધાજીને યાદ કરી. આંખમાંથી અશ્રુધારા વહાવતા હોય, એટલો પ્રગાઢ વિરહ થાય કે વિયોગમાં આંખમાંથી કાજલ પણ વહેતું વહેતું આંસું સાથે કપોલ સુધી આવી જાય. આ કાજળ મિશ્રિત આંસુ પોતાની આંગળી ઉપર લઇને પ્રભુ એનાથી કમળની એક એક પાંદડી ઉપર રાધાજીનું ચિત્ર બનાવે છે. પોતાના હાથે રાધાજીનું એક એક નામ લખે છે. એમ હજાર પાંખડીવાળા એ કમળની એક એક પાંખડી ઉપર શ્રીઠાકોરજી સ્વયં એક એક નામ લખતાં રાધાસહસ્ત્રનામ લખે, રાધાજીનાં ચિત્રો દોરે, પછી દૃષ્ટિ ઊંચી કરે અને વળી પાછી ચિત્રો સમક્ષ દૃષ્ટિ કરે, ત્યારે થાય કે હમણાં સુધી તો એક રાધાજીનો વિયોગ હતો, પણ એક હજાર રાધાજીનાં દર્શન થતાં એ વિયોગ પણ હજારગણો વધી ગયો.

એટલો તાપ થયો કે પ્રભુ મૂર્છિત થઇને કમળમાં પોઢ્યા.

એ જ કમળ શ્રીવલ્લભના ચરણોમાં છે. વલ્લભના ગુણગાન થતાં હોય, ત્યાં એ રજનો , એ કમળનો સંબંધ પ્રગટ થાય છે. જ્યાં જ્યાં વલ્લભની વાણી અને વલ્લભનાં ગુણગાન વૈષ્ણવો કરતાં હોય ત્યાં ત્યાં એ કમળ સ્વયં પ્રગટ થાય. જ્યારે વલ્લભનાં ગુણગાન સાંભળતાં સાંભળતાં નેત્રોમાં પ્રેમાશ્રુ ભરાય, તો માનવું કે હવે પ્રભુએ કૃપા કરી ને એ કમળનો સ્પર્શ મારા નેત્રોને કરાવ્યો. વલ્લભનાં ગુણગાન સાંભળતાં સાંભળતાં જ્યારે દેહમાં રોમાંચ થાય ત્યારે માનવું કે એ કમળનો સ્પર્શ આપે મારા દેહને કરાવ્યો છે, વાસ્તવમાં જ્યારે પણ શ્રીવલ્લભનું નામ લેવાય, વલ્લભનાં ગુણગાન થાય, ત્યારે એ કમળ પ્રગટ જ થાય. પ્રભુને યાદ કરતાં કરતાં, વલ્લભનાં ગુણગાન ગાતાં ગાતાં નેત્રો ભરાય ત્યારે શ્રીમહાપ્રભુજી કહે છે એ નેત્રો ન કહેવાય, નેત્રકમળ કહેવાય.

જેમ કમળ જલ વિના રહી ન શકે તેમ નેત્ર પણ જળને ધારણ કરે ત્યારે નેત્રકમળ કહેવાય. વલ્લભની ચરણરજનું એ સામર્થ્ય છે કે એવાં કમલનું દાન આપણને કરે છે. આપણને ધન્ય બનાવે છે, હવે આગળ અગિયારમી કડીમાં ગોપાલદાસજી કહે છે :

પત્રાવલંબે પંડિત જીત્યા,
માયિક મત માતંગ,
શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા,
જેના રૂપ કોટિ અનંગ...૧૧

શ્રીમહાપ્રભુજી કાશી પધાર્યા, મોટા મોટા વિદ્વાનોની નગરી હતી. શ્રીવલ્લભ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરી રહ્યા છે, એવી બધાને ખબર પડી ત્યારે મોટા મોટા વિદ્વાનો વલ્લભની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે આવવા લાગ્યા. સવારથી એટલી ભીડ થતી કે શ્રી મહાપ્રભુજીને સેવામાં પહોંચતા અવેર થાય. આપશ્રીએ વિચાર કર્યો કે આ રીત અનુકૂળ નહિ આવે. આપે 'પત્રાલંબન' ગ્રંથની રચના કરી. કાશીમાં કાશી વિશ્વનાથ મંદિરની બહાર આપે તેને લગાવી દીધો. બધા વિદ્વાનોને કહ્યું કે આપ આ ગ્રંથ વાંચી લો. પછી કંઇ સંશય રહે તો મળવા આવજો.

દૂર દૂરથી આવતા મોટા મોટા વિદ્વાનો જ્યારે આ ગ્રંથ વાંચે, ત્યારે વાંચતાની સાથે નિરૂત્તર થઇ જાય. વિચારે કે આ ગ્રંથ વાંચતા જ અમે નિરૂત્તર થઇ જઇએ છીએ તો પછી આ ગ્રંથના રચયિતાને મળીશું તો શું હાલત થશે? આમ વિચારી ત્યાંથી જ પાછા ચાલ્યા જાય. આ રીતે શ્રીવલ્લભે કાશીમાં બ્રહ્મવાદનું સ્થાપન કરી, શ્રીકૃષ્ણને પૂર્ણ બ્રહ્મ તરીકે સ્થાપિત કર્યા. એ પૂર્ણ બ્રહ્મ કેવા છે? એમના અનંત કોટિ રૂપ છે. પોતાના ભક્તોને માટે અનંત રૂપ ધારણ કરીને પોતાના જીવોને અનુભવ કરાવે છે. અહીં અનંગ શબ્દ પણ છે, અનંગ એટલે કામદેવ. જેમનું સ્વરૂપ કોટિ કામદેવ જેવું છે એવા પ્રભુને- એવા કૃષ્ણને પૂર્ણ બ્રહ્મ તરીકે સ્થાપન કર્યા. આગળની પંક્તિમાં કહે છે:

સ્વમારગ સ્થિર સ્થાપવા,
આપવા ભજનાનંદ,
નામ આપ્યાં જીવને,
શુભ મિષ્ટ મુખ મકરંદ...૧૨

વ્રજના ગોપો, જે પ્રભુની સાથે ખેલતા, વિચરણ કરતા, એ બધા ગોપોને તો પ્રભુએ બ્રહ્માનંદનો અનુભવ કરાવ્યો, પણ લોક અને વેદનો ત્યાગ કરી, પ્રભુના વેણુનાદનું શ્રવણ કરી, જે ગોપીઓ પ્રભુની સન્મુખ પહોંચી, એમને પ્રભુએ ભજનાનંદનો અનુભવ કરાવ્યો.

લોકવેદનો ત્યાગ કરી, પોતાનાં બધાં સાધનોને છોડી, પ્રભુની પાસે ગયાં એ ગોપીજનોને પ્રભુએ ભજનાનંદનો અનુભવ કરાવ્યો. માટે કહ્યું: સ્વમારગ સ્થિર સ્થાપવા, આપવા ભજનાનંદ, નામ આપ્યાં જીવને, શુભ મિષ્ટ મુખ મકરંદ.

ગોપીજનો જ્યારે પ્રભુને શરણે ગયાં ત્યારે જે ભજનાનંદનું દાન પ્રભુએ ગોપીજનોને કર્યું, એ ભજનાનંદનો અનુભવ સાધારણ જીવો પણ કરી શકે, એવાં બીજ રોપી, મહાપ્રભુજીએ અષ્ટાક્ષરનું દાન, બધા જીવોને કર્યું. અષ્ટાક્ષર અને પંચાક્ષર એ બીજ છે, જેની અંદર એ સામર્થ્ય છે કે જે સુખ પ્રભુએ ગોપીજનોને આપ્યું, એ આપણને પણ મળી શકે. દરેક જીવ પણ પામી શકે.

અષ્ટાક્ષર શું છે? એ તો કલ્પવૃક્ષ છે. આપણને સહેલાઈથી મળી જાય એટલે આપણને એની ખબર નથી. કોઇ બહુ અઘરું અઘરું બતાવે તો આપણને એમ થાય કે આમાં કંઇ કરવા જેવું લાગે છે, સહેલાઇથી મળી જાય એ વસ્તુની કદર આપણને હોતી નથી.

પણ આ અષ્ટાક્ષર તો મહામંત્ર છે. કલ્પવૃક્ષ છે. શ્રીવલ્લભપ્રભુએ આપણને કલ્પવૃક્ષની છાયામાં બેસાડ્યાં છે, પણ છતાં હાથમાંથી કટોરો છૂટતો નથી,(માગવાની ટેવ જતી નથી) એવી દશા આપણી છે. કલ્પવૃક્ષની છાયામાં બેસવા છતાં આપણે એનો આશ્રય કરી શક્યા નથી. એના જેવી દુર્ભાગ્યની વાત બીજી કઇ હોઇ શકે?

ગોપીઓ જ્યારે પ્રભુ પાસે ગઇ ત્યારે પ્રભુએ એમની પરીક્ષા પણ કરી છતાં ગોપીઓ ચલિત ન થઇ, કારણ કે પ્રભુ જ્યારે કોઇને અપનાવે, શરણે લે ત્યારે પહેલાં પરીક્ષા કરે છે. આપણે તો કેવાં છીએ? પ્રભુના શરણે તો જવું છે પણ પરીક્ષા આપવી નથી. સાધારણ રીતે આપણે બહાર કંઇક લેવા માટે જઇએ, માટલું લેવા જઇએ ત્યારે પણ ટકોરો મારીને લઇશું, પરીક્ષા કરીશું કે ક્યાંક ખરાબ વસ્તુ ન આવી જાય. શાકભાજી લેવા જઇએ તો પણ એક એક પરીક્ષા કરીને લઇએ. સડેલું ન આવી જાય. આમ આપણે નાની નાની વસ્તુઓ લેવા માટે જઇએ તો પણ પરીક્ષા કર્યા વિના લેતાં નથી, પણ આશા રાખીએ છીએ કે અમે તો પરીક્ષા લેવી હોય તો લઇએ પણ પ્રભુ અમારી પરીક્ષા ન કરે. શું એ સંભવ છે? તેથી જ પ્રભુ પરીક્ષા કરે ત્યારે દુ:ખી થવાની જરૂર નથી. પરીક્ષા થાય તો સોનાની થાય, લોઢાની થોડી થાય? દુકાનમાં ખરીદી કરવા જઇએ ત્યારે દુકાનમાં હજારો વસ્તુઓ પડી હશે છતાં ભાવતાલ કે ચકાસણી તો એ વસ્તુની જ કરીશું જેને આપણે ખરીદીને ઘેર લઇ જવા માગતા હોઇશું. જેને અપનાવવા માગતાં હોઇશું. એ રીતે જગતમાં તો હજારો જીવો છે છતાં આપણને લાગે છે કે પ્રભુ મારી જ કસોટી કેમ કરે છે? તે સમયે એમ માનવું કે આ હજારોની વચ્ચે પ્રભુની દૃષ્ટિ મારા ઉપર પડી, એનાથી વધારે આનંદનો વિષય કયો કહેવાય?

આપણા પ્રભુ તો એક છે પણ આપણા જેવા પ્રભુ પાસે તો કરોડો છે. કોઇની કસોટી કરવી હોય ને તો એના તરફ પહેલાં દૃષ્ટિ કરવી પડે. આપણે એમ તો કહી દઇએ છીએ કે પ્રભુ મારી કસોટી કરી રહ્યા છે, પણ એ કેમ ભૂલી જઇએ છીએ કે કસોટી કરવા માટે પણ પ્રભુએ મારી સામે દૃષ્ટિ તો કરી છે ને! પ્રભુની દૃષ્ટિમાં આવે એ જીવનું પછી કદી અહિત થઇ શકે ખરું? પ્રભુની દૃષ્ટિમાં આવ્યા તો આપણા પુષ્ટિ પુરુષોત્તમની દૃષ્ટિ ક્યાં છે? સામી છે? ના પોતાના ચરણોમાં. પ્રભુએ કસોટી કરવા માટે દૃષ્ટિ કરી, એનો અર્થ એ થયો કે પ્રભુએ આપણા ઉપર દૃષ્ટિ કરવા માટે પહેલાં પોતાના ચરણોમાં સ્થાન આપ્યું. પહેલાં ચરણોમાં સ્થાન આપ્યું, પછી દૃષ્ટિ કરી, પછી કસોટી કરી, આપણને જો એમ લાગતું હોય કે પ્રભુ મારી કસોટી કરે છે તો બે બાબતનાં પ્રમાણ મળી ગયાં કે આપણને પોતાનાં ચરણોમાં સ્થાન આપ્યું છે અને દૃષ્ટિ પણ કરી છે. હવે કદી અહિત થઇ શકે ખરું? એ જીવનો કદી બગાડ થઇ ન શકે.

વલ્લભની કેટલી મોટી કૃપા કે જે સુખ યશોદામૈયાને પણ નથી મળ્યું, એ સુખ વૈષ્ણવોને આપ્યું છે. યશોદામૈયાને પણ પ્રભુની સેવા માત્ર અગિયાર વર્ષ અને બાવન દિવસ મળી છે. પછી એ રડતાં રહ્યાં, તડપતા રહ્યાં પણ એ સેવા એમને નથી મળી. એ સેવાનું સુખ વલ્લભે આપણને આખા જીવન માટે આપી દીધું છે. આનાથી મોટી કૃપા-અનુગ્રહ કોણ કરી શકે?

જગતના નાથને બાળકના અસમર્થ સ્વરૂપે વૈષ્ણવના ઘેર પધરાવ્યા. ભક્તને સમર્થ બનાવ્યા ને ભગવાનને અસમર્થ!

જે આખી દુનિયાને જગાવે એને જ્યારે તમે જગાવો ત્યારે જાગે! જે આખી દુનિયાનું પેટ ભરે એને જ્યારે તમે ભોગ ધરો ત્યારે આરોગે. આખી દુનિયાને જે પોઢાડે એને તમે પોઢાડો ત્યારે પોઢે.

પુષ્ટિમાર્ગમાં ઠાકોરજી કરતાં યે વૈષ્ણવોને અધિક સુખ છે, કેમ? આપણે જ્યારે શ્રીઠાકોરજીનાં દર્શન કરવા જઈએ ત્યારે કોનાં દર્શન કરીએ? પ્રભુના મુખારવિંદનાં. એ મુખારવિંદ કેવું? કોટિ કંદર્પ લાવણ્યયુક્ત. એવું મુખારવિંદ કે જેની આગળ કરોડો કામદેવનું સૌંદર્ય પણ તુચ્છ લાગે. એવા મુખારવિંદનાં દર્શન આપણે કરીએ, અને પ્રભુ કોનાં દર્શન કરે? ચડી ગયેલા, ઉદાસ, રડમસ, કગરતા એવા આપણા મુખનું. આપણે પ્રભુ સન્મુખ જઇએ, પ્રભુના નેત્રો ઉપર દૃષ્ટિ પડે, કેવાં કમળ જેવાં સુંદર નયન! પ્રભુ આપણી તરફ જુએ ત્યારે આપણી આંખમાં ફરિયાદ હોય કે પ્રભુ આ નથી મળતું, પેલું નથી મળતું, બોલો, કોણ વધારે સુખી? પ્રભુ કે આપણે?

આપણે હવેલીમાં દર્શન કરવા જઇએ તો આપણા કાનમાં શું પડે? હવેલીસંગીત- સુંદર કીર્તન થતાં હોય તે સાંભળીએ. અને ઠાકોરજી? આપણી ફરિયાદ! આટલા દિવસ થઇ ગયા શોધતાં, પણ દીકરી માટે કોઇ ઘર મળતું નથી. કોણ સુખી? બતાવો.

વળી એવું કે આપણને કોઇ ફરિયાદ કરે તો આપણે તો ભાગીને દૂર જઇ પણ શકીએ, ના પણ પાડી શકીએ, પણ પ્રભુ ના પાડી શકે? બતાવો, કોણ વધારે સુખી?

કેટકેટલી સુવિધા છે પુષ્ટિમાર્ગમાં! આપણે જે કહીએ એ પ્રભુને સાંભળવું પડે. ભલે ને ઘરનાં

લોકો સાંભળતા ન હોય, પણ પ્રભુ સાંભળે,આટલું સુખ ક્યાં હોય? આપણા ઉપર કેવી સહજ કૃપા થઇ છે!

આ કૃપા કેમ થઇ? તો કહે છે કે વલ્લભે કૃપા કરી અને અષ્ટાક્ષર મહામંત્રનું દાન કર્યું. બીજા કોઇ કાર્ય થાય કે ન થાય, વલ્લભનું ગુણગાન થાય તો કૃપા થાય. તેથી જ ભક્તો કહે છેઃ

વલ્લભ ગુણ ગાવા રે ગાવા,
અવસરિયા નહિ આવે આવારે,
વલ્લભગુણ ગાવા રે ગાવા,
મોંઘેરા અવસરિયા નહિ આવે રે,
વલ્લભ ગુણ ગાવા રે ગાવા રે...૧

આ દુનિયાના લોકો રોકે કે ટોકે, ગમે તે સંભળાવે પણ કહી દેવાનું કે વલ્લભ ગુણ ગાવા રે ગાવા,

લખચોરાશીમાં ફરશો રે,
ફરી ફરી અવતાર ક્યાં ધરશો રે,
એ સેવા-સ્મરણ ક્યારે કરશો રે..
વલ્લભ ગુણ ગાવા રે ગાવા રે...૨
ચિત્તડામાં ચેતીને ચાલો રે,
નગુણાં થઈને શું મહાલો રે,
પ્રભુજી વિના ઠાઠ બધો ઠાલો રે,
વલ્લભ ગુણ ગાવા રે ગાવા...૩
જીવને બાળપણું રહે છે રે,
આંગણિયે આંબળિયું પાકે રે,
તેની તે સાખો હરિજન ચાખે રે,
વલ્લભ ગુણ ગાવા રે ગાવા...૪
કર્યા કારતક કાગળિયે ચડશેરે,
ઝપેટા તો જમડાના પડશે રે,
પછી રે જીવને પસ્તાવો થાશે રે,
વલ્લભ ગુણ ગાવા રે ગાવા... ૫
ધાર્યું તો શ્રી હરિરાયજીનું થાશે રે,
બીજું બધું અવર્ધા જાશે રે,
શ્રીવલ્લભદાસ તો ગુણ ગાશે રે,
વલ્લભ ગુણ ગાવા રે ગાવા...૬

વલ્લભનાં ગુણગાન તો ત્યારે ગવાય કે જ્યારે શ્રીઠાકોરજી આપણા ઉપર કૃપા કરે. એટલા માટે કહ્યું કે ગોપીજનોનો ભાવ સ્થિર કરવા માટે અષ્ટાક્ષર અને પંચાક્ષર આ બે મંત્ર પોતાના મુખારવિંદમાંથી પ્રગટ કરી જીવના હૃદયમાં સ્થાપિત કર્યા. મંત્રનું દાન આપ્યું. આ બે મંત્રોનો આશ્રય જો જીવ કરે તો એ ગોપીજનોને મળ્યું એ સુખ એ જીવને પણ મળે. આગળ શ્રીવલ્લભના વિચરણનું વર્ણન કરતાં ગોપાલદાસજી ગાય છે :

અનેક જીવને કૃપા કરવા,
દેશાંતર પ્રવેશ,
કોમલ પદ જ્યાં કમલ વિલસે,
ધન્ય કહું તે દેશ...૧૩

આચાર્યચરણે અનેક દુર્ગમ સ્થાનોની યાત્રા કરી, આજે પણ ત્યાં શ્રીબેઠકજી પ્રગટ છે. આપણે ત્યાં જઇએ ત્યારે એમ લાગે છે કે આટલી સુવિધા હોવા છતાં આ સ્થાન પર આવવાનું કપરું છે, તો આજથી ૫૦૦ વર્ષ પહેલાં શ્રીમહાપ્રભુજી અહીં કેવી રીતે પધાર્યા હશે? સ્થાન પર જઇએ તો આપણને થાય છે કે શ્રીવલ્લભે કેવી કરુણા કરી છે! કેવી કૃપા કરી છે! શા માટે કરી છે? અનેક જીવને કૃપા કરવા દેશાંતર પ્રવેશ. કોમલ પદ જ્યાં કમલ વિલસે ધન્ય કહું તે દેશ.

ગોપાલદાસજી કહે છે કે જે જે સ્થાન પર શ્રીવલ્લભ પધાર્યા, ત્યાં ત્યાં આજે પણ શ્રીવલ્લભની ચરણધૂલિ વિદ્યમાન છે. જ્યાં જ્યાં શ્રીવલ્લભના પદાર્પણ થયા, ત્યાં અનેક અનેક જીવો ઉપર કૃપા કરવા માટે પધાર્યા. મને તો એમ જ લાગે છે કે જ્યારે વલ્લભના ગુણગાન સાંભળવા માટે આપણે અહીંયા આવી ગયા હોઇએ અને સાંભળતા હોઇએ તો એ બાબત એ વાતનું પ્રમાણ છે કે જ્યારે શ્રીવલ્લભ પરિક્રમા કરવા નીકળ્યા હશે અને કોઇક ગામની ગલીમાંથી પસાર થતા હશે, તો એ ગલીના કોઇક ઘરમાં ત્યારે તમે પણ રહેતા હશો. જે માર્ગમાંથી શ્રીવલ્લભ પધારતા હશે એ માર્ગમાં તમારી દૃષ્ટિ પણ વલ્લભની રાહ જોતી હશે. જ્યારે બધા ભગવદીયો દોડતાં દોડતાં વલ્લભનાં દર્શન કરવા જતાં હશે ત્યારે કદાચ તમે પણ ગયાં હશો. એ વખતે ચાહે વલ્લભ બોલ્યા હોય કે ન બોલ્યા હોય, પણ વલ્લભે તમારી સામે દૃષ્ટિ જરૂર કરી હશે. માટે જ તમે અહીં વલ્લભનાં ગુણગાન સાંભળવા માટે બેઠાં છો. જો વલ્લભની દૃષ્ટિ પડી ન હોય. તો અહીં આવી ન શકો. ગુણગાન શ્રવણ ન કરી શકો. અનેક જીવો ઉપર કૃપા કરવા શ્રીવલ્લભ અનેક સ્થાનોમાં પધાર્યા હતા. એ સ્થાનોમાં આપણે નિશ્ચિત હોઇશું. નિશ્ચિત રીતે એ કોટિકંદર્પ લાવણ્યનાં આપણે દર્શન પણ કર્યાં હશે. તે સમયે જરૂર આપના સ્વરૂપમાં આપણું મન સ્થિર થયું હશે. નહિતો આમ ચાર ચાર દિવસ બેસીને વલ્લભનાં ગુણ ગાઇ ન શકીએ.

શ્રીવલ્લભ જે ભૂમિ ઉપર પધાર્યા તેનું વર્ણન કરતાં આગળ ગોપાલદાસજી કહે છે:

અંગ બંગ કલિંગ કૈકટ,
માગધ મારુ સૂર સિંધ
તે તામસના અઘ હર્યા,
પરતાપ પદરજ ગંધ...૧૪

અંગ એટલે સરયૂ નદીની આસપાસ પ્રદેશ, બંગ એટલે બંગાળ પ્રદેશ, કલિંગ એટલે ઓરિસ્સાનો પ્રદેશ. કૈકટ એટલે ગયાની આસપાસનું ક્ષેત્ર, માગધ એટલે હાજીપુરથી લઇને ગંગાસાગર સુધીનો પ્રદેશ. મારુ એટલે મારવાડ, સૂર એટલે સૌરાષ્ટ, સિંધ એટલે સિંધુ નદીના તટનો પ્રદેશ આમાં જે જે સ્થાન પર તામસ જીવો હતા તેમનો ઉદ્ધાર આપની ચરણરજની સુંગધમાત્રથી કર્યો. જે ભૂમિ તામસ હતી ત્યાં ન પધાર્યા. એવી ભૂમિના જીવોનો ઉધ્ધાર ચરણરજથી થયો, આ રીતે અનેક પ્રદેશોમાં વિચરણ કરતા કરતા શ્રીવલ્લભ વિજયનગર પધાર્યા. ત્યાં રાજા કૃષ્ણદેવરાયની સભામાં ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. ચર્ચાનો વિષય હતો- કયો મત સાચો? શાંકરમત કે મધ્વ? ત્યાં શ્રીવલ્લભ પધાર્યા. પછી શું થયું તેનું વર્ણન આગળ કરે છે:

કનક સ્નાન શતમણ સુવર્ણે,
કરાવ્યું મહિપાળ,
તે મૂકીને વેગે ચાલિયા,
રાય દૃષ્ટિ ન પાછી વાળ...૧૫

શ્રીવલ્લભે બાલ્યાવસ્થા કાશીમાં પસાર કરી, ત્યાં આપની વિદ્વત્તાને કારણે આપ બાલસરસ્વતી તરીકે ઓળખાતા હતા. એમના પિતાશ્રી લક્ષ્મણભટ્ટજી બાલાજીના મુખારવિંદમાં સમાઇ ગયા. શ્રીવલ્લભે વિચાર કર્યો કે હવે માતુશ્રીને લઇને

હું મામાને ત્યાં પધારું. પોતાના મામાને ત્યાં વિજયનગર પધાર્યા. ત્યાં મુકામ કર્યો.

એ વખતે રાજાના માતા હતાં એ માધ્વ મતના હતા. એમની ઇચ્છા મધ્વ સંપ્રદાય રાજા અપનાવે તેવી હતી, પણ રાજા માધ્વમતનું સ્થાપન કરે તે પહેલાં શાંકર મતવાળાઓએ વિરોધ કર્યો. શાસ્ત્રાર્થ માટે પડકાર્યા. શાસ્ત્રાર્થમાં શાંકર મત સામે વૈષ્ણવ ધર્મ પરાજય પામી રહ્યો હતો, ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા. આપશ્રીએ એ સભામાં એક એક વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી, ચારે પ્રસ્થાનોના સમન્વય દ્વારા એમને પરાજય આપી, શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. આપની અપ્રતીમ વિદ્વતા જોઇ, તેજસ્વીતા જોઇ, રાજાના મનમાં નનોરથ જાગ્યો કે શ્રીંવલ્લભનો કનકાભિષેક કરવો છે. આપશ્રીને સુવર્ણ સિંહાસન ઉપર પધરાવ્યા, રાજાએ સો મણ સોનાનાં પુષ્પથી શ્રીમહાપ્રભુજીનો કનકાભિષેક કર્યો. વિદ્વાનોએ વેદોચ્ચાર કર્યા. તેથી કહ્યું: 'કનક સ્નાન શતમણ સુવર્ણે કરાવ્યું મહિપાળ. તે મૂકીને વેગે ચાલિયા રાય દૃષ્ટિ ન પાછી વાળ.'

અહીં શ્રીમહાપ્રભુજીના વૈરાગ્ય ધર્મનું દર્શન થાય છે. અહીં કનક શબ્દનો ઉપયોગ કર્યો છે. કનક શબ્દના બે અર્થ થાય છે. એક સુવર્ણ અને બીજો ધતુરો. એમ કહેવાય છે કે–

કનક કનકતે સો ગુની માદકતા અધિકાય,
એકે ખાવે બોરાત હૈ, એક દેખે બોરાય.

એક કનક – ધતૂરો એવો કે જેને ખાઇએ તો નશો ચડે અને એક કનક–સુવર્ણ એવું કે જેને જોઇએ તો ય નશો ચડે. માટે અહીં કનક શબ્દનો ઉપયોગ કર્યો. કનક સ્નાન શતમણ સુવર્ણે કરાવ્યું મહિપાલ. રાજાએ વિનંતી કરી કે આ સુવર્ણ આપ અંગીકાર કરો. શ્રીવલ્લભે આજ્ઞા કરીઃ આપે આ સુવર્ણનો અભિષેક કર્યો છે. એ સુવર્ણ સ્નાનવત્– સ્નાનના જલ જેવું કહેવાય. હું એનો સ્વીકાર ન કરી શકું. અહીં જેટલા પણ વિદ્વાનો છે એ દરેકને આ વહેંચી દો. ત્યાંથી એવી રીતે ચાલી નીકળ્યા કે રાય દૃષ્ટિ ન પાછી વાળ, રાજાના ઐશ્વર્યને–વૈભવને–દ્રવ્યને ન જોયાં. આવો વૈરાગ્ય આપે બતાવ્યો.

ત્યાંથી દક્ષિણ પાઉં ધારિયા,
પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ,
નેત્ર મળતાં વાત કીધી,
વચન દીધું હાથ... ૧૬

આચાર્યચરણે વિજયનગરમાં વિજય પ્રાપ્ત કર્યો. રાજાએ કનકાભિષેક કર્યો. પછી ત્યાંથી આગળ પધાર્યા. માર્ગમાં ભીમરથી નદીના તટ ઉપર વિશ્રામ કર્યો. શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ પણ કર્યું. સામેના તટ ઉપર બિરાજતા હતા શ્રી વિઠ્ઠલનાથજી (વિઠોબા). જેટલી આતુરતા શ્રીવલ્લભનાં મનમાં વિઠ્ઠલના દર્શનની હતી, એટલી જ આતુરતા શ્રીવિઠ્ઠલનાથજીના હૃદયમાં શ્રીવલ્લભને મળવાની હતી.

શ્રીમહાપ્રભુજી વિઠ્ઠલનાથજીના મંદિરમાં દર્શન કરવા પધાર્યા. ત્યાં શું થયું? શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજી તરફ દૃષ્ટિ કરી. શ્રીવલ્લભે શ્રીવિઠ્ઠલનાથજી તરફ દૃષ્ટિ કરી. બંનેના નેત્ર મળ્યાં. નેત્ર મળતાંની સાથે ઘણું બધું કહેવાયું, ઘણું સમજાયું, પણ ત્યાં ઊભેલા બીજા કોઈ સમજી ન શક્યા. નેત્રો દ્વારા વચનો અપાયા, નેત્રો દ્વારા એ વચન પાલન કરવાનું આશ્વાસન પણ અપાયું. શું વચન

આપ્યું? એક મત એવો છે કે એ વખતે શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને કહ્યું : 'આપ શ્રીવલ્લભ સ્વરૂપે, આચાર્ય સ્વરૂપે વિચરણ કરી રહ્યા છો. આજે આપ મારાં દર્શન કરવા પધાર્યા છો, પણ મને આપની પાસે કંઈક માગવાનું મન થઈ રહ્યું છે.'

'કૃપાનાથ, આજ્ઞા કરો. શું મનોરથ છે?'

'મારે આપના ઘરે, આપના પુત્ર બનીને પ્રગટવું છે. આપની સેવા સ્વીકાર કરવી છે.'

બીજો મત એ છે કે જ્યારે શ્રીમહાપ્રભુજી શ્રી વિઠ્ઠલનાથજીની સામે ઊભા છે, એ જ વખતે ત્યાં શ્રીનાથજી પ્રગટ થયા. શ્રીનાથજીએ શ્રીવિઠ્ઠલનાથજીની સાક્ષીમાં વલ્લભ પાસે કંઈક માગ્યું. ત્યારે શ્રી વલ્લભે કહ્યું : 'આજ્ઞા કરો, કૃપાનાથ, શું મનોરથ છે?' ત્યારે શ્રીનાથજીએ મનોમન માગ્યું કે મારા મનનો મનોરથ એવો છે કે હું આપને ઘેર આપનો પુત્ર બનીને પ્રકટું અને આપ મને વાત્સલ્યનું સુખ આપો.

આમ એક મત એવો છે કે શ્રીવિઠ્ઠલનાથજીએ માગ્યું ને બીજો મત એવો છે કે ત્યાં શ્રીનાથજી પ્રગટ થયા અને શ્રીનાથજીએ શ્રીવલ્લભ પાસે નેત્ર દ્વારા પોતાના મનનો મનોરથ કહ્યો. શ્રીમહાપ્રભુજી નેત્ર દ્વારા સૂચવાયેલો આ મનનો મનોરથ સમજ્યા પણ ખરા કારણકે વલ્લભને ત્યાં 'પૂર્ણ' પ્રગટવા માગે છે અને જ્યારે પૂર્ણ પોતાના વિચારો વ્યક્ત કરે ત્યારે એ અપૂર્ણ રીતે ન કરે. ઠાકોરજીએ પોતાની વાત વલ્લભને કરી ત્યારે એ વાણી દ્વારા નહિ પણ નેત્રો દ્વારા કરી. નેત્ર મળતાં વાત કીધી. કેમ? પ્રેમની વાત ક્યારે ય પણ વાણીથી કરાય જ નહિ. પ્રભુએ જ્યારે આપણને વાણી આપી ત્યારે કહ્યું કે દુનિયાની વાત કરવી હોય તો વાણીનો ઉપયોગ કરજે, પણ જ્યારે સ્નેહની, પ્રેમની વાત કરવી હોય તો આ વાણીનો ઉપયોગ ન કરતો, માત્ર નેત્રથી કરજે. જે વાત નેત્રથી સમજી શકાય એવી ન હોય એના માટે જ વાણીનો ઉપયોગ કરજે.

જે નેત્રોએ અનુભવ કર્યો હોય તે બરોબર એવું ને એવું જ વાણી દ્વારા વ્યક્ત ન થઈ શકે. કોઈએ કહ્યું છે કે જે દર્શન કરે છે એ કોણ છે? એ નેત્ર છે. પણ નેત્ર પાસે જિહ્વા નથી. વર્ણન કરે છે એ કોણ છે? એ જિહ્વા છે, પણ એની પાસે નેત્ર નથી. તેથી પ્રભુનું વર્ણન કેવી રીતે થાય? આ જિહ્વાની સીમા આવી જાય છે.

જ્યારે પ્રેમની અભિવ્યક્તિ થાય, આદાનપ્રદાન થાય તો એ નેત્રોથી થાય. બે મિત્રો વર્ષો પછી મળવાના હતા. નાના હતા ત્યારે સાથે રમતા, જમતા, પણ એક મિત્ર મોટો થતાં વિદેશ ચાલ્યો ગયો. બંને મળવાના હતા ત્યારે વિચારતા હતા કે મળીશું ત્યારે આમ કરીશું, આ પૂછીશું. આટલા વર્ષોની વાતો કરીશું.

જ્યારે બંને મળ્યા ત્યારે સામસામેની ખુરશીમાં બેસીને બસ એકબીજાને જોતા રહ્યા, જોતા રહ્યા. બેમાંથી કોઈ કાંઈ બોલી ન શક્યા. ચાર કલાક બેઠા રહ્યા. ઊભા થયા ત્યારે કહે છે કે ઘણી વાર આપણે સાથે રહ્યા હતા, વાતો કરી હતી, પણ આજની મુલાકાતમાં જેવો આનંદ મળ્યો એવો આનંદ પહેલાં ક્યારેય પણ નહોતો મળ્યો. કારણ આજે આપણે મળ્યા ત્યારે પૂર્ણ રીતે મળ્યા. આંખો દ્વારા વ્યક્તિ મળે ત્યારે વાણી બંધ થઈ જાય. ગુરુ પાસે પણ

વૈષ્ણવો જાય ત્યારે મનમાં ઘણા પ્રશ્નો હોય પણ સામે આવે એટલે બધું ભૂલી જાય. પૂછવાની બહુ ઈચ્છા હોય પણ જ્યારે ગુરુના સાન્નિધ્યમાં જઈએ ત્યારે બધું જ ભૂલી જવાય. યાદ ન આવે, વાણી થંભી જાય. આવું થાય ત્યારે માનવું કે મિલનની ઉચ્ચ અવસ્થાને તમે પામી રહ્યા છો. કોઈએ કહ્યું છે કે જીવનની એ જ સૌથી મોટી ક્ષણ છે, મિલનની એજ સૌથી મોટી અવસ્થા છે કે જ્યારે કહેવાનું ઘણું હોય પણ કાંઈ યાદ ન આવે. આમ કહેવાનું કાંઈ યાદ ન આવે તે જ મિલનની ઉચ્ચ અવસ્થા. અહીં શ્રીઠાકોરજીએ પોતાના ભાવ વ્યક્ત કર્યા. નેત્ર દ્વારા કહ્યું: મારે આપને ઘેર પુત્ર રૂપે પ્રગટવું છે. આ આજ્ઞા શ્રી વિઠ્ઠલનાથજીએ કરી, શ્રીનાથજીએ આજ્ઞા કરી એવો પણ મત છે. આનું સમાધાન આગળની પંક્તિમાં છે. આ મનોરથ કોણે વ્યક્ત કર્યો. કોણે નિવેદન કર્યું કે મારે આપને ત્યાં પુત્રરૂપે પ્રગટવું છે.

જ્યારે શ્રીવિઠ્ઠલનાથજીની સામે શ્રીમહાપ્રભુજી ઊભા છે, એ જ વખતે સામે શ્રીનાથજી પ્રગટ થયા અને આપે નેત્રો દ્વારા શ્રીમહાપ્રભુજીને આ વાત કરી અને આપે એનો સ્વીકાર પણ કર્યો.

શ્રીવિઠ્ઠલનાથજીએ જોયું કે નેત્રો દ્વારા શ્રીનાથજીએ શ્રીવલ્લભ પાસે જરૂર કંઈક માગ્યું છે અને આપે એ આપવાનો નેત્ર દ્વારા સંકેત પણ કર્યો છે. તેથી આપે કહ્યું :

વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું,
કીધી શ્રી વલ્લભજી શું વાત,
અમને તો ઈચ્છા એહ છે જે,
હું નંદન તમે તાત...૧૭

આ પંકિતમાં શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે ચોક્કસ શ્રીનાથજીએ શ્રીવલ્લભ પાસે વચન માગ્યું છે. શું વચન માગ્યું છે? આ પ્રશ્નના જવાબમાં શ્રીવલ્લભે કહ્યું : 'કૃપાનાથ, આજે તો શ્રીનાથજીએ કોઈ વિચિત્ર વસ્તુ માગી લીધી છે. પ્રભુ છે તો મારા સેવ્ય પણ હવે પુત્ર બનીને મારી સેવા કરવા માગે છે. મારા આ ઈષ્ટને એવો મનોરથ જાગ્યો છે કે હું નંદન, તમે તાત.' પ્રભુએ આવું કેમ માગ્યું?

વલ્લભના ઘરમાં જેવું સુખ પ્રભુને મળે એવું બીજે ક્યાંય ન મળે. માટે તો શ્રીઠાકોરજી કહે છે કે 'રહ્યો મોહે શ્રી વલ્લભ ઘર ભાવે.' યશોદા મૈયાને કહે છે : 'મૈયા, મને જેવું સુખ વલ્લભના ઘેર મળે છે એવું સુખ બીજે ક્યાંય ન મળે. તું તો મને માખણ લેતા રોકે છે. સંતાડે છે જ્યારે વલ્લભના ઘરમાં મને નિત્ય મંગલભોગમાં, રાજભોગમાં સુંદર સુંદર સામગ્રીઓ, તે પણ મનુહાર કરીને આરોગાવે છે. વ્રજભક્તોની કાનિ આપી આપીને આરોગાવે છે. ઋતુ અનુસાર મારા વસ્ત્ર-શૃંગાર બદલાય છે.' આમ જે વિશિષ્ટતા વલ્લભની સેવારીતમાં છે, એ તો બીજે ક્યાં જોવા મળે? પ્રભુના સુખનો વિચાર આપણા માર્ગમાં છે એવો બીજે ક્યાં છે?

માનસિંહ રાજાના પ્રસંગમાં એ જોવા મળે છે. બધા મંદિરોમાં રાજા માનસિંહ દર્શન કરવા આવવાના છે, એવી ખબર પડતાં સૌએ જેઠ મહિનાની ગરમીમાં પણ ભગવાનને ભારે જરીનાં વસ્ત્રો, ભારે આભૂષણો ધર્યા. માનસિંહને ક્યાંય આનંદ ન મળ્યો. એને થયું મને આટલી ગરમી લાગી રહી છે તો પ્રભુને કેટલો શ્રમ પડતો હશે? રાજાને સુખ મળે એવો વિચાર બધાએ કર્યો હતો,

પણ પ્રભુના સુખનો વિચાર કોઈએ કર્યો ન હતો. જ્યાં સામેવાળાના સુખનો વિચાર હોય ત્યાં દર્શન ન રહે, અપદર્શન થઈ જાય.

ઘણીવાર વૈષ્ણવોને ત્યાં દર્શન કરવા જઈએ. શાકભાજીના હિંડોળા હોય. દર્શન કરીએ તો લોકો ઊભા હોય ત્યાં સામે શાકભાજી દેખાય, ઠાકોરજીની બાજુ તો સુરંગી જ હોય! હિંડોળા કોના માટે ભર્યાં છે? સામે દર્શન કરવા આવે છે એમના માટે? કે જે બિરાજી રહ્યા છે, એના માટે? હિંડોળામાં અધિકતર આપણે સામે ભરીએ અને ઠાકોરજીની સામે ખાલી રહે. ત્યાં કાંઈ ભર્યું ન હોય. પછી દર્શન ગૌણ થાય.

અહીં ઠાકોરજીના સુખના વિચાર ન હતો. રાજાને ખુશ કરવા ભારે શૃંગાર વસ્ત્ર ધર્યાં હતાં. રાજાને ક્યાંય સંતોષ ન થયો, દર્શનથી મન ન માન્યું. કોઈક સ્થાન એવું હશે જ્યાં દર્શનમાં આનંદ આવે?

ગોપાલપુર દર્શન કરવા ગયા. શ્રીનાથજીના મંદિરમાં ગયા. ત્યાં શું જોયું? ઠાકોરજીએ સુંદર કળીના શૃંગાર ધારણ કર્યા છે. ફુવારા ઊડી રહ્યા છે. સુંદર કીર્તન થઈ રહ્યા છે. ઉષ્ણકાલમાં આવી ઠંડક જોઈ, માનસિંહને આનંદ થયો. એને થયું કે શ્રીઠાકોરજી અહીં પ્રસન્નતામાં બિરાજે છે. જો શ્રી ઠાકોરજી ક્યાંય સુખથી બિરાજે છે તો અહીં વલ્લભના ઘરમાં બિરાજે છે.

એટલા માટે પ્રભુ કહે છે : 'રહ્યો મોહે શ્રી વલ્લભ ઘર ભાવે.'

મારે બાલલીલાનું સુખ લેવા માટે શ્રીવલ્લભના ઘેર પ્રકટવું છે. આ સુખ લેવા માટે આપ સ્વયં શ્રીમહાપ્રભુજીને ત્યાં પુત્ર સ્વરૂપે પ્રકટવા માટે તૈયાર થયા.

ગોપાલદાસજીને એવો આનંદ આવી ગયો કે તેમને થયું કે સ્વયં પ્રભુ આજે મારા ગુરુ સ્વરૂપે, મારા આસક્તિના સ્વરૂપે પ્રકટવાના છે. તેથી આગળ કહે છે.

એ પુરુષોત્તમ પ્રગટશે,
શ્રી વિઠ્ઠલ રૂપ નિધાન,
નેત્ર કમલે નાના ભાવે,
દેશે ભક્તને સન્માન...૧૮

ગોપાલદાસજીને કેવો આવેશ આવી ગયો છે તે જુઓ. બેઠા છે શ્રી ગુસાંઈજીની સામે અને કહે છે તે પુરુષોત્તમ પ્રગટશે. પ્રત્યક્ષ શ્રીગુસાંઈજી બિરાજે છે. પણ એમની ચિત્તવૃત્તિ વ્યસન દશામાં ક્યાંય ચાલી ગઈ છે. કહે છે : 'શ્રીગુસાંઈજી પ્રભુચરણ સ્વરૂપે એ જ પુરુષોત્તમ પ્રગટશે.' જાણે ગોપાલદાસજી પણ જ્યારે શ્રીજીએ વચન માગ્યું ત્યારે મનોમન ત્યાં હાજર હોય તે રીતે ગાય છે. આમ પ્રભુની અને ભક્તની બંનેની સાક્ષીએ જાણે શ્રીજીએ વલ્લભ પાસે આ વચન માગ્યું અને વલ્લભે એ વચનનો સ્વીકાર પણ કર્યો.

એ જ પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથજી સ્વરૂપે ભૂતલ ઉપર પ્રગટશે અને પોતાના નેત્રો દ્વારા ભક્તને અલગ અલગ ભાવનું દાન કરીને ભક્તને સન્માન દેશે.

શરૂઆતમાં આપણે જોયું કે શ્રીગુસાંઈજીએ ચર્વિત તાંબુલ મુખમાં પધરાવ્યું અને ગોપાલદાસજીની વાણી ખૂલી. આ તો એક મર્યાદા બતાવવા આપે કર્યું. પણ જ્યારે શ્રીગુસાંઈજીની

દૃષ્ટિ ગોપાલદાસજી ઉપર પડી ત્યારે જ એમનું કાર્ય સિદ્ધ થઈ ગયું હતું.

જેમ વલ્લભ પ્રગટ્યા, વાણી દ્વારા કૃપા કરવા માટે તેમ શ્રીગુસાંઈજી કૃપાદૃષ્ટિ દ્વારા કૃપા કરવા પ્રગટ્યા. શ્રીગુસાંઈજી પોતાના નેત્રો દ્વારા પોતાના ભક્તોને અલગ અલગ ભાવોનું દાન કરીને સનાથ કરે છે. જીવને સન્માનિત કરે છે. માટે કહ્યું : નેત્રકમલે નાનાભાવે દેશે ભક્તને સન્માન. એ પ્રભુ સાક્ષાત્ પુરુષોત્તમ રૂપે પ્રગટશે.

તેથી આપણે ત્યાં કહેવાય છે કે શ્રીયમુનાજીનું જલ, શ્રીગિરિરાજ બાવા, ગુરુ સ્વરૂપે શ્રીવલ્લભ, આપણા ઠાકોરજીનું જે સ્વરૂપ બિરાજમાન છે, તેમાં ક્યાંય લૌકિક ભાવ ન આવવો જોઈએ. તેમાં ભગવદ્ ભાવ રાખવો.

આપણા ઘરમાં શ્રીઠાકોરજી બિરાજતા હોય, કોઈ પૂછે કે કયું સ્વરૂપ બિરાજે છે? તો કહેવું કે સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. ન ચિત્રજી કે ન વસ્ત્રજી. ઠાકોરજીનું વચન છે કે જે ભક્ત મને જે ભાવે ભજે, એવો હું થઈ જાઉં છું. કોઈ એમ કહે કે મારા ઘરમાં ચિત્રજી બિરાજે છે, તો શ્રીઠાકોરજી ચિત્ર સ્વરૂપે બિરાજમાન થઈ જાય. પછી ચિત્ર ક્યારેય બોલે? આરોગે? જો એમ માને કે મારા ઘરમાં વસ્ત્રજી બિરાજે છે, તો હું વસ્ત્રજી જ થઈ જાઉં; પણ જે એમ માને કે મારા ઘરમાં પ્રગટ પુરુષોત્તમ બિરાજે છે, એના ઘરમાં હું પ્રગટ સ્વરૂપે બિરાજું, એના હાથથી આરોગું અને એને આજ્ઞા પણ કરું. જે ભાવથી આપણે પ્રભુને ભજીએ, પ્રભુ પણ આપણને એ ભાવથી ભજે. માટે જ ભગવદ્ સ્વરૂપમાં ક્યાંય લૌકિક ભાવ ન કરવો. ઠાકોરજીના સ્નાનના જલને, ઝારીજીના જલને ક્યારેય સામાન્ય જલ ન માનવું. શ્રીવ્રજરજને, શ્રી ગિરિરાજબાવાના સ્વરૂપને પણ સાધારણ ન સમજવા. ગુરુ પ્રત્યે પણ લૌકિક ભાવ ન રાખવો. આવો પ્રકાર આપણે ત્યાં બતાવવામાં આવ્યો છે. આ બાબત આપણે સમજીએ ત્યારે વલ્લભ અને વિઠ્ઠલનું સ્વરૂપ સમજાય છે, એ કોણ છે? એ જ પ્રભુનું પ્રાગટ્ય છે.

એક પ્રસંગ આવે છે. શ્રીવલ્લભના વંશની અંદર શ્રીગુસાંઈજીના મોટા લાલજી શ્રીગિરિધરજી, તેમના લાલજી દીક્ષિતજી અને તેમના લાલજી રામકૃષ્ણજી થયા. એકવાર બધા બાળકો શ્રીનવનીતપ્રિયજીને ભોગ ધરવા ગયા ત્યારે નાનકડા રામકૃષ્ણજી પણ જોડે ભીતર ગયા. બધા બાળકો ભોગ ધરી, કાની આપી બહાર આવી ગયા. બહારથી દ્વાર બંધ કર્યા. એમને ખ્યાલ ન રહ્યો કે નાનકડા પાંચ વર્ષના રામકૃષ્ણજી અંદર રહી ગયા છે. તેઓ અંદર રડવા લાગ્યા. નવનીતપ્રિયજીએ જોયું કે આ બાળક રડે છે એટલે પોતાની પાસે બોલાવ્યા. પૂછ્યું : 'કેમ રડો છો?' 'મને ભૂખ લાગી છે.' ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ પોતાની બાજુમાં બિરાજતા ઝારીજી થોડાં સરકાવ્યાં અને બાવાને પોતાની પાસે બોલાવી, બેસાડ્યા. રામકૃષ્ણજીએ કહ્યું : 'દાદાજી મને અહીં બેઠેલો જોશે તો વઢશે, ખીજાશે.'

'નહિ વઢે, મારી આજ્ઞા છે, બેસો.' બેસાડીને ખીરનો ડબરો અને ચમચી આપીને આજ્ઞા કરી. 'આ આરોગો.'

બાવા કહે છે : 'આ તો આપનું છે. હું કેવી રીતે આરોગું?'

'મારી આજ્ઞા છે. આપ આરોગો.' રામકૃષ્ણજી આરોગ્યા.

ભોગ સરાવવાનો સમય થયો બધા અંદર આવ્યા. જુએ છે તો બાવા નવનીતપ્રિયજીની બાજુમાં બિરાજ્યા છે. ખીર આરોગે છે. બધાને ગુસ્સો આવ્યો. 'આ શું કરો છો? ઠાકોરજીની ખીરનો ડબરો લઈને આરોગી રહ્યા છો?' હાથ ખેંચીને નીચે ઉતાર્યા. જોરથી એક ચાંટો (તમાચો) માર્યો. બીજીવાર મારવા ગયા તો શ્રીનવનીતપ્રિયજીએ હાથ પકડી લીધો.

'જુઓ, આપે લાલનને ચાંટો માર્યો પણ ગાલ મારો સૂજી ગયો છે.' ત્યારે શ્રી દીક્ષિતજીએ કહ્યું કે, 'કૃપાનાથ, હું સમજી ન શક્યો. મને વિસ્મરણ થઈ ગયું કે વલ્લભના વંશને આપ પોતાનું જ સ્વરૂપ માનો છો.'

આ પ્રસંગ 'શ્રીપુરુષોત્તમ પ્રગટશે શ્રીવિઠ્ઠલરૂપ નિધાન.' પંક્તિનું રહસ્ય બતાવે છે. વળી કેવા કેવા જીવો શ્રીગુસાંઈજીને શરણે આવ્યા છે! એકવાર શ્રીગુસાંઈજીની દૃષ્ટિ પડે પછી એ જીવ એમના શરણે આવ્યા વિના રહી જ ન શકે. છીતસ્વામી આવ્યા હતા પરીક્ષા કરવા, ખોટો રૂપિયો અને ખોટું નાળિયેર લઈને, પણ જ્યાં ગુસાંઈજીની દૃષ્ટિ એના ઉપર પડી, બંને સાચા થઈ ગયાં. છીતસ્વામીએ આ ખોટી વસ્તુઓ લઈ જઈને ગુરુની પરીક્ષા કરી નથી પણ પોતાની અવસ્થા બતાવી છે. આ ખોટું નાળિયેર શું હતું? શ્રીફળને શાસ્ત્રોમાં મસ્તકનું પ્રતીક કહેવાય છે. કારણ એમાં નેત્ર હોય, શિખા હોય. છીતસ્વામીએ ખોટું નાળિયેર ધરીને કહ્યું કે, 'કૃપાનાથ, જ્યાં સુધી આપની દૃષ્ટિ ન પડે ત્યાં સુધી આ બુદ્ધિ ખોટા નાળિયેર જેવી છે.' ખોટો સિક્કો મૂકીને કહ્યું : 'જ્યાં સુધી ગુરુ કૃપા ન કરે ત્યાં સુધી ભક્તિના માર્ગમાં મારી દશા આ ખોટા સિક્કા જેવી છે. જ્યાં જાય ત્યાંથી પાછો આવે. કોઈ અપનાવવા તૈયાર નહિ.'

જ્યાં ગુસાંઈજીની દૃષ્ટિ પડી, એ નાળિયેર સફળ-સજળ થયું અને ખોટો સિક્કો પણ ચાલી ગયો. ગુરુની પાસે કેવી રીતે જવું એ છીતસ્વામીએ બતાવ્યું. જ્યાં સુધી આપણે આપણી અવસ્થા ન બતાવીએ, ગુરુના શરણે કેમ જવાય?

તમે ક્યાંક બહારગામથી અહીં આવ્યા હો, સંબંધીનું મુંબઈનું એડ્રેસ ભૂલી ગયા હો અને માત્ર નંબર યાદ હોય તો, તમે એને ફોન કરો કે મને લેવા માટે આવો.તો એ તમને પહેલાં પૂછશે : 'તમે ક્યાં ઊભા છો?' જો તમે એ નહિ બતાવો કે ક્યાં ઊભા છો, તો એ લેવા આવવાની ઈચ્છા હશે તો પણ તમને લેવા આવી શકશે? એને તમારે પહેલાં કહેવું તો પડશે કે તમે ઊભા ક્યાં છો?

એમ છીતસ્વામીએ આ બે ખોટી વસ્તુ દ્વારા બતાવ્યું કે મારી આવી અવસ્થા છે. બુદ્ધિ પણ ખોટા નાળિયેર જેવી છે. અને હું પણ ખોટા નાળિયેર જેવો છું. પણ જ્યાં ગુરુની દૃષ્ટિ પડી ત્યાં બુદ્ધિ પણ ફલિત થઈ અને ભક્તિના માર્ગમાં તેમની ગતિ પણ થઈ.

આમ શ્રીગુસાંઈજીએ પરીક્ષા કરવા આવનાર જીવોને દૃષ્ટિ માત્રથી ઓળખી લીધા. જેમ કોઈ હીરાની ખાણમાં જાય. એમાં કોલસા પણ હોય અને હીરા પણ હોય. એમ આ સંસારમાં કોલસામાંથી વીણી વીણીને હીરા

કોઈએ કાઢ્યા હોય તો એ શ્રીગુસાંઈજીએ, એટલા માટે કહ્યું : 'નેત્રકમલે નાના ભાવે દેશે ભક્તને સન્માન. દૃષ્ટિ માત્રથી કૃપા કરી આપે જીવના હૃદયમાં ભાવ જગાવ્યો. કોઈના હૃદયમાં વાત્સલ્ય ભાવ, કોઈનામાં માધુર્યભાવ, કોઈનામાં સખ્યભાવ જગાવ્યો. એ જીવ પ્રભુની જે ટહેલ કરવા માટે ભૂતલ ઉપર આવ્યો છે, જે ભાવથી ભજવા માટે આવ્યો છે, શ્રીગુસાંઈજીએ દૃષ્ટિ માત્રથી એના એ ભાવને જાગૃત કર્યો. પ્રભુની સાથે એનો સંબંધ કરાવ્યો. આવી કૃપા કરવા શ્રીગુસાંઈજી પધાર્યા છે.'

આ પુષ્ટિમાર્ગ શું છે? એ તો રસનો સાગર છે. જો સાગર હોય તો એમાં તો ઘણી વસ્તુઓ હોય. પહેલી વસ્તુ છે ગહેરાઈ, ઊંડાણ. તો એની ગહેરાઈ કોણ છે? શ્રી સ્વામિનીજી છે. સાગરમાં લહેરો ઊઠતી હોય. તો એ લહેરો કોણ છે? એ શ્રીવલ્લભ છે. શ્રીગુસાંઈજી કોણ છે? સાગરના મધ્યમાં કોઈ હોડી લઈને જતું હોય, ત્યાં સાગરમાં કોઈ વમળ ઊઠે અને એમાં હોડી અટવાઈ ગઈ, તો એ ડૂબ્યા વિના રહી ન શકે. તો કહે છે કે શ્રીગુસાંઈજી બીજું કોઈ નહિ પણ સાગરમાં ઊઠતું આ વમળ છે. ભર્વંર છે. એનો આશ્રય કરે તો એ જીવ આ રસસાગરમાં ડૂબ્યા વિના રહે નહિ. સાગરમાં ઊઠતી તરંગાવલી એ વ્રજભક્તો છે. ૮૪-૨૫૨ છે. સાગરના ચાર તટ એ ચાર વેદ છે. સાગરમાં રહેલાં રત્નો એ રસિકજનોનાં મન છે. એમ શ્રીગુસાંઈજીએ આ રસસાગર એવા પુષ્ટિમાર્ગનો પરિચય આપ્યો.

શ્રીવલ્લભે આ રસ પ્રગટ કર્યો, વહેતો કર્યો પણ રસ વહેંચવાનું કાર્ય શ્રીગુસાંઈજીએ કર્યું. તેથી ભક્તોએ ગાયુંઃ

અમૃત રસ સ્રવ્યો શ્રીવલ્લભ મુખ માધુરી,
તાહિ પિયો શ્રી વિઠ્ઠલેશ અતિહી અઘાયકે.

શ્રીવલ્લભના રોમ-રોમમાં ગોપીજનોના સ્નેહનો જે રસ છે, એ રસ આપે મુખારવિંદથી પ્રગટ કર્યો, એ રસને ઝીલવાનું પાત્ર જોઈએ, જો રસ ઝીલનાર પાત્ર ન હોય તો એ રસ ટકે નહિ. વલ્લભે પ્રકટાવેલો એ રસ ઝીલ્યો શ્રીગુસાંઈજી પ્રભુચરણે.

પુષ્ટિમાર્ગમાં બે સૃષ્ટિ. એક બિંદુસૃષ્ટિ અને બીજી નાદસૃષ્ટિ. પ્રભુના મનમાં મનોરથ જાગ્યો કે ગોપીજનો જે ફલની પ્રાપ્તિ માટે આ ભૂતલ ઉપર આવ્યાં છે, મારે એમને એ પરમ ફળનું દાન કરવું છે, ત્યારે એમણે શરદની રાત્રિમાં વેણુનાદ કર્યો. એ વેણુનાદનું શ્રવણ કરીને ગોપીઓ પોતાનું ભાન ભૂલી, પોતાની ચિત્તની વૃત્તિઓને ભૂલી, બધું જ છોડીને ભાગતી ભાગતી પ્રભુની સમીપ આવી. પ્રભુના મુખમાંથી વેણુનાદ કરતાં કરતાં અધરામૃતનાં બિંદુ પડવાં લાગ્યાં. ત્યાં જ શ્રીસ્વામિનીજી આવ્યાં. એક પાત્રમાં એ બિંદુ ઝીલી લીધાં. એ બિંદુમાંથી જે સૃષ્ટિ પ્રકટ થઈ એ વલ્લભકુળ અને જે નાદ સાંભળીને શરણે આવ્યા એ જીવો એટલે વૈષ્ણવો, તે નાદસૃષ્ટિ. તેથી જ વૈષ્ણવો ઉપર જ્યારે કૃપા થશે, એમને અનુભવ થશે ત્યારે સાંભળી સાંભળીને થશે. કારણ કે એ નાદસૃષ્ટિ છે. શ્રવણ કરીને શરણે આવ્યા છે. શ્રવણ કરી કરીને પામશે. જેટલું શ્રવણ કરશે એટલું પામશે.

શ્રીવલ્લભે વિચાર કર્યો કે જેમ પ્રભુએ શ્રીગોપીજનો ઉપર કૃપા કરી તેમ મારા વૈષ્ણવોને હું અલૌકિક ફલનું દાન કેવી રીતે આપું? કોઈ અલૌકિક વસ્તુ એમને એમ પ્રગટ ન થાય. જ્યારે ગાયને દોહવી હોય ત્યારે એની સામે એનું વાછરડું લાવવું પડે, ત્યારે દોહવાય. વાછરડાને જોતાંની સાથે ગાયને અપ્રતીમ વાત્સલ્ય ઉભરાય અને એ પોતાના વાછરડા માટે દૂધ આપે. પણ એની આડીથી બીજા બધા લોકોને પણ દૂધ મળે એ રીતે શ્રીવલ્લભની અંદર અલૌકિક રસ હતો પણ જ્યારે શ્રીગુસાંઈજી પધાર્યા, વલ્લભને લાગ્યું કે આ અધિકારી છે, એ રસનો પ્રચાર કરવાવાળા છે ત્યારે, અત્યાર સુધી જે રસ બહાર આવવા તત્પર હતો પણ પાત્ર ન હતું, હવે શ્રીગુસાંઈજી રૂપી પાત્ર મળતાં શ્રીવલ્લભના મુખારવિંદથી એ અલૌકિક રસ પ્રગટ થયો. માટે કહ્યું:

અમૃત રસ સ્ત્રવ્યો શ્રીવલ્લભ મુખ માધુરી,
તાહિ પિયો શ્રીવિઠ્ઠલેશ અતિહી અઘાયકે.

આ રસ શ્રીવલ્લભે કૃપા કરીને શ્રીગુસાંઈજીને આપ્યો પણ એમણે એ પોતાની પાસે રાખ્યો નથી. આપે વિચાર કર્યો કે કૃપા કરીને મને વલ્લભે આ અલૌકિક રસ આપ્યો. એની અધિકારી તો આ વૈષ્ણવ સૃષ્ટિ છે. કારણ વલ્લભે પણ કહ્યું છે કે 'દમલા, યહ માર્ગ મૈંને તેરે લિયે પ્રગટ કિયો હૈ.' દમલાજી પ્રત્યેક વૈષ્ણવના પ્રતીક છે. પ્રતિનિધિ છે, માટે શ્રીગુસાંઈજીએ એ રસ પોતાની પાસે ન રાખતા –

કૃપા કરી રંચક દિયો, દૈવી જીવન કો,
કરો હો અનુપાન, પ્રપંચ સે બચાય કે...
અમૃત રસ સ્ત્રવ્યો.

શ્રીગુસાંઈજીએ એ રસનું દાન દૈવી જીવો, જે શરણે આવ્યા તેમને, દૃષ્ટિ માત્રથી કર્યું. જીવોને સાવધાન કરતાં કહ્યું : 'કરો હો અનુપાન પ્રપંચસે બચાયકે.' અલૌકિક ફલની પ્રાપ્તિ માટે આપણે ભૂતલ ઉપર આવ્યા તો ખરા પણ લૌકિક વાતાવરણમાં રહી આપણા સ્વરૂપને ભૂલી ગયા, એ પણ ભૂલી ગયા કે હું કોણ છું, કોનો છું, શા માટે આવ્યો છું. જે જીવને પ્રભુએ પોતાના નિજાનંદ માટે પ્રગટાવ્યો તે આ જગતમાં આવીને તેમાં એટલો ઉલઝ્યો કે જેમ જેમ નીકળવા પ્રયત્ન કરે તેમ પ્રપંચમાં વધારે ડૂબે. શ્રીઠાકોરજીએ પોતાનો થવા મોકલ્યો હતો પણ ઠાકોરજીને ભૂલીને પ્રપંચનો થઈ ગયો. ત્યારે શ્રીગુસાંઈજીએ તેને જગતથી – પ્રપંચથી બચાવ્યો.

શ્રીહરિરાયજી કહે છે : ભગવદ્ભાવ એ અગ્નિ છે. દુ:સંગ, લૌકિક વાતાવરણ એ જલ છે. ભગવદ્ભાવરૂપી અગ્નિ જાગ્રત થાય પણ જેવા બહાર જઈએ કે લૌકિક સંબંધો, લૌકિક વાતો, લૌકિક વ્યવહારો એ અગ્નિને જાગૃત રહેવા દેતાં નથી. ભગવદ્ભાવરૂપી અગ્નિ સીધો દુ:સંગના જળના સંપર્કમાં આવશે તો અગ્નિ રહેશે નહિ. પણ વચ્ચે સત્સંગ રૂપી પાત્ર મૂકી દેવું. તો પાત્રમાં રહેલું જલ અગ્નિથી વરાળ બનીને ઊડી જાય. ભગવદ્ભાવ બચી જાય. સત્સંગથી દુ:સંગ દૂર થઈ જાય. લૌકિક બધું વરાળ બનીને ઊડી જશે. આપણને મળેલા ભગવદ્રસને આપણે સાચવી શકીશું. એને પોતાના હૃદયમાં દઢ કરી શકીશું.

ઔસધિ ન આન ઐસી ભવસાગર તરવે કી,
કીની હૈ અનેક ભાંત, વિધિસોં બનાયકે...
અમૃત રસ સ્ત્રવ્યો.

આપણા વૈષ્ણવી જીવનની સૌથી મોટી સફળતા શું? આપણા પ્રભુ આપણને ઓળખતા થાય. આપણને પોતાનો કરીને જાણે.

જેમ ગોપાલદાસજીએ કહ્યું ને કે 'કરો કૃપા હું કરું વિનંતી, પોતાનો કરી જાણો.'

એકવાર શ્રીગોકુલનાથજી શ્રીનાથજીને શૃંગાર ધરતા હતા. બિલછુકુંડ ઉપરની બારીમાંથી આપના ઉપર તડકો આવતો હતો. તેથી શ્રીગોકુલેશ પ્રભુએ એ બારી પાછળ એક દીવાલ કરાવી દીધી. ઠાકોરજીને બારીમાંથી સખાઓનાં દર્શન થતાં બંધ થયા. શ્રીનાથજીએ મોહનાને મોકલ્યો :

'જા, મારા શ્રીવલ્લભને જઈને કહેજે કે શ્રીનાથજીએ કહ્યું છે કે આ દીવાલ જે આપે ચણાવી છે તે દૂર કરી નાખો.' (શ્રીગોકુલનાથજીનું ઘરનું નામ વલ્લભ હતું).

મોહનાને થયું શ્રીગોકુલનાથજીને હું આ કેવી રીતે કહું? મારાથી કંઈ અનાદર થશે તો આપ ખીજશે. પણ શ્રીજીની આજ્ઞા હતી તેથી જઈને કહ્યું : 'શ્રીજીબાવાએ કહ્યું છે કે મારા વલ્લભને કહેજો કે આ દીવાલ દૂર કરી નાખે કારણ મને મારા સખાઓનાં દર્શન થતાં નથી.'

આટલું સાંભળતાં શ્રીગોકુલનાથજીનાં નેત્રોમાંથી આંસુની ધારા વહેવા લાગી. મોહનાને થયું મારાથી એવું શું કહેવાઈ ગયું કે જે આપને ન રુચ્યું. આપને શ્રમ પડ્યો. 'જય કૃપાનાથ, હું આ વાત મારા મનથી નથી કહેતો. શ્રીજીએ કહેવડાવ્યું છે.'

શ્રી ગોકુલનાથજી પૂછે છે : 'શું કહ્યું છે શ્રીજીએ?' મોહનાએ ફરી એ જ વાત કહી. સાંભળતા ફરી આપ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. ફરી પૂછ્યું : 'શ્રીજીએ શું કહ્યું છે?'

મોહનાએ ત્રીજી વાર કહ્યું. શ્રીગોકુલનાથજી પૂછે છે : 'મોહના, સાચું કહેજે, શું શ્રીજીએ એમ કહ્યું હતું કે મારા વલ્લભને જઈને કહેજે.' 'હા કૃપાનાથ.' 'તો એનો મતલબ એમ કે શ્રીનાથજી મારું નામ જાણે છે. મારા શ્રીનાથજી મને ઓળખે છે. મારે માટે સંદેશો મોકલે છે. આ સાંભળીને મને તો રોમાંચ થઈ ગયો. આનંદ આવી ગયો. મારા શ્રીજી મને ઓળખે છે! એમના મુખથી મારું નામ આવ્યું!'

જ્યારે આપણા પ્રભુ આપણને ઓળખે, આપણા પ્રભુ આપણને જાણે, એમને પણ આપણી આદત પડી જાય. કોઈ એવા જીવ હોય પ્રભુને એમની ટહેલ ફાવતી હોય. આપણે દોડતાં દોડતાં પ્રભુનાં દર્શન કરવા માટે જઈએ, કેટલાક એવા જીવો પણ હોય, જેમને પ્રભુ ઓળખતા હોય તો, ભીડની અંદરથી પણ પ્રભુ ઊંચા થઈ થઈ એ જીવને ગોતતા હોય, આ બધા આવ્યા પણ મારો એ જીવ કેમ ન આવ્યો? એમ પ્રભુને પણ કોઈ જીવની આદત પડી જાય, ત્યારે માનવું કે એને આ પુષ્ટિભક્તિ ફલિત થઈ છે.

જેમ આપણને પ્રભુ વિના ચાલતું ન હોય પણ એક ક્ષણ એવી આવે કે પ્રભુને આપણા વિના ન ચાલે. આપણે તો પ્રભુ માટે આંસુ સારીએ પણ ક્યારેક એવી લીલા પણ થાય, કે આપણને યાદ કરીને પ્રભુનું હૃદય ભરાઈ આવે, ત્યારે માનવું કે પુષ્ટિભક્તિ ફલિત થઈ છે. આપણા મુખમાં પ્રભુનું નામ આવે અને આપણને રોમાંચ થાય, એ સહજ

છે, પણ જ્યારે આપણું નામ સાંભળે અને પ્રભુને રોમાંચ થઈ આવે, ત્યારે માનવું કે આ પુષ્ટિ ભક્તિ ફલિત થઈ છે.

વિષ્ણુદાસ નિસવાસર, ભજો શ્રીવલ્લભપદ,
ચિંતા મત કરો ધની શ્રીવિઠ્ઠલેશ પાયકે...
અમૃત રસ સ્રવ્યો.

અહીં વિષ્ણુદાસજી કહે છે 'ચિંતા મત કરો ધની શ્રીવિઠ્ઠલેશ પાયકે.' જ્યારે એકવાર શ્રીવિઠ્ઠલનાથજીએ હાથ પકડ્યો, એકવાર શ્રીગુસાંઈજીના શરણમાં ગયા, પછી નિશ્ચિંત થઈ જજો. ચાહે એ જીવ શ્રીગુસાંઈજીને ભૂલે, પણ શ્રીગુસાંઈજી એ જીવનું વિસ્મરણ કરતા નથી.

યાદ કરો એ ગુલાબદાસજીને, ગુલાબદાસમાંથી જે ગુલાબખાન થયા હતા. જ્યારે શ્રીગુસાંઈજી કોઈ જીવને યાદ કરે, ત્યારે એ જીવનું કલ્યાણ થઈ જાય. એક વૈષ્ણવ આવ્યા. રોગ દૂર કરવા ઉપાય બતાવ્યો. મારો એક પરમ વૈષ્ણવ ગુલાબદાસ છે, તમે એની પાસે જાઓ. એનાં દર્શન કરવા માત્રથી તમારો રોગ દૂર થશે. વૈષ્ણવ વિચાર કરે છે કે શ્રીગુસાંઈજી જેને યાદ કરે છે એ જીવ કેવો હશે? કેવો ભગવદીય હશે; શોધતા શોધતા ગયા. ત્યાં તો કોઈ ગુલાબદાસને ઓળખતું ન હતું, કારણકે તેઓ તો ગુલાબખાન થઈ ચૂક્યા હતા. વારાંગનાને ઘેર રહેતા હતા. મદિરાનું પાન કરતા હતા.

કોઈએ કહ્યું : અહીં ગુલાબદાસ તો નથી પણ એક ગુલાબખાન છે. આખો દિવસ નશામાં હોય છે. અનેક બુરાઈઓથી ભરેલો છે. વૈષ્ણવને થયું કદાચ આ ગુલાબદાસ હોય, લાવ મળી તો આવું. ઉપર ગયા. દ્વાર ખખડાવ્યા. નશામાં હોવા છતાં ગુલાબખાને દ્વાર ખોલ્યાં. સામે વૈષ્ણવનાં દર્શન થયાં. ધોતી બંડી પહેરી છે. ભાલ ઉપર તિલક છે. સાવધાન થયા. કારણ કે અંદર વૈષ્ણવતાના બીજ તો હતા. પૂછે છે : 'કોણ છો તમે?'

'અમે શ્રી ગુસાંઈજીના સેવક છીએ.' જ્યાં ગુસાંઈજીનું નામ સાંભળ્યું, શરીરમાં કંપન આવી ગયું. આંખમાંથી અશ્રુધારા વહી. પૂછે છે : 'શ્રીગુસાંઈજીના સેવક છો? એમણે તમને અહીં કેમ મોકલ્યા છે?'

'શ્રીગુસાંઈજી તમને યાદ કરે છે અને કહ્યું છે કે મારો એક વૈષ્ણવ ગુલાબદાસ છે, એનાં દર્શન કરો, તમારી બધી વ્યાધિ દૂર થઈ જશે.'

'શ્રીગુસાંઈજી હજી પણ મને જાણે છે! હજી મને યાદ કરે છે? હું તો મારો સ્વધર્મ પણ ભૂલીને અહીં આવીને બેઠો છું. અનેક દૂષણો લાગ્યાં છે. હું એમને ભૂલી ગયો છું, પણ કેવી કૃપા શ્રીગુસાંઈજીની, કે એ હજુ મને ભૂલ્યા નથી! મારા ઉપર કૃપા કરવા માટે આજે આ વૈષ્ણવને મોકલ્યા છે.' આવું વિચારતા ગુલાબખાનને એવો તાપ થયો કે મૂર્છિત થઈને પડ્યા અને દેહ છૂટી ગયો. આમ એમનો ઉધ્ધાર થયો.

આમ શ્રીગુસાંઈજીને શરણે જે જાય એને સહજ રીતે આપ પ્રભુ સાથે જોડી આપે છે. પછી આપણે માટે શું બાકી રહે? પ્રભુ સાથે જોડાયા, પ્રભુના થયા અને પ્રભુએ આપણને પોતાના માન્યા એનાથી વધીને આ જીવને શું જોઈએ? કૃપા કરીને આપે પ્રભુ સાથે સંબંધ તો બાંધી આપ્યો. સંબંધ બાંધવો સહેલો છે. પણ સંબંધ નિભાવવો અઘરો છે. આપણને કૃપાના તટ ઉપર લાવી દીધા પણ

આપણે કેટલું પાન કરી શકીએ છીએ, તે આપણા ઉપર છે. એટલા માટે કહ્યું :

'તે પુરુષોત્તમ પ્રગટશે, શ્રી વિઠ્ઠલરૂપ નિધાન.
નેત્રકમળે નાના ભાવે દેશે ભક્તને સન્માન.'

પ્રભુના કરી દે, પ્રભુને વહાલા કરી દે, ભક્તો ઉપર એવી કૃપા કરે કે પ્રભુ એમના વિના રહી ન શકે, આનાથી મોટું સન્માન એ ભક્ત માટે બીજું કયું હોઈ શકે? આ કૃપાનું અનુસંધાન ગોપાલદાસજીને થયું છે. આપની દૃષ્ટિ મારા ઉપર પડી, ત્યારે મારી અંદર એ સામર્થ્ય આવ્યું કે હું આપના સ્વરૂપને જાણી શક્યો. એનું વર્ણન કરી શક્યો. હવે સ્મૃતિ આવે છે કે હું તો શ્રીવલ્લભનાં ગુણગાન ગાઈ રહ્યો છું. એમના વિચરણનું વર્ણન કરી રહ્યો છું. તેથી હવે આગળની કડીમાં ફરીથી એ વર્ણન કરતાં કહે છેઃ

ત્યાંથી શ્રીવૃંદાવન પાંઉ ધારિયા,
જ્યાં મધુપ કરે રે ઝંકાર,
કુસુમ દ્રુમ નવ મલ્લિકા,
મકરંદનો નહિ પાર...૧૯

પંઢરપુરથી શ્રીમહાપ્રભુજી વૃંદાવન પધાર્યા. વૃંદાવન કેવું છે? એવી ભૂમિ છે જ્યાં પ્રભુ નિત્ય બિરાજે છે. આપશ્રી વૃંદાવન પધાર્યા અને ત્યાં પ્રકૃતિનાં દર્શન કર્યાં. ત્યાં જેટલાં વૃક્ષો હતાં, તેના ઉપર રંગબેરંગી ફૂલ ખીલેલાં છે. જેટલી લતાપતાઓ છે એ પણ ફળ-ફૂલથી સજીને જાણે કોઈની પ્રતીક્ષા કરતી હોય તેમ ખીલી છે. ભ્રમરો ગુંજારવ કરી રહ્યા છે. માનો કોઈના આગમનની મંગલ વધાઈ આપી રહ્યા છે.

વૃંદાવન એ ભૂમિ છે જ્યાં પ્રભુ નિત્ય લીલા કરે છે. વૃંદાવનમાં કોઈ વૃક્ષ નીચે ઝૂકેલું દેખાય તો માનવું કે આજે શ્રીઠાકોરજી એ જ વૃક્ષ નીચે ઊભા રહીને વેણુ વગાડી રહ્યા છે. પ્રભુને છત્ર કરવા માટે એ વૃક્ષ નીચે ઝૂક્યું છે. લતાપતાઓ ઝૂકેલી દેખાય તો માનવું કે શ્રી ઠાકોરજી આ જ રસ્તે પધારી રહ્યા છે અને એમના ચરણની રજ પામવા માટે આ લતાઓ ભૂમિમાં પ્રસરી રહી છે. એ વૃંદાવનની ભૂમિમાં શ્રીમહાપ્રભુજી પધાર્યા છે.

વૃંદાવન શું છે? તુલસીનું વન એ વૃંદાવન, રાધાજીનું મન પણ વૃંદાવન. ભક્તોનું અંતઃકરણ એ પણ વૃંદાવન.

ભક્તોના અંતઃકરણની અંદર પ્રભુ ક્યારે પધારે? જ્યારે એમાં પણ કુસુમો ખીલે. સુંદર ગુંજારવ થાય, પ્રભુને માટેની પોકાર ઊઠે ત્યારે શ્રીઠાકોરજી પધારે.

એમ કહેવાય છે કે પ્રભુ જ્યારે પધારશે, મળશે ત્યારે એમની ઈચ્છાથી જ મળશે, તો પછી આપણે સાધનો કરવાની શું જરૂર? પ્રભુ જ્યારે આપણા પ્રયત્નથી કે સાધનથી મળવાના નથી, તો પછી આ બધું શા માટે કરવાનું? સાધનો એ બીજું કંઈ નહિ, પ્રભુને સંદેશ મોકલી રહ્યા છીએ કે આપ જ્યારે પણ આવો, અમે સાથે ચાલવા તૈયાર છીએ.

જેવી રીતે હરસાનીજી પોતાના ઘરના ઝરૂખામાં ઊભા ઊભા શ્રીમહાપ્રભુજીની પ્રતીક્ષા કરતા હતા, એમને ખબર હતી કે જ્યારે પણ શ્રીવલ્લભ મળશે તો મને આ જ રસ્તે મળશે. તેમને ખાત્રી હતી કે વલ્લભ દર્શન આપશે તો આ જ પથ ઉપર આપશે. જે દિવસે ભાઈઓમાં

મિલકતની વહેંચણી થતી હતી ને જ્યાં જોયું કે મારા વલ્લભ પધારી રહ્યા છે, તો ઝરૂખામાંથી કૂદકો મારીને વલ્લભના ચરણોમાં આવી ગયા. વલ્લભ સાથે ચાલવા લાગ્યા. પછી પાછા વળીને ક્યારેય જોયું નથી. આવી આતુરતા હોય ત્યારે સાચા અર્થમાં આપણું અંતઃકરણ પણ વૃંદાવન બને. આપણા પ્રિયતમને મળવાનો પોકાર જ આ ભ્રમરોનો ગુંજારવ છે. એમનાં દર્શનની લાલસા એ જ આ ખીલેલાં કુસુમો છે. દર્શનની લાલસાથી હૃદયમાં રોમાંચ થાય, મનોરથ સ્વરૂપે જીવનમાં રોજ નવાં પુષ્પો ખીલે, તો આપણું ઘર પણ વૃંદાવન બને. અંતઃકરણ પણ વૃંદાવન બને.

શ્રીહરિરાયજીએ એક કીર્તનમાં કહ્યું છે : મેરી પલકન સોં મગ ઝારું રી. જા મગમેં મેરો પિયુ હી આવત, હૈ તન, મન, જોબન વારું રી. પ્રભુનાં ચરણકમળ એટલા કોમળ છે કે એમાં નાનકડી કાંકરી વાગે તો પણ આપને શ્રમ પડે, તેથી એમના આવવાનો રસ્તો બુહારવા માટેની બુહારી પણ એટલી સૂક્ષ્મ જોઈએ કે નાનામાં નાની કાંકરી પણ દૂર થઈ જાય. અહીં એવી બુહારી કઈ છે? શ્રી હરિરાયજી કહે છે કે મારી આ આંખોની પાંપણો. જે પથ ઉપર મારા પ્રિયતમ પધારતા હોય એ પથને હું મારી પાંપણ વડે બુહારું, જેથી આપને શ્રમ ન પડે.

આપણે જ્યારે ભગવદ્‌નામ લેતાં હોઈએ, કોઈપણ સાધન કરતાં હોઈએ, ભગવદ્ લીલાનું વાંચન કરતાં હોઈએ. એ શું છે? જે પથ ઉપરથી પ્રભુ આપણને મળવા પધારવાના છે, એ પથને આપણે વાળી રહ્યાં છીએ. આપણાં સાધનો એ આપણી અને પ્રભુ વચ્ચેનો જે પથ છે એને બુહારવાનું કાર્ય છે. જેથી પ્રભુને આપણી પાસે આવતાં શ્રમ ન થાય.

પ્રભુ તો આપણી પાસે આવવા માગે છે પણ જલદી આવી શકતા કેમ નથી? કારણ કે આપણે રસ્તામાં કાંકરા નાખી રાખ્યા છે. કાંટા નાખી રાખ્યા છે. દર્ભના અંકુર પણ નાખી રાખ્યા છે. પ્રભુ તો પધારવા માગે છે. પણ આપણી અને પ્રભુની વચ્ચે રહેલા કાંટા-કાંકરા આવવા દેતા નથી. આ કાંટા-કાંકરા શું છે? પ્રભુની કામનાને બદલે આપણે લૌકિક સુખોની કામના કરીએ. પ્રભુ આપણી સેવા લેવા આવતા હોય, આપણને સુખ આપવા આવતા હોય, પણ આપણે એ જ પ્રભુની કામના ન કરીએ અને લૌકિક સુખોની કામના કરીએ, તો પ્રભુના ચરણમાં કાંટા વાગે અને આપની ગતિ અટકી જાય.

પ્રભુ તો આપણે ઘેર પધારે છે, આપણા જીવનમાં પધારે છે, ક્યારે! પ્રભુ જ્યારે એમ જુએ કે આ જીવ મને ચાહે છે, મને પ્રેમ કરે છે, પણ જ્યારે એમ જુએ કે આ જીવ મને ચાહતો નથી, મારાથી કંઈક ચાહે છે, આને મારી જરૂર નથી, મારાથી કંઈ મેળવવાની જરૂર છે. ત્યારે પ્રભુના ચરણોમાં એ કાંટા વાગતાં એમની ગતિ અટકી જાય છે. પથને જ્યારે બુહારીશું, કાંટા-કાંકરા દૂર કરીશું તો પ્રભુ મળવા આવી શકશે. વૃંદાવનની શોભાનું વર્ણન કરતાં આગળ ગોપાલદાસજી કહી રહ્યા છેઃ

તરુ તમાલ અતિ શોભતાં,
હેમ જૂથિકા સંઘોડ,
લલના તે સુભગાં લટકતાં,
હીંડે તે મોડા મોડ...૨૦

વૃંદાવનમાં શ્રી મહાપ્રભુજી પધાર્યા અને આપે

ત્યાં જે દર્શન કર્યાં, તેનું વર્ણન અહીં ગોપાલદાસજી સંકેતથી કરે છે. શ્રીમહાપ્રભુજીએ શું દર્શન કર્યાં? તમાલનાં વૃક્ષો શોભી રહ્યાં છે. લતાઓ એ તમાલવૃક્ષને વીંટળાઈ રહી છે.

પરમાનંદદાસજીનું એક પદ છે. એનાથી આ તમાલવૃક્ષ અને કનકલતા શું છે તે સમજાશે.

શોભિત નવકુંજનકી છબી ન્યારી,
અદ્‌ભુત રૂપ તમાલસોં લપટી કનકવેલી સુકુમારી.

ભક્ત કવિ કહે છે કે વૃંદાવનમાં શ્યામ રંગનું એક તમાલવૃક્ષ શોભી રહ્યું છે. એના ઉપર સુવર્ણ રંગની એક લતા વીંટળાયેલી છે. ત્યાંની ભૂમિ હરિત ભૂમિ છે. શ્યામરંગનું તમાલ વૃક્ષ એ બીજું કોઈ નહિ પણ શ્યામસુંદર છે. કનકલતા એ કનકવર્ણી (ચંપકવર્ણી) શ્રી રાધિકા છે. શ્રી સ્વામિનીજીનો વર્ણ ચંપકવર્ણ છે. માટે શ્રીમહાપ્રભુજીએ પણ પ્રાગટ્ય લીધું તો ચંપારણ્યમાં લીધું. પોતાના મૂળ સ્વરૂપને યાદ કરીને, કારણ કે ચંપાનો વર્ણ છે એવો જ સ્વામિનીજીનો વર્ણ છે.

જ્યાં ચંપાનાં ઘણાં વૃક્ષો છે એ ચંપા અરણ્ય, ચંપારણ્ય. ચંપાના વૃક્ષની એક ખાસિયત છે. એક કવિએ કહ્યું છે :

ચંપા તુજમેં તીન ગુન, રૂપ રંગ ઔર બાસ,
એક અવગુન ઐસો તુજમેં ભ્રમર ન આવે પાસ.

હે ચંપાના વૃક્ષ, તારી પાસે આવી સુંદર સુગંધ છે, તારું સુંદર રૂપ છે, સુંદર રંગ છે પણ પુષ્પની સફળતા ક્યારે છે, જ્યારે એની ઉપર ભ્રમર આવે. તો તારા ઉપર ભ્રમર કેમ ક્યારેય બેસતો નથી?

ચંપકવર્ણી રાધિકા ઔર ભ્રમર હરિકો દાસ,
યે સંબંધકો જાનકે ભ્રમર ન આવે પાસ.

ચંપાનો વર્ણ બરોબર શ્રીસ્વામિનીજી જેવો છે. એ પુષ્પના ભોક્તા તો અલૌકિક ભ્રમર એવા ઠાકોરજી છે. ભ્રમર તો એમનો દાસ છે. માટે એ ભ્રમર દરેક પુષ્પ ઉપર જાય પણ ચંપાના પુષ્પ ઉપર ન જાય.

એટલા માટે કહ્યું કે શ્રીમહાપ્રભુજીને વૃંદાવનમાં દર્શન થયાં કે તમાલ વર્ણના શ્રીઠાકોરજી અને કનકવર્ણી શ્રી સ્વામિનીજી-રાધાજી ત્યાં બિરાજી રહ્યાં છે.

લલના તે સુભગાં લટકતાં હીંડે તે મોડામોડ- એટલે કે ત્યાં જેટલાં પણ વૃક્ષો છે તે બધાં એકબીજાને અડીઅડીને રહેલાં છે. કેમ? દ્વે દ્વે ગોપી બીચ બીચ માધો. શ્રીઠાકોરજીના રાસનું વર્ણન કરી રહ્યા છે. ત્યાં જેટલાં પણ વૃક્ષો છે તે એકલાં નથી. બે-બે છે. તે બે બે ગોપી અને વચ્ચે વચ્ચે શ્યામ છે. સુંદર રાસ થઈ રહ્યો છે. ત્યાંની બધી ભૂમિ હરિત - લીલા રંગની બની ગઈ છે. એનો મર્મ એ છે કે શ્રીઠાકોરજીનો વર્ણ નીલ અને સ્વામિનીજીનો વર્ણ પીત. - બે ભેગા થાય એટલે બને લીલો વર્ણ - આમ છૂપી રીતે રાસનું વર્ણન કર્યું. સંઘોડ એટલે યૂથોનાં યૂથ. હેમ જૂથિકા એટલે કનકવર્ણી લતા. અહીં શ્રી સ્વામિનીજી એકલાં નથી પણ સાથે અનેક અનેક યૂથોમાં સખીજનો પણ છે. વચ્ચે શ્રીઠાકોરજી શોભી રહ્યા છે.

આમ આ વર્ણન પહેલી નજરે વૃંદાવનની પ્રકૃતિનું દેખાય છે. પણ શ્રીમહાપ્રભુજીને વૃંદાવનમાં રાસનું જે દર્શન થયું એનું વર્ણન કર્યું. ત્યાં મોટા

મોટા વૃક્ષો ઉપર મયૂર સ્વરૂપે મુનિઓ બિરાજમાન છે. તેઓ કેવી રીતે આ રાસનાં દર્શનનું સુખ લઈ રહ્યાં છે તે હવે ગોપાલદાસજી કહે છે.

તાન ધુનિ મુનિ મયૂર રૂપે,
સાંભળે ધરી ધ્યાન,
નિત્ય લીલા ગાન શ્રવણે,
કરે તે મધુપાન... ૨૧.

વૃંદાવનમાં મોટા મોટા મુનિઓ મયૂરનું રૂપ લઈને – મયૂર એટલે નિષ્કામ પક્ષી, એનું રૂપ લઈને અલગ અલગ વૃક્ષો ઉપર બેસીને રાસની અંદર ગવાતાં કીર્તન-નૃત્યની ધ્વનિને સાંભળી રહ્યા છે. એમને રાસનાં દર્શનનો અધિકાર નથી. દર્શન થતાં નથી. માત્ર ધ્વનિ સાંભળી રહ્યા છે.

પ્રભુની આ લીલા નિત્યલીલા છે. પ્રભુ રોજ રાસ કરે છે. એક છોકરાએ શ્રીગુસાંઈજીના મુખેથી શ્રવણ કર્યું કે શ્રીઠાકોરજી રોજ ગોચારણ કરવા પધારે છે. ઠાકોરજીની લીલા નિત્યલીલા છે. નિત્યલીલા એટલે જે પહેલાં હતી અને અત્યારે પણ છે. જો અત્યારે ન થતી હોય તો નિત્ય કેવી રીતે કહેવાય? 'શ્રી ઠાકોરજી આજે પણ ગોચારણ કરવા પધારે છે?' એ છોકરાએ પૂછ્યું. 'હા, આજે પણ પધારે છે.'

'કઈ જગ્યાએ પધારે છે?'

શ્રીગુસાંઈજીએ કહ્યું : 'વ્રજમાં નિત્ય સાંજે ગોધૂલિવેળાએ શ્રીઠાકોરજી ગાયોને લઈને વનમાંથી પાછા પધારે છે.'

વ્રજમાં જે સ્થાન વિશે સાંભળ્યું હતું ત્યાં જઈને એ છોકરો બેસી ગયો. એને શ્રીગુસાંઈજીના વચનમાં વિશ્વાસ હતો. એને હતું કે શ્રીગુસાંઈજીએ કહ્યું છે માટે શ્રીઠાકોરજીની લીલા નિત્ય છે. નિત્ય છે માટે આજે પણ જરૂર શ્રીઠાકોરજી ગોચારણ કરીને પધારશે અને મને દર્શન થશે. સાંજ સુધી પ્રતીક્ષા કરી. દર્શન ન થયાં. બીજો દિવસ પણ ગયો, બીજી રાત્રિ પણ ગઈ. હૃદયમાં એવો તાપ હતો કે જો અહીંથી ક્ષણવાર પણ દૂર જઈશ, પ્રસાદ લેવા જઈશ અને પ્રભુ પધારી જશે તો? એમ વિચારી એક ક્ષણ માટે પણ ત્યાંથી ખસ્યો નહિ. ત્યાં ને ત્યાં જ ઊભો છે. પ્રભુ ક્યારે પધારશે? ત્રણ દિવસ થયા. વિરહ વધવા લાગ્યો. 'હે પ્રભુ, જો હવે જો આપનાં દર્શન નહિ થાય તો આ પ્રાણ ટકશે નહિ. હું દેહ છોડી દઈશ.' હૃદયમાં ખૂબ તાપ થયો. શ્રીગુસાંઈજીનું સ્મરણ કર્યું.

ગોધૂલિની વેળા થઈ. રોજ સાંજ પડે ઘણી ગાયો જતી, પણ આજે ગાયોના ચાલવાના કારણે એટલી રજ ઊડી, એટલી રજ ઊડી કે આખું આકાશ ભરાઈ ગયું. એટલામાં જોયું તો મોટી મોટી સુંદર ગાયો, જેના શીંગ વળેલાં છે, જેના શરીર ઉપર કેસરના થાપા છે, જેમાંથી દૂધનો સ્રાવ થઈ રહ્યો છે એવા આંચળ છે, એવી ગાયો આવી રહી છે. એને થયું આવી સુંદર ગાયો મેં ક્યારેય જોઈ નથી. ગાયો પાછળ ઘણા ગોપ ચાલતા જોયા. એમની પાછળ કાંધે કાળી કામળી અને હાથમાં લકુટી લઈ, પોતાના એક શ્રીહસ્ત પોતાના સખાના ખભા ઉપર પધરાવીને પધારતાં શ્રીઠાકોરજીનાં દર્શન થયાં. શ્રીઠાકોરજી ગૌચારણ કરીને પધારી રહ્યા છે એવાં દર્શન જ્યારે થયાં, શ્રીગુસાંઈજીને મનોમન વંદન કર્યા કે પ્રભુ, આપની આડીથી, આપની કૃપાથી મને આ લીલાનાં દર્શન થયાં.

શ્રીઠાકોરજી એની પાસે પધાર્યા. શ્રીગુસાંઈજીની આજ્ઞાથી દર્શન કરવા આવેલા એ છોકરાને ખેંચીને પોતાના સખાઓની સાથે લઈ ગયા. નંદાલય સુધી લઈ ગયા. ત્યાં ત્રણ દિવસ સુધી એને રાખ્યો. પાછો આવ્યો ત્યારે શ્રીગુસાંઈજીને કહેવા લાગ્યો. 'પ્રભુ, આપની કૃપા એવી થઈ કે શ્રી ઠાકોરજી મને એમની સાથે લઈ ગયા. ઘણું સુખ આપ્યું.'

શ્રી ગુસાંઈજી કહે : 'પાત્ર તો બહોત છોટો હતો. શ્રીઠાકોરજીને દાન બડો દિયો.'

આમ પ્રભુની લીલા નિત્ય છે. એ નિત્યલીલાનું શ્રવણ મુનિઓ કરી રહ્યા છે. રાસ થઈ રહ્યો છે. એ રાસમાં પ્રભુ ત્રણ સ્વરૂપે બિરાજે છે. એક રસાત્મક સ્વરૂપ, ભાવાત્મક સ્વરૂપ અને ત્રીજું ઉત્તરદલ મહારસાત્મક સ્વરૂપ.

આમાં રસાત્મક સ્વરૂપ એ કે જેણે વેણુનાદ કરી ગોપીઓને બોલાવી, ગોપીઓની પરીક્ષા કરવા થોડાં ધર્મનાં વચનો પણ કહ્યાં. જે ગોપીઓને છોડીને અંતર્ધાન પણ થયા.

બીજું સ્વરૂપ ભાવાત્મક. ભાવાત્મક સ્વરૂપ એ કે જે ગોપીઓના હૃદયમાં બિરાજતું હતું. જ્યારે ગોપીઓએ ગોપીગીત ગાયું અને એમના તાપને સહન ન થવાના કારણે એમના હૃદયમાંથી જે પ્રભુ બહાર પ્રકટ્યા – તાસામ્ આવિર્ભૂત શૌરી – એ સ્વરૂપ તે ભાવાત્મક સ્વરૂપ.

ત્રીજું છે ઉત્તરદલ મહારસાત્મક સ્વરૂપ. એ સ્વરૂપ એકમાત્ર શ્રી સ્વામિનીજીના હૃદયમાં જ બિરાજે છે, બીજે ક્યાંય નહિ. એમની કૃપાથી જ એ સ્વરૂપનો અનુભવ થાય.

પ્રભુના આ અલગ અલગ સ્વરૂપોને આ મયૂર સ્વરૂપે મુનિઓ જાણવાનો પ્રયત્ન કરે છે. નૃત્યના ધ્વનિને સાંભળીને, સમજવાનો પ્રયત્ન કરે છે. પ્રભુ રાસ કરતાં હવે કુંજમાં પધારે છે.

પ્રભુના એ રાસનું વર્ણન હવે આગળની કડીમાં ગોપાલદાસજી કરે છે.

કુંજસદન સોહામણું,
શોભા તણો નહિ પાર.
વિવિધ રાસમંડલ રચના રચી,
ખેલે શ્રી નંદકુમાર...૨૧

આગળ કહ્યું કે જે મોટા મોટા મુનિઓ છે એમનો અધિકાર ક્યાં સુધી છે? માત્ર શ્રવણ સુધી. નેત્ર બંધ કરી નૃત્યનો કે મૃદંગના તાલનો અવાજ માત્ર સાંભળે છે, પણ દર્શન થતાં નથી.

હવે ગોપાલદાસજીને દર્શન થયાં એટલે પ્રભુ શું લીલા કરી રહ્યા છે, તે વર્ણવે છે. હવે એમને લીલાસામગ્રી સાથે દર્શન થઈ રહ્યાં છે. મોટા મોટા મુનિઓ, જ્ઞાનીઓ હજારો વર્ષો સુધી તપ કરે છે, છતાં એમને પ્રભુનાં રાસનાં દર્શન નથી થતાં, પણ એ દર્શન ગોપાલદાસજીને થયાં. એ કહે છે. કુંજસદન સોહામણું, શોભા તણો નહિ પાર. વિવિધ રાસમંડળ રચના રચી ખેલે શ્રીનંદકુમાર.

કુંજનાં, રાસમંડળનાં, ગોપીજનોનાં અને સાથે સાથે પ્રભુનાં પણ દર્શન થયાં. શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ કૃપા કરીને આ લીલાની સુધિ કરાવવા માટે તો પધાર્યા છે. આપનું પ્રાગટ્ય જ એટલા માટે થયું છે. એકવાર પરમાનંદદાસજીએ જ્યારે શ્રીવલ્લભની સામે ગાયું કે

હરિ તેરી લીલાકી સુધિ આવે.
કમલનયન મનમોહન મૂર્તિ મનમન ચિત્ર બનાવે.

ત્યારે શ્રીમહાપ્રભુજીની આગળ રાસનો આનંદ, એ લીલાનું માધુર્ય એવું છવાઈ ગયું, કે આપને ત્રણ દિવસ સુધી મૂર્છા રહી. બધા વૈષ્ણવો સામે બેઠા બેઠા પ્રતીક્ષા કરતા રહ્યા. પ્રભુ ત્રણ પ્રકારની લીલા કરે. વનલીલા, સ્થળલીલા અને જળલીલા, માટે એ લીલાની સુધિ આવતાં આપ ત્રણ દિવસ મૂર્છિત રહ્યા. પછી તો પરમાનંદદાસજીને જ્યારે શ્રીવલ્લભની સામે પદ ગાવાનું હોય ત્યારે લીલાનું પદ ગાતાં એમને ભય રહેતો કે આપ ક્યાંક લીલાની સુધિ આવતાં મૂર્છિત ન થઈ જાય. ગોપાલદાસજીએ અહીં એ વર્ણન કર્યું કે કયા આનંદનો અનુભવ કરવા - કરાવવા માટે શ્રીવલ્લભ ભૂતલ ઉપર પધાર્યા, શ્રીગુસાંઈજી પધાર્યા. હવે આગળ ગોપાલદાસજી કહી રહ્યા છે.

રંગે તે રમતા દીઠડા,
બલદેવ શ્રી ગોવિંદ.
તે પુત્રભાવે પ્રગટશે,
મન ઉપન્યો આનંદ...૨૩

ગોપાલદાસજી વર્ણન કરે છે કે નાના નાના બે લાલન, એક તો દાઉજી અને બીજા સ્વયં શ્રીઠાકોરજી ખેલી રહ્યા છે. આ તો એ જ છે કે જે મારા વલ્લભને ત્યાં પ્રગટ થવાના છે. દાઉજી શ્રીગોપીનાથજી સ્વરૂપે પ્રગટશે અને ગોવિંદ છે એ શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રગટશે.

અહીં ગોવિંદ નામ કહ્યું. ગોવિંદ સ્વરૂપે પ્રભુએ ગોવર્ધનલીલા કરી હતી. શ્રી ગિરિરાજજીને સાત દિવસ સુધી છત્ર બનાવીને ધારણ કર્યા. પછી સુરભી ગાયે આવીને પ્રભુને ગોવિંદ નામ આપ્યું.

ગોપાલદાસજીની વિશેષ આસક્તિ શ્રીઠાકોરજીના એ ગોવર્ધનધારી સ્વરૂપમાં છે. પહેલાં પણ કહ્યું હતું : સાત દિવસ ગિરિવર કર ધાર્યો, વાસવ વૃષ્ટિ નિવારી - અહીં પણ પ્રભુનું નામ આપ્યું ગોવિંદ. પ્રભુએ વ્રજમાં પ્રાગટ્ય લઈને આખા વ્રજને સનાથ કર્યું. વ્રજવાસીઓના મનોરથ પૂર્ણ કર્યા હતા. એ જ પ્રભુ હવે શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટવાના છે, એમ કહ્યું.

શ્રીવલ્લભને આ દર્શન કરતાં થયું કે આ તો એ જ છે, જે મારે ઘેર પુત્ર સ્વરૂપે પ્રકટશે. આપ ભલે અત્યારે વ્રજમાં સુંદર લીલા કરી રહ્યા છે, પણ આપનો મનોરથ તો મારે ઘેર પધારવાનો છે.

એ પ્રભુ કેવી રીતે પ્રગટવાના છે એનું વર્ણન કરતાં ગોપાલદાસજી આગળ ૨૩મી કડીમાં ગાય છે :

બલદેવ શ્રી ગોપીનાથ કહિએ, શ્રી વિઠ્ઠલ નંદાનંદ,
એ વેદપંથ વિસ્તારશે, જન આપશે આનંદ...૨૩

શ્રી બળદેવજી અને નંદનંદન બંને શ્રીમહાપ્રભુજીને ત્યાં અનુક્રમે ગોપીનાથજી સ્વરૂપે અને શ્રી ગુસાંઈજી સ્વરૂપે પ્રગટવાના છે. પ્રાકટ્ય લઈને વેદના પંથ એવા આ પુષ્ટિમાર્ગને વિસ્તારશે. નિજજનોના મનોરથ પૂર્ણ કરશે.

શ્રીગોપીનાથજી પધાર્યા. સાધનદીપિકા જેવો ગ્રંથ આપણને આપ્યો. શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન આપણને કરાવ્યું. શ્રીગુસાંઈજી પણ એમને વંદન કરતાં કહે છે : 'તમહં સર્વદા વંદે શ્રીમદ્ વલ્લભનંદનમ્.' ભલે આપણે આ શ્લોકથી

શ્રીગુસાંઈજીને વંદન કરીએ છીએ, પણ આ શ્લોક લખ્યો છે શ્રી ગુસાંઈજીને અને આપશ્રીએ આ શ્લોકથી પોતાના મોટાભાઈ શ્રીગોપીનાથજીને વંદન કર્યા છે. શ્રી ગોપીનાથજી, જે વેદના-વેદપંથના વિસ્તાર માટે પધાર્યા, એ જ પ્રમાણે શ્રીગુસાંઈજી પણ એ માટે ભૂતલ ઉપર પ્રગટ્યા. પ્રગટીને નિજજનોના મનોરથ પૂર્ણ કર્યા.

શાસ્ત્રોમાં કૃપાના છ પ્રકાર બતાવ્યા છે. રક્ષા, કૃપા, પ્રવેશ, અભિવૃદ્ધિ, સ્થિતિ અને આશ્રય. સૌથી પ્રથમ કૃપાનો પ્રકાર છે રક્ષા. શ્રીગુસાંઈજી કૃપા દ્વારા રક્ષા કરે. ઘણીવાર આપણને ગમતી વસ્તુ આપણાથી દૂર થઈ જાય. આપણને લાગે કે પ્રભુની કૃપા નથી. પણ ઘણીવાર અનુકૂળ વસ્તુ આપીને પ્રભુ કૃપા કરે અને ઘણીવાર પ્રતિકૂળ વસ્તુ લઈને પણ પ્રભુ કૃપા કરે. પ્રભુ ગમતું હોય એ ન આપે પણ આપણે માટે જે સારું હોય એ આપે. પ્રભુ દૃષ્ટિ દ્વારા આપણી રક્ષા કરે છે. જ્યારે પ્રભુની દૃષ્ટિમાં આપણે હોઈએ ત્યારે આપણને ખબર પણ નથી પડતી કે પ્રભુ ક્યારે અને કેવી રીતે આપણી રક્ષા કરે છે. પ્રભુના સાન્નિધ્યમાં હોઈએ, તે સમયે આપણી રક્ષા થઈ રહી હોય, એ માટે આપણા ભાવને પોષે તેવા લોકોનો સંગ કરાવે, આપણા ભાવના પ્રતિકૂળ હોય તેનો સંગ છોડાવી પણ દે. પ્રતિકૂળનો સંગ છોડાવીને અને અનુકૂળનો સંગ કરાવીને પણ આપ કૃપા કરે છે.

કૃપાનો બીજો પ્રકાર છે કૃપા. કૃપા એટલે કોઈવાર કોઈક્ષણે કોઈ જીવમાં ભગવદ્ આવેશ લઈને પ્રભુ એ જીવ દ્વારા એવાં કાર્યો કરાવી દે કે એને વિચાર આવે આ કાર્ય મેં કર્યું? એક અલૌકિક ભાવનું સંપાદન કરીને, અલૌકિક ભાવનું દાન આપીને, પ્રભુ પોતાના ધર્મો અલગ અલગ જીવમાં સ્થાપિત કરે છે. ભગવાનમાં રહેલા ષડ્ધર્મ – ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય એ ભાવોનું દાન નિજજનોને કરે છે. એ દાન કેવી રીતે થાય?

જ્યારે વૈષ્ણવ સર્વ સમર્પણ કરીને, સમર્પિત થઈને, પ્રભુને ભોગ ધરીને ખૂબ ભાવપૂર્વક, ખૂબ ઐશ્વર્યપૂર્વક પ્રભુની સેવા કરે, ખૂબ સાધનસામગ્રી સાથે, રાચરચીલા સાથે સેવા કરે એ વૈષ્ણવનો ઐશ્વર્ય ધર્મ.

વીર્ય ધર્મ શુ? વૈષ્ણવ જ્યારે બહારગામ જાય ત્યારે પોતાના ઠાકોરજી પોતાની સાથે પધરાવીને જાય. યશ ધર્મ શું? ભલે પોતે એકલો પ્રભુની સેવા કરતો હોય પણ ઘરનું વાતાવરણ એવું બનાવે કે બીજા લોકો પણ ઠાકોરજીની સેવામાં ખેંચાય, સેવામાં જોડાય. આવું થાય ત્યારે માનવું કે એ વૈષ્ણવનો યશ ધર્મ છે. જ્યારે વૈષ્ણવ બીજા લોકોને પણ પ્રભુની સન્મુખ કરે, ઘણી વાર વૈષ્ણવો ઘરનું વાતાવરણ એવું કરી નાખે કે બીજાને સેવામાં જોડાવાનું મન ન થાય, કલહનું વાતાવરણ કરી નાખે તો પ્રભુ ત્યાં કેમ રહી શકે? પાછા કહે કે હું સેવા કરું છું. ઘણીવાર વૈષ્ણવો એવી રીતે સેવા કરતાં હોય કે જાણે સાત પેઢીને તારવાની જવાબદારી લઈને બેઠાં હોય! આપણે ભગવદ્ સેવા કરીને કોઈના ઉપર ઉપકાર નથી કરતા, આપણે પોતાનો સ્વધર્મ નિભાવી રહ્યાં છીએ. માટે ઘરનું વાતાવરણ એવું કરવું કે ઘરના લોકને અભાવ ન આવે, બધાં સેવામાં જોડાય એવું રાખવું.

લોકો કહે છે : 'અમે સેવા કરીએ છીએ પણ ઘરનાં સાથ નથી આપતાં, તમે કંઈક કહો.' હું કહું કે આ કલિકાલમાં આવા વાતાવરણમાં કોઈના સાથની આશા ન રાખવી. જે કરો છો એને કોઈ અટકાવતું ન હોય, તો એને સૌથી મોટો સહયોગ માનવો, કારણ કે આજનો સમાજ એવો છે કે પોતે કરે નહિ પણ બીજા કરતાં હોય એ એમનાથી જોવાય નહિ. માટે કોઈ રોકે નહિ એને સૌથી મોટી અનુકૂળતા માનવી. જોડે ઊભા ન રહે તો વાંધો નહિ પણ નડવા ન જોઈએ. નડતા ન હોય તો જોડે માનવા.

માટે જ આપણે ઘરનું વાતાવરણ એવું કરીએ કે જેથી ઘરના બીજા બધાં પણ પ્રભુની સેવામાં જોડાય. એ આપણો યશ છે. બધા લોકો સેવામાં જોડાય એનાથી પ્રભુને પ્રસન્નતા થાય, એ વૈષ્ણવની શ્રી એટલે કે પૂંજી.

ભગવદ્ સેવા કરીએ ત્યારે આપણી અંદર એટલું જ્ઞાન હોય કે દૂધઘર શું કહેવાય, અનસખડી-સખડી કોને કહેવાય. પ્રસાદી-અનપ્રસાદી, આચાર-વિચાર વગેરેનું જ્ઞાન તે વૈષ્ણવનું જ્ઞાન.

વૈરાગ્ય બે હોય. એક આપણી પાસેની બધી વસ્તુઓ કોઈને દાનમાં આપી દેવી તે વૈરાગ્ય. બીજું એ કે બધી વસ્તુ આપણી પાસે હોય પણ એમ માનીએ કે આમાં આપણું કશું છે નહિ. આ તો બધું એનું છે. એ પણ વૈરાગ્ય.

સર્વ વસ્તુ પ્રભુને સમર્પણ કરી દઈએ, માલિક મટીને ટ્રસ્ટી બનીને રહીએ, આ વસ્તુ તો એની છે અને એને આપવાની છે, હું તો માત્ર સંભાળવા માટે બેઠો છું. એ વૈષ્ણવનો વૈરાગ્ય.

આ છે વૈષ્ણવને થતું અલૌકિક ભાવનું દાન અને તેના દ્વારા થતી પ્રભુની કૃપા.

કૃપાનો ત્રીજો પ્રકાર છે પ્રવેશ, પ્રવેશ એટલે શું? ભગવાન કેટલીક વાર કોઈ કાર્ય કરવા માટે બીજી વસ્તુની અંદર પ્રવેશ કરે. કોઈ વસ્તુ દુર્ગમ હોય પણ અનાયાસ આપણને ક્યાંકથી આવીને મળી જાય. કોઈ માણસ જલ્દી કોઈને મળતો ન હોય પણ તમને ગોતતો ગોતતો આવી જાય. ત્યારે માનવું કે આપણા ભગવદ્ કાર્યો પૂરા કરવા માટે ઠાકોરજીએ કેટલાક સમય માટે એની અંદર પ્રવેશ કર્યો છે. પ્રવેશ કરીને આપણું કાર્ય સાધ્યું છે.

ચોથો પ્રકાર છે અભિવૃદ્ધિ. ઠાકોરજી જ્યારે કોઈ જીવની ઉપર દૃષ્ટિ કરે, શ્રીઠાકોરજી જ્યારે કોઈ જીવનું વરણ કરવાના હોય, ત્યારે એના ભાવમાં સાધક તત્ત્વોની વૃદ્ધિ કરે અને બાધક તત્ત્વો હોય તે એનાથી દૂર કરે. એના ભાવને સાધવાવાળા લોકોને એની સાથે જોડતા જાય, એના ભાવને તોડવાવાળા, પ્રભુથી વિમુખ કરવાવાળા લોકોને એનાથી દૂર કરતા જાય, આ પણ પ્રભુની કૃપા છે.

પાંચમો પ્રકાર છે સ્થિતિ. સ્થિતિ એટલે પ્રભુ જ ભક્તનું પાલન કરે, રક્ષણ પણ કરે, અને એના મનના મનોરથ પૂરા પણ કરે. આપણી કેપેસીટી કેટલી છે એની આપણને ખબર ન હોય પણ પ્રભુને ખબર હોય. જ્યારે કસોટી થાય ત્યારે ખબર પડે કે આપણી ક્ષમતા કેટલી છે. આપણને લાગે કે આપણે બહુ ઢીલા છીએ, લાગણીશીલ છીએ, પણ કસોટી આવે ત્યારે ક્ષમતાનો ખ્યાલ આવે. શ્રીઠાકોરજી ક્યારેય પણ કોઈની કેપેસીટીથી વધારે દુઃખ કે તકલીફ આપતા નથી. આપણું ધૈર્ય, આપણું સામર્થ્ય કેટલું

છે એનો અનુભવ થાય, પરિચય મળે. આમ કસોટી દ્વારા પ્રભુ સ્થિતિ એટલે કે પાલન કરે.

છઠ્ઠો પ્રકાર છે આશ્રય. જીવની અંદર પ્રભુને મળવાનો ભાવ જાગે અને એ પ્રભુને શરણે જાય, એ પણ કૃપાનું એક લક્ષણ છે.

કોઈ માણસ ચાલતો જતો હોય, ખાડામાં પડે અને પગ ભાંગે, ત્યારે પ્રભુને કહે કે હું ત્રીસ વર્ષથી આ રસ્તે જતો હતો, પણ ક્યારેય મને આટલી તકલીફ નથી પડી. આજે મને કેટલી પીડા થઈ રહી છે. તેં આટલું કષ્ટ મને કેમ આપ્યું?

એક ભક્તે આ સાંભળીને કહ્યું : 'ત્રીસ વર્ષથી કષ્ટ ન પડ્યું, એ માટે પ્રભુનો આભાર નથી માનતા પણ આજે એકવાર કષ્ટ પડ્યું અને ફરિયાદ કરો છો?'

જ્યારે આવો ભાવ હૃદયમાં આવશે ત્યારે દૃઢતા આવશે. દરેક પરિસ્થિતિમાં પ્રભુની કૃપાનો અનુભવ થશે. આમ પ્રભુની કૃપાનો અનુભવ આ છ પ્રકારે થાય. આનો અનુભવ કરાવવા માટે સ્વયં દાઉજી, જે ક્રિયાશક્તિ છે, તે પ્રગટ્યા અને પ્રભુ સ્વયં રસરૂપ છે. ક્રિયા અને રસ બંને સાથે પ્રગટવાના છે, એ વાત અહીં કહી રહ્યા છે.

હવે શ્રીમહાપ્રભુજી આગળ ક્યાં પધાર્યા તેનું વર્ણન કરતાં કહે છે :

ત્યાંથી કેશીઘાટ પાઉં ધારિયા,
કહી કથા તત્ત્વ સમાધિ,
રસપુંજ પુરુષોત્તમ પ્રમાણ્યા,
સરસ્વતી તજી આધિ... ૨૫

વૃંદાવનથી શ્રીમહાપ્રભુજી કેશીઘાટ પધાર્યા, જ્યાં પ્રભુએ કેશી નામના દૈત્યનો ઉદ્ધાર કર્યો હતો. ત્યાં પણ શ્રીમહાપ્રભુજીને પુનઃ એકવાર દાઉજી અને પ્રભુ બંને તેમને ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટવાના છે, એવો અનુભવ થયો. ત્યાં આપે શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ કર્યું. પારાયણ કરીને સરસ્વતીજીની ચિંતા આપે દૂર કરી.

સરસ્વતીજી પ્રભુને એમના નાથ માને છે, એટલે એ પ્રભુનાં સ્વામિની છે. જ્યારે વાણી દ્વારા પ્રભુનું વિકૃત ચિંતન કરવામાં આવે ત્યારે, પ્રભુની લીલાનું જ્યારે વિકૃત રીતે વર્ણન કરવામાં આવે ત્યારે, સરસ્વતીજીને ચિંતા થાય. વ્રજમાં રસપુંજ સ્વરૂપે, પૂર્ણપુરુષોત્તમે પધારીને લીલા કરી હતી. જ્યારે જગતમાં એના ખોટી રીતે અર્થઘટન થવા લાગ્યા, ત્યારે સરસ્વતીજીને ચિંતા થઈ કે મારા પ્રભુનું યથાર્થ રીતે વર્ણન વાણી દ્વારા કોણ કરશે? ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા. આપે શ્રીમદ્ ભાગવતના સાત પ્રકારે - શાસ્ત્રે, પ્રકરણે, સ્કંધે, અધ્યાયે, પદે, વાક્યે, અક્ષરે - અર્થ કર્યા. પ્રભુના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું પ્રતિપાદન કર્યું. ત્યારે સરસ્વતીજીની ચિંતા દૂર થઈ. હવે કોઈ એવું પધાર્યું છે કે જે મારા પ્રભુનું વર્ણન કરી શકે. એટલા માટે તો શ્રીમહાપ્રભુજી વાક્પતિ કહેવાયા.

શ્રીમહાપ્રભુજી થાનેશ્વર પધાર્યા હતા. ત્યાં રામાનંદ પંડિત હતા. તેમની સાથે શાસ્ત્રાર્થમાં મોટા મોટા પંડિતો પણ પરાસ્ત થતા. એ સામે આવીને બેઠા. કહે છે. 'મારે આપની સાથે શાસ્ત્રાર્થ કરવો છે.'

'ભલે' શ્રીવલ્લભે સંમતિ આપી. રામાનંદ પંડિત બોલવા પ્રયત્ન કરે છે પણ તેમની વાણી જ

બંધ થઈ ગઈ. કહેવા શું માગતા હોય અને કહેવાઈ જાય કંઈ. શ્રીમહાપ્રભુજી કહે, 'તમે કહેવા શું માગો છો?' લજ્જિત થયા. પાછા ગયા.

બીજા દિવસે ફરી શાસ્ત્રાર્થ માટે તૈયારી કરીને આવ્યા, પણ જ્યાં બોલવા જાય ત્યાં વાણી બંધ થઈ જાય. પંડિત વિચાર કરે છે કે મોટા મોટા વિદ્વાનોને મેં પરાસ્ત કર્યા છે, આજે મને થાય છે શું? અહીં વલ્લભની આગળ મારી વાણી કેમ બંધ થઈ જાય છે?

ચિંતા થઈ. સરસ્વતીજીનું અનુષ્ઠાન કર્યું. સરસ્વતીજી પ્રકટ થયાં. વરદાન માગ્યું : 'એવું વરદાન આપો કે મોટામાં મોટો વિદ્વાન હોય કે જ્ઞાની હોય, મને હરાવી ન શકે.'

વરદાન આપ્યું. વરદાન લઈને પાછા શાસ્ત્રાર્થ માટે ગયા. જ્યાં શ્રી વલ્લભની સામે આવીને બેઠા કે પાછી વાણી બંધ થઈ ગઈ. વિચાર કરે છે કે મને વરદાન મળ્યું છે છતાં આવું કેમ થાય છે? લજ્જિત થયા. પાછા આવ્યા. સરસ્વતીજીને પૂછ્યું કે આપનું વરદાન કેમ ન ફળ્યું? મોટામાં મોટો પંડિત પણ મારી સામે જીતી નહિ શકે એવું વરદાન આપે આપ્યું હતું, તો પછી મારી વાણી કેમ બંધ થઈ ગઈ? તમે મને સાથ કેમ ન આપ્યો? ત્યારે સરસ્વતીજીએ કહ્યું : 'રામાનંદ, મેં પંડિતને જીતવાનું વરદાન આપ્યું હતું, ઈશ્વરને જીતવાનું નહિ. વલ્લભ તો સ્વયં વાણીના પતિ છે, એમને તું ક્યાંથી જીતી શકે?'

બુલા મિશ્રનો પણ પ્રસંગ છે. બ્રાહ્મણના ઘરમાં એમનો જન્મ થયો. માતા-પિતા શીખવી શીખવીને થાક્યા, પણ એક અક્ષર પણ એમને યાદ ન રહે. રોજ કહે કે કંઈક તો શીખ. બ્રાહ્મણના ઘરમાં જન્મ્યો છે, નહિ શીખે તો કેમ ચાલશે?

છેલ્લે થાકી-કંટાળીને કાશી ભણવા મોકલ્યા. કાશી વિદ્યાની નગરી છે. ત્યાં જશે તો કંઈક શીખશે. કાશીમાં વર્ષો સુધી રહ્યા. વિદ્યાગુરુ શીખવાડી શીખવાડી થાક્યા, પણ વિદ્યા ચડી નહિ. કશું યાદ જ ન રહે.

છેલ્લે ગુરુએ કહ્યું : 'ભાઈ, તારા ભાગ્યમાં વિદ્યા નથી.' બુલાને બહુ દુઃખ થયું. મારા ભાગ્યમાં જ્ઞાન નથી. બ્રાહ્મણના ઘરમાં જન્મીને આવું જીવન જીવીને શું કરવાનું? એના કરતાં તો આત્મહત્યા કરીને જીવનને સમાપ્ત કરી દઉં. ગંગાજીમાં ડૂબી મરવા ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા છે એવું સાંભળ્યું. આત્મહત્યા કરીને મરીશ તો મારી દુર્ગતિ તો થશે, પણ એકવાર જઈને એ મહાપુરુષને મળી આવું.

એમ કહેવાય છે કે એ પહેલાં એણે સરસ્વતીજીની પણ ઉપાસના કરી હતી. સરસ્વતીજીએ કહેલું કે આ જન્મમાં તો શું, આવનારા સાત જન્મમાં પણ તારે કોઈ જ્ઞાનનો યોગ નથી. ભાગ્યમાં વિદ્યા જ નથી.

શ્રીમહાપ્રભુજીની સામે ગયા તો ત્યાં શ્રીવલ્લભનાં દર્શન કરતાં સાક્ષાત્ પ્રભુનાં દર્શન થયાં. શરણે ગયા. શ્રીમહાપ્રભુજીએ એમને કૃષ્ણાશ્રય ગ્રંથ રચીને શીખવાડ્યો. આજ્ઞા કરી : 'આ ગ્રંથનો તું પાઠ કર.' આપે બુલાને ગ્રંથ સમજાવ્યો અને ગ્રંથનો અભ્યાસ કરતાંની સાથે એને સકલ શાસ્ત્રો, ચારે વેદ, અઢારે પુરાણ વગેરે કંઠસ્થ થઈ ગયાં.

પુનઃ સરસ્વતીજી પાસે ગયા. કહ્યું : 'આપે મને કહ્યું હતું કે તારા ભાગ્યમાં સાત જન્મ સુધી વિદ્યા નથી. તો પછી મને અચાનક આ બધું સ્ફુરિત કેવી રીતે થયું!' સરસ્વતીજીએ કહ્યું : 'હું તો વાણી છું. વલ્લભ તો વાક્પતિ છે. તેઓ મને આજ્ઞા કરે ત્યાં મારે જવું જ પડે. ભલે એના ભાગ્યમાં સરસ્વતી હોય કે ન હોય.'

આમ જેની પાસે કોઈ જ્ઞાન ન હતું તેને માત્ર કૃષ્ણાશ્રયના પાઠથી શ્રીવલ્લભે સકલ શાસ્ત્રોનું જ્ઞાન કરાવ્યું. એટલા માટે કહ્યું કે શ્રીઠાકોરજીના મૂળ સ્વરૂપને, મૂળ ચરિત્રને પ્રગટ કરી, આપે સરસ્વતીજીની ચિંતા દૂર કરી.

હવે આગળ ૨૫ મી કડીમાં ગોપાલદાસજી કહે છે:

શ્રીગિરિરાજને આશ્વાસ દીધો,
ધરી કોમળ ચરણ,
હરખે તે સામા આવીયા,
શ્રીગોવર્ધન ઉધ્ધરણ...૨૬

શ્રીનાથજીની પ્રાકટ્યવાર્તાની જ આ પંક્તિ છે. એક વ્રજવાસીની ગાય દૂધ આપતી ન હતી. વ્રજવાસી વિચાર કરે કે દૂધ કોઈ દોહીને લઈ જાય છે કે શું? એકવાર એણે ગોવાળને ગાયનો પીછો કરવા મોકલ્યો. એણે જોયું તો ગાય ગિરિરાજજી ઉપર ચડી ગઈ. એક જગ્યાએ ઊભી રહી અને એના આંચળમાંથી દૂધનો સ્રાવ થવા લાગ્યો.

ગોવાળે વ્રજવાસી પાસે આવીને કહ્યું : 'આજે તો અદ્ભુત દૃશ્ય જોયું.' ગાયે દૂધ સ્રવી દીધું એનું એણે વર્ણન કર્યું. તે સાંભળીને એક વૃદ્ધ વ્રજવાસીએ કહ્યું : એવું સાંભળ્યું છે કે જ્યાં ખૂબ ધન છુપાયેલું હોય ત્યાં આવું થાય. બધા વ્રજવાસીઓ પર્વત ઉપર જોવા માટે ગયા.

ગિરિકંદરામાંથી પ્રગટ થયા
પ્રભુ આપ ગોવર્ધનનાથરે,
નંદયશોદા કેરા લાલન વ્રજ સૌ કીધું સનાથ,
ગોવર્ધન રસિયારે,
મારે મન વસિયા વ્રજનાથ,
મધુરું વહાલો હસિયા રે.

શિલા ઊઠાવીને જોયું. એમાંથી પ્રભુની વામ ભુજાનું પ્રાકટ્ય થયું.

શ્રાવણ સુદ પાંચમના દહાડે થયું ભુજા દર્શન રે.
ગિરિકંદરામાં બિરાજે મારો વહાલો,
શું કહું પ્રસન્નવદન ગોવર્ધન રસિયારે,

લગભગ ૭૦ વર્ષ સુધી શ્રીનાથજી બાવાની એ ભુજાનું પૂજન થતું રહ્યું. દૂર દૂરથી લોકો આવતા, પર્વતના એ દેવની માનતા માનતા, ભુજાનું પૂજન કરતા.

ઘણા દિવસ ભુજાનું
પૂજન ચાલ્યું તે વ્રજમાંય રે,
દૂધ દહીંથી સ્નાન કરાવે,
મહિમા કહ્યો ન જાય, ગોવર્ધન રસિયારે.

બધા દૂધ દહીં લઈને જાય, સ્નાન કરાવે, મહિમા વધતો ચાલ્યો. એક દિવસ શિલા હટાવી. અંદર શું જોયું?

છિદ્ર સહિત શીલા ગિરિવરની,
તેમાં શ્યામ સ્વરૂપ રે,
એક ગાય ત્યાં નિત્ય જાય છે.
દૂધ સ્રવે તદ્રુપ, ગોવર્ધન રસિયારે,

અંદર કોણ છે એ જોઈએ તો ખરા, એવો વિચાર કરીને બધાએ શિલા ઉઠાવી. મોટા મોટા વ્રજવાસીઓ આવ્યા. સૌએ શું જોયું?

ગિરિશિલા ઊંચકીને જોયું
તો દીઠા શ્યામ સ્વરૂપ રે,
પૂછ્યું દેવતા પર્વત કેરા,
શું છે તમારું નામ, ગોવર્ધન રસિયા રે,

શિલા ઊંચકીને જોયું તો જેમની ઊર્ધ્વ ભુજાનાં દર્શન થતાં હતાં એ સુંદર શ્યામ સ્વરૂપનાં દર્શન થયાં. બધાં પૂછે છે : 'બાવા, આપ કોણ છો? તમારું નામ શું છે?'

પ્રાણજીવન ત્યારે એમ બોલ્યા કે
દેવદમન મુજ નામ રે,
મહિમા ચાલ્યો વ્રજમાં ઝાઝો પૂર્ણ કરે સૌ કામ,
ગોવર્ધન રસિયા રે,

વ્રજવાસીઓ કહે છે આપ અંદર બિરાજ્યા છો, બહાર પધારો અને આપના મુખારવિંદનાં દર્શન તો કરાવો. ત્યારે એ શ્યામસુંદરે કહ્યું: 'મને બહાર પધરાવવાવાળો હજી પ્રકટ થયો નથી.' શ્રીનાથજીનું મુખ એ તો કમળ છે. અને મહાપ્રભુજી ભક્તિ માર્ગના સૂર્ય છે. જ્યારે સૂર્ય ઊગે ત્યારે કમળ ખીલે. સંવત ૧૫૩૫માં ચૈત્ર વદ અગિયારસે શ્રીમહાપ્રભુજી ચંપારણ્યમાં પ્રગટ્યા અને જ્યાં ભક્તિમાર્ગના સૂર્યનો ઉદય થયો, તે જ દિવસે શ્રીનાથજીના મુખારવિંદનાં દર્શન થયાં. પ્રાગટ્ય થયું. ભક્તિ માર્ગનો સૂર્ય ઊગ્યો અને પ્રભુનું મુખકમળ ખીલ્યું.

ધીમે ધીમે સમય પસાર થતો ગયો. શ્રીમહાપ્રભુજી ભારત પરિક્રમા કરતા ઝારખંડમાં પધાર્યા હતા ત્યારે શ્રીનાથજીએ એમને આજ્ઞા કરી: 'આપ અહીં પધારો અને મને પર્વતમાંથી બહાર પધરાવો.' શ્રીમહાપ્રભુજી પરિક્રમા અધૂરી મૂકી વ્રજમાં પધાર્યા. સદુ પાંડેને ત્યાં પધાર્યા. સદુ પાંડેની દીકરી નરો, રોજ શ્રીનાથજી માટે દૂધ લઈને જતી હતી. આજે મહેમાનોના સ્વાગતમાં દૂધ લઈ જવાનું ભૂલી ગઈ. પર્વત ઉપરથી શ્રીનાથજીએ બૂમ પાડી – 'મુઝે ભૂખ લગી હૈ નરો, મેરે લિયે દૂધ લેકે આ.'

શ્રીમહાપ્રભુજીએ સાંભળ્યું. આવી સુંદર વાણી કોની છે? ખબર પડી કે આ તો એ જ પર્વતના દેવ છે, જે નરોને બોલાવી રહ્યા છે.

નરો દૂધ લઈને ગઈ. પૂછે છે : 'આજે મોડું કેમ થયું?' નરો કહે છે : 'મહારાજ, પાહુને આયે હૈ.' નરો દૂધ આરોગાવીને પાછી ફરી. વલ્લભ પૂછે છે : 'આમાં કાંઈ વધ્યું છે?' 'મહારાજ, કેટલાક બુંદ છે.' શ્રીવલ્લભ એ મટુકીને મસ્તક પર ચડાવીને એ અધરામૃત આરોગ્યા.

બીજા દિવસે મહાપ્રભુજી અને સદુ પાંડે વગેરે સર્વ વ્રજવાસીઓ પર્વત ઉપર એ પર્વતના દેવનાં દર્શન કરવા પધાર્યા. શ્રીગિરિરાજબાવાનું એક સ્વરૂપ હરિદાસવર્યનું છે. આપ પ્રભુના દાસોમાં શ્રેષ્ઠ છે. એમને એટલો તાપ હતો કે મારા અંદર પ્રભુ પ્રગટ્યા છે, પણ એમનો સેવાક્રમ ચાલુ થયો નથી. પ્રભુને અન્નપ્રાશન કરાવવાવાળું કોઈ નથી. આપ માત્ર દૂધ આરોગીને બિરાજી રહ્યા છે. તો જલ્દી કોઈ પ્રકારે મારા પ્રભુનો સેવા પ્રકાર ચાલુ થાય, ભોગ ધરાય તો સારું. એટલો તાપ હતો કે આપ સહન ન કરી શકે. તાપનું શમન થાય સ્નેહથી. તે માટે બધા ગિરિરાજબાવાને દૂધથી અભિષેક કરાવવા લાગ્યા. દૂધ એટલે શુદ્ધ સ્નેહ.

શ્રીગિરિરાજજી ઉપર શ્રીવલ્લભ પધાર્યા ત્યારે એમને થયું કે હવે મારા શ્રીજીના સુખનો વિચાર કરવાવાળું કોઈ પધાર્યું. સેવાપ્રકાર પ્રારંભ કરવાવાળું કોઈ પધાર્યું. શ્રીમહાપ્રભુજી ઉપર પધાર્યા અને સામેથી શ્રીજી પણ વલ્લભનાં દર્શન કરવા માટે પધાર્યા. શ્રીજીથી ન રહેવાયું સામે દોડ્યા. નીચેથી વલ્લભ દોડ્યા. બંને એકબીજાને ભેટ્યા.

હળી મળીને ચાલિયા,
ચરણાટ જ્યાં નિજધામ,
નવરંગ નાગર પ્રગટિયા,
મન્ પૂરવા બહુ કામ... ૨૭

શ્રીવલ્લભ શ્રીનાથજીને મળીને આગળ આવ્યા. આ વખતે વલ્લભ કેવી રીતે પધાર્યા છે? હળીમળીને ચાલિયા. આ હળીમળીને શબ્દ એવો છે કે જ્યારે પ્રભુ કૃપા કરે ત્યારે સમજાય. શ્રીવલ્લભ આગળ પધાર્યા ત્યારે શ્રીનાથજીએ પુનઃ વલ્લભને સુધિ કરાવી. આપને ત્યાં મારું પ્રાગટ્ય થવાનું છે. આપ નિજધામમાં પધારો, ત્યાં હું પ્રગટ થવાનો છું.

શ્રીવલ્લભ ત્યાંથી સૌથી પહેલાં કાશી પધાર્યા. પછી અડેલમાં બિરાજ્યા. ત્યાં શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય થયું. જ્યાં શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનો સમય નજીક આવ્યો, ત્યારે ચરણાટ પધાર્યા. ચરણાટમાં સંવત ૧૫૭૨માં શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું. પંદરસો બોત્તેર એટલે એક, પાંચ, સાત અને બે.

બે એટલે આપ બે સ્વરૂપે પ્રકટ્યા છે. એક આચાર્ય સ્વરૂપે અને બીજા ચંદ્રાવલીજીના સ્વરૂપે. આમ બે સ્વરૂપ ધારણ કર્યા છે. એના પછી સાત. સાત દ્વીપોમાં પુષ્ટિમાર્ગનો પ્રચાર કરવા પ્રગટ્યા છે. પછી પાંચ એટલે પંચ તત્ત્વ, પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય સુધી જીવને ભગવદ્ સન્મુખ કરવો છે. અને એક, એક એટલે કૃષ્ણને એક બ્રહ્મ તરીકે સ્થાપિત કરવા પ્રગટ્યા છે. આ ઉદ્દેશ્યને લઈને આપ પ્રકટ્યા. તિથિ પણ કઈ? નોમ, કારણ નોમના દિવસે નંદમહોત્સવ પણ છે. ભગવાન રામચંદ્ર પણ પ્રકટ્યા છે. નંદમહોત્સવના ઉત્સવનો આનંદ અને રામના જીવનની મર્યાદા, વેદની મર્યાદા, આચાર-વિચાર બંનેનો સમન્વય કરીને ભગવદ્ સેવા પ્રકાર પ્રારંભ કરવાનો છે. કારણ કે ભક્તિ શું છે? ભક્તિ એ ગુલાબનું પુષ્પ છે અને વેદની મર્યાદા એ કાંટાની વાડ છે. ભક્તિના પુષ્પની રક્ષા કરવી હોય તો વેદની મર્યાદા પણ જોઈએ.

નોમના દિવસે આપે પ્રાગટ્ય લીધું. શ્રીઠાકોરજીનું પ્રાગટ્ય થયું ત્યારે હતું તેવું જ બરાબર વાતાવરણ થયું. ઠેરઠેર મંગલ શબ્દ થવા લાગ્યા. મંગલ વાજિંત્રો વાગવાં લાગ્યાં. શ્રીમહાપ્રભુજીને ત્યાં દ્વિતીય લાલજી શ્રીવિઠ્ઠલનાથજીનું-શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય થયું. શ્રીગુસાંઈજીના જીવનમાં 'અષ્ટ' બહુ જોવા મળે છે. આપના સ્વભાવમાં મુખ્ય અષ્ટ ગુણો છે. અષ્ટનિધિની સેવા, અષ્ટયામની સેવા, અષ્ટસખા વગેરે છે. અષ્ટસિદ્ધિનું દાન આપ કરે છે.

આપના પ્રાગટ્યના સમાચાર દૂર સુધી ફેલાયા. વલ્લભને ઘેર પ્રભુ પ્રગટ્યા છે. દૂર દૂરથી વૈષ્ણવો વધાઈ લઈને આવવા લાગ્યા. કહેવા લાગ્યા.

આજ વલ્લભને દ્વાર રે આનંદ અપાર રે,
પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથજી.
હાંરે ત્યાં તો નોબતના નાદ સંભળાય છે,
હાંરે મળી માનુની મંગળ ગાય છે.

હાંરે સજી સોળે શણગાર રે, ચાલી વ્રજનાર રે,
પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથજી.
હાંરે કોઈ ફુલડાની છાબ લઈ આવે,
હાંરે કોઈ મોતીડે નાથને વધાવે,
હાંરે બાંધ્યા તોરણિયા દ્વાર કે, ફુલડાના હાર રે,
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી.
હાંરે માતા અક્કાજી પારણે ઝુલાવે,
હાંરે રસિક ભક્તોના ભાવને મનાવે,
હાંરે આપે આશિષ અપાર રે, હરખ્યાં નરનાર રે,
પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથજી...

***

ચરણાટમેં આનંદ ભયો જય વલ્લભલાલકી
જય વલ્લભલાલકી જય વલ્લભલાલકી.

***

આયો આજ બધાયો શ્રીવલ્લભગૃહ
આયો આજ બધાયો.
બધાયો, બધાયો, બધાયો,
શ્રીવલ્લભગૃહ આયો આજ બધાયો.
બાજત ઢોલ દમામા ભરી,
ધન્ય શ્રી અક્કાજી બાલ જાયો.
આયો આજ બધાયો
શ્રીવલ્લભ ગૃહ આયો આજ બધાયો.

આમ સુંદર નંદમહોત્સવ સંપન્ન થયો. ગોપાલદાસજી આગળ કહે છેઃ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું વર્ણન તો કર્યું, પણ આ વર્ણન સાધારણ વર્ણન નથી. બ્રહ્મનાં મુખ્ય ૨૮ લક્ષણો બતાવ્યાં છે, એનું એક એક કડીમાં વર્ણન છે. એથી કુલ ૨૮ કડીનું આ આખ્યાન છે.

જેમ ભાગવતનો સારાંશ કહેવાય એમ હવે આ છેલ્લી કડીમાં સારરૂપ વર્ણન કરી રહ્યા છે.

તત્ત્વ સંખ્યાએ કહ્યાં પદ,
સાર માંહે સાર,
હવે કાંઈ એક સ્તુતિ કરું,
શ્રીવલ્લભ રાજકુમાર... ૨૮

શ્રીગુસાંઈજીના પ્રાગટ્યનું વર્ણન જ્યાં થયું અને ગોપાલદાસજીને એ પોતાના આસક્તિના સ્વરૂપનું વર્ણન કરવાની અધીરાઈ આવી ગઈ. શ્રીવલ્લભનું વર્ણન કરતાં ૨૮ કડી કહી. કહે છે કે બ્રહ્મનાં જે ૨૮ લક્ષણો છે એ જ વલ્લભની અંદર સ્ફુરિત થયાં છે. એનું જ વર્ણન મેં કર્યું છે. શ્રીવલ્લભે કૃપાનું દાન કરી મારી પાસે કરાવ્યું છે. નહિ તો વલ્લભના સ્વરૂપને કોણ જાણી શકે?

ચાહે શ્રીગુસાંઈજી પ્રભુચરણે પ્રાગટ્ય લઈને અષ્ટયામ સેવાની, અષ્ટસખાની સ્થાપના કરી. અનેક રીતે સેવાપ્રકાર વધાર્યો, પણ જો શ્રીગુસાંઈજી પ્રકટ્યા ન હોત તો આ વૈષ્ણવ સૃષ્ટિને સૌથી મોટી હાનિ શું થઈ હોત? આ કાલિકાલના જીવો વલ્લભના સ્વરૂપને જાણી શક્યા ન હોત. આપે પ્રાગટ્ય લઈને સર્વોત્તમ સ્તોત્ર, વલ્લભાષ્ટક અને સપ્તશ્લોકીની રચના ન કરી હોત તો વલ્લભના સ્વરૂપનું વર્ણન કોણ કરી શકત? કોણ એ સ્વરૂપને જણાવી શકત? કોણ એ સ્વરૂપનો પરિચય કરાવી શકત?

શ્રીગુસાંઈજીએ કૃપા કરી વલ્લભ સાથે આપણને જોડ્યા. વલ્લભનો પરિચય આપણને કરાવ્યો. અહીં આપણે આ દ્વિતીય આખ્યાનને વિરામ આપીએ.

વલ્લભાખ્યાન : ૩

(રાગ : ધનાશ્રી)

આપણે બે આખ્યાનનું દર્શન કર્યું, જેમાં પ્રથમ આખ્યાનની અંદર જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણની કૃપા થઈ, ગોપાલદાસજીને વાણી સ્ફુરિત થઈ, ગાવાનો પ્રારંભ કર્યો. જે સામે હતા, જેમાં આસક્તિ હતી, જેમના સ્વરૂપમાં જ ચિત્ત પરોવાયું હતું, એવા શ્રીગુસાંઈજીનાં ગુણગાન ગાયાં.

પછી વિચાર આવ્યો શ્રીગુસાંઈજીના ગુણગાન તો ગાઉં પણ જે વંશમાં, જેમના ઘેર શ્રીગુસાંઈજી પ્રકટ્યા છે, જ્યાં સુધી એમના ગુણગાન ન ગાઉં, મારા ગુણગાનનો પ્રભુ સ્વીકાર ન કરે, માટે બીજા આખ્યાનમાં શ્રીવલ્લભનાં ગુણગાન ગાયાં. જ્યાં વલ્લભનાં ગુણગાન ગાયાં અને એવી અવસ્થા થઈ ગઈ જ્યાં પહેલા ગોપાલદાસજીએ પૂછ્યું હતું:

તે પ્રકટ્યાનું કારણ કહીએ જો સુરતા મન આણો,
કરો કૃપા હું કરું વિનંતી પોતાનો કરી જાણો.

પ્રથમ આખ્યાનમાં મનમાં એક મનોરથ જાગ્યો હતો.: તે પ્રગટ્યાનું કારણ કહીએ. પ્રભુ આપના પ્રાકટ્યનું મૂળ કારણ જાણવા માગુ છું. પ્રભુ આપ એમનેમ નથી પ્રગટ્યા. આપ પ્રકટ્યા છો એનું પણ એક કારણ છે. દુનિયાના લોકો આપના પ્રાકટ્યના ભલે અનેક કારણો આપતા હોય. જ્યારે પણ ભગવાન પ્રકટે છે તો ભલે લોકો કહેતા હોય કે ભગવાન તો અસુરોના સંહાર માટે પ્રકટે છે. દૈત્યોનો વધ કરવા માટે પ્રકટે છે. પણ પ્રભુ હું જાણું છું ભગવાન જ્યારે પ્રગટે ત્યારે દૈત્યોને મારવા નહિ, એ તો પોતાના નિજજનોના મનોરથ પૂરા કરવા પ્રકટે છે. હે શ્રીગુસાંઈજી પ્રભુચરણ, ભલે લોકો કહે માયાવાદનું ખંડન કરવા આપ પ્રકટ્યા, જીવની અંદર રહેલી મલિનતાને દૂર કરવા પ્રકટ્યા, પણ હું જાણું છું આપનું પ્રાકટ્ય એમનેમ નથી. આપના નિજજનોના મનોરથ પૂરા કરવા માટે છે. માટે હે કૃપાનાથ, આપના પ્રાકટ્યનું અનુસંધાન મને કરાવો.

આ નવ આખ્યાન એટલે નવધા ભક્તિ. પહેલા આખ્યાનમાં શ્રવણ ભક્તિ. બીજા આખ્યાનમાં કીર્તન ભક્તિ. ત્રીજું આખ્યાન સ્મરણ ભક્તિ. સ્મરણની એટલી બધી મહત્તા અહીં બતાવી દીધી છે કે ધનાશ્રીમાં ગવાયેલું આ ત્રીજું આખ્યાન, માનો દાવો કરીને ગોપાલદાસજી કહી રહ્યા છે યા ગોપાલદાસજીના હૃદયમાં બિરાજમાન શ્રીગુસાંઈજી કહી રહ્યા છે યા શ્રીગુસાંઈજીના હૃદયમાં બિરાજમાન શ્રીજી કહી રહ્યા છે. જેમ એક-એક પડ ખૂલતું જશે તેમ-તેમ અંદર રહેલા સ્વરૂપનું અનુસંધાન થતું જશે. ગોપાલદાસજી, ગોપાલદાસજીના હૃદયમાં બિરાજમાન શ્રીગુસાંઈજી અને શ્રીગુસાંઈજીના હૃદયમાં બિરાજમાન શ્રીનાથજીબાવા. તો અહીં શ્રીગુસાંઈજી કહી રહ્યા છે કે આ ત્રીજા આખ્યાનનું જે પણ અનુસંધાન કરશે અને જે પણ સ્મરણ કરશે, ભલે આમાં વર્ણન છે શ્રીગુસાંઈજીની પ્રાકટ્યલીલાનું પણ આનું માહાત્મ્ય એટલું બધું દિવ્ય છે કે આનું અનુસંધાન કરતાં કરતાં સારસ્વત કલ્પની લીલાનું અનુસંધાન થઈ જશે.

જેમ શ્રીગુસાંઈજીએ અજબકુંવરીને પાદુકાજી પધરાવી આપ્યાં હતાં, એમને દર્શન કરતાં-કરતાં એવી અવસ્થા આવી ગઈ કે શ્રીગુસાંઈજીના પાદુકાજીમાં શ્રીજીનાં દર્શન થવાં લાગ્યાં. આ ત્રીજું આખ્યાન એટલું અદ્‌ભુત છે કે શ્રીગુસાંઈજીના પ્રાકટ્યની લીલા સાંભળતા-સાંભળતા એક-એક પડ ખુલતાં જશે. ગોપાલદાસજી બારણે ઊભા રહીને દર્શન કરે છે. જો આ ત્રીજું આખ્યાન ગાતાં-ગાતાં દેહની અવસ્થા સ્થિર થઈ ગઈ અને ગોપાલદાસજીના હૃદયમાં બિરાજમાન શ્રીગુસાંઈજીનો સંબંધ થયો તો સમજી લેજો કે જે બારણે ઊભા ઊભા ગોપાલદાસજીએ દર્શન કર્યાં, તેમની સાથે તેમનો હાથ પકડીને તમે પણ ઊભા રહીને શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનાં દર્શન કરી રહ્યા છો. એ અનુસંધાન આ ત્રીજા આખ્યાનની અંદર છે. સ્મરણભક્તિ છે.

આ ત્રીજા આખ્યાનની અંદર આપણે પ્રવેશ કરીએ. ધનાશ્રી રાગ છે. કારણકે શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનું કારણ જાણવા માગતા હતા. શ્રીગુસાંઈજીની પ્રાકટ્યલીલાનું દર્શન જ્યારે કરે છે, ધન્ય ધન્ય બન્યા છે. જ્યારે કોઈની કૃપા એટલી બધી આપણા ઉપર હોય, એને માટે કહેવાના શબ્દ ન હોય, ત્યારે એટલા શબ્દ નીકળે – ધન્ય, ધન્ય, ધન્ય. માટે ધનાશ્રી રાગ લીધો. કારણ ધનાશ્રી રાગ તો વધાઈનો છે. જ્યારે પ્રભુ પ્રકટે એમની વધાઈ ધનાશ્રીમાં ગવાય.

આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી,
અક્કાજી ઉર ઉપન્યો આનંદ,
આ ચંદ શ્રીવૃંદાવન તણો પ્રકટિયો.

આ ત્રીજું આખ્યાન શ્રીગોપાલદાસજીએ સ્મરણ કરીને નથી ગાયું. સમગ્ર લીલાનું જે વર્ણન કર્યું છે, એ લીલાનાં દર્શન કરતાં કરતાં આપણી જોડે ઊભા રહીને જાણે ગાઈ રહ્યા છે. આપણી પાસે તો દૃષ્ટિ નથી, પણ એમની પાસે સામર્થ્ય છે. જેને સામર્થ્ય મળ્યું હોય એ જ અસમર્થને સમર્થ કરી શકે. આપણી પાસે ઊભા રહીને એક-એક લીલાનાં દર્શન કરાવતાં કરાવતાં શ્રીગોપાલદાસજી કહે છે : આ પોષ મધ્યાહ્ને... આ આખા આખ્યાનની અંદર શબ્દ છે – આ, આ, આ. આ શબ્દનો ઉપયોગ આપણે ક્યારે કરીએ કે જ્યારે સામે દેખાતી વસ્તુ કોઈને બતાવતા હોઈએ ત્યારે. જ્યારે કોઈની પાસે દૃષ્ટિ નથી, કોઈ જોઈ શકતું નથી અને પૂછે છે કે આ શું છે? ત્યારે કોઈ બતાવે આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી અક્કાજી ઉર ઉપન્યો આનંદ. આ ચંદ શ્રીવૃંદાવન તણો પ્રકટિયો. એક એક પંક્તિની અંદર આ, આ, આ શબ્દ છે. જાણે ગોપાલદાસજી આપણને આંગળી ચીંધી ચીંધીને બતાવી રહ્યા હોય.

જ્યારે ભગવાને ગોલોકધામમાંથી વ્રજમાં પ્રાકટ્ય લેવાનો વિચાર કર્યો તો રાધાજીએ કહ્યું, હું આપનો સ્વભાવ જાણું છું. પ્રભુ, આપ આપના પરિકર વિના એકલા રહી શકતા નથી. માટે પ્રભુએ કહ્યું, હું વ્રજમાં પ્રકટું તો ખરો, પણ મારા કરતાં પહેલા મારો પરિકર પહોંચે. વ્રજભૂમિને મોકલી, વૃંદાવનને મોકલ્યું, શ્રીયમુનાજી પધાર્યાં, શ્રીગિરિરાજ-બાવા પધાર્યા, બધા વ્રજભક્તો પધાર્યા. ત્યારપછી પ્રભુ પધાર્યા. હવે શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટી રહ્યા છે એ આ શ્રીવૃંદાવનના ચંદ છે. જેણે રાસલીલા વખતે પોતાના અપ્રતીમ સૌંદર્યથી કામદેવને પણ મૂર્છિત કરી નાખ્યો હતો. એ જ

વૃંદાવન તણા ચંદ આજે પ્રકટી રહ્યા છે. એ પ્રભુ જો પ્રકટવાના હોય તો પ્રભુનો સ્વભાવ છે કે પોતાના પરિકર વિના એકલા રહી શકતા નથી. એ જ પ્રભુ શ્રીગુસાંઈજી સ્વરૂપે ભૂતલ ઉપર પ્રકટે તો એકલા પ્રકટી શકે? એમના પરિકર વિના પધારી શકે? એટલા માટે તો શ્રીઠાકોરજીના જેટલા પણ સખાઓ હતા - અર્જુન, તોક, મધુમંગલ ઇત્યાદિ બધા સખાઓ પણ શ્રીગુસાંઈજીના પ્રાકટ્ય પહેલા આવ્યા.

વ્રજભક્તોનો પભુનાં દર્શન કરીને જીવવાનો સંકલ્પ હતો. તો શું શ્રીગુસાંઈજી પ્રકટતા પહેલાં એ વ્રજભક્તો પ્રકટ્યા નહિ હોય? ચાહે નામ બદલાયા હશે. કોઈનું નામ શ્રીહરસાનીજી થઈ ગયું હશે. કોઈનું નામ નાગરી ભટ્ટ થઈ ગયું હશે. કોઈનું નામ ગંગાબાઈ થઈ ગયું હશે. એ બધા સારસ્વત કલ્પના જીવો પ્રભુના પ્રકટતાં પહેલાં ભૂતલ ઉપર પ્રગટ્યા છે. પ્રકટીને વિચારે છે કે હે પ્રભુ, જે રસરૂપ છે, જેને બ્રહ્મ કહેવામાં આવે છે, જેનો કોઈ આકાર નથી એ રસને આકારના રૂપમાં ઢળેલા અમે ક્યારે જોઈ શકીશું?

બધા કહે છે એ તો આખી સૃષ્ટિને જન્મ આપનાર છે. અમારો મનોરથ છે કે જે આખી સૃષ્ટિને જન્મ આપે એને પણ જન્મ લેતા અમે જોઈએ. જે આખી દુનિયાને પોતાના હાથથી ઝુલાવે છે એને પણ પલનામાં ઝુલતા અમે જોઈએ. કૃપાનાથ, એવો દિવસ ક્યારે આવશે કે જે શ્યામસુંદરે ઘરઘરમાં જઈ ગોપીઓનાં મન રૂપી માખણને હર્યા હતાં એ શ્યામસુંદર પોતાના સ્વરૂપથી, પોતાની વાણીથી અમારા મનને મોહી લેવા પધારશે? ગોપીજનોના મનમાં મનોરથ હતો કે જેણે વેણુનાદ કરીને અમને બોલાવ્યાં, જેણે રાસનું સુખ આપી અમારા ભાનને ભૂલાવ્યા અને અમારા મનને હરી લીધું, એ વૃંદાવનના ચંદનું પ્રાકટ્ય ક્યારે થશે? ગોપીજનો પ્રતીક્ષા કરતાં હતાં, એ વ્રજભક્તોના તાપ એટલા ઉદય થયા કે પ્રભુ સહન ન કરી શક્યા અને એ જ પ્રભુ જ્યારે પોષ મહિનો આવ્યો ત્યારે શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ્યા.

પોષ માસમાં એટલા માટે પ્રકટ્યા કે બધા મારા સ્વરૂપને સમજતાં નથી. બધા કહે ભગવાન પ્રકટે - અસુરોને મારવા, દૈત્યોનો સંહાર કરવા. પણ મહિનો લીધો પોષ. અને કહે છે હું ભૂતલમાં પ્રકટું છું પણ કોઈને મારવા નહીં, મારા નિજજનોને પોષણ આપવા માટે. ભૂતલમાં પ્રકટ્યો છું મારી પુષ્ટિસૃષ્ટિનું પોષણ કરવા માટે. એટલા માટે પોષ મહિનો સ્વીકાર કર્યો.

આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી,
અક્કાજી ઉર ઉપન્યો આનંદ
આ ચંદ શ્રી વૃંદાવન તણો પ્રકટિયો.... ૧

પ્રાકટ્ય લેવા માટે મહિનો પસંદ કર્યો પોષ મહિનો. તિથિ પણ કઈ? પોષ મધ્યાહ્ને નોમે - તિથિ પણ આપે લીધી નોમની. કારણ કે નોમ તિથિ હોય તેમાં સૂર્ય બરાબર તપતો હોય. બરાબર મધ્યમાં આવેલા સૂર્યનો સમય આપે પસંદ કર્યો. નવનો અંક પૂર્ણ છે. ભગવાન ભલે પ્રકટ્યા અષ્ટમીએ, પણ નંદમહોત્સવ ઉજવાયો નવમીએ. આપણા ભગવદીયો સુંદર અર્થ કરે છે. નોમના દિવસે કૃષ્ણ જન્મનો જન્મોત્સવ મનાવાયો અને નોમના દિવસે ભગવાન રામ પણ પ્રકટ્યા છે. પુષ્ટિ પુરુષોત્તમનો સંબંધ પણ નોમ સાથે અને મર્યાદા

પુરુષોત્તમનો સંબંધ પણ નોમ સાથે. હું ભૂતલમાં પ્રકટવા માટે નોમની તિથિ લઉં છું. કારણ કે નંદમહોત્સવનો આનંદ મારે બધા જીવોને આપવો છે, પણ રામની મર્યાદામાં રહીને. આચાર્ય પરંપરા નિભાવીને. વૈદિક મર્યાદાની સાથે-સાથે આપે આનંદનું દાન કર્યું કારણ કે વેદની મર્યાદાની સાથે જીવમાં પાત્રતા આવશે અને જ્યારે પાત્રતા આવશે ત્યારે આ રસ ટકશે.

શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય સંવત ૧૫૭૨માં થયું. ૧-૫-૭ અને ૨ એમ જોઈએ તો ૧ એટલે એક કૃષ્ણને બ્રહ્મના રૂપમાં સ્થાપિત કરવા માટે શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું. ૫ એટલે પંચતત્ત્વની શુદ્ધિ કરીને ભક્તોની પાંચેય કર્મેન્દ્રિય અને પાંચેય જ્ઞાનેન્દ્રિયને શ્રીઠાકોરજીની સેવામાં જોડવી છે. ૭ એટલે સાતેય ખંડની અંદર પુષ્ટિમાર્ગનો વિસ્તાર કરવો છે. અને ૨ એટલે આપ બે સ્વરૂપે ભૂતલ ઉપર પ્રકટ્યા. એક આચાર્ય સ્વરૂપે - પ્રભુ સ્વરૂપે અને બીજું ચંદ્રાવલીજી સ્વરૂપે.

એટલા માટે શ્રીગુસાંઈજીએ નોમ તિથિ લીધી, સંવત ૧૫૭૨ લીધી અને પોષ મહિનો લીધો, કારણ કે ભક્તોનું પોષણ કરવું છે.

જેમ એક મા એના બાળકનું પોષણ કરે, બાળકના હિતની વસ્તુ એને આપે. હિતની વસ્તુથી દૂર જતો હોય તો દંડ પણ આપે - શિક્ષા પણ કરે. ટકોર પણ કરે. શ્રીગુસાંઈજી પ્રભુચરણ પણ જ્યારે કૃપા કરે - કારણકે આપના શરણમાં આવનારા સાત્ત્વિક જીવો પણ છે, રાજસ પણ છે અને તામસ પણ છે. જેવા-જેવા અધિકારી જીવો હોય એવી રીતે શ્રીગુસાંઈજી પ્રભુચરણ એમની ઉપર કૃપા કરી એ જીવોનું પોષણ કરે છે અને કૃપા કરે છે.

આ પ્રાકટ્ય કોનું છે? શ્રીનાથજીનું. પણ એમાં શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનો સંકેત પણ આપ્યો. 'દક્ષિણ પાવ ધારિયા પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ. નેત્ર મળતાં વાત કીધી વચન દીધું હાથ.' વચન કોણે માગ્યું? 'વચન નિશ્ચે શ્રીનાથે માંગ્યું. કીધી વલ્લભજી શું વાત.' શ્રીમહાપ્રભુજી પંઢરપુર પધાર્યા અને શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કરવા પધાર્યા, ત્યારે એ જ વખતે શ્રીનાથજીબાવા શ્રીમહાપ્રભુજીની સામે પ્રકટ્યા. નેત્ર દ્વારા આપે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી. નેત્ર દ્વારા શ્રીવલ્લભે એનો સ્વીકાર પણ કર્યો. શ્રીવિઠ્ઠલનાથજીએ જોયું આ તરફ શ્રીવલ્લભ ઊભા છે, બીજી તરફ શ્રીનાથજી ઊભા છે. નેત્ર દ્વારા શ્રીનાથજીએ કંઈ કહ્યું અને નેત્ર દ્વારા શ્રીવલ્લભે એ આપવાની ખાત્રી પણ આપી. ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીએ પૂછ્યું, કે શ્રીનાથજીના નેત્ર જોઈને મને લાગે છે કે વલ્લભ 'વચન નિશ્ચે શ્રીનાથે માંગ્યું, કીધી વલ્લભજી શું વાત?' ત્યારે વલ્લભે કહ્યું 'આજે શ્રીનાથજીએ મનમાં એક મનોરથ કર્યો છે - 'અમને તો ઈચ્છા એહ છે હું નંદન તમે તાત.' શ્રીજીના મનમાં એવો મનોરથ જાગ્યો છે કે આપ તો મારી સેવા કરો જ છો, પણ હું આપને ઘેર પુત્ર સ્વરૂપે પ્રકટું અને આપની ટહેલ કરું. એ વખતે આપેલું વચન નિભાવવા એ જ પ્રભુ આજે શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ્યા છે. માટે ગાયું :

'આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી
અક્કાજી ઉર ઉપન્યો આનંદ.
આ ચંદ શ્રીવૃંદાવન તણો પ્રકટિયો.'

જેમ શ્રીઠાકોરજી પ્રકટ્યા તો શ્રીદેવકીજીના ગર્ભમાંથી નથી પ્રકટ્યા. એમના હૃદયમાં આનંદનો અનુભવ થયો અને જે આનંદનો અનુભવ એમના હૃદયમાં થયો એ જ આનંદનો પ્રાદુર્ભાવ બહાર થયો. અહીં પણ અક્કાજીના હૃદયમાં એટલો બધો આનંદ છવાયો અને જ્યારે એ આનંદ હૃદયમાં સમાયો નહીં, ત્યારે એ જ આનંદ શ્રીગુસાંઈજી સ્વરૂપે ભૂતલ ઉપર પ્રકટ્યો. આ બાળક બીજું કોઈ નહીં પણ એ જ છે કે જે નંદનંદને વૃંદાવનમાં રાસ કરીને ગોપીજનોના મનના મનોરથ પૂરા કર્યા હતા. આ એજ શ્રીકૃષ્ણચંદ્ર શ્રીગુસાંઈજી સ્વરૂપે ભૂતલ ઉપર પ્રકટ્યા છે. ભક્તોના તાપને હરવા માટે, ભક્તોના ભાવને પોષણ આપવા માટે પ્રકટ્યા છે. એટલા માટે તો કહેવાય છે:

શ્રી વિઠ્ઠલનાથ ચંદ ઉગ્યો જગમેં
ભક્તિ ચાંદની છાય રહી.

શ્રીભાગવતજી પણ કહે છે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય બધે ફરતા ફરતા ગયા અને જે ભક્તિ જીર્ણ બની હતી તે પણ જ્યારે વૃંદાવનમાં ગઈ, ત્યાં તે તરૂણી બની, સુંદર બની. કારણ કે ત્યાં તો કૃષ્ણચંદ્ર નિત્ય વિહાર કરે છે. શ્રીકૃષ્ણચંદ્રનો જ્યાં નિત્ય વિહાર હોય ત્યાં જ ભક્તિ તરૂણ થાય. જેણે ભક્તિને તરૂણ કરી, એ જ કૃષ્ણચંદ્ર શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ્યા છે. માટે આપણા ભગવદીયોએ કહ્યું,

શ્રીવિઠ્ઠલનાથ ચંદ ઉગ્યો જગમેં,
ભક્તિ ચાંદની છાય રહી.

જેમ રાત્રિના સમયમાં અંધકાર હોય, અને જ્યાં કાળું વાદળ હટે અને પાછળ છુપાયેલો પૂર્ણ ચંદ્ર પ્રકટ થાય. ચંદ્રમાના પ્રકટ થતાંની સાથે જ જેમ સર્વત્ર ચાંદની છવાય, અંધકારનો લોપ લઈ જાય એ જ પ્રમાણે જ્યાં સર્વત્ર અજ્ઞાનરૂપી અંધકાર છવાયો હતો ત્યાં શ્રીગુસાંઈજી સ્વરૂપે વૃંદાવનના ચંદ્ર પ્રકટ્યા અને ચંદ્રના પ્રકટતાની સાથે જ ભક્તિની ચાંદની સર્વત્ર છવાઈ ગઈ. સર્વત્ર પુષ્ટિભક્તિનો પ્રચાર થયો.

જેમ કોઈ ચકોર પક્ષી હોય, ચંદ્રના દર્શન માટે તડપતું હોય, ચંદ્રના વિયોગમાં આવી બળતા અંગારા ખાતું હોય. પણ જ્યાં ચંદ્રનો ઉદય થાય, અને ચકોરને જેવી શીતળતા મળે એવી દૈવી જીવોના મનને મળી રહી છે. જ્યારે શ્રીવિઠ્ઠલનાથ ચંદનો ઉદય આ ભૂતલ ઉપર થયો.

પોષ માસમાં નવમીના દિવસે ચરણાટમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણનું પ્રાકટ્ય થયું. એક પુષ્પની અંદર જ્યારે મકરંદ આવે ત્યારે શું ભ્રમરોને ઈન્વીટેશન લેટર લખવા પડે? આમંત્રણની કંકોત્રી મોકલવી પડે? એક પુષ્પની અંદર જ્યારે મકરંદ પ્રકટે તો જેટલા પણ યોગી ભ્રમરાઓ છે એ રસથી ખેંચાઈને, એની સુગંધમાં મત્ત બનીને ઊડતા-ઊડતા આવીને મંડરાવા લાગે. જ્યાં શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા છે, તો કોઈ વધાઈ આપવા ગયું નથી, પણ આ ભૂતલ ઉપર જેટલા પણ દૈવી જીવો છે તેમને સુંદર શુકન થવા લાગ્યા. એ જ્યારે શ્રીઠાકોરજીની સેવા કરવા ગયા, ત્યારે શ્રીઠાકોરજી એટલા હસતા હતા, એ જોઈને તેમને લાગ્યું કે આજે જરૂર કોઈ વધાઈ આવી છે. જો મારા શ્રીવલ્લભના ઘરે વધાઈ ન હોય તો મારા પ્રભુ આટલા મુસ્કુરાય નહીં, મારા પ્રભુ આનંદમાં ન આવે. દૂર દૂરથી જેટલા પણ દૈવી જીવો છે એ વગર આમંત્રણે-વગર સૂચના મળે

પોતાના શ્રીવલ્લભના ઘરે વધાઈ આવી છે એની આનંદની અભિવ્યક્તિ કરવા માટે સુંદર શૃંગાર સજી, સુંદર વસ્ત્રો પરિધાન કરીને ચરણાટ જવા લાગ્યા. આજે જરૂર કોઈ વધાઈ છે, એના વિના અમારા હૃદયમાં આવો આનંદ ન આવે. દોડતા-દોડતા ચરણાટ પહોંચ્યા અને સૌ ગોપીજનો-વૈષ્ણવજનો દ્વાર પર ઊભા હતા તેમણે શ્રીગુસાંઈજીના પ્રાકટ્યના સમાચાર આપ્યા. તેમને એટલો બધો આનંદ આવ્યો કે

આ સૌભાગ્ય સુંદરી મળી ધવલ ગાયે,
સુહાયે રૂડા કંઠના નાદ,
આહ્લાદ ઉપન્યો તે અંગોઅંગ ઘણો...૨

શ્રીગોપાલદાસજી દ્વાર પર ઊભા છે. આપણે પણ શ્રીગોપાલદાસજીની પાસે ઊભા છીએ અને શ્રીગોપાલદાસજી આપણને દર્શન કરાવે છે અને કહે છે, 'આ સૌભાગ્ય સુંદરી મળી ધવલ ગાયે.'

શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા છે અને જેટલા પણ વૈષ્ણવ બહેનો છે, તેઓ પોતાના પ્રીતમ પધાર્યા છે, પોતાના પ્રાણવલ્લભ પધાર્યા છે, શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા છે, એનો હૃદયમાં એટલો આનંદ છે, ત્યાં જ એક બ્રાહ્મણ શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ લઈને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યો અને કહ્યું, કૃપાનાથ, મારે આ સ્વરૂપ આપને પધરાવવું છે. જ્યારે એ શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને પધરાવ્યું અને શ્રીવલ્લભે કહ્યું, 'આજ મેરે ઘર શ્રીઠાકોરજી દો સ્વરૂપસું પધારે - એક સ્વરૂપસું સેવા લેવે ઔર દૂસરે સ્વરૂપસે સેવા કરવે.' જ્યાં આ શબ્દો શ્રીમહાપ્રભુજીના મુખથી સર્યા અને બહાર ઊભેલા વૈષ્ણવોએ આ શબ્દો સાંભળ્યા અને વિશ્વાસ થઈ ગયો કે આજે હૃદયમાં આનંદ છવાઈ રહ્યો છે તે એમનેમ નથી. આજે મારા પ્રભુ પ્રકટ્યા છે એની ખાત્રી શ્રીવલ્લભના મુખથી થઈ. પછી તો વૈષ્ણવોના મનમાં આનંદ ક્યાંથી સમાય?

'આ સૌભાગ્ય સુંદરી મળી ધવલ ગાયે'- ફક્ત સ્ત્રીઓ ગાઈ રહી છે, એમ નહીં, પરંતુ જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા ત્યારે જેટલા પુરૂષો અને સ્ત્રીઓ હતાં, તેઓ સાથે મળીને સુંદર ધોળ ગાવા લાગ્યાં. કોઈએ ગાવાનું કહ્યું નથી. ગાવાની મનમાં કોઈ કામના પણ નહોતી. ગાવાનો સંકલ્પ પણ કર્યો નહતો. પણ જ્યારે પોતાના પ્રિયતમનો સ્પર્શ થાય, પોતાના સેવ્યનો જ્યારે અનુભવ થાય ત્યારે ગીત ગાવાં ન પડે, ગીત અંદરથી ઊઠે. અને જે અંદરથી જાગે એને કીર્તન કહેવાય. ગાવાનો પ્રયત્ન કરવો પડે, ગાવું પડે ત્યારે માનવું કે ગાન થઈ રહ્યું છે, પણ સાચા અર્થમાં અંદરથી પ્રીતમને પ્રાપ્ત કરવાનો આનંદ છે એ શબ્દરૂપે પ્રકટ થવા લાગે ત્યારે માનવું કે સાચા અર્થમાં ગુણગાન થઈ રહ્યું છે. માટે - 'આ સૌભાગ્ય સુંદરી મળી ધવલ ગાયે'- મળીને સુંદર ગુણગાન ગાઈ રહી છે. ગાઈ ગાઈને એકબીજાના વખાણ કરી રહી છે. જુઓ, તારા કેવા ભાગ્ય કે પ્રભુ પધાર્યા અને 'સુહાયે રૂડા કંઠના નાદ.' એ વખતે વૈષ્ણવજનોના એવા સુંદર કંઠ થઈ ગયા. ઘણાબધા એવા હતા કે ગાઈ શકતાં નહોતાં. ઘણાબધાને ગાવાનું જ્ઞાન નહોતું. ઘણાબધા એવા હતા કે જેમને રાગની કોઈ માહિતી ન હતી.

પણ જ્યારે કલાનિધિનો સ્પર્શ થયો અને કંઠમાંથી એવી સુરાવલીઓ ઊઠવા લાગી કે એમનું ગીત સાંભળીને બધા તલ્લીન થઈ ગયા. માનો બધાની સમાધિ લાગી ગઈ. આવું શા માટે ગાઈ રહી છે? તો કહે છે 'આહ્લાદ ઉપન્યો તે અંગોઅંગ ઘણો.' ત્યારે શ્રીગુસાંઈજીના પ્રાકટ્યથી વૈષ્ણવોના રોમરોમમાં એટલો આનંદ છવાયો કે એ આનંદ પોતાની અંદર સમાઈ ન શક્યો અને એકબીજાના હાથ પકડીને ગોળ-ગોળ ફરતી જાય અને મધુરાં ગીત ગાતી જાય. શ્રીગુસાંઈજી પ્રભુચરણ જ્યાં પ્રકટ્યા એ સ્થાનને સૂતિકાસદન કહેવાય. હંમેશા સૂતિકાસદનમાં અંધારુ હોય. પણ શ્રીગુસાંઈજી પ્રભુચરણ જ્યારે પ્રકટ્યા ત્યારે આખા ચરણાટમાં જો સૌથી વધારે કોઈ પ્રકાશિત હતું તો આ સૂતિકાસદન હતું. શ્રીગોપાલદાસજી આગળ કહી રહ્યા છે -

'આ સૂતિકાસદન સોહામણું,
શૌભા રૂડી લહેરડે જાયે,
આ વાર્જિંત્ર વાગે તેણે સમે તણાં...'૩

જેમ દરિયાના તટ ઉપર જઈને ઊભાં હોઈએ અને સમુદ્રની લહેરો જોતાં હોઈએ, તો એક નહીં તો બીજી લહેર આપણને ભીંજવ્યા વગર રહે નહીં. આ સૂતિકાસદન પણ એવું સાગર જેવું બની ગયું. જ્યાંથી આનંદની લહેરો વૈષ્ણવો તરફ આવવા લાગી. જ્યારે જ્યારે જે લહેરનો સ્પર્શ જે વૈષ્ણવને થાય ને મુગ્ધ બનીને - ભાવાવેશમાં આવીને નૃત્ય કરવા લાગે- ગાવા લાગે. આ સૂતિકાસદન એવું દેદિપ્યમાન બન્યું છે કે તેમાંથી આનંદની લહેરો આવી રહી છે.

જેમ સાગર તટ ઉપર ગમે ત્યાં પ્રભુનું નામ લખો, તો થોડીવારમાં કોઈ લહેર આવીને પ્રભુનું નામ લઈ જશે, એમ શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા આવેલા હજારો વૈષ્ણવો ઊભા છે, અને સૂતિકા સદનમાંથી આનંદની એક-એક લહેર આવી રહી છે. જેના જેના હૃદયમાં શ્રીગુસાંઈજી પ્રકટ્યા છે એને લહેર આવીને ખેંચીને લીલારસ સાગરમાં લઈ જઈ રહી છે. જે-જે લીલારસસાગરમાં મુગ્ધ બને છે એને દેહનું ભાન રહેતું નથી. એ વધાઈ ગાવા લાગે છે, નૃત્ય કરવા લાગે છે. જ્યાં એ લહેરો ખેંચે, બીજા કોઈને સંભળાય નહીં, પણ આ સૂતિકાસદનમાંથી આનંદની લહેરો આવી રહી છે અને જેના-જેના હૃદયમાં શ્રીવિઠ્ઠલનાથપ્રભુ પ્રકટ્યા એને આ લહેર ખેંચીને આનંદસાગરમાં લઈ ગઈ. આટલા બધા વૈષ્ણવો હાજર છે, પણ જે વૈષ્ણવ આનંદરસમાં ડૂબ્યો એને સંભળાવા લાગ્યું કે આકાશમાં વાર્જિંત્રો વાગી રહ્યા છે અને વાર્જિંત્રોના તાલ ઉપર એ વૈષ્ણવો નાચવા લાગે છે. બીજા બધાને વિચાર આવે, સ્ટેપ તો સાચા આવી રહ્યા છે. તાલ તો બરાબર પગથી આપે છે. પણ એની સંગત કોણ કરી રહ્યું છે? શેના આધારે આ નૃત્ય થઈ રહ્યું છે? શેના આધારે આવા સુંદર તાલ આવી રહ્યા છે? જે-જે આનંદરસ સાગરમાં ડૂબે છે એને વાર્જિંત્રો સંભળાય છે. આકાશમાં દેવતાઓ વાર્જિંત્રો વગાડી રહ્યા છે. શ્રીગુસાંઈજીનાં વધામણાં ગાઈ રહ્યા છે, એ દર્શન બીજા કોઈને થતાં નથી, એનું શ્રવણ બીજા કોઈ કરી શકતા નથી. જેઓ શ્રીવલ્લભનાં દર્શન કરતાં કરતાં જાય અને શ્રીગોપાલદાસજીની આંગળી પકડી લે એને એ

વાજિંત્રો સંભળાય. એને શ્રીગુસાંઈજીનાં દર્શન થાય. એને આનંદરસસાગરના હિલોળમાં ખેંચાઈને તણાવાનું મન થાય. શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા છે એનો આનંદ કોણ સ્થિર રાખી શકે? સૌ મગ્ન બની, એકબીજાનો હસ્ત પકડી નાચી રહ્યા છે - ગાઈ રહ્યા છે. શ્રીવલ્લભના મનમાં આજે એવો આનંદ છે કે પોતાનું સર્વસ્વ દાન આપવા તૈયાર થયા છે. આજે પોતાના ઘેર પ્રભુ પ્રકટ્યા છે.

'બ્રહ્મ લટકા કરે બ્રહ્મ સામે' એવું નરસિંહ મહેતાએ કહ્યું છે. વલ્લભ પણ સાક્ષાત્ પ્રભુ. એમને ઘેર શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ પ્રકટ્યા છે અને એનો આનંદ એવો અપાર છે કે શ્રીવલ્લભ પણ પોતાનું સર્વસ્વ આપી રહ્યા છે. એટલા માટે ચોથી કડીમાં શ્રીગોપાલદાસજી કહે છે :

આ સર્વસ્વ દાન તેણે સમે,
કરે રે શ્રીવલ્લભજી ઉદાર,
આ સુકુમાર સુત ઉદયો શ્રવણે સુણી:..૪

શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા છે એ શ્રવણ શ્રીમહાપ્રભુજીએ કર્યું, હજુ તો શ્રીગુસાંઈજીને જોયા નથી, શ્રીગુસાંઈજીના મુખને પણ નથી જોયું પણ શ્રીવલ્લભના હૃદયમાં એટલો આનંદ છવાયો કે એ આનંદ શ્રીવલ્લભના હૃદયમાં સમાઈ ન શક્યો. માનો આ સર્વસ્વ દાન એ સમયે કરે શ્રીવલ્લભજી ઉદાર. શ્રીવલ્લભ તો સદા મહોદાર ચરિત્રવાન છે. શ્રીવલ્લભ તો અદેયદાનદક્ષ છે. દાન આપવામાં પણ શિરોમણી. વળી કોઈ ન આપી શકે એવું દાન આપવામાં સમર્થ શ્રીવલ્લભ છે. આજે શ્રીવલ્લભે સંકલ્પ કર્યો કે આજે મને શ્રીગુસાંઈજીના પ્રાકટ્યની વધાઈ આપશે તેને હું મારું સર્વસ્વ આપતો રહીશ. શ્રીવલ્લભના દ્વાર પર અનેક વૈષ્ણવો આવેલા છે અને જેમના મુખથી વધાઈ આવે છે - 'વધાઈ હો, વધાઈ હો' તો એને શ્રીવલ્લભ પોતાનું સર્વસ્વ આપી દે છે. સર્વસ્વ આપવું એટલે શું?

એક અર્થ એ થાય કે જેટલા જીવો વધાઈ શ્રવણ કરીને આવ્યા હતા તેમાં અમુક પુષ્ટિજીવો હતા, અમુક મર્યાદાજીવો હતા, અમુક પ્રવાહી જીવો પણ હતા. પુષ્ટિજીવોમાં પણ પ્રવાહ-પુષ્ટિ, મર્યાદા-પુષ્ટિ અને પુષ્ટિ-પુષ્ટિ એમ બધા પ્રકારના જીવો હતા. દરેકને એમના અધિકાર પ્રમાણે શ્રીવલ્લભ અલગ-અલગ વસ્તુ આપતા હતા. કોઈ આવીને કહે : 'શ્રીવલ્લભ વધાઈ હૈ' તો ઘણાને તો શ્રીવલ્લભ પોતાનું સર્વસ્વ એટલે દ્રવ્ય વગેરે આપતા હતા. બીજા એવા જીવો હતા કે જેમને પોતાનું સર્વસ્વ એટલે કે સ્વરૂપામૃતનું દાન શ્રીવલ્લભ આપતા હતા. કેટલાકને પોતાનું સર્વસ્વ એટલે કે શ્રીઠાકોરજી તેમના હૃદયમાં પધરાવતા હતા. વલ્લભનું સર્વસ્વ શું છે? સર્વસ્વ એટલે શ્રીઠાકોરજી. તો કહે છે શ્રીવલ્લભ તે સમયે એટલા આનંદમાં હતા કે જે જીવ જઈને જે માગે તે એ જીવને આપતા હતા. કોઈ કહે કે વલ્લભ, એવી કૃપા કરો, અમે જે માગીએ તે આપો. આજે અમારો અધિકાર છે.

શ્રીવલ્લભ કહે, માગો. જે માગો તે આપું. તો કહે : 'કૃપાનાથ એવી કૃપા કરો કે અમારા ઘરમાં બિરાજતા ઠાકોરજી સદા અમારે વશ થઈ જાય. મારા પ્રભુને મને છોડીને ક્યાંય જવું ગમે નહિ. મારા પ્રભુ મારા વિના રહી ન શકે.'

ત્યારે શ્રીવલ્લભ આનંદમાં આવીને કહે કે જા, તારા પ્રભુને તને આપ્યા. તારે વશ કરી દીધા.

કારણકે આજે વલ્લભ સર્વસ્વ દાન કરી રહ્યા છે. વલ્લભનું સર્વસ્વ એટલે ઠાકોરજી અને જ્યાં સર્વસ્વ આપવા તૈયાર થયા છે ત્યારે જે કક્ષાના જીવ છે અને જે માગે છે તે આપે છે.

જેને શ્રીવલ્લભના સ્વરૂપમાં આસક્તિ છે એને પોતાના સ્વરૂપનું દાન કરે છે. કેટલાક જીવો એવા છે જેમને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં આસક્તિ છે તેમને કૃપા કરી શ્રીગુસાંઈજીના પ્રાગટ્યનું અને શ્રીગુસાંઈજીના સ્વરૂપના જ્ઞાનનું દાન કરે છે. તે પણ વલ્લભનું સર્વસ્વ છે અને આ સર્વસ્વનું દાન શ્રીવલ્લભ કરી રહ્યા છે. કારણકે વલ્લભ કેવા છે? વલ્લભજી ઉદાર. જ્યારે આપનો કનકાભિષેક કરવામાં આવ્યો અને રાજાએ સોનામહોરો લેવાનું કહ્યું ત્યારે તેની પણ ના પાડી. માત્ર સાત સુવર્ણમુદ્રા લઈ એમાંથી શ્રીઠાકોરજીના નુપૂર કરાવ્યા. આવા શ્રીવલ્લભ ઉદાર, આજે સર્વસ્વનું દાન આપી રહ્યા છે.

દાન આપવામાં ત્રણ વસ્તુ મહત્ત્વની છે. પહેલી એ કે દાન એ આપી શકે કે જેની પાસે મોટું મન હોય. જે દાન આપવામાં સમર્થ હોય. જેની પાસે આપવા માટેનું કંઈક હોય. બીજું એ કે દાન આપે તો ખરા પણ સામે લેવા માટે યોગ્ય પાત્ર પણ હોય. ઉત્તમ વસ્તુ આપીએ પણ સામે ફૂટેલું પાત્ર હોય તો દાન ટકે? ના ટકે. અને ત્રીજી વસ્તુ એ કે આપવાનો મોકો પણ હોય. આજે દાન આપવામાં જે ઉદાર છે, અદેય દાન પણ જે આપી શકે છે, તેવા શ્રીવલ્લભ છે. સામે એ લેનાર પણ છે અને આપવાની ઈચ્છા થાય એવો મોકો પણ છે. આ ત્રણ વસ્તુ મળે ત્યારે દાન લેનાર ખાલી હાથે ન જાય. આજે શ્રીગુસાંઈજી પ્રગટ્યા છે. દૈવી જીવો સામે આવ્યા છે કારણ કે આજે એમને માગવાનો હક છે અને વલ્લભ, જે અદેય વસ્તુ આપી શકે, એમની આપવાની ઈચ્છા પણ છે.

આમ આ ત્રણ વસ્તુનો સંયોગ આજે મળ્યો છે. પછી માગવામાં બાકી જ શું રહે? જેઓ શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં આસક્ત જીવો હતા તેઓ ભાગતા ભાગતા આવ્યા અને કહે છે : 'કૃપાનાથ, અમને શ્રીગુસાંઈજીના મુખારવિંદનાં દર્શન કરાવો.' વલ્લભ એ અંતરંગ જીવોને અંદર લઈ ગયા અને દર્શન કરાવ્યાં. શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં એમના રોમ રોમમાં એટલો આનંદ છવાયો, અંગ અંગમાં એટલો આનંદ છવાયો કે તેઓ જ્યારે દર્શન કરીને બહાર આવ્યા ત્યારે દેહની સુધ રહી નથી. કારણકે દર્શન કરતાં તેમને થયું કે સારસ્વત કલ્પની લીલામાં પણ તેઓ હતા. એમને સુધ આવી ગઈ કે હે કૃપાનાથ, અમારો સંબંધ આપની સાથે આ જન્મનો નથી. આપની સાથેનો સંબંધ તો ઘણો જૂનો છે. આજે એ જ પ્રભુ પધાર્યા છે જેમણે સારસ્વત કલ્પમાં અમારા મનોરથ પૂર્ણ કર્યા હતા. અને જ્યાં શ્રીગુસાંઈજીના વધામણાં ગાતાં ગાતાં આગળ ચાલી રહ્યાં છે, માર્ગમાં ગાતાં જાય છે અને નાચતાં જાય છે, ત્યારે એક સખી બીજી સખીને પૂછે છે : 'તારા મનમાં આજે આટલો આનંદ શાને માટે છે?' ત્યારે કહે છે કે આજે એવા સમાચાર છે કે એ સાંભળીને હું ધન્ય થઈ છું અને તું પણ ધન્ય થઈશ.'

'શું થયું છે?'

'આજે કોઈનું પ્રાગટ્ય થયું છે.'

'કોણ પ્રગટ્યું છે?' ત્યારે ગાય છે :

આજે આનંદ મારા રે અંગમાં,
રસ વાધ્યો છે રૂડા રે રંગમાં,
આજે મારા રોમ રોમમાં આનંદ વ્યાપ્યો છે.

કારણ

પધાર્યા રે, પધાર્યા રે શ્રી વિઠ્ઠલનાથ,
નજરું ભરી ભરી નીરખીએ.

હે સખી શું બતાવું? આજે આપણા શ્રીવિઠ્ઠલનાથ પ્રગટ્યા છે. એમને નયન ભરી ભરીને આપણે નીરખીએ. નયન ભરીને નીરખ્યા ક્યારે કહેવાય? નયન ભરીને કેવી રીતે નીરખાય?

જ્યારે શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કરીએ, અને એ દર્શન કર્યા પછી આપણાં નેત્રોને બીજા કોઈને જોવાનું મન ન થાય, ત્યારે માનવું કે નયન ભરીને નીરખ્યા. એમને એકવાર નીરખ્યા પછી આ નેત્રોને સદાને માટે બંધ રાખવાનું મન થઈ જાય ત્યારે માનવું કે નયન ભરીને પ્રભુને નીરખ્યા. એ દર્શનનો આનંદ સદા નેત્ર બંધ કરીને માણીએ.

ધન્ય ધન્ય શ્રીવલ્લભ તાતને,
ધન્ય ધન્ય શ્રીઅક્કાજી માતને,
જેણે જાયા રે, જેણે જાયા રે શ્રીજુગદાધાર,
નજરું ભરી ભરી નીરખીએ-
આજે આનંદ મારા રે અંગમાં.

આમ ગાતાં ગાતાં આગળ ગયાં. ત્યાં બીજો પ્રસંગ યાદ આવી ગયો. શ્રીયમુનાજીનો તટ દેખાયો. જે તટ ઉપર ઊભા ઊભા શ્યામસુંદરે બંસી બજાવી હતી, એ શ્રીયમુનાજીનાં ઠકરાણી ઘાટનાં દર્શન થયાં. શ્રીગુસાંઈજીનાં દર્શન થતાંની સાથે સારસ્વત કલ્પની લીલાનું, વ્રજની લીલાનું અનુસંધાન થયું. તેથી ગાય છે.

ધન્ય ધન્ય શ્રી જમુનાનાં નીરને,
ધન્ય ધન્ય શ્રી લહેર તરંગને,
ધન્ય ધન્ય રે, ધન્ય ધન્ય રે શ્રી ઠકુરાણી ઘાટ,
નજરું ભરી ભરી નીરખીએ -
આજે આનંદ મારા રે અંગમાં.

વિચાર કરો. શ્રીગુસાંઈજી પ્રગટ્યા છે ક્યાં? ચરણાટમાં. સખીઓ દર્શન કરવા ચરણાટમાં ગઈ છે. પણ વર્ણન શાનું કરે છે? ધન્ય શ્રી જમુનાના નીરને, ધન્ય ધન્ય શ્રી લહેર તરંગને, ધન્ય શ્રી ઠકુરાણી ઘાટને. દર્શન શ્રીગુસાંઈજીનાં શ્રીમુખનાં કરી રહી છે, એમને નયન ભરીને નીરખી રહી છે, પોતાના નયનોમાં એમને વસાવ્યા. હૃદયમાં એમને પધરાવ્યા અને તેમને સારસ્વત લીલાનું અનુસંધાન થઈ આવ્યું. કારણ આ ત્રીજું આખ્યાન એ સ્મરણ ભક્તિ છે. જ્યારે આ લીલાનું અનુસંધાન થાય ત્યારે હું કાયમ કહું છું કે જેટલા જેટલા જીવો અહીં વલ્લભના ગુણગાન સાંભળી રહ્યા છે, એ બધા જીવો ચરણાટમાં જ્યારે શ્રીગુસાંઈજીનો ઉત્સવ ઉજવાતો હશે ત્યારે કોઈને કોઈ સ્વરૂપે ત્યાં જરૂર હાજર હશે, એ વાતની મને ખાત્રી છે. જો આપણે ત્યાં હાજર ન હોત તો આજે આ લીલાનું સ્મરણ કરી શકત નહિ.

જેમ આ જીવોને શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં કરતાં શ્રીયમુનાજીનાં દર્શન થયાં અને એમને સુધિ આવી ગઈ કે પોતે કોણ છે અને ભૂતલ પર શા માટે આવ્યા છે, એમ શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં કરતાં તેમની કૃપા થાય અને તેઓ આપણા નયનોમાં પધારે

અને આપણને દૃષ્ટિ મળે કે આપણે કોણ છીએ.

ધન્ય ધન્ય શ્રીવનરાતે વનને,
ધન્ય ધન્ય શ્રી કદમ્બ કેરી છાંયને,
મારે વ્હાલે રે, મારે વ્હાલે રે કીધો વેણુનો નાદ,
નજરું ભરી ભરી નીરખીએ –
આજે આનંદ મારા રે અંગમાં.

વિચાર કરો, એક સખી જ્યારે શ્રીગુસાંઈજીની પાસે આવી અને તેમનાં શ્રીમુખનાં દર્શન કર્યાં, નેન ભરીને શ્રીગુસાંઈજીને પોતાના હૃદયમાં પધરાવ્યા, સામે તો શ્રીગુસાંઈજી છે પણ શું દેખાયું? શ્રીયમુનાજી. શ્રીયમુનાજીનો તટ. જલમાં ઉઠતી તરંગો અને ઘાટ. આ એ જ ઘાટ હતો, જે ઘાટ ઉપર ક્યારેક પ્રભુએ આવીને, માથે દહીં લઈને મથુરા વેચવા જતી એ ગોપીના હાથને પકડીને, એના માટને ફોડીને, એનું દહીં ગ્રહણ કર્યું હતું, એ દૃશ્ય ગોપીને દેખાયું. આમ એક ગોપીને યમુનાજીનાં દર્શન થયાં. બીજા વૈષ્ણવો આવીને દર્શન કરે છે તો એમને શું દેખાયું?

તેઓ છે ચરણાટમાં પણ ત્યાં દર્શન થાય છે એ વૃંદાવનના, જ્યાં કદંબના વૃક્ષ નીચે ઊભા ઊભા શ્યામસુંદર વેણુ અધરો ઉપર ધરીને વેણુનાદ કરે છે. એક ચરણ ભૂમિ ઉપર છે, બીજો કદંબના વૃક્ષને ટેકવેલો છે અને વેણુવાદન કરી પોતાને નામ દઈ દઈને બોલાવી રહ્યા છે. એવો અનુભવ અહીં ચરણાટમાં શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં એમને થઈ રહ્યો છે. કોઈને યમુનાજીનાં જળ દેખાય છે, કોઈને વેણુનો નાદ સંભળાય છે. આમ શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં કરતાં નિત્યલીલાનું અનુસંધાન થઈ રહ્યું છે. છે તો બાળસ્વરૂપે, છતાં પ્રભુની કિશોરલીલાનો અનુભવ જીવોને કરાવી રહ્યા છે. ત્રીજી સખીનો અનુભવ સાંભળીએ.

ધન્ય ધન્ય શ્રી ગોકુળિયાની ગલીઓને,
ધન્ય ધન્ય શ્યામજીના જૂથને,
ગોપી હળીમળીને, ગોપી હળીમળીને,
કાંઈક મંગળ ગાય,
નજરું ભરી ભરી નીરખીએ –
આજે આનંદ મારા રે અંગમાં.

એકને યમુનાજી અને બીજાને વૃંદાવનનાં દર્શન થયાં. હવે આ વૈષ્ણવ, કે જેને યુગલ સ્વરૂપમાં આસક્તિ છે, એમણે આવીને દર્શન કર્યાં તો એમને શું દર્શન થયાં? એમને ગોકુળની ગલીઓ દેખાઈ. એમાં રાધાજી પોતાની અનેક સખીઓ સાથે ઊભાં છે. કાંઈક બોલી રહ્યાં છે.

ગોપીઓ આવીને એમને કહે છે : અરે શ્યામાજી, જુઓ તો ખરાં, શ્રીઠાકોરજી કોઈને કોઈ બહાનું કરીને આપનાથી રૂઠી જાય છે. આજે એવું કરો કે આપ ઠાકોરજીથી રિસાઈ જાઓ. મનાવવા આવે તો માનતાં જ નહિ.

રાધાજી કહે છે : ‘આ તો ગોકુળ છે. ગોકુળની અંદર હું ક્યારેય માન કરી જ ન શકું. આ ગોકુળની ગલીઓમાં મારાથી માન ન થાય.’

સખીઓ વિનવે છે : ‘અરે શ્યામાજુ, એક વાર માન કરી તો જુઓ. શ્રીઠાકોરજી લાખ પ્રયત્ન કરે, આપ માનતાં જ નહિ.’

રાધાજી કહે છે કે આ ગોકુળમાં આવીને હું એ પણ ભૂલી ગઈ છું કે માન કેવી રીતે થાય? અહીં તો પ્રભુ પ્રકટ્યા છે. જે ગામમાં પ્રભુનો

નંદમહોત્સવ- પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો હોય તે ગામમાં હું માન કેવી રીતે કરું?'

સખીઓ કહે છે કે અમારો મનોરથ છે, માટે આપ માન કરો.

'પણ હું માન કરતાં જ ભૂલી ગઈ છું. માન તેવી રીતે થાય?'

સખીઓ કહે છે : પ્યારીજી, જ્યારે ઠાકોરજી હમણાં અહીં પધારે ત્યારે આપ નીચે બેસી જજો. માથું નીચું કરી દેજો. જ્યારે આપની સામે પધારે ત્યારે ઊંચા થઈને જોતાં પણ નહિ. કંઈક બોલવા જાય તો સાંભળતાં પણ નહિ. સામે આવીને જરાક લટકાં કરે તો પણ જાણે કોઈ સામે ઊભું નથી એવું રાખજો.' સખીઓ પૂછે છે : બરોબર સમજાઈ ગયું ને? 'હા, બરોબર સમજાઈ ગયું.'

સખીઓ સંતાઈ ગઈ. આજુબાજુ ઊભી રહીને જોવા લાગી. ત્યાં જ ઠાકોરજી પધાર્યા. સખીઓ આટલો આટલો ઉપદેશ આપીને ગઈ હતી છતાં જ્યાં શ્રીઠાકોરજી પધાર્યા કે રાધાજી દોડ્યાં અને શ્રીઠાકોરજીને હૃદયથી લગાવી દીધા. સખીઓએ માથાં પકડ્યાં. આટલું આટલું કહ્યું, સમજાવ્યું અને આમણે તો શ્રીઠાકોરજીની સાથે માન કરવાને બદલે હૃદયથી લગાવી દીધા!

ફરી સમજાવ્યું : 'જુઓ, હવે એ વેણુ વગાડે તો પણ આપ સાંભળતાં નહિ. સામે આવીને મીઠી મીઠી વાતો કરે તો પણ જાણે ઓળખતાં જ નથી એવું કરજો.' રાધાજી કહે છે : 'ફરી પ્રયત્ન કરી જોઉં.'

થોડીવારમાં પ્રભુ પધાર્યા. સખીઓએ કહ્યું સામે જતાં નહિ. પણ જેવા પ્રભુનાં દર્શન થયાં કે રાધાજી ભાગતાં ભાગતાં ગયાં અને ઠાકોરજીને હૃદયથી લગાવી દીધા.

સખીઓ કહે છે, રાધેરાણી આપ આ શું કરો છો? વારેવારે આપને કહીએ છીએ કે માન કરો, પણ કરતાં કેમ નથી?

રાધાજી કહે છે : આ તો ગોકુલની ગલીઓ છે. અહીં હું માન કરી જ નથી શકતી. તમે એવી ઈચ્છા રાખતા હો કે મારા શ્યામસુંદર સામે આવે અને હું એમને હૃદયથી ન લગાવું તો તમે એક કામ કરો, તો જ હું માન કરી શકીશ. જ્યારે પ્રભુ પધારવાના હોય તે પહેલાં મારા પગમાં અને હાથમાં લોઢાની બેડીઓ બાંધી દો. જેથી હું પ્રભુ પાસે જઈ ન શકું. મારા કાનમાં રૂનાં પૂમડાં નાખી દો જેથી હું મારા પ્રભુના મીઠાં વચનોને સાંભળી ન શકું. મારા ખોળામાં મારા શ્યામસુંદરનું ચિત્ર પધરાવી દો જેથી મારી દૃષ્ટિ એ ચિત્ર સામે રહે અને હું એમની સામે ન જોઉં. તે સિવાય હું માન નહિ કરી શકું.

સખીઓ કહે છે આ પ્રભાવ રાધાજીનો નથી પણ ગોકુલની ગલીઓનો છે. જો વૃંદાવનમાં આવું કહ્યું હોત તો તરત રાધાજી માન કરત. અહીં આવીને રાધાજી માન કરવાનું ભૂલી ગયાં છે. માટે બધી સખીઓ મળીને મંગળ ગાવા લાગી. માટે કહ્યું : ધન્ય ધન્ય ગોકુલની ગલીઓ કે જ્યાં આવીને રાધારાણી માન કરવાનું ભૂલી ગયાં છે. ધન્ય ધન્ય શ્યામાજીના જૂથને કે જેણે આટલો આટલો પ્રયત્ન કર્યો પણ રાધાજી માન કરી ન શક્યાં. ગોપી હળીમળીને મંગલ ગાય. શું મંગલ ગાય છે? જ્યારે આપણે ગોકુલની ગલીઓમાં શ્યામસુંદરને ગોતતાં

હોઈશું ત્યારે શ્યામસુંદર આપણી પાસે આવ્યા વિના રહી નહિ શકે. માટે છેલ્લે ગાય છે :

ધન્ય ધન્ય શ્રી વ્રજના જીવનને,
ધન્ય ધન્ય વૈષ્ણવ સર્વે સાથને,
બલિહારી રે, બલિહારી રે જાય માધવદાસ.
નજરું ભરી ભરી નીરખીએ -
આજે આનંદ મારા રે અંગમાં.
રસ વાધ્યો છે રૂડાં રે રંગમાં - પધાર્યા રે,
પધાર્યા રે શ્રીવિઠ્ઠલનાથ,
નજરું ભરી ભરી નીરખીએ.

આ ત્રીજા આખ્યાનનો રાગ ધનાશ્રી છે અને અહીં પણ કહે છે ધન્ય ધન્ય વ્રજના જીવનને. ધન્ય ધન્ય વૈષ્ણવ સર્વ સાથને. કવિ કહે છે કે આ પ્રભુને તો ધન્ય છે, પણ જે જીવોને આ લીલાનાં દર્શન થયાં તે જીવોને પણ ધન્ય છે. આજે આ લીલાનું શ્રવણ કરવા મારી સાથે જે વૈષ્ણવો છે, આ લીલાનું જે શ્રવણ કરી રહ્યાં છે તે વૈષ્ણવો પણ ધન્ય છે.

જેઓ શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન નજરું ભરી ભરીને કરે છે, એ પછી એનો આનંદ હૃદયમાં કેમ રાખી શકે? એ પોતાનાં ભાવોને અંકુશમાં કેમ રાખી શકે? વૈષ્ણવો ભાગતા ભાગતા જાય અને વધાઈ આપતા જાય કે આ તો શ્રીગુસાંઈજીના પ્રાગટ્યનો ઉત્સવ છે. આ પ્રાગટ્યના સમાચાર આ બ્રહ્માંડમાં તો બધે ફેલાયા, અહીં સુધી ન રહેતાં પાતાળ સુધી ગયા. માટે પાંચમી કડીમાં કહે છે :

આ પાતાળે શેષનાગ રીઝિયા,
ઉપર ઈન્દ્રાદિક દેવ,
આ તતખેવ સુણી નિશાન વજડાવિયાં...૫

શ્રીગુસાંઈજી પ્રભુચરણના પ્રાગટ્યનો આનંદ માત્ર ભૂતલ સુધી રહ્યો નથી. મેં તમને પહેલાં પણ કહ્યું હતું કે આ શ્રીગુસાંઈજી, શ્રીઠાકોરજી અને ભગવદીયની વાણી છે, માટે બે વાર ગવડાવ્યા પછી ત્રીજી વાર હું એક સાથે ગાવા કહું છું. ઘણાંને એમ લાગે કે પહેલી બે વાર અમારે નહિ ગાવાનું? પહેલી વાર શ્રીગુસાંઈજી, પછી શ્રીજી અને પછી ગોપાલદાસજી. એ ત્રણે કૃપા કરીને દાન કરે તો એની આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક એમ ત્રણે લીલા આપણા હૃદયમાં સ્ફુરિત થાય અને પ્રકટ લીલાનાં દર્શન આપણે કરી શકીએ.

ગોપાળદાસજી કહે છે કે શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનો આનંદ જ્યારે પાતાળ સુધી ગયો ત્યારે શેષજી આનંદમાં આવીને ડોલવા લાગ્યા. પ્રશ્ન થાય કે શ્રીગુસાંઈજીના પ્રાકટ્યથી શેષજીને આનંદ કેમ થયો? કારણ કે સર્પ એ તમોગુણ કહેવાય અને શેષજી તમોગુણના અધિષ્ઠાતા છે. ચાહે ભગવદ્ધામ છે, ભગવદ્ શૈયા છે. હવે શ્રીગુસાંઈજી પ્રભુચરણ કોણ છે? વિઠ્ઠલ - તમો રૂપી અંધકારને દૂર કરનારા. જે તમને -અંધકારને દૂર કરે છે, તેવા શ્રીવિઠ્ઠલ છે. શેષજી તમોગુણના અધિષ્ઠાતા છે. તો પછી શ્રીગુસાંઈજીના પ્રાગટ્યથી શેષજી પ્રસન્ન કેમ થયા? શેષજી ડોલવા કેમ લાગ્યા? તેમના મનમાં આનંદ કેમ થયો? તો કહે છે કે આપ અંધકાર તો દૂર કરે છે પણ શેષજી ભગવદ્ શૈયા છે. શ્રવણ અને કીર્તનભક્તિ એમને સિદ્ધ છે. જેની ઉપર શ્રીઠાકોરજી પોઢે છે અને સહસ્ર મુખે જેઓ પ્રભુનાં અખંડ ગુણગાન ગાય છે તેમજ પોતાની હજારો આંખોથી અસ્ખલિત રૂપે પ્રભુનાં દર્શન કરે છે. આંખોની પાંપણો બંધ કર્યા વિના

પ્રભુનાં મુખનાં દર્શન કરે છે. કહે છે કે જે ભગવાન વિષ્ણુને માટે મારા દેહની શૈયા બનાવું છું, જેના અખંડ ગુણગાન મારા હજારો મુખથી ગાઉં છું. હજારો નેત્રોથી જેનાં દર્શન કરું છું, આજે એનાથી પણ પર કોઈ પ્રભુ પ્રકટ્યા છે. એ પ્રાગટ્યના આનંદનો આવેશ શેષજીમાં પણ આવ્યો અને તેઓ ડોલવા લાગ્યા.

વળી આચાર્ય સ્વરૂપે પણ શેષજી છે. આચાર્ય સ્વરૂપે શેષજી હોવાથી જ્યારે આ ભૂતળના લોકો ભગવાનનું વર્ણન મનઘડંત રીતે કરવા લાગ્યા, ભગવાનના સ્વરૂપનું અને ભગવાનની લીલાનું અર્થઘટન કાલ્પનિક અને લૌકિક રીતે કરવા લાગ્યા, તો સૌથી વધારે પીડા શેષજીને થાય. એ જીવ એમને માથે ભાર જેવો લાગે. પણ જ્યારે શ્રીગુસાંઈજી પ્રકટ્યા ત્યારે તેમને વિશ્વાસ જાગ્યો કે હવે આ ભૂતલના જીવો પ્રભુના સાચા સ્વરૂપને જાણશે, માટે શેષજીને આનંદ થયો.

એ આનંદ ભૂતલ ઉપરથી સ્વર્ગમાં ગયો. ઈન્દ્ર છે એ સત્વગુણી છે. એણે પણ શ્રીગુસાંઈજીના પ્રાકટ્યના સમાચાર સાંભળ્યા. વધાઈ મળતાંની સાથે એણે આદેશ કર્યો કે આનો આનંદ અહીં પણ મનાવવો જોઈએ. ઈન્દ્રના આદેશથી અનેક નિશાન ડંકા, વાજિંત્રો વાગવા લાગ્યા. ઢોલ વાગવા લાગ્યા. જાણે આપના પ્રાગટ્યની વધાઈ સર્વત્ર છવાતી હોય તેમ સર્વત્ર આનંદમંગલ છવાયો. હવે આગળ છઠ્ઠી પંક્તિમાં કહે છે,

આ સિધ્ધ ગંધર્વ ગુણી અપ્સરા,
ઊલટિયાં નૃત્યને નાદ,
આહ્લાદભર્યાં શ્રી વલ્લભજીએ માનિયાં...૬
આ બ્રહ્મા મહાદેવ મુનિ હરખિયા,
વરખિયા કુસુમ સમૂહ,
આ મોહ ટાળ્યો જગતના જીવનો...૭

જ્યારે પ્રભુનું પ્રાકટ્ય થયું ત્યારે સિદ્ધ, ગંધર્વ, ગુણી અપ્સરા બધાં આવ્યાં હતાં, વાજિંત્રો વાગવા લાગ્યાં હતાં, બધાં નૃત્ય કરવા લાગ્યાં હતાં, એવું જ વાતાવરણ શ્રીગુસાંઈજીના પ્રાકટ્ય સમયે પણ થયું.

બ્રહ્મા, મહાદેવ જેવા દેવો પણ પ્રસન્ન થયા. હરખાયા પછી પોતાનો હરખ વ્યક્ત કરવા આકાશમાં આવીને, હાથમાં સુંદર પુષ્પો લઈને શ્રીગુસાંઈજી ઉપર પુષ્પો વરસાવવા લાગ્યા. એ રીતે પોતાના આનંદની અભિવ્યક્તિ કરવા લાગ્યા. હવે આગળ કહે છે :

આ નિગમ સામ શાખા સહસ્ત્રશું,
કરે રે ભલા નિર્ઘોષ,
આ ઘોષપતિ ભગવંત ભેટતાં...૮
આ વેદવિહિત કૃત્ય સર્વે કીધાં,
દીધાં બહુ પેરે ગોદાન,
આ માનશું સ્વજન સંતોષિયા...૯

શ્રીગુસાંઈજી પ્રભુચરણનું પ્રાગટ્ય થયું ત્યારે સામવેદ સ્તુતિ કરે છે. જ્યારે જ્યારે પણ ભગવદ્ પ્રાકટ્ય થાય ત્યારે સામવેદ સ્તુતિ કરે છે. સામવેદમાં ભગવાનની અનેક અનેક સ્તુતિઓ છે. એ પણ વ્રજભક્તોના ભાવની છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા ત્યારે સામવેદની ધ્વનિઓ થવા લાગી, ઘોષ થવા લાગ્યા.

શ્રીવલ્લભ પોતે આચાર્ય છે. આચાર્ય એ કે જે પોતે પણ વેદના નિયમોને નિભાવે અને પછી

બીજાને ઉપદેશ કરે. વેદની આજ્ઞાને નિભાવવા માટે શ્રીમહાપ્રભુજીએ જેટલા જેટલાં વૈદિક કર્મો છે તે સર્વ પૂર્ણ કર્યા. ત્યાર પછી મંગલસ્નાન ઈત્યાદિ કર્યા. કારણ કે મંગલ સ્નાન થાય પછી પુત્રનું મુખ જોવાય. તેથી પછી જઈને બાળકના મુખનું દર્શન કર્યું. દર્શનથી મનમાં એવો આનંદ આવ્યો કે બહાર આવીને જેટલા વૈષ્ણવો હતા તેમને એક એક વસ્તુ આપવા લાગ્યા. જ્યાં વલ્લભનો આનંદ જોયો ત્યારે વૈષ્ણવો પણ એકબીજાનો હાથ પકડીને ગાવા લાગ્યા.

ચરણાટમેં આનંદ ભયો, જય વલ્લભલાલકી.
ચરણાટમેં આનંદ ભયો, જય વિઠ્ઠલનાથકી
જય વલ્લભલાલકી, જય વલ્લભલાલકી
ચરણાટમેં આનંદ ભયો જય વલ્લભલાલકી

બધા ગાવા લાગ્યાં :

આયો આજ બધાયો
શ્રીવલ્લભગૃહ આયો આજ બધાયો.
બધાયો, બધાયો, બધાયો,
આયો આજ બધાયો શ્રીવલ્લભગૃહ
બાજત ઢોલ દમામા ભેરી,
ધન્ય શ્રી અક્કાજુ બાલ જાયો.
આજ વલ્લભને દ્વાર રે, આનંદ અપાર રે,
પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથજી.
હાંરે ત્યાં તો નોબતના નાદ સંભળાય છે,
મળી માનુની મંગળ ગાય છે.
હાંરે સજી સોળે શણગાર રે, આવી વ્રજનાર રે
પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથજી.
હાંરે કોઈ ફૂલડાંની છાબ લઈ આવે,
હાંરે કોઈ મોતીડે નાથને વધાવે,
હાંરે બાંધ્યા તોરણિયા દ્વાર રે, ફૂલડાના હાર રે,
પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથજી.
હાંરે માતા અક્કાજી પારણે ઝુલાવે,
હાંરે વ્રજભક્તોના ભાવને વધાવે,
હાંરે આપે આશિષ અપાર રે,
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી.
વધાઈ હો, વધાઈ હો, વધાઈ હો.

શ્રીગુસાંઈજી પ્રભુચરણના પ્રાકટ્યનો આનંદ બધા મનાવી રહ્યા છે. દૂર દૂરથી વૈષ્ણવો આવી રહ્યા છે. સિધ્ધ, ચારણ પણ આવી રહ્યા છે. બ્રહ્મા આદિ દેવતાઓ પણ પુષ્પવૃષ્ટિ કરી રહ્યા છે. શેષજી આનંદથી ડોલવા લાગ્યા છે. ઈન્દ્ર વગેરે દેવતાઓ આનંદનો અનુભવ કરવા લાગ્યા છે. હવે આગળ જોઈએ.

આ કનક કચોળાં કુમકુમ ભર્યાં,
અક્ષત દુર્વા ભર્યા રે સુથાળ,
આ માળ પારિજાતની મહમહે...૧૦
આ તોરણ પર્ણ સહકારના,
ધરણીએ ચંદન તણાં નીર,
આ વીર શ્રીગોપીનાથ શ્રીવિઠ્ઠલ પ્રગટિયા..૧૧

શ્રીગુસાંઈજીના પ્રાકટ્યના સમાચાર મળતાં વૈષ્ણવોએ સુવર્ણના કટોરામાં કુમકુમ ભર્યું. ઉપર અક્ષત પધરાવ્યા અને શ્રી વલ્લભના દ્વાર તરફ ચાલી નીકળ્યા. આ કનકનો કટોરો શું છે? કનકનો કટોરો એ વૈષ્ણવોનાં હૃદય છે. લાલ કુમકુમ એ એમના હૃદયનો અનુરાગ છે. એમાં અક્ષત પધરાવી વિનંતી કરી કે પ્રભુ આપના અનુરાગનું દાન અમારા હૃદય રૂપી કનકના પાત્રમાં થયું છે, એ અક્ષત રહે, અખંડ રહે.

કુમકુમનો લાલ રંગ છે અનુરાગનો. પ્રભુનાં દર્શન કરવા એમનેએમ જઈએ તો પ્રભુનાં દર્શન થાય? દર્શન ક્યારે ગુસાંઈજી આપે કે જ્યારે હૃદયમાં અનુરાગ હોય. કંચનનો કટોરો કેમ લીધો? કંચનનો એ સ્વભાવ છે કે એ જેટલું તેટલું વધારે તપે તેમ વધારે નિખરતું જાય. શ્રીગુસાંઈજીને વિનંતી કરી છે કે આપના વિયોગમાં અમારું હૃદય તપી તપીને, હતું તો લોઢા જેવું પણ આપના પ્રાગટ્યના સમાચાર સાંભળ્યા અને લોઢું પારસનો સ્પર્શ મળે તો એ કંચન બન્યા સિવાય રહી ન શકે, એમ હે પ્રભુ, અમારું હૃદય રૂપી પાત્ર તો લોઢા જેવું હતું પણ જ્યાં આપના માટેના અનુરાગ રૂપી કુમકુમ ભીતર આવ્યું તો એ કંચનનું બની ગયું. પ્રભુ માટેનો એ અનુરાગ હૃદયમાં ભરી, જે અનુરાગ પ્રભુની પ્રાગટ્યની વધાઈથી જન્મ્યો છે, એ ક્યાંક ચાલ્યો ન જાય એટલા માટે ઉપર અક્ષત પધરાવ્યા.

અક્ષત એટલે શું? અક્ષત એટલે જે અખંડ રહે. આપણે તિલક કરીને ઉપર અક્ષત ધરાવીએ છીએ. એ ભાવથી કે આ માત્ર લાલ તિલક નથી પણ અમારા હૃદયનો અનુરાગ છે, જે અમે આપને અર્પણ કરીએ છીએ અને એ અનુરાગ ક્યારેય પણ ઓછો ન થાય, સદા અખંડ રહે માટે ઉપર અક્ષત ધરાવીએ છીએ.

જેટલા પણ વૈષ્ણવો છે એ સુવર્ણના કટોરામાં કુમકુમ અને અક્ષત ભરી શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા જઈ રહ્યા છે. દરેક વૈષ્ણવે પોતાના ઘર ઉપર સહકારનાં તોરણ બાંધ્યા છે. સહકાર એટલે આંબો, આસોપાલવ અને બોરસલી – ત્રણે ભેગાં કરીને એના તોરણ બાંધ્યા છે. ઉત્સવ એકલાથી ન મનાવાય. બધાના સહકારથી મનાવાય. જ્યાં ઉત્સવ સહકારથી મનાવાય ત્યાં તોરણ પણ સહકારનાં જ જોઈએ. આમ ઉત્સવ છે ત્યાં સહકાર છે. જ્યાં ઉત્સવ છે ત્યાં નિજજનોનો પરિકર છે. વળી કહે છે કે ચંદનનું જળ ભૂમિ ઉપર છંટાય છે. ધરણીએ ગાયનું રૂપ લઈને વિનંતી કરી હતી કે જ્યારે આપ આપનાં ચરણ અમારી ઉપર પધરાવશો ત્યારે અમારો તાપ દૂર થશે. પણ પ્રભુએ પધારીને વ્રજપ્રદેશમાં જ પોતાના ચરણ પધરાવ્યા. ધરણીને થયું કે મારા આખા શ્રીઅંગનું શું થશે? તો કહે છે કે પ્રભુ, આપ મારી વિનંતી સાંભળી મારા તાપને દૂર કરવા માટે ભૂતલ ઉપર પ્રગટ્યા. હવે મારી ઈચ્છા આપને સમગ્ર ધરતી પર પધરાવવાની હતી. મને હતું કે મારો તાપ દૂર કેમ થશે. પણ પ્રભુચરણ પ્રગટ્યા ત્યારે સૌએ ચંદનનું નીર છાંટીને મને આશ્વાસન આપ્યું કે તમે ચિંતા ન કરો. હવે તમારો તાપ જરૂર દૂર થશે. તમને શીતલતા જરૂર મળશે. શ્રીગુસાંઈજી પ્રભુચરણ અનેક અનેક જીવો ઉપર કૃપા કરવા અનેક અનેક પ્રદેશોમાં પધારશે અને પોતાના ચરણોના સ્પર્શથી આપના તાપનું શમન કરશે.

શ્રીગુસાંઈજી ચંદ્રાવલીજીનું પ્રાકટ્ય છે. ચંદ્રાવલીજી એટલે કોણ? સ્વામિનીજીનું મુખારવિંદ છે. સ્વામિનીજીના મુખારવિંદ સુધી પહોંચવું હોય તો શ્રીસ્વામિનીજીના ભાવયુક્ત થઈએ તો પહોંચાય. જેમ શ્રીઠાકોરજીને રાજભોગ ધરીએ, એ કોના ભાવથી આવે? શ્રીસ્વામિનીજીના. માટે દરેક સામગ્રીમાં તુલસીપત્ર પધરાવાય છે. તુલસીમાં જેવી સુગંધ છે એવી જ સુગંધ શ્રીસ્વામિનીજીના શ્રીઅંગની છે. શ્રીઠાકોરજીને રાજભોગ ધરીએ તે પહેલાં માળાજી

વડાં કરી લઈએ છીએ. કારણ કે માળાજીના પુષ્પો ભગવદીયજનો છે. પ્રભુ ભગવદીય જનોથી ઘેરાયેલા હોય તો સ્વામિનીજીને આવતાં સંકોચ થાય. માટે પહેલાં માળાજી વડાં કરીને કહીએ છીએ કે વ્રજભક્તો આપ પોતપોતાની કુંજમાં પધારો, જેથી આપ પધારે. જ્યાં માળાજી વડાં થાય પછી શ્રી સ્વામિનીજી પધારે. શ્રીઠાકોરજીને સામગ્રી આરોગાવે.

જેમ શ્રી સ્વામિનીજીની સુગંધ અને શ્રીતુલસીજીની સુગંધ એકસમાન છે, એમ ચંદ્રાવલીજી સ્વરૂપે શ્રીગુસાંઈજી પ્રકટ્યા છે અને શ્રીસ્વામિનીજીનું મુખારવિંદ એ શ્રી ચંદ્રાવલીજી. તો જો ત્યાં સુધી પહોંચવું હોય તો સ્વામિનીજીના ભાવથી પહોંચાય. તે માટે માર્ગમાં ચંદનનું જળ છીરક્યું. ઠાકોરજી ખેલે ત્યારે ચોવા, ચંદન, અબીલ, ગુલાલ આવે ત્યારે એમાં ચંદન કોના ભાવથી? શ્રીસ્વામિનીજીના ભાવથી. ચંદનનું જલ આખા માર્ગ ઉપર છાંટવામાં આવ્યું કે અહીંથી ચાલતાં ચાલતાં જે પણ જાય એને ચંદનની ખુશ્બુ લાગ્યા વિના ન રહે. સ્વામિનીજીના ભાવથી આ રીતે વૈષ્ણવો યુક્ત થાય તો ચંદ્રાવલીજીનાં દર્શન થાય.

આગળ કહ્યું વીર શ્રી ગોપીનાથ શ્રીવિઠ્ઠલ પ્રકટિયા. વીર શબ્દના બે અર્થ થાય. વીર એટલે ભાઈ. શ્રીગોપીનાથજીના ભાઈ શ્રીવિઠ્ઠલ પ્રગટ્યા. બીજો અર્થ શ્રીગોપીનાથજી જેવા વીર પરાક્રમી છે એવા જ વીર શ્રીગુસાંઈજી પણ આ ભૂતલ ઉપર પ્રકટ્યા.

આ દધિ દૂધ ઘૃત મધુ માંડવે,
શેરડિયે વહે રે સુગંધ
આ સુગંધે મોહ્યા અલિકુલ આવિયા...૧૨

શ્રીવલ્લભ એવા ઉદાર છે કે જ્યાં શ્રીગુસાંઈજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યાં જે જીવ જે કામના લઈને આવે છે તે તે વસ્તુ શ્રીવલ્લભ એને આપી રહ્યા છે. આ સમયે ઘણા ભકતો આવ્યા. જે સમયે ગોકુલમાં નંદમહોત્સવ થયો અને વ્રજભક્તો દહીં, દૂધ, માખણની માટલીઓ લઈને આવ્યા હતા અને શેરીઓમાં એ બધું ખૂબ ઉછાળ્યું. આનંદ કર્યો. અહીં દૂધ-દહીં લાવીને શેરીઓમાં નથી ઉછાળ્યું - કહે છે કે બધું લઈને ભીતર આવ્યા. તે સમયે જેટલા પણ અંતરંગ જીવો હતા, દામોદરદાસ હરસાની વગેરે, એમને લઈને શ્રીવલ્લભ ભીતર પધાર્યા. ભીતર જતાંની સાથે આ જે દહીં, દૂધ, ઘી, મધ વગેરે હતું, પંચામૃત હતું, તેનાથી શ્રીગુસાંઈજીને પંચામૃત કરાવ્યું. જન્માષ્ટમીએ ઠાકોરજી પ્રગટે ત્યારે એમને પંચામૃત થાય છે ને? તો એ જ સ્વરૂપે પ્રભુ પ્રકટ્યા છે ત્યારે એમને પણ પંચામૃત કરાવ્યું, એવાં દર્શન ગોપાલદાસજીને થયાં.

તેઓ કહે છે કે પંચામૃત થયા પછી બધા વૈષ્ણવોએ શ્રી વલ્લભને વધાઈ આપી ત્યારે કેવી રીતે આપી? ગુરુને વધાઈ એમને એમ તો ન અપાય. ગુરુના ચરણ પકડીને વધાઈ અપાય. આજે અહીં ઉત્સવમાં તો સખ્યભાવ હોય એટલે શ્રીવલ્લભ એમને ઊભા કરી, એમને હૃદયથી લગાવી, એમની વધાઈ સ્વીકારી રહ્યા છે. જ્યાં એ વૈષ્ણવો શ્રીવલ્લભના હૃદયથી લાગ્યા કે વલ્લભના હૃદયનો આનંદ એમની અંદર આવ્યો. જ્યાં આનંદ આવ્યો કે ત્યાં રહેલું દહીં-દૂધ લઈ લઈને ઉછાળવા લાગ્યા. એકબીજાને દહીં-દૂધથી રંગવા લાગ્યા. ક્યાં? અંદર

રૂમમાં. આ દહીં-દૂધની સુગંધ બહાર શેરીઓમાં ગઈ. તેથી કહ્યું શેરીઓમાં સુગંધ વહેવા લાગી. નંદમહોત્સવ જ્યારે થયો ત્યારે શેરીઓમાં દહીં-દૂધ ઊડ્યું. કારણ પ્રભુ સર્વ જગત માટે પ્રગટ્યા છે. જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણ જગતીતલ ઉધ્ધાર કરવા, જે અંતરંગ જીવો છે, દૈવી જીવો છે, એમના માટે પ્રગટ્યા છે. એટલા માટે દહીં દૂધ બધું ઊડ્યું પણ બધું ગૃહની અંદર. એની સુગંધ માત્ર બહાર શેરીઓમાં વ્યાપ્ત થઈ.

આ સુગંધે મોહ્યા અલિકુલ આવીયા. આ સુગંધ કોને મળી? આ દહીં -દૂધની સુગંધ છે. અહીં કહે છે અલિકુલ આવીયા. અલિ એટલે ભ્રમર. ભ્રમર આવે તો કોની સુગંધથી આવે? પુષ્પની-કમળની સુગંધથી પણ દહીં-દૂધની સુગંધ અનુભવીને ભમરા ક્યારેય ઘરમાં આવતા જોયા છે? અહીં તો કહે છે દૂધ-દહીં-માખણ ઉછળવા લાગ્યું કે શેરીઓમાં સુગંધથી લુબ્ધ બનેલા ભ્રમરોના સમુદાય ઊડતા ઊડતા આવ્યા અને અંદર આવીને એનું આસ્વાદન કરવા લાગ્યા.

આ ભ્રમર કોણ છે? અલિકુલ એટલે કોણ? ભ્રમરરૂપ અંતરંગ જીવો, ભ્રમરનો સ્વભાવ એવો કે તે દરેક પુષ્પ ઉપર બેસે પણ ક્યાંય ટકે નહિ. એ ભ્રમર જો ટકે છે તો એ કમળની ઉપર ટકે છે. એટલે સુધી કે ભ્રમર કમળ ઉપર બેસીને એના રસનું પાન કરતો હોય, તે જ સમયે સૂર્ય આથમે અને કમળ બીડાઈ જાય, તો આખી રાત એ ભ્રમર કમળમાં ફસાયેલો રહે છે. ભ્રમર પાસે એટલું સામર્થ્ય છે કે વાંસને - લાકડાને પણ કોરીને અંદર પોતાનું ઘર બનાવે. પણ જ્યારે કમળની કોમળ પાંદડીઓમાં એ ફસાઈ જાય ત્યારે એનામાં એટલું સામર્થ્ય પણ આવતું નથી કે એ કમળને કોરીને બહાર નીકળે. કમળની કોમળ પાંદડીમાંથી તે બહાર આવતો નથી. આખી રાત કમળમાં પૂરાઈને પ્રતીક્ષા કરે છે કે ક્યારે સૂર્ય ઊગે, કમળ ખીલે અને હું બહાર નીકળું.

વિચાર કરો. જે ભ્રમર કોઈ પુષ્પ ઉપર ટકે નહિ એ કમળમાં ટકે છે. જે ભ્રમર વાંસને પણ કાપી નાખે એ કમળની કોમળ પાંખડીઓ વચ્ચે બીડાઈ જાય તો એ કમળની કોમળ પાંખડીઓને કાપી શકતો નથી. કારણ કે ભ્રમરની પ્રીત કમળ સાથે છે.

જગતમાં માણસ ક્યારે ય ભયથી આધીન થતો નથી. દુનિયાનો પરાક્રમીમાં પરાક્રમી માણસ પણ ક્યારેય કોઈને આધીન થાય છે તો એ પ્રીતથી આધીન થાય છે. દુનિયામાં શૂરવીરો જ્યારે પણ કોઈને આધીન બન્યા છે તો એ ભય કે દયાથી નહિ પણ પ્રીતથી આધીન બન્યા છે. ભ્રમર કમળથી પ્રીત જોડી બેઠો છે માટે કમળની સુગંધ સિવાય એ ક્યાંય ટકતો નથી.

અહીં કયાં કમળ ખીલ્યાં છે? શ્રીગુસાંઈજી પ્રભુચરણના ચરણકમલ. અહીં કયા દહીં-દૂધની સુગંધ છે? કે જે શ્રીગુસાંઈજીના મુખકમલને સ્પર્શીને આવે છે. શ્રીગુસાંઈજીના મુખકમલ અને ચરણકમલ રૂપી દહીં-ધૃતની સુગંધ ચારે તરફ ફેલાય છે અને એમાં જેને અગાધ આસક્તિ છે, એવા ભ્રમરરૂપી વૈષ્ણવો ભાગતા ભાગતા દર્શન કરવા આવી રહ્યા છે. માટે કહ્યું : આ સુગંધે મોહ્યા અલિકુલ આવીયા. ઉત્સવ અંદર થઈ રહ્યો છે પણ એની સુગંધથી ખેંચાઈ ખેંચાઈને શ્રીગુસાંઈજી પ્રભુચરણનાં દર્શન

કરવા ભક્તો આવી રહ્યા છે. પોતાનાં નેત્રોને તૃપ્ત કરી રહ્યા છે. દૈવી જીવોને થાય છે કે આટલા સમયથી નેત્રો ધારણ કર્યાં હતાં અને નેત્રો જેની પ્રતીક્ષા કરવા માટે ધારણ કર્યા હતા એની ગતિ અટકી ગઈ છે. હવે આ મુખારવિંદનાં દર્શન છોડીને અમારે ક્યાંય જવું નથી. આ નેત્રોનું ધારણ કરવું આજે સફળ થઈ ગયું કારણ અમારા પ્રિયનાં દર્શન થયાં. હવે અમારે બીજે ક્યાંય જવું નથી. આ આનંદમાં એમને વધાઈગાન કરવું છે. પણ તેઓ તો રસસાગરમાં ડૂબી ગયા છે. અંદર ડૂબેલાં હોય તે પોતાની વાત કેવી રીતે કહી શકે? તે વધાઈ ગાવા માટે બહાર સુત, માગધ, સાધુ સર્વે આવ્યા છે. તે હવે આગળની કડીમાં કહે છે.

આ સુત માગધ સાધુ સર્વે મળ્યા,
મળિયા તે માંહોમાંહે,
આ ઉત્સાહભર્યા કો કોને જાણે નહિ... ૧૩

આજે દ્વાર ઉપર સુતજનો, માગધ, બંદીજનો વગેરે શ્રીવલ્લભને વધાઈ આપવા માટે આવ્યા છે. જ્યારે અંદરનો આનંદ બહાર આવ્યો અને દહીં દૂધ જ્યારે બહાર પણ ઊડવા લાગ્યું ત્યારે એમાંની હળદરને કારણે બધા પીત રંગના બની ગયાં છે. એકરંગે રંગાયા છે. બધાંને આનંદની અભિવ્યક્તિ કરવી છે પણ કોણ કોણ આવ્યું છે તે કોઈ જાણતા નથી. બધા એટલું જ જાણે છે કે જેના પ્રાગટ્યના આનંદનો ઉત્સવ મનાવવા હું અહીં આવ્યો છું, તો આ પણ એના જ આનંદને મનાવવા આવ્યો છે. એકબીજાને હૃદયથી લગાવી, ભેટી ભેટીને શ્રીગુસાંઈજીના પ્રાકટ્યની વધાઈ આપી રહ્યા છે એટલો ઉત્સાહ દરેકના હૃદયમાં છે કે તેઓ કોઈ કોઈને જાણતા પણ નથી, છતાં હૃદયમાં એવો જ ભાવ રાખ્યો છે કે જે ગુસાંઈજીના અમે છીએ, એ જ ગુસાંઈજીના આ પણ છે. તેઓ જે શ્રીવલ્લભના કૃપાપાત્ર છે એ જ વલ્લભના કૃપાપાત્ર આ પણ છે. આ ભાવ આવ્યો અને સાચા અર્થમાં પુષ્ટિની અનુભૂતિ થઈ, એકબીજાને હૃદયથી લગાવી લગાવીને સૌ નાચી રહ્યા છે. પ્રાકટ્યનો આનંદ મનાવી રહ્યા છે. આ ઉત્સવમાં સ્વયં શુકદેવજી પણ આવ્યા છે, માટે ચૌદમી કડીમાં કહે છે :

આ શુકદેવ સબળ આનંદિયા,
વંદિયા શ્રીવલ્લભજીના ચરણ,
આ ગિરિધરણ શ્રીભાગવત મારું નિરખશે...૧૪

જ્યાં શ્રીગુસાંઈજી પ્રભુચરણના પ્રાકટ્યના આનંદમાં સર્વે ડૂબેલા છે, ત્યાં શુકદેવજી પણ પધાર્યા છે. આવીને કહે છે કે મારો પ્રાણ શ્રીમદ્ ભાગવત, જે આ કલિકાલમાં સ્વયં ભગવાનનું સ્વરૂપ છે, એનો જુદા જુદા લોકો મનઘડંત રીતે અર્થ કરવા લાગ્યા છે. શ્રીમદ્ ભાગવતની અંદર ભગવદ્‌લીલાને બદલે વિકૃતિઓ જોવા લાગ્યા છે, મને એની સૌથી મોટી પીડા હતી. પણ શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા એટલે એક વિશ્વાસ મને આવ્યો છે કે હવે ભાગવતના મૂળ સિધ્ધાંતોને, મૂળ રસને તેઓ લોકો સુધી જરૂર પહોંચાડશે. ભાગવતના જેવા અર્થો ભગવાનને અભિપ્રેત છે, એવા અર્થો પોતે પ્રગટ કરીને, ભાગવતનો મહિમા વધારશે. આમ શુકદેવજી પણ આનંદમાં આવી ગયા અને શ્રીવલ્લભને વધાઈ આપી. તેમને નિશ્ચિંતતા થઈ કે હવે શ્રીભાગવતજીનો મૂળરૂપે પ્રચાર થશે. વિસ્તાર થશે.

આ સકલ કલા કલિકાલમાં,
કલ્પદ્રુમ પ્રગટિયો આજ,
આ કાજ મનવાંછિત પૂરવા...૧૫

અહીં ગોપાલદાસજીએ મોટું અભયદાન વૈષ્ણવોને આપી દીધું છે. ગોપાલદાસજીએ શ્રીગુસાંઈજીના અદ્‌ભુત સ્વરૂપનું દર્શન વૈષ્ણવોને કરાવ્યું છે. સૌથી પહેલાં કાલનો મહિમા ગાયો. ભલે આખી દુનિયા કહેતી હોય કે આ તો કલિકાલ છે, કલિકાલમાં તો ભગવદ્ નામ લઈ ન શકાય, આ કાલ ઘણો દુષ્કર છે. પણ આપણા વૈષ્ણવોએ તો કલિકાલનો મહિમા ગાયો છે.

કલિકાલ તો સબ યુગતે અધિકાઈ. કારણ આ કલિકાલમાં અમારા વૈષ્ણવોનું કલ્પદ્રુમ એવા શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ પ્રગટ્યા છે. જ્યાં આ બંનેનું પ્રાગટ્ય હોય ત્યાં એ કાલ દુષ્કર કેવી રીતે હોઈ શકે? વલ્લભ અને વિઠ્ઠલે પ્રગટીને આ સેવારસને વૈષ્ણવોના ઘરઘરમાં પહોંચાડ્યો હોય, ત્યાં કલિકાલ કેવી રીતે દુષ્કર હોઈ શકે? બીજા બધા યુગોમાં અનેક સાધનાઓ કરવી પડતી, ભગવદ્ દર્શન માટે હજારો વર્ષ તપસ્યા કરવી પડતી, ત્યારે પ્રભુની થોડી ઝલક મળતી. સતયુગમાં, ત્રેતાયુગમાં અનેક લોકો તપસ્યા કરતા ત્યારે ભગવદ્ દર્શનનો ક્ષણમાત્ર માટે અનુભવ થતો.

પણ આ કલિકાલ તો કેટલો સૌભાગી છે કે જેમાં વૈષ્ણવોના ઘરમાં જ વલ્લભે ઠાકોરજી પધરાવી દીધા છે. બીજા બધા માર્ગોમાં એવું કે આટલી સાધના કરશો તો છેલ્લે પ્રભુ મળશે, દર્શન થશે. જ્યાં પ્રભુ મળે પછી બધા માર્ગ અટકી જાય. પ્રભુ મળ્યા પછી શું? જેટલી પણ સાધના પદ્ધતિઓ છે, માર્ગ છે, પરંપરા છે, એ બધી ત્યાં આવીને અટકી જાય છે કે ભગવાન મળ્યા, ભગવાન સાથે સંબંધ થયો. તો બધા માર્ગ જ્યાં આવીને અટકે ત્યાંથી આપણા વલ્લભનો માર્ગ પ્રારંભ થાય. આપણી શરૂઆત જ થાય બ્રહ્મ સાથેના સંબંધથી. પ્રભુ સાથે જોડાવાથી, પ્રભુ સાથે એક થઈને આપણા સેવામાર્ગનો પ્રારંભ થાય. બધા ત્યાં આવીને અટકી જાય કે આટલું કરશો તો બ્રહ્મનો સાક્ષાત્કાર થશે, પણ સાક્ષાત્કાર થયા પછી કરવાનું શું? તો એ વાત વલ્લભ કહે છે.

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥

પ્રભુ મળ્યા પછી એમની સેવા કરીએ, એમને રીઝવીએ, પ્રસન્ન કરીએ. એમને પામીએ અને પ્રભુના થઈને રહીએ. એ આ વૈષ્ણવમાર્ગની સાધના છે. એ માટે તો આ કલિકાલમાં પણ કલ્પદ્રુમ સ્વરૂપે શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા છે.

કલિકાલના જીવો માટે અહીં ગોપાલદાસજી મોટું અભયદાન આપે છે. કલ્પવૃક્ષ કોને કહેવાય? સ્વર્ગમાં બે તત્વો એવા છે કે જે આપણને ઈચ્છિત વસ્તુઓ આપે. એક છે ચિંતામણિ અને બીજું છે કલ્પદ્રુમ. આ બે પાસે તમે જે પણ કામના કરો, એ કામના પૂર્ણ થાય. આ બે વસ્તુ, જેને માટે મોટા મોટા યોગીઓ કેટલીયે સાધના કરે, તપ કરે, છતાં તેમને મળી શકતી નથી. આપણા પુષ્ટિમાર્ગમાં તો આ બંને વસ્તુ પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવોની પાસે છે. ચિંતામણિ પણ છે અને કલ્પવૃક્ષ પણ છે. ચિંતામણિ એટલે આપણા શ્રીયમુનાજી અને કલ્પવૃક્ષ એટલે આપણા શ્રીગુસાંઈજી. જો લેતાં આવડે તો આ એ જ કલ્પવૃક્ષ છે કે જે ઈચ્છિત વસ્તુ આજે પણ

વૈષ્ણવોને આપે છે. માટે કહ્યું : આ કાજ મનવાંછિત પૂરવા રે. આ કલિકાલમાં આ કલ્પવૃક્ષ એટલા માટે આવ્યું છે કે મારા વૈષ્ણવો મારા પ્રભુને છોડીને ક્યાંય જાય નહિ.

અલૌકિક રસની અનુભૂતિ, પ્રભુની પ્રકટ લીલાની અનુભૂતિ, આજે પણ વૈષ્ણવોને શ્રીગુસાંઈજીનું શરણ પ્રાપ્ત થાય તો મળી જાય છે. શ્રીગુસાંઈજીનું ચિંતન કરો, સ્મરણ કરો તો જે શ્રીગુસાંઈજી આ કલિકાલની અંદર પણ સૌના મનોરથ પૂર્ણ કરે છે.

શ્રીવલ્લભ વિપ્રયોગનું સ્વરૂપ છે અને શ્રીવિઠ્ઠલ સંયોગનું સ્વરૂપ છે. માટે તો એક શ્વેત વસ્ત્રોમાં અને બીજા કેસરી વસ્ત્રોમાં દર્શન આપે છે. જ્યાં વિપ્રયોગ હોય ત્યાં શ્વેત વસ્ત્ર હોય અને જ્યાં સંયોગ હોય ત્યાં ઉત્સવ હોય. ઉત્સવ હોય ત્યાં કેસરી વસ્ત્ર આવે. શ્રીગુસાંઈજી પ્રભુચરણ એ કલ્પવૃક્ષ છે. એ કલ્પવૃક્ષ પાસે જઈએ તો આપણા મનના જે પણ અલૌકિક મનોરથ હોય તેને પૂર્ણ કરવાનું કાર્ય તેઓ કરે છે.

શ્રીગુસાંઈજી કલ્પવૃક્ષ છે. આ ત્રીજું આખ્યાન સ્મરણભક્તિ છે. આપણે એ કલ્પવૃક્ષનું સ્મરણ કરીએ. ગોપાલદાસજીની આડીથી એ કલ્પવૃક્ષ સદાયે આપણા હૃદયમાં બિરાજતું રહે એવી વિનંતી કરીએ. કલિકાલમાં જ્યાં બધી વસ્તુ દુર્ગમ છે, ન સાધન છે, ન મંત્ર છે, ન સ્થાન પવિત્ર છે, ત્યારે આપણને આવા કલ્પવૃક્ષની છાયા મળી છે એ આપણું સૌભાગ્ય છે. જેમ વૈશાખ-જેઠનો તાપ તપતો હોય, ખૂબ વ્યાકુળતા હોય, જાણે અગ્નિ વરસી રહ્યો હોય એવા સમયમાં આપણે ચાલતા ચાલતા જતા હોઈએ, દેહ તપતો હોય, ત્યાં એક ઘટાદાર વૃક્ષનાં દર્શન થાય એની છાયામાં શીતળતા મળે એવી શીતળતા આ કલ્પવૃક્ષ શ્રીગુસાંઈજીનું શરણ, આ કલિકાલમાં જીવને આપે છે.

શ્રીગુસાંઈજીનું સાન્નિધ્ય, એમનું ચરણારવિંદ કલ્પવૃક્ષ સમાન છે. એટલા માટે તો આગળ સોળમી કડીમાં કહે છે :

આ તૈલંગ તિલક ત્રિભુવનધણી,
મણિ મરકત ધનવાન,
આ સમાન રૂપ નિરખતાં કોઈ નહિ.... ૧૬

ગોપાલદાસજીને શ્રીગુસાંઈજીનાં દર્શન થતાં તેઓ કહે છે કે આપ તૈલંગ કુળમાં પ્રગટ્યા છે. એ કુળના તિલક, શિરમોર આપ છે. આપ ત્રિભુવનધણી છે. નીલમણિ જેવી સુંદરતાયુક્ત આપનું શ્રીઅંગ છે. શ્રીગુસાંઈજીનાં દર્શન અલગ અલગ જીવોને અલગ અલગ થયા છે. જ્યારે જ્યારે ગોપાલદાસજી દર્શન કરે ત્યારે તેમને ક્યારેક શ્યામ તમાલ જેવાં દર્શન થાય. ક્યારેક નીલમણિ જેવાં થાય. અને જ્યારે રઘુનાથજી દર્શન કરે ત્યારે ગૌર સ્વરૂપે થાય. આપ શ્યામ છે કે ગૌર છે? જ્યારે શ્યામ મેઘ સ્વરૂપે દર્શન થાય, આ તો મેઘ છે. જલથી ભરેલો મેઘ. ત્યારે એ શ્યામ લાગે પણ જ્યારે એ જળ વરસી જાય ત્યારે એ મેઘ ગૌર લાગે. જ્યારે રઘુનાથજીએ શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં ત્યારે એ સ્વરૂપનાં દર્શન કર્યાં કે જ્યારે આપ શ્રીરઘુનાથજી ઉપર વરસી ચૂક્યા છે અને જ્યારે ગોપાલદાસજીએ દર્શન કર્યાં ત્યારે એવાં દર્શન કર્યાં કે જ્યારે આપ એમના ઉપર વરસવા માટે તૈયાર થયા છે. કૃપારસથી ભરેલા શ્યામ સ્વરૂપે દર્શન થયાં. એટલા માટે તો કહ્યું કે નીલમણિ જેવું

આપનું અદ્ભુત સ્વરૂપ છે. ગોપાલદાસજી કહે છે કે એમ ન હોય એ સંભવિત જ નથી. આ સમાન રૂપ નિરખતાં કો નહિ.

આપણને લાગે કે ગોપાલદાસજી બારણે ઊભા ઊભા દર્શન કરે છે પણ બીજા ઘણા વૈષ્ણવો એવા છે કે જેઓ સન્મુખ જઈને દર્શન કરે છે. તો જેવાં દર્શન ગોપાલદાસજીને થાય છે એવાં બધાંને કેમ થતાં નથી. ગોપાલદાસજી કહે છે કે અહીં દર્શન કરવા તો અનેક જીવો આવે છે, પણ જેવી જેવી જેમની કક્ષા છે, એવા એવા રસ લઈને તેઓ જાય છે. જ્યારે સામાન્ય પ્રવાહી જીવો આવ્યા ત્યારે એમને તો માત્ર કોઈ દેવ પ્રગટ્યા છે એવો અનુભવ થયો અને દર્શન કરીને પાછા ગયા. કેટલાક મર્યાદા જીવો હતા એમને મર્યાદા પુરુષોત્તમ સ્વરૂપે દર્શન થયાં અને જેઓ શુધ્ધ પુષ્ટિ પુષ્ટિ જીવો હતા તેમને સાક્ષાત્ શ્રીકૃષ્ણ અને સ્વામિનીજીના ઉભય દલાત્મક સ્વરૂપનાં દર્શન થયાં. તો જેવા જેવા અધિકારી જીવ હતા એવાં એવાં દર્શન શ્રીગુસાંઈજી પ્રભુચરણનાં તેમને થયાં. અને આપ દરેક પ્રકારના જીવને એક જ સમયે જુદા જુદા પ્રકારના સ્વરૂપનો અનુભવ કરાવી રહ્યા છે.

પ્રાગટ્ય પછી પ્રભુ પલનામાં પોઢ્યા હતા ત્યારે એ સમયે જેટલા જીવો પ્રભુનાં દર્શન કરવા માટે આવ્યા ત્યારે એ પ્રભુએ બાળક સ્વરૂપે પલનામાં પોઢેલા હોવા છતાં કિશોરલીલાનાં દર્શન કરાવ્યાં હતાં. આમ શ્રીઠાકોરજીની જેમ શ્રીગુસાંઈજીએ પણ દરેક જીવના મનોરથ પ્રમાણે દર્શન આપ્યાં. આગળ સત્તરમી ટૂકમાં ગોપાળદાસજી કહે છે :

આ ગણક ગર્ગાદિક આવિયા,
ભાવિયા દિયેરે આશિષ,
આ જગદીશ શ્રીવલ્લભ ઘેર પ્રગટિયા...૧૭

જે પુષ્ટિજીવો છે તે તો આપનાં દર્શન કરીને જાણી ગયા કે આ કોણ છે. જેમ અમૃતનું પાન કરે એને અમૃતની અસર દેખાયા વિના ન રહે, અગ્નિની પાસે કોઈ ઊભો હોય તો અગ્નિનો તાપ પામ્યા વિના ન રહે, એમ જે એ સ્વરૂપને જાણવાવાળા હતા એ તો દર્શન કરીને, સાન્નિધ્યમાં આવીને તેમને જાણી ગયા.

જેઓ મોટા વિદ્વાનો હતા તેમણે આવીને શ્રીગુસાંઈજીની કુંડળી બનાવી. તેમના જન્મના નક્ષત્રોની અવસ્થા જોઈ, સ્થાન જોયાં અને તેમને લાગ્યું કે જે રીતે ગ્રહો ગોઠવાયેલા છે એ રીતે તો આ કોઈ મનુષ્ય નહિ પણ સાક્ષાત્ પુરુષોત્તમ છે. કુંડળી જોઈને કહ્યું કે આ જગદીશ શ્રીવલ્લભઘેર પ્રગટિયા. સાક્ષાત્ પ્રભુ જ પ્રકટ્યા છે.

શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થવાનું હતું ત્યારે ઘણીવાર શ્રીઅક્કાજી શ્રીમહાપ્રભુજીને કહેતાં કે આજકાલ જ્યારે પણ હું શ્રીનવનીતપ્રિયજી પાસે જાઉં છું ત્યારે મને જોઈને દૃષ્ટિ ફેરવી લે છે. મારી સાથે નજર મેળવતા નથી. નેત્રો નીચાં કરી લે છે. તો પ્રભુ આમ શરમાય છે કેમ? શ્રીવલ્લભ કહે છે કે એટલા માટે શરમાય છે કે આજે તમે જેની સેવા કરી રહ્યાં છો, એ તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટવાના છે, માટે એમને સંકોચ થઈ રહ્યો છે.

એ જ વસ્તુ અહીં ગણક, ગર્ગ જેવા મોટા મોટા વિદ્વાનોએ પણ કહી. શ્રીવલ્લભના ઘેર સાક્ષાત્ પ્રભુ પ્રકટ્યા છે. તેઓ બાળકને આશિષ આપે છે.

હવે આગળની કડીમાં ગોપાળદાસજી કહી રહ્યા છે :

આ ધવલ ધન્યાશ્રી ગાન જે કરે,
ઉચ્ચરે શ્રીવિઠ્ઠલજી અવતાર,
આ સારસ્વત લીલા તે જન લહે....૧૮

આ અઢારમી કડીમાં ગોપાળદાસજી, તેમના હૃદયમાં બિરાજમાન શ્રીગુસાંઈજી અને શ્રીગુસાંઈજીના હૃદયમાં બિરાજમાન સ્વયં શ્રીજીબાવા વૈષ્ણવોને અભયદાન આપતાં કહે છે કે આ ધવલ ધનાશ્રીગાન જે કરે - આ ધનાશ્રી રાગનું ધોળ, શ્રીગુસાંઈજીનાં પ્રાકટ્યનું વર્ણન, એનું જે વારેવારે રટણ કરશે, સ્મરણ કરશે, ગુણગાન કરશે, એને આ કલિકાલમાં પણ એના ઘરમાં બિરાજતા ઠાકોરજી એને સારસ્વતલીલાનો અનુભવ કરાવશે. સારસ્વતકલ્પમાં પ્રકટીને જે સુખ પ્રભુએ ગોપીજનોને આપ્યું હતું, એ જ સુખ આ ધનાશ્રીના ગાન દ્વારા આ કલિકાલમાં આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજી આપશે. એવું અભયદાન ગોપાલદાસજી આપી રહ્યા છે. આગળ ૧૯મી ટૂકમાં કહે છે :

આ દાસનો દાસ જાય વારણે,
બારણે રહ્યો રે ઉત્સવ જુએ,
આ કોઈક ભગવદીય તેણે સમે...૧૯

ગોપાલદાસજી અહીં કહે છે કે આ દાસનો દાસ જાય વારણે. શ્રીગુસાંઇજીને વારી જવા તૈયાર થયા છે ત્યારે ગોપાલદાસજી પોતાનો પરિચય દાસના દાસ તરીકે આપે છે. શ્રીગુસાંઈજીના દાસ ભાઈલા કોઠારીજી. આજે એમની કૃપાથી, આડીથી મને આપનાં દર્શન થયાં છે. માટે કહે છે – દાસનો દાસ જાય વારણે, બારણે રહ્યો રે ઉત્સવ જુએ કોઈ એક ભગવદીય તે સમે.

ગોપાલદાસજી કહે છે કે અંદર ઉત્સવ થઈ રહ્યો છે. મારે ત્યાં નથી જવું. કારણકે મારી આસક્તિ તો શ્રીગુસાંઈજીમાં સ્વામીભાવની છે જ્યારે આ નંદમહોત્સવની લીલા તો વાત્સલ્યભાવની લીલા છે. મારે ભીતર નથી જવું. મારે તો બહાર રહીને દર્શન કરવાં છે. પણ એવી કૃપા થઈ કે એક સ્વરૂપે એમને પ્રવેશ ભીતર થયો. ભીતર રહેલા એ સ્વરૂપે જ્યારે પાછા વળીને દર્શન કર્યાં તો એમનું જ એક સ્વરૂપ બહાર ઊભા રહીને દર્શન કરી રહ્યું છે. આ લીલાને જોઈ રહ્યું છે. ભલે પોતાની અંદર પોતાનામાં માધુર્યભાવ છે, સ્વામીભાવ છે. છતાં આ ગુસાંઈજીના પ્રાકટ્યના ગાન કરતાં કરતાં બાલભાવનું દાન પણ એમને થયું અને અંદર રહેલા સ્વરૂપે એ બાલરસનો આનંદ લીધો. નંદમહોત્સવનો આનંદ લીધો. અને બહાર રહેલા સ્વરૂપ, જે બારણે ઊભા રહેલો ભાગ્યવાન આ લીલાનાં દર્શન કરી રહ્યો છે એને ગોપાલદાસજીને – આ માધુર્યભાવનું દાન થયું. આ એટલું અદ્‌ભુત છે કારણકે એક એક પંક્તિમાં એક એક સાગર છે. આ આખા આખ્યાનની એક એક પંક્તિમાં આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક અર્થો છે. જેમ જેમ આપણી પલકો ખુલતી જાય તેમ તેમ એના વાસ્તવિક સંબંધનો સ્પર્શ આપણને થતો જાય. વલ્લભાખ્યાનના મૂલ ભાવ શ્રીગુસાંઈજી પ્રભુચરણ સિવાય કોઈ જાણતું નથી. કારણ કે આ એમની વાણી છે. એમની વાણી એમના સિવાય કોણ જાણી શકે? એ તો આપણને નિમિત્ત બનાવીને પ્રકટ કરે, પણ જ્યારે એ પોતે

પધારીને એના મૂળ અર્થોને પ્રગટ કરે, તો સાચા અર્થમાં એના મૂલ ભાવને જાણવામાં આવે.

જ્યારે જ્યારે આપણે એવા કોઈ પ્રસંગો વાંચીએ, ખાસ કરીને શ્રીઠાકોરજી અને ગોપીજનો – અંતરંગ જીવો વચ્ચેના પ્રસંગો સાંભળીએ, ત્યારે આપણી રીતે એના અર્થો નહિ કરવા. કારણ કે જ્યાં જ્યાં પણ સ્નેહ હોય ત્યાં સાંકેતિક શબ્દો હોય, એનો આપણે જો સીધો અર્થ કરીએ તો મૂળ અર્થોને પામી ન શકાય. એ વખતે પ્રભુ પોતાના જીવને અને જીવ પોતાના પ્રભુને સંકેતથી શું કહેવા માગે છે, તે આપણે જાણી શકતા નથી. પણ જ્યારે એ હૃદયમાં પધારીને વર્ણન કરાવે, હૃદયમાં બિરાજીને એનું પાન કરીને, શ્રવણ કરાવે, તો જ એને સમજી શકાય. ગોપાલદાસજીએ ગાયું, એ તો નિમિત્ત બન્યા પણ ગાયું છે શ્રીગુસાંઈજીએ. માટે એ જ્યારે કૃપા કરે ત્યારે એને પામી શકાય. અહીં ત્રીજા આખ્યાનને વિરામ આપીએ.

⁂

વલ્લભાખ્યાન : ૪

(રાગ : ભૂપકલ્યાણ)

આ ચતુર્થ આખ્યાન ભૂપકલ્યાણમાં છે. એની અદ્‌ભુતતા એ છે કે ગોપાલદાસજીએ ગુસાંઈજીનું ત્રીજા આખ્યાનમાં જે વર્ણન કર્યું, મોટા મોટા વિદ્વાનોએ પણ કહ્યું કે સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીવલ્લભ ઘેર પ્રગટ્યા છે, તો ગોપાલદાસજી કહે છે કે હવે હું એ પુરુષોત્તમ સ્વરૂપનું વર્ણન કરું છું.

આ ચોથા આખ્યાનમાં શ્રીગુસાંઈજી અને શ્રીનાથજીબાવા તેમજ શ્રીનાથજીબાવાના વાઙમય સ્વરૂપ શ્રીમદ્ ભાગવત એમ ત્રણેની લીલાનો સમન્વય કરવામાં આવ્યો છે. શ્રીમદ્ ભાગવતના ૧૨ સ્કંધ એ શ્રીઠાકોરજીના ૧૨ અંગ સ્વરૂપ છે. એ જ પ્રકારે જે સ્કંધની અંદર જે લીલા ભગવાને કરી છે, એ બધી લીલા શ્રીગુસાંઈજી પ્રભુચરણ કેવી રીતે કરે છે, એનો અનુભવ ગોપાલદાસજીના હૃદયમાં થઈ રહ્યો છે. તેમને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં એટલી બધી આસક્તિ છે કે આજે સમગ્ર લીલાનો અનુભવ શ્રીગુસાંઈજીમાં કરે છે. અને આ આખ્યાનમાં શ્રીજીના સ્વરૂપ અને ગુસાંઈજીના સ્વરૂપનું વર્ણન કરે છે.

શ્રીજી વામ હસ્ત ઊંચો કરી પોતાના જીવોને બોલાવે અને બીજો હસ્ત કટિ ઉપર રાખીને કહે છે કે જીવ, એકવાર મારા શરણે આવ. શરણે આવ્યા પછી જે ભવસાગરથી તું ડરે છે, એ ભવસાગર તારે તરવો નહિ પડે, એ ભવસાગર હું તારી કટિ જેટલો કરી દઈશ, તું આરામથી ચાલીને એને પાર કરજે. માટે હે જીવ તું આરામથી મારે શરણે આવ. શ્રીનાથજીબાવા ઊંચો હસ્ત કરી કરી પોતાના જીવોને બોલાવે છે. સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ. છતાં જીવ ન આવે તો શ્રીનાથજીબાવા ઊંચો હસ્ત કરીને અને બીજો હસ્ત કમર પર રાખીને, નૃત્યની મુદ્રા ધારણ કરીને, પોતાના જીવોને મોહ પમાડવા માટે જાણે ઠુમક ઠુમક નૃત્ય કરે છે, જેથી આપણું મન એમાં ખેંચાય.

શ્રીનાથજીબાવા શ્રીગિરિરાજજીની કંદરાના દ્વાર ઉપર ઊભા રહી જીવને પોતાની લીલામાં પાછા બોલાવવા માટે આવી લીલા કરે છે. કટિ ઉપર હસ્ત રાખી, એનો અંગૂઠો માયાને બતાવી કહે છે કે માયા, તું આ મારા જીવનો સ્પર્શ કદી કરી નહિ શકે. આમ જીવને બોલાવે છે. નૃત્યની મુદ્રા ધારણ કરી મોહ પમાડે છે.

આપણે જાણીએ છીએ શ્રીજીબાવાનો દક્ષિણ ચરણ શ્રીમદ્ ભાગવતનો પ્રથમ સ્કંધ, દ્વિતીય સ્કંધ વામ ચરણ એમ બારેબાર સ્કંધ શ્રીજીબાવાના બાર અંગ છે. ભાગવતજીના બાર સ્કંધ અને માહાત્મ્ય મળી કુલ તેર થાય. તો આ આખ્યાનમાં પણ તેર ટ્ક છે. પ્રથમ ટ્કમાં શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્ય સાથે સંગતિ અને બાકીની બાર ટ્કમાં બાર સ્કંધ સાથે સંગતિ છે.

શ્રવણ, કીર્તન, સ્મરણ પછી ચોથી ભક્તિ છે પાદસેવન. આ ચોથું આખ્યાન એ પાદસેવન ભક્તિ છે. એને ગાવાનો પણ ચોક્કસ ઢાળ છે.

પાદસેવન ભક્તિ હોવાથી 'તે પદ વંદુ' એ કડી દરેક કડીની પાછળ ગવાય છે. હવે આપણે પ્રથમ કડી જોઈએ.

તે પદ વંદુ શ્રીવલ્લભનંદજી.
ત્રિભુવન મંગલ પરમાનંદજી.
સકલ જીવનો ટાળ્યો દ્વંદ્વજી.
જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી... તે પદવંદુ...૧

પ્રારંભમાં કહ્યું : તે પદ વંદુ શ્રીવલ્લભનંદજી. શ્રીગુસાંઈજીનું વર્ણન કરતાં કરતાં આ પંક્તિની સંગતિ આપી છે શ્રી ભાગવતજીના મહાત્મ્ય સાથે. મહાત્મ્ય સાથે સંગતિ આપીને સૌથી પહેલાં કહે છે કે હું એ ચરણને વંદન કરું છું, જે ચરણ પ્રભુએ બલિરાજાના માથે પધરાવ્યો હતો. જે ચરણારવિંદનું પ્રક્ષાલન બ્રહ્માદિ દેવતાઓએ કર્યું અને એ ચરણમાંથી ગંગાજી પ્રકટ્યાં. એ ચરણને વંદન કરું છું, જે ચરણે રામાવતારમાં શિલાને સ્પર્શ કર્યો અને શિલાને સ્ત્રી બનાવી દીધી. જે ચરણનું પ્રક્ષાલન પેલા કેવટે પણ કર્યું હતું, એ ચરણને વંદન કરું છું.

જે ચરણ પધરાવવાની વિનંતી સારસ્વત કલ્પમાં વારેવારે ગોપીઓએ કરી હતી. કૃપાનાથ, આપના ચરણ કેવા છે? પ્રણતદેહિનાં પાપકર્ષણં તૃણચરાનુગં શ્રીનિકેતનં -

હે પ્રભુ, આપ જાણો છો કે અમારા હૃદયમાં ઘણી મલિનતા છે. પ્રભુ, અમે જાણીએ છીએ કે આપ અમારાથી દૂર શા માટે છો? પેલા કામદેવે બધા મોટા મોટા દેવોને હેરાન કર્યા. જ્યારે એ શિવજીને હેરાન કરવા માટે ગયો, ત્યારે શિવજીએ પોતાનું તૃતીય નેત્ર ખોલ્યું. કામદેવે ભયભીત થઈને એવી જગ્યા શોધવા પ્રયત્ન કર્યો, જ્યાં એ આરામથી રહી શકે. જ્યાંથી કોઈ એને બહાર કાઢે નહિ. ગોપીઓનાં હૃદય એને એવી સુરક્ષિત જગ્યા જેવા લાગ્યાં એટલે આવીને અમારા હૃદયમાં સંતાયો છે. પીડા આપી રહ્યો છે. કૃપા કરીને આપના ચરણારવિંદ અમારા હૃદયમાં પધરાવો.

ભગવાન કહે છે : 'તમે કહો છો કે તમારા હૃદયમાં કામ છે. કામ એટલે વિષય. જેમાં વિષ હોય તેના હૃદય ઉપર હું મારા ચરણ કેવી રીતે પધરાવું?' ગોપીઓ કહે છે : 'પ્રભુ, યાદ કરો. આપના ચરણ ફણિફણાર્પિતં છે. એ કાલિ તો વિષથી ભરેલો હતો. એવા કાલિયના માથે ચરણ પધરાવ્યા ત્યારે આપને વિષ ન દેખાયું અને અમારા ઉપર ચરણ પધરાવવાનું કહીએ છીએ ત્યારે આપને વિષ દેખાયું?'

ભગવાન કહે છે : 'એ પશુ હતો. તમે તો સ્ત્રી છો. તમારા ઉપર ચરણ કેવી રીતે પધરાવું?'

'પ્રભુ આપના ચરણ 'શ્રીનિકેતન' છે. એ ચરણની સેવા આપે લક્ષ્મીજીને આપી છે. તો શું લક્ષ્મીજી સ્ત્રી નથી? જો આપની સેવા લક્ષ્મીજીને મળે તો અમે તો એના અંશરૂપ છીએ. અમને આપના ચરણની સેવા કેમ ન મળે?'

'ગોપીઓ, લક્ષ્મીજી સ્ત્રી છે, પણ બહુ ચતુર છે, તમે તો મૂઢ છો. જે મૂઢ હોય તેવાં તમને ચરણ કેમ અપાય?'

'પ્રભુ, યાદ કરો. આપના ચરણ તૃણચરાનુગં છે. એવાં પશુઓની પાછળ પાછળ જાય છે, જે તૃણ ચરે છે. આખી દુનિયા તમારાં દર્શન કરવા તલસે, જ્યારે આપ પાછળ ચાલતા હો ત્યારે આ જીવો તમારી સામે જોયા વિના આગળ ચાલે. તમને

પીઠ કરીને ચાલે, એ શું મૂઢ ન કહેવાય? મોટા મોટા અનુષ્ઠાનોનું ફળ, અનેક સાધનો અને તપસ્યાનું ફલ એવા ઠાકોરજી જેની પાછળ પાછળ ચાલતા હોય, એમનાં દર્શન છોડીને આસપાસના ઘાસફૂલ ખાવામાં જે પડેલા હોય, એ શું મૂઢ ન કહેવાય? એવા મૂઢની પાછળ પાછળ આપનાં ચરણ ચાલે, તો અમને એ ચરણ કેમ ન મળે?'

જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણ પધાર્યા ત્યારે એ ચરણ બધા માટે સુલભ થયા, માટે કહ્યું તે પદ વંદુ શ્રીવલ્લભનંદજી. હે પ્રભુ, આપ ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પધાર્યા છો. જીવોની ઉપર કૃપા કરવા પધાર્યા છો. માટે આપનાં ચરણ ત્રિભુવન મંગલ પરમાનંદજી. જે ચરણારવિંદની સેવા લક્ષ્મીજી પણ કરે છે, એ લક્ષ્મીજી, જે પ્રભુનાં પત્ની છે. લક્ષ્મીજીએ કહ્યું કે પ્રભુ, હું આપની પત્ની છું. મારે એવી જગ્યાએ રહેવું છે કે જ્યાં મારા સિવાય બીજું કોઈ ન હોય. 'એવી કઈ જગ્યા છે?' પ્રભુએ પૂછ્યું.

'મારે આપના હૃદયમાં રહેવું છે.' પ્રભુ કહે : 'ઠીક છે.' લક્ષ્મીજી બિચારાં એકલાં. પ્રભુનાં હૃદયમાં બેઠેલાં તો રહે, પણ દૃષ્ટિ પડે ચરણારવિંદ ઉપર. વિચારે કે મારા પ્રભુની દૃષ્ટિ છે ચરણારવિંદ ઉપર અને હૃદયમાં રહેનારાને ન ચરણની સેવા મળે કે ન અધરામૃત મળે, પણ પ્રભુ જેવી કૃપા આપ આપના ચરણમાં રહેનારા જીવો ઉપર કરો છો એવી કૃપા આપ આપના હૃદયમાં રહેનારા જીવો ઉપર નથી કરતા તો એવી કૃપા કરો કે મને આપના ચરણમાં સ્થાન આપો. પ્રભુ કહે, કેમ? તમે તો હૃદયમાં રહેવા તૈયાર થયાં હતાં ને? ત્યાં તમારા સિવાય બીજું કોઈ નથી.

'પણ અહીંથી નથી આપના મુખ સુધી પહોંચાતું કે નથી ચરણ સુધી. વળી પ્રભુ, આપ જેવી કૃપા આપના ચરણમાં રહેનાર ઉપર કરો છો તેવી કૃપા બીજા ઉપર નથી કરતા.'

આપણા પુષ્ટિપુરુષોત્તમ દૃષ્ટિ સીધી નથી રાખતા પણ પોતાના ચરણારવિંદના જીવો ઉપર દૃષ્ટિ રાખે છે. પોતાના શરણાગત જીવો ઉપર રાખે છે. વિચારે છે કે આ મારા જીવોને મારી ચરણરજ તો મળી રહે છે. પણ હું શું કરું કે મારું અધરામૃત પણ એમને મળે. એટલા માટે ઠાકોરજી ખેલતાં ખેલતાં પોતાના ચરણનો અંગુષ્ઠ પોતાના મુખમાં પધરાવે છે. એ રીતે પોતાના ચરણમાં અને શરણમાં રહેલા જીવોને પોતાના અધરામૃતનું પણ દાન કરે છે. માટે લક્ષ્મીજી કહે છે કે આપ ચરણમાં રહેનાર જીવો ઉપર જેવી કૃપા કરો છો તેવી કૃપા હૃદયમાં રહેનાર ઉપર કરતા નથી. માટે મને ચરણમાં જગ્યા આપો.'

ભગવાન કહે છે : 'વિચાર કરી લો. હૃદયમાં તો એકલાં છો. ચરણમાં બહુ ભીડ છે. ત્યાં તો આપના શોક્ય પણ હશે. તુલસીજી પણ ત્યાં છે.'

લક્ષ્મીજી કહે છે : 'ચાલશે. મારે તો આપના ચરણમાં રહેવું છે.' જે ચરણના આશ્રય માટે લક્ષ્મીજી પ્રભુના હૃદયનું સ્થાન છોડીને ચરણમાં આવીને વસ્યાં, એ ચરણને અમે વંદન કરીએ છીએ.

તે પદ વંદુ શ્રીવલ્લભનંદજી. એટલા માટે તો ભગવદીયો પણ ગાય છે.

શ્રીવલ્લભસુત કે ચરણ ભજો ।
નંદકુમાર ભજનસુખદાયક પતિતન પાવન કરણ ।।૧।।

શ્રીવલ્લભના સુતના ચરણારવિંદનો આશ્રય આપણે કરીએ કે જે ચરણની અંદર એવું સામર્થ્ય છે કે પ્રભુ સાથે સંબંધ કરાવી આપે. આ કલિકાલમાં કલ્પવૃક્ષ એટલે શ્રીગુસાંઈજી અને કલ્પવૃક્ષનાં મૂળિયાં એટલે શ્રીગુસાંઈજીનાં ચરણારવિંદ. મૂળ પોષે વૃક્ષ પોષાય. પ્રત્યેક શાખા સીંચતા તરુવર તૃપ્તિ ન થાય. સુંદર બગીચો બનાવ્યો હોય અને શાખાને જલ સીંચાય અને મૂળને ન સિંચાય તો શું થાય? બગીચો આખો કરમાઈ જાય. માટે જ કલ્પવૃક્ષ રૂપી શ્રીગુસાંઈજીના મૂળ રૂપી ચરણકમલનો આશ્રય કરીએ ત્યારે ભક્તિ ફલિત થાય.

દૂર કિયે કલિ કપટ વેદ
વિધિ મત્ત પ્રચંડ વિસ્તરણ ।
અતુલ પ્રતાપ મહિમા શ્યામ
યશ તાપ શોક અઘહરણ ।।૨।।
પુષ્ટિ મર્યાદા ભજન સુખ સીમા
નિજ જન પોષણ ભરણ ।
નંદદાસ પ્રભુ પ્રકટ ભયે દોઉ
શ્રીવિઠ્ઠલેશ ગિરિધરન ।।૩।। ભજો.

જેવો શ્રી ગુસાંઈજીના ચરણકમલનો આશ્રય થાય એવો શ્રીગુસાંઈજીના મુખારવિંદનો આશ્રય થાય, તો આ પુષ્ટિભક્તિ હૃદયમાં ફલિત થાય. ભવસાગરમાં ડૂબતા માણસને કોઈ નૌકા મળી જાય, તો એ સાગરને પાર કરી જાય. આપણે ભવસાગરમાં ડૂબેલાં છીએ. આપણને મળેલી કોઈ નૌકા હોય તો એ શ્રીગુસાંઈજીના ચરણારવિંદ છે. એ મળી જાય તો ભવસાગર પાર કરી જવાય.

અહીં કેવા ચરણારવિંદનો આશ્રય કરવાનું કહે છે? જેનો આશ્રય કરીને મોટા મોટા દેવો પણ ધન્ય બન્યા. આપના ચરણારવિંદ ત્રિભુવન મંગલ પરમાનંદજી - ત્રણે ભુવનોનું મંગલ કરનારા છે. પૃથ્વી, સ્વર્ગ, પાતાળ ત્રણ ભુવન તો છે, પણ પુષ્ટિમાર્ગીય ત્રણ ભુવન એટલે ગોકુલ, વૃંદાવન અને જતીપુરા. આ ત્રણેને પાવન કરવા શ્રીગુસાંઈજી પ્રગટ્યા છે. જે શ્રીગુસાંઈજીના ચરણકમલનો આશ્રય કરે તેના ત્રણે ભુવનોને પાવન કરે. આ ત્રણ ભુવન એટલે શું? વૈષ્ણવોનું હૃદય, વૈષ્ણવોનું મુખ અને વૈષ્ણવોના કર્ણ. આ ત્રણનું મંગલ કરનારા શ્રીગુસાંઈજી છે.

જ્યારે શ્રીગુસાંઈજીનું નામ આપણે સાંભળીએ ત્યારે કર્ણને મંગલ કરે, મુખથી એમનાં ગુણગાન ગાઈએ ત્યારે મુખનું મંગલ કરે અને ગુણગાન ગાતાં ગાતાં, શ્રવણ કરીને એમને હૃદયમાં પધરાવીએ ત્યારે હૃદયનું પણ મંગલ કરે. માટે કહ્યું ત્રિભુવનમંગલ પરમાનંદજી. આ ત્રણે ભુવનોમાં વૈષ્ણવોને મુખમાં,કર્ણમાં અને હૃદયમાં આનંદનું દાન કરવાવાળા શ્રીગુસાંઈજી પ્રભુચરણ છે. ગોકુલ, વૃંદાવન અને જતીપુરા એ ત્રણેની લીલા પ્રગટ કરવાવાળા આપ છે. માટે ગોકુલનાથ કહેવાયા, વૃંદાવનનાથ કહેવાયા, ગોવર્ધનધારી કહેવાયા. કારણ ત્રણે લીલાને પ્રકટ કરવાવાળા છે.

સકળ જીવનો ટાળ્યો દ્વંદ્વજી - શ્રીગુસાંઈજી સકલ જીવોના દ્વંદ્વને ટાળનારા છે. સકળ પુષ્ટિજીવોના દ્વંદ્વને કેવી રીતે ટાળ્યો? જ્યાં સુધી આ મારું અને આ પ્રભુનું છે એમ માને છે ત્યાં સુધી વૈષ્ણવ દ્વંદ્વમાં જીવે છે. આ મારી વસ્તુ અને પેલી પ્રભુની વસ્તુ, આ મેં મારું કામ કર્યું અને આ પ્રભુનું કામ કર્યું. આ લૌકિકનું કાર્ય અને આ અલૌકિક -

જ્યાં સુધી આ બેમાં માણસ જીવે છે ત્યાં સુધી માનવું કે એ દ્વંદ્વમાં જીવી રહ્યો છે. જ્યાં સુધી મારું અને એનું છે ત્યાં સુધી દ્વંદ્વ છે. પણ જ્યારે ભાવ આવી જાય કે મારું કાંઈ છે જ નહિ, જે કંઈ છે એ એનું જ છે. જે દિવસે સમર્પિત થયો એ દિવસ પછી મારું રહ્યું શું છે? જ્યારે મારું કાંઈ રહ્યું નથી છતાં હું એ માનીને બેસું છું કે આ મારું છે ત્યાં સુધી આપણે દ્વંદ્વમાં જીવી રહ્યાં છીએ. જ્યારે બધું મટીને જે કાંઈ છે એ પ્રભુનું છે એમ માનીએ ત્યારે દ્વંદ્વ મટી જાય છે. જે દિવસે આપણે બ્રહ્મસંબંધ લીધું એ દિવસથી આપણે માટે આ લૌકિક અને આ અલૌકિક એમ બે વસ્તુ રહી જ નથી.

તમે વિચારો કે કાર્યમાં એટલાં વ્યસ્ત છીએ કે પ્રભુનાં સેવા-સ્મરણ માટે સમય નથી કાઢી શકતા, પણ એ તમારી ભૂલ છે. તમે જે પણ કરો છો એ પ્રભુની સેવા જ કરી રહ્યાં છો. જે દિવસે આપણે બ્રહ્મસંબંધ લઈ, વૈષ્ણવ થયા તે દિવસ પછી આપણું રહ્યું શું છે જેને આપણે આપણું માની શકીએ?

એકવાર વૈષ્ણવ થયા પછી તમે ઘરનું કામ કરો છો, વેપાર-ધંધો કરવા જાઓ છો, એ બધું લૌકિક નથી, એ પણ પ્રભુની સેવા જ કરી રહ્યા છો. જે દિવસે બ્રહ્મસંબંધ લીધું તે દિવસે તમે તમારી પ્રત્યેક વસ્તુ સમર્પિત કરી ચૂક્યા છો. પ્રભુની વસ્તુને સંભાળવી, પ્રભુની વસ્તુની વૃધ્ધિ કરવી, એ ભગવદ્ સેવા નથી તો શું છે? ત્યાં સુધી કે તમે માંદા પડો છો અને દવા લો છો એ પણ ભગવદ્ સેવાનું અંગ છે. જે દિવસે બ્રહ્મસંબંધ લીધું એ દિવસે આ દેહ પણ પ્રભુને સોંપી દીધો છે. તેથી એની રક્ષા કરવી, પ્રભુની વસ્તુની સાચવણી કરવી એ તમારું કર્તવ્ય છે. એવો વિચાર નહિ કરવાનો કે પ્રભુની સેવામાં છીએ. તો આ દેહનું જે થવું હોય તે થાય, એની ચિંતા કરવાની નહિ.

ના, આ દેહને તમે સાચવો છો એ પણ ભગવદ્ સેવાનું અંગ છે, કારણકે તમારું કાંઈ રહ્યું જ નથી. વૈષ્ણવ માટે આ લૌકિક અને અલૌકિક એવા ભેદ હોય જ નહિ. માટે હું હંમેશા મારા પ્રવચનમાં કહું છું કે એવા સાધન પણ નહિ કરવા, કે જેનાથી આ દેહને પીડા થાય. ઘણા લોકો આખો અધિક મહિનો ઉપવાસ કરે, એવા કેટલાંય સાધન કરે. હું તો માનું છું કે પેટ ખાલી રાખી મનમાં ભોજનના વિચારો કરવા એના કરતાં પેટમાં ભોજન નાખી મનમાં પ્રભુના વિચાર કરવા, એ વધુ સારું છે.

દસ દિવસના ઉપવાસ કરે, કહે કે એવી અશક્તિ આવી ગઈ છે કે ઊઠાતું યે નથી, સેવા થતી નથી, હવેલીએ દર્શન કરવા આવે તો કોઈનો હાથ પકડી માંડ માંડ આવે, તો શું આવા સાધનથી પ્રભુ મળે? હું તો હંમેશા કહું છું કે રોજ લેતાં હો એનાથી અધિક મહિનામાં બે રોટલી વધારે લેજો. પણ નિયમ લેજો કે આખો મહિનો જે પણ કંઈ લઈશ એ પ્રભુને સમર્પિત કરીને લઈશ. ભગવદ્ પ્રસાદી લઈશ.

કોઈ કહે : 'આખો મહિનો મૌન પાળીશ. કાંઈ બોલવાનું નહિ. કોઈને વઢવું હોય તો લખીને આપીશ, પણ બોલીશ નહિ.'

આખો મહિનો મૌન રાખવાનો નિયમ રાખે અને ઈશારા કરીને બતાવે. આ મૌન ન કહેવાય - એને બોડી લેંગ્વેજ કહેવાય. એ પણ ભાષા છે.

કોઈપણ રીતે બહારની દુનિયા સાથે વ્યવહાર (કોમ્યુનીકેટ) કરો તો એ મૌન ન કહેવાય.

મૌન લેવાનો નિયમ લેવો એના કરતાં આખો મહિનો ભગવદ્ નામ લઈશ એવો નિયમ લો તે વધારે ઉત્તમ છે. તો એવાં સાધન કરીએ કે જે સાધન આપણને પ્રભુની નિકટ લઈ જાય, પ્રભુથી દૂર ન લઈ જાય. આપણી ભગવદ્ સેવામાં આસક્તિ અને તત્પરતા વધે, એવા નિયમ લેવા જોઈએ. ભગવદ્ સેવાથી આપણે વિમુખ ન થવા જોઈએ. તેટલા માટે કહ્યું : સકલ જીવનો ટાળ્યો દ્વંદ્વજી.

જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી. મકરંદ એટલે કમળની મધ્યમાં રહેલો પદાર્થ, જેની સુગંધ ચારે કોર ફેલાય, ત્યારે એ મકરંદના લોભી ભ્રમરો તેનું પાન કરવા માટે આવે. શ્રીગુસાંઈજીનું મુખ કમળ જેવું છે. એમાંથી નીકળેલાં આપનાં વચન મકરંદ જેવાં છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણની વાણીમાંથી એવી સુગંધ આવી, એવો રસ પ્રકટ્યો કે જાણે કમળ ખીલ્યું હોય અને કમળમાંથી મકરંદની સુવાસ બહાર આવી હોય. શ્રીગુસાંઈજીના ગ્રંથો પ્રકટ થયા, એનું જેણે જેણે રસપાન કર્યું, એનો આશ્રય કર્યો એને એમ જ લાગ્યું કે જેમ લોભી ભ્રમરો કમળના મકરંદનું આસ્વાદન કરવા આવે, એમ જીવો અહીં મકરંદનું આસ્વાદન કરવા આવ્યા. માટે કહ્યું : જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી.

આ ટૂકની સંગતિ કરી છે ભાગવતજીના માહાત્મ્ય સાથે. ભાગવતજીના માહાત્મ્યમાં કહ્યું કે કલિના જીવો માટે – કેવા જીવો? કાલ વ્યાલ મુખગ્રાસ – કાળના મુખનો કોળિયો બનેલા કલિના જીવોનો જો કોઈ ઉદ્ધારક છે, તો એ શ્રીમદ્ ભાગવત છે. અહીં પણ એ જ વસ્તુ કહી કે આ કલિકાલમાં સર્વ જીવોના ઉદ્ધારક, પુષ્ટિજીવોને પ્રભુ સાથે જોડનારા, પુષ્ટિજીવોના ઘરમાં પુરુષોત્તમને પધરાવનારા અને જીવોનું મંગળ કરનારા જો કોઈ છે તો એ શ્રીગુસાંઈજી છે.

બીજું કહ્યું કે ત્રિભુવન મંગલ પરમાનંદજી. જ્યારે જન્મો જન્મના પુણ્યનો ઉદય થાય ત્યારે શ્રી વિઠ્ઠલેશપ્રભુના ચરણારવિંદમાં પ્રીતિ થાય. એમના ચરણારવિંદની પ્રાપ્તિ થાય.

અહીં કહે છે જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી– આ જગતમાં જેમ ભાગવતની ખ્યાતિ ફેલાઈ–કયા પ્રસંગથી? જ્યારે પેલો ધુંધુકારી દુર્ગતિને પ્રાપ્ત કરી પ્રેત બન્યો, પણ ભાગવતના શ્રવણથી તેનો ઉદ્ધાર થયો, એમ જે જે જીવો પ્રભુથી વિમુખ છે, એ જીવતા પ્રેત જેવા છે, જ્યારે શ્રીગુસાંઈજીની કૃપા થાય ત્યારે શ્રીઠાકોરજી સાથે એમનો સંબંધ થાય ત્યારે પ્રભુને લાયક એ જીવ બને.

આમ શ્રીભાગવતજીના મહાત્મ્ય સાથે સંગતિ કરી. હવે બીજી ટૂકમાં કહે છે :

સુખદ વંદુ વલ્લભસુતનાં પદાંબુજ સુકુમાર
નિગમ રહસ્ય વિચાર કીધો સકલ જન નિસ્તાર...
તે પદ વંદુ. ૨

તે પદ વંદુ – આ પદ દરેક પંક્તિની પાછળ આવશે કારણકે મૂળ આશય તો આ છે – આ ચરણનો આશ્રય કરવો. જેમ આપણે કૃષ્ણાશ્રયનો પાઠ કરીએ, એમાં અનેક બાબતો આવે, પણ મૂળ બાબત કઈ – કૃષ્ણ એવ ગતિર્મમ. આ આખ્યાનમાં બધી વસ્તુઓ બતાવવામાં આવી છે, પણ સાર એ છે કે તે પદ વંદુ શ્રીવલ્લભનંદજી.

એટલા માટે અહીં પણ કહ્યું કે સુખદ વંદુ શ્રીવલ્લભસુતના પદાંબુજ સુકુમાર. શ્રીગુસાંઈજીના ચરણારવિંદને હું વંદન કરું છું. એ ચરણારવિંદ સુખદ છે. સુખને આપનારા છે. વૈષ્ણવોને સુખ ક્યારે પ્રાપ્ત થાય? જ્યારે જે પ્રભુથી એ દૂર છે, એ પ્રભુની સન્મુખ જાય ત્યારે. જે પ્રભુને એ જીવ ભૂલ્યો છે, એને પાછી એ પ્રભુની યાદ આવે. શ્રી વિઠ્ઠલેશ પ્રભુના ચરણારવિંદનો આશ્રય કરવાથી, એમના ચરણારવિંદને વંદન કરવાથી આપણા પ્રભુ આપણને પુનઃ યાદ કરે. પુનઃ કૃપા કરે, આપણા અલૌકિક મનોરથો પૂર્ણ કરે. માટે કહ્યું : સુખદ વંદુ શ્રીવલ્લભસુતના પદાંબુજ સુકુમાર.

જૂના જમાનાનાં મંદિરોમાં આપણે જઈએ તો એ મંદિરોના પ્રવેશદ્વાર તો એકદમ ઊંચા હોય, મંદિર ભવ્ય હોય પણ મંદિરની અંદર જવાનું દ્વાર એકદમ નીચું હોય. કેમ? તો કહે મોટામાં મોટો માણસ પણ પ્રભુની પાસે આવે તો માથું ઊંચુ રાખીને નહિ, પણ માથું ઝુકાવીને પ્રભુ સન્મુખ જાય. વંદન કરે. એ જ સાચા અર્થમાં આ ભવસાગરથી તરી શકે.

એક જંગલમાં ભયંકર આંધી આવી. જંગલમાં મોટાં મોટાં વૃક્ષો હતાં - સો-દોઢસો ફૂટ ઊંચા - એ બધાં પડી ગયાં. પણ ત્યાં ઊગેલા ઘાસને કાંઈ ન થયું. જોનારને આશ્ચર્ય થયું. વર્ષોથી અડીખમ ઊભેલાં વૃક્ષો પડી ગયાં પણ નાનકડા ઘાસને આંધી ઉખાડી ન શકી. ત્યારે કહ્યું કે એ વૃક્ષો આંધી આવી ત્યારે ઝૂકી ન શક્યાં તેથી પડ્યાં અને ઘાસ ઝૂકી ગયું તો આંધી એનું કાંઈ બગાડી ન શકી.

આ જગતની લૌકિક આંધીઓમાં પણ જેઓ અકડીને ઊભા રહે છે એને લૌકિક કસોટીઓ તોડી નાખે છે, પણ જેને ઝૂકતા આવડી જાય એનું લૌકિક કસોટીઓ કાંઈ બગાડી શકતી નથી. એ અખંડ રહે છે. પરિપૂર્ણ રહે છે. સમુદ્રને કિનારે ઊભાં હો અને ઊંચી લહેર આવે તો એ લહેર તમને ક્યાંય ફેંકી દેશે પણ જો તમે નીચે બેસી જાઓ તો દરિયાનું પાણી તમારી ઉપરથી ચાલ્યું જાય, તમને નુકશાન ન કરી શકે. એમ જેને ઝૂકતાં, નમતાં આવડ્યું એ બચી ગયાં.

ઘણીવાર મસ્તક તો નમે પણ અહં તો ઊભો હોય, નમામિ યમુનામ્ અહં - અહીં અહં શબ્દનો ઉપયોગ કર્યો છે. જ્યારે અહમ્ ઝૂકે, ત્યારે સાચા અર્થમાં આપણે ઝૂક્યા કહેવાઈએ. માટે અહીં સુકુમાર એવા વલ્લભસુતના પદાંબુજનો - ચરણારવિંદનો આશ્રય કરવાનું કહ્યું. કારણકે આ કડીની સંગતિ છે ભાગવતના પ્રથમ સ્કંધ સાથે. પ્રથમ સ્કંધ એટલે અધિકારલીલા.

શ્રીગુસાંઈજી પ્રભુચરણે સકલ વેદોના રહસ્યનો વિચાર કર્યો છે. વેદોનું રહસ્ય એટલે શ્રીમદ્ ભાગવત - એનો વિચાર કરીને એનું મંથન કરીને, એનો સાર એવો અષ્ટાક્ષર મંત્ર વૈષ્ણવોને આપ્યો અને વૈષ્ણવોને વૈષ્ણવ તરીકેનો અધિકાર આપ્યો. પહેલો સ્કંધ અધિકારલીલા છે. અધિકાર એટલે પાત્રતા. લૌકિકમાં અધિકાર એટલે હક. આ વસ્તુ મારા અધિકારની છે એટલે મારા હકની છે. પણ પુષ્ટિમાર્ગમાં અધિકાર એટલે જીવની પાત્રતા. એક જ વસ્તુ અપાય, એક જ વ્યક્તિ દ્વારા અપાય પણ જેવું પાત્ર લઈને આપણે બેઠાં હોઈએ એવી ને એટલી

વસ્તુ જ લઈ શકીએ. વરસાદ પડે છે ત્યારે દરેકને માટે સમાન પડે છે, કોઈ કટોરી લઈને જાય તો કટોરી જેટલું જળ મળે. તપેલું લઈને જાય તો એને એટલું જળ મળે. કોઈ વળી એનાથી પણ મોટું પાત્ર લઈને જાય, પણ પાત્ર ફૂટેલું હોય તો કાંઈ રહે નહિ. તો આ પાત્રતા એટલે અધિકાર જ્યારે હોય ત્યારે સાચા અર્થમાં એ જીવ ગ્રહણ કરી શકે. પામેલી વસ્તુને માણી શકે. માટે શ્રીગુસાંઈજી પ્રભુચરણે ભાગવતજીનું મંથન કરી, એના સારરૂપ અષ્ટાક્ષર મંત્ર જીવોને આપ્યો. શા માટે? સકલ જન નિસ્તાર. નિસ્તાર એટલે જીવનો ઉધ્ધાર કરવા માટે. જીવનો ઉધ્ધાર ક્યારે થાય? જ્યારે એના અધિકારનું સંપાદન થાય.

અષ્ટાક્ષર મંત્ર આપ્યો એટલે બીજ રોપાયું. અધિકારનું સંપાદન થયું. એટલે કે સ્કૂલમાં એડમીશન મળ્યું. એડમીશન મળે તો સ્કૂલમાં ક્લાસ ભરાય. આમ સાચા અર્થમાં જીવને અધિકાર આપનારું તત્ત્વ અષ્ટાક્ષર મંત્ર છે. એમાં આઠ અક્ષર છે. પહેલો સ્કંધ એટલે અધિકાર. આ જીવને જે મેળવવાનું છે એ મેળવવાનો એ અધિકારી છે કે નહિ, તે આનાથી નક્કી થાય. આ બીજ છે. બીજ રોપાયું હોય તો જ વૃક્ષ ઊગી શકે. અષ્ટાક્ષર મંત્ર એટલે શ્રીકૃષ્ણઃ શરણં મમ. આ અષ્ટાક્ષર આપણું મૂળ છે. અધિકાર સંપાદન કરવા માટે શ્રીગુસાંઈજીએ આપેલો સાર છે. એ અષ્ટાક્ષર મંત્રને જ આપણે સાચા અર્થમાં ન સમજીએ તો શું આપણને પુષ્ટિભક્તિમાર્ગ ફલિત થાય? હજી આપણો અધિકાર કેમ સંપાદન થયો નથી? કારણ કે અધિકાર સંપાદન કરનારું તત્ત્વ, મંત્ર છે, એને આપણને સાચી રીતે લખતાં કે બોલતાં નથી આવડ્યું. બીજ જ ખોટું હોય તો એની ઉપર ઈમારત ઊભી કરવામાં આવે તો એ ટકે? સૌથી પહેલાં 'નીવ' પાયો મજબૂત કરવો પડે. અષ્ટાક્ષર આપણી નીવ છે. નીવ હાલતી હશે તો ઈમારત ઊભી નહિ રહે. શ્રીગુસાંઈજીએ જીવનો અધિકાર સંપાદન કરવા માટે શ્રીભાગવતનું મંથન કરી આ મંત્ર જીવને આપ્યો છે.

ઘણીવાર વૈષ્ણવો નામમંત્ર લેવા આવે અને એમને આ અષ્ટાક્ષર મંત્ર આપીએ તો કહે, આ મંત્ર તો અમને આવડતો હતો. એ લેવાથી શું લાભ?

એક કીમતી મશીન – જે એક દિવસ બંધ રહે તો લાખો રૂપિયાનું નુકશાન થાય – એ બગડ્યું. એ રીપેર કરવા માટે એક એન્જીનીયરને બોલાવ્યો. એની લાખો રૂપિયાની ફી વગેરે આપીને બોલાવ્યો. એણે એક હથોડી લઈને મશીન ઉપર મારી કે મશીન ચાલ્યું. પેલા માલિકને દુઃખ થયું કે ખાલી હથોડીથી કામ થઈ ગયું. એ માટે એક લાખ રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો. એન્જીનીયર કહે છે હથોડી મારવાના તો હજાર રૂપિયા જ છે પણ નવાણુંહજાર રૂપિયા એ હથોડી ક્યાં મારવી એના છે. હથોડી તો દરેક પાસે હોય પણ એનો પ્રહાર ક્યાં કરવો, એ તો એ જ જાણી શકે કે જેની પાસે એનું જ્ઞાન હોય.

એમ અષ્ટાક્ષર મંત્ર તો દરેકને આવડતો હોય, પણ એની અસર ક્યાં આપવી, એ આપનાર જ જાણતો હોય. હથોડી તો એક જ હોય પણ એ મારવાથી પથ્થર તૂટી પણ શકે અને કોઈ શિલ્પી ચોક્કસ સ્થાન ઉપર હથોડી મારી એમાંથી મૂર્તિ ઘડી પણ શકે – આમ હથોડીનાં બે કામ છે. એક

તોડવાનું અને બીજું ઘડવાનું. આ પ્રકારે શ્રીગુસાંઈજીએ અષ્ટાક્ષર મંત્ર વૈષ્ણવોને આપી અધિકારનું દાન કર્યું. હવે આગળ ત્રીજી કડીમાં કહે છે :

બ્રહ્મકુલ હરિ અવતર્યા તે ટાળવા ભૂમિ ભાર,
શ્રીનાથ વિઠ્ઠલ નામ નિરૂપમ વૃંદાવન શૃંગાર...
તે પદવંદુ...૩

શ્રીગુસાંઈજી બ્રહ્મકુલમાં – બ્રાહ્મણ કુળમાં પ્રગટ્યા, કારણ કે વેદનું અધ્યયન કરવાનું છે. વેદના સિધ્ધાંતોને પ્રગટ કરવાના છે. વળી આપ સાક્ષાત્ પુરુષોત્તમ સ્વરૂપે પ્રગટ્યા છે. આપના પ્રાગટ્યથી પહેલાં ઘણા બધા અવતારો ભૂમિનો ભાર ટાળવા થયા છે. તો જે એ બધા અવતારો – અંશાવતારો ભૂમિના ભારના હરણ માટે થયા છે અને ગુસાંઈજી પ્રભુચરણ પણ એ માટે જ પ્રગટ્યા છે, તો એ અવતારમાં અને આ અવતારમાં શું ફરક રહ્યો?

જ્યારે જ્યારે પણ ભૂમિ ઉપર આપત્તિ આવે અને ગાયનું રૂપ લઈ પૃથ્વી પ્રભુ પાસે જાય, કહે કે મારા ઉપર અસુરોનો ત્રાસ છે. આપ પધારો અને એ મલિનતા દૂર કરો. તો એ રીતે દૈત્યોનો વધ કરવા માટે તો અનેક અવતારો થયા, પણ હવે પૃથ્વીને એવો ભાર લાગ્યો છે કે જે જીવ પ્રભુના છે, છતાં પ્રભુથી અલગ થઈ માયાના સંબંધથી જોડાયા છે અને લૌકિક કાર્ય કરવા લાગ્યા છે. પૃથ્વીને માટે તેઓ ભારરૂપ બન્યા છે, કારણ કે પૃથ્વી તો પતિવ્રતા છે. ભૂદેવી છે. જ્યારે એણે જાણ્યું કે મારા પ્રભુના થઈને આ જીવો જગતના થવા જાય તો મારાથી સહન કેમ થાય? સહન ન થયું તેથી પ્રભુથી વિમુખ થયેલા જીવોને પાછા પ્રભુ સાથે જોડવા શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા છે. માટે કહ્યું બ્રહ્મકુળ હરિ અવતર્યા તે ટાળવા ભૂમિભાર, શ્રીનાથ શ્રીવિઠ્ઠલ નામ નિરૂપમ વૃંદાવન શણગાર... તે પદ વંદુ.

એ સમય એવો હતો કે આચાર્ય રૂપે પ્રકટ થવાની આવશ્યકતા હતી. બહારથી અનેક આક્રમણો દેશ ઉપર થતા હતા. આક્રમણકારીઓનો આક્રમણ કરીને બધું લૂંટી લેવું એ એકમાત્ર ઉદ્દેશ નહિ પણ અહીંની વ્યક્તિઓનો ધર્મ બદલવો, એ પણ એમનો ઉદ્દેશ હતો. એમણે જોયું કે આ દેશના લોકોનો ધર્મ એટલો સશક્ત છે કે એને બદલવો, એના લોકોને ધર્મ પરિવર્તન કરાવવું, એ બહુ મુશ્કેલ કાર્ય છે. તો હવે શું કરવું? તેમણે વિચાર્યું કે કોઈપણ વ્યક્તિને એનો ધર્મ ભુલાવવો હોય તો એક જ ઉપાય છે. એને એના ધર્મગ્રંથોથી દૂર કરી દેવો. જ્યારે એ ધર્મગ્રંથોથી દૂર થશે, ત્યારે એને એના ધર્મની કોઈ સમજણ નહિ હોય, ત્યારે આપણે જે સમજાવવું હશે તે સમજાવીને એના દિમાગને બદલાવી શકીશું

પ્રાચીન કાળના ગ્રંથોમાંથી મળે છે કે બાદશાહ જ્યારે સ્નાન કરતા ત્યારે કહેતા કે હિન્દુ ધર્મના ગ્રંથો બાળીને એના ઉપર સ્નાનનું જળ ગરમ કરો. પછી એનાથી સ્નાન કરતા. તેથી એવો સમય આવ્યો કે લોકો પોતાના ગ્રંથો ભૂલી ગયા. આજે એવી દશા છે કે ભાગવત અને ગીતા જેવો ગ્રંથો વિશે લોકોને ખબર નથી હોતી. આ બંને ગ્રંથોમાં ફરક શું એની પણ બધાંને ખબર નથી હોતી. ઘણાંને એમ જ લાગે છે કે બંને એક જ છે. આજે આપણી દશા આવી છે. જે વ્યક્તિ એના ધર્મગ્રંથોથી દૂર થયો હોય એના મનને બદલવામાં જરાયે વાર ન લાગે. જ્યારે આપણને ધર્મગ્રંથો શું છે તેની પણ ખબર ન

રહી ત્યારે અનેક વિતંડાવાદી વિચારો લોકો આપણને આપવા લાગ્યા. આપણે એ કહે તેમ કરવા લાગ્યા. આપણે ભણી ન શક્યા એટલે બીજા કરે એમ કરવા લાગ્યા. સાચો ધર્મ શું છે, સાચો ધર્મ કોને કહેવાય, એ જ આપણે ભૂલી ગયા. ત્યારે સાચા ઉપદેશ આપનારની જરૂર ઊભી થઈ. આવો ઉપદેશ આપવા બ્રહ્મકુળમાં આચાર્યરૂપે પ્રકટ થવું જરૂરી બન્યું.

એટલા માટે શ્રીગુસાંઈજી પ્રભુચરણનું પ્રાકટ્ય થયું. હવે આગળ ગોપાલદાસજી કહે છે :

એક રસના કેમ કહું ગુણ પ્રકટ વિવિધ પ્રકાર,
નિત્ય લીલા નિત્ય નૌતમ શ્રુતિ ન પામે પાર...
તે પદ વંદુ...૪

આની સંગતિ સર્ગલીલા સાથે છે. ગોપાલદાસજી કહે છે કે શ્રીગુસાંઈજી પ્રભુચરણની લીલા તો અગાધ છે, એમના ગુણોનું વર્ણન વાણી દ્વારા કરવા જાઉં તો જેમ એક નાનકડું પાન આખા વટવૃક્ષને ઓળખવા જાય, એ એના માટે અસંભવ છે, જેમ એક સમંદરની બુંદ આખા સમંદરને ઓળખવાનો પ્રયત્ન કરે તો એને અસમર્થતાનો અનુભવ થાય, એમ ગોપાલદાસજી કહે છે કે શ્રીગુસાંઈજીના ગુણો તો અનંત છે એનું વર્ણન હું મારી એક રસનાથી કેવી રીતે કરું?

અહીં બે ભક્ત દેખાય છે. એક પુષ્ટિભક્ત અને એક મર્યાદાભક્ત. ગોપાલદાસજી અહીં ગુણ ગાવાની પોતાની અસમર્થતા બતાવે છે. રસના-જીભ એક છે અને ગુણો તો અનંત છે. અહીં ગુણોનું વર્ણન કરવાની ઈચ્છા ગોપાલદાસજીની ઓછી છે. કારણ કે પુષ્ટિભક્ત એ છે કે જેની આસક્તિ પોતાના પ્રિયના ગુણોમાં નહિ પણ પ્રિયના સ્વરૂપમાં હોય. ગુણોમાં આસક્તિ એ મર્યાદાભક્તિ અને સ્વરૂપમાં આસક્તિ એ પુષ્ટિભક્તિ.

જ્યારે ગુણોને કારણે આસક્તિ થાય ત્યારે એ આસક્તિ ત્યાં સુધી રહે જ્યાં સુધી એ ગુણ દેખાય. દયાળુતા, કૃપાળુતા દેખાય છે માટે પ્રેમ થયો છે. જ્યાં સુધી દયાળુતા દેખાઈ, જ્યાં સુધી કૃપા દેખાતી રહી ત્યાં સુધી પ્રેમ રહ્યો, જ્યાં એ દેખાવાનું બંધ થયું કે પ્રેમ જતો રહ્યો. સાચો પ્રેમ એ છે કે જે અકારણ છે. પ્રેમ એ છે કે જે આપના સ્વરૂપને કારણે છે. જ્યાં સુધી કોઈ આપણને કહે કે તમને આ સ્વરૂપમાં આસક્તિ હોવાનું કારણ શું? અને જો આપણી પાસે કારણ હોય તો માનવું કે આપણને પ્રેમ થયો નથી, ખાલી પ્રેમનો ભ્રમ થયો છે. જ્યારે આપણી પાસે આપણા પ્રિયને સ્નેહ કરવાનું કારણ ન હોય ત્યારે માનવું કે સાચા અર્થમાં સ્નેહ થયો છે.

ગોપાલદાસજીની આસક્તિ તો શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં છે. એ વૃંદાવનચંદનું વર્ણન કરવામાં આવે છે. શ્રીગુસાંઈજીના શ્રીઅંગનું વર્ણન કરવામાં આપની પ્રીતિ છે. ગુણોનું વર્ણન કરવામાં રૂચિ ઓછી છે. ગુણને કારણે પ્રીતિ થશે તો તે મર્યાદા પ્રીતિ હશે. મારે તો આપના સ્વરૂપનું વર્ણન કરવું છે. પ્રભુની લીલા નિત્ય નૌતમ છે. એનો કોઈ પાર પામી શકતું નથી. એમ શ્રીગુસાંઈજી પ્રભુચરણની લીલા નિત્ય નૌતમ છે. શ્રુતિઓ પણ એનો પાર પામી શકતી નથી.

નિત્ય લીલા કોને કહેવાય? આજે પણ છે અને હમણાં પણ છે એ નિત્ય લીલા. જો પહેલાં હતી એમ આપણે કહીએ, મારા પ્રભુ આમ કરતા

હતા, પહેલાં શ્રીગુસાંઈજી આમ કરતા હતા, એમ કહીએ તો એ નિત્ય ન કહેવાય. નિત્યનો મતલબ એમ કે પહેલાં હતું, આજે છે અને અત્યારે પણ છે. જો આપણે આ વસ્તુ માનીએ તો નિત્યલીલા છે.

આપણે જ્યારે દર્શન કરવા જઈએ ત્યારે દર્શન થાય, પછી ટેરો આવે, પણ એમની લીલા તો નિત્ય જ છે. ઠાકોરજી પોઢી જાય, ત્યારે પણ છઠ્ઠા આખ્યાનમાં કહ્યું છે તેમ સકલ વ્રજમાં પોઢિયા- એવી રીતેં લીલા તો નિત્ય જ છે. પહેલાં હતી, આજે છે ને હમણાં પણ છે. દર્શન કરવા ગયા, ત્યાંથી દર્શન કરીને પાછા આવ્યા. એવું ન માનતા કે લીલા હવે નથી. ત્યાં પણ કોઈ લીલાનો પ્રારંભ જ છે. લીલા થઈ જ રહી છે. શ્રીઠાકોરજીના ખંડપાટ ઉપર સાજેલા ખિલૌના વગેરે એમનો લીલા પરિકર છે. લીલા પરિકર હોવાના કારણે ઠાકોરજી સદા પોતાના યૂથ સાથે છે. જ્યારે ઠાકોરજી પોતાના યૂથ સાથે છે, તો ત્યાં લીલા થઈ રહી છે. તો માત્ર ઝાંખી કરીને ન આવીએ. એ લીલાનો અનુભવ પણ કરીએ. અનુભવ કરીશું ત્યારે લાગશે કે ઠાકોરજીની લીલા કોઈ કાળમાં થઈ હતી, એવું નથી. એ લીલા આજે પણ થઈ રહી છે.

ગોવિંદસ્વામી એકવાર કીર્તન કરતા હતા. તેમણે જોયું કે શ્રીનાથજી બાવાના પાગનો એક પેચ ખૂલી ગયો છે. પૂછે છે : 'પ્રભુ આ શું લીલા છે?' શ્રીજીબાવાએ કહ્યું, તેં મને પકડી લીધો છે. હવે તું જ આવીને પાગ સઁવારી દે. ગોવિંદસ્વામીએ નિજમંદિરમાં જઈને પાગનો પેચ સઁવારી દીધો. બીજા બધા વૈષ્ણવો વિચારે છે, આ ગોવિંદસ્વામી જેવા ભગવદીય થઈને ભીતર ઘૂસી ગયા અને શ્રીનાથજીના પાગને સરખો કર્યો? વાત ગઈ શ્રીગુસાંઈજી પાસે. શ્રીગુસાંઈજીએ ગોવિંદસ્વામીને બોલાવીને પૂછ્યું : 'ગોવિંદસ્વામી, આ બધા શું કહી રહ્યા છે?'

'કૃપાનાથ, આપના લાલને આપના સિવાય કોણ જાણી શકે છે?' ગુંસાઈજી હસી પડ્યા. બીજા વૈષ્ણવો ગયા પછી થોડા અંતરંગ વૈષ્ણવો હતા. તેમણે પૂછ્યું : 'કૃપાનાથ આ શું લીલા હતી?'

શ્રીગુસાંઈજી કહે : કાલે રાત્રિએ શ્રીસ્વામિનીજીએ માનલીલા કરી હતી. ઠાકોરજી વારે વારે મનાવવાનો પ્રયત્ન કરે પણ શ્રીસ્વામિનીજી માને જ નહિ. શ્રીઠાકોરજી ક્યારેક બંસી વગાડે, ક્યારેક નૃત્ય કરે, પણ શ્રીસ્વામિનીજી માન જ ન છોડે. શ્રીજીબાવા મનાવી મનાવીને થાક્યા. વિચાર કરે છે કે હું કેમ કરીને સ્વામિનીજીના માનનું મોચન કરું? વિચાર્યું કે હું તો ભાગવત સ્વરૂપે છું. મારું મસ્તક શું છે? મુક્તિલીલા છે. સ્વામિનીજીના માનની મુક્તિ મારે કરાવવી હોય તો એ ક્યારે થાય, કે જ્યારે મારું મસ્તક શ્રીસ્વામિનીજીના ચરણમાં ઝુકાવું.

આમ વિચારી શ્રીજીબાવાએ પોતાનું મસ્તક સ્વામિનીજીના ચરણમાં ઝુકાવ્યું. શ્રીસ્વામિનીજીએ ચરણમાં ધારણ કરેલી પાયલમાં આપના પાગનો પેચ ફસાયો. મસ્તક ઊંચુ કર્યું તો પાગની પેચ ખુલી ગઈ. ઠાકોરજીનાં દર્શન કરવા આપણે જઈએ અને દર્શન કરતાં કોઈવાર આપણને લાગે કે પિછવાઈ થોડી આડી થઈ ગઈ છે. પાગ કે વસ્ત્રો કે ચંદ્રિકા ક્યારેક ઢળી ગયેલાં લાગે. આપણે કહીએ કે આવું કેમ છે? પણ એ બતાવે છે કે આજે પણ લીલા ચાલી રહી છે. આજે ખબર નહિ કોણે માન કર્યું હશે. કોનું માન છોડાવવા પ્રભુ પધાર્યા હશે? કઈ

લીલા આજે ચાલતી હશે? પ્રભુની લીલા તો નિત્ય છે તેથી હમણાં એ થતી જ હોય, તો જ એને નિત્ય લીલા કહેવાય. આવી દષ્ટિ આપણને મળે, આવો અનુભવ આપણને થાય ત્યારે પ્રભુની એ નિત્યનૌતમ લીલા સમજાય. ઠાકોરજીની લીલા નિત્ય છે તેમ નિત્ય નવીન પણ છે. જ્યારે ઠાકોરજીનાં દર્શન કરવા જઈએ, ત્યારે કંઈક નવું લાગે. રસરૂપ મુખ કોને કહેવાય? જ્યારે વારેવારે વિવિધ ભાવ બદલાતા હોય તેને રસરૂપ મુખ કહેવાય. જેના મુખ ઉપર સદા એક જ ભાવ રહે એ શુષ્ક મુખ કહેવાય. આપણે ઠાકોરજીનાં દર્શન કરવા જઈએ, ત્યારે શ્રીઠાકોરજીના મુખનાં જ્યારે પણ દર્શન કરીએ, ત્યારે છિન છિન બાનિક ઔર હી ઔર. ક્ષણે ક્ષણે પ્રભુના મુખના ભાવ બદલાય, ક્ષણે ક્ષણે પ્રભુનું સૌંદર્ય બદલાય. ક્ષણે ક્ષણે ઠાકોરજીના સ્વરૂપનું તેજ બદલાય, કારણકે આપની લીલા નિત્ય છે, નિત્ય નવીન છે અને અખંડ છે. જ્યારે જ્યારે પણ આપણે પ્રભુની લીલાને સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે એ આપણને સમજાતી નથી.

અમારા દામોદરલાલજી મહારાજશ્રી મથુરામાં બિરાજતા હતા. ત્યાં બંગાળી ઘાટ ઉપર છોટે દાઉજીનું મંદિર છે, ત્યાં એક દિવસ મુખિયાજીએ ખંડેપાટ હટાવ્યો તો એક ચાંદીનો શુક (પોપટ) ખેલી ગયો. (નીચે પડી ગયો) એના ચરણ ખંડિત થઈ ગયા. આપશ્રી સેવામાં પધાર્યા ત્યારે મુખિયાજીએ આ વાત આપને કરી. આપ કાંઈ ન બોલ્યા. બીજે દિવસે મુખિયાજીએ પૂછ્યું : 'મહારાજ, યે શુકકે ચરણ ખંડિત હો ગયે હૈ, ક્યા કરે?' આપ કાંઈ બોલ્યા નહિ.

ત્રીજા દિવસે પણ મુખિયાજીએ આ વાત કહી. ત્યારે આપે કહ્યું કે લાવો, એ શુક અમને આપો. ચાંદીના શુકને હાથમાં લઈને બહાર પધાર્યા. શુકને કહે છે : 'મહારાજ, આપકી સેવા ભૂતલ પર પૂર્ણ હૂઈ હૈ. આપ લીલામેં પધારો.' એમ કહીને શુકને ઉડાવ્યો. શુક ઉડતો ઊડતો નિત્યલીલામાં પહોંચી ગયો. આમ આ બધો ઠાકોરજીનો લીલા પરિકર છે. તેથી જ અપરાધોમાં બતાવ્યું છે કે આપણા પગનો સ્પર્શ ખંડપાટ, પડઘા કશાને થાય નહિ. કારણ કે આ બધા ભગવદ્ લીલામાં સહાયક છે. ઠાકોરજીના આ લીલા પરિકરને આપણે સમજીશું તો આપણને લાગશે કે આપણે જે કાંઈ કરીએ છીએ, ઉત્સવ કરીએ છીએ, મનોરથ કરીએ છીએ, એ એમને એમ નથી. પણ એની પાછળ અલૌકિક ભાવ છે. ત્યાં એ લીલા થઈ રહી છે.

કોઈપણ મનોરથ હોય અને એનાં પદ ગવાય ત્યારે એ લીલા ત્યાં પ્રગટ થઈ જાય છે. જેમ મર્યાદામાર્ગમાં પણ અર્ચન કરતા હોય ત્યારે વેદમંત્રો બોલાય, તેમ આપણે ત્યાં અષ્ટછાપની વાણી ગવાતી હોય ત્યારે એ લીલા ત્યાં પ્રગટ થયા વિના રહે જ નહિ. પ્રગટે જ. એટલા માટે તો આપણે ત્યાં સમય સમયનાં પદ ગવાય છે. જે લીલાનાં દર્શન હોય એ લીલાનં પદ ગવાય. શા માટે? કારણકે એ લીલા ત્યાં પ્રગટ થાય. લીલા પ્રગટ થાય ત્યારે રસાનુભવ થવો જોઈએ.

માટે કહ્યું : નિત્ય લીલા નિત્ય નૌતમ શ્રુતિ ન પામે પાર. જે રીતે પ્રભુની લીલા નિત્ય નવીન છે, એ રીતે શ્રીગુસાંઈજીની લીલા પણ નિત્ય છે, નવીન છે.

પાંચમી પંક્તિમાં કહે છે :

**સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે સાર માંહે સાર,
તત્ત્વ માંહે તત્ત્વ ત્રિભુવન ભક્તનો આધાર,
તે પદ વંદુ...૫**

સકલ શાસ્ત્રોનું મંથન કરીને શ્રીગુસાંઈજી પ્રભુચરણે સિધ્ધ કર્યું કે આપણા સાચા કોઈ ઈષ્ટ છે, સાચા કોઈ આરાધ્ય છે, તો એ આપણા શ્રીજીબાવા છે. ભાગવતના સાર પ્રમાણે, વેદોના સાર પ્રમાણે એ સિધ્ધ કરી બતાવ્યું. આની સંગતિ ચોથા સ્કંધ સાથે છે. તેમાં વૈષ્ણવોના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ શું છે, જે વૃત્રાસુર ચતુઃશ્લોકીની અંદર બતાવવામાં આવ્યું છે, તે બતાવેલ છે. આ વિસર્ગલીલા છે. તેમાં બતાવ્યું છે કે શ્રીજીબાવા કેવી રીતે ધર્મનું દાન, અર્થનું દાન, કામનું દાન અને મોક્ષનું દાન આપે છે.

વૈષ્ણવોનો ધર્મ શું? પ્રભુની સેવા, અર્થ પ્રભુનાં દર્શન, પ્રભુના દર્શનનો તાપ જાગે એ કામ અને પ્રભુના લીલા પરિકરમાં આપણો પ્રવેશ થાય એ જ મોક્ષ છે.

હવે છઠ્ઠી ટૂંકમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણનું સ્વરૂપ બતાવે છે.

**સર્વે અંગોઅંગ રસભર્યાં, રસભર્યાં લોચન ચાર
ચલણ વલણે બોધવ્યા, હ્દે ભાવ અનેક પ્રકાર.
તે પદ વંદુ...૬**

શ્રીગુસાંઈજીના પ્રભુચરણના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે આપના સર્વ અંગો રસભર્યાં છે. શ્રીગુસાંઈજી એ જ વૃંદાવનચંદ છે. જેને કારણે ગોપાલદાસજી દર્શન કરે છે કે જેમ પ્રભુના સ્વરૂપમાં અનેક અનેક રસોનો અનુભવ થાય છે તેમ શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં પણ થાય છે. જ્યાં જ્યાં દૃષ્ટિ પડે ત્યાં કાંઈક નવીન રસ ઝળકતો હોય એવાં દર્શન થાય છે. એ કયો રસ છે? તો કહે છે જ્યાં શ્રીગુસાંઈજીનાં નેત્રોમાં દર્શન કરીએ ત્યાં સ્નેહરસ દેખાય. ક્યારેક વળી એ નેત્રોમાં કરૂણારસ દેખાય. ક્યારેક નેત્ર બંધ કરીને સ્મરણ કરીએ તો વિરહાગ્નિ સ્વરૂપનાં દર્શન થાય. ક્યારેક કૃપા કરીને આપણને કાંઈક કહેતા હોય ત્યારે ભક્તિરસનો અનુભવ પણ થાય. ક્યારેક પ્રભુના સાન્નિધ્યમાં હોય અને પ્રભુને શૃંગાર ધરતા હોય ત્યારે શૃંગારરસનો અનુભવ પણ થાય. રતિરસનો પણ અનુભવ થાય.

એમ શ્રીગુસાંઈજી પ્રભુચરણના જે જે શ્રીઅંગ ઉપર આપણી દૃષ્ટિ પડે, એ શ્રીઅંગમાંથી કોઈક નવીન રસ મળતો હોય એવો અનુભવ જીવ કરે છે. આપના રોમરોમમાં તો એ રસ જીવને સંપાદિત થાય છે, પણ જ્યાં આપનાં નેત્રો ઉપર દૃષ્ટિ પડે તો ત્યાં પણ રસ દેખાય છે. કહે છે કે સર્વ અંગોઅંગ રસભર્યાં, રસભર્યાં લોચન ચાર. શ્રીગુસાંઈજીના લોચનમાં ચાર રસ ભરેલા છે. આપનાં નેત્રોમાં જે શ્વેતતા છે, ધવલતા છે એ દેખાય. નેત્રોમાં શ્યામ કીકી પણ દેખાય. નેત્રમાં રહેલી લાલિમા પણ દેખાય, અને નેત્ર જાણે હસતા હોય તેવું લાગે. તેથી ગોપાલદાસજી કહે છે આપનાં નેત્રોમાં ચાર રસનો અનુભવ થાય છે.

શ્યામ કીકી છે એ શૃંગારરસ છે, જ્યાં ધવલતા છે એ શાંત રસ છે. નેત્રની અંદર લાલિમા છે એ રૌદ્રરસ છે. કોઈપણ વ્યક્તિ જ્યારે હસે ત્યારે સૌથી મધુર હાસ્ય કયું કહેવાય? ભલે અધર ખૂલે કે ન

ખૂલે, પણ એનાં નેત્ર હસે તો એ હાસ્ય સૌથી મધુર કહેવાય. એમ શ્રીગુસાંઈજી પ્રભુચરણનાં નેત્રો પણ એવાં છે કે નેત્રથી પણ સ્મિત કરે. અને હાસ્યરસનું દાન કરે. માટે આપનાં નેત્રોમાં શૃંગારરસ, શાંતરસ, રૌદ્રરસ અને હાસ્યરસ પણ છે. આપનાં નેત્રોમાં સ્નેહ, શૃંગાર રસ તો છે પણ જોડે વીરરસ, કરૂણરસ પણ છે. ઘણાં કહે છે કે ભક્તિરસ પણ છે, ઔદાર્યરસ છે. જેવો જેવો અધિકારી જીવ હોય એ જીવને પોતાનાં નેત્રો દ્વારા ભાવનું દાન કરે છે.

આપણા આચાર્યચરણ મથુરાની શેરીઓમાંથી પધારતા હતા, ત્યારે દુકાનમાં રહેલા બધા ભગવદ્‌સ્વરૂપો ઉપર આપની દૃષ્ટિ પડે, ત્યારે એમનું મૂળ સ્વરૂપ પ્રગટ થાય અને એવી લીલા કરવા લાગે. એવી રીતે શ્રીગુસાંઈજી પ્રભુચરણ પણ જેવા જેવા જીવ સન્મુખ આવીને બેસે ત્યારે આપ એને પોતાના નેત્રો દ્વારા ભાવનું દાન કરે. નેત્ર દ્વારા જ આપ શૃંગારરસનું દાન પણ કરે, કારણ કે જ્યારે સ્નેહ હોય ત્યારે જીભથી બોલવું એ ગૌણ કહેવાય. જ્યારે માણસનું સર્જન કર્યું ત્યારે પ્રભુએ એને કહ્યું હતું કે જો, આ દુનિયાની વાત કરવા માટે હું તને જીભ આપું છું, પણ પોતાના પ્રિય સાથે વાત કરવા માટે મેં તને નેત્ર આપ્યાં છે. એમ ન માનતો કે આ નેત્ર તને માત્ર જોવા માટે આપું છું. પ્રિય સાથે સ્નેહની વાત કરવા માટે આ નેત્ર તને આપું છું. પ્રેમની વાત જિહ્‌વાથી જ્યારે થાય ત્યારે ઘણીવાર એવું બને કે જેવું આ મન અનુભવ કરતું હોય એ બધી વસ્તુ કહી ન શકાય. સ્નેહની વાત જિહ્‌વાથી પૂર્ણ રીતે કહી ન શકાય. સામેવાળો પૂર્ણ રીતે એ સમજી પણ ન શકે, જેવું આપણે કહેવા માગતા હોઈએ. નેત્ર એવું સાધન છે, જેના દ્વારા હૃદયના ભાવ પૂરેપૂરા પ્રગટ કરી શકાય. વાણી દ્વારા જે પામીએ તે હંમેશા અપૂર્ણ હોય, નેત્ર દ્વારા પામીએ તે હંમેશા પૂર્ણ હોય.

શ્રીગુસાંઈજી ભાવનું દાન નેત્ર દ્વારા કરે છે. આપના નેત્રોમાં શૃંગાર, શાંત, રૌદ્ર અને હાસ્ય રસ છે. પોતાના અલગઅલગ જીવોને, અલગ અલગ રીતે શરણમાં આવેલા જીવોને ભાવનું દાન કરવા માટે નેત્રો દ્વારા રસનું દાન કરે છે.

જેમ શ્રીઠાકોરજીના શ્રીઅંગમાં બધા રસો છે અને નેત્રોમાં આ ચાર રસ છે એમ જ શ્રીગુસાંઈજીમાં પણ છે. એટલા માટે અલગ અલગ સ્વભાવ, વૃત્તિ, પ્રકૃતિવાળા જીવો જ્યારે પ્રભુના સાન્નિધ્યમાં આવે અને એમના ઉપર દૃષ્ટિ પડે ત્યારે એ દૃષ્ટિ દ્વારા જીવ પ્રભુનો થઈ જાય. કેવા કેવા વિષયી જીવો પણ આવે, જેમની રૂચિ લૌકિક શૃંગાર રસમાં હોય, એવા જીવો ઉપર પણ જ્યારે આપની દૃષ્ટિ પડે, આપના નેત્રોની શ્યામલતાનો એને અનુભવ થાય ત્યારે એનો એ લૌકિક શૃંગારરસ ઠાકોરજીના અલૌકિક શૃંગારરસમાં પરિવર્તિત થઈ જાય.

ક્યાંક સાંભળ્યું હતું કે કોઈક ગામમાં એક વિષયી વ્યક્તિ રહે. ગામની વારાંગના ઉપર એ એટલો બધો આસક્ત થયેલો કે આખો દિવસ એને જોયા વિના રહી ન શકે. એક દિવસ એ બજારમાંથી જતો હતો. તડકો હતો. એને થયું કે જેને હું પ્રેમ કરું છું એ વારાંગનાને આ તડકો પડવાથી શ્રમ ન પડે. એટલા માટે એ છત્રી લઈને આવ્યો. છત્રી વારાંગનાને માથે ધરી ચાલવા લાગ્યો. તે પણ કેવી રીતે? એની પાછળ પાછળ નહિ. પાછળ ચાલે તો જેને જોયા

વગર રહી નથી શકતો એનું મુખ ન દેખાય. તેથી ઊંધો ચાલવો લાગ્યો. વારાંગનાના મુખ સામે પોતાનું મુખ રાખીને, હાથમાં છત્રી પકડીને ઊંધો ચાલે છે. ગામના લોકો જોઈ રહ્યા છે. આ કેવો વિષયી છે! પેલી વારાંગનાને સુખ આપવા માટે પોતાના જીવની પરવા નથી. લોકો શું કહેશે એની પણ પરવા નથી કરતો. પેલીને સુખ આપવા માટે પોતાના પ્રાણોની, લોકાપવાદની પરવા કર્યા વિના પાછળ પાછળ જઈ રહ્યો છે! આમ લોકો નિંદા કરવા લાગ્યા.

ત્યાંથી એક સંત જતા હતા. સંતની દૃષ્ટિ આ વિષયી વ્યક્તિ ઉપર પડી, તેઓ એકદમ રોકાઈ ગયા. શિષ્યો પૂછે છે : 'અરે, આપ કેમ રોકાઈ ગયા?' 'હું પેલા જીવને જોઈ રહ્યો છું , જે વારાંગના ઉપર એટલો આસક્ત છે કે એને શ્રમ ન થાય માટે છત્રી લઈને ચાલે છે. વળી એનું મુખ જોયા વિના રહી શકતો નથી માટે ઊંધો ચાલે છે. આને જેવી આસક્તિ આ વારાંગનામાં છે, તેવી આસક્તિ ઠાકોરજીમાં હોય તો! વારાંગનાનું સહેજ પણ દુઃખ એ સહન કરી શકતો નથી. એને રંચક દુઃખ ન પડે માટે પોતે પ્રાણની પણ પરવા કરતો નથી. રસ્તામાં ખાડો આવશે તો પડી જશે એની ચિંતા નથી કરતો. જેને પ્રેમ કરે છે એને સુખ આપવા માટે ભર્યા બજારમાં આ રીતે જઈ રહ્યો છે. ખરેખર સાચા અર્થમાં પ્રભુનો કોઈ પ્રેમી થઈ શકે તો આવો જીવ થઈ શકે. ખરેખર આ જીવ પ્રભુને લાયક છે. જેને પ્રાણની કે લોકાપવાદની ફિકર નથી.'

પેલો તો સંત પાસે આવે તેમ નહોતો એટલે સંતે એ વારાંગનાને કહ્યું : 'આ વ્યક્તિને લઈને એકવાર દર્શન કરવા આવજે.' એમને એમ તો એ મંદિરે આવે તેમ હતો નહિ, પણ વારાંગનાએ કહ્યું એટલે મારે જવું પડશે એમ વિચારી સંતના દર્શને વારાંગના સાથે ગયો. સંતે પ્રભુને વિનંતી કરી : 'હે શ્યામસુંદર, આ જીવ ખરેખર આપને લાયક છે. આપને સુખ આપી શકે તેમ છે. આપ એવી કૃપા કરો કે લૌકિક સૌંદર્યમાંથી એનું મન હટે અને આપનામાં લાગે.'

પેલો મંદિરમાં આવ્યો પણ ત્યાંયે વારાંગના તરફ મુખ રાખીને ઊંધો ઊંધો ચાલી રહ્યો છે. પ્રભુનાં દર્શન એ કરે માટે વારાંગના પ્રભુ તરફ પીઠ રાખીને ઊભી રહી. વારાંગના તરફ જોતાં એની દૃષ્ટિ પાછળ પ્રભુના મુખ ઉપર ગઈ. જ્યાં પ્રભુનાં નેત્રોનાં દર્શન કર્યાં, ત્યાં સંતે વિનંતી કરી કે પ્રભુ આજે આને આપનું એવું સૌદર્ય બતાવો કે જગતના બધા સૌંદર્યો એને ફીકા લાગે.જ્યાં વારાંગના ઉપરથી એનું મુખ હટ્યું અને પ્રભુ તરફ દૃષ્ટિ ગઈ તો પ્રભુએ એવું લાવણ્ય પ્રગટાવ્યું કે એને લાગ્યું કે હું આ દુનિયામાં સૌંદર્ય પામવા માટે ભટકતો રહ્યો, પણ સાચું સૌંદર્ય તો અહીં મારા પ્રભુના મુખારવિંદમાં છે. એની આંખમાં આંસુ આવી ગયાં. એની આખી દશા બદલાઈ ગઈ. પ્રભુના અલૌકિક રસનો અનુભવ કરી જગતના બધા રસ એને તુચ્છ લાગવા લાગ્યા. એ એટલો મોટો ભક્ત થયો કે એની કથા ભક્તમાળમાં આપેલી છે.

પ્રભુ જીવને દર્શન આપીને ખેંચી લે છે, નેત્ર દ્વારા ભાવનું સંપાદન કરે છે. એ રીતે નેત્ર દ્વારા જ પ્રભુ દંડ પણ આપે છે. નેત્ર દ્વારા જ પ્રભુ કઠોર કૃપા પણ કરે છે. જેમ પ્રભુ ભાવનું દાન નેત્ર દ્વારા કરે એ જ પ્રમાણે શ્રીગુસાંઈજી પણ પોતાના નેત્ર દ્વારા જીવો ઉપર કૃપા કરે છે. હવે આગળ જોઈએ.

મુખ સુગંધે મોહ્યા અલિ સકલ તે આવી કરે રે ગુંજાર,
સરસ વચન ઉચ્ચાર માત્રે સંશયનો પરિહાર...
તે પદ વંદુ. ૭

આ આખ્યાનની પહેલી ટૂકમાં ભાગવતજીના માહાત્મ્ય સાથે સંગતિ હતી. બીજાથી ગણીએ તો આ ટૂકની સંગતિ છઠ્ઠા સ્કંધ સાથે થાય. ભાગવતમાં છઠ્ઠો સ્કંધ એટલે પુષ્ટિલીલા છે.

શ્રીગુસાંઈજીના સ્વરૂપનું વર્ણન કર્યું પણ જ્યારે શ્રીગુસાંઈજીની કૃપા જીવ ઉપર થાય તો એ કેવી રીતે થાય, શ્રીમહાપ્રભુજી પણ ભૂતલમાં કૃપા કરવા પધાર્યા, તો એ કૃપા કેવી રીતે કરે?

વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હી. શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ આ ભૂતલમાં કૃપા કરવા પધાર્યા છે, પણ આપની કૃપાનો અનુભવ જ્યારે પણ જીવને થશે, કેટલી પણ ટહેલ કરો, કેટલાં પણ સાન્નિધ્યમાં બેસીને દર્શન કરો, પણ જ્યારે કૃપા થશે, ત્યારે આપની વાણીથી થશે. કારણ આપ વાણીથી કૃપા કરવા પધાર્યા છે. આપની વાણી કેવી છે?

મુખ સુગંધે મોહ્યા અલિ સકલ તે આવી કરે ગુંજાર, સરસ વચન ઉચ્ચાર માત્રે સંશયનો પરિહાર- શ્રીગુસાંઈજીની કૃપાનો અનુભવ જીવને ક્યારે થાય તે બતાવે છે. આપના મુખકમલમાંથી નીકળેલા આપના શબ્દો કમળના મકરંદ જેવા છે. જ્યારે કમળની અંદર મકરંદ આવે ત્યારે ભ્રમરને આમંત્રણ આપવા જવું પડતું નથી. ભ્રમર પોતે જ સુગંધથી ખેંચાઈને કમળ પાસે આવે છે. એ રીતે જ્યારે શ્રીગુસાંઈજીનું મુખકમળ ખૂલે અને એમાંથી મકરંદ રૂપી શબ્દો બહાર પડે કે તરત જ આપની મુખસંગુધથી મોહેલા સકલ ભગવદીયજનો, રસના લોભી ભ્રમર જેવા એ ભગવદીયજનો, આવી જતા. આપ હંમેશા બિરાજતા શહેરની બહાર. જ્યાં આપની વાણીનો પ્રભાવ પ્રગટ થાય કે દૂર દૂરથી અલૌકિક રસના ભોક્તા એવા ભગવદીયજનો રૂપી ભ્રમરો ખેંચાઈ ખેંચાઈને શ્રીગુસાંઈજીના સાન્નિધ્યમાં આવીને બેસે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની વાણી ક્યારે સમજાય? ફલિત ક્યારે થાય? જેટલી અનન્યતા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીને તેમના શ્રીઠાકોરજીમાં છે, એટલી જ અનન્યતા આપણને આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં થાય, ત્યારે આપણને એમની વાણી સમજાય. કારણકે આપની વાણી પણ સ્વરૂપાત્મક છે. સ્વરૂપાત્મક વાણી ફલિત ક્યારે થાય? ગમે તેટલી ટીકાઓ વાંચો પણ એ સમજાશે નહિ. ક્યારે સમજાશે જેમ જેમ તમારી નિષ્ઠા, અનન્યતા તમારા શ્રીઠાકોરજીમાં વધતી જશે તેમ તેમ એ વાણી સમજાતી જશે. મોટા મોટા વિદ્વાનોને ગ્રંથોમાં ગોથાં ખાવા પડે છે. સૌરાષ્ટ્રમાં કેટલાયે એવા વૈષ્ણવો છે, જેમને સહી કરતાં પણ ન આવડતું હોય છતાં શુદ્ધ રીતે પાઠ બોલતા હોય. તમને સાંભળીને થાય કે આવા ઉચ્ચારો તો ભણેલા ગણેલા લોકો પણ નથી કરી શકતા.

આ શું બતાવે છે? આ વાણી આપણા સાધનથી ફલિત નથી થતી. એની કૃપાથી થાય છે. જેટલી જેટલી નિષ્ઠા આપણને આપણા શ્રીઠાકોરજીમાં થતી જશે, એટલી એટલી આપણને એ વાણી સમજાતી જશે. એ વાણીને કંઠસ્થ કરવી અને સમજવી બંનેમાં ફરક છે. કંઠસ્થ તો આપણે

કરી દઈએ છીએ, પણ એ વાણી સમજાશે ત્યારે જ્યારે આપણા ઠાકોરજીમાં અનન્યતા આવશે.

જેટલો શ્રીગુસાંઈજીને પ્રભુના સુખનો વિચાર છે, જેમ પેલું ભાજીના શાકમાં તણખલું આવ્યું અને વસ્ત્ર ભગવા રંગે રંગવા માટે આપી દીધા, સંન્યાસ લેવા તૈયાર થયા, આવો પ્રભુના સુખનો વિચાર આપણા હૃદયમાં આવશે ત્યારે સાચા અર્થમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની વાણી આપણને સમજાશે.

જ્યારે ભગવદીયો દૂરદૂરથી શ્રીગુસાંઈજીની વાણીના શ્રવણ માટે આવતા ત્યારે એમને અનુભવ શું થતો? દરેક વૈષ્ણવ એવો અનુભવ કરતા કે શ્રીગુસાંઈજીએ આજે એ જ વચનામૃત કર્યા, કે જે અમારા મનમાં સંશય હતો. આપણે પૂછીએ એ પહેલાં જવાબ મળે. સરસ વચન ઉચ્ચાર માત્રે સંશયનો પરિહાર.

ઘણીવાર વૈષ્ણવ મનમાં પ્રશ્ન લઈને જાય પણ ત્યાં જાય એટલે બધા પ્રશ્નો ભૂલી જાય. ઘણાં કહે કે એકલા હોઈએ ત્યારે વિચારીએ છીએ કે આ પૂછીશું, તે પૂછીશું, પણ સામે આવીએ તો બધું ભૂલી જવાય છે. જ્યારે ગુરુની સામે આવીને બેસીએ ત્યારે કાંઈ યાદ કેમ નથી આવતું? એકલા હોઈએ તો અનેક પ્રશ્નો મનમાં જાગે, અનેક વિચાર આવે પણ ગુરુની પાસે આવતાં ભૂલાઈ જવાય છે, એનું પણ કારણ છે.

કોઈએ કહ્યું છે : મિલનનો એ જ સૌથી ઊંચો તબક્કો છે, કહેવાનું તો ઘણું હોય પણ કાંઈ યાદ ન આવે. આમ જ્યારે કાંઈ યાદ ન આવે ત્યારે માનવું કે મિલનના સૌથી ઊંચા તબક્કાનો આપણે અનુભવ કરી રહ્યાં છીએ. એ મિલનની પરાકાષ્ટાનો અનુભવ આપણે કરી રહ્યાં છીએ. મળી તો રહ્યાં છીએ, પણ પ્રશ્ન યાદ ક્યારે ન આવે? જ્યારે મન શાંત થઈ ગયું હોય. જ્યારે મન શીતલ થઈ ગયું હોય ત્યારે કાંઈ યાદ ન આવે. જલ ઠરેલું હોય ત્યારે એમાં પ્રતિબિંબ પડે, પણ વહેતું જળ હોય એમાં પ્રતિબિંબ ન પડે.

તો હમણાં સુધી જે રોકાયેલું હતું, બંધિયાર હતું તે મન ગુરુના સાન્નિધ્યમાં આવીને બેઠાં તો વહેતું થયું. હવે વહેતું થયું તો એમાં સંસારના પ્રતિબિંબો ક્યાંથી આવે? એટલા માટે જે જે શ્રીગુસાંઈજીના સાન્નિધ્યમાં આવીને બેસતા અને એમને એમ લાગતું કે શ્રીગુસાંઈજીની વાણી શ્રવણ કરી તો જે જે પશ્ન મનમાં હતા, તે પૂછતાં પહેલાં એના ઉત્તરો મળ્યા. મનના અનેક સંશયો દૂર થયા. નિશ્ચિત રીતે ભગવદ્ આશ્રય પ્રાપ્ત કરીને, શ્રીઠાકોરજીમાં પ્રીત લઈને તેઓ જતા. જે આવે તેઓ કહેતા કે આપણે તો શું કહીએ? વગર કહે આપ ઠાકોરજીમાં પ્રીતિ આપી દે છે. વગર કહે ઠાકોરજીમાં ભાવ જગાવી દે છે. વગર વિનતી કરે ઠાકોરજીના સ્વરૂપનું જ્ઞાન કરાવી દે છે. જેવી શ્રીગુસાંઈજી કૃપા કરે એવી તો કોણ કરે?

છઠ્ઠા સ્કંધમાં અજામિલનો પ્રસંગ આવે છે. સંતો ઘરમાં આવ્યા. એમની વાણી સાંભળી કે દીકરાનું નામ નારાયણ રાખજે. અને સંતો દ્વારા દીકરાનું જે નામ મળ્યું એ અજામિલને કેવું ફલિત થયું! એવી રીતે ગુસાંઈજી પ્રભુચરણના સાન્નિધ્યમાં જે જે જીવો આવીને બેસતા એ જીવોના હૃદયમાં ભગવદ્ભાવ જાગતો, પ્રભુ પ્રત્યે પ્રીતિ જાગતી.

એમના મનમાં જાગેલી શંકા, કુશંકાઓ આપના સાન્નિધ્ય માત્રથી શાંત થતી. આ અનુભવ ગોપાલદાસજી આપણને જણાવી રહ્યા છે. આગળ જોઈએ.

નામ વ્યાજે પ્રગટ કીધો, મુક્તિ શત્રુકાર,
ભુજદંડ પરસે ભય હર્યા, એવા નાથ અમિત ઉદાર.
તે પદ વંદુ.૮

મહાત્મયની ટૂક છોડીને ગણીએ તો આ સાતમી ટૂક એટલે કે સપ્તમ સ્કંધ. સપ્તમ સ્કંધ એટલે ઉતિ લીલા. ઉતિ લીલા એટલે સદ્-અસદ્ વાસના. અલૌકિક ફળની ઈચ્છા જાગે, લૌકિક ફળની ઈચ્છા જાગે એ પણ વાસના. કદાચ મુક્તિની ઈચ્છા મનમાં જાગી હોય તો એ પણ એક પ્રકારની વાસના તો છે જ.

શ્રીગુસાંઈજીએ શું કર્યું? અષ્ટાક્ષર મંત્ર રૂપી નામ જીવને આપીને એવા ભાવ અને ભક્તિનું સંપાદન એમણે કર્યું કે મુક્તિ પણ એને શત્રુ જેવી લાગવા માંડી. જીવનો સહજ સ્વભાવ છે. અલૌકિક વસ્તુની કામના જાગે અને લૌકિકની પણ જાગે. બંધાવાની પણ જાગે અને મુક્તિની પણ જાગે. પ્રાણીમાત્ર ઈચ્છા રાખે કે અમને મુક્તિ મળે. કોઈને બંધન ગમતું નથી. જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણે અષ્ટાક્ષરનું દાન કર્યું ત્યારે, ભગવદ્ સેવામાં અને ભગવદ્ કાર્યોમાં એવી પ્રીતિ વધી કે જીવને પ્રભુ સાથે બંધાયેલા રહેવું ગમ્યું અને મુક્તિ એને શત્રુ જેવી લાગવા લાગી. શ્રીગુસાંઈજી પ્રભુચરણે આવા અસદ્વાસનામાં ઘેરાયેલા જીવોને પોતાના શ્રીહસ્તથી હાથ ઝાલીને એવી કૃપા કરી કે એ જીવોને લૌકિક મુશ્કેલીઓથી નિશ્ચિંત કરીને અભયનું દાન આપ્યું. આવા આપ અમિત ઉદાર છે.

કોઈ મોટો ઓફિસર હોય, એની કેબીનમાં બેઠો હોય, લોકોની લાઈન એને મળવા લાગી હોય, તમે એને પૂછો કે તને આ એરકંડીશન્ડ ઓફિસમાં સુખ મળે છે? તું એક બેલ મારે ને દસ નોકરો દોડતા આવે છે. તેમાં તને સુખ મળે છે? તો કહેશે કે સામેની ઘડિયાળમાં છ વાગે અને ઘરે જવાનો ટાઈમ થાય ત્યારે જે સુખ મળે એ સુખ આ બંધનમાં નથી. નાનકડા સ્કૂલે જતા બાળકને પૂછો : તને પી.ટી. નો પીરીયડ ગમે? હા ગમે. ડ્રોઈંગનો પીરીયડ ગમે? હા ગમે. રમવાનો પીરીયડ ગમે? હા ગમે. પણ સૌથી વધારે શું ગમે? બપોરે સ્કૂલ છૂટવાનો સમય થાય અને બેલ વાગે, એ જેટલું ગમે તેટલું બીજું કાંઈ ન ગમે.

તો આ જીવ શું ચાહે છે? જીવમાત્રની ઈચ્છા બંધનથી મુક્ત થવાની છે. પણ શ્રીગુસાંઈજી પ્રભુચરણે એવું નામ વૈષ્ણવોને આપ્યું, એવા અષ્ટાક્ષર અને પંચાક્ષર આપ્યા કે આ નામ હૃદયમાં ધારણ કરીને, જેની સૌ ઈચ્છા કરે – મુક્તિ – એ મુક્તિ જ વૈષ્ણવને શત્રુ જેવી લાગવા માંડી. જે મુક્તિ દરેકને વહાલી, દરેકને પ્રિય, કે જેને માટે માણસ કંઈપણ કરવા તૈયાર થાય, હજારો હજારો વર્ષો સુધી જંગલમાં તપસ્યા કરે, કોઈપણ રીતે મારી મુક્તિ થાય. યોગીઓ મુક્તિ માટે હજારો વર્ષો સુધી યોગસાધના કરે. પણ શ્રીગુસાંઈજીએ આપેલો નામમંત્ર જેને ફલિત થાય એને આવી મુક્તિ જ શત્રુ જેવી લાગે. તેથી કહ્યું : નામ વ્યાજે પ્રગટ

કીધો મુક્તિ શત્રુકાર. હવે કહે છે : ભુજ દંડ પરસે ભય હર્યા એવા નાથ અમિત ઉદાર.

અહીં પ્રશ્ન થાય કે જે પુષ્ટિમાર્ગીય જીવોને અષ્ટાક્ષર અને પંચાક્ષર ફલિત થયા છે, એમને મુક્તિ વહાલી કેમ નથી લાગતી?

એ જીવો કહે છે શ્રીગુસાંઈજીએ કૃપા કરી અષ્ટાક્ષરનું દાન કર્યું અને એનું મનન કરતાં, એનું સ્મરણ કરતાં કરતાં એવું થયું કે જેનું બહુ સ્મરણ કર્યું એને જોવાની ઈચ્છા જાગી. જેનું નામ વારેવારે સાંભળ્યું એને જોવાની કામના મનમાં જાગી. જે નામ શ્રીગુસાંઈજીએ આપ્યું એનું રટણ કરતાં કરતાં એવું થયું કે જેનું નામ લેતાં આટલી મધુરતા લાગે છે, જેનું નામ દઈને આટલું સુખ મળે છે, તો એને જોઈને કેટલું સુખ મળશે?

આ રીતે શ્રીગુસાંઈજીએ આપેલું નામ ફલિત થતાં આસક્તિ જાગી, સ્વરૂપ જોવાનું મન થયું, નામ એટલું પ્રિય લાગ્યું કે પ્રભુના સ્વરૂપનાં દર્શન કરવાનું મન થયું.

જ્યાં પ્રભુનાં દર્શન કર્યાં, ત્યાં દર્શન કરીને ચંચળ એવા નેત્ર સ્થિર થયાં. ટગર ટગર એ પ્રભુના સ્વરૂપને નિરખતા રહ્યા. નામ-આસક્તિ પછી રૂપ આસક્તિ થઈ. પછી વિચાર આવ્યો કે જેનું નામ આટલું સુંદર છે એ શું કાર્ય કરતા હશે? અને તેથી આસક્તિ જાગી લીલામાં. નામ આસક્તિ, પછી રૂપ આસક્તિ અને પછી લીલાઆસક્તિ. જ્યાં પ્રભુની લીલાઓનું ચિંતન શ્રવણ કર્યું કે પ્રભુ આવી લીલા કરે છે, પોતાના ભક્તોના મનોરથ આ રીતે પૂર્ણ કરે છે, ત્યારે મનમાં વિચાર જાગ્યો કે પ્રભુ આ બધી લીલા ક્યાં કરતા હશે? અને આસક્તિ જાગી એ ધામ આસક્તિ.

પ્રભુનું ધામ એ ફલ છે તો નામ એનું બીજ છે. એક વૃક્ષનું ફળ આપણે ખાતાં હોઈએ તો વિચાર આવે કે આવું મીઠું ફળ ઊગ્યું છે, તો એનું બીજ કયું રોપાયું હશે? તો પ્રભુના ધામ સુધી પહોંચવાની કોઈ સીડી છે તો એ પ્રભુનું નામ છે. આપણા પુષ્ટિમાર્ગમાં તો એવી કૃપા છે કે, વલ્લભે કૃપા એવી કરી છે કે, ગોલોકમાં બિરાજતા ઠાકોરજીને ત્યાંથી હટાવીને, તમારા ઘરમાં લાવીને એનું ધામ બનાવી દીધું છે. બીજા બધામાં તો આપણે ઘર, પરિવાર છોડી એના ધામમાં જવું પડે, જ્યારે પુષ્ટિમાર્ગમાં તો·એને આપણા ધામમાં લાવવામાં આવ્યો છે. જ્યારે બધા ત્યાં જવા તૈયાર હોય, ત્યારે સ્વયં ભગવાન આપણા ઘરમાં આવવા તૈયાર હોય, પછી એ જીવ કે જેના ઘરમાં પ્રભુ આવી, પોતાનું ઘર સમજી, ત્યાં રહેવા તૈયાર થાય, એ વલ્લભની કેટલી મોટી કૃપા આપણા ઉપર છે!

એ ગોલોકધામમાં રહેવાવાળા, વૈકુંઠના અધિપતિ પ્રભુ શ્રીવલ્લભની કાનીથી આપણા ૨×૨ના ગોખલામાં પણ સુખથી રહેવા તૈયાર થઈ જાય છે! આટલી મોટી કૃપા , આટલી મોટી કરૂણા જો પ્રભુ આપણા ઉપર કરતા હોય, વૈષ્ણવના ઘરમાં પધારવા માટે શ્રીજી એટલા તત્પર હોય ત્યારે જો આપણે ઉદાસીનતા બતાવીએ તો એનાથી મોટું દુર્ભાગ્ય આપણું કયું હોઈ શકે?

પુષ્ટિમાર્ગમાં આવ્યા અને વલ્લભે આપણને સૌભાગ્ય આપ્યું, કેવું સૌભાગ્ય આપ્યું કે આપણા ઘરમાં આવવા માટે સ્વયં શ્રીજી ઈચ્છા રાખે છે.

લોકો તો એના ધામમાં જાય, પણ પ્રભુ એનું ધામ છોડી, પરિકર છોડી, બધો વૈભવ છોડીને આપણા ઘરમાં આવવા ઈચ્છા રાખે છે. ઘરને એનું ધામ બનાવવાની કૃપા કરે છે. આનાથી મોટી કૃપા આપણા માટે કઈ હોઈ શકે?

જ્યાં શ્રીગુસાંઈજી જીવોને નામમંત્ર આપે કે સ્વયં શ્રીજી દોડતા દોડતા આવીને એને હૃદયથી લગાવી લે, વિચાર કરો કે એને મુક્તિ ગમે?

અમને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને મુક્તિ ન ગમવાનું કારણ એ છે કે જ્યાં અમે ભગવદ્નામ લઈએ કે અમારા શ્રીજી આવીને અમને હૃદયથી લગાવી લે છે. હવે કહો કે જ્યાં કોઈ જીવ એના પ્રિયતમને હૃદયથી લાગેલો હોય અને કોઈ ત્રીજી વ્યક્તિ આવીને કહે કે તમને બંનેને છૂટા કરું, મુક્ત કરું તો શું એવી મુક્તિ કોઈને ગમે? તો પુષ્ટિજીવો તો એ છે કે જેમને શ્રીજીએ એમના હૃદયથી લગાવેલા છે. માટે દયારામભાઈ પણ કહે છે કે

રીઝે રાબડી થકી ગરીબ લોક રે
ભોગીને ન ભાવે રે
અમે તો રાજના ખાસા ખવાસ રે
મુક્તિ મન ન આવે રે.

કહે છે કે આ મુક્તિથી સાધારણ માણસ લલચાય, પણ ભક્તિમાર્ગીય જીવ તો ભોગી છે, એને તો પ્રભુનું સાન્નિધ્ય જોઈએ, પ્રભુનો નિત્ય નવીન રસ જોઈએ. તો એને લાગે કે મારું કાર્ય સફળ થયું. એક ગોપી ઠાકોરજીની ટહેલ કરતી હતી, ત્યારે એને ત્યાં ચાર સ્ત્રીઓ આવી. બારણું ખખડાવ્યું. ગોપી પૂછે છે : 'તમે કોણ છો?'

કહે છે : 'અમે તારી સેવા કરવા માટે આવ્યાં છીએ.'

'પણ તમે ચાર જણ છો કોણ?'

'અમે ચારે મુક્તિ છીએ. તારા ઘરે અમે ચારે પ્રકારની મુક્તિઓ એટલા માટે આવ્યાં છીએ કે અમે તારી સેવા કરી શકીએ. તને લઈ જઈએ.'

'જુઓ, તમારે સેવા કરવી હોય તો પછી આવજો. હમણાં મારા પ્રભુ ગોચારણ કરીને પધારતા હશે. એમનાં દર્શને જવાનો મારે સમય થયો છે. હમણાં મને સમય નથી.'

'લોકો હજારો વર્ષો સુધી જંગલમાં તપસ્યા કરે છે કે અમને મુક્તિ મળે. જ્યારે અમે સ્વયં સામે ચાલીને તારા ઘેર આવ્યાં છીએ. તને અમારી સાથે આવવાનું કહી રહ્યાં છીએ. પણ તું કહે છે મારી પાસે સમય નથી?'

એટલામાં પ્રભુ પધાર્યા. ગોપી ટગરટગર દર્શન કરતી રહી. જ્યાં પ્રભુ પધારી ગયા કે મુક્તિ કહે કે હવે તો ચાલ. હવે તો તારા પ્રભુ પધારી ગયા ને?

'હમણાં તો પ્રભુ પધારી ગયા પણ કાલ તો આ જ માર્ગે પાછા પધારશે. ત્યારે એમનાં દર્શન કોણ કરશે? મારે તમારી સાથે આવવું નથી.'

રોજ મુક્તિ આવે અને રોજ ગોપી બહાનાં કાઢે. એક સમય એવો આવ્યો કે ભગવાન વ્રજ છોડીને મથુરા પધાર્યા. ગોપીઓને રડતી મૂકી, વ્યાકુળ દશામાં મૂકી પ્રભુ પધાર્યા એટલે મુક્તિને લાગ્યું કે પહેલાં પ્રભુ હતા એટલે ગોપી આવવા તૈયાર ન હતી, પણ જુઓ જે પ્રભુથી ગોપીએ વધારે પ્રેમ કર્યો એ જ પ્રભુ એને છોડીને, પીડા આપીને સદા

માટે ચાલ્યા ગયા. ગોપી ઘરમાં બેઠી બેઠી રડતી હતી. ત્યાં જ ચારે મુક્તિઓ આવી. કહેવા લાગી : ‘જો સખી, જેનાથી તેં સૌથી વધારે પ્રેમ કર્યો, એ જ તને એકલી મૂકીને, દુઃખ આપીને ચાલ્યા ગયાને? હવે તો તું અમારી સાથે આવ. પહેલાં તો પ્રભુના દર્શન કરવામાં તને આવવાની ફૂરસદ ન હતી, પણ હવે શું છે?’

ગોપી કહે છે : ‘હવે તો હું આવી જ ન શકું. પહેલાં મને એનાં દર્શનથી ફૂરસદ ન હતી અને હવે એના સ્મરણથી ફૂરસદ નથી. જ્યારે પાસે હતા તો મનમાં એક વિશ્વાસ હતો, સામે ન હોય તો પણ એમ હતું કે પ્રભુ અમારી પાસે જ છે. હવે એ છોડીને ગયા તો એક ક્ષણ પણ એના વિના રહેવાતું નથી. પાસે હતા ત્યારે એના દર્શનથી જે સુખ, જે આનંદ મળતો હતો, એ હવે નથી. એના વિયોગમાં આંખમાં અશ્રુ આવે, અશ્રુ વહેતાં વહેતાં કપોલ ઉપર આવે ત્યારે આંખમાં આંજેલું કાજલ બહાર આવે છે, પણ એવું નથી લાગતું કે કાજલ બહાર આવ્યું છે. અમે જેને યાદ કરતા હતા તે શ્યામસુંદર, અમારા હૃદયમાં હતા તે શ્યામસુંદર, શ્યામ કાજલના રૂપે અમારા નેત્રોમાંથી બહાર પધાર્યા છે.’

જ્યારે શ્યામને યાદ કરતા કરતા રોમાંચ થઈ જાય છે ત્યારે એમ લાગે છે કે શ્યામ અમારી પાસે જ છે. માટે મુક્તિ, હવે પણ હું તમારી સાથે આવી નહિ શકું.

મુક્તિને પણ લાગ્યું કે આ કેવા જીવો છે, જે શ્રીઠાકોરજીની સેવા કરે, સ્મરણ કરે ત્યારે એમને એ સુખ મળે છે કે જે સુખ મુક્તિથી પણ મળતું નથી.

આપણે ત્યાં આરતી વખતે ચાર મૂઠિયાં ઓવારીને નાખીએ છીએ એ શું છે? એ ચારે મુક્તિ છે. હે પ્રભુ, આપની સેવા મળી, હવે અમે આ ચારે મુક્તિ ન્યોછાવર કરીને ફેંકી દઈએ છીએ. જેને લેવી હોય તે લઈ લે. અમને મુક્તિ નથી જોઈતી. અમને તો પ્રભુ, આપની સેવા જોઈએ છે. યોગીઓ કહે છે કે પ્રભુ, એવી કૃપા કરો કે અમને મુક્તિ મળે, પણ ભક્તો કહે છે કે પ્રભુ, આપની સેવા માટે અમને એક જન્મ બહુ ઓછો લાગે છે. અમે તો એવી વિનંતી કરીએ છીએ કે પ્રભુ એવી કૃપા કરો કે વારે વારે અમને જન્મ મળે, શરત એ જ કે કોઈ વૈષ્ણવના ઘરમાં જન્મ મળે અને આપની સેવા મળે. આપણા ભગવદીયોએ માગ્યું છે કે –

યહ માંગો શ્રીગોપીજનવલ્લભ,
માનુષ જન્મ ઔર હરિસેવા,
વ્રજ વસવો દીજે મોહિ સુલભ.

અમારે બીજું કાંઈ જોઈતું નથી.

જીવને મુક્તિ શત્રુ જેવી ક્યારે લાગે? જ્યારે આટલી વસ્તુ શ્રીગુસાંઈજી કૃપા કરીને જીવને આપે. જીવ કહે છે કે અમને મનુષ્યજન્મ અને હરિસેવા મળે તો અમારે છૂટવું નથી, મુક્તિ નથી જોઈતી. અમારે તો પ્રભુ સાથે પ્રેમના બંધને બંધાવું છે. કારણ કે છૂટો પડે તો પોતાની ચિંતા પોતે કરવી પડે પણ જે બંધાયેલો હોય એની ચિંતા બાંધનાર કરે. એક ગાય છૂટી ફરતી હોય તો એને ખાવાપીવાની ચિંતા રહે. પણ ગોવાળિયો ગાયને ગૌશાળામાં બાંધી દે તો એને ખાવાપીવાની ચિંતા રહે ખરી? હવે એની ચિંતા એ કરશે જેણે એને બાંધી છે.

જીવ જ્યારે બંધાય ત્યારે એની ચિંતા બાંધનારને આવે, તો પ્રભુ અમે મુક્ત થયા, આપનાથી છૂટ્યા, તો અમે સૌથી પરાધીન કહેવાઈશું. પણ જો અમે આપનાથી બંધાયા તો નિશ્ચિંત થયા, કારણ અમારી ચિંતા કરવાવાળા આપ છો. માટે એવી કૃપા કરો કે મનુષ્ય જન્મ મળે, પ્રભુ સેવા મળે અને વ્રજમાં વાસ મળે.

વલ્લભ કુળકો હોઉં ચેરો,
વૈષ્ણવ જનકો દાસ કહાઉં,
શ્રીયમુનાજલ નિત્ય પ્રતિ ન્હાઉં,
મનક્રમવચન કૃષ્ણ ગાઉં, યહ માંગો.

પ્રભુએ પૂછ્યું : જીવ, તું કહી રહ્યો છે કે તારે મુક્તિ નથી જોઈતી, મુક્તિ પ્રાપ્ત કરીને તું પોતાને મુક્ત કહેવડાવવા માગતો નથી, એમ ચાહે છે કે હું તને બીજો જન્મ આપું, એ પણ મનુષ્ય દેહ, પાછો વૈષ્ણવના ઘરમાં અને પ્રભુસેવા આપું. તો મને બતાવ, જો આગલા જન્મમાં તને વૈષ્ણવ દેહ અને વૈષ્ણવ ઘર મળે, પ્રભુની સેવા મળે એ વખતે તારી ઓળખ કોઈ માગે તો તારો પરિચય કેવી રીતે આપીશ?

ત્યારે એ જીવની આંખમાં ચમક આવી ગઈ. કહે છે : 'પ્રભુ કૃપા કરીને મારી અંદર એવી ખુમારી ભરજો કે કોઈ પરિચય માગે તો હું કહું કે હું વલ્લભનો દાસ છું. વૈષ્ણવનો દાસ છું. આવો પરિચય મારો આપી શકું.'

વળી કહે છે : 'પ્રભુ, આ મારું ઘર છોડીને મારે કોઈ બીજા તીર્થમાં નથી જવું. જે દિવસે મારા ઘરમાં મારા ઠાકોરજી પધાર્યા, મારું ઘર એ જ વ્રજ બની ગયું.' આમ વ્રજવાસ માગ્યો. 'જ્યારે હું પ્રભુની સેવા માટે અપરસમાં સ્નાન કરું, એ બીજું કાંઈ નહિ પણ મારું યમુના સ્નાન છે. એ કરીને હું બીજું કાંઈ નહિ પણ મારા ઠાકોરજીની સેવા કરું, ટહેલ કરું. મારે એ જ જોઈએ છે.'

શ્રીભાગવત શ્રવણ સુણોં નિત,
ઈન તજ ચિત્ત અનત ન લાઉં,
પરમાનંદદાસ યહ માગત
નિત્ય નિરખોં કબહુ ન અઘાઉં...
– યહ માગો ગોપીજનવલ્લભ.

શ્રીગુસાંઈજી પ્રભુચરણ કેવા છે? જેમણે નામ આપીને મુક્તિને તો શત્રુ જેવી બનાવી દીધી. પછી પોતાનો શ્રીહસ્ત જીવને માથે પધરાવી, શ્રી હસ્તથી એને સ્પર્શીને, એના બધા ભયોને હરી લીધા. કેવા ભયોને હર્યા? સંસારસંબંધી ભય, પ્રમાણમાર્ગ સંબંધી ભય, કાલાદિક ભય, યમાદિક ભય આ બધા જ ભયોનું શમન શ્રીગુસાંઈજી પોતાના ભુજદંડના સ્પર્શથી કરે છે.

માણસને સંસાર સંબંધી અપરાધ કરે તો એનો દંડ ભોગવવો પડે. પ્રમાણસંબંધી એટલે વૈદિક અપરાધ કરે તો એનો દંડ ભોગવવો પડે, કાલ અનુકૂળ ન હોય તો કાલાદિ દંડ ભોગવવા પડે, ખોટાં કર્મ કર્યા હોય તો યમદંડ પણ ભોગવવા પડે. બધા દંડથી જીવ છૂટે ક્યારે? જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણ કૃપા કરી ભુજદંડથી સ્પર્શે. પોતાનો ભુજા રૂપી દંડ જીવને માથે પધરાવે ત્યારે જીવ બધા ભયથી મુક્ત બને. સાચા અર્થમાં જીવનો ભવસાગરથી બેડો પાર થાય.

એવા નાથ અમિત ઉદાર. નાથ કોણ કહેવાય? જે જીવની રક્ષા કરે, જે સ્વામી હોય,

પોષણ કરતા હોય, એવા શ્રીગુસાંઈજીને જાણીને જ્યારે એમનો આશ્રય કરીએ ત્યારે સાચા અર્થમાં શ્રીગુસાંઈજી જીવને લૌકિક દંડથી બચાવી સનાથ કરે એવા અમિત ઉદાર શ્રીગુસાંઈજી છે. હવે આગળ નવમી ટકમાં વર્ણન કરે છે.

સ્વ સ્વરૂપ અર્થે પ્રોંજીયા કૃત હુતા જે સંસાર,
રાજ કાજે જોડિયા જન ઉચ્ચાવચ નરનાર...
તે પદ વંદુ...૯

આ નવમી ટકમાં મન્વંતર લીલા છે. આઠમા સ્કંધમાં કથા આવે છે ભગવાન વામનની. આચાર્ય રૂપે આવ્યા અને બલિ રાજાનું સર્વ સમર્પણ સ્વીકાર્યું, તેમ અહીંયા શ્રીગુસાંઈજી પ્રભુચરણ જીવ ઉપર કૃપા કરે છે. કેવી રીતે? તો કહે છે : સ્વ સ્વરૂપ અર્થે પ્રોંજીયા, કૃત હુતા જે સંસાર, રાજ કાજે જોડિયા જન ઉચ્ચાવચ નરનાર, તે પદ વંદુ.

જે જીવો આ સંસારના કાર્યોમાં એવા ઉલઝેલા, એવા અટવાયેલા હતા કે ઈચ્છા કરીને પણ ભગવદ્‌નામ લઈ શકતા ન હતા. ઈચ્છા હોવા છતાં ભગવદ્ સેવા કરી શકતા ન હતા. લૌકિકમાં એટલો રસ પડે કે ઘરમાં સેવા-સ્મરણ કરી ન શકે. એવા જીવો માટે કહે છે કૃત હુતા જે સંસાર. સંસારના કાદવમાં રચેલા-પચેલા જીવો ઉપર કૃપા કરીને તેમને આપે ઠાકોરજીની કોઈ ટહેલ આપી દીધી. સેવા આપી દીધી. વળી કૃપા કરીને પોતાની ટહેલમાં પણ રાખી દીધા. આવું થાય ત્યારે માનવું કે શ્રીગુસાંઈજીની કૃપા થઈ.

ચાહે ભગવદ્‌નામ લેતો ન હોય, ભગવદ્ સેવા કરતો ન હોય, એવો કોઈ વ્યક્તિ, આપની પાસે આવે અને આપ આજ્ઞા કરે કે તમે ત્યાં જાઓ છો તો આ વાત એને કહેતા આવશો? આવી સેવા સોંપી એટલે એ જ્યાં જવાનો હતો, ગયા વિના રહેવાનો નહોતો, પણ હવે એ માત્ર જતો નથી, હવે એના ગુરુની આજ્ઞાનું પાલન પણ કરી રહ્યો છે. ગુરુની આજ્ઞાનું અનુસરણ કરતાં કરતાં જ્યારે વ્યક્તિ કોઈ કાર્ય કરે ત્યારે કહેવાય કે રાજકાજે જોડિયા. રાજકાજ એટલે ઠાકોરજીની સેવામાં એને એવો જોડી દે કે બહાર જ ન નીકળે.

શ્રીવલ્લભે અને શ્રીગુસાંઈજીએ સેવાનો પ્રકાર પણ એટલો બધો બૃહદ્ બતાવ્યો કે આ દિવસે આ વસ્ત્ર, આ સામગ્રી, આ શૃંગાર, આવા રંગનાં વસ્ત્ર, ઘણાં તો વસ્ત્રોનાં નામ જ એવાં કે વૈષ્ણવ ગુંચવાઈ જાય. આખો દિવસ એકબીજાને ફોન કરીને પૂછ્યા કરે. એમાં બીજા બધાં લૌકિક કાર્યો કરવાનાં રહી જાય. આને શું કહેવાય? રાજકાજે જોડિયા. આખો દિવસ યેનકેન પ્રકારેણ વૈષ્ણવને ભગવદ્ સેવામાં એવા ગુંચવાયેલા રાખે કે પ્રભુની સેવા છોડીને બીજો વિચાર કરવાનો ટાઈમ ન મળે.

શ્રીગુસાંઈજીને લાગ્યું કે જો બધું સીધું - સરળ આપી દઈશ તો વૈષ્ણવો નિશ્ચિંત થઈ જશે. સરળ માર્ગ બતાવ્યો પણ એક વાત એવી મૂકી દીધી કે વિચાર કરવામાં ને કરવામાં સમય જાય કે આ રંગ કયો ને પેલો રંગ કયો. સેવાપ્રણાલિકા પણ એવી આપી કે રોજ નવાં વસ્ત્ર, રોજ નવા શૃંગાર! જ્યાં ખેલના દિવસો આવે કે સુવર્ણના શૃંગાર અને સફેદ વસ્ત્ર આવશે એમ વિચારી એની તૈયારી કરવામાં લાગી જઈએ. જ્યાં એક ઉત્સવ પૂરો થયો નથી કે બીજા ઉત્સવની મહિના પહેલા વધાઈ બેસે! હવે એની તૈયારી શરૂ. તૈયારીમાં ને તૈયારીમાં આખું વર્ષ

ક્યાં વીતી જાય ખબર ન પડે. આને શું કહેવાય? શ્રીગુસાંઈજીએ કૃપા કરી રાજકાજે જોડિયા.

પ્રભુનાં કાર્યોમાં એ વૈષ્ણવને એવો ગુંચવાઈ દે કે એને બીજાં કાર્યો કરવાની ઈચ્છા તો હોય પણ સમય જ ન મળે. આપણે પુષ્ટિમાર્ગની પ્રણાલિકા જોતાં હોઈએ તો ખ્યાલ આવે કે અમુક વસ્તુની સજાવટ અમુક રીતે થાય. વળી જે દિવસે રીંગણ મળતાં ન હોય એ દિવસે વેંગણદશમી આવે. રીંગણ ખાસ જોઈએ. પેલો આખું ગામ ગોતતો ફરે. આજે કંકોડાતેરસ. કંકોડાનું શાક આરોગાવવાનું. પણ ગામમાં ક્યાંય કંકોડા મળતા ન હોય! કંકોડા શોધવા આખો દિવસ શહેરમાં ફર્યા કરે. ઘરેથી વિચાર નીકળ્યો હોય કે કંકોડા લઈને આવું ને પછી બીજાં કામ કરવા જાઉં. ત્યાં ઠાકોરજી એવી લીલા કરે કે આખા ગામમાં ક્યાંય કંકોડા ન મળે. એ કાર્યમાં જ પેલો આખો દિવસ ગુંચવાયેલો રહે. પ્રભુનાં કાર્યોમાં જ અટવાયેલો રહે. આને શું કહેવાય? રાજ કાજે જોડિયા!

ઘણીવાર એવા એવા જીવો ઉપર પણ કૃપા થઈ જાય. મને ખ્યાલ છે કે એક વૈષ્ણવ એક આચાર્ય પાસે ગયા અને કહ્યું કે આ ગ્રંથ મને ભણવાની બહુ જ ઈચ્છા છે. મારે એને સમજવો છે. તો આપે કહ્યું કે ગ્રંથ સંસ્કૃતમાં છે. અમુક પ્રોફેસર છે. એ બહુ સારા છે. એની પાસે શીખો. એ પ્રોફેસર સંસ્કૃતના બહુ મોટા વિદ્વાન. આ ભાઈ ગ્રંથ શીખવા ગયા. એની પાસે ભણ્યો પણ એ અન્યમાર્ગીય હતા. ભણતાં ભણતાં આને ભાવ ન જાગ્યો પણ પેલા પ્રોફેસરને ભાવ જાગી ગયો. એ આવીને વૈષ્ણવ બન્યો. ઘણીવાર આવી કૃપા થાય.

કરવા ગયા હોય કોઈ અને એનો લાભ બીજો કોઈ લઈ જાય. ભક્તિ માર્ગ શું છે? પાલખીની સવારી છે. ચાર જણ મહેનત કરે અને પહોંચે પાંચમો. ચાર જણ ભાર લઈને જાય અને અંદર બેઠેલો આરામથી પહોંચી જાય. તો આ ભક્તિમાર્ગ પણ એવો છે. શ્રીગુસાંઈજી ઘણીવાર એવી લીલા કરે કે કોઈવાર તમે વિચાર્યું હોય કે શૃંગાર ધરીને હું આ કાર્ય કરવા માટે જઈશ. પણ જ્યાં શૃંગાર ધરો ત્યાં વડા થઈ જાય. ફટાફટ શૃંગાર કરવાનો વિચાર કર્યો હોય, રોજ પંદર મિનિટમાં શૃંગાર કરતા હો, પણ એ દિવસે કલાક પૂરો થાય! આ શું કહેવાય? રાજકાજે જોડિયા.

શ્રીગુસાંઈજી પ્રભુચરણે એવો મનોવૈજ્ઞાનિક ક્રમ પુષ્ટિમાર્ગની સેવાપ્રણાલિકામાં ગોઠવ્યો છે કે તમે ઈચ્છા કરીને પણ ભગવદ્‌સેવાને એક ક્ષણ માટે પણ ભૂલી ન શકો. ઠાકોરજીને પણ કેવો વૈષ્ણવ ગમે? જેના મનમાં રોજ સવાર પડે ને પ્રશ્ન જાગે. આજે શ્રીઠાકોરજીને શું ધરાવીશું? પેલા વૈષ્ણવે સાત દિવસની ભેગી સામગ્રી કરી તો સાત દિવસની સામગ્રી ઠાકોરજી એક જ દિવસમાં આરોગી ગયા. ઠાકોરજી કહે છે સવારે ઊઠીને નિશ્ચિંત હોય એવો વૈષ્ણવ મને ન ગમે. મને તો એવો વૈષ્ણવ જોઈએ જે રોજ સવારે ઊઠીને ચિંતામાં હોય કે આજે ઠાકોરજીને શું આરોગાવીશ? કઈ સામગ્રી સિધ્ધ કરીશ? જેના મનમાં નિત્ય નવીન મનોરથ જાગતા હોય એવો વૈષ્ણવ મારે જોઈએ.

એટલા માટે શ્રીગુસાંઈજીએ જે જીવો લૌકિકમાં રચેલાપચેલા હતા, એમને ઠાકોરજીની ટહેલમાં યેનકેન પ્રકારેણ જોડી દીધા. ઠાકોરજીની

સન્મુખ એવા કર્યા કે એ જીવ પ્રભુની સેવાથી એક ક્ષણ પણ અલગ થઈ ન શકે. ઘરમાં કોઈ વ્યક્તિને આપણે વારેવારે સેવા કરવાનું કહેતા હોઈએ, એ કરતો ન હોય તો શ્રીગુસાંઈજીએ જે પ્રકાર બતાવ્યો એ પ્રકાર કરો. એને રાજકાજે જોડો. માળા કર, આ કર, તે કર. તું બહાર જાય છે ને તો જરા શાક લેતો આવજે. એટલું પણ કરશે તો સમજી લેવું કે એ રાજકાજે જોડાયો. અને જ્યાં થોડી ઠાકોરજીની ટહેલ કરવા લાગ્યો તો પ્રમોશન થતાં વાર નહિ લાગે. હમણાં બહારની સેવા કરે છે, પ્રમોશન થશે તો ભીતર પણ આવશે. રાજકાજમાં જોડીજોડીને વૈષ્ણવને એવા બનાવ્યા કે ઘણીવાર કોઈ વૈષ્ણવની ટહેલ કરતાં કરતાં, પેલો વૈષ્ણવ આગળ વધે કે ન વધે પણ ટહેલ કરનારો આગળ વધી જાય.

શ્રીગુસાંઈજીએ આ રીતે લૌકિકના કીચડમાં ફસાયેલા મનુષ્યને, એના મનને ભગવદ્ સેવામાં એવું રંગી નાખ્યું કે એ ઠાકોરજીની ટહેલ કરતો થઈ ગયો. માણસનું મન માંકડા જેવું છે. જેમ એક માંકડું એક જગ્યાએ સ્થિર ન રહે, એક ડાળીથી બીજી ડાળી કૂદ્યા કરે, જેવું ચંચળ એ માંકડું છે, એવું જ ચંચળ મનુષ્યનું મન છે. મરકટ જેવું ચંચળ આપણું મન છે, જે એક જગ્યાએ સ્થિર ન રહી શકે. મરકટને જો કોઈએ મદિરા પીવડાવી દીધી હોય તો શું થાય? એક તો એ ચંચળ છે અને મદિરાનું પાન કરે તો એની શું દશા થાય? જાણે એ પણ ઓછું હોય તેમ એને વીંછીએ ડંખ માર્યો. આટલું પણ ઓછું હતું ત્યાં એને પ્રેત વળગ્યું. એ માંકડાની દશા શું થાય? તો જેવી દશા એ માકડાની થાય એવી દશા આપણા મનની થઈ છે. એક તો ચંચળ મન, તેમાં પાછો લૌકિક સંસાર રૂપી મદિરાનું પાન કર્યું. તો ઓર મત્ત બન્યું. એટલું ઓછું હતું કે લૌકિક વિષયોનો વીંછી એને ડંખ્યો. વળી લોકનિંદાનું પ્રેત એને વળગ્યું. વિચાર કરો કે મનની દશા શું થાય? જેવી દશા પેલા મરકટની થઈ એવી દશા આજે આપણા મનની છે. મનને જ્યાં સુધી અમૃતનું પાન કરાવવામાં ન આવે ત્યાં સુધી એ સ્થિર ન થઈ શકે. ત્યાં સુધી ભગવદ્ કાર્યમાં આવી ન શકે. દયારામભાઈનું એક સુંદર ધોળ છે : મન અને મતિનો સંવાદ.

મન મતિને પૂછે છે કે હે મતિ, તું તો સ્થિર છે. પણ મારી દશા બહુ વ્યાકુળ છે. મતિ, તું મને સમજાવ. હું કેટલું કેટલું કરું છું પણ હંમેશા મને દુઃખ રહે છે. અસંતોષ રહે છે. કૃપા કરીને મને બતાવ કે હું હંમેશા દુઃખી કેમ રહું છું.

મતિ કહે છે કે તું દુઃખી એટલા માટે છે કે જે વસ્તુની અંદર આનંદ છે જ નહિ, તું હંમેશાં એની અંદર જ આનંદ શોધવાનો પ્રયત્ન કરે છે. જે પરમાનંદ છે એનાથી તું અલગ રહે છે. અલિપ્ત રહે છે. તો તને સુખ ક્યાંથી મળે?

મન કહે છે કે હું આનંદ શોધવા માટે લૌકિક વસ્તુઓનો સહારો નથી લેતો. હું એટલા માટે એમનો સહારો લઉં છું કે જ્યાં સુધી એને ભોગવું નહિ ત્યાં સુધી એની કામના મારામાંથી જશે નહિ. હું એમ ચાહું છું કે લૌકિક કામના મારા મનમાં જાગે જ નહિ. જ્યારે એકવાર એને ભોગવી લઉં પછી એની કામના મારા મનમાં જાગશે નહિ. તેથી મારું મન લૌકિક વિષયો તરફ જાય છે.

મતિ કહે : 'એટલા માટે તું દુઃખી છે. તું એવી કામના રાખે છે કે એકવાર આ લૌકિક વિષયોને

ભોગવી લઉં, પછી મારું મન ક્યારેય પણ એને ભોગવવા માટે ચિંતિત નહિ બને. એનો અર્થ એવો થયો કે તું અગ્નિને ઓલવવા માટે પ્રયત્ન કરે છે અને એ પણ ઘીથી. ઘીથી અગ્નિ કદી ઓલવાય? એ તો વધારે પ્રજવળે. કેટલી વાર આપણે સંકલ્પ કરીએ કે બસ પ્રભુ, આ એક વસ્તુ મને મળી જાય, બસ આ એક વસ્તુ પ્રભુ મને આપી દો, આમ વસ્તુ મળતી ગઈ, તેમ તેમ પ્રભુની પાસે આવવાને બદલે પ્રભુથી દૂર થતા ગયા. આ શું બતાવે છે? આપણે અગ્નિને ઘીથી ઓલવવાનો પ્રયત્ન કર્યો, ઘી અગ્નિને ઓલવે નહિ પણ ભડકાવે.'

મન કહે છે : 'હે મતિ, તું મને બતાવ કે મારું મન સ્થિર કેવી રીતે રહે?'

મતિ કહે છે : 'હે મન, તું એમને એમ તો સ્થિર નહિ થાય, પણ તારે જો સ્થિર થવું હોય તો એનો પહેલો ઉપાય એ છે કે તું જે દેહની અંદર છે, એ દેહને પહેલાં સ્થિર કર. એ દેહ જ્યારે સારી, સાચી જગ્યાએ સ્થિર થઈને બેસશે, ત્યારે એની અંદર રહેલું મન પણ સ્થિર થશે. જ્યારે કોઈ નિશાન ઉપર તીર ચલાવવું હોય તો સૌથી પહેલાં ધનુષ્યને સ્થિર કરવું પડે. ધનુષ્ય હાલી રહ્યું હશે તો નિશાન ઉપર ક્યારેય તીર વાગશે ખરું? સૌથી પહેલું ધનુષ્ય સ્થિર પકડવું પડશે, એ સ્થિર થશે પછી નિશાન ઉપર તીર વાગશે.'

'જેમ તીર એ આ મન છે એમ ધનુષ્ય એ આપણો દેહ છે. જો મન, તું પહેલાં તારા મનને સ્થિર કરવાને બદલે સૌથી પહેલાં તારા દેહને સ્થિર કર.'

મન કહે છે : 'પણ હું મારા દેહને સ્થિર કેવી રીતે કરું?'

મતિ કહે છે : 'તે માટે આ દેહને વધુમાં વધુ સમય ભગવદ્ સેવામાં અને ભગવદ્ સત્સંગમાં બેસવાની ટેવ પાડ. અધિકથી અધિક જેટલો આ દેહ સેવા-સત્સંગમાં બેસશે, તેટલું આ મન સ્થિર થતું જશે. પ્રભુના ચરણોમાં ચોંટવા લાગશે.'

શ્રીગુસાંઈજીએ આ સિદ્ધ કરી બતાવ્યું. સેવા પ્રણાલિકાનો ક્રમ આપીને જીવોને રાજકાજમાં જોડ્યા. એવા જીવોને જોડ્યા જે - કૃત હુતા જે સંસાર. જેઓ આ સંસારની ઘટમાળમાં - સંસારના કાદવમાં એવા રચ્યા પચ્યા હતા કે તેમને બીજા કોઈની ચિંતા પણ ન હતી.

હવે આપણે આગળ જઈએ.

આગળ અંશે પ્રકટિયા તે ગ્રંથ કહ્યા બહુ વાર,
શ્રીયશોદા ઉત્સંગ લાલિત,
પૂરણ અતિ સુકુમાર.. તે પદ... ૧૦

આગળ બતાવ્યું કે શ્રીગુસાંઈજી પ્રભુચરણે કેવી રીતે જીવોને રાજકાજે જોડ્યા. કેવી રીતે પ્રભુ સન્મુખ કર્યા, પણ ક્યા પ્રભુ સન્મુખ કર્યા તે ગોપાલદાસજી અહીં કહી રહ્યા છે.

આગળ અંશે પ્રગટિયા તે ગ્રંથ કહ્યા બહુ વાર. પૂર્વમાં - પહેલાં જેટલા જેટલા પણ અવતારો થયા, એ બધા અવતારો અંશાવતાર આવેશ અવતાર, કલાવતાર થયા છે. એનું વર્ણન અનેક પુરાણગ્રંથોમાં થયેલું છે. અહીં એ બધા અવતારોની વાત ન કરતાં જે પૂર્ણ અવતાર છે, પરબ્રહ્મ છે, એનો પરિચય આપું છું.

શ્રીયશોદોત્સંગલાલિત પૂરણ અતિ સુકુમાર - પૂર્ણબ્રહ્મ ક્યા છે? તો કહે છે કે જે

યશોદાજીના ખોળામાં બિરાજેલા છે, શ્રીયશોદાજીથી લાલિત અને પાલિત છે, એ પૂર્ણ બ્રહ્મ છે. જેમણે ગોકુળમાં પ્રગટીને ૧૧ વર્ષ અને પર દિવસ વ્રજમાં લીલા કરી. કોઈ પૂછે કે ભગવાન તો એક જ છે. જે વ્રજમાં છે, જે મથુરામાં છે, એ જ દ્વારિકામાં છે, તો પછી આ લીલાભેદ કેમ? પુષ્ટિ અને મર્યાદા એવા ભેદ કેમ? જે ભગવાન વ્રજમાં છે એ જ ભગવાન દ્વારિકામાં છે, તો બંનેમાં ફરક શો?

ફરક એટલો કે એક મોટા માણસને તમે એના ઘેર જઈને મળો અને એ જ મોટા માણસને તમે એની ઓફિસમાં જઈને મળો. ઘેર મળશો તો એ તમારી સાથે બેસશે, વાતચીત કરશે અને એને જ ઓફિસમાં મળવું હશે તો કેટલી એપોઈન્ટમેન્ટ લેવી પડશે, એની પાસે સમય હોય કે ન હોય, વાતચીત કેવી અને કેટલી કરે તે પણ નક્કી નહિ. તો બંનેમાં ફરક એ જ કે ભગવાનનું ઘર વ્રજ છે. દ્વારિકામાં તો આપ રાજાધિરાજ છે. એક જ વ્યક્તિને ઘરમાં મળો અને ઓફિસમાં મળો, એમાં જેટલો ફરક છે એટલો ફરક આ બંને સ્વરૂપની અંદર છે. માટે કહ્યું કે પૂર્ણબ્રહ્મ એ છે કે જે વ્રજમાં પ્રગટ્યા અને અગિયાર વર્ષ બાવન દિવસ વ્રજમાં બિરાજી, લીલાઓ કરીને પોતાના નિજજનોને સુખ આપ્યાં.

એટલા માટે તો કેટલાક ગોપીજનોને મનમાં વિચાર આવ્યો, પ્રભુના સખાઓને વિચાર આવ્યો અને તેમણે આવીને કહ્યું : 'અરે કનૈયા, અમે એવું સાંભળ્યું છે, લોકો એવું કહે છે કે તું તો વૈકુંઠનો નાથ છે.'

ભગવાન કહે છે : 'આવા સમાચાર તમને કોણ આપ્યા?'

'આ તો બધા એવું કહે છે, પણ જો તું વૈકુંઠનો નાથ છે તો અમને એ વૈકુંઠનાં દર્શન ન કરાવે?'

ભગવાનને લાગ્યું કે આ લોકોએ મને પકડી પાડ્યો છે તો હવે મારે એમને મારો પરિચય આપવો પડશે. પૂછ્યું : 'તમારે મારા વૈકુંઠનાં દર્શન કરવાં છે?'

બધા કહે છે : 'હા.'

'તો એક ક્ષણ માટે બધા આંખો બંધ કરો. જ્યાં ભગવાને કહ્યું કે બધા સખાઓએ પોતાનાં નેત્રો બંધ કર્યાં. જ્યાં નેત્રો બંધ કર્યાં ત્યાં જોયું કે વૈકુંઠમાં બધા પહોંચી ગયા છે. ત્યાં મોટું સિંહાસન છે, તેના ઉપર ભગવાન લક્ષ્મીજી સાથે બિરાજમાન છે. મોટા મોટા દેવતાઓ એમની સ્તુતિ કરી રહ્યા છે. બહાર જયવિજય દ્વારપાળ ઊભા છે. જ્યાં આવો ચમત્કાર જોયો ત્યાં બધા થરથર ધ્રુજવા લાગ્યા. આંખો ખોલીને કનૈયાના ચરણોમાં પડ્યા. કહે છે : 'અમારે આ ભગવાન ન જોઈએ, અમારે તો વ્રજનો કનૈયો સારો, જેની સાથે જે વાત કરવી હોય એ કરી શકીએ. ત્યાં તો મોટા મોટા દેવો જેની સ્તુતિ કરે એ અહીં વ્રજમાં ગોપીઓની છાલિયાભર છાશ માટે નૃત્ય કરે. ત્યાં મોટા મોટા દેવતાઓ એમની સેવા કરે, અહીંયા ગોપી કહે કે અરે કનૈયા, આ જલની ગાગર મારાથી ઊંચકાતી નથી, જરા મારા માથે ચડાવી દે અને એ કનૈયો ગોપીની ગાગર માથે પધરાવી દે.'

કોઈ સખાઓ કહે : 'અરે કનૈયા, આજે અમારી ગાયો ચરાવવા લઈ જા.' ત્યારે સખાઓની ગાયો ચરાવવા લઈ જાય. ગોપીઓનાં કામ પણ કરી દે. માટે કહ્યું અમારે તો પૂર્ણબ્રહ્મ એ જ છે કે

જેમણે વ્રજમાં રહીને આ બધી લીલાઓ કરી. ગોકુલમાં પ્રભુ ધર્મવિશિષ્ટ સ્વરૂપે પ્રગટ્યા એ જ આપનું મૂળ સ્વરૂપ છે. જે સ્વરૂપે રાસલીલા, માનલીલા કરી, નિજજનોના મનોરથ પૂર્ણ કર્યા. નિજજનોની બધી કામના પૂર્ણ કરી. એટલા માટે કહ્યું : આગળ અંશે પ્રગટિયા તે ગ્રંથ કહ્યા બહુવાર. શ્રીયશોદોત્સંગ લાલિત પૂરણ અતિ સુકુમાર. તે પદ વંદુ..

માટે જ્યારે આપણે ત્યાં શ્રીઠાકોરજી પધારે ત્યારે તેમની સેવા બાલભાવથી કરવાની હોય છે. પછી ભાવનું દાન તો આપણને શ્રીઠાકોરજી આપણા અધિકાર પ્રમાણે કરે, પરંતુ જ્યારે સેવા પ્રારંભ કરીએ ત્યારે તો બાલભાવથી સેવા કરવાની હોય છે. તેનું કારણ એ છે કે સ્વામીભાવથી કે સખ્યભાવથી સેવા કરીશું તો અંતઃકરણમાં કાંઈક માગવાની ભાવના જરૂર જાગશે. કાંઈક તેમને કહેવાની ઈચ્છા જરૂર જાગશે. પણ બાળકનું સ્વરૂપ એવું છે, જેની પાસે આપણને માગવાની કામના ન થાય પણ કાંઈક આપવાની કામના થાય.

પ્રભુને મોટા માનીએ તો આપણા દુઃખો તેમની પાસે રડવાનું મન થાય. બહુ દુઃખી હોઈએ તે વખતે નાનું બાળક આવીને પૂછે કે તમને શું થાય છે? તો કહીશું : 'તને ખબર ન પડે. તું જા.'

બાળક માટેનો પ્રેમ એ એવો પ્રેમ છે કે જેમાં કોઈ અપેક્ષા છુપાયેલી નથી. જગતના બાકીના બધા પ્રેમમાં કોઈને કોઈ અપેક્ષા છુપાયેલી હોય છે. તમે ટ્રેનમાં જતા હો અને ટ્રેનમાં પ્રસાદ લેવાની તૈયારી કરતા હો ત્યારે બાજુના કંપાર્ટમેન્ટમાંથી કોઈ નાનું બાળક રમતું રમતું તમારી પાસે આવે તો તમે કહેશો : 'લે, તું પણ ખા.' એ વખતે કોઈ આશા નથી હોતી કે આજે આ બાળકને હું ખવડાવીશ તો મોટો થઈને એ મને સાચવશે, કે બીજી કોઈ કામના પણ નથી હોતી. જ્યારે બાળકને જોઈએ ત્યારે આપણી અંદર તેના પ્રત્યે અનહદ પ્રેમ જાગે છે. એવો પ્રેમ જાગે કે જેમાં કાંઈ પ્રાપ્ત કરવાની કામના નથી હોતી. એવો પ્રેમ આ ભક્તિમાર્ગનું સૂત્ર છે.

એટલા માટે ગોપીજનો પણ પ્રભુ પાસે આવે તો પ્રભુને કાંઈક આપવા માટે આવે. પ્રભુ પાસે કાંઈ લેવા ન આવે. માટે જ શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાર્ગનો મુખ્ય સિધ્ધાંત બતાવ્યો. એના સુખનો વિચાર કરવો. સેવા પ્રારંભ કરતાં જ એની પાસે કાંઈ માગવાનો પ્રારંભ કર્યો તો, પેલા સિકંદર અને પોરસનો જે પ્રસિધ્ધ પ્રસંગ છે, તેવું થાય.

સિકંદરે પોરસને પૂછ્યું : 'તારી સાથે મારે કેવો વ્યવહાર કરવો?' પોરસે કહ્યું : એક સમ્રાટ બીજા સમ્રાટ સાથે કરે તેવો.'

આમ તમે એની પાસે સમ્રાટ થઈને જાઓ તો એ તમારી સાથે સમ્રાટ જેવો વ્યવહાર કરે અને ભિખારી થઈ જાઓ તો ભિખારી જેવો વ્યવહાર કરે. આપણે જેવા બનીને, જેવા થઈને એની પાસે જઈશું એવો વ્યવહાર એ આપણી સાથે કરશે.

સાચા અર્થમાં પ્રભુને આપવા માટે જશો તો બધી કૃપા થશે. એટલા માટે કહ્યું કે શ્રીઠાકોરજી આપણે ત્યાં આપણી સેવા લેવા માટે આવ્યા છે, ભલે એ પુરુષોત્તમ છે, જગતના નાથ છે.

પ્રભુ આપણે ત્યાં બાળકના સ્વરૂપે પધાર્યા છે. એ પ્રભુ નટવર છે. નટવર એટલે અભિનય કરવામાં બહુ કુશળ હોય. એ જેનો રોલ નિભાવતા

હોય તેને એટલો સો ટકા નિભાવે કે મોટા મોટા દેવતાઓ પણ વિચારમાં પડી જાય. સેવા કરતાં એ બાળક છે એમ માનીને સેવા કરશો તો એ તમને અનુભવ જતાવશે. પણ આપણે કહીએ કે પ્રભુ, મારું આ કામ કરી આપજો, તે કામ કરી આપજો. તો પ્રભુ કહેશે બાળકને આવું કામ ન કહેવાય. મોટાઓને કહેવાય. તેટલા માટે અહીં કહ્યું : યશોદોત્સંગલાલિત પૂરણ અતિ સુકુમાર. શ્રીયશોદોત્સંગલાલિત પ્રભુ આપણા પુષ્ટિમાર્ગમાં આરાધ્ય પ્રભુ છે, એ વાત અહીં ગોપાલદાસજી કહે છે.

ઠાકોરજીને જેની સેવા લેવી હોય તે આવે તેની રાહ પ્રભુ નથી જોતા. એ પોતે એને ગોતવા જાય છે. પરમાનંદદાસજી પ્રયાગમાં રાત્રે કીર્તન કરતા હતા ત્યારે નવનીતપ્રિયજીને લાગ્યું કે આ જીવ તો મારે લાયક છે, તો શું કર્યું? કપૂર ક્ષત્રિય કીર્તન સાંભળવા આવતા હતા, અનેક ગ્રામજનો બેસીને શ્રવણ કરતા હતા, ત્યાં કપૂર ક્ષત્રિયના ખોળામાં બિરાજ્યા. પરમાનંદદાસજીની દૃષ્ટિ કીર્તન કરતાં કરતાં કપૂર ક્ષત્રિયના મુખ ઉપર ગઈ. મસ્તક ઉપર તિલક જોયું. લાગ્યું કે કોઈ વૈષ્ણવ છે. વૈષ્ણવતાનો અનુભવ થયો, વારેવારે એમના તરફ દૃષ્ટિ જાય. થોડીવારમાં કપૂર ક્ષત્રિયના ખોળા તરફ નજર ગઈ. તો શું જોયું? એક નાનકડું સુંદર શ્યામ સ્વરૂપ બિરાજે છે. પરમાનંદદાસજીના કીર્તન સાંભળી પોતાના હાથથી તાલ આપે છે. આવું સુંદર બાળસ્વરૂપ જોયું તો સર્વત્રથી દૃષ્ટિ હટી ગઈ. બાળકના સ્વરૂપમાં મન અટકી ગયું. એને જોતા જાય, અને ગાતા જાય.

થોડીવાર પછી કીર્તન પૂર્ણ થયું, બધા વૈષ્ણવો મળવા માટે આવ્યા પણ પરમાનંદદાસજી તો એ બાળકને શોધતા હતા. એ બાળક ક્યાં ગયું? કેવું સુંદર સ્વરૂપ! કપૂર ક્ષત્રિય તો કીર્તન પૂર્ણ થતાં ચાલ્યા ગયા હતા. પરમાનંદદાસજી બાળકને શોધતા રહ્યા. રાત્રિએ સ્વપ્નમાં એ જ બાળકે દર્શન આપીને કહ્યું : 'પરમાનંદદાસ, મને તમારાં કીર્તન બહુ ગમે છે.'

પરમાનંદદાસે સવારે તપાસ કરી. એ વૈષ્ણવ કોણ હતા અને ક્યાંથી આવ્યા હશે, જેમની સાથે સ્વયં પ્રભુ મારું કીર્તન સાંભળવા માટે આવ્યા હતા! સવારે જોયું તો કપૂર ક્ષત્રિય તો નૌકામાં બેસીને જઈ રહ્યા છે. એમનાથી રહેવાયું નહિ. નદી પાર કરી અડેલ ગયા. વલ્લભે એમને શરણે લીધા. આમ પ્રભુ કેવી કૃપા કરી, કેવા કેવા જીવોને શરણે લઈ લે છે! આ જ પ્રભુ આપણા ઈષ્ટ છે. હવે આગળ ગોપાળદાસજી કહે છે :

અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ, નિગમને અનુસાર,
ગિરિરાજધરણનો તાપ ટાળ્યો,
શ્રીલક્ષ્મણસુત નિરધાર. તે પદ વંદુ..૧૧

આગળની ટૂકમાં ઈશાનુકથા એટલે ભક્તોની કથા કહી અને આ ટૂકમાં નિરોધલીલા કહી. ભક્તનો નિરોધ અને ભગવાનનો નિરોધ. એનું વર્ણન કરતાં ગોપાલદાસજી કહે છે : અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ, નિગમને અનુસાર, ગિરિરાજધરણનો તાપ ટાળ્યો શ્રી લક્ષ્મણસુત નિરધાર... તે પદ વંદુ.

આ પંક્તિમાં શ્રીગુસાંઈજીને ત્રણ રીતે સંબોધિત કર્યા છે. પ્રભુ, ગિરિરાજધરણ અને લક્ષ્મણસુત.

ગિરિરાજધરણ સ્વરૂપે શ્રી ગોવર્ધનનાથજી પણ કહ્યા અને શ્રીગુસાંઈજીને પણ કહ્યા. અનેક અનેક ધર્મોનું વર્ણન શ્રીગુસાંઈજી પ્રભુચરણે કર્યું. અનેક ધર્મોની વ્યાખ્યા આપે કરી. વેદને સંમત થઈને આ ધર્મો કહ્યા. એ ઉપદેશ આપીને આપે શ્રીગોવર્ધનનાથજીના તાપને ટાળ્યો. પ્રશ્ન થાય કે શ્રીનાથજીબાવાને શું તાપ હતો? જ્યારે શ્રીનાથજીબાવા ગોલોકધામમાં બિરાજતા હતા, ત્યારે એકવાર શ્રીસ્વામિનીજી સાથે નૃત્ય કરતા હતા. બંને સ્વરૂપો નૃત્ય કરી રહ્યાં છે ત્યારે સખીઓ પખાવજ, બીન, ઝાંઝ વગેરે વાંજિત્રો વગાડી રહી છે. સુંદર નૃત્ય થઈ રહ્યું છે. એકબીજાનો શ્રીહસ્ત પકડીને ગોળ ગોળ ફરે છે. નૃત્ય કરતાં કરતાં પ્રભુની દૃષ્ટિ સ્વામિનીજીના મુખ ઉપર પડી. દૃષ્ટિ પડતાંની સાથે પ્રભુને જાણે કોઈની યાદ આવી ગઈ. એવો અનુભવ થયો કે જે પ્રભુ આટલા આનંદમાં હતા તે અનાયાસ ઉદાસ થઈ ગયા. પ્રભુની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી.

શ્રીસ્વામિનીજી વિચાર કરે છે : 'પ્રભુ, આપની આવી દશા કેમ થઈ છે? જ્યારે આપ આપના પરિકર સાથે બિરાજતા હો ત્યારે તો પ્રભુ આપ આનંદમાં હો, પ્રસન્ન હો, આજે આપની આવી લીલા કેમ છે? સ્વામિનીજી કહે છે : 'આપનો પરિકર આપની સાથે છે, હું પણ આપની સાથે છું. મારી સાથે જ્યારે આપ હો ત્યારે સદા આનંદમાં બિરાજો છો, પણ આજે નૃત્ય કરતાં કરતાં આપની આંખોમાં અશ્રુ આવતાં મેં જોયાં. જાણે કોઈની યાદ આવતી હોય, એવો અનુભવ મેં કર્યો. નૃત્ય કરી રહ્યા હતા ત્યારે આપનું હૃદય કોઈને માટે તડપી રહ્યું છે, એવો અનુભવ મેં કર્યો. આપના શરીરમાં એટલો તાપ હતો કે આપના શ્રીહસ્તના સ્પર્શ કરતાં મારા હસ્તમાં પણ ફોલ્લા પડી ગયા છે. પ્રભુ આપના હૃદયમાં આ તાપ કોના માટે છે?'

'આજે હું નૃત્ય કરી રહ્યો છું. મારા પરિકર સાથે છું. મારા પરિકર સાથે ખેલતાં ખેલતાં મારા એ જીવોની યાદ આવી ગઈ, જે છે તો મારા પરિકરના, પણ મારાથી વિખૂટા પડીને ભૂતલ ઉપર ગયા છે. આજે એ એક એક જીવના મુખ મને દેખાઈ રહ્યાં છે. આજે એ જીવોનાં નામ મારા કર્ણમાં ગુંજી રહ્યા છે. આજે એ જીવોના આત્મા મારા માટે તડપતા હોય, મને યાદ કરતા હોય એવું મને લાગી રહ્યું છે. મને એ જીવો એટલા યાદ આવી રહ્યા છે એમના વિના ક્ષણ પણ રહી શકીશ નહિ એવું લાગે છે. મારા હૃદયમાં એમને માટે વિપ્રયોગ થઈ રહ્યો છે. હું એમને મળવા માગું છું.' પ્રભુએ કહ્યું.

શ્રીસ્વામિનીજી બધું સહન કરી શકે પણ એમના પ્રભુના નેત્રોમાં અશ્રુ સહન ન કરી શકે. તેઓ પ્રભુની પીડા સહન ન કરી શકે. જ્યારે એમણે જાણ્યું કે પ્રભુને પોતાના પરિકરના, પોતાની લીલાના જીવોની યાદ આવી છે, જેઓ કોઈ અપરાધથી પ્રભુથી દૂર ચાલ્યા ગયા છે. એમને મળવાનો તાપ મારા પ્રભુના હૃદયમાં છે, પણ જ્યારે તેઓ જાણશે કે જે જીવને માટે તેઓ રડી રહ્યા છે, તડપી રહ્યા છે, જે જીવને માટે તેમની આંખોમાં અશ્રુ આવી રહ્યા છે, જેમને માટે તેઓ આટલા વ્યાકુળ છે, એ જીવ તેમને ભૂલી ચૂક્યા છે, પોતાનું મન લૌકિકમાં લગાવીને બેઠા છે, તો એમને કેટલો બધો શ્રમ પડશે? કેટલી પીડા થશે?

આજે મારા પ્રભુને એ જીવોને સેવામાં પાછા લાવવાની ઈચ્છા થઈ છે, પણ એ જીવો તો પ્રભુથી વિમુખ છે. પ્રભુ એમને યાદ કરે છે, જેઓ પ્રભુને ભૂલી ગયા છે. પ્રભુના હોવા છતાં પ્રભુને ભૂલીને મન બીજે લગાવી બેઠા છે, તોય પ્રભુ એમને યાદ કરે છે કે આ જીવો મારા છે. પ્રભુ એમને યાદ કરીને રડી રહ્યા છે. પ્રભુનું હૃદય એમને માટે તપી રહ્યું છે. કેટલો વિપ્રયોગ એમને છે!

શ્રીસ્વામિનીજી આ સહન કરી શક્યાં. એ વિચાર છે કે એક જીવ છે, જેને મારા પ્રભુની કદર નથી, જે પ્રભુને ભૂલી ચૂક્યો છે, વિમુખ થઈ ગયો છે, અન્યત્ર મનને લગાવી બેઠો છે. જ્યારે પ્રભુનો સ્વભાવ કેવો છે કે એક્વાર જીવને અપનાવ્યા પછી એને ક્યારેય ભૂલી શકતા નથી. એકવાર જેને પોતાનો માન્યો એને પછી કદી તરછોડતા નથી. આવા મારા પ્રભુનો તાપ કેમ કરીને દૂર કરવો?

શ્રીસ્વામિનીજી કહે છે : 'હે પ્રભુ, આપને વિનંતી કરું છું કે જે જીવ આપનાથી અલગ થઈને પોતાના સ્વરૂપને ભૂલ્યા છે, આપની લીલાને ભૂલ્યા છે, એમ ને એમ એ જીવોને આ બધું યાદ નહિ આવે, એ જીવોને પાછા આપની સન્મુખ કરવા હશે, પાછા આપની લીલામાં લાવવા હશે, તો જે લીલાનો અનુભવ એમણે ગોલોકધામમાં-નિત્યલીલામાં કર્યો હતો, એ જ લીલાનો અનુભવ એમને ભૂતલમાં કરાવવો પડશે. ભૂતલમાં જ્યારે એ જીવો એવી જ લીલાનો અનુભવ કરશે, ત્યારે એમને એમની ભુલાયેલી યાદ પાછી આવશે. એ જીવને એમનું ભુલાયેલું સ્વરૂપ પાછું દેખાશે. ભુલાયેલા પ્રિયતમની યાદ પાછી આવશે. હું કોનો છું, કોના માટે ભૂતલમાં આવ્યો છું, મારું કર્તવ્ય શું છે, એ બધું એમને સમજાવવું પડશે. પ્રભુ, આપ તો બ્રહ્મરૂપ છો. પોતે પોતાનું સ્વરૂપ પ્રકટ કરી શકો.'

પ્રભુ કહે છે : 'પ્રિયાજી, મારા સ્વરૂપને કોઈ જાણે છે તો આપ જાણો છો. મારા સુખનો વિચાર આપ કરી શકો તેમ છો. મને શામાં સુખ મળે અને શામાં ન મળે, એ પણ આપ જાણો છો. હું તો ભગવદ્ સ્વરૂપે પ્રકટીશ, પરંતુ આપ કૃપા કરો, આપ આ જીવોને મારા સુખનો વિચાર આપવા માટે આચાર્ય સ્વરૂપે ભૂતલમાં પ્રકટો. મારાથી વિખૂટા પડેલા જીવોને સમજાવો કે મને શું ગમે છે, શું નથી ગમતું. એ જીવોને સમજ પાડો કે મારું સુખ શામાં છે. એ જીવોને આ પ્રેમમાર્ગના સિધ્ધાંતો સમજાવો. ભક્તિમાર્ગની વિશિષ્ટતા સમજાવો.'

આમ શ્રીપ્રભુ ભગવદ્ સ્વરૂપે પ્રકટ્યા. એમને પ્રકટાવવા માટે શ્રીસ્વામિનીજી વલ્લભ સ્વરૂપે પ્રકટ્યા. આપે શ્રીનાથજીને શ્રીગિરિરાજજીમાંથી બહાર પ્રકટાવ્યા. જ્યારે શ્રીનાથજી શ્રીગિરિરાજજીમાં પ્રકટ્યા છે, શ્રીવલ્લભને મળતાં તો કેટલાં વર્ષો થવાનાં છે, પણ જ્યારે શ્રીનાથજી શ્રીગિરિરાજજીમાંથી પ્રકટ્યા તો આપણા ભગવદીયજનો કહે છે કે શ્રીનાથજી ભક્તના વિરહમાં હતા. ભક્તને માટે એમને એટલો તાપ કે મારા જીવો ક્યારે મારી સન્મુખ થાય, ક્યારે મારી પાસે આવે, જ્યારે ગિરિરાજજીમાંથી આપ પ્રગટ થયા ત્યારે દૂરદૂરથી વ્રજવાસીઓ આપનાં દર્શન કરવા આવતા અને દહીં દૂધ આરોગાવતા. જ્યારે શ્રીમહાપ્રભુજી પધાર્યા અને કાંઈક સામગ્રી સિધ્ધ

કરીને આપને આરોગાવવાની કામના વ્યક્ત કરી ત્યારે શ્રીજીએ કહ્યું કે ચાહે હું ગમે તેટલા વર્ષ અહીં બિરાજીશ, પણ મારું તો પ્રણ-પ્રતિજ્ઞા છે કે જે ભક્તો માટે હું અવતરિત થયો છું, જેમને લીલામાં લઈ જવા માટે હું આવ્યો છું, એ જીવોના બ્રહ્મસંબંધ મારી સામે નહિ થાય, ત્યાં સુધી હું અન્ન ગ્રહણ નહિ કરું.

જ્યાં સુધી શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીની સામે કોઈ જીવને બ્રહ્મસંબંધ નહોતાં આપ્યાં, ત્યાં સુધી કદી શ્રીજીબાવાએ અન્ન ગ્રહણ નહોતું કર્યું. માત્ર દૂધ-દહીં આરોગીને આપ રહ્યા. જ્યારે શ્રીમહાપ્રભુજીએ સદુપાડેને બ્રહ્મસંબંધ કરાવી, શ્રીજી સેવા સોંપી, ત્યારે શ્રીજીએ જોયું કે મારો એક જીવ મારે શરણે આવ્યો ત્યારે આપે શ્રીમહાપ્રભુજીના હસ્તે અન્નપ્રાશન કર્યું.

વિચાર કરો. શ્રીજીના મનમાં કેટલો તાપ હશે, કેટલો વિપ્રયોગ જીવો માટે હશે! એવો જ તાપનો અનુભવ, જ્યારે જીવને થાય, જીવ જ્યારે એવા વિપ્રયોગનું અનુસંધાન કરે ત્યારે શ્રીઠાકોરજીને લાગે કે હું તો આ જીવને મારો માનું છું પણ આજે આ જીવે પણ મને પોતાનો માન્યો. એના હૃદયમાં પણ મારે માટે તાપ છે. ત્યારે શ્રીનાથજીબાવાનો તાપ ટળે.

એટલા માટે શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજી ભૂતલ ઉપર પધાર્યા. જે જીવ નિત્યલીલામાંથી વિખૂટા પડેલા હતા, તે જીવો પ્રભુની સન્મુખ ક્યારે થાય, પોતાના સ્વરૂપને ક્યારે ઓળખે કે જ્યારે એ જીવોએ નિત્યલીલામાં જે પ્રભુની લીલાનાં દર્શન કર્યાં હતાં, તેવી જ લીલા એમને ભૂતલ ઉપર બતાવવામાં આવે. તે માટે શ્રીગુસાંઈજીએ વર્ષોત્સવનો પ્રકાર ચાલુ કર્યો. અનેક અનેક મનોરથોનો પ્રકાર ચાલુ કર્યો. આ બધા મનોરથો પોતાના સુખ માટે નહિ, પ્રભુના સુખ માટે. પણ પ્રભુનું સાચું સુખ મનોરથોમાં બિરાજવામાં નથી, જે જે મનોરથના, ઉત્સવના જે જે ગોલોકધામના જીવો છે, એ દર્શન કરવા માટે આવે અને એમને યાદ આવી જાય કે આ લીલાનાં દર્શન તો મેં ક્યાંક કર્યાં છે. આ ઉત્સવ ગોલોકધામમાં થયો હતો ત્યારે હું પણ ત્યાં હતો. જેમ કોઈ પોતાની યાદદાસ્ત ભૂલી ગયો હોય, ખાલી એટલું યાદ હોય કે ત્યાં આવું આવું હતું, એને બધી જ જગ્યાએ લઈ જવામાં આવે, પણ જ્યાં એક જગ્યાએ એ આવે, બધી વસ્તુ એને જાણીતી લાગે. એને યાદ આવે કે આ મારું ગામ છે, આ મારું ઘર છે. એને પોતાનું નામ યાદ આવે. એમ આ બધા કલિકાલના જીવો, છે તો દૈવી જીવ, છે તો નિત્યલીલાના, પણ પોતાનું સ્વરૂપ ભૂલ્યા છે, પોતાની ઓળખ, સ્વભાવ બધું ભૂલ્યા છે, એટલા માટે આપણે ત્યાં મનોરથ કરવામાં આવે છે.

આપણને ખબર નથી કે ગોલોકધામમાં આપણે કયા યૂથના હોઈશું, આપણો પરિકર ક્યો હશે, એની આપણને ખબર નથી. કઈ કુંજના હોઈશું, કઈ લીલાના સંબંધી હોઈશું, કઈ ટહેલ આપણે કરતાં હોઈશું. પણ જ્યારે અલગ-અલગ મનોરથો-ઉત્સવો થાય, એ ઉત્સવનાં દર્શન કરવા માટે આપણે જઈએ, ત્યારે કોઈવાર એવું બને કે શ્રીઠાકોરજી એવા ખેંચી લે કે આપણને લાગે કે હવે તો મારે રોજ દર્શન કરવા આવવું છે. ત્યારે માનવું કે આપણે એ

જ લીલાના જીવ હતા, જેનાં દર્શન આપીને શ્રીનાથજી બાવાએ આપણને ખેંચી લીધા.

અહીં આપણે ગોલોકધામની જે સજાવટ જોઈ તે શું છે? આપણને નિત્યલીલાની સુધિ આપવા માટેની સજાવટ છે. શ્રીઠાકોરજીને તો સુખ મળે, એ સજાવટથી, પણ શ્રીઠાકોરજીને વધારે સુખ ત્યારે મળે જ્યારે એ લીલા સંબંધી જીવો સામે આવે અને સામે આવીને એ સ્વરૂપમાં ખેંચાય. અનુભવે કે આપણે આ લીલાથી અલગ થયેલા છીએ. જેવો તાપ શ્રીનાથજીબાવાના હૃદયમાં એ જીવો માટે હતો એવો ને એવો તાપ એ જીવ અનુભવે, એને સુધિ આવી જાય કે હું કોનો ? તાપ જાગે ત્યારે ભગવાનનો તો નિરોધ સિધ્ધ થાય. ભગવાન ભક્તોને વશ થઈને ભૂતલમાં પધાર્યા. પણ જ્યારે એવો જ તાપ ભક્તના હૃદયમાં જાગે ત્યારે ભક્તનો નિરોધ પણ સિધ્ધ થાય. ત્યારે એ નિરોધલીલા પરિપૂર્ણ થાય. એ વાત અહીંયા કહી. તેથી અહીં કહ્યું : અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ નિગમને અનુસાર. ગિરિરાજધરણનો તાપ ટાળ્યો શ્રીલક્ષ્મણસુત નિરધાર.

પ્રભુનો તાપ આપે કેવી રીતે ટાળ્યો? તો કહે છે પ્રભુથી અલગ થયેલા જીવોને એમના વિરહનું દાન કરીને. ગજનધાવન કે જેના ઉપર પ્રભુ બિરાજતા, ગજન ઘોડો બનતા, એના ઘૂંટણ પણ છોલાઈ ગયા હતા. એમને એકવાર અક્કાજીએ પાન લાવવા માટે મોકલ્યા તો કેવી દશા થઈ? પ્રભુને છોડીને થોડીવાર માટે ગયા તો મૂર્છિત થઈને ઢળી પડ્યા. કેવો વિરહતાપ હશે? એ જ તાપનો અનુભવ શ્રીગુસાંઈજી પ્રભુચરણે પણ કર્યો. શ્રીગુસાંઈજી બીજું કોઈ નથી પણ એ જ વૃંદાવનચંદ્ર છે. વૃંદાવનચંદ્ર પ્રભુ ગોપીઓના મદને કારણે જ્યારે રાસમાંથી અંતર્ધાન થયા હતા અને ગોપીઓ પ્રભુને શોધતી શોધતી, તડપતી રહી, રડતી રહી, એક એક ક્ષણે પ્રભુને માટે વ્યાકુળ થતી રહી, ત્યારે એમના મનમાં વિચાર આવતો હતો કે હે પ્રભુ, આપ શ્યામ બનીને અમારી પીડા ન સમજી શકો, જેવી પીડા અમને અમારા પ્રિયતમ એવા આપને માટે છે, એવી પીડા જ્યારે આપ આપના પ્રિયતમ માટે અનુભવશો ત્યારે આપને અમારી પીડા સમજાશે.

આવી વાત ગોપીઓએ શ્યામસુંદરને કરી હતી, એ પ્રભુને યાદ હતું. એમને યાદ હતું કે ગોપીઓએ કહ્યું છે :

ગોપી બનીને શ્યામ અમારી પીડાને સમજો.
શ્યામ બનીને અમારી પીડા નહિ સમજાય.

આ છ મહિનાની રાત્રિમાં અમે આપને માટે પલપલ તડપ્યાં છીએ. પલ પલ આંસુ સાર્યાં છે. એમને એમ પ્રભુ આપ અમારી ગોપીઓની પીડા નહિ સમજી શકો. આવી પીડા જ્યારે આપ પોતે અનુભવશો ત્યારે સમજાશે.

આ શબ્દો પ્રભુને યાદ હતા. કૃષ્ણાવતારમાં તો આપ એ શરત પૂરી ન કરી શક્યા. એ જ પ્રભુ જ્યારે વૃંદાવનચંદ સ્વરૂપે, શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ્યા ત્યારે એ વિપ્રયોગનો અનુભવ કરવા માટે ગોપીઓને જેમ છ મહિનાની રાત્રિની પીડા હતી, એવો જ છ માસનો વિપ્રયોગનો અનુભવ શ્રીગુસાંઈજીને એ જ ચંદ્રસરોવરમાં રહીને થયો. જ્યાં ગોપીજનોએ વિપ્રયોગનો અનુભવ કર્યો હતો.

શ્રીગુસાંઈજીએ અહીં છ માસ સુધી પ્રભુના વિપ્રયોગનો અનુભવ કર્યો. કેવો વિપ્રયોગ! આપે

લખેલી એક એક વિજ્ઞપ્તિ જ્યારે આપણે જોઈએ ત્યારે થાય કે આપનાથી શ્રીનાથજીનાં દર્શન કર્યા વિના રહેવાતું ન હતું. એક બારીમાંથી પહેલાં તો આપને શ્રીનાથજીના મુખારવિંદના દર્શન થતાં, પણ એ બારી પણ બંધ કરાવી દેવામાં આવી. પછી તો એવો તાપ થયો કે ન પૂછો વાત. પોતાના મનના ભાવો પ્રિયતમને કેવી રીતે કહેવા? ગોપીઓની પીડાનો અનુભવ કરવાનો છે. ગોપીઓની વિરહવેદનાનો અનુભવ કરવાનો છે. પોતાના હૃદયની વેદના કેવી રીતે કહે? તો કહે છે કે શ્રીગુસાંઈજી શ્રીજીબાવા માટે જે માળાજી મોકલતા, એમાં શ્રીનાથજી માટે વિજ્ઞપ્તિનો એક એક શ્લોક લખતા. શ્લોક પણ કેવી રીતે લખતા? 'હે શ્રીજી' સ્મરણ કરતા અને આંખમાંથી અશ્રુધારા વહેવા લાગે. અશ્રુની સાથે આંખનું કાજલ વહેતું વહેતું આપના કપોલ ઉપર આવે, એ કાજળથી વિજ્ઞપ્તિનો એક એક શ્લોક લખીને પોતાના પ્રિયતમ શ્રીજીને મોકલતા.

શ્રીજીબાવા એ પત્ર વાંચતા. વિજ્ઞપ્તિ વાંચીને શ્રીગુસાંઈજીને આશ્વાસન આપવા માટે, આપના તાપનું શમન કરવા માટે, પોતે પોતાના પાનના પીકથી પાન ઉપર લખીને શ્લોકો મોકલતા. શ્રીગુસાંઈજી વાંચીને એ પાન આરોગી જતા. તેથી શ્રીનાથજીના શ્લોકો પ્રગટ ન થઈ શક્યા. શ્રીગુસાંઈજીના પત્રો સચવાયા અને એ વિજ્ઞપ્તિઓ પ્રગટ થઈ.

જ્યારે શ્રીગુસાંઈજીને વિપ્રયોગ સહન ન થયો, પ્રભુને વિનંતી કરી : 'હે પ્રભુ, ક્યારે કૃપા થશે?'

ત્યારે શ્રીનાથજી બાવાએ શ્લોક લખીને મોકલ્યો કે ભૂમિ ગમે તેટલી તપેલી હોય, ભૂમિ ગમે તેટલી વ્યાકુળ હોય, પણ જ્યારે મેઘને વરસવાનો સમય થાય ત્યારે જ એ વરસે છે. વરસે છે જરૂર. માટે આપ ધૈર્ય ધારણ કરો. સમય આવશે ત્યારે જરૂર કૃપા થશે. જરૂર સંયોગ થશે.

શ્રીગુસાંઈજીએ ઉત્તરમાં શ્લોક લખ્યો :

હે શ્યામસુંદર, આપે કહ્યું છે કે સમય આવે ત્યારે મેઘ વરસે. સમયથી પહેલાં નથી વરસતા. સમયથી પછી પણ નથી વરસતા. સમય આવે ત્યારે એ જરૂર વરસે છે, પણ આ વાત ચાતકને કોણ સમજાવે? જેણે મેઘ સાથે પ્રીત જોડી છે, એ ચાતકને જ્ઞાન આપવા કોણ જાય? જે પલપલ જલ માટે તડપી રહ્યું છે, વ્યાકુળ થઈ રહ્યું છે એને કોણ કહે કે જ્યારે સમય થશે ત્યારે મેઘ વરસશે. એ કશું સમજવા તૈયાર નથી. કારણ કે એણે તો પ્રીત જોડી છે. ક્ષણે ક્ષણે એ પોતાના પ્રીતમનું અનુસંધાન કરે છે, રટણ કરે છે. એવી જ રીતે હે પ્રભુ, હું આપના માટે તડપી રહ્યો છું. આપ જળથી ભરેલા મેઘ છો, હું ચાતક છું. જેવી આતુરતા એ ચાતકના મનમાં મેઘ માટે હોય એવી આતુરતા પ્રભુ, મારા મનમાં આપને માટે છે.

તેથી અહીં કહ્યું : ગિરિરાજધરણનો તાપ ટાળ્યો, શ્રીલક્ષ્મણસુત નિરધાર. જેવો તાપ પ્રભુના હૃદયમાં હતો, એવા તાપનું દાન જીવોને કરાવ્યું. પ્રભુને થયું કે જેવી રીતે હું એને માટે વ્યાકુળ છું, એ પણ મારે માટે વ્યાકુળ છે. જેવો તાપ મારા હૃદયમાં એને મળવાનો છે, એવો તાપ એના હૃદયમાં મને મળવાનો છે. તાપનાં દર્શન કરીને આપને સુખ

મળ્યું. હવે આગળ વર્ણન કરતાં ગોપાલદાસજી કહે છે :

પોતે તે પ્રગટ પોતા તણો, યશ તણો કર્યો રે ઉચ્ચાર,
પોતે અંગોઅંગ સુખદ શોભા,
સદન અંગીકાર... તે પદ વંદુ...૧૨

શ્રીગુસાંઈજી પ્રભુચરણે પોતાનો યશ પ્રગટ કર્યો. શ્રીઠાકોરજી પધારે ત્યારે પોતાનો યશ પ્રગટ ન કરી શકે, પણ એ જ પ્રભુ આચાર્ય સ્વરૂપે પધાર્યા અને આચાર્ય સ્વરૂપે જ્યારે એ પ્રભુની લીલાનું વર્ણન કરે, તો સાધારણ જીવોને લાગે આ તો પ્રભુનાં ગુણગાન ગાય છે, વલ્લભમાં આસક્તિવાળા જીવો આવે તો એમને લાગે કે આતો વલ્લભના ગુણગાન છે. જ્યારે શ્રીગુસાંઈજી વર્ણન કરતા હોય અને શ્રીગુસાંઈજીના સ્વરૂપની આસક્તિવાળા ભક્તો આવે ત્યારે એમને લાગે કે આ તો પોતાનું વર્ણન કરી રહ્યા છે. પોતાના યશનું, સ્વરૂપનું વર્ણન આપના સિવાય કોણ કરી શકે?

એકવાર શ્રીમહાપ્રભુજી રસ્તા ઉપરથી પધારતા હતા. પદ્મનાભદાસજી વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઈ શ્રીમદ્ ભાગવતની કથા કરતા હતા. શ્રીવલ્લભ ઊભા રહીને એ કથાનું શ્રવણ કરવા લાગ્યા. ઘણીવાર સુધી આપે શ્રવણ કર્યું. કથાનો વિરામ થયો એટલે શ્રીવલ્લભે કહ્યું : આ પ્રસંગ ઉપર હજી કાંઈક કહો. પદ્મનાભદાસજી ફરી કંઈક બોલ્યા. થોડીવાર બોલ્યા પછી અટકયા. તો આજ્ઞા કરી : 'હજી કાંઈક કહો.'

પદ્મનાભદાસજી વળી થોડું બોલ્યા. બોલીને અટકયા તો શ્રીવલ્લભ કહે : 'આ પ્રસંગનો હજી વિસ્તાર કરો.'

પદ્મનાભદાસજી કહે છે : 'જો શુકને કહી, સો મૈંને કહી.' જેટલું જેટલું શુકદેવજીએ કહ્યું હતું તે બધું જ મેં કહ્યું છે. આનાથી વધારે કાંઈક હોય તો આપ સ્વયં પધારો અને વર્ણન કરો.

પોતે નીચે ઉતરીને ઊભા રહી ગયા. શ્રીવલ્લભને આચાર્યપીઠ ઉપર બિરાજમાન કર્યાં. શ્રીવલ્લભે એ પ્રસંગ ઉપર બોલવાનું શરૂ કર્યું. જે પ્રસંગ પદ્મનાભદાસજીએ એમ કહીને પૂર્ણ કર્યો હતો કે જેટલું શુકદેવજીએ કહ્યું હતું, તે બધું મેં કહી દીધું છે, એ જ પ્રસંગ ઉપર આપે એક કલાક, બે કલાક, ત્રણ કલાક વિવેચન કર્યું. જેમ જેમ આપ કહેતા જાય તેમ તેમ પદ્મનાભદાસજી ઝૂકતા જાય. જ્યારે આપે બોલવાનું પૂર્ણ કર્યું ત્યારે પદ્મનાભદાસજીએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બધા કહેવા લાગ્યા કે પદ્મનાભદાસજી, તમે બધું કહી દીધું હતું તો પછી શ્રીવલ્લભે વર્ણન કર્યું એ ક્યાંથી આવ્યું?

પદ્મનાભદાસજી કહે છે : હું તો હજી પણ કહું છું. જેટલું શુકે કહ્યું હતું તે બધું મેં કહી દીધું છે, પણ જેની કથા કહેતો હતો એ પોતે આવીને પોતાનું વર્ણન કરે, તો એને કોણ પહોંચી શકે? આ તો એ પોતે જ છે, જેની કથા હું કહેતો હતો. એમના સિવાય એમની વાત કોણ જાણી શકે?

આમ જ્યારે શ્રીમહાપ્રભુજીમાં આસક્ત જીવ છે, એ જ્યારે સાંભળે ત્યારે એને લાગે કે આ તો વલ્લભનું વર્ણન છે. ઠાકોરજીમાં આસક્ત જીવો સાંભળે ત્યારે એમને લાગે કે શ્રીવલ્લભ પ્રભુનાં ગુણગાન ગાય છે. ગુસાંઈજીમાં આસક્ત છે એમને એમ લાગે કે આ તો શ્રીગુસાંઈજીનું જ વર્ણન થઈ રહ્યું છે.

એક પ્રસંગ છે. કોઈ વૈષ્ણવ એક શ્લોક સમજવા માટે શ્રીગુસાંઈજી પાસે આવ્યો. શ્રીગુસાંઈજીએ એને એ શ્લોક વારે વારે સમજાવ્યો. અનેક પ્રકારે સમજાવ્યો, પણ એની સમજમાં ન આવ્યો. ત્યારે શ્રીગુસાંઈજીએ એને પોતાના સેવક પાસે મોકલ્યો. જા, તને એ સમજાવશે. જ્યાં પેલા વૈષ્ણવે સમજાવ્યો કે એ શ્લોક તરત એની સમજમાં આવી ગયો.

એને આશ્ચર્ય થયું. શ્રીગુસાંઈજીએ વારંવાર સમજાવવા છતાં સમજમાં ન આવ્યું ને આ વૈષ્ણવે એક જ વાર સમજાવ્યું અને સમજણ પડી ગઈ. તો કહ્યું કે એ વૈષ્ણવની આસક્તિ શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં હતી. શ્રીગુસાંઈજી એ શ્લોકનો અર્થ શ્રીઠાકોરજી પ્રત્યે કરતા હતા. તેથી એનું મન એ અર્થ સ્વીકારતું નહોતું. પણ જ્યારે આ જ શ્લોકનો અર્થ એ વૈષ્ણવે શ્રીગુસાંઈજી પ્રત્યે કર્યો, તો એને તરત સમજવામાં આવી ગયું.

આમ ત્રણ પ્રકારના જીવો છે. જે લીલાના અધિકારી જીવો હોય, એ લીલાને – એ સ્વરૂપને પામી શકે. જેમની આસક્તિ જેમનામાં હશે એ સ્વરૂપ દ્વારા એને બધી અનુભૂતિ થશે. શ્રીઠાકોરજીમાં હોય તો શ્રીઠાકોરજી દ્વારા, શ્રીવલ્લભમાં હોય તો વલ્લભ દ્વારા, આસક્તિ શ્રીવિઠ્ઠલમાં હોય તો એજ પ્રભુ શ્રીગુસાંઈજી સ્વરૂપે એને રસનું દાન કરે. માટે કહ્યું : પોતે તે પ્રાગટ્ય પોતા તણો, યશ તણો કર્યો રે ઉચ્ચાર.

જ્યાં જ્યાં શ્રીઠાકોરજી બિરાજે છે ત્યાં ત્યાં એમના મુખારવિંદમાં રહેલા વિરહાગ્નિ સ્વરૂપે શ્રીગુસાંઈજી બિરાજે છે. જ્યાં જ્યાં આપનાં બેઠકજી છે ત્યાં ત્યાં રજ સ્વરૂપે આપ નિત્ય બિરાજે છે. ગુજરાતમાં શ્રીગુસાંઈજીનાં એક બેઠકજી છે. જ્યારે એ ગામમાં કોમી તોફાનો થયા હતા ત્યારે કેટલાક લોકો હથિયારો લઈને આવ્યા, બેઠકજીમાં ચોતરીજી ઉપર કોઈક વસ્તુ પડી, તો એમાંથી રક્તની ધારા વહેવા લાગી. આ રક્તધારા જોઈ, ચમત્કાર જોયો, ત્યારે બધા ભયભીત થયા કે અહીં કોઈ બેઠું છે. બધા બહાર ભાગી ગયા. આજે ગમે તેટલાં તોફાનો થાય, પણ આ જગ્યામાં ઘુસવાની કોઈ હિંમત કરતું નથી. કારણ અહીં કોઈ બિરાજે છે એવી અનુભૂતિ થઈ છે. એ પ્રમાણે જ્યાં જ્યાં પણ બેઠકજી છે ત્યાં આપ રજસ્વરૂપે બિરાજે છે. જ્યાં જ્યાં આપના હસ્તાક્ષર છે, એ હસ્તાક્ષર પણ સ્વામિનીજીની અંતરંગ સખી સરસ્વતી સ્વરૂપે છે. તેથી અંતરંગ સખી હોય ત્યા સ્વામિનીજી હોય, સ્વામિનીજી હોય ત્યાં પ્રભુ પણ હોય. તો આ સ્વરૂપે પણ આપ બિરાજે છે.

જ્યાં જ્યાં આપનાં પાદુકાજી છે, એ પાદુકાજી એ શ્રીગુસાંઈજીનું વિપ્રયોગનું સ્વરૂપ છે. એટલે પાદુકાજી છે ત્યાં આપ વિપ્રયોગ સ્વરૂપે બિરાજે છે.

જ્યારે અજબકુંવરબાઈને ત્યાં શ્રીગુસાંઈજીએ પાદુકાજી પધરાવી આપ્યાં ત્યારે એ પાદુકાજીનાં દર્શન કરતાં એમને એટલો વિપ્રયોગ થયો કે શ્રીગુસાંઈજીનાં પાદુકાજીમાં એમને શ્રીજીનાં દર્શન થવાં લાગ્યાં. જ્યાં જ્યાં પણ આપનાં સ્વરૂપ બિરાજમાન છે, ત્યાં ત્યાં આવી અનુભૂતિ થાય, કારણ તે તે સ્વરૂપે અનુભવ કરાવે છે માટે શ્રીગોપાળદાસજી કહે છે પોતે તે પ્રાગટ્ય પોતા તણો યશ તણો કર્યો રે ઉચ્ચાર. પોતે અંગોઅંગ

સુખદ શોભા સદન અંગીકાર... તે પદ વંદુ.. હવે આગળ કહે છે :

સ્કંધ સંખ્યાએ કહ્યાં પદ, શ્રી ભાગવત રસરાજ,
ભક્ત જન પદ-રજ પ્રતાપે,
સકલ સરિયાં કાજ... તે પદવંદુ...૧૩

આગળની ટૂક આપણે જે જોઈ તે મુક્તિલીલા હતી. શ્રીનાથજીબાવાનું મુખારવિંદ અને આ ટૂક આશ્રયલીલા છે. આશ્રયલીલાનું વર્ણન કરતાં કહે છે કે શ્રીભાગવતજીમાં જેટલા સ્કંધ છે, ભાગવતજીની જે મુખ્ય લીલાઓ છે તે બધાંના દર્શન ગોપાલદાસજી આ આખ્યાનમાં કરે છે. જ્યારે જ્યારે ગોપાલદાસજી એક એક સ્કંધના દર્શન કરે ત્યારે શ્રીગુસાંઈજીના એક એક શ્રીઅંગનાં દર્શન કરે છે. શ્રીગુસાંઈજીની એક એક કડીની લીલામાં કૃષ્ણલીલાનાં દર્શન થાય, કારણ કે શ્રીગુસાંઈજીની ધવલ ધનાશ્રી જેને સિધ્ધ થઈ છે, 'સારસ્વતકલ્પની લીલા તે જન લહે' એ લીલાનો સમન્વય આ ચોથા આખ્યાનમાં કર્યો છે.

ગોપાલદાસજી આ સુખનો અનુભવ કરી કોઈને યાદ કરી રહ્યા છે. એ કોઈ છે એમના શ્વસુર ભાઈલા કોઠારી. તેઓ કહે છે કે આ મને જે સુખ મળ્યું છે, તે મને એમને એમ નથી મળ્યું, પણ કોઈ ભક્તજનની આડીથી મળ્યું છે. એ ભગવદીય છે ભાઈલા કોઠારી. એમના ઉપર શ્રીગુસાંઈજીની એટલી કૃપા કે તેઓ મને શ્રીગુસાંઈજીની સન્મુખ લઈ ગયા. આપની દૃષ્ટિ મારા ઉપર પડી અને જેમની દૃષ્ટિમાત્રથી મારાં સઘળાં કાર્ય સફળ થયાં. આપના અધરામૃતથી મને વાણી સ્ફુરી. એમની દૃષ્ટિ પડવાથી અલૌકિક દૃષ્ટિ મળી, જેનાથી આપનાં સ્વરૂપનાં દર્શન કરી આપનાં ગુણગાન હું ગાઈ શક્યો.

આ સામર્થ્ય મારી અંદર ભક્તજન પદરજ પ્રતાપે આવ્યું છે. એમની ચરણધુલિના પ્રતાપથી આવ્યું છે, આવી વાત ગોપાલદાસજી આ ટૂકમાં કરે છે. કારણ કે આ આશ્રયલીલા છે. તેમાં કૃષ્ણાશ્રય, જગદાશ્રય, ભક્તિયોગાશ્રય, વેદાશ્રય, ભાગવતાશ્રય એમ આશ્રયના પાંચ પ્રકાર શ્રી મહાપ્રભુજીએ બતાવ્યા છે. એનું અનુસંધાન અહીં કરીને હવે આપણે પાંચમા આખ્યાનમાં પ્રવેશ કરીશું.

⁂

વલ્લભાખ્યાન : ૫

(રાગ : સામેરી)

પાંચમું આખ્યાન સામેરી રાગમાં છે. શ્રીગુસાંઈજીની લીલાનું વર્ણન આગળ જોયું કે જેવી જેવી લીલા શ્રીઠાકોરજી કરે છે એવી એવી લીલા શ્રીગુસાંઈજી કરે છે – રાજકાજે જોડિયા – ભક્તોને શ્રીગુસાંઈજીએ શ્રીઠાકોરજીની સેવામાં જોડ્યા છે. હવે પોતાના પ્રિય એવા શ્રીગુસાંઈજીનું વર્ણન કરતાં ગોપાલદાસજી તેઓ કેવા છે તે કહી રહ્યા છે.

શ્રી વિઠ્ઠલ સુખકારી,
નામે નિષ્પાપ થાય નરનારી,
દુર્ગતિ સકલ નિવારી,
પ્રગટ્યા શ્રી વ્રજપતિ રાસવિહારી...૧

અહીં ગોપાલદાસજી પોતાના પ્રાણપ્રેષ્ઠ, પોતાના પ્રાણવલ્લભ એવા શ્રીગુસાંઈજીના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે મારા શ્રીગુસાંઈજી સુખકારી છે. મારા પ્રભુ અતિશય સુખ આપવાવાળા છે. કોઈ કહે કે તમારા પ્રભુ કેવું સુખ આપે છે? તો કહે છે કે અનિર્વચનીય સુખ, પોતાના સ્વરૂપના સંબંધવાળું સુખ આપવાવાળા શ્રીગુસાંઈજી છે. પોતાના સ્વરૂપના લાવણ્યામૃતનું સુખ આપવાવાળા શ્રીગુસાંઈજી છે. પોતાના વચનામૃતનું, પોતાની લીલાઓનું સુખ આપવાવાળા છે. તેઓ સુખકારી છે.

આ બધું સુખ આપ કોને આપે છે? જીવો તો અનેક દોષોથી ભરેલા છે. જીવોની પાસે તો લીલાનાં દર્શન કરવાની દૃષ્ટિ નથી. અનેક અપરાધોથી ભરેલા છે. આવા જીવોને આપનાં અલૌકિક સ્વરૂપામૃતનું સુખ ક્યારે મળે? અલૌકિક સ્વરૂપ લાવણ્યનું, વચનામૃતનું, લીલામૃતનું સુખ ક્યારે મળે?

તો કહે છે જ્યાં સુધી મલિનતા છે ત્યાં સુધી ન મળે, પણ જે જીવ શ્રીવિઠ્ઠલનાથજીના નામનો ઉચ્ચાર કરે, શ્રીવિઠ્ઠલ શ્રીવિઠ્ઠલ કહે, તો નામે નિષ્પાપ થાય નરનારી.

શ્રીગુસાંઈજીના નામનો ઉચ્ચાર કરે તો, નામનો ઉચ્ચાર કરવા માત્રથી શ્રીગુસાંઈજી જીવને બધા જ પાપોથી નિર્મૂળ કરી દે છે. જેમ રૂનો મોટો ઢગલો હોય, એમાં એક દીવાસળી સળગાવીને નાખીએ તો બધા રૂને બાળીને ભસ્મ કરી દે, એમ જીવમાં અનેક અપરાધ કેમ ન હોય, પણ જો એના મુખમાંથી શ્રીવિઠ્ઠલનામ નીકળે, તો જીવના બધા દોષો, બધી મલિનતા નિર્મૂળ થઈ જાય. જીવ પ્રભુને લાયક થાય. માટે કહ્યું : નામે નિષ્પાપ થાય નરનારી.

મારા પ્રભુ કેવા સુખકારી છે? અનેક સાધન કરીએ ત્યારે પ્રભુ સુખ આપે. અનેક વ્રત-તપ કરીએ ત્યારે પ્રભુ સુખ આપે, પણ મારા વિઠ્ઠલ પ્રભુ તો એવા સુખકારી છે કે જે એમનું નામ લે એને પણ એનું સર્વસ્વ આપી દે. માટે કહ્યું : શ્રીવિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય નરનારી.

જે શ્રીવિઠ્ઠલના નામનો ઉચ્ચાર કરે, રટણ કરે, તે જીવમાં કોઈ મલિનતા રહી ન શકે. વળી કહે છે. દુર્ગતિ સકલ નિવારી. આપ કૃપા કરે તો કેવી રીતે કરે? એ જીવની દુર્ગતિ અટકાવે. દુર્ગતિ ક્યારે અટકે? જ્યારે જ્યારે પણ એ જીવ ભગવદ્

સુખથી વિમુખ થતો હોય ત્યારે એને ટોકે, અટકાવે અને પ્રભુ તરફ વાળે. પ્રભુથી જોડે. જીવની દિશા બદલાય. જ્યારે માણસની દિશા બદલાય ત્યારે દશા બદલાય. જ્યારે પણ જીવની દિશા બદલાઈ જાય ત્યારે માનવું કે આ દુર્ગતિમાં જઈ રહ્યો છે, ત્યારે એવા જીવને રોકીને શ્રીગુસાંઈજી એને ભક્તિના માર્ગે વાળે છે. એવા શ્રીગુંસાઈજી છે.

યાદ કરો ગુલાબદાસજીને, શ્રીગુસાંઈજીના શરણે આવ્યા. પણ પછી એવા વિમુખ થયા કે પોતાનું નામ, સ્વરૂપ બધું બદલ્યું. ગુલાબદાસ હતા તે ગુલાબખાન બનીને રહેવા લાગ્યા. જીવ પ્રભુને ભૂલે પણ પ્રભુ જીવને ભૂલી શકતા નથી. એક સમયે શ્રીગુસાંઈજીને એમના ગુલાબદાસની યાદ આવી. એક વૈષ્ણવને એમની પાસે મોકલ્યા. કહ્યું કે એને જઈને એટલું કહેજો કે તારા ગુરુ શ્રીગુસાંઈજી તને યાદ કરે છે.

એ વૈષ્ણવ શોધતા શોધતા આવ્યા. બધાંને પૂછ્યું : અહીં ગુલાબદાસ ક્યાં રહે છે? કોઈએ બતાવ્યું નહિ. એક જણે કહ્યું અહીં ગુલાબદાસ તો કોઈ રહેતા નથી. પણ એક ગુલાબખાન નામનો માણસ છે. એ અહીં રહે છે. મદિરાપાન કરે છે. એનામાં કોઈ આચાર-વિચાર રહ્યા નથી.

પેલા વૈષ્ણવ વિચારે છે કે ગુલાબદાસ ક્યાંય નથી, તો આ ગુલાબખાનને મળવા જાઉં, જઈને બારણું ખખડાવ્યું. એક જણે ખોલ્યું. દાઢી વધેલી છે. મલિન પહેરવેશ છે. આંખો પણ નશામાં છે. પણ એણે જોયું તો સામે કોઈ વૈષ્ણવ ઉભેલા છે. મસ્તક પર તિલક જોયું, સાવધાન થયા. ચોંકી ગયા. કહે છે :

'ભાઈ, તમે કોઈ વૈષ્ણવ લાગો છો. તમે અહીં ક્યાંથી?'

'મને મારા ગુરુએ મોકલ્યો છે.'

'તમારા ગુરુ કોણ?'

'શ્રી વિઠ્ઠલનાથજી – શ્રીગુસાંઈજી.'

જ્યાં શ્રીગુસાંઈજીનું નામ શ્રવણ કર્યું, આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી : 'મારા ગુરુએ તમને મોકલ્યા છે? એમણે શું કહ્યું છે?'

શ્રીગુસાંઈજીએ કહ્યું છે કે આ ગામમાં મારો એક પ્રિય સેવક ગુલાબદાસ રહે છે, એને જઈને કહેજે કે તું તો તારા ગુરુને ભૂલ્યો છે, પણ તારા ગુરુ તને યાદ કરે છે.

આ શબ્દો સાંભળતાં જ ગુલાબદાસનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. શ્રીગુસાંઈજીની આવી કૃપા! આવી દયાળુતા! હું તો એમનાથી વિમુખ થયો હતો. મારા ધર્મને ભૂલ્યો હતો. મારા ગુરુને પણ ભલ્યો છું. રહેણીકરણી પણ ભલ્યો છું. છતાં આજે પણ મારા ગુરુ મને ભલ્યા નથી? વિચાર આવતાં ત્યાં જ મૂર્છિત થઈને ઢળી પડ્યા.

શ્રીગુસાંઈજીનું નામ માત્ર લેવાથી જીવની મલિનતા દૂર થાય છે. કારણ કે આ તો કલ્પવૃક્ષ છે. નામ લેવા માત્રથી કૃપા કરનાર છે.

ગુરુની કૃપાની કસોટી કરવા માટે એક વૈષ્ણવ સ્મશાનમાં જઈને રહેવા લાગ્યો. પતિતમાં પતિત જીવન જીવતો હતો. પણ શ્રીગુસાંઈજી પરમકૃપાળુ છે. એક રોગીને મોકલ્યો કે જા, સ્મશાનમાં જઈને પેલા વૈષ્ણવને મળ. તારો રોગ દૂર થશે. રોગનું

નિમિત્ત બનાવીને જ્યારે એ જીવને મોકલ્યો ત્યારે પેલો આશ્ચર્યમાં પડી ગયો કે હું તો આવો પતિત થયો છું. સ્મશાનમાં રહું છું. સ્મશાનમાં રાંધીને ખાઉં છું. શ્રીગુસાંઈજીએ આને અહીં શા માટે મોકલ્યો હશે?

પેલાએ કહ્યું : 'મને શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે કે તમારાં દર્શન કરવાથી મારો રોગ દૂર થશે.' દર્શન કરવા માત્રથી એનો રોગ મટવા પણ લાગ્યો. એને થયું કે મારા ગુરુ કેવા છે, હું એમને ભૂલ્યો પણ એ મને ભૂલ્યા નથી. જીવ એના ગુરુને ભૂલે પણ ગુરુ એને ભૂલી શકતા નથી.

માટે કહ્યું. દુર્ગતિ સકલ નિવારી. જે જે જીવ પ્રભુથી વિમુખ થાય, એને યેનકેન પ્રકારેણ - કેમે કરીને પાછો પ્રભુ સન્મુખ લાવે છે. આપના નેત્રોમાં શાંતરસ, રૌદ્રરસ, શૃંગારરસ અને હાસ્યરસ પણ છે. આ ચારે રસો દ્વારા જીવને પ્રભુથી વિમુખ થતો રોકીને, જીવને પ્રભુની સન્મુખ કરે છે.

એક શિષ્ય ગુરુ પાસે ગયો. જઈને કહે છે કે મારે જ્ઞાન પ્રાપ્ત કરવું છે. મને કોઈ ઉપદેશ આપો. ગુરુ એને એક નારિયેળના ઝાડ પાસે લઈ ગયા. ૧૦૦-૧૫૦ ફૂટ ઊંચા એ ઝાડ ઉપર ચઢી જવાનું કહ્યું. શિષ્યને એમ કે હું ઝાડ ઉપર ચડીશ તો ગુરુ મને કાંઈ ઉપદેશ આપશે. કાંઈક શીખવાડશે. એ ઝાડ ઉપર ચડી ગયો. છેક ટોચ ઉપર પહોંચ્યો. પછી પૂછયું.: 'હવે શું કરું?'

'હવે નીચે ઉતર.' શિષ્યને એમ કે હું નીચે ઉતરીશ એટલે ગુરુ કોઈ તાલીમ આપશે કે આ રીતે યોગ કર, મનને સ્થિર કર. પણ જ્યાં પેલો નીચે ઉતરવા લાગ્યો કે ગુરુ તો આંટો મારવા ચાલ્યા ગયા. શિષ્યને ગુસ્સો આવ્યો કે આ કેવા ગુરુ છે! મને કશું બતાવતા જ નથી. શિષ્ય વધુ નીચે આવ્યો. ગુરુ તો સૂઈ ગયા છે. પણ જેવો એ નીચે આવ્યો, ૧૦-૧૨ ફૂટની ઊંચાઈ રહી ત્યારે ગુરુ એકદમ સાવધાન થઈ ગયા. એમની આંખો ગંભીર થઈ ગઈ. મુખ પણ ગંભીર થવા લાગ્યું. કહે છે : 'જો ધ્યાન રાખજે. એક એક ફૂટ સાચવી સાચવીને ઉતરજે. તારા મનને સ્થિર રાખજે. તારા હાથની પકડ મજબૂત રાખજે. તારા ચરણ સ્થિર રાખજે.'

શિષ્યને ગુસ્સો આવ્યો. જ્યારે હું ૧૫૦ ફૂટ ઊંચે હતો ત્યારે કાંઈ ન કહ્યું અને હવે ૧૦-૧૨ ફૂટની ઊંચાઈ રહી ત્યારે મને સાવધાન કરે છે! નીચે ઉતર્યા પછી ગુરુએ પૂછયું : 'તને કાંઈ પ્રાપ્ત થયું?'

'મને આપનાથી એક ફરિયાદ છે.'

'શું ફરિયાદ છે?'

'જ્યારે હું છેક ઝાડની ટોચ પર હતો, મને હતું કે આપ મને કોઈ ઉપદેશ આપશો, પણ ત્યારે આપ કેમ કશું ન બોલ્યા? ત્યારે આપ ચાલ્યા ગયા અને જ્યારે ફક્ત થોડી ઊંચાઈ રહી ત્યારે ગંભીર થઈને મને સાવધાન રહેવાનું કહેવા આવ્યા. આમ નીચે આવ્યો ત્યારે કેમ ઉપદેશ આપ્યો?'

'જો બેટા, જ્યારે તું ૧૫૦ ફૂટ ઉપર હતો ત્યારે તું પોતે સાવધાન હતો. જ્યારે મંઝિલ પાસે આવે ત્યારે તારી સાવધાની હટે, તેથી ગુરુએ પાસે આવીને તને સાવધાન કર્યો.'

જ્યારે મંઝિલ પાસે આવે ત્યારે જીવની સાવધાની ઘટે. તમે ક્યારેક મંદિરે દર્શન કરવા જતા

હો, મોડા પડ્યા હો અને દોડતા દોડતા જતા હો પણ જ્યાં મંદિર દેખાશે કે ગતિ ધીમી થશે. માણસનો સ્વભાવ છે કે જ્યારે મંઝિલ પાસે આવવાની હોય ત્યારે એની ગતિ ધીમી થાય. હમણાં ગતિ ઝડપી હતી તો કેટલાક દૂષણો પાછળ મૂકીને આવ્યા હતા. ગતિ ધીમી થાય કે જે જે પણ દૂષણો આપણી પાછળ હતા – જેને આપણે પાછળ મૂકીને આવ્યા હતા, તે જ્યાં ગતિ ધીમી થાય કે એ પાછા આવવાનો ભય ઊભો થાય. શિષ્યની સાવધાની હટે, ત્યારે ત્યારે ગુરુ આવીને એને સાવધાન કરે. માટે કહ્યું : દુર્ગતિ સકલ નિવારી. જે જે જીવ ઠાકોરજીથી વિમુખ થાય, લક્ષ બદલાય, ત્યારે શ્રીગુસાંઈજી આવીને એને પ્રભુની સન્મુખ કરે. એની દુર્ગતિ ટાળે.

આ પ્રભુ કોણ છે? તો કહે છે 'પ્રગટ્યા શ્રી વ્રજપતિ રાસવિહારી'. રાસમાં જેમણે શ્રીગોકુલચંદ્ર સ્વરૂપે પ્રગટ થઈને જીવોના મનોરથ પૂરા કર્યા હતા, એ જ શ્યામસુંદર પ્રભુ શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ્યા છે. ગોપાલદાસજીને આ વર્ણન કરતાં કરતાં પોતાના ગત જન્મનું અનુસંધાન પણ થયું છે. ગત જન્મમાં ગોપાલદાસજી નરસિંહ મહેતા હતા. શિવજીની આરાધના કરી. શિવજી પ્રસન્ન ધયા. વર માગવા કહ્યું, તો માગ્યું કે એવું આપો કે જે આપને પ્રિય હોય, છતાં આપને દુર્લભ હોય. શિવજી એમને રાસનાં દર્શન કરવા લઈ ગયા. ઝાડીઓમાં સંતાઈ રાસનાં દર્શન કર્યાં, પણ હજી પ્રવેશ થયો નથી. જ્યારે એ જ નરસિંહ મહેતા ગોપાલદાસજી સ્વરૂપે આવ્યા, શ્રીગુસાંઈજીએ પોતાના અધરામૃતનું દાન આપ્યું અને એમને સાક્ષાત્ રાસનો અનુભવ થયો. તેથી કહે છે : આ બીજા કોઈના નહિ પણ એ વ્રજપતિ, રાસ-વિહારીનાં ગુણગાન હું ગાઈ રહ્યો છું.

હવે આગળની પંક્તિ જોઈએ.

માયિક મત જેણે ખંડ્યો,
ભક્તિમારગ જેણે બહુ પેરે મંડ્યો,
ઉત્પથ જન સર્વે દંડયો,
મૂરખ હેતુ કુશબ્દ વિતંડ્યો...૨.

અહીં શ્રીગોપાલદાસજી કહે છે કે શ્રીગુસાંઈજીએ પ્રગટીને એકનું ખંડન કર્યું અને બીજાનું મંડન કર્યું. શાનું ખંડન અને શાનું મંડન? તો કહે છે માયામતનું ખંડન કરીને ભક્તિમાર્ગનું મંડન કર્યું. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું મંડન કર્યું.

અંધકારનો પ્રતિકાર કરવાથી, એનાથી લડવાથી અંધકાર દૂર ન થાય. એ અંધકાર જે યુગોયુગોથી ફેલાયેલો હોય, એને પોષવાથી એ દૂર નહિ થાય, પણ તમે દીપક જલાવશો તો એ અંધકાર દૂર થઈ જશે.

માયામતના અંધકારને દૂર કરવા ભક્તિમાર્ગની જ્યોત પ્રકટાવી. ભક્તિમાર્ગના સિદ્ધાંતો સ્થાપિત કર્યાં. સ્થાપિત કરીને ઉત્પથ જન સર્વે દંડ્યો. એ સમયમાં એટલી બધી ભ્રમણાઓ ચાલતી હતી, કોઈ કહે કે આમ કરવાથી ભગવાન મળે ને કોઈ કહે આટલું કરો તો ભગવાન જલદી મળે. અનેક રિવાજો, અનેક મતમતાંતરો, ભ્રમણાઓ વગેરે જે ફેલાયેલી હતી, તેને દૂર કરીને શુદ્ધ ભક્તિના માર્ગમાં ચાલવાનું બતાવ્યું. કારણ કે તે સમયે દરેક જણ ભગવાનને પ્રાપ્ત કરવાનો સહેલામાં સહેલો માર્ગ બતાવવાનું કહેતા હતા.

આપે કહ્યું સહેલામાં સહેલા માર્ગને બદલે ભલે લાંબો પણ સાચો માર્ગ ગોતીએ, એ મહત્ત્વનું છે. ઘણીવાર સહેલામાં સહેલું ગોતવામાં જ માણસ ફસાતો હોય છે, અટવાતો હોય છે અને એવા વિતંડાવાદને શ્રીગુસાંઈજીએ તોડ્યા. લોકોને સચેત કર્યા. ભક્તિમાર્ગ રૂપી સૂર્યનો ઉદય થયો. ભક્તિમાર્ગના સિદ્ધાંતોનું સ્થાપન કર્યું.

આપણે એમ નથી કહેતા કે પુષ્ટિમાર્ગ સ્થાપ્યો. એમ કહીએ છીએ કે પુષ્ટિમાર્ગ પ્રગટાવ્યો. સ્થાપ્યો અને પ્રગટાવ્યો એમાં શું ફરક? પુષ્ટિમાર્ગ આપે સ્થાપ્યો કે પ્રગટાવ્યો? પ્રગટાવ્યો તો ક્યાંથી પ્રગટાવ્યો.

વેદાઃ શ્રીકૃષ્ણવાક્યાનિ, વ્યાસસૂત્રાણિ ચૈવ હી।
સમાધિભાષા વ્યાસસ્ય, પ્રમાણં તત્ચતુષ્ટયમ્ ।।

આ પ્રસ્થાન ચતુષ્ટયી, જે શ્રીમહાપ્રભજીએ બતાવી, વેદ, ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત અને બ્રહ્મસૂત્રો આ બધાંની અંદર પુષ્ટિમાર્ગ છુપાયેલો હતો. ચારેયનું મંથન કરી આપે આ છુપાયેલા પુષ્ટિમાર્ગને પ્રગટાવ્યો. જેમ ઘણા લોકો જમીનની અંદર ક્યાં જળ છે, એ પારખી શકતા હોય છે. એ બતાવે એ જગ્યાએ ખોદવાથી જળ મળે. તો એણે જળનું સર્જન કર્યું કે પ્રકટ કર્યું? જે છુપાયેલું હતું તે પ્રગટાવ્યું. તો જે પુષ્ટિમાર્ગ આ બધા ગ્રંથોમાં છુપાયેલો હતો, શ્રીમહાપ્રભુજીએ એનું દોહન કરીને બધાની મધ્યમાં પ્રગટાવ્યો. શુદ્ધ ભક્તિમાર્ગના સિદ્ધાંતો પ્રગટ કર્યા. પ્રભુની નિષ્કામ ભાવથી સેવા કરવી એ મુખ્ય સિદ્ધાંત આપ્યો. વ્યક્તિગત કલ્યાણને બદલે સર્વના કલ્યાણની વાત કરી. પ્રભુ પ્રત્યેની અનન્યતા બતાવી – અનન્યતા એટલે એક લક્ષ્ય. જેમ પેલા અર્જુનનો પ્રસંગ છે ને? પાંચે પાંડવોને પૂછ્યું કે ઝાડ ઉપર શું દેખાય છે? કહ્યું ઝાડ, પક્ષી, આકાશ બધું દેખાય છે. જેણે જેણે આમ કહ્યું એને ગુરુએ બાણ છોડવાની ના પાડી. અર્જુને કહ્યું મને તો બસ પક્ષીની આંખ દેખાય છે, જે વીંધવાની છે. ત્યારે ગુરુએ એને કહ્યું કે તું તીર માર. તું એ આંખને વીંધી શકીશ. એ જ પ્રમાણે ભક્તિમાર્ગનો સિદ્ધાંત આપ્યો-અનન્યતા. આ સિદ્ધાંત જેણે અપનાવ્યો એ જ ભગવદ્ સમર્પિત થઈ શક્યા. પોતાના પ્રભુ માટેનું પાતિવ્રતધર્મ પણ બતાવ્યું. એ ધર્મમાં આપણે જેટલા અનન્ય થઈશું, તેટલી જ શ્રીમહાપભુજી અને શ્રીગુસાંઈજીની વાણી આપણને ફલિત થશે. અસમર્પિત ત્યાગ, દીનતા જેવા વિચારો આપણા હૃદયમાં આવશે તેમ તેમ હૃદયમાં ભાવ જાગશે. ત્યારે સાચા અર્થમાં શ્રીઠાકોરજી સાથે આપણો સંબંધ થશે. આ રીતે બતાવી હવે આગળની પંક્તિમાં કહે છે :

વદન સુધાકર જોતે વચન રસિક રસરાસ ઉદ્યોતે,
નવજલઘન વપુ પોતે
ભક્તિ સુધારસ કીધાં પ્રભુ હોતે...૩

ગોપાલદાસજી હવે શ્રીગુસાંઈજીના સ્વરૂપનું વર્ણન કરે છે. કહે છે કે મારા પ્રભુ એવા છે કે જે એનું નામ લે એને તારે, જીવોની દુર્ગતિને નિવારે, એવા પ્રભુનું સ્વરૂપ કેવું છે? એમનું મુખારવિંદ એવું છે કે જાણે પૂર્ણિમાના ચંદ્રનો ઉદય થયો હોય! મારા શ્રી ગુસાંઈજીનું મુખ પૂર્ણિમાના ચંદ્ર જેવું છે. જેમ ચંદ્રમાના ઉદયથી ઔષધિઓ પલ્લવિત થાય, એમ જ્યારે આપનાં દર્શન કરીએ તો આપણી અંદર છુપાયેલા આપણા ભગવદ્ભાવ જાગૃત બને.

શ્રીગુંસાઈજી પોતાના મુખારવિંદના દર્શન કરાવવા માત્રથી, આપની વાણી માત્રથી જીવની અંદર છુપાયેલા એના સ્વરૂપને પ્રકટ કરી દે છે. જ્યારે આપણે બ્રહ્મસંબંધ લઈએ, કોઈપણ આચાર્ય બાળક પાસે લઈએ, ત્યારે તેઓ પહેલાં શ્રીમહાપ્રભુજી અને ગુસાંઈજીનું સ્મરણ કરીને, એમની આડીથી બ્રહ્મસંબંધ આપે. વલ્લભ અને વિઠ્ઠલનું સ્વરૂપ કેવું છે? ભગવાને જ્યારે વેણુનાદ કર્યો ત્યારે હજારો વ્રજલલનાઓ ગોપીઓ દોડતી દોડતી વનમાં પહોંચી, પણ કેટલીક ગોપીઓ જઈ ન શકી. તેમને એટલો વિપ્રયોગ થયો કે પ્રભુએ વેણુનાદ કરીને મને બોલાવી ને હું જઈ ન શકી! એ વિરહના અગ્નિની અંદર એના બધાં કર્મો બળીને રાખ થઈ ગયાં. એ પ્રગાઢ વિપ્રયોગના કારણે એ જીવ શુદ્ધ બની ગયો. તો એને ત્યાં જ ઘરમાં પ્રભુનાં દર્શન થયાં. આમ આ જીવોને પ્રગાઢ વિપ્રયોગ થયો અને પ્રગાઢ સંયોગ પણ થયો.

હજારો હજારો ગોપીઓના સંયોગ અને વિપ્રયોગ ભાવો એવાં હજારો ગોપીજનો શ્રીમહાપ્રભુજીના એક એક રોમમાં બિરાજમાન છે. જ્યારે બ્રહ્મસંબંધ થાય ત્યારે એ હજારો વ્રજભક્તોમાંથી કોઈપણ એક ભગવદીયનો ભાવ શ્રીમહાપ્રભુજી આપણા હૃદયમાં સ્થાપિત કરી દે છે. જેના અંશરૂપ, જેના અંગરૂપ એ ગોપીજનો આપણી અંદર સ્થાપિત થયાં છે ત્યારે એનાં મુખનાં દર્શન થાય, તો એ દર્શન થતાંની સાથે અંદર છુપાયેલો ભાવ છુપાઈ ન શકે. એ પ્રગટ્યા વિના રહી જ ન શકે. અંદર છુપાયેલો ભાવ જાગી જ જાય. જ્યારે અંશ એના અંશીને જુએ, જ્યારે એક નાનું ચુંબક મોટા ચુંબકને જુએ, એનું મન સહજ ખેંચાવા લાગે, સહજ આકર્ષણ થવા લાગે, કોઈપણ સ્વરૂપમાં આપણી આસક્તિ થાય તો એ એમને એમ ન થાય. જ્યારે કોઈક અંશ આપણી અંદર હોય, એનું કોઈક તત્ત્વ આપણી અંદર હોય, ત્યારે આપણું મન સહજ રીતે એમાં ખેંચાય. સહજ રીતે એમાં જોડાય.

અહીં શ્રીગુસાંઈજી એવા ચંદ્ર સરીખા છે કે જેમ ચંદ્ર ઊગે ને ઔષધિઓ ખીલે, એમ જ્યારે આપ આપણી સામે આવે તો ઔષધિઓ રૂપ આપણો છુપાયેલો ભાવ, આપણા નિજ સ્વરૂપનું જ્ઞાન, જે સ્વરૂપને આપણે ભૂલી ગયાં છીએ, એને આપનાં દર્શન કરવા માત્રથી જાણી શકીએ છીએ. દર્શન કરીએ ગુસાંઈજીનાં અને પામીએ પોતાને. એમની સામે બેસીએ ત્યારે શ્રીગુસાંઈજીને જાણી ન શકીએ પણ આપણે કોણ છીએ તે જાણીને આપણે પાછાં આવીએ. કારણકે આ ચંદ્ર છે. જ્યારે પૂર્ણ કલાએ ખીલે, ત્યારે એની ચાંદની આપણને ઢંઢોળ્યા વિના રહી ન શકે. માટે કહ્યું : વદન સુધાકર જોતે, વચન રસિક રસરાસ ઉદ્યોતે.

આપનાં વચન કેવાં છે? જ્યારે આપની સાથે આપણે કોઈ લૌકિક વાત કરતા હોઈએ તો એ લૌકિક વાત કરતાં કરતાં પણ એ એક શબ્દ એવો બોલશે કે આપણી ગતિ, દિશા, વિચારધારા લૌકિકમાંથી હટી સીધી રાસમાં ચાલી જાય. વચન રસિક રસ રાસ ઉદ્યોતે. લૌકિક વાત કરતાં કરતાં પણ પોતાના જીવને રાસ તરફ લઈ જાય. રાસ એટલે શું? રસાનામ્ સમૂહ. પ્રભુ પ્રત્યેનો કોઈપણ રસ આપણા મનમાં લાગે અને જે વાત સાંભળીને આપણા મનમાં રોમાંચ

થાય ત્યારે માનવું કે રાસનો સ્પર્શ આપણને થયો છે.

નવજલઘન વપુ પોતે, ભક્તિ સુધારસ કીધાં પ્રભુ હોતે. શ્રીગુસાંઈજી કેવા છે? આપ જલથી ભરેલા મેઘ જવા છે. જે આપણી ઉપર વરસવા માટે આવ્યા છે. જે આપણને ભીંજવવા માટે આવ્યા છે. જે કૃષ્ણરસથી જીવને તૃપ્ત કરવા માટે આવ્યા છે. આવા સ્વરૂપને જ્યારે જાણીએ ત્યારે પામી શકાય.

શ્રીગુસાંઈજી તો સંયોગનું સ્વરૂપ છે. એકવાર યાદવેન્દ્રદાસજીને મનમાં વિચાર આવ્યો કે શ્રીગુસાંઈજી સંયોગાત્મક સ્વરૂપ છે, તો એનાં દર્શન મને કેવી રીતે થાય?

એકવાર શ્રીગુસાંઈજી પોઢ્યા હતા ત્યારે યાદવેન્દ્રદાસ ચૂપચાપ એમનાં દર્શન કરવા ગયા. ત્યાં શું જોયું? ત્યાં શ્રીગુસાંઈજી નથી પોઢ્યા પણ ત્યાં પ્રિયા-પ્રીતમ બંને પોઢી રહ્યાં છે, આવાં દર્શન તેમને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં થયાં, કારણકે શ્રીગુસાંઈજી તો સંયોગનું સ્વરૂપ છે. શ્રીગુસાંઈજીનાં દર્શન કરો ત્યારે એમ ન માનતાં કે આ તો પ્રભુ છે. આપ સ્વામિનીજી સાથેના પ્રભુ છે. યુગલ સ્વરૂપ છે. યુગલ સ્વરૂપ છે માટે આપ કેસરી વસ્ત્ર ધારણ કરે છે. સદા પ્રસન્નતામાં-આનંદમાં બિરાજે છે. જ્યાં યુગલ હોય ત્યાં ઉત્સવ હોય. માટે કહ્યું : ભક્તિ સુધારસ કીધાં પ્રભુ હોતે.

હવે આગળ ચોથી ટૂકમાં ગોપાલદાસજી વર્ણન કરે છે :

ભક્તિપક્ષ દઢ કીધો,
વચન સુધારસ જન શ્રુતિ પીધો,
અર્થ સકલ તેનો સીધો,
તે લીલા માંહે તાણીને લીધો...૪

શ્રીગુસાંઈજી જીવની ઉપર કૃપા કઈ રીતે કરે છે તેનું દર્શન અહીં ગોપાલદાસજી કરાવે છે. જેમ એક કુશળ માળી હોય તે પહેલાં ભૂમિમાં બીજ રોપે અને ભૂમિ સાથે બીજ ભળી જાય, એ આત્મસાત થાય માટે ઉપર જળનું સિંચન કરે. એનું રક્ષણ કરે. જ્યારે એ બીજ મોટું વૃક્ષ બને અને એના ઉપર ફૂલ લાગે, ફળ લાગે ત્યારે એ પુષ્પને કે ફળને ચૂંટે.

એ જ પ્રકારે જે જીવ શ્રીગુસાંઈજીના શરણે આવે, સૌથી પહેલાં તો એવા પ્રસંગો એને સંભળાવે કે જે સાંભળવાથી એને શ્રીઠાકોરજીનો આશ્રય થાય, ઠાકોરજી માટે ભાવ જાગે. જ્યારે ભાવ જાગે ત્યારે માનવું કે શ્રીગુસાંઈજીએ આ ભૂમિને ખેડી ખેડીને ફળદ્રુપ કરી છે. યુગોયુગોથી શ્રીવલ્લભ - વિઠ્ઠલથી જે વિમુખ થયા હતા તેવા, પથરાળ ભૂમિ કે જેમાં કાંઈ ઊગી ન શકે, એવી ભૂમિવાળા જીવ પણ જ્યારે શ્રીગુસાંઈજીના શરણે આવે ત્યારે આપનાં વચનામૃત સાંભળીને એને લાગે કે શ્રીઠાકોરજીની કૃપા બધા ઉપર છે, તો એ મારી ઉપર પણ છે. ઠાકોરજી માટે ભાવ જાગે ત્યારે માનવું કે શ્રીગુસાંઈજીએ આ હૃદય રૂપી ભૂમિને ખેડી નાખી છે. તેમાં ભગવદ્ આશ્રયનું બીજ રોપી દીધું છે. કુશળ માળી બીજ રોપીને જળનું સિંચન કરે છે, જેથી બીજ દઢ થાય. અહીં શ્રીગુસાંઈજી પોતાની વચનસુધાનું, પોતાની વાણી રૂપી અમૃતનું સિંચન કરી કરીને ભક્તિના એ બીજને પોષિત કરે છે. બીજ અંકુરિત બને, એમાં ફળ લાગે, ત્યારે માનવું કે આ પરિપક્વ થઈ ચૂક્યો છે. જે જીવની આવી

પરિપક્વ દશા થાય ત્યારે શ્રીગુસાંઈજી એને લીલા માંહે તાણીને લીધો. લીલામાં તાણી લે છે.

એ જીવને ઠાકોરજીનો કરવો છે, ભગવદ્ચરણારવિંદમાં સોંપવો છે, એવી રીતે એને ઠાકોરજીનો કરવો છે કે એ ક્યારેય જગતમાં પાછો ફરી ન શકે. જગતનો થવા જાય તોયે થઈ ન શકે. એવો પ્રભુ એને કરવા માગે છે. પણ અર્થ સકલ તેનો સીધો. કાચું ફળ જો તોડવામાં આવે તો એને પકવવું પડે. પછી એમાં સ્વાદ આવે. જ્યારે એ ફળ પરિપક્વ બની જાય, તો એને તોડવું ન પડે, એ સ્વતઃ વૃક્ષથી અલગ થઈ જાય. એમ જે જીવો પરિપક્વ થઈ ગયા છે, રસથી ભરાઈ ચૂક્યા છે. જે પ્રભુને લાયક થયા છે, શ્રીગુસાંઈજી એ જીવને પ્રભુની સન્મુખ કરે છે. ચાહે એ જીવ કેવો પણ હોય, ગમે ત્યાંનો હોય, પણ જો ઠાકોરજીને લાયક લાગે તો એને દૃષ્ટિ માત્રથી પ્રભુની સન્મુખ કરી દે છે. કોઈ કાદવમાં ડૂબેલું હોય તો એ પોતાના પ્રયત્નથી બહાર ન નીકળી શકે. કાદવમાં ડૂબેલી વ્યક્તિ બહાર નીકળવા જેટલો પ્રયત્ન કરે એટલો વધારે ને વધારે ડૂબતો જાય, એમ આ સંસાર પણ કાદવ જેવો છે. નીકળવાનો પ્રયત્ન કરીએ, પણ નીકળી ન શકાય. જેટલાં સાધનો કરીએ એટલા કાદવમાં વધુ ફસાઈએ. કાદવમાં ફસાયેલા વ્યક્તિને કાઢવો છે, તો બહારથી કોઈએ આવી હાથ ખેંચીને કાઢવો પડે તો એ બહાર આવી શકે.

જે જીવના સકલ અર્થ સીધા થયા છે, જે જીવ પરિપક્વ થયા છે, જે જીવ શ્રીઠાકોરજીને સુખ આપી શકે એવી અવસ્થા આવી ગઈ છે, શ્રીગુસાંઈજી આવીને એનો હાથ પકડીને સંસારના કાદવથી બહાર કાઢી ઠાકોરજીના હાથમાં એનો હાથ પકડાવી દે છે. કાયમ માટે એને પ્રભુનો કરી દે એવી કૃપા શ્રીગુસાંઈજી કરે છે. તેથી કહ્યું : ભક્તિપક્ષ દૃઢ કીધો, વચન સુધારસ જન શ્રુતિ પીધો.

અર્થ સકલ તેનો સીધો, તે લીલા માંહે તાણીને લીધો. યેનકેન પ્રકારેણ જ્યારે શ્રીગુસાંઈજીની દૃષ્ટિ કોઈ જીવ ઉપર પડી જાય, લાગે કે આ શ્રીઠાકોરજીને લાયક છે, તો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ, એવા એવા પ્રસંગો એના ઘરમાં બને કે એની ઈચ્છા ભગવદ્ સેવા કરવાની જરાયે ન હોય, તો પણ એને ઠોકારજીની સેવા કરવી પડે. કોઈને કોઈ રીતે ઠાકોરજીની સન્મુખ થવું પડે. આ શું બતાવે છે?

ઈચ્છા નથી તોયે વારેવારે ભગવદ્ કાર્ય થાય છે, ભગવદ્નામ લેવાય છે , ઈચ્છા નથી તોયે શ્રીઠાકોરજીની સેવા થઈ રહી છે. મતલબ કે આપણે એ કરતા નથી, શ્રીગુસાંઈજીની દૃષ્ટિ આપણા ઉપર પડી છે કે આ જીવ મારા પ્રભુને સુખ આપી શકે એવો છે, પ્રભુને લાયક છે. એને પોતે શ્રીઠાકોરજીને સન્મુખ કર્યા વગર રહી શકતા નથી. કેમે કરીને આપણે બચવા માગતા હોઈએ તોયે ઠાકોરજીની સન્મુખ થઈએ. એવા પ્રસંગો ઊભા થાય કે ઠાકોરજી આપણને વિશ્વાસ કરાવે કે હું તારી સાથે છું. ત્યારે માનવું કે શ્રીગુસાંઈજીની આપણા ઉપર કૃપા છે. અનેક વિટંબણાઓ આવવા છતાં, અનેક કસોટીઓ થવા છતાં શ્રીઠાકોરજી ભગવદ્ આશ્રય ડગવા નથી દેતા. શ્રીગુસાંઈજીની દૃષ્ટિ આપણા ઉપર એવી ઠરી છે કે આપણા આશ્રયને હલવા નહિ દે. વિચલિત થવા નહિ દે, કારણકે આ જીવને ઠાકોરજીને સોંપવો છે. ઠાકોરજીને લાયક બનાવવો છે.

શ્રીગુસાંઈજી તો કેવી કૃપા કરે છે! કૃષ્ણદાસ અધિકારીએ એમને છ માસ સુધી વિપ્રયોગ કરાવ્યો છતાં જ્યારે કૃષ્ણદાસજીને કારાગૃહમાં બંધ કરવામાં આવ્યા, ત્યારે આપે આજ્ઞા કરી કે મારા પિતૃચરણ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્રને કારાગૃહમાં નાખવામાં આવ્યા છે? જ્યાં સુધી એમને પાછા લાવવામાં નહિ આવે, હું અન્નજલનો ત્યાગ કરીશ. જ્યારે કૃષ્ણદાસજી આવ્યા ત્યારે એમને પોતાની ભૂલ સમજાઈ ને ગાયું :

પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન,
કરત કૃપા નિજ હસ્ત દે માથે.

શ્રીગુસાંઈજી જ્યારે કૃપા કરે ત્યારે પોતાનો નિજ હસ્ત માથે પધરાવીને કૃપા કરે છે. પોતાની દૃષ્ટિથી કૃપા કરે છે. જે જીવ ઉપર શ્રીગુસાંઈજી આવી કૃપા કરે એ જીવની પછી ગતિ શું હોય? એ લીલા માંહે તાણીને લીધો.

હવે પાંચમી પંક્તિથી આખ્યાનનો ઢાળ-રાગ બદલાય છે, કારણ કે હવે એ જીવની વાત આવશે કે જેને લીલામાં તાણીને લીધો છે. એવા જીવની દશા શું હોય, એને પ્રભુ શું સુખ આપે એનું વર્ણન કરતાં ગોપાલદાસજી કહે છે.

જે લીલામાં અંગીકાર કરિયો રે,
તેનો સકલ તાપ નિસ્તરિયો રે,
જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે રે,
તેને પ્રગટ પદારથ ચારે રે...૫

શ્રીગુસાંઈજી જે જીવને શ્રીઠાકોરજીની સન્મુખ કરે, જે લીલામાં એને અંગીકાર કરે, શ્રીઠાકોરજીની નિકુંજમાં પ્રવેશ આપે, લીલામાં જોડી દે એની શું દશા થાય? તો કહે છે તેનો સકલ તાપ નિસ્તરિયોરે. યુગોયુગોથી શ્રીઠાકોરજીથી દૂર રહેવાનો જે તાપ હતો, એ તાપની નિવૃત્તિ પ્રભુની કૃપાથી થાય છે.

વળી કહે છે : જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે રે, એને પ્રગટ પદારથ ચારે રે. અહીં ચારે પદાર્થ એટલે ક્યા? શ્રીઠાકોરજીની લીલામાં જ્યારે એની પ્રાપ્તિ થઈ, ઠાકોરજીની કુંજમાં પ્રવેશ મળ્યો, તો ત્યાં શ્રીઠાકોરજીની સેવા કરવાવાળા ચાર યૂથ - સખી, આલિ સખી, પ્રિય સખી અને પ્રેષ્ઠ સખી - આ ચારે યૂથના સંકેત નામ છે - આ ચાર પ્રકારના જીવો પ્રભુની સેવા કરે છે.

સખી કોણ? તો જેની આસક્તિ ઠાકોરજીની ફૂલઘરની સેવામાં છે, પાનઘરની સેવા, કીર્તનસેવા વગેરેમાં છે. આલિ સખીને ઠાકોરજીની બીજી બધી સેવામાં રસ નહિ પણ ઠાકોરજીની ટહેલ કરવામાં રસ હોય. મનોરથની સજાવટ કરવી. ઠાકોરજી માટે સુંદર વ્યવસ્થા કરવી. બધી તૈયારી કરવામાં એને આસક્તિ હોય. પ્રિય સખીની આસક્તિ શ્રીઠાકોરજીને સુંદર શૃંગાર કરવામાં અને ભારે વસ્ત્રો વગેરે ધરીને શ્રીઠાકોરજીનાં દર્શન કરતા રહેવામાં હોય અને ચોથા જીવ એ કે જેને ઠાકોરજી માટે સુંદર સામગ્રી સિદ્ધ કરીને આરોગાવવામાં રસ હોય, ચાહે દર્શન થાય કે ન થાય. દર્શનમાં ન જવાય તો વાંધો નહિ પણ સુંદર સામગ્રી સિદ્ધ કરીને આપને આરોગાવે.

આમ આ ચારે યૂથ નિકુંજમાં પ્રભુની સેવા કરે છે. જેટલા પણ બ્રહ્મસંબંધી જીવો છે એ આ ચારેના જ અંશ છે. આ ચારેની પરંપરામાં છે. કેટલીકવાર વૈષ્ણવો એવા દેખાય કે જેમને શ્રીઠાકોરજીની સજાવટમાં જ રસ હોય, તૈયારીમાં

જ રસ. બાકીની સેવામાં નહિ. કેટલાક વૈષ્ણવોને કીર્તન કરવામાં આસકિત. કેટલાક વૈષ્ણવોને શ્રીઠાકોરજી માટે સુંદર વસ્ત્રો, ભારે શૃંગાર વગેરે સિદ્ધ કરવામાં રસ. સુંદર આભૂષણો સિદ્ધ કરાવીને ધરાવવામાં આસક્તિ. ઘણાંને થાય કે શ્રીઠાકોરજીના મુખારવિંદની- સામગ્રી સિદ્ધ કરવાની સેવા કરીએ છીએ પણ શૃંગારની સેવામાં રસ આવતો નથી, તો ક્યાંક અપરાધ તો થતો નહિ હોય? ઘણાંને એમ વિચાર આવે કે મારાથી સજાવટની સેવા બહુ થાય છે પણ પણ સન્મુખની સેવા થતી નથી તો શું મારામાં કાંઈક કમી હશે? અપરાધ તો નહિ થતો હોય. ઘણાં વૈષ્ણવો સુંદર શૃંગાર કરે પણ સામગ્રીમાં રસ ન લે.

આમ આ ચાર પ્રકારના યૂથો શ્રીઠાકોરજીની સેવા કરે છે. આપણે દરેક જણ આ ચારમાંથી એક યૂથના છીએ. આ ચારેયના સાંકેતિક નામ મેં આપ્યા છે. મૂળ નામ નથી આપ્યાં. એ તો જ્યારે કૃપા થશે ત્યારે આપોઆપ જાણશો. એક વસ્તુ જરૂર યાદ રાખજો કે આપણને ઠાકોરજીની જે સેવામાં સૌથી વધુ આસક્તિ હશે, તે આપણાથી થતી હોય ત્યારે એમ ન માનવું કે આપણાથી બીજી સેવા થતી નથી, પણ એમ માનવું કે શ્રી ઠાકોરજીને સૌથી પ્રિય મારી આ જ સેવા લાગે છે. ઠાકોરજી મારી આ જ સેવા લેવા માગે છે. તેથી મારી રૂચિ આ સેવા માટેની છે.

આપણામાંથી જેને જેને પણ બ્રહ્મસંબંધ થયો છે, જે જે સમર્પિત જીવો છે, જે જે ભગવદ્ લીલાના જીવો છે, જે દિવસથી એમને ઘેર ઠાકોરજી પધાર્યા, એ દિવસથી એ ઘર નહિ, પણ શ્રી ઠાકોરજીની નિકુંજ છે. દરેક નિકુંજમાં ચાર સખી હોય, તે રીતે ઘરના અલગ અલગ લોકો સેવા કરતા હોય તો આ ચાર પ્રકાર જોવા મળશે. કોઈને સામગ્રીમાં, કોઈને શૃંગારમાં, કોઈને શ્રીઠાકોરજીનું સાહિત્ય તૈયાર કરવામાં, વ્યવસ્થા કરવામાં, કોઈને શ્રીઠાકોરજીને સુંદર કીર્તન સંભળાવવામાં, એમ ચાર પ્રકારની આસક્તિવાળા જીવો જોવા મળશે.

જે સમયે આપણા ઘરમાં શ્રીઠાકોરજી પધાર્યા, ત્યારથી આપણું ઘર એ શ્રીઠાકોરજીની કુંજ છે, તો શ્રી ઠાકોરજીની કુંજમાં જઈએ તો કેવી રીતે જવાય? કયા ભાવ લઈને જવું? અને જ્યારે આપણે જઈએ ત્યારે શ્રીગુસાંઈજી કૃપા કરીને બતાવે કે તું કોનો છે, તું ક્યાંનો છે? તારી આસક્તિ આ કેમ છે? ઘરની અમુક વ્યક્તિ સાથે તને સેવા કરવી ગમે છે, શા માટે? એનો લીલામાં તારી સાથે સંબંધ શું છે? અમુક વ્યક્તિ સાથે તને ભગવદ્વાર્તા કરવી ગમે છે, ભગવદ્ કાર્યો કરવાં ગમે છે, શા માટે? એનો સંબંધ શું છે? આપણા ઘરમાં જે જે વ્યક્તિઓ બ્રહ્મસંબંધી છે, તે બધાં આપણા લૌકિક સગાસંબંધી છે, એવો જ ભાવ નથી, લીલાના કોઈ વૈષ્ણવો છે, એમનું કોઈ ઋણ આપણી સાથે છે. એ ઋણ પૂર્ણ કરવા માટે શ્રીપ્રભુએ કૃપા કરી, શ્રીવલ્લભે કૃપા કરી, શ્રી ગુસાંઈજીએ કૃપા કરી અને અલગ અલગ કુંજના વૈષ્ણવોને એક નિકુંજમાં ભેગા કર્યા છે. એમને એમ નથી કર્યા. એનું પણ એક કારણ છે. એક ઉદ્દેશ સાથે ભેગા કર્યા છે. એ ઉદ્દેશ સમજમાં આવે ત્યારે સાચા અર્થમાં સમજાય કે આપણી ગતિ શું છે.

જેને શ્રી વિઠ્ઠલનાથ વિચારે રે - જ્યારે શ્રીગુસાંઈજી કૃપા કરે ત્યારે આપણને આપણા મૂળ

સ્વરૂપનો પરિચય થાય. આપણા મૂળ સ્વભાવનો પરિચય થાય. આપણે એમનેમ નથી ભેગા થયાં. આપણે બહાર સત્સંગ શોધવા જતા હતા પણ શ્રીગુસાંઈજીએ એવી કૃપા કરી કે ઘરમાં જ બધાંને ભેગાં કર્યાં, આપણા ભાવને વધારવા માટે અલગ અલગ કુંજના જીવો આપણી સાથે ચોવીસ કલાક રહે છે.

શ્રીગુસાંઈજી વિચારે છે કે આ જીવનો ભાવ વિચલિત ન થઈ જાય. ચાહે ઘરની વ્યક્તિઓ સેવામાં સહયોગ આપતી હોય કે ન આપતી હોય, ભલે એ બ્રહ્મસંબંધી છે, છતાં પ્રભુથી વિમુખ છે, તો એમાં પણ પ્રભુની કોઈક લીલા છે. એ લીલા જ્યારે સમજમાં આવે ત્યારે લાગે કે આ પ્રભુની નિત્યલીલા છે. નિત્યલીલા કોને કહેવાય? જે આજે પણ ચાલી રહી છે. જે જે પ્રસંગ ઘટના નિકુંજમાં બને, તે આપણા ઘરમાં જ બની રહ્યા છે. પણ જ્યાં સુધી દૃષ્ટિ લૌકિક છે ત્યાં સુધી એ ઘટના લૌકિક રીતે દેખાશે, પણ દૃષ્ટિ બદલાશે, ત્યારે થશે કે જે ભગવદ્ લીલાના પ્રસંગો આપણે વાંચીએ છીએ, તે આપણા ઘરમાં જ બની રહ્યા છે.

આવો અનુભવ કોને થાય? તો કહે છે કે જે લીલામાં અંગીકાર કરિયો રે, તેનો સકલ તાપ નિસ્તરિયો રે, જીવના સકલ તાપ-આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક તાપનું નિરાકરણ જ્યારે થાય, શ્રીગુસાંઈજી કૃપા કરે ત્યારે એ જીવને પ્રગટ પદારથ ચારે રે. ચારે પદાર્થ પ્રકટ દેખાય. ક્યાં? કુંજમાં.

કુંજ એટલે શું? આપણું ઘર. ઘરમાં ચારે યૂથનો અનુભવ અલગ અલગ વ્યક્તિઓ દ્વારા થાય એ ચારે પદારથ પ્રગટ દેખાયા કહેવાય. એમના સ્વરૂપનું જ્ઞાન આપણને થાય.

વળી ચાર પદાર્થમાં એમ પણ કહ્યું કે એને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે મળે. પ્રભુની સેવા મળી એ ધર્મ પુરુષાર્થ, પ્રભુનાં દર્શન મળે એ અર્થ પુરુષાર્થ, પ્રભુનાં દર્શનનો મનમાં કાયમ તાપ રહે એ કામ પુરુષાર્થ, પ્રભુ, હું આપનાથી દૂર કેમ ગયો? પ્રભુ, હું જતો હતો તો આપે રોકી કેમ ન લીધો? શું મારા ઉપર તમારો અધિકાર નથી? પ્રભુ હું તો આપનો છું. જુઓ પ્રભુ, આપનાથી દૂર જઈને મને આટલો તાપ થાય છે, તો જરૂર પ્રભુ, આપને પણ મારો તાપ થતો હશે. પ્રભુ, આપને તો હક છે, જ્યારે આપનાં દર્શન કરીને હું જતો હતો, પ્રભુ આપે મને આજ્ઞા કેમ ન કરી કે તારે ક્યાંય નથી જવાનું, અહીં ઊભો રહે. મારો હાથ પકડી મને રોકી કેમ ન લીધો? આવો તાપ થાય ત્યારે માનવું કે આ વૈષ્ણવનો કામ પુરુષાર્થ છે.

જ્યારે એક દિવસ એવો આવે કે આપણે પ્રભુનાં દર્શન કરી, આંખોમાં અશ્રુ લઈને જેવા પાછા ફરીએ કે પ્રભુ આપણો હાથ પકડીને કહે કે તારે ક્યાંય નથી જવાનું, અહીંયા જ રહે, તને જોયા વિના મને ચેન પડતું નથી. ત્યારે માનવું કે વૈષ્ણવનો આ મોક્ષ છે. આ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પદાર્થ જ્યારે શ્રી ગુસાંઈજી પ્રભુચરણ કૃપા કરે ત્યારે આપણને સિદ્ધ થાય. શ્રીવિઠ્ઠલનાથ વિચારે રે એને પ્રગટ પદારથ ચારે રે. પ્રકટ પદાર્થ કયા? નામ, રૂપ, લીલા અને ધામ.

એવી દશા થઈ જાય પ્રભુનું નામ લઈએ અને પ્રભુનાં રૂપનું દર્શન આપણને થાય. પ્રભુના

સ્વરૂપનું ચિંતન કરીએ અને પ્રભુની લીલાનાં દર્શન થવા લાગે અને જ્યાં પ્રભુની લીલા જોઈએ ત્યાં પ્રભુનાં ધામનાં દર્શન થાય. આ ચાર આપનારા પણ શ્રી ગુસાંઈજી પ્રભુચરણ છે.

પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ. પહેલાં તો એવી સ્થિતિ હતી કે જીવ પ્રભુને ગોતતો હતો. પૂછતો હતો કે તું છે એનું પ્રમાણ શું? પણ જ્યારે શ્રીગુસાંઈજી કૃપા કરે તો વારેવારે પ્રભુ પ્રમાણ આપે કે જો, હવે તો માન કે હું છું તારી સાથે. પ્રભુ સામેથી એને પ્રમાણ આપે છે. આ તારું કાર્ય કોણે કર્યું? હું તારી સાથે છું એટલે તારું કાર્ય પાર પડ્યું. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ પહેલાં જીવ પ્રભુ પાસે માગતો, હવે ભગવાન સ્વયં એને આપે છે. અનુભવ કરાવે છે કે હું પ્રતિક્ષણ તારી સાથે છું.

ભગવાન કહે છે કે હું જ્યારે જીવને પ્રમાણ આપીશ, ત્યારે એના હૃદયમાં પ્રમેય જાગશે. પહેલાં આ ભાવ હતો. હવે કહે છે કે હું તને પ્રમાણ એટલા માટે આપું છું કે મારા હૃદયમાં તારે માટે પ્રમેય જાગ્યો છે. જ્યારે પ્રમેય જાગે ત્યારે એને પ્રાપ્ત કરવાનો જીવ પ્રયત્ન કરે. પહેલાં જીવ પ્રભુને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતો, હવે ભગવાન જીવને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે. આ સાધન અને પ્રભુ જીવને મળે એ ફલ. આ ચારે પદાર્થ આપનારા શ્રી ગુસાંઈજી છે. માટે કહ્યું : જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે રે, એને પ્રગટ પદારથ ચારે રે.

બીજા પ્રગટ પદાર્થ કયા? શ્રીનાથજીબાવા, શ્રીવલ્લભ, શ્રી ગુસાંઈજી અને શ્રીયમુનાજી. આ ચારે સ્વરૂપ જીવને માટે પ્રકટ ક્યારે થાય? જ્યારે શ્રીવિઠ્ઠલનાથ વિચારે રે. આ વાત ક્યાં થાય છે? આ વાત બહાર થતી નથી. આપણા ઘરમાં જે દિવસે ઠાકોરજી પધાર્યા, એ દિવસે આપણું ઘર શ્રીઠાકોરજીની કુંજ બન્યું અને આ ચારે પદાર્થ આપણને મળશે તો આપણા ઘરમાં મળશે. શ્રીવલ્લભ આપણને ઘરમાં મળશે. શ્રીઠાકોરજીથી થોડું વિમુખ થવું પડે અને હૃદયમાં વિપ્રયોગ જાગે, એમ માનવું કે આ વિપ્રયોગ નથી, મારા હૃદયમાં વલ્લભ પ્રગટ્યા છે.

જ્યારે પ્રભુના સાન્નિધ્યમાં હોઈએ અને પ્રભુનાં દર્શન કરી સંયોગનું સુખ મળતું હોય ત્યારે માનવું કે શ્રી ગુસાંઈજી પ્રભુચરણ પ્રક્ટ્યા છે.

જ્યારે પ્રભુની ટહેલ કરતાં કરતાં, પ્રભુને સુખ આપતાં આપતાં નેત્રોમાંથી અશ્રુધારા પ્રગટે ત્યારે માનવું કે શ્રી યમુનાજી પ્રગટ્યાં છે. જ્યારે પ્રભુનાં દર્શન કરતાં કરતાં પ્રભુના સ્વરૂપમાં તલ્લીન થઈને, હૃદય તપવા લાગે ત્યારે માનવું કે શ્રીજીએ આ કૃપા કરી છે. આ ચારેચાર સ્વરૂપોનો અનુભવ શ્રીગુસાંઈજી જેની ઉપર કૃપા કરે ત્યારે જીવને એના ઘરમાં થાય છે. એ ઘર કુંજ બની જાય છે.

પ્રેમ, સ્નેહ, આસક્તિ અને વ્યસન. આ ચારે સ્વરૂપોનું દાન કરવાવાળા શ્રીગુસાંઈજી પ્રભુચરણ છે. પ્રગટ પદારથ એટલે એ ભાવ આપણા મનમાં આવે એટલું જ નહિ પણ એ સાકાર રૂપ ધારણ કરીને ઊભો રહે. હાથ ઝાલીને વિનંતી કરે કે હવે મારી સેવા સ્વીકાર કરો. પ્રભુ માટે પ્રેમ જાગે, આસક્તિ જાગે, સ્નેહ અને વ્યસન જાગે, એ શ્રીગુસાંઈજી કૃપા કરે તો થાય.

સેવા કરતાં કરતાં દીનતા આવે. જીવ સમર્પિત થયો. દીનતા, સમર્પણ, દઢ ભક્તિ અને

આત્મનિવેદન આ ચારે પદારથ મળે. ઠાકોરજીની સેવા કરતાં કરતાં ગમે તેટલી કસોટી કરે, આપણે કહીએ કે પ્રભુ અત્યારે મારી કસોટી કરી રહ્યા છે, તો એ કસોટી શાની હોય છે? દેહની? મનની? આપણી સંપત્તિની? જ્યારે પણ પ્રભુ કસોટી કરે છે ત્યારે આ દેહની નહિ, મનની નહિ, પણ પ્રભુ માટે આપણામાં રહેલા વિશ્વાસની થાય છે. પ્રભુ એ કસોટી કરે છે કે આનો વિશ્વાસ કેટલો છે? જ્યારે પ્રભુ આપણો ભાવ દૃઢ કરવા માગતા હોય ત્યારે કસોટી કરીને આપણો આશ્રય ડગાવે છે.

જ્યારે એક થાંભલો રોપવો હોય તો એને દૃઢ કરવા માટે પહેલાં હલાવવો પડે છે. હલાવીએ ત્યારે એને વિચલિત કરવા માટે નહિ પણ દૃઢ કરવા માટે હલાવીએ. એ જ પ્રકારે શ્રીઠાકોરજી એ જીવની દીનતા, એનું સમર્પણ, એની ભક્તિની દૃઢતા અને આત્મનિવેદનની પરીક્ષા કરીને એ ચારે પદાર્થોનો અને પ્રગટ સ્વરૂપે અનુભવ કરાવે છે. એ વાત અહીં ગોપાલદાસજી કહે છે કે જે લીલામાં અંગીકાર કરિયો કે તેનો સકલ તાપ નિસ્તારિયો રે, જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે કે એને પ્રગટ પદારથ ચારે રે.

જ્યારે શ્રીગુસાંઈજીની પાસે કિશોરીબાઈ આવ્યાં, અને શ્રીગુસાંઈજી એમની શ્રીનાથજીની પાસે લઈ ગયાં ત્યારે કિશોરીભાઈ કાંઈ બોલ્યાં નહિ, શ્રીનાથજી કાંઈ બોલ્યા નહિ પણ કિશોરીબાઈ જોરજોરથી હસવા લાગ્યાં. એને હસતાં જોઈ શ્રીનાથજીબાવા પણ હસવા લાગ્યા. બધાં વિચારે છે આ શું લીલા છે? બંને એકબીજાને જોઈને હસી રહ્યાં છે! ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યુંઃ આ એમનેએમ નથી હસતાં. જરૂર શ્રીજીએ એમને સ્પર્શ કર્યો છે. શ્રીજી સ્પર્શ કરે ત્યારે એમનામાં જે ભાવ હોય તે આપણામાં આવે. શ્રીજીબાવાને કિશોરીબાઈને જોઈને આનંદ થયો પણ એમના હૃદયનો આનંદ કોઈ જોઈ ન શક્યાં, પણ એ જ આનંદનો અનુભવ કિશોરીબાઈના હૃદયમાં આવ્યો અને કિશોરીબાઈને હસતાં બધાંએ જોયાં. જે આનંદ કિશોરીબાઈના મુખ ઉપર આવ્યો એ કિશોરીબાઈનો નહિ પણ શ્રીજીબાવાનો હતો. એને ધારણ કર્યો હતો. આવી કૃપા શ્રીગુસાંઈજીએ કરી.

કિશોરીબાઈને આપ બિલછુકુંડ ઉપર લઈ ગયા. ત્યાં આપે પોતાના મુખથી એક રાસનું પદ ગાયું. ત્યાં તો એ રાસલીલા ત્યાં પ્રગટ થઈ ગઈ. ગોપીજનોનાં હજારો યૂથ અને તેમની મધ્યમાં શ્રીઠાકોરજી નૃત્ય કરી રહ્યા છે. શ્રીગુસાંઈજી કહે છે : 'જો કિશોરી, દર્શન કર.' કિશોરીબાઈને જોયું તો શ્રીઠાકોરજીએ અનેક સખીઓ સાથે નૃત્ય કરતાં કરતાં એક સખીનો હાથ પકડ્યો ને ગોળ ગોળ ફરવા લાગ્યા. જ્યાં કિશોરીબાઈની દૃષ્ટિ એ સખી ઉપર પડી તો જોયું કે એ સખીનું સ્વરૂપ બિલકુલ પોતાના જેવું છે. કિશોરીબાઈ કહે છે : 'કૃપાનાથ, આ તો હું છું.' શ્રીગુસાંઈજી કહે છેઃ 'આ તારું આધિદૈવિક સ્વરૂપ છે.' દરેક વૈષ્ણવના ત્રણ સ્વરૂપ છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. બ્રહ્મસંબંધ લીધા પહેલાનું જીવન એ આધિભૌતિક, પછીનું આધ્યાત્મિક અને પ્રત્યેક વૈષ્ણવનું એક સ્વરૂપ નિત્યલીલામાં શ્રીઠાકોરજીની સેવામાં છે. એ આધિદૈવિક સ્વરૂપ છે.

આપણને જ્યારે કહેવામાં આવે કે તમારા સ્વરૂપને ઓળખો. ત્યારે આ આધિદૈવિક સ્વરૂપને,

જે નિત્યલીલામાં છે, એને ઓળખવાનું છે. એ સ્વરૂપની આસક્તિ શામાં છે, કયા સ્વરૂપમાં છે, કઈ સેવામાં છે, કઈ ટહેલમાં એની રૂચિ છે, એનું જ્ઞાન જ્યારે આપણને મળે, ત્યારે આપણા સ્વરૂપનો આપણને પરિચય થાય. એ વાત આની અંદર કહી. હવે આગળની ટૂકનું દર્શન આપણે કરીએ. ગોપાલદાસજી આ છઠ્ઠી ટૂકમાં કહી રહ્યા છે કે જેને શ્રીઠાકોરજી દર્શન આપે એને શું ફળ પ્રાપ્તિ થાય.

ઉપરાંત ભજનફળ આપે રે,
વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે રે,
તેને દેવ મુનિ સર્વે ગાયે રે,
તે તો સર્વે ઉપરાંત સુહાયે રે...૬

શ્રીગુસાંઈજી કૃપા કરે તો પ્રગટ પદારથ ચારે રે. એને ચાર પદાર્થો મળે, પણ એનાથી ઉપરાંત શું મળે તે અહીં કહે છે. આ ચારે પદાર્થો ઉપરાંત ભજનફળ આપે રે. એટલે કે એ જીવને સત્સંગ સુલભ કરી દે. ભગવદ્‌નામ લેવાનું એને સૌકર્ય આપે. ભગવદ્ નામ લેવાની ઈચ્છા અને અનુકૂળતાં બંને આપે. ઘણાં એવા હોય કે ભગવદ્ નામ લેવાની ઈચ્છા હોય પણ અનુકૂળતા ન હોય. ઘણાં એવા પણ હોય કે ભગવદ્‌નામ લેવાની અનુકૂળતા હોય પણ ઈચ્છા ન હોય. જ્યારે ઈચ્છા અને અનુકૂળતા બંને થાય ત્યારે શ્રીગુસાંઈજીએ કૃપા કરી ઉપરાંત ભજનફળ આપ્યું છે. શ્રીગુસાંઈજીએ હાથ પકડીને લીલામાં પ્રવેશ આપ્યો, કુંજમાં પ્રવેશ આપ્યો માટે જીવનમાં સત્સંગ સુલભ થયો છે.

વળી એ જીવને સદા વ્રજમાં વાસ આપે છે. વ્રજમાં કાંઈ સદા રહીં ન શકાય પણ આપણા ઘરને જ વ્રજ બનાવી દે. ઘરને વ્રજ બનાવીને સદા વ્રજવાસનું સુખ અને આનંદ ઘરમાં જ આપે. એ જીવનો મહિમા કેવો? તેને દેવ-મુનિ સર્વે ગાયે રે.

એ જીવનો મહિમા તો મોટા મોટા દેવો પણ ગાય છે. દેવો વિનંતી કરે છે કે હે પ્રભુ, અમારું પ્રાગટ્ય પણ ભૂતલમાં થયું હોત અને શ્રીગુસાંઈજીના શરણે ગયા હોત તો જે સુખ આ જીવને મળી રહ્યું છે, એ સુખ અમને પણ મળત. મોટા મોટા મુનિજનો, યોગસાધના કરીને મુક્ત થયા છે, એવા મુક્ત જીવો પણ ભગવદ્‌ધામમાં બેઠા બેઠા આ જીવોનાં દર્શન કરે છે તો એમને થાય છે કે અમારે મુકિત જોઈતી નથી. પ્રભુ, એવી કૃપા કરો કે અમે પણ ભૂતલમાં જન્મીએ, શ્રીગુસાંઈજીના શરણે જઈએ, જે લીલાનું સુખ આ જીવો માણી રહ્યા છે, એ સુખનો અનુભવ અમને પણ થાય.

તે તો સર્વે ઉપરાંત સોહાય રે, જેટલા જેટલા ભક્તો છે એ બધામાં એ ભક્તની સર્વોપરિતા થાય છે. હવે આગળ જોઈએ.

તેને કાલ કર્મ નવ બાંધે રે,
યમ તે શિર ધનુષ ન સાંધે રે,
એવો મારગ શ્રી વલ્લભવરનો રે,
જ્યાં નહિ પ્રવેશ વિધિહરનો રે...૭

ગોપાલદાસજીએ કહ્યું કે શ્રીગુસાંઈજીને લાગે કે આ જીવ ઠાકોરજીને લાયક છે તો એને યેનકેન પ્રકારેણ, કોઈપણ યુક્તિથી ઠાકોરજીની સેવામાં જોડી દે છે. ઠાકોરજીની સેવામાં જોડે ઉપરાંત એને જીવનમાં સત્સંગ સુલભ કરી આપે. સત્સંગ જે જીવો માટે દુર્લભ છે, એ એની ઈચ્છા ન હોય તો પણ મળે. સત્સંગમાં જવાની ઈચ્છા ન હોય તો પણ સત્સંગમાં

આવી જાય. ઘણીવાર એવું બને કે જેના ઉપર ઠાકોરજીની કૃપા થાય એને એ ખેંચી લે.

હમણાં થોડા દિવસ પહેલાં એવું થયું કે પ્રવચન ચાલતું હતું ત્યારે બાજુના શહેરમાંથી કોઈ ભાઈ આવ્યા હતા. એમણે એમની પત્નીને કહ્યું કે તારે સાંભળવા જવું હોય તો જા. હું માનતો નથી. હું અંદર નહિ આવું. બહાર બેસીશ. પત્ની કહે : 'ઠીક છે. મને મૂકવા તો આવો.' સત્સંગમાં પેલા ભાઈ એમની પત્નીને મૂકવા માટે આવ્યા. એમને અંદર મોકલી પોતે બહાર ગાર્ડનમાં બેઠા. ત્યાં રાઉન્ડ મારતા હતા. ત્યાં જાણે શ્રીગુસાંઈજીની દૃષ્ટિ, અંદર રહેલા જીવ ઉપર કદાચ નહિ પડી હોય, પણ આ બહાર ફરતા જીવ ઉપર પડી. ત્યાં ગુસાંઈજીએ એવી કૃપા કરી કે જોરદાર વરસાદ શરૂ થયો. પેલા ભાઈએ અંદર આવવાની ના પાડી હતી. છતાં વરસાદને કારણે અંદર આવ્યા. એક ખૂણો ગોતીને બેઠા. પ્રવચન ૪૧ પદ ઉપર હતાં. જ્યાં પ્રવચન પૂર્ણ થયું કે મને કહે કે મારે આપને મળવા આવવું છે. મળવા આવ્યા ત્યારે પહેલાં તો ધ્રુસકે ને ધ્રુસકે રડ્યા. 'જેજે, મારા જીવનના આટલાં વર્ષ મેં કેમ વેડફી નાખ્યાં? મારાં આટલાં વર્ષ કેમ નકામાં ગયાં?'

ત્યારે એક દોહો યાદ આવ્યો.

ધીરે ધીરે રે મના, ધીરે સબ કુછ હોય,
માલી સિંચે સો ઘડા, પણ ઋતુ આવે ફલ હોય.

એક માળી બગીચાના દરેક વૃક્ષને જળ સિંચે, દરેકને પોષણ આપે, પછી રોજ સવારે જુએ કે વૃક્ષને ફળ કેમ નથી ઊગતાં? તો શું એ યોગ્ય છે? એક છોડ વાવીએ, રોજ જળ પાઈએ અને રોજ જોઈએ કે હજી ફળ કેમ ન આવ્યાં? રોજ ફરિયાદ કરીએ કે આટલું આટલું જળ નાખવા છતાં ફળ કેમ નથી આવતાં? કોઈ અનુભવી માળી આવે તો કહેશે ચાહે તું રોજ સો સો ઘડા જલ નાખ, પણ એનાથી ફળ નહિ ઊગે, જ્યારે એની ઋતુ આવશે ત્યારે ફળ ઊગશે.

એ જ પ્રકારે આ ભક્તિમાર્ગમાં જેણે પણ બ્રહ્મસંબંધ લીધું છે, જે પણ નિવેદિત જીવો છે, એ બધા શરણાગત જીવો તો છે જ, પણ બ્રહ્મસંબંધ લેવા છતાં હજુ ઠાકોરજીની સેવામાં કે સત્સંગમાં આવતા નથી તો એમ ન વિચારવું કે આટલું આટલું કહેવા છતાં આ માનતા કેમ નથી? વિચારવું કે હજી એની સીઝન નથી આવી. જે દિવસે એની સીઝન આવી જશે એ દિવસે ફળ લાગ્યા વિના રહેશે નહિ. ઘણાં વૃક્ષો એવાં હોય કે બાર વર્ષે ફળ આપે. ઘણાં એવાં હોય કે દર વર્ષે ફળ આપે. ઘણાં એવાં હોય કે વરસમાં બેવાર ફળ આપે.

આમ અલગ અલગ પ્રકારના જીવો હોય. ગમે તેટલું કહીએ પણ ન કરે તો માનવું કે આપણે આ વૃક્ષની સંભાળ રાખીએ છીએ, એનું સિંચન કરીએ છીએ, એને પોષી રહ્યા છીએ. કાળજી રાખી રહ્યા છીએ. પ્રતીક્ષા કરવાની છે. સમય આવે જરૂર ફળ લાગશે. જળ સિંચવાની સાથે કદી ફળ લાગતા નથી. એની ઋતુ આવશે ત્યારે ફળ લાગશે.

આમ જીવનમાં સત્સંગ મળે, વ્રજમંડળમાં વાસ મળે, દેવ-મુનિ એની પ્રશંસા કરે, સર્વથી ઉત્તમ ભગવદીયની કોટિમાં એ જીવ આવી જાય. આમ કરીને કહ્યું કે કદાચ એ જીવને ભક્તિમાર્ગમાં આગળ વધતાં કોઈ રોકે, સત્સંગમાં જવાની ઈચ્છા હોવા છતાં આપણા પૂર્વજન્મનાં કોઈ કર્મો આપણને રોકે,

પહોંચી જઈએ તો બેસવા ન દે... કદાચ બેસી જઈએ તો મન સ્થિર ન થવા દે, આપણાં કર્મો, કદાચ કાળનો પ્રભાવ આડો આવે. ઘણીવાર સેવા કરવાની ઈચ્છા હોય, ભગવદ્નામ લેવાની તત્પરતા હોય છતાં, પ્રયત્ન કરવા છતાં પ્રભુનું નામ લઈ શકાતું નથી. જ્યાં પ્રભુનું નામ લેવા બેસીએ ને કોઈ લૌકિક કાર્ય આડું આવી જાય, ઠાકોરજીની સેવામાં બેઠા અને કોઈ બોલાવવા આવી ગયું, આ શું બતાવે છે? આ કાળનો પ્રભાવ છે. જે તમારી ઈચ્છા હોવા છતાં, પ્રયત્ન કરવા છતાં ભગવદ્નામ લેવા દેતું નથી.

કાલ કે કર્મ બાધક થતાં હોય તો એ જીવ ભગવદ્નામ લઈ શકે? ગોપાળદાસજી કહે છે કે બીજાની તો ખબર નથી પણ આ વલ્લભના માર્ગની વિશેષતા છે કે આ માર્ગમાં ચાલે છે એને કાળ-કર્મ નવ બાંધે રે. યમ તે શિર ધનુષ ન સાંધે રે. એવો મારગ શ્રી વલ્લભ વરનો રે, જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનો રે.

વિધિ એટલે જે જન્મ આપે, હર એટલે મૃત્યુ. એટલે કે જન્મ ને મૃત્યુનો ભય આ માર્ગે ચાલનારને રહેતો નથી. આ ભક્તિના માર્ગમાં જે ચાલે છે, શ્રીવલ્લભના સિદ્ધાંતોનું જે અનુસરણ કરે છે, એને કાલના ધર્મો ક્યારેય પણ બાધક બનતા નથી. કાળના ધર્મો એટલે શું? કોઈ એવો હોય કે એને ચાર ડગલાં પણ ચલાતું ન હોય, એ જ જીવ જ્યારે વ્રજમાં જાય, પરિક્રમા કરવા જાય ત્યારે એ દોડતાં દોડતાં પરિક્રમા કરે. આ શું બતાવે છે? વલ્લભના માર્ગમાં આવ્યા અને કાળ જે આ દેહને બાધક બનતો હતો. પીડા આપતો હતો, એ જ સાધક બની ગયો.

પુરુષોત્તમદાસ શેઠ જ્યારે સેવા કરતા હતા ત્યારે એમના પુત્ર ગોપાલદાસજીને લાગ્યું કે મારા પિતા આટલા વૃદ્ધ થયા છે, ઘરમાં ચાલી પણ શકતા નથી, વળી એમની ટેક હતી કે ઠાકોરજીની બધી સેવા જાતે કરવી. મંદિરવસ્ત્ર પણ જાતે કરતા. સોહનીની સેવા પણ પોતે કરતા. તેથી ગોપાળદાસજીએ વિચાર્યું કે મારા પિતાજીને શ્રમ ન થાય માટે સવારે વહેલા સ્નાન કરીને અપરસમાં ગયા, પણ ગોપાળદાસનો ભાવ પુરુષોત્તમદાસ શેઠ જાણી ગયા. પુત્રના મનમાં ભાવ આવ્યો છે કે હું વૃદ્ધ થઈ ગયો છું અને ઠાકોરજીની સેવામાં પહોંચી શકતો નથી, પણ જેવા ગોપાળદાસજી સેવામાં આવ્યા, તો શું જોયું? શેઠ ચાલી પણ શકતા ન હતા, તે સેવામાં યુવાન વયના દેખાયા, ૨૦ વર્ષનો છોકરો ત્વરાથી સેવા કરતો હોય એવાં દર્શન થયાં. જ્યારે જીવ ઠાકોરજીના સાન્નિધ્યમાં હોય અને વલ્લભની કૃપા જેના ઉપર હોય એને આ દેહના દંડ ક્યારે ય બાધક બનતા નથી.

આજે ભૂતલ ઉપર ઘણી જગ્યાએ દર્શન થાય છે કે ૧૦૦ વર્ષ ઉપરના ભગવદીયજનો દોડી દોડીને ટહેલ કરતા હોય. નાની ઉંમરના હોય એને પણ ચાલવામાં તકલીફ પડે પણ આવા મોટી વયના વૈષ્ણવો શ્રીપ્રભુની કે વૈષ્ણવની ટહેલ દોડી દોડીને કરતા હોય. આપણને થાય આનામાં આવું સામર્થ્ય ક્યાંથી આવ્યું હશે! ત્યારે એ બતાવે કે વલ્લભની કૃપાની મહોર એને લાગી છે, માટે જે દેહના ધર્મો બધાને બાધક થાય, એ દેહના ધર્મો એને બાધા કરતા નથી. જેના ઘરમાં શ્રીઠાકોરજીની સેવા બિરાજતી હોય, જે જીવ શ્રીવલ્લભની આજ્ઞા પ્રમાણે

સેવા કરતો હોય, યમદૂતો એના ઘરમાં પ્રવેશ કરી શકતા નથી.

અજામિલના પ્રસંગમાં આ વાત આવે છે. નારાયણનું નામ લીધું ને દેવદૂતો આવી ગયા. યમદૂતો પાછા ગયા. યમરાજ કહે છે એટલું યાદ રાખજો કે જેના ઘરમાં ભગવદ્ સેવા નથી, ભગવદ્ સત્સંગ નથી, જેના ઘરમાં ક્યારેય કોઈ ગુરુ કે વૈષ્ણવ આવ્યા નથી, તમારો પ્રવેશ માત્ર એના ઘરમાં છે, યમદૂતો, તમે એક વસ્તુ ધ્યાનથી સાંભળજો. જેના ઘરમાં ગુરુજનો આવતા હોય, સેવા અને સત્સંગ થતા હોય, ભૂલથી પણ તમે એના ઘરમાં ક્યારેય પ્રવેશ કરતા નહિ. તમારો પ્રવેશ એ ઘરમાં નથી.

એક ઉંમરલાયક માજી હતાં. શ્રીઠાકોરજીની સેવા કરતાં હતા. જ્યારે કાળ એમને લેવા માટે આવ્યો, ત્યારે એનું એટલું પણ સામર્થ્ય નહિ કે ઘરમાં આવે. દ્વાર ઉપર ઊભા ઊભા પ્રતીક્ષા કરે. કહે કે તમારો સમય થયો છે, ચાલો.

માજી કહે, શું વાત કરે છે? આવા સરસ સાંઝીના દિવસો ચાલે છે ને હું તારી સાથે આવું? જા પાછો જા. થોડા દિવસો પછી કાળ પાછો આવ્યો. જો ભાઈ, સાંઝીના દિવસો ગયા, પણ શરદના રાસની તૈયારી કરવાની છે. એ કોણ કરશે? રાસના દિવસો આવવાના હોય અને હું તારી સાથે આવું? જા, પછી આવજે.

કાળ પાછો ગયો. થોડા દિવસ પછી આવ્યો. 'હવે તો ચાલો.' માજી કહે છે : 'હવે તો દિવાળી આવશે. અન્નકૂટની તૈયારી શરૂ થઈ છે. આવા દિવસોમાં હું તારી સાથે આવું? પછી આવજે.' 'અન્નકૂટ ઉત્સવ પૂરો થયો. હવે તો ચાલો.'

'હવે તો જલેબી ઉત્સવ આવવાનો છે. હમણાં નહિ આવું. પછી આવજે.' થોડા દિવસ પછી કાળ આવ્યો.

'હવે તો ચાલો.' 'હવે તો ખેલના દિવસો આવશે.'માજીએ આમ કરતાં કરતાં આઠ વખત એને ટાળ્યો. કાળનું પણ સામર્થ્ય નહિ કે એના ઘરમાં આવીને એને લઈ જઈ શકે. જ્યારે આજ્ઞા થઈ ત્યારે એને માન આપવા પોતે પધાર્યા. કાળનું પણ સામર્થ્ય નથી કે સેવા-સ્મરણ કરનારને તે સ્પર્શી શકે.

આ કાળ કોને સ્પર્શી શકે? એનો પ્રભાવ કોની ઉપર ચાલે? એક પ્રસંગ આવે છે ને કે એક વૈષ્ણવથી એક નાગ મરી ગયો હતો. એની નાગણ એ વૈષ્ણવનો પીછો કરતી હતી. જ્યાં જાય ત્યાં એની પાછળ જતી હતી. નાગણ એટલે કોણ? કાળ. શ્રીગુસાંઈજીએ એને કહ્યું હતું કે આ કાળ રૂપી સર્પ તારો પીછો કરે છે. આ રીતે કાળ રૂપી સર્પ તો દરેકનો પીછો કરી રહ્યો છે. પણ તું ભાગ્યશાળી છે કે તને એ દેખાય છે. તું એક વાત યાદ રાખજે કે આ વિષૈલો સર્પ-કાળ દરેકને ડસી શકે પણ જેણે અમૃતનું પાન કર્યું હોય, એને કાળ ક્યારેય ડસી ન શકે. આ અમૃત કયું? અષ્ટાક્ષરનું સ્મરણ. જો તું સતત અષ્ટાક્ષરનું રટણ કરીશ, ન કોઈ લૌકિક ચર્ચા કે વાત, તો એ નાગણ તને કાંઈ કરી શકશે નહિ. અષ્ટાક્ષર જ્યાં સુધી એના મુખમાં હતો ત્યાં સુધી નાગણનું પણ સામર્થ્ય નહોતું કે એને ડસી શકે.

એક દિવસ એવું થયું કે આ ચાલતા ચાલતા જતા હતા ને રસ્તામાં કોઈ વ્યક્તિએ એમને લૌકિક પ્રશ્ન પૂછ્યો. એને ઉત્તર આપવા માટે એ લૌકિક

વાત બોલ્યો. અને એક ક્ષણ માટે પ્રભુનું નામ છૂટ્યું. ત્યાં જ કાળરૂપી સર્પે આવીને ડંશ માર્યો. આપણું પણ આવું જ કાંઈ થાય છે. કાળરૂપી સર્પ માત્ર પેલા વૈષ્ણવનો પીછો કરતો હતો એવું નથી. એ દરેકનો પીછો કરી રહ્યો છે. ફરક એટલો છે કે એને દેખાતો હતો અને આપણને દેખાતો નથી.

રસ્તામાં જતા હોઈએ અને બોર્ડ લખેલાં આવે છે ને કે 'સાવધાની હટીને દુર્ઘટના ઘટી.' જ્યાં સાવધાની ઘટે ત્યાં જ દુર્ઘટના ઘટી જાય. જ્યારે જીવનમાં અનિચ્છિત વસ્તુઓ વારેવારે ઘટતી હોય, જેની કામના નથી એવી જ વસ્તુઓ સામે આવતી હોય, એનો મતલબ એવો કે આપણી સાવધાની ભગવદ્સેવામાંથી અને ભગવદ્ સત્સંગમાંથી હટી છે, એટલે આ બધાંનો પ્રભાવ દેખાય છે. માટે કહ્યું : તેને કાળ કર્મ નવ બાંધે રે, યમ તે શિર ધનુષ ન સાધે રે. એવો મારગ શ્રીવલ્લભવરનો રે, જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનો રે.

ભક્તિમાર્ગમાં ચાલનારને જન્મ કે મૃત્યુનો ભય રહેતો નથી. કારણકે એની બધી ચિંતાઓ શ્રીઠાકોરજીને માથે આવી જાય છે, જે જીવ એકવાર પુષ્ટિભક્તિના માર્ગમાં આવે, એના બધાં જ કર્મોની ફાઈલ યમના હાથમાંથી નીકળીને યમુનાના હાથમાં આવી જાય છે. પછી એના ભાગ્યનિર્માત્રી શ્રીયમુનાજી બની જાયે છે. જે જીવ વલ્લભના પથ ઉપર આવે એનાં ભાગ્યને લખનારાં યમુનાજી બની જાય છે.

'મોસાળમાં જમવાનું ને મા પીરસનારી' એવું થાય. જ્યારે એ પુષ્ટિજીવનું ભાગ્ય લખવાનું કાર્ય શ્રીયમુનાજીનું હોય, તો મા દીકરાને આપવામાં કાંઈ બાકી રાખે? પછી એને યમદંડ ભોગવવો પડે? જે જીવ પુષ્ટિમાર્ગમાં આવ્યો અને યમુનાજીનાં પાન કર્યાં, તો શ્રીમહાપ્રભુજી કહે છે તે પ્રમાણે 'પયઃપાનતઃ' એટલે કે એક બાળક માતાનું સ્તનપાન કરે અને માતાના મનમાં એ ભાવ દૃઢ થાય કે આ મારો પુત્ર છે, મારું સંતાન છે, તો શ્રીયમુનાજીના જલનું પાન એ પણ સ્તનપાનરૂપી છે. શ્રીમહાપ્રભુજી કહે છે તે પ્રમાણે જે દિવસે આપણે યમુનાપાન કર્યું તે દિવસે આપણે યમુનાજીના ભક્ત મટીને યમુનાજીના પુત્ર બન્યા. પુષ્ટિમાર્ગમાં આવ્યા અને યમુનાજીના પુત્ર બન્યા. હવે યમુનાજી આપણાં મા છે. તો યમુનાજીના પિતા સૂર્યદેવ આપણા નાનાજી અને યમરાજ અને શનિદેવ બે યમુનાજીના ભાઈઓ આપણા મામા થાય. એકવાર યમુનાજીના જલનું આપણે પાન કર્યું અને યમુનાજીના પુત્ર બન્યા પછી તો ભાણિયા ગમે તેવા તોફાની હોય તોયે મામા તેને મારે નહિ. માટે કહ્યું : યમ તે શિર ધનુષ ન સાધે રે. યમરાજ એ જીવને ક્યારેય મારી શકતો નથી, કે જે જીવ પુષ્ટિના પથિક છે. પુષ્ટિભક્તિમાર્ગમાં ચાલી રહ્યો છે. વળી એને કાલનો ધર્મ પણ લાગુ પડતો નથી.

જ્યારે શ્રીઠાકોરજીની કૃપાનો અનુભવ આપણે કરતાં હોઈએ ત્યારે એમની કૃપામાં બે વસ્તુ નથી હોતી. એક તો દૂરી અને બીજી દેરી. આપણને લાગે કે પ્રભુ તો ત્યાં બિરાજે છે. આપણે અહીં છીએ. તો કૃપા કેવી રીતે થાય? પણ એમની કૃપામાં દૂરી નથી. વળી લાગે કે આટલા સમયથી વિનંતી કરીએ છીએ, પણ કૃપા કેમ થતી નથી? પણ એક વસ્તુ યાદ રાખવી કે પ્રભુની કૃપામાં દેરી પણ નથી.

માધવદાસ કાબુલમાં રહેતા હતા. એમને શ્રીનાથજીમાં એટલી આસક્તિ કે એમને દર્શન આપવા શ્રીજીબાવા રોજ કાબુલ પધારતા. એક દિવસ એક વૈષ્ણવ કાબુલ ગયા ત્યારે માધવદાસે કહ્યું કે મને અહીં રોજ શ્રીજીબાવા દર્શન આપે છે. પેલા વૈષ્ણવે કહ્યું : 'શું વાત કરો છો? આ મ્લેચ્છ ભૂમિમાં વળી શ્રીજીબાવા પધારે? દર્શન આપે? એવું કેવી રીતે બને? જો તમે સાચું કહેતા હો તો મને બતાવો કે આજે શ્રીનાથજીબાવાએ કેવાં વસ્ત્ર અને શૃંગાર ધારણ કર્યા છે?'

માધવદાસ બધું વર્ણન કરતા ગયા. પ્રભુએ આ રંગનાં વસ્ત્ર અને આવા શૃંગાર ધર્યા છે. પેલા વૈષ્ણવે આ તિથિ અને શૃંગારનો પ્રકાર લખી લીધો. જ્યારે મહિનાઓ પછી શ્રીજીદ્વાર આવ્યા અને રામદાસજીને પૂછ્યું તો લખેલું મળ્યું કે જેવા વસ્ત્ર શૃંગારમાં કાબુલમાં માધવદાસને શ્રીજીએ દર્શન આપ્યા હતા, બરાબર એ જ વસ્ત્ર-શૃંગાર ધરાયેલાં હતાં. આ બતાવે છે કે કાળ બાધા કરતો નથી. જીવ ક્યાં છે? તો જીવ સદા પ્રભુની સાથે છે અને પ્રભુ સદા જીવની સાથે છે. એ વાત આ સાતમી ટૂકમાં કહી. હવે આગળ કહે છે કે જીવને આ રીતે કાળ - કર્મથી દૂર કરે અને પોતાના વ્રજમાં વાસ આપે તો વ્રજમાં એને કઈ લીલાનો અનુભવ થાય.

જ્યાં નિત્ય રાસ બહુ પેરે રે,
મધ્ય નાયક નિર્તત ઘેરે રે,
જ્યાં રત્નજટિત તટ સરિતા રે,
નવ પલ્લવ ભૂમિ હરિતા રે...૮

શ્રીયમુનાજીનાં દર્શન અહીં ગોપાળદાસજી કરાવે છે. આગળ કહ્યું કે વ્રજમંડળ સ્થિર કરી સ્થાપોજી. જેને વ્રજમાં વાસ આપે એને વ્રજમાં કઈ લીલાનો અનુભવ થાય? તો કહે છે કે જ્યાં નિત્ય રાસ બહુ પેરે રે.

વ્રજમાં આટલી લીલાઓ નિત્ય છે. રાસલીલા, દાનલીલા, માનલીલા અને ગૌચારણ લીલા. ઠાકોરજી આ લીલાઓ કોઈ ચોક્કસ દિવસોમાં, ચોક્કસ સમયે જ કરે છે, એવું નથી. આ બધી લીલાઓ શ્રીઠાકોરજી રોજ કરે છે. આપણને થાય કે રાસલીલા તો નિત્ય કરે એવું સાંભળ્યું છે, પણ દાનલીલા તો ભાદરવા માસમાં જ આવે. પણ ઠાકોરજી તો દાનલીલા પણ નિત્ય કરે છે.

આપણું ઘર એ વ્રજ છે. વ્રજમાં જે ચાર લીલાઓ નિત્ય છે, એ ચાર લીલાઓ આપણા ઘરમાં પણ નિત્ય છે. આપણા ઘરમાં રોજ ઠાકોરજી આ ચારે લીલા કરે. આપણને થાય કે એ કેવી રીતે કરે? રોજ કરે કે કોઈક દિવસ કરે?

માનલીલા ક્યારે કરે? જ્યારે આપણા ઘરમાં કોઈ વૈષ્ણવ આવવાના હોય અને આપણા મનમાં મનોરથ જાગે કે આજે આ વૈષ્ણવ આવવાના છે તો ઠાકોરજીને એકદમ ભારે - સુંદર શૃંગાર કરું, કે પેલા વૈષ્ણવ જુએ કે કેવા સુંદર શૃંગાર થયા છે? અને એ વખતે તમે શૃંગાર ધરાવો કે શ્રીઠાકોરજી એ પાડી નાખે. બધા શૃંગાર વડા થઈ જાય. વારેવારે આવું થાય તો માનવું કે શ્રીઠાકોરજીની માનલીલા ચાલી રહી છે.

બીજી છે દાનલીલા. જ્યારે ભગવાને દાનલીલા કરી ત્યારે અમુક મટકીઓ ફોડી, અમુક ઢોળી અને અમુક મટકીઓ ભગવાન લઈ ગયા, આ મટકીઓ શું છે? એ ગોપીજનોનું મન છે. ગોરસ

એટલે શું? ભગવાન માટેનો પ્રેમ, સર્વાત્મભાવ. એ મનરૂપી મટકીમાં ભરેલું ગોરસ. ઠાકોરજીની સેવામાં આપણે બેઠાં હોઈએ પણ જરાયે મન ન લાગે, ચિત્તની એકાગ્રતા ન થાય, તો માનવું કે આ મનરૂપી મટકી પ્રભુના પ્રેમથી ભરાઈ નથી. ખાલી છે, માટે પ્રભુએ ફોડી છે. તેથી ઠાકોરજીની સેવામાં મન લાગતું નથી. થોડું મન ઠાકોરજીમાં લાગે અને થોડું બીજું કામ પણ થતું જાય તો માનવું કે પ્રભુના પ્રેમથી અધૂરી ભરેલી મટકી હતી, જેને પ્રભુએ ઢોળી છે. પ્રભુની સામે બેસીએ ત્યારે કોઈ લૌકિક વિચાર ન આવે, મન ક્યાંય બીજે જતું નથી, બધી ઈન્દ્રિયો એક સાથે શ્રીઠાકોરજીના સ્વરૂપમાં લીન થઈ ગઈ છે, તો આજે મારી મનરૂપી મટકી રસથી બરાબર ભરાઈ છે અને પ્રભુ એ મટકીને પોતાની સાથે લઈ ગયા છે. તેથી જ ચિત્ત પ્રભુમાં સ્થિર થયું છે. આમ મનરૂપી મટકી ખાલી હશે તો પ્રભુ ફોડશે. અધૂરી હશે તો ઢોળશે અને ભરી મટુકિયા લે ગયો રી. મનરૂપી મટકી ભરાશે ત્યારે ઠાકોરજી એને લઈ જશે.

આમ માનલીલા, દાનલીલા રોજ કરે તે રીતે રાસલીલા પણ રોજ કરે. એ કેવી રીતે? તમે ઠાકોરજીના શૃંગાર કરવા બેસો ને યાદ આવે કે અમુક વસ્તુ તો રહી ગઈ. પાછા ઉઠીને લેવા જાઓ. લાવીને બેસો ને વળી બીજું લાવવાનું યાદ આવે. પાછા ઊઠો. એ વસ્તુ લાવીને બેસો. આમ વારંવાર થાય તો માનવું કે આજે ઠાકોરજીને રાસલીલાનો મનોરથ થયો છે અને આ હાલારી રાસ ચાલે છે.

એ જ પ્રકારે ઠાકોરજી ગૌચારણલીલા પણ નિત્ય કરે. ગો એટલે આપણી ઈન્દ્રિયો. ઠાકોરજી ગાયોને ચરાવવા વ્રજમાં જતા નથી, પણ આપણી ઈન્દ્રિયો, જે પ્રભુને છોડીને દૂર દૂર જઈ રહી છે, એને ઘેરી ઘેરીને પાછા પોતાના વ્રજમાં લાવવા માટે જાય છે. જ્યારે ઠાકોરજીથી આપણે દૂર ગયાં હોઈએ, વિમુખ થયાં હોઈએ, ત્યાં કોઈ ઉત્તમ વસ્તુ દેખાય ને આપણા ઠાકોરજીની યાદ આવે, કે આ તો મારા પ્રભુને લાયક વસ્તુ છે, ત્યારે માનવું કે પ્રભુ ગોચારણ લીલા કરે છે.

તો આ ચાર લીલા એવી છે જે ઠાકોરજી નિત્ય કરે છે. માટે કહ્યું : જહાં નિત્ય રાસ બહુ પેરે રે. આ વ્રજ એવું છે જ્યાં ઠાકોરજી નિત્ય રાસ કરે છે. વ્રજ એટલે શું? વ્રજ એટલે બધા જ વૈષ્ણવોનું સાચું સાસરું. ગોકુળ સાસરિયે જાવું રે – બધા ગાય છે ને? જે દિવસે આપણે બ્રહ્મસંબંધ લીધું તે દિવસે શ્રીઠાકોરજી સાથે આપણાં અલૌકિક લગ્ન થયાં. આપણા સાચા પતિ આપણા ઠાકોરજી બન્યા. વ્રજમાં જતાં હોઈએ ત્યારે એમ માનીને ન જવું કે ફરવા જઈ રહ્યાં છીએ. એમ માનીને જવું કે સાસરે જઈ રહ્યાં છીએ. કન્યા પહેલીવાર સાસરે જાય ત્યારે કેવી આમન્યામાં રહે, લોકો શું કહેશે એ વિચારીને વર્તશે, આ ભાવ લઈને વ્રજમાં જવાનું છે. ઠાકોરજી જીવની પ્રતીક્ષા કરી રહ્યા છે. જરૂર અનુભવ કરાવશે. માટે કહ્યું કે જહાં નિત્ય રાસ બહુ પેરે રે.

ઠાકોરજી રાસ કરી રહ્યા છે, ત્યાં પાસે જ એક રત્નજડિત ઘાટ છે. એ ઘાટની મધ્યમાં શ્રીયમુનાજી વહી રહ્યાં છે. આસપાસની ભૂમિ હરિત છે. અહીં ગોપાલદાસજી સંકેતથી શ્રીઠાકોરજીના અને સ્વામિનીજીના વિહારનો અનુભવ કરાવે છે. શ્રીયમુનાજી એટલે સંયોગની શક્તિ, માનને દૂર

કરનારી શક્તિ. એમના તટ ઉપર યુગલસ્વરૂપ નૃત્ય કરે છે. શ્રીયમુનાજી – સંયોગની શક્તિ પાસે હોવાથી બંને સ્વરૂપોનો સંયોગ થયો. એટલે કે શ્રીઠાકોરજીનું નીલ વર્ણનું સ્વરૂપ અને શ્રીસ્વામિનીજીનું પીત વર્ણનું સ્વરૂપ – બંને રંગ મળે તો લીલો રંગ બને. તેથી કહ્યું ભૂમિ હરિત – લીલી બની છે. આમ સંકેતમાં સંયોગ બતાવી રહ્યા છે.

હવે દૃષ્ટિ પડે છે ગોપાળદાસજીની શ્રીગિરિરાજજી ઉપર. તેથી કહે છે :

જ્યાં રત્નધાતુ ગિરિ રાજે રે,
વાજિંત્ર વિવિધ પેરે વાજે રે,
જ્યાં યુવતી યૂથ બહુ માચે રે,
શ્રીજી શ્યામલ વર્ણ સુહાયે રે...૯

ગોપાલદાસજી આ ટૂકમાં કહે છે કે અહીં શ્રીગિરિરાજબાવા બિરાજે છે. એમની તળેટીમાં શ્રીઠાકોરજી અનેક યુવતીઓના યૂથો સાથે સુંદર નૃત્ય કરી રહ્યા છે. રાસ કરી રહ્યા છે. શ્રીજી સુંદર શોભી રહ્યા છે. આ દર્શન કરતાં ગોપાલદાસજીને પોતાના ગત જન્મની સ્મૃતિ આવી. તે જન્મમાં તો છુપાઈને દર્શન કર્યાં હતાં. આજે પ્રગટ થઈ રહ્યા છે. એ દર્શન મારા સામર્થ્યથી નહિ પણ માત્ર શ્રીગુસાંઈજીની કૃપાથી થઈ રહ્યાં છે. આગળ કહે છે :

એણી પેરે શ્રીગુસાંઈજીને જાણો રે,
જાણી અહર્નિશ ગાઈ વખાણો રે,
જે જીવ જાતિ હોય કોઈ રે,
તેને તત્ક્ષણ સર્વ સુખ હોઈ રે...૧૦

આજે કૃપાનો અનુભવ થયો, વ્રજમાં વાસ મળ્યો, શ્રી ગિરિરાજજી શ્રીયમુનાજીનાં દર્શન થયાં, ત્યારે કહે છે આ જે શ્રીજીનાં દર્શન થયાં, યુવતીઓની મધ્યમાં થયા, એ સ્વરૂપનાં દર્શન કરીને શ્રીગુસાંઈજીને ઓળખજો.

મેં આ જે ઠાકોરજીની લીલાનાં વર્ણન કર્યાં, એ માત્ર પ્રભુની લીલા નથી પણ શ્રીગુસાંઈજીની લીલાનું વર્ણન છે. એ પ્રકારે જ્યારે શ્રીગુસાંઈજીને જાણશો, જાણીને અહર્નિશ ગાઈ વખાણશો એટલે કે લીલાનું સદા ચિંતન કરતા રહેશો, અવગાહન કરતા રહેશો, તો શ્રીગુસાંઈજીનું બધું સુખ મળશે.

શ્રીગુસાંઈજી એક ગામમાં પધાર્યા હતા. ત્યાં માત્ર એક જ જીવ આપને શરણે આવ્યો. બ્રહ્મસંબંધ લઈને પૂછ્યું કે હવે મારું કર્તવ્ય શું? શ્રીગુસાંઈજી કહે : 'નિત્ય સત્સંગ કરજે.' આટલું કહીને આપ તો આગળ પધાર્યા. પણ વૈષ્ણવ વિચારે છે કે હું સત્સંગ ક્યાં કરું? હવેલી નથી કે બીજા કોઈ વૈષ્ણવ નથી. એમણે વિચાર કર્યો કે આ જે છોંકરનું વૃક્ષ છે, જે વૃક્ષની છાંવમાં શ્રીગુસાંઈજી બિરાજ્યા હતા અને મને બ્રહ્મસંબંધ થયું હતું, એ વૃક્ષ પણ વૈષ્ણવ છે. મારા માટે તો એ જ ભગવદીય છે. રોજ એની નીચે બેસીને સત્સંગ કરતા. શ્રીગુસાંઈજીના પ્રસંગો કહેતા.

ઘણા દિવસો સુધી એમણે વૃક્ષ નીચે શ્રીગુસાંઈજીના ચરિત્રનું વર્ણન કર્યું. ઘણા દિવસો પછી શ્રીગુસાંઈજી પાછા એ ગામમાં પધાર્યા અને આ વૃક્ષની પાસે આવ્યા, તો જાણે કે કોઈ વૈષ્ણવ દંડવત્ કરતા હોય તે રીતે વૃક્ષની ડાળીઓ આગળ ઝૂકવા લાગી. આખું વૃક્ષ નમ્યું. શ્રીગુસાંઈજીને સાક્ષાત્ દંડવત્ પ્રણામ કર્યાં. વિચાર કરો.

શ્રીગુસાંઈજીના નામનું અને ચરિત્રનું શ્રવણ કરીને વૃક્ષ પણ શ્રીગુસાંઈજીને નમે તો આપણે જો એમનું નામ સાંભળીએ તો પણ પ્રભુને ગમીએને! એ ગમી શકે છે તો આપણે પણ ગમી શકીએ. શ્રીગુસાંઈજીના નામનો આવો પ્રભાવ છે. તેથી કહ્યું જે જીવ જાત હોય કોઈ રે, તેને તત્ક્ષણ સર્વે સુખ હોઈ રે.

શ્રીગુસાંઈજીના નામનું સ્મરણ કરે, રટણ કરે તેને સર્વ પુષ્ટિમાર્ગીય સુખોનું દાન શ્રીગુસાંઈજી કૃપા કરીને એ જ ક્ષણ કરે છે. માટે કહ્યું : સેવક જન દાસ તમારો રે તેનો રૂપ વિયોગ નિવારો રે.

અહીં શું માગ્યું? ગોપાલદાસજી કહે છે : કૃપાનાથ, આપની લીલાનું પાન કર્યું પણ મારી આસક્તિ તો આપના સ્વરૂપામૃતનું પાન કરવામાં છે. આપે કૃપા કરીને મને આપની લીલાનાં દર્શન કરાવ્યાં, પણ ગોપીજનોએ આપના સ્વરૂપામૃતનું પાન કર્યું હતું, એ સ્વરૂપામૃતનું દાન મને કેવી રીતે થાય?

ગોપાલદાસજીના મનમાં ગોપીભાવ સિદ્ધ થયો અને જેમ ગોપીજનોનો મનોરથ પ્રભુએ પૂર્ણ કર્યો હતો, એવો મનોરથ પૂર્ણ કરવાની કામના એમના હૃદયમાં જાગી.

આ દુનિયામાં ક્યાંય સુખ છે, તો શ્રીવલ્લભના શરણમાં સુખ છે.

આનંદમાં રહેવું હોય તો વલ્લભ – વિઠ્ઠલના શરણમાં રહેવું. સર્વ સુખોને પૂર્ણ કરનારા શ્રી વલ્લભ-વિઠ્ઠલ છે. માટે ભગવદીયો ગાય છે.

શ્રીવલ્લભના શરણે જઈને રહીએ આનંદમાં,
સેવું સદા હું તો વ્રજના ધણી...
માગું એટલું... શ્રીવલ્લભના૦
વૈષ્ણવનો સંગ થાય, તન મનના દોષ જાય,
મિથ્યા પ્રપંચ મારા જાયે ટળી...
માગું એટલું... શ્રીવલ્લભના૦
ગોવિંદના ગુણ ગાય, હૃદય મારું દીન થઈ,
ગોકુલનો વાસ મને આપો હરિ..
માગું એટલું... શ્રીવલ્લભના૦

જીવ જ્યારે વલ્લભના શરણે જાય ત્યારે એને આનંદ મળે કારણકે વલ્લભ આનંદરૂપ છે, પરમાનંદરૂપ છે.

સેવું શ્રીયમુનામાને પ્રેમથી હું લાગું પાય,
આશ્રય દૃઢ થાય એવી આશા ધરી...
માગું એટલું.. શ્રીવલ્લભના.
કર જોડી એટલું માગું, આપો વિરહનું દાન,
દાસ કેરી આસ પ્રભુ કરો પૂરી...
માગું એટલું... શ્રીવલ્લભના.

પાંચમા આખ્યાનનો અહીં વિરામ કરીએ.

⁂

વલ્લભાખ્યાન : ૬

(રાગ : પરજ)

આ છઠ્ઠું આખ્યાન ખૂબ અદ્ભુત છે. જેમ શ્રીમદ્ ભાગવત શ્રીનાથજીબાવાનું વાઙ્મય સ્વરૂપ છે અને ભાગવતના બાર સ્કંધ શ્રીનાથજીબાવાના બાર અંગ છે, તેમાં દશમસ્કંધ એ શ્રીનાથજીબાવાનું હૃદય છે. એમ વલ્લભાખ્યાનને પણ આપણે શ્રીગુસાંઈજી પ્રભુચરણના વાઙ્મય સ્વરૂપ તરીકે માનીએ, તો આ છઠ્ઠું આખ્યાન આપનું હૃદય છે. આ હૃદયની અંદર આપે જે લીલા એમના હૃદયમાં છે એની કામના વ્યક્ત કરી છે.

આ છઠ્ઠા આખ્યાનની પહેલી બે ટૂકોમાં ગોપાલદાસજીની વિનંતી છે. પછી આગળના આખ્યાનમાં વિનંતીનો સ્વીકાર છે. કારણકે શ્રીગુસાંઈજીની કૃપામાં દૂરી પણ નથી અને દેરી પણ નથી. જ્યાં વિનંતી કરે, ત્યાં મનોરથ પૂર્ણ પણ થાય. ગોપાલદાસજીએ શ્રીઠાકોરજીનાં રાસનાં દર્શન કર્યાં, અનેક ગોપીજનો સાથે શ્રીઠાકોરજીને રાસ કરતા જોયા અને રાસનું સુખ પામવાનો મનોરથ ગોપાલદાસજીના મનમાં થયો.

આ આખ્યાનની ટૂકો યુગલગીતના ભાવની છે. અનોસરલીલામાં ગોપીજનો પોતાના સમયને કેવી રીતે વ્યતીત કરતાં તે અને પછી સંધ્યાઆરતીથી લઈને શયન સુધીની લીલાનો ક્રમ બતાવેલો છે.

ગોપાલદાસજીના મનમાં મનોરથ જાગ્યો કે પ્રભુના સ્વરૂપામૃતનું પાન કેવી રીતે કરી શકાય? ઠાકોરજીનું સ્વરૂપ કેવું છે? જે કોઈ એમના સ્વરૂપનું દર્શન કરે, એની દૃષ્ટિ સ્થિર થઈ જાય. ઠાકોરજીનું પ્રત્યેક અંગ એવું છે કે જ્યાં દૃષ્ટિ પડે ત્યાં જ ચિત્ત ચોંટી જાય. માટે ભગવદીયો કહે છે કે પ્રભુ આપે આપના એક એક અંગમાં ફંદા રાખ્યા છે. આપના નેત્રોમાં, અધરોમાં, નાસિકામાં, મુખમાં બધે જ ફંદ છે. જ્યાં દૃષ્ટિ પડે ત્યાં ફસાયા. યુગલગીતમાં વર્ણન આવે છે કે પ્રભુ વેણુ વગાડતા હતા ત્યારે આકાશમાં દેવતાઓ એમની પત્નીઓને લઈ લઈને વિમાનમાં જતા હતા, વેણુનાદ કરતા કરતા ભગવાને દૃષ્ટિ ઉપર કરી, તો વિમાનમાં જતી દેવ સ્ત્રીઓના કેશના પાશ ખુલી ગયા. વસ્ત્રનાં ઠેકાણાં ન રહ્યાં. વ્યાકુળ બની ગઈ. પ્રભુનાં દર્શન કરતાં મનમાં સંકોચ થયો કે મારા પતિ મારી સાથે છે, શ્યામસુંદરની વેણુ સાંભળી મારી દશા આવી થઈ છે તો એ મારે માટે શું વિચારશે? પણ એ દેવસ્ત્રીઓને ક્યાં ખબર હતી કે પ્રભુનાં દર્શનથી જેવી દશા એમની થઈ છે, એવી જ દશા એમના પતિઓની પણ થઈ છે! જ્યારે દેવસ્ત્રીઓ દર્શન કરતી હતી, ત્યાં એ ત્રિભુવનમોહન સ્વરૂપ જોઈ દેવતાઓના મનમાં મનોરથ જાગ્યો કે હે પ્રભુ, આપે અમને આ પુરુષ દેહ કેમ આપ્યો. પ્રભુ, એવી કૃપા કરો કે આપના સ્વરૂપામૃતનું પાન અમે કરી શકીએ. અમને પણ ગોપી બનાવી, વ્રજમાં પ્રાગટ્ય આપો. દેવસ્ત્રીઓની જેમ તેઓ પણ વિચારે છે કે અમારા હૃદયમાં જાગેલા આ ભાવ અમારી પત્ની જાણશે તો શું કહેશે? પણ પ્રભુનું સ્વરૂપ એવું છે કે જે એમના સ્વરૂપનાં, લીલાનાં દર્શન કરે એ વિચલિત બની જાય.

ગોપાલદાસજીએ પણ જ્યારે રાસનાં દર્શન કર્યાં ત્યારે એમના મનમાં પણ ગોપીભાવ જાગ્યો. પોતાના મનને સ્થિર કરીને પોતાના આરાધ્ય શ્રીગુસાંઈજીને વિનતી કરે છે, હે પ્રભુ, આપ ગરૂરૂપે તો મને મળ્યા છો, પણ મારો મનોરથ છે કે આપ પ્રભરૂપે મને મળો. આપ આચાર્યરૂપે મળ્યા છો પણ હવે પ્રભરૂપે દર્શન આપી મારો મનોરથ પૂર્ણ કરો. આવો વિચાર કરી, બે હાથ જોડી, વિનંતી કરે છે :

સગુણ સ્નેહી શામળા વહાલા,
અહર્નિશ દર્શન આપોજી,
પરમ સુખ દેવાને કાજે,
વ્રજમંડળ સ્થિર કરી સ્થાપોજી....૧

સૌથી પહેલાં કહે છે : હે પ્રભુ, આપ સગુણ છો, સ્નેહી છો. પ્રભુ કૃપા ક્યારે કરે? એ સગુણ હોય, સાથે એમના હૃદયમાં આપણે માટે ભાવ હોય ત્યારે કૃપા કરે. સગુણ એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આવા છ ધર્મોથી શોભિત છો. પ્રભુ, આપ રસરૂપ છો, છતાં આ દુનિયાનું મોટું આશ્ચર્ય છે કે આપનો એ રસ આજે સાકાર બની મારી સામે બિરાજે છે. હે પ્રભુ, આપનામાં ઐશ્વર્ય છે, એવા એવા જીવોનો આપ ઉદ્ધાર કરો છો, જેમણે પ્રભુને મેળવવા માટે કોઈ સાધન કર્યા નથી. એમનામાં કોઈ સાધન કરવાનું સામર્થ્ય પણ નથી. એવા જીવોને પણ આપે તાર્યા છે. આપનામાં વીર્ય ધર્મ છે. વીર્ય ધર્મ એટલે કર્મ, દેહદમન ઈત્યાદિ કરનારા જીવોના કલેશને દૂર કરી પ્રભુનો સંબંધ જોડી આપો છો. યશ ધર્મ આપની અંદર છે. શ્રી, જ્ઞાન, અને વૈરાગ્ય આપની અંદર છે. આ ધર્મો હોવાને કારણે આપ સાક્ષાત્ પ્રભુ છો. સગુણ છો, સ્નેહી છો અને વળી શામળા છો. આપ મારે માટે સ્નેહ રાખો છો. મને પણ આપના માટે સ્નેહ છે. અને વળી આપ એ જ શામળા છો, અને વહાલા પણ છો. જીવને એમને માટે વહાલ ન હોય તો પણ ન ચાલે. પ્રભુ આપ મારા વહાલા છો એટલે જેને વહાલ કરવાનું મન થાય એવા છો. એટલા માટે આપને વિનંતી કરું છું કે અહર્નિશ દર્શન આપોજી.

સગુણ ન હોય તો દર્શન ન થાય, સ્નેહ ન હોય તો યે દર્શન ન મળે, શામળા અને વહાલા ન હોય તોયે દર્શન ન મળે. શ્રીગુસાંઈજીનાં દર્શન કેમ માગે છે? કારણ કે સગુણ છે, સ્નેહી છે. શામળા છે અને વહાલા પણ છે. માટે આપનાં દર્શન અહર્નિશ મળે એવી કૃપા કરો. હું આપના દર્શન કરીને તૃપ્ત થતો રહું એવી કૃપા કરો.

ગોપાલદાસજીએ વિચાર કર્યો કે શ્યામસુંદરનું સુખ મારે જોઈએ છે, તો એ સુખ મને ક્યાં મળે? તો કહે છે પરમસુખ દેવાને કાજે વ્રજમંડળ સ્થિર કરી સ્થાપોજી. આપના દર્શનનું અહર્નિશ સુખ વ્રજમાં છે. પ્રભુ જ્યાં સર્વદા આપ બિરાજમાન છો એવું કોઈ સ્થાન છે તો એ વ્રજ છે. તો આપ એવી કૃપા કરો કે અમને વ્રજમાં વાસ મળે. અહર્નિશ આપનાં દર્શન થાય. મારા નેત્રને આપનાં દર્શનનું સુખ હંમેશ મળે તે માટે મને વ્રજમાં વાસ આપો. આપ મારા મનોરથ પૂરા નહિ કરો તો કોણ કરશે?

શ્રીગુસાંઈજી પૂછે છે : 'તારા મનોરથ મારે શા માટે પૂરા કરવા?' તો કહે છે કે 'આપનું એક નામ છે.' 'શું નામ છે?' તેના જવાબમાં બીજી ટૂક ગાય છે.

વલ્લભકુંવર કોડામણા
તમારું નામ નિરંતર લીજેજી
રૂપસુધારસ માધુરી તે
લોચન ભરી ભરી પીજેજી...૨

શ્રીગુસાંઈજી પૂછે છે : 'ગોપાલદાસ હું નિત્ય તમને વ્રજમાં વાસ આપું અને નિત્ય તમને દર્શન થતાં રહે એવું કરું, પણ તમને અહર્નિશ દર્શન મળશે તો તમે કરશો શું?' તો કહે છે કે હે પ્રભુ, આપ વલ્લભકુંવર છો. વલ્લભ એટલે પ્રિય, કું એટલે પૃથ્વી અને વર એટલે પૃથ્વીના પતિ. પ્રભુ છો. વળી આપ કોડામણા છો.

ભક્ત જે નામથી ભગવાનને બોલાવે, એનો અર્થ એ કે એ ભક્તના મનમાં એ વસ્તુ મેળવવાનો મનોરથ છે. જેને દ્રવ્ય મેળવવું હોય એ કહે કે હે લક્ષ્મીપતિ, કૃપા કરો. જેને જ્ઞાન મેળવવું હોય તે કહે : હે વિદ્યાપતિ, કૃપા કરો. ગોપીઓ ભગવાનને 'સુરતવર્ધન' કહે છે.

હે સુરતને વધારનારા, સુ રતિની ઈચ્છા ગોપીઓ કરે છે. ભગવાન પાસે રતિની-પ્રેમની ચાહના કરે છે, માટે સુરતનાથ કહીને બોલાવે છે.

અહીં ગોપાલદાસજી શ્રીગુસાંઈજીને 'વલ્લભકુંવર કોડામણા' કહે છે. કોડામણા એટલે મનના કોડ પૂરા કરવામાં સમર્થ હોય. કોડામણા એટલે એવું સ્વરૂપ કે જેમને વિનંતી કરવાની જરૂર ન પડે. મનમાં મનોરથ કરો અને પૂરા થઈ જાય. એને કહેવાય કોડામણા. પ્રભુ, આપ તો મનોરથ પૂરા કરવાવાળા છો. આપ તો મનને જાણવાવાળા છો. મારા અંતરને જાણો છો. આપ જાણો છો કે આ જીવ આપનાથી શું ચાહે છે. અમે કાંઈ માગીશું નહિ, યાચના નહિ કરીએ. બસ નિરંતર તમારું નામ લઈશું. નામનું રટણ કરતા રહીશું. નેત્ર વડે આપની સ્વરૂપમોહિનીનું, સ્વરૂપની માધુરીનું લોચન ભરીને પાન કરીશું.

તરસ્યો માણસ જલના ઘૂંટડા ભરીને એનું પાન કરે એ પ્રકારે પ્રભુ અમે પણ આપના સ્વરૂપમાધુર્યનું લોચન ભરી ભરીને પાન કરીશું. વૈષ્ણવના મનમાં મનોરથ જાગે ત્યારે એનું મન સફળ થયું કહેવાય. જ્યારે પ્રભુ માટેની પ્રીત એના હૃદયમાં જાગે, હૃદય ધારણ કરેલું પણ સફળ કહેવાય. જ્યારે આ કર્ણમાં એના પ્રિયતમના વચન પડે તો કર્ણ સફળ થયા કહેવાય. જ્યારે મુખથી એના પ્રિયતમનું નામ નીકળે, ત્યારે વાણી પવિત્ર થઈ કહેવાય. જ્યારે નેત્રોમાં પ્રિયતમની છબી અંકાય ત્યારે નેત્રની સફળતા કહેવાય. હે પ્રભુ, હું આપને નેત્રોથી હૃદયથી લગાવવા માગું છું. વારે વારે કોઈ પોતાના પ્રિયતમને હૃદયથી લગાવે તે રીતે હું નેત્રો દ્વારા આપના સ્વરૂપનું પાન કરવા માગું છું.

ગોપાલદાસજીના મનમાં આ ભાવ જાગ્યો છે. કહે છે કે મારે પ્રભુ સ્વરૂપે આપનાં દર્શન કરવાં છે. આપના ચરણારવિંદનાં દર્શન કરવાં છે. શ્રીગુસાંઈજી પૂછે છે : 'તમારે ચરણારવિંદનાં દર્શન કરવાં છે?' 'હા પ્રભુ.' 'કયા ચરણારવિંદનાં કરવાં છે?' જે ચરણથી કાલિયની ફણા ઉપર પ્રભુએ નૃત્ય કર્યું હતું એનાં?

'ના, એ નહિ.'

'જે ચરણારવિંદથી આપે રાસમાં નૃત્યું કર્યું હતું, એ ચરણારવિંદનાં કરવાં છે?'

'ના.'

'તો જે ચરણારવિંદથી સખાઓ સાથે ખેલતા, છાકલીલા કરતા, એનાં?'

'ના.'

'તો કયા? જ્યારે ગિરિરાજબાવાને ઊંચકીને ઊભા હતા તે ચરણના?'

'ના.'

'જ્યારે ઊભા ઊભા બંસી વગાડતા હતા, એ ચરણારવિંદનાં?'

'ના, પ્રભુ, મારે દર્શન તો કરવા છે, પણ આ બધાં ચરણનાં નહિ, હું તો એ ચરણનાં દર્શન કરવા માગું છું, જે આપ ગાયો ચરાવવા જાય ત્યારે ગાયોની પાછળ પાછળ દોડે છે.'

તે પદ ક્યારે દેખીશું જે
ગોધન પૂંઠે ધાયે જી,
વ્રજસુંદરી મુખ સુખ પામીને,
વારંવાર અઘાયે જી..૩

હે કૃપાનાથ, મારે એ ચરણનાં દર્શન નથી કરવાં, જે ચરણમાંથી ગંગાજી પ્રકટ્યાં, મારે એ ચરણનાં દર્શન પણ નથી કરવાં કે જેનું પૂજન બ્રહ્મા આદિ દેવતાઓએ કર્યું. મારે તો પ્રભુ, એ ચરણનાં દર્શન કરવાં છે જે ચરણ ગાયોની પાછળ પાછળ જાય છે.

શ્રીઠાકોરજી રાજભોગ પછી ગાયો ચરાવવા વનમાં જાય છે. તે સમયે એકલા જતા નથી પણ ગાયો સાથે જાય છે. ગાયો એ બીજું કોઈ નહિ પણ વ્રજમાં રહેતી પ્રત્યેક ગોપીનાં મન છે. જ્યારે આગળ ગાયો અને પ્રભુ પાછળ ચાલતા હોય ત્યારે એ ગોપીઓનાં મન પ્રભુની આગળ ચાલે છે. ક્યારેક વળી પ્રભુ આગળ અને ગાયો પાછળ ચાલે છે.

ભગવાન વ્રજમાં પધારે ત્યારે ગોપીઓને ચેન ન પડે. ગોપીઓને લાગે કે પ્રભુ વગરની એક એક ક્ષણ જાય છે, એ માનો એક યુગ વીતે છે. ગોપીઓ વિચારે છે કે પ્રભુએ આવો દિવસ કેમ બનાવ્યો? દિવસ ઊગે છે ને અમને છોડીને ચાલ્યા જાય છે. દિવસ ક્યારે આથમે અને ઠાકોરજી પાછા પધારે. જેમ તેમ કરીને ગોપીઓ દિવસ વિતાવે છે. જ્યારે સંધ્યાસમયે ગોધૂલિવેળા પ્રભુને પાછા પધારવાનો સમય થાય ત્યારે બધી ગોપીઓ પોતપોતાના ઘરના આંગણામાં ઊભી રહી જાય છે. પ્રભુની રાહ જોતી રહે છે. ગોપીઓ કહે છે : સૂર્ય આથમવાના સમયે દ્વાર ઉપર ઊભાં રહી અમે અમારા પ્રિયતમની પ્રતીક્ષા કરીએ એ જ અમારી ત્રિકાળ સંધ્યા છે.

ભગવાન ગાયો ચરાવવા વનમાં કેમ જાય છે? તો કહે છે ગોપીઓનાં મન ગાયો બનીને ભગવાનની આગળ આગળ ચાલે છે અને ભગવાન એમની પાછળ ચાલે છે. જે મન રૂપી ગાય પ્રભુને છોડીને પ્રભુથી દૂર જાય, વિમુખ થાય, એમને ઘેરી ઘેરીને પાછા પોતાના વ્રજમાં લઈને આવે છે. આખા દિવસનો વિયોગ ગોપીઓને થયો હોય છે. સાંજે પાછા આવે ત્યારે ગાયોની ખરીથી જે રજ ઊડે, એ ઊડતી રજ જોઈ ગોપીઓ ઉત્સવ મનાવે કે મારા પ્રભુ પધારતા હશે. ગોપીઓ હાથમાં અક્ષત, પુષ્પ વગેરે લઈને પોતાના ઘરના આંગણામાં ઊભી રહે. ગાયો આવે અને પાછળ પાછળ પ્રભુ પધારે ત્યારે એ ગોપીઓ પ્રભુનાં દર્શન કરવાનો મનોરથ કરે. પ્રભુ પધારી રહ્યા છે અને ગોપીઓનાં નેત્ર દર્શન કરવા માટે આતુર બન્યાં છે.

જ્યારે પ્રભુ સવારે વનમાં પધાર્યા ત્યારે ગોપીઓને લાગ્યું હતું કે આ આંખોને કાઢીને ફેંકી દઈએ. આ આંખોનો ભાર અમે શા માટે વહન કરીએ, જ્યારે આ નેત્રોને જોવા માટે સામે શ્યામસુંદર

નથી, છતાં અમારી આંખો ફૂટી જતી કેમ નથી? આ આંખો વ્યર્થ છે. હે શ્યામસુંદર, જ્યારે આપનાં દર્શન થાય ત્યારે આ નેત્ર સફળ થાય.

આવો વિચાર કરી રહ્યાં હતાં, ત્યાં જ ભગવાન ગાયોને લઈને પધારે છે. ગોપીઓની દૃષ્ટિ સૌથી પહેલાં શ્રીઠાકોરજીના એ ચરણારવિંદ ઉપર પડે છે, જે ગાયોની પાછળ પાછળ ચાલી રહ્યા છે. પછી સીધી દૃષ્ટિ પડે છે શ્રીઠાકોરજીના મુખારવિંદ ઉપર.

ચરણારવિંદ ઉપર દૃષ્ટિ પડે છે ત્યારે ગોપીઓ જોઈ રહી છે કે પ્રભુની ગતિ ધીમી છે કે તેજ છે? મનમાં ને મનમાં કામના કરી હોય છે કે ક્યારે પ્રભુને નિરખીશું? તે વખતે વિધાતાને પ્રાર્થના કરતાં કહ્યું હોય કે એવી કૃપા કરજો કે અમારા પ્રભુ થાકેલા હોય. પ્રિયતમ થાકેલા હશે તો અમને આનંદ આવશે. શા માટે? કારણકે જો પ્રભુ થાકેલા નહિ હોય તો જલ્દી જલ્દી પધારી જશે, પણ જો પ્રભુ શ્રમિત હશે તો ગતિ ધીમી હશે. ધીમે ધીમે ગજગતિથી ચાલતા પધારતા હશે ત્યારે અમારાં નેત્રોને આપનાં ટગર ટગર દર્શન કરીને ધન્ય કરવાનો મોકો મળશે. નેત્રો કૃતકૃત્ય કરવાની તક મળશે. જો પ્રભુ શ્રમિત હશે તો અમે મોટો ઉત્સવ મનાવીશું.

એક સખી બીજી સખીને પૂછે છે : ઠાકોરજી આપણને છોડીને વનમાં કેમ પધારતા હશે? ત્યાં એમને કોઈ સુખ મળે છે માટે પધારે છે એવું મને નથી લાગતું, પણ મને લાગે છે કે આપણા સ્નેહમાં કોઈ કમી છે માટે પધારે છે. આપણે પ્રભુને સુખ કે આનંદ નથી આપી શકતા માટે પ્રભુને આપણને છોડીને જવાનું મન થાય છે.

આમ સખી પોતાનો દોષ જુએ છે. એટલામાં પ્રભુ પધારે છે. બધી ગોપીઓને એમને નિરખીને થાય છે કે આ શ્યામસુંદર એ કોઈ સ્વરૂપ નહિ પણ રસ છે. રસનાં દર્શન ન થાય, રસનું તો પાન થાય. વારેવારે પાન કરીને નેત્રોને ધન્ય કરે છે. કોઈ ગોપી અટારીમાં ઊભી છે, કોઈ ઝરૂખામાં ઊભી છે, રસ્તા ઉપર ઊભી છે. ગાયો, ગાયોની પાછળ પ્રભુ, એમની પાછળ બીજી ગાયો અને સખાઓ પધારે છે. બધી સખીઓ એકબીજાને કહે છે કે જુઓ, આ પ્રભુ પધાર્યા. ગોપીઓએ પોતાના આખા દિવસના તાપનું શમન ગાયોની પાછળ ચાલતા પ્રભુનાં ચરણારવિંદનાં દર્શન કરીને કર્યું.

ગોપીઓનો તાપ શમ્યો. એમને શીતલતા મળી. જે ચરણારવિંદનાં દર્શન કરીને ગોપીઓને સુખ મળ્યું, એ ચરણારવિંદનાં દર્શન અમને ક્યારે થશે? એ વાત ગોપાલદાસજી અહીં કરે છે.

વળી વિચારે છે કે ગોપીઓના સાચા પ્રિયતમ શ્યામસુંદર છે, એ વનમાં ગયા છે, તો ગોપીઓ ઠાકોરજીથી દૂર હોય ત્યારે સમય કેવી રીતે પસાર કરતી હશે. એનો જવાબ આગળની ટૂકમાં આપે છે.

દિવસે સર્વ શ્યામા મળી,
રસરૂપ તણો યશ ગાયે જી,
ગોપમંડલી મધ્ય દેખીને
વારંવાર સુખ થાયેજી...૪

પ્રિયના પ્રેમની પરીક્ષા કેવી રીતે થાય? પ્રિય પાસે હોય અને એમનાં દર્શન કરતાં રહીએ, એમાં પ્રેમની પરીક્ષા નથી. પણ જે સમયે આપણા પ્રિયથી દૂર હોઈએ, એ વખતે આપણું મન આપણા પ્રિયમાં કેટલું છે, એના આધારે આપણી પરીક્ષા થાય.

ઠાકોરજીની સામે હોઈએ, સેવામાં હોઈએ ત્યારે તો મન ઠાકોરજીમાં લાગેલું હોય, પણ જ્યારે સેવામાંથી નિવૃત્ત થયા, જ્યારે અનોસરનો સમય છે, ત્યારે આપણા ચિત્તની વૃત્તિઓ ક્યાં છે, એને આધારે ખબર પડે કે આપણા હૃદયમાં આપણા પ્રભુ માટેનો પ્રેમ કેટલો છે?

ગોપીઓ દિવસે શું કરે છે? પ્રભુ પધારે પછી તેઓ વિચારે છે કે પ્રભુના વિયોગમાં કેવી રીતે જીવીએ? કેવી રીતે દેહને ધારણ કરીને રાખીએ. ગોપીઓ વિચારે છે કે એકલા દુ:ખ સહેવું મુશ્કેલ છે. ઘણાં સમદુ:ખીયાં ભેગાં થાય, તો કદાચ દુ:ખ ઓછું થાય, તેથી જેમને જેમને પીડા છે તે બધી ગોપીઓ કોઈ એક સખીના ઘરમાં ભેગી થાય છે. ત્યાં પોતાના પ્રિયતમે કરાવેલા અનુભવોની ચર્ચા કરે છે. એકબીજાને આશ્વાસન આપે છે. પ્રસંગો કહીને સંભળાવે અને કહે છે કે જુઓ ઠાકોરજી આવી કૃપા કરે છે. હવે આજે પણ કૃપા કરશે. ચોક્કસ પધારશે. ધૈર્ય ધારણ કરજો. આમ એકબીજાને ધૈર્ય આપતાં જાય છે અને રડતાં પણ જાય છે.

ઠાકોરજીએ અલગ અલગ ઋતુમાં, અલગ અલગ મહિનામાં જે જે અનુભવો કરાવ્યા છે એનું આદાનપ્રદાન પણ કરે છે. દિવસે સર્વ શ્યામા મળી રસરૂપ તણો યશ ગાયેજી. સખીઓ એકબીજાની સાથે પ્રભુની લીલાનો યશ ગાય છે. પ્રભુ કેવી રીતે એમનાં મનનું હરણ કરે છે તે બતાવે છે. એક સખી કહે છે કે હું જ્યારે એક દિવસ પ્રભુનાં દર્શન કરવા ગઈ તો જોયું કે પ્રભુ મહેલની ઊંચી અટારીએ બિરાજમાન છે. તેથી હું તેમનાં દર્શન કરવા સામેના ઘરની અટારીમાં ગઈ. પણ ત્યાં ઘણાબધા લોકો હતા. હું પ્રભુને જોઈશ અને પ્રભુ મને જોશે તો અમારો પ્રેમ પ્રગટ થઈ જશે એની મને ચિંતા થઈ. તો પ્રભુએ એક યુક્તિ કરી. મારી તરફ પીઠ કરીને ઊંધા બિરાજમાન થઈ ગયા. મને ચિંતા થઈ કે તેઓ મારાથી નારાજ થયા હશે. મેં એવો કયો અપરાધ કર્યો કે તેઓ મારી તરફ પીઠ કરીને બિરાજમાન થઈ ગયા? ત્યાં તો એમના હાથમાં નજર ગઈ. પ્રભુના હાથમાં દર્પણ હતું. દર્પણ એવી રીતે રાખ્યું હતું કે એમને મારું મુખ દેખાય. હું પણ સમજી ગઈ. હું પણ દર્પણ લઈને બેસી ગઈ. મારા દર્પણમાં પ્રભુનું મુખ દેખાય તે રીતે રાખી દીધું. આમ અમે એકબીજાનાં દર્શન કર્યા કરીએ. જોનારા લોકોને લાગ્યું કે આ બંનેમાં કેટલો મોટો વાંધો પડ્યો છે કે એકબીજાની સામે જોવા તૈયાર નથી.

એ વખતે મેં પ્રભુની તરફ દૃષ્ટિ કરી, બંને હાથ જોડી, મસ્તક નમાવ્યું. એના ઉત્તરમાં પ્રભુએ ત્રણવાર ચપટી વગાડી. હું ખુશ થઈ ગઈ. બે હાથ જોડી બતાવ્યું : પ્રભુ આપનું વામ અંગ એટલે હું અને દક્ષિણ અંગ આપ. બંને ક્યારેક મળીશું. મસ્તક ઝુકાવી કહ્યું હું આપને શરણે છું. આપે ત્રણ વાર ચપટી વગાડી. કોઈ વસ્તુ ત્રાણવાર કહેવાય એટલે સત્ય થઈ જાય. માટે હું પ્રસન્ન થઈ ગઈ.

બીજી સખી કહે છે એક દિવસ રસ્તામાં મને પ્રભુ મળ્યા. મારી સાથે વાતો કરવા લાગ્યા. એમની મીઠી મીઠી વાતો સાંભળી મને ન સમયનું ભાન રહ્યું, ગામના ચોરાયા ઉપર ઊભી છું, એનું ભાન ન રહ્યું, દેહનું ભાન ન રહ્યું. હવે સામેથી અમને બંનેને ઓળખે એવી વ્યક્તિઓ આવી રહી હતી. તરત જ

પ્રભુ આવીને મારી પાછળ સંતાઈ ગયા. મને તો બંને તરફથી નુકશાન થયું. પ્રભુનાં દર્શન ગયાં અને આવનારા લોકો મને જોઈ ગયા.

ત્રીજી સખી કહે છે મને તો માધવ માસની લીલા યાદ આવે છે. આપણે બધાં સ્વામિનીજીની સાથે બગીચામાં પુષ્પો ચૂંટવા માટે ગયાં હતાં. પુષ્પો વીણતાં વીણતાં બધી સખીઓ આગળ નીકળી ગઈ, રાધાજી પાછળ રહી ગયાં. તેમને ઝાડ ઉપર ઊંચે ખૂબ સુંદર પુષ્પો દેખાયાં. લેવાનું મન થયું. ઊંચા થઈને એ લેવા ગયાં, ત્યાં આપની સાડીનો પાલવ વૃક્ષમાં ભરાઈ ગયો. એમણે બધાંને બૂમો પાડી પણ બધાં તો આગળ નીકળી ગયેલાં. કોઈ તેમનો અવાજ સાંભળી ન શક્યાં. સ્વામિનીજીની આંખમાં આંસુ આવી ગયાં. કોણ મારો પાલવ કાઢી આપશે? ત્યાં જ ઝાડીમાંથી એક સુંદર યુવાન આવ્યો. હાથમાં લાકડી છે. ખભે કાળી કામળી છે. જાણે બાગની રખેવાળી કરનાર હોય! ચૂપચાપ આવીને, રાધાજીનો પાલવ કાઢીને, ક્યાંય ઝાડીઓમાં ખોવાઈ ગયો. થોડીવારમાં બધી સખીઓ શોધતી શોધતી પાછી આવી, પૂછ્યું : અમને કેમ બોલાવતાં હતાં? અમે દૂર નીકળી ગયાં હતાં એટલે આવતાં વાર થઈ.

રાધાજી કહે : 'શું બતાવું? મારો પાલવ ફસાઈ ગયો હતો.'

'હવે તો ઠીક છે ને? ચાલો જઈએ.'

બધાં ચાલ્યાં પણ રાધાજી ખોવાયેલાં લાગતાં હતાં. મન જાણે કોઈનું ચિંતન કરતું હતું. સખીઓએ કારણ પૂછ્યું. તો બનેલી બીના જણાવી. એ યુવાને આફતને સુલઝાવી. 'તો પછી તમે દુઃખી કેમ લાગો છો?' 'મારું મન એ યુવાનમાં ઉલઝી ગયું છે. કૃપા કરી મને એનાં દર્શન કરાવો.'

એટલામાં ઠાકોરજી પધાર્યા અને પૂછે છે : અરી તુમ કોન હોરી, બનમેં ફૂલવા બીનન હારી.

આમ સખીઓ જુદી જુદી લીલાનું ચિંતન કરે છે. કોઈએ દાનના દિવસોની વાત યાદ કરી. ગોરસની મટુકીઓ માથે લઈને સખીઓ જતી હતી. રસ્તામાં ઠાકોરજીએ આવીને દાન માગ્યું. ગોરસ માગ્યું તો સખીએ એમને ખાલી પડિયો આપ્યો. હાથમાં રહે તો યે એનું નામ 'પડિયો' એવો દોના આપ્યો. ઠાકોરજી ખુશ થઈને એ પડિયો લઈને ચાલ્યા ગયા. બધાંને થયું કે ગોરસ ન આપ્યું છતાં ઠાકોરજી ખુશ કેમ થયા? તો કહે છે સખી સમજી ગઈ કે ઠાકોરજીને શું જોઈએ છે, પણ બીજા કોઈ એમના ભાવને જાણી ન શકે માટે ખાલી દોના આપ્યો. દોના માં બે 'ના' છે. પહેલાં ગોરસ આપવાની ના પાડી. પછી 'ના' ની પણ ના પાડી. એટલે કે હા પાડી. અને જ્યાં હાં પાડી એટલે ઠાકોરજી રાજી થઈને ચાલ્યા ગયા.

આમ બધી સખીઓ અલગ અલગ લીલાઓનું ચિંતન કરે છે. સ્મરણ કરે છે. પ્રસંગો કહે છે. બધી સખીઓના પ્રિયતમ એક છે. અને જ્યારે એ બધી સખીઓ પોતાની ઉપર થયેલી પ્રભુની કૃપાની વાત કરે છે, ત્યારે કોઈને એકબીજાની ઈર્ષા થતી નથી. એમ કહે છે કે જુઓ, શ્રીઠાકોરજી કેવા કૃપાળુ છે! આની ઉપર આવી કૃપા થઈ, તો પ્રભુ મારી ઉપર પણ કરશે. બધી સખીઓ આ રીતે પોતાના ભાવનું દાન કરે છે. જ્યાં ગોધૂલિવેળા થાય, ઠાકોરજીને પધારવાનો સમય થાય, ત્યાં બધાં

ઘેર જઈ પ્રભુનાં દર્શન માટે ઊભાં રહે છે. કેવાં દર્શન કરે છે?

આવત મોહન ધેનુ લિયે ।
બાજત બેનુ રેણુ તન મંડિત,
બાહુ સખા કંધ દિયે ।
કટિ પટપીત લાલ ઉપરેના ઔર
નૌતન બનમાલ હિયે ।
કુંડલ લોલ કપોલ બિરાજત,
મોરપિચ્છ સિર પર દિયે,
પરમાનંદ દાસકો ઠાકુર,
તાપ નાસ કિયે ।।

જ્યારે શ્રીઠાકોરજી ગોચારણ કરીને પધારતા હોય ત્યારે આપનું સ્વરૂપ કેવું લાગે છે એ પરમાનંદદાસજી બતાવે છે. આગળ આગળ ગાયો છે.પાછળ સખાઓ છે. સખાઓની મધ્યમાં પ્રભુ ઘેરાયેલા છે. ગોપીઓને પ્રભુનાં દર્શનનો તાપ છે. પણ જુઓ તો ખરા, પ્રભુને બધા સખાઓ એવા ઘેરીને લઈ જઈ રહ્યા છે. જાણે કોઈ કીમતી ખજાનો જતો હોય, એની આસપાસ પહેરો હોય, એવી રીતે જઈ રહ્યા છે. છતાં ગોપીઓને થોડાં દર્શન થાય છે.

મોહન ધેનુ સાથે આવી રહ્યા છે. આપનું સ્વરૂપ કેવું છે? છે તો શ્યામ પણ ગાયોના ચાલવાને કારણે જે રજ ઊડી છે, તે એમના આખા મુખારવિંદ ઉપર, આખા શ્રીઅંગમાં છવાઈ ગઈ છે. જ્યારે એ રજને જુએ છે ત્યારે ગોપીઓની આંખમાં આંસુ આવે છે કે અમારા કરતાં ભાગ્યશાળી તો આ વ્રજની રજ છે. જે શ્રીઠાકોરજીના શ્રીઅંગથી લપટાય છે. અમારું તો કેવું દુર્ભાગ્ય કે આટલો તાપ હોવા છતાં પ્રભુનાં મન ભરીને દર્શન પણ કરી શકતાં નથી.

પ્રભુ આગળ પધારે છે. ગોપાલદાસજી કહે છે : ગોપમંડળી મધ્ય દેખીને વારંવાર સુખ થાયજી. જે જે સખાનું ઘર આવે તેને હૃદયથી લગાવી લગાવીને જવાની આજ્ઞા આપે છે. એક હાથમાં વાંસળી લઈને ગોળ ગોળ ફેરવી રહ્યા છે. ક્યારેક ક્યારેક લાકડી લઈને 'હીયો હીયો' કરતાં કરતાં ગાયોને દોડાવતા આગળ ચાલે છે. એ વખતે પ્રભુનાં નેત્ર મદથી ભરેલાં છે. ગોપીઓ કહે છે કે પ્રભુને એ વાતનું ગૌરવ છે કે મારી ગોપીઓ કેવી છે કે મને આટલો પ્રેમ કરે છે. આમ આપણા ગોપીઓના પ્રેમનો મદ ઠાકોરજીનાં નેત્રોમાં છે. ધીમે ધીમે ઠાકોરજી પધારે છે. જે સખીના ઘરની પાસે પધારે છે, એ સખી પ્રભુને નેત્ર દ્વારા આમંત્રિત કરે છે. કોઈ અક્ષતથી વધાવે છે. અલ્પમાનદેનુ એવા શ્રીઠાકોરજીનાં નેત્રો છે. એ નેત્રો એવાં છે કે કોઈની ઉપર વધારે વાર સુધી ટકે નહિ, સખી પ્રતીક્ષા કરતી હોય, પ્રભુની દૃષ્ટિ એની ઉપર પડે, એ સખી બીજી સખીને કહે કે જો, પ્રભુ મને જોઈ રહ્યા છે. ત્યાં તો પ્રભુની દૃષ્ટિ બીજે ક્યાંક જાય. એટલે કહ્યું એ નેત્રો અલ્પમાન દેનુ છે.

કવિ કહે છે કે બાજત બેનુ રેનુ તન મંડિત – ગોપાલદાસજી આ લીલાનાં દર્શન કેમ કરવા માગે છે? કારણ કે આગળ કહ્યું છે કે વ્રજમંડળ સ્થિર કરી સ્થાપોજી. વ્રજમંડળ ક્યારે કહેવાય કે જ્યારે આ ત્રણ વસ્તુનાં દર્શન થાય. ભગવદીયો કહે છે કે વ્રજ એને કહેવાય કે જ્યાં આ ત્રણ વસ્તુ છે. પ્રભુના ચરણમાં રેણુ, પ્રભુના મુખમાં વેણુ અને આગળ પાછળ ધેનુ. અહીં ધેનુ છે, મુખમાં વેણુ છે અને આખા શ્રીઅંગમાં રેણુ છે.

કેવી દશા છે. ગોપીઓ માત્ર એકવાર મન ભરીને પોતાના પ્રિયંતમને જોઈ લેવા ઈચ્છે છે. પણ આ ગોધૂલિવેળા તો તમોગુણી સમય છે. ઘરનાં બીજાં બધાં ઘણાં કામ કરવાનાં બાકી છે. એક તરફ બાળકો, બીજી બાજુ પતિ માટે વ્યવસ્થા, રસોઈ સિધ્ધ કરવાની છે. પણ મન તો પ્રિયતમનાં દર્શનમાં લાગેલું છે. બધાં ઘરકામ છોડી, બધા લોક અપવાદોને નેવે મૂકી પોતે પ્રભુનાં દર્શન કરવા આવી છે. વિચારે છે કે અમારા હૃદયમાં પ્રભુ માટે તાપ છે તો પ્રભુને પણ અમારા માટે કાંઈક તાપ તો હશેને! એક પ્રેમભરી દૃષ્ટિથી અમને જોઈ લે તો અમને લાગશે કે અમારો આખા દિવસનો તાપ શાંત થઈ ગયો. એક દૃષ્ટિનું દાન અમને આપે તો અમારા મનોરથ પૂર્ણ થાય.

ભગવાન ધીરે ધીરે પધારે છે. ગોપીઓ પોતાના મનના મનોરથ પોતાના નેત્રો દ્વારા ભગવાનને કહે છે.

ભગવાને કર્ણમાં કુંડલ ધર્યાં છે.પણ અહીં કવિ કહે છે કે કુંડલ લોલ કપોલ બિરાજત. કુંડલ કપોલ પર કેવી રીતે આવે? એ તો કર્ણમાં છે. કહે છે કે ઠાકોરજીના કર્ણમાં કુંડલ છે એ સુવર્ણનાં છે. સૂર્ય આથમવાનો છે, એનાં કિરણો કુંડલ ઉપર પડે છે તેથી સુવર્ણની ઝાંય ઠાકોરજીના કપોલ ઉપર આવે છે. શ્યામરંગના ઠાકોરજી ઉપર જ્યારે સોનેરી રંગનો પ્રકાશ પડે છે, ત્યારે તેઓ થોડા પીત અને થોડા નીલવર્ણના દેખાય છે. મોર જેવો રંગ લાગી રહ્યો છે. ગોપીઓ આવાં પ્રભુનાં દર્શન કરી રહી છે.

પ્રભુનું આગમન થયું ત્યારે ગાયોના કારણે આકાશમાં જે રજ ઊડે, એનાં વાદળો છવાયાં. ગોપીઓ આખા દિવસના તાપનું શમન કરે છે. હવે આગળ ગોપાળદાસજી કહે છે :

વાસર નિર્વાહ એમ કરે,
સખી સાયંકાળે પેખે જી,
અલક મુખ ખુરરજ લાગી તે,
કમલ ભ્રમર વિશેખે જી... ૫
ગોપબાલક મંડળી મધ્ય,
રંગ અનેક ઉપજાવે જી,
મત્ત ગજગતિ મલપતા તે,
શ્રીગોકુલમાં આવે જી...૬
લોચન ભૃંગ પીયે ઘણું તે,
પ્રગટ મુખ મકરંદજી.
કમલપત્ર શી આંખડી તે,
જોઈ જોઈ ટાળ્યો દ્વંદ્વ જી...૭

આખો દિવસ ગોપીઓએ પ્રતીક્ષા કરી, ક્યારે સંધ્યાકાળ થાય, અમારા પ્રિયતમ પધારે અને અમને દર્શન થાય. જ્યાં પ્રભુ પધાર્યા ત્યાં પ્રભુનાં દર્શન કેવાં થયાં? પ્રભુ ચાલતા ચાલતા પધારે છે ત્યારે ગાયોના ચાલવાને કારણે પીળી પીળી રજ ઠાકોરજીના આખા શ્રીઅંગ ઉપર લાગી ગઈ છે. પ્રભુ છે તો શ્યામ પણ આજે પાંડુ રંગના લાગી રહ્યા છે. જ્યાં શ્રીઠાકોરજીએ ગોપીઓ તરફ દૃષ્ટિ કરવા મુખ ફેરવ્યું, તો એમનાં ઘૂંઘરાળા કેશની લટો એમના મુખ ઉપર આવી ગઈ. એ જોતાં ગોપીઓને લાગ્યું કે શ્રીઠાકોજીનું મુખ તો પીત વર્ણનું રસ ભરેલું સુંદર કમળ છે. આવું સુંદર કમળ જોઈ ભ્રમર એની ઉપર મંડરાય છે. કેશની શ્યામ લટો ભ્રમર જેવી લાગે છે. ભ્રમર જાણે કમળના રસનું પાન કરી રહ્યો છે. ઠાકોરજી પોતાના શ્રીહસ્તથી એ લટોને હટાવે, પણ પાછી

એ મુખ ઉપર આવી જાય. માટે ગોપીઓ એને 'કુટિલ કુંતલ' કહે છે. ગોપીઓને પ્રભુનાં દર્શન આ રજને કારણે અને આ લટોને કારણે બરોબર થતાં નથી. તેથી લટોને કપટી કહે છે. કારણ પ્રભુના મુખારવિંદ ઉપર જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં પહેલાં એ લટો આવી જાય છે. મુખને ઢાંકી દે છે.

પ્રભુ ગોપબાળકોની મધ્યમાં છે. આ ગોપ દિવસે સખારૂપે છે અને રાત્રિલીલામાં સખીરૂપે છે. એમની સાથે આવી રહેલા ઠાકોરજી એમને અનેક રસનું દાન કરી રહ્યા છે. એ રીતે લીલા કરતાં મત્ત ગજગતિ મલપતાં તે શ્રીગોકુળમાં આવેજી. જેમ કોઈ ગજરાજ મસ્ત ગતિથી પોતાના ઝુંડની અંદર ચાલી રહ્યો હોય એવી ચાલે પ્રભુ પધારી રહ્યા છે. ગોપીઓની વચ્ચેથી પધારે છે ત્યારે લાગે છે કે ગોપીઓનાં લોચન રૂપી ભ્રમરો પ્રભુનાં મુખકમળનાં દર્શન કરે છે. પ્રભુના મુખકમળને જોઈ ગોપીઓનાં નેત્રો ભ્રમર બન્યા છે. જેમ ભ્રમર કમળ ઉપર બેસી, એના રસનું પાન કરતો રહે, એમ શ્યામસુંદર જ્યારે પધારે ત્યારે ગોપીઓનાં નેત્રો ભ્રમર બનીને આપના મુખકમળના રસને પીવા લાગે છે. આપના રસ સિવાય એને જગતનો બીજો કોઈ રસ ભાવતો નથી.

આપને જોયા પછી એને બીજું કંઈ જોવાનું મન થતું નથી. જ્યાં એમની દૃષ્ટિ શ્રીઠાકોરજીના નેત્ર ઉપર ગઈ, ત્યારે નેત્રોથી ઠાકોરજીને સંકેત કર્યો, ગોપીઓના મનનો મનોરથ શ્રીઠાકોરજીએ સ્વીકાર કર્યો. નેત્રો દ્વારા રસનું દાન કર્યું. તેથી કહે છે : કમળ પત્રશી આંખડી! તે જોઈ જોઈ ટાળ્યો દ્વંદ્વજી. હું અને પ્રભુ બંને અલગ અલગ છીએ એવો દ્વંદ્વ મટ્યો, એ ભાવ ગયો અને જાણે પોતે પ્રભુના સ્વરૂપમાં સમાઈ ગઈ હોય, એવો અનુભવ ગોપીજનોને થયો. આ વાત સાતમી ટૂકમાં કહી. હવે આઠમી ટૂકમાં કહે છે કે ગોપીઓના નેત્રો એવાં છે કે જે પ્રભુનાં દર્શન કરે એને બે દોષ મળ્યા વિના ન રહે. જ્યાં પ્રભુનાં દર્શનનાં અનેક સુખ છે, ત્યાં બે દોષ પણ આવે છે. એક અસંતુષ્ટિ અને બીજો અતૃપ્તિ.

આપણે કહીએ કે મન ભરીને પ્રભુનાં દર્શન કરવાં. પણ આ દર્શન એવાં છે જે કરીને દુનિયામાં ન કોઈનું મન ભર્યું છે, કે આપણું મન ભરાય. જેટલો પીતા જઈએ એટલી પ્યાસ ઔર વધતી જાય, એવો આ રસ છે. જેટલું પીએ એટલું વધારે અતૃપ્ત બનાય. માટે ગોપીઓને જ્યારે આપનાં મુખારવિંદનાં દર્શનથી સંતોષ ન થયો, રૂપામૃત મેળવવાની કામના જાગી, ત્યારે એમણે શું કર્યું તે હવે કહે છે.

જોતાં તૃપ્તિ ન ઉપજે પ્રભુ,
અધર સુધારસ પાયેજી,
ભુજલતા ભીડી ભામિનીના,
દિવસના તાપ બુઝાયે જી...૮

જ્યારે દર્શન કરીને ગોપીજનોને સુખ ન થયું ત્યારે નેત્રો દ્વારા પ્રભુને પૂછ્યું : 'કૃપાનાથ, એક પ્રશ્નનો જવાબ આપશો?'

'પૂછો.' પ્રભુએ કહ્યું.

'પ્રભુ, જેઠ મહિનાની સખત ગરમીમાં કોઈ વ્યક્તિ એના ઘરમાં બેઠી હોય, ગરમીમાં બહુ તપતી હોય, ત્યાં જ બીજો માણસ આવીને એના ઘરમાં આગ લગાવી દે, તો એ અપરાધ કહેવાય કે ન કહેવાય?'

'બહુ મોટો અપરાધ કહેવાય.' ભગવાને કહ્યું. 'પણ જો પછી એને દયા આવે અને પાણી છાંટી છાંટીને અગ્નિને હોલવવા લાગે તો પછી એનો અપરાધ દૂર થયો કહેવાય.'

'પ્રભુ, આવો અપરાધ આપ કરો છો.'

'મેં વળી ક્યારે આવું કર્યું?'

'પ્રભુ, એક તો આખા દિવસનો અમારા હૃદયમાં તાપ હતો, આપનાં દર્શન માટેનો તાપ હતો. હવે જ્યારે આપની દૃષ્ટિ અમારી ઉપર પડે, ત્યારે એ દૃષ્ટિમાં વિષ પણ છે અને આસવ પણ છે.'

આસવનું દર્શન જ્યારે કરાવો ત્યારે એવા મત્ત બની જઈએ કે ભાન પણ ન રહે અને જ્યારે વિષનાં દર્શન કરાવો ત્યારે અમે જીવી જ ન શકીએ. પ્રભુ, આપની દૃષ્ટિ તો અમને મારે છે. પણ પ્રભુ, આપની પાસે એક અમૃત છે. જેનાથી આપ અમને જીવાડી શકો. કયું અમૃત? આપનું અધરામૃત.

જેમ પ્રભુ આપના નેત્રમાં રહેલા વિષ વડે આપ અમને મારો, એમ આપની અધરસુધાનું દાન આપી અમને મરી ગયેલાંને જીવાડો. તેથી અમને લાગશે કે આગ લગાડીને જેમ પેલી વ્યક્તિ પાણી છાંટીને અપરાધમાંથી મુક્ત થાય, એમ કૃપા કરો, પ્રભુ, આપે આપના નેત્ર દ્વારા જે વિરહની આગ લગાવી છે, તો હવે આપ અધરામૃતનું સિંચન કરીને એ આગને દૂર કરો. તાપનું શમન કરો. ગોપીજનોની આ વિનંતીથી ભગવાન એમને હૃદયથી લગાવી એમના તાપનું શમન કરે છે. આગળ ૯ અને ૧૦મી કડીમાં કહે છે :

પૂરણ સુખ દઈ ગોષ્ઠમાં
પ્રભુ આઘેરા પાઉં ધારે જી,
યશોમતિ લઈ ભામણાં સુતને
રાઈ લોણ ઉતારે જી...૯
વસ્ત્રાંચલ ખુરરજ પોંછીને,
રૂપ સકલ નિહાળેજી,
ઊભી થાય રોમાવલી કર,
કોમળ અંગ સંભાળે જી...૧૦

આ આખ્યાનમાં બાળલીલા અને કિશોરલીલા બંનેનો અદ્ભુત સમન્વય કરેલો છે. કહે છે કે ગોપીજનોના જે જે મનોરથ હતા તે બધા પૂર્ણ કરીને પધાર્યા. આ કિશોરલીલા અને યશોદામૈયા ક્યારના દ્વાર ઉપર ઊભાં ઊભાં પ્રતીક્ષા કરી રહ્યાં છે. મારો લાલો નાનો છે. આજે એને આવતાં મોડું કેમ થયું હશે! ક્યાં રોકાઈ ગયો હશે? કોઈ અનિષ્ટ તો નહિ થયું હોય? કોઈ તકલીફ તો નહિ પડી હોય? અહીં ભગવાન ગોપીજનોના મનોરથ પૂર્ણ કરી રહ્યા છે, યશોદામૈયા પોતાના લાલનની ચિંતા કરે છે. આ બાળલીલા.

યશોદામૈયા અનેક તર્કવિતર્ક કરી રહ્યાં છે, એટલામાં ભગવાનને દ્વાર ઉપર જોયા. તરત લાલનની આરતી ઉતારી. રાઈ-લોન કર્યાં. આ છે ઠાકોરજીની સંધ્યા આરતી. માતાને થાય છે કે પ્રભુ ક્યાં ક્યાંથી પધાર્યા હશે અને કોની કોની દૃષ્ટિ એમના ઉપર પડી હશે, આ દૃષ્ટિદોષ નિવારવા માટે યશોદામૈયા પ્રભુની આરતી ઉતારે છે.

માટે જ પુષ્ટિમાર્ગમાં આરતી લેવાતી નથી, મર્યાદામાર્ગમાં દેવની આરતી થાય એ અર્ચના સ્વરૂપે થાય; પણ આપણે ત્યાં નંદાલયની ભાવના પ્રમાણે

એ આરતી દૃષ્ટિદોષના નિવારણ માટે થાય છે. મંગળા આરતી થાય તો મૈયાને લાગે કે રાત્રિના સમયે ભગવાન નિકુંજમાં પધાર્યા હશે અને કયા કયા ગોપીજનોની દૃષ્ટિ પ્રભુ ઉપર પડી હશે. એ દૃષ્ટિદોષના નિવારણ માટે આરતી ઉતારે. રાજભોગ સમયે મૈયા વિચાર કરે કે મારો લાલ આવા સુંદર શૃંગાર ધરીને બહાર ખેલવા પધારે છે, ત્યારે કોની કોની દૃષ્ટિ પડી હશે? એ દૃષ્ટિદોષના નિવારણ માટે આરતી થાય. આમ અલગ અલગ ચાર આરતી થાય, એનો મૂળ ભાવ દૃષ્ટિદોષનો છે. એટલા માટે આપણે ત્યાં આરતી લેવાનો ક્રમ નથી.

યશોદામૈયા આરતી ઉતારીને ઠાકોરજીનાં ટગર ટગર દર્શન કરે છે. રાઈ લોન કરે છે. પ્રભુને વિનંતી કરે છે કે આ બાળક ઉપર કોઈ વિપત્તિ ન આવે. એના ઉપર આવનારી વિપત્તિ મારા ઉપર આવજો. મારા લાલાનો વાળ પણ વાંકો ન થાય. પ્રભુને નિરખતાં જોયું કે પ્રભુના શ્રીઅંગ ઉપર રજ લાગેલી છે. એ જોઈ મૈયાથી ન રહેવાયું અને પોતાની સાડીના પાલવથી પ્રભુના મુખ ઉપર લાગેલી રજ પોંછવા લાગ્યાં. વસ્ત્રાંચલ મુખરજ પોંછીને, રૂપ સકલ નિહાળેજી. જ્યાં રજ પોંછીને મુખ જોયું તો લાગ્યું કે જાણે શ્યામ વાદળથી ચંદ્રમા ઢંકાઈ ગયો હોય અને વાદળ હટે એટલે ચંદ્રમા પ્રગટ થાય; બરાબર એવી જ રીતે રજ પોંછતા પ્રભુના મુખારવિંદનાં દર્શન મૈયાને થઈ રહ્યા છે. રજ રૂપી વાદળ હટ્યાં અને અંદરથી કૃષ્ણચંદ્રનો ચંદ્રમા પ્રગટ થયો અને એ ચંદ્રમાનાં દર્શન મૈયા ટગર ટગર કરી રહ્યાં છે.

દર્શન કરતાંની સાથે મૈયાની રોમાવલિ ઊભી થઈ ગઈ. પોતાનો શ્રીહસ્ત લાલાના કોમળ શ્રીઅંગ ઉપર ફેરવે છે. આગળ કહે છે :

કરી પેરે પેરે વારણાં સુતને
સદનમાં પધરાવે જી,
સુંદરી ગૃહ કારજ મિષે
વળી નિરખવાને આવેજી...૧૧
ઉષ્ણોદક સોંધો ભેળીને,
અંગ અંઘોળ કરાવે જી.
અંગવસ્ત્ર કરી સ્વચ્છ વપુને,
પાછે તેલ લગાવે જી...૧૨

મૈયાને અનિષ્ટની ચિંતા હતી. જ્યાં પ્રેમ હોય ત્યાં અનિષ્ટની અનેક શંકા થાય. શું થયું હશે, કેમ મોડું થયું હશે, કોની દૃષ્ટિ પડી હશે, એમ વિચાર કરી મૈયા વારેવારે પ્રભુનાં ઓવારણાં લે છે. પછી ઘરમાં પધરાવે છે.

જ્યાં પ્રભુને ઘરમાં પધરાવ્યા કે ગોપીઓ દર્શન કરવા આવી ગઈ. આ રસ તો એવો છે, જેટલો પીઓ એટલી એટલા પ્યાસ વધે. ખાલી દર્શન કરીને ગોપીઓને સંતોષ થયો ન હતો. હજી તો હમણાં પ્રભુ ઘરમાં પધાર્યા છે અને ગોપીઓ કોઈને કોઈ બહાનું કાઢીને, યશોદામૈયાને મળવા આવે છે. પ્રભુ જાણે છે કે આ ગમે તે મિષે આવી છે પણ મને જોવા આવી છે. સવારે સમય મળે કે ન મળે, અત્યારે લાલાનું મુખ જોઈ લઉં, કારણ જે દિવસે લાલાનું મુખ જોઉં તે દિવસે બધુ દહીં-દૂધ વેચાઈ જાય છે. આમ કહે એટલે મૈયાને લાગે કે જુઓ, મારો લાલો બધાંને કેટલો વહાલો છે. મૈયાને વાત્સલ્યભાવ દેખાય અને ગોપીઓને માધુર્યભાવ દેખાય. બંને ભાવ એકસાથે ચાલે છે. ગોપીઓ કોઈ બહાનું કરી દર્શન કરવા આવે, પ્રભુ દૃષ્ટિ દ્વારા એમના મનોરથ પૂરા કરે.

મૈયાને થાય કે મારા લાલાને રજ ઘણી લાગી છે. એને ઉષ્ણોદકથી સ્નાન કરાવી દઉં. સુંદર તૈયાર કરી દઉં. ગરમ જળ લાવે. બહુ ગરમ પણ નહિ અને બહુ ઠંડું પણ નહિ. એમાં સોંધો-અત્તર ભેળવે. જે ભક્ત અને ભગવાન વચ્ચેના અંતરને કાપી દે એ અત્તર. જે આપણી અને ભગવાનની સુગંધને એક કરી દે એ અત્તર, અત્તર હાથમાં લઈ શ્રીઠાકોરજીને સમર્પિત કરીએ એટલે આપણી અને પ્રભુની ખુશ્બુ એક થઈ ગઈ. તમે અને પ્રભુ એક થયા.

સોંધો ભેળવેલા ઉષ્ણોદકથી ઠાકોરજીને સુંદર રીતે સ્નાન કરાવ્યું. પછી અંગવસ્ત્ર કર્યું. સ્વચ્છ થયેલા શરીર ઉપર અત્તર સમર્પિત કર્યું. ત્યાર પછી ઠાકોરજીના એવા સુંદર શૃંગાર કર્યા કે ઠાકોરજીને થયું કે આવા સુંદર શૃંગાર થયા છે, જલ્દી જઈને ગોપીઓને બતાવી આવું.

અનેક સુગંધ વસન ને ભૂષણ,
ફૂલ અંબોડે ફાવે જી.
ઠણઠણતો વ્હાલો લાડકડો તે,
ભોજન શાળાએ આવેજી...૧૩.

સુંદર વસ્ત્રો, સુંદર શૃંગાર ધરાવ્યા. પછી મૈયાએ કેશનો અંબોડો બાંધીને તેમાં રંગબેરંગી પુષ્પો ખોસી દીધાં. ઠાકોરજી ભાગતા ભાગતા ગોપીઓ પાસે જઈને એવી સુંદર મુદ્રામાં ઊભા રહ્યા અને કહે છે, જુઓ, હું કેવો સુંદર લાગું છું!

ત્યાં જ મૈયા આવ્યાં. લાલા, મેં આજે તને ભાવતી બધી જ સુંદર સામગ્રી સિદ્ધ કરી છે. ભોજન કરવા ચાલ. પ્રભુનો હાથ પકડી ભોજન શાળામાં લઈ ગયા. ભોજનશાળામાં આવીને પાટલા ઉપર બિરાજમાન થયા કે કહે છે : 'અરે મૈયા, આટલી બધી સામગ્રી? આ તો મને બહુ ભાવે છે. આજે તેં મારી બધી ભાવતી વસ્તુઓ બનાવી છે. આજે ભોજનનો બહુ આનંદ આવશે.'

જ્યાં પ્રભુને આમ કહેતા સાંભળ્યા કે ગોપાલદાસજીને ખડખડાટ હસવું આવી ગયું. કહે છે : પ્રભુ, આપ મૈયાનું મન રાખવા માટે આવું કહો છો. આ બધી વસ્તુઓ મને બહુ ભાવે છે. પણ હું જાણું છું કે આપને દુનિયામાં કાંઈ ભાવે છે તો એક જ વસ્તુ ભાવે છે. 'શું ભાવે છે?' પ્રભુ પૂછે છે. એના જવાબમાં કહે છે :

રાધા અધરસુધા પિયુને
બીજું તે કાંઈ નવ ભાવેજી,
પ્રાતઃ પધારે ને નિશાએ આવે
વહાલો પ્રીત નવી ઉપજાવેજી...૧૪

પ્રભુ, આપ ભોક્તા છો પણ માત્ર એક જ રસના ભોક્તા છો. આપને રાધા અધરસુધા વિના બીજું તે કાંઈ નવ ભાવેજી. હે પ્રભુ, આપને રાધા અધરસુધા વિના બીજું કાંઈ ભાવતું નથી. આપ એના ભોક્તા છો.

એકવાર પ્રભુએ શ્રીદામાને કહ્યું : શ્રીદામા, તું મારો અંતરંગ સખો છે. તેથી હું તને મારા મનની વાત કરું છું. મારા જીવનનો કોઈ આધાર છે, તો રાધા છે, મારા કોઈ પ્રાણ છે તો, એ રાધા છે. શ્રીદામા, તને શું બતાવું? મારા નયનનો શૃંગાર કોઈ છે, તો એ રાધા છે. મારા જન્મનું કોઈ ફલ છે, તો એ રાધા છે. મારા મસ્તકનું ભૂષણ કોઈ છે, તો એ રાધા છે. પ્રભુ રાધાજી ને કહે છે કે મારા મસ્તક ઉપર રહેલા આ રત્નજડિત મુકુટથી મારા મસ્તકની શોભા નથી. આ સુંદર શૃંગારથી પણ મારા મસ્તકની શોભા નથી.

રાધાજી પૂછે છે : 'તો પ્રભુ એ શોભા શાનાથી છે?' તો કહે કે જ્યારે હું મારું મસ્તક ઝૂકાવું અને આપ આપનો શ્રીચરણ મારા મસ્તક ઉપર પધરાવો, ત્યારે મારા મસ્તકની શોભા થાય છે. જ્યારે આપ આપની બંને બાહુને મારા કંઠમાં પધરાવો, ત્યારે મારા કંઠના શૃંગાર થાય છે. આપ મીઠા મીઠા શબ્દો બોલો અને એ શબ્દો મારા કાનમાં પડે, તો મારા સાચાં કુંડળ એ શબ્દો છે. જ્યારે આપના શ્રીઅંગની સુગંધ મારી નાસિકામાં જાય, એ મારી નાસિકાનું ભૂષણ બને છે. જ્યારે આપ મને બોલાવો અને આપને મળવા માટે મારા ચરણ ચાલે, એ મારા ચરણના શૃંગાર છે. રાધારાણી, આપના વિના હું અધૂરો છું. હું કાંઈ આરોગું છું તો આપનું અધરામૃત જ આરોગું છું. એ સિવાય મને બીજું કાંઈ ભાવતું નથી.

એટલા માટે જ જ્યારે રાજભોગ આવે, જે ભોગ શ્રીસ્વામિનીજીના ભાવનો છે, તેમાં તુલસીપત્ર પધરાવાય છે અને શંખોદક થાય છે. આ શંખોદક શું છે? શંખનો આકાર કેવો છે? રાધાજીના અધર જેવો. એમાં જળ લઈ બધી સામગ્રીમાં છાંટવામાં આવે એનો અર્થ એવો કે હવે બધી સામગ્રી રાધાઅધરસુધા બની છે. હવે ઠાકોરજી એ આરોગે છે. એટલા માટે કહ્યું કે રાધા અધર સુધા વિના પિયુને બીજું તે કાંઈ નવ ભાવેજી. પ્રાતઃ પધારે ને નિશાએ આવે વહાલો પ્રીત નવી ઉપજાવેજી.

રાત્રિના સમયે પણ અનેક નવીન લીલાઓ દ્વારા આપ નવીન પ્રીતને જગાવે છે. પણ જ્યારે આપ ભોજન કરવા બિરાજ્યા ત્યારે કહ્યું કે આ સામગ્રી મને બહુ ભાવે છે. આ સામગ્રી બહુ સુંદર છે. આમ કહેતાં કહેતાં પોતે બધી સામગ્રી આરોગ્યા.

માતાનું મન રંજવા વહાલો
આરોગ્યા બહુ સ્વાદેજી.
સુગંધ બીડી કર ધરીને,
ઊઠ્યા નૂપુરને નાદેજી...૧૫

શ્રીઠાકોરજી બધી સામગ્રી પ્રશંસા કરતા કરતા આરોગ્યા. ગોપાલદાસજી કહે છે કે મેં આપની ચોરી પકડી પાડી છે. માતાને પ્રસન્ન કરવા માટે આપ આ સામગ્રીઓને પ્રશંસા કરી કરીને આરોગ્યા છો.

આજે પ્રભુને આવવામાં અવેર થઈ છે. સ્વામિનીજી શૈયામંદિરમાં પ્રભુની પ્રતીક્ષા કરી રહ્યાં છે. પ્રભુ, આખા દિવસનો તાપ છે. આપ ક્યારે પધારશો? આજે આપ મોડા પધાર્યા ને વળી સખીઓ પાછી આપને મળવા આવી ગઈ. વધુ અવેર કરાવી ગઈ. આજે મૈયાએ એટલી બધી સામગ્રીઓ સિદ્ધ કરી છે કે આપને આરોગતાં પણ વાર લાગી છે.

જ્યાં આપ તાપ સહન ન કરી શક્યાં, શ્રીઠાકોરજીને સંકેત કર્યા, પણ શ્રીઠાકોરજી સમજતા નથી. પ્રભુ ભોજન કરી રહ્યા, મૈયા આચમન કરાવીને, બીડાં હાથમાં આપે એટલામાં તો શ્રી સ્વામિનીજીને લાગ્યું કે આમને આમ રહીશ તો પ્રભુ સાંભળશે નહિ, એટલે પ્રભુને બતાવવા માટે કે હું આપની પ્રતીક્ષા કરી રહી છું, પોતાના ચરણને ઊંચો કરી, પોતાના ચરણમાં ધરેલા નૂપુરનો છમછમ નાદ કર્યો. પ્રભુ ચોંક્યા. અરે, શ્રીસ્વામિનીજી પધારી ચૂક્યાં છે! અવેર થઈ ગઈ છે. આપ નારાજ થઈ જશે. ન આચમન કરવા રહ્યા કે ન બીડાં લેવા રહ્યા, એક હાથમાં આચમનની ઝારી પકડી અને બીજા હાથમાં બીડું લઈ ભાગતા ભાગતા

શૈયામંદિરમાં પધાર્યા. સુગંધ બીડી કર ધરીને ઊઠ્યા નૂપુરને નાદેજી. કયા નૂપુરના નાદે પ્રભુ ઊઠ્યા? સ્વામિનીજીના નૂપુરના નાદે.

શૈયામંદિરમાં જઈ સ્વામિનીજીને કહે છે : જુઓ, આપને માટે હું આવી ગયો છું. આ બીડી પહેલાં આપ આરોગો, પછી હું લઉં.

લે રાધે ગિરિધર દે પઠાઈ અપને મુખકી સુંદર બીરી.

શ્રીસ્વામિનીજીએ એ બીડી આરોગી અને પછી શ્રીઠાકોરજીને આરોગાવી.

સકલ વ્રજમાં પોઢિયા વહાલો,
વિવિધ રસ સુખદાનજી,
એ લીલા મારે મન વસો
જે ભક્ત માગે માનજી...૧૬
શ્રીવિઠ્ઠલ દ્વિજ રૂપ તમારી,
લીલા એણી પેરે ઝાઝીજી.
ઓળવ્યે કેમ ચાલશે જે,
પ્રીત અમશું બાઝીજી...૧૭

જ્યાં પ્રભુને પોઢવાનો સમય થયો. પ્રભુ પોઢ્યા. પ્રભુને દુલાઈ ઓઢાડવામાં આવી. હવે આ લીલાનાં દર્શનનો આપણો અધિકાર નથી. હવે લીલાની સેવાનો સમય પ્રારંભ થયો. કારણ કે પ્રભુ પોઢ્યા છે પણ એમની લીલા તો નિત્ય અને અખંડ છે, માટે કહ્યું:

સકલ વ્રજમાં પોઢિયા વહાલો,
વિવિધ રસ સુખ દાનજી.

આ પદ એવું છે જે સમજાવી ન શકાય. જ્યારે કૃપા થાય ત્યારે સમજાય.

એ લીલા મારે મન વસો જે ભક્ત માગે માન જી.

શ્રીઠાકોરજી અહીં નંદાલયમાં તો પોઢ્યા પણ અનેક જીવો ઉપર કૃપા કરવા, અનેક કુંજોમાં પધાર્યા. એ વખતે ભક્ત માન માગે છે અને ભગવાન એને મનાવે છે. પ્રભુ એ જીવના મનોરથ કેવી રીતે પૂરા કરે છે, એ તો જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણ હૃદયમાં પધારે અને એ લીલાને પ્રગટ કરે ત્યારે એ લીલા સમજી શકાય.

છેલ્લે કહે છે : શ્રીવિઠ્ઠલ દ્વિજરૂપ તમારી લીલા એણી પેરે ઝાઝી જી. હે પ્રભુચરણ આપની લીલા તો વિવિધ પ્રકારની છે. આપણે બે ભાવ જોયા- બાલભાવ અને માધુર્યભાવ. આ લીલાની અંદર તો નવેનવ રસ છે. અનેક ભાવો છે. અનેક અનેક રીતે આમાં બધા પ્રકારના ભેદ અને બધા પ્રકારની વૃત્તિઓ છે. પ્રભુ, આપની લીલાને કોણ જાણી શકે, કોણ સમજી શકે? કારણકે જેમ આપનું રૂપ અનંત છે, આપની લીલાઓ પણ અનંત છે.

ઓળવ્યે કેમ ચાલશે જે પ્રીત અમશું લાગી જી.

હે પ્રભુ, આપ આપની લીલાને અમારાથી ગુપ્ત રાખો એ કેમ ચાલશે? કારણ કે અમે તો આપનાથી પ્રીત કરી છે. જ્યાં પ્રીત હોય તો પડદો ન હોવો જોઈએ. આપ કૃપા કરો અને આપના અધિકારીજનો છે એમને આપના આ મૂળ સ્વરૂપનું દર્શન કરાવો.

જેણે જેણે આપની સાથે પ્રીત કરી છે, એને કૃપા કરી આપની એ રહસ્ય લીલાનો, અનંત લીલાનો અનુભવ કરાવો. આ દર્શન કરીને આપણે આ છઠ્ઠા આખ્યાનને વિરામ આપીએ. હવે સાતમા આખ્યાનનો પ્રારંભ કરીશું.

વલ્લભાખ્યાન : ૭

(રાગ : સામેરી)

પુષ્ટિમાર્ગમાં સાતનું મહત્વ ઘણું છે. શ્રીનાથજીની ધજા સાત. ગિરિરાજજીની પરિક્રમા સાત કોસની. શ્રીગુસાંઈજીના લાલજી સાત. વેણુના છિદ્ર સાત. સંગીતના સ્વર સાત. મુખ્ય રંગો પણ સાત કહેવાય. આમ સાતના અલગ અલગ અર્થો છે. આખ્યાન શરૂ થઈ રહ્યું છે સાતમું. જોકે આજે તારીખ સાત નથી, છ છે. છ માં એક ઉમેરો તો સાત થશે. પ્રભુને એ જ વિનંતી કરીએ કે હે શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલ અમને એક વચન આપો કે આ સાતમા આખ્યાનનું ગાન કરીએ અને સદા આપનો સાથ રહે. સદા આપની સાથે રહીએ. આપ સદા અમને સાથે રાખો.

પહેલાં સાતમા આખ્યાનનું આપણે ગાન કરીએ અને એનું રસપાન કરવાનો પ્રયત્ન કરીએ.

આપ સેવા કરી શીખવે શ્રીહરિ
ભક્તિપક્ષ વૈભવ સુદઢ કીધો,
આપની લીલા તે વદન પોતે કહી
ઉચ્ચાર આનંદ તે અધિક દીધો...૧

છ આખ્યાન સુધીનું ગાન ગોપાલદાસજીએ કર્યું. છઠ્ઠા આખ્યાનમાં શ્રીઠાકોરજીની અનોસરની લીલાથી લઈને શયન સુધીની લીલાનું દર્શન પણ કર્યું. એ દર્શન કરતાં એનું ચિંતન કરતાં એમના મનમાં એ વાત દઢ થઈ ગઈ કે મેં જે લીલાનું દર્શન કર્યું કે શ્રીઠાકોરજી કેવી રીતે વનમાં પધારે છે, પ્રભુના વિયોગમાં ગોપીજનો કેવી રીતે આંસુ સારે છે, પ્રભુનાં દર્શન માટે કેવાં તડપે છે, અને જ્યારે પ્રભુ વ્રજમાં પાછા પધારે છે ત્યારે કેવી રીતે બધાના મનોરથ પૂરા કરે છે. પણ આ જે દર્શન મને થયાં છે એ લીલા મારા પ્રભુની નહિ, પણ શ્રીગુસાંઈજી પ્રભુચરણની છે.

આ વિચાર આવતાં તેમણે સાતમું આખ્યાન ગાયું. જેમાં કહે છે કે આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિપક્ષ વૈભવ સુદઢ કીધો. શ્રીગુસાંઈજીએ શું કર્યું? શ્રીગુસાંઈજીએ પ્રભુના જે રસનો અનુભવ કર્યો, જે આનંદ લૂંટ્યો એ પોતે જ નથી રાખ્યો, પણ વૈષ્ણવોને પણ લૂંટવા માટે છૂટો મૂક્યો છે. પોતે તો પ્રભુની સેવા કરી અને પછી એ જ પ્રભુની સેવા કરવાનો ઉપદેશ આપણને પણ આપ્યો.

અહીં એવો પ્રયોગ કેમ કર્યો કે શીખવે શ્રીહરિ? કારણ સેવા શીખવવાના ઉપાય અલગ અલગ હોય. કોઈને કહીને પણ કરાવવામાં આવે કે આ કર. બીજું કોઈને બતાવીને પણ કહેવાય કે આમ કર. આ રીતે કર. ત્રીજો પ્રયોગ છે પોતે કરતા જાય અને બીજાને બતાવતા જાય. શ્રીગુસાંઈજીએ માત્ર સેવા કરવાની આજ્ઞા નથી કરી. 'આ કર' એમ કહ્યું નથી. માત્ર કોઈને બતાવ્યું પણ નથી. આપ તો કહે છે કે જો, જે રીતે હું સુખ લઉં છું અને પ્રભુના સુખનો અનુભવ કરું છું, એવી રીતે તમે પણ કરો. કોઈ વસ્તુ પોતાના આચરણમાં સિદ્ધ કરીને બતાવે તેને જ આચાર્ય કહેવાય.

દુનિયામાં ઉપદેશકો ઘણા થયા, પણ શ્રીગુસાંઈજી તો આચાર્ય છે. એ ખાલી ઉપદેશ નથી કરતા. એ પોતે કરીને બીજાને કરવા માટે પ્રેરિત કરે છે. વળી શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રભુની સેવા કરવાની વાત પણ કેવી રીતે કરે છે? ભક્તિપક્ષ વૈભવ સુદઢ કીધો.

સેવા કરીને બતાવવાનો મતલબ શું? સેવા કરીને એટલા માટે બતાવી કે એમને એમ તમે સેવા કરવા જાઓ તો સેવાની રીત ગોખી શકો, સેવા કરતાં શીખી શકો પણ ગુરુ એ કહેવાય કે જે માત્ર રીત ન શીખવે, દૃષ્ટિ પણ આપે. પોતે સેવા કરીને બતાવીને શ્રીગુસાંઈજી પોતાના સેવકોને દૃષ્ટિ આપે છે. દૃષ્ટિ કેટલા પ્રકારની હોય? એક હોય ચર્મદૃષ્ટિ, બીજી હોય અધ્યાત્મ દૃષ્ટિ, ત્રીજી હોય ભાવદૃષ્ટિ અને ચોથી હોય રસદૃષ્ટિ. આમ ચાર પ્રકારની દૃષ્ટિ હોય.

હવે જુઓ, આપણી પાસે આંખો તો છે. જે બધાને દેખાય છે તે આપણને પણ દેખાય છે. એને કહેવાય ચર્મદૃષ્ટિ. બીજી છે અધ્યાત્મ દૃષ્ટિ. જ્યારે આપણે કોઈક પણ ઘટના જોઈએ ત્યારે લાગે કે આની પાછળ કોઈ તાત્ત્વિક કારણ પણ છે. જ્યારે તાત્ત્વિક અર્થ સમજાવા લાગે ત્યારે માનવું કે આ અધ્યાત્મ દૃષ્ટિ છે.

ત્રીજી ભાવદૃષ્ટિ. જે જે ક્રિયા આપણે કરતા હોઈએ, એ ક્રિયાની પાછળ પ્રભુની લીલાના અનુભવ થવા લાગે એ ભાવદૃષ્ટિ, પ્રભુ આમ કરતા હશે? પ્રભુએ આવું વિચાર્યું હશે? પ્રભુના મુખ ઉપર અલગ અલગ ભાવ દેખાય ત્યારે થાય કે આજે પ્રભુના મનમાં શુ મનોરથ હશે? આવા વિચાર આવે ત્યારે માનવું કે આ ભાવદૃષ્ટિ છે.

ચોથી છે રસદૃષ્ટિ. જ્યારે પણ ઠાકોરજીની સેવા કરીએ ત્યારે શ્રીઠાકોરજીની આસપાસ જેટલા પણ જીવો હોય, આપણા ઘરની વ્યક્તિઓ સેવામાં હોય તે કોઈપણ આપણને સગાં સંબંધી ન લાગે પણ ઠાકોરજીની લીલાની કોઈ સખી લાગે. ઠાકોરજીના વ્રજભક્તો લાગે. આવી દૃષ્ટિ આવે ત્યારે માનવું કે આ રસદૃષ્ટિ આપી. શ્રીઠાકોરજીનું જેટલું પણ સાહિત્ય હોય, વસ્ત્ર-વાઘા-શૃંગાર-આભૂષણ વગેરે હોય તે બધાંમાં આપણને એક એક વ્રજભક્ત દેખાવા લાગે, કારણ કે પ્રભુની રાસલીલા તો નિત્ય ચાલી રહી છે. તેથી જેટલી પણ લીલાસામગ્રી છે એ બધી શ્રીઠાકોરજીનો લીલાપરિકર છે. જ્યારે આ રસદૃષ્ટિ આપણને મળે ત્યારે સાચા અર્થમાં આપણે ભગવદ્ સેવાના અધિકારી બનીએ. એટલા માટે ગોપાલદાસજી કહે છે કે અમારા કૃપાનાથ શ્રીગુસાંઈજી સેવા કરે છે અને કરીને શીખવે છે. અહીં કહે છે 'શીખવે શ્રીહરિ.'શ્રીહરિ એટલે કોણ? જે દુઃખોને હરી લે તે હરિ. શ્રીગુસાંઈજી સેવા કરીને શીખવે છે એમાં એમનો એ ઉદ્દેશ નથી કે આ બધા વૈષ્ણવો બધું શીખે, જાણે, તૈયાર થાય. શ્રીગુસાંઈજી પ્રભુચરણ સેવા કરીને શીખવે છે એમાં કારણ બીજું કાંઈ નહિ પણ માત્ર એમની કૃપા છે. કારણ કે આપ હરિ છે. આપ ભક્તોના દુઃખોને હરનારા છે. તેથી આપનું નામ પણ હરિ કહ્યું. એટલા માટે કહ્યું :

આપ સેવા કરી શીખવે શ્રીહરિ
ભક્તિપક્ષ વૈભવ સુદઢ કીધો.
આપની લીલા તે વદન પોતે કહી
ઉચ્ચાર આનંદ તે અધિક દીધો.

પોતે સેવા કરે અને શીખવે. જે દાસ બની શકે એ દાસ બનવાની પ્રેરણા પણ આપી શકે. આ

જીવનમાં સ્વામી બનવું સહેલું છે, પણ દાસ બનવું બહુ અઘરું છે. માલિક બનવું સહેલું છે, પણ દાસ બનવું બહુ અઘરું છે. આ દાસ્યભક્તિ છે. દાસ્યભક્તિ કોને કહેવાય? જીવનમાં સૌથી કપરું કાર્ય દાસ બનવાનું છે. દાસ બન્યા ક્યારે કહેવાય? દાસ કોને કહેવાય? જેની પાસે બીજા કોઈ ચોઈસ ન હોય. સ્વામી જે કરવાની આજ્ઞા કરે એ જ વસ્તુ કરવા જે બંધાયેલો હોય એ દાસ. અને ભક્ત કોને કહેવાય? ઘણા કહે કે ભક્ત એને કહેવાય જે ભાત જેવો હોય. જ્યારે ડાંગર ખાંડવામાં આવે ત્યારે એના બધાં છોતરાં નીકળવા લાગે. છતાં જે પોતાને તૂટવા ન દે, અખંડ રહે, વળી એ પણ પ્રભુ એમનેમ આરોગે નહિ, એને રંધાવા માટે અગ્નિ ઉપર મૂકવા પડે. જ્યારે એ અગ્નિમાં બરોબર તપે અને પરિપક્વ બને ત્યારે જ એ ભોગ્ય બને. જ્યારે એ ભાત પ્રભુને આરોગાવવાનો હોય ત્યારે કોઈ એને ખાટો કરી દે, કોઈ મીઠો કરી દે, કોઈ તીખો કરી દે, પરંતુ ભાતને પોતાની કોઈ ચોઈસ હોતી નથી. એને જેવા રંગે રંગવા હોય તમે રંગી નાખો, એને જેવો બનાવવો હોય, બનાવી દો. બસ એને તો બધું જ મળી જાય જ્યારે પ્રભુને એનાથી સુખ થાય, પ્રભુને એનાથી તૃપ્તિ થાય. આવી જેની નીતિ હોય એને કહેવાય ભક્ત.

જે પ્રભુના રંગે રંગાવા તૈયાર હોય એને કહેવાય દાસ. દુનિયામાં દાસ બનવું એ સૌથી અઘરું છે. કારણકે દાસને જરાયે સુખ ન હોય.એ વધારે બોલે તો બધા કહેશે બહુ બોલે છે. ન બોલે તો કહેશે આ તો સાવ મૂંગો છે. દાસ એ છે કે એને એનો સ્વામી જેમ રાખે તેમ રહેવા તૈયાર હોય.

આપણે બધા કહીએ છીએ કે અમે પ્રભુના દાસ છીએ. સેવક છીએ. હવે તમે બતાવો કે તમે કોઈ એવો સેવક રાખો કે જે સેવા તો તમારી કરે પણ જરૂર પડે તો બધે ભટકતો ફરે, બીજે માગવા જતો રહે, બધાને કહેતો રહે કે મને કંઈક આપો. આ વાતની તમને ખબર પડે તો તમને એ ગમે? જ્યારે આપણે કહી રાખ્યું હોય કે તારે જે પણ જોઈએ તે કહેજે. એણે પણ કહ્યું હોય કે આપની સેવા કરું છું તો બીજાની પાસે આશા રાખીશ નહિ. છતાં જરાક જરૂર પડે તો આખા ગામમાં માગતો ફરે. તો પછી આપણને ગમશે? નહિ ગમે. તો શું આપણા પ્રભુને આવું ગમતું હશે?

સેવક તો આપણે બની ગયા છીએ પણ શું સેવકનો ધર્મ નિભાવી રહ્યા છીએ? શ્રીગુસાંઈજી પોતે સેવા કરીને શીખવે છે - શાને માટે? સેવા ક્યારે થાય? કોને કહેવાય? જેમાં પ્રભુને સુખ મળે તે સેવા. તો પ્રભુને સુખ ક્યારે મળે? શ્રીગુસાંઈજી પ્રભુચરણ બહુ સુંદર રીતે સમજાવે છે કે સેવામાં આનંદ ક્યારે આવે? જ્યારે તમે શ્રીઠાકોરજીની પાસે જાઓ અને જેવી ઋતુ ચાલતી હોય, જેવો મનોરથ તમે કર્યો હોય, એને અનુકૂલ પિછવાઈ, વસ્ત્રો, શૃંગાર, એને અનુકૂલ કીર્તન અને સામગ્રી. આ બધી વસ્તુઓ ભેગી મળે તો સેવામાં આનંદ આવે.

શ્રીઠાકોરજી લીલા ક્યારે કરે? જ્યારે શ્રીઠાકોરજીને એવો માહોલ આપવામાં આવે. તો પ્રભુને એવો માહોલ ક્યારે મળે? જ્યારે પીછવાઈ, વસ્ત્ર-શૃંગાર-કીર્તન સામગ્રી બધું જ મનોરથને - લીલાને અનુકૂળ હોય ત્યારે મળે. તો પ્રભુને વ્રજમાં જે લીલા કરી હોય તેની સુધી આવે. યાદ આવે. જ્યારે લીલાની

સુધી આવે ત્યારે શ્રીઠાકોરજીની અંદર રસ પ્રગટે રસમગ્ન બને ત્યારે પ્રભુ લીલા કરે જ્યારે પ્રભુ લીલા કરે ત્યારે સેવામાં આપણને આનંદ આવે.

શ્રીઠાકોરજીનો મનોરથ રાખ્યો છે દાનનો, પણ પીછવાઈ બીજી કોઈક છે, કીર્તન વળી બીજી લીલાના ગવાઈ રહ્યા છે, સામગ્રી બીજી કંઈક છે, તો આને કહેવાય રસાભાસ. જ્યારે આવું વાતાવરણ આપણે આપીએ ત્યારે શ્રીઠાકોરજીની અંદર રસ જ ન પ્રગટે, રસ ન પ્રગટે તો લીલા ન કરે, લીલા ન કરે તો સેવામાં આનંદ ન આવે. ત્યારે આપણે કહીએ કે ચાર કલાક સેવામાં બેઠા પણ આનંદ આવ્યો નહિ. આનંદ કેમ ન આવ્યો? કારણ કે શ્રીઠાકોરજીએ લીલા જ કરી નથી. લીલા કરે તો રસ પ્રગટે અને આનંદ આવે! અનુકૂલ લીલાસામગ્રી આપણે ભેગી કરી નથી એટલે આનંદ આવ્યો નહિ. તેથી જ્યારે જ્યારે આપણે પ્રભુની સેવા કરીએ અને આનંદ ન આવે, કંટાળો આવવા લાગે, થાક લાગે ત્યારે માનવું કે આજે કંઈક પ્રભુને રસાભાસ થયો છે.

જુઓ તો ખરા, આપણે દર વર્ષે મળીએ છીએ ત્યારે દિવસો પણ કેવા સુંદર દાનના દિવસો હોય છે. દાનના દિવસોમાં મળીએ છીએ. દાનના મુખ્ય સ્વામિની કોણ છે! સ્વકીયા અને પરકીયા- બેમાંથી દાન કોની પાસે માગે છે? શ્રીઠાકોરજી પરકીયા ગોપીજનોનાં મુખ્ય સ્વામિની શ્રીચંદ્રાવલીજી પાસે દાન માગે છે. કેમ? સ્વકીયા પાસે દાન માગવા જાય તો એ ગોપી તો કહેશે : 'પ્રભુ, મારું છે શું? જે છે તે પ્રભુ આપનું છે. આપ લઈ લો.' તો પ્રભુને આનંદ ન આવે. પરકીયા પાસે માગે તો એ મીઠી ગારી (ગાળો) પણ આપે. કહી દે કે શું છે? જાઓ અહીંથી. આમ રકઝક થાય તો પ્રભુને પણ દાન લેવાનો આનંદ આવે.

આમ શ્રીઠાકોરજી દાનના દિવસોમાં દાન શ્રીચંદ્રાવલીજી પાસે લે છે અને શ્રીગુસાંઈજી પણ ચંદ્રાવલીજીનું સ્વરૂપ છે. આ દાનના દિવસો, જેમાં શ્રીચંદ્રાવલીજીની મુખ્યતા છે, એમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણના ગુણગાન આપણે સાંભળીએ છીએ.

દાન એટલે શું? શ્રીઠાકોરજી દાન લે એટલે શું લે? કર લે. શ્રીઠાકોરજી આપણને પોતાના કરી લે.

ગોવર્ધન કી સિખરતેં મોહન દીની ટેર,
અંતરગસોં કહત હૈ સબ ગ્વાલિન રાખો ઘેર.

ગોવર્ધનના શિખર ઉપરથી જે ટેર અપાયેલી હોય તે ટેર તળિયે ઊભેલા કોઈ સાંભળી ન શકે. શિખરથી અપાયેલી ટેર એ જ સાંભળી શકે જેણે પોતે પણ એ શિખર સર કર્યું હોય. શ્રીઠાકોરજીએ જ્યારે ટેર લગાવી ત્યારે કહે છે - અંતરંગસોં કહત હૈ - અહીં અંતરંગ કોણ? પ્રભુના અંતરંગ એટલે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી. પ્રભુએ એમને કહ્યું કે આ જીવોને ઘેરીને મારી સન્મુખ કરો.

ગોપીઓ પણ બચવા માગે છે. કહે છે કે દાન નહિ આપીએ. અમને જવા દો. 'મોહન જાન દે.' આ શબ્દોને આમ લખીએ - 'મોહ ન જાન દે' તો શું અર્થ થાય? એક અર્થમાં ગોપીઓ કહે છે કે અમને જવા દો. બીજા અર્થમાં કહે છે કે નહિ જવા દો, કારણ કે આ તો દાનલીલા છે. એટલા માટે શ્રીગુસાંઈજીનું વર્ણન કરતાં કહે છે કે આપ સેવા કરી શીખવે શ્રીહરિ ભક્તિપક્ષ સુદૃઢ કીધો. આપની લીલા તે વદન પોતે કરી ઉચ્ચાર આનંદ તે અધિક દીધો.

શ્રીગુસાંઈજી સેવા કરી રહ્યા છે. શ્રીઠાકોરજીના આનંદનો વિચાર, સુખનો વિચાર શ્રીઠાકોરજીના સ્વામિનીજી સિવાય કોણ કરી શકે? પ્રભુને શું રુચે અને શું ન રુચે એનો વિચાર – એનો ખ્યાલ સ્વામિનીજી સિવાય કોને આવે? એટલા માટે શ્રીસ્વામિનીજીએ પોતાના મુખારવિંદમાંથી શ્રીચંદ્રાવલીજીને પ્રગટ કર્યાં. શ્રીગુસાંઈજી આ ચંદ્રાવલીજીનું સ્વરૂપ. તેઓ દાન એકાદશીને દિવસે બેઠા બેઠા કંઈક વિચારતા હતા. ચિંતન કરતાં આપને પેલો પ્રસંગ યાદ આવ્યો.

જ્યારે પ્રભુદાસ જલોટા શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી દહીં લેવા માટે ગયા. એક ગોવાલણ પાસે બહુ સુંદર દહીં જોયું. તેમને થયું કે આ દહીં તો મારા શ્રીજીને લાયક છે. ગોવાલણને પૂછે છે આ દહીંનું તું શું લઈશ? ગોવાલણ કહે છે કે દહીનું મૂલ તો એક ટકો છે, પણ તમે વાત એવી રીતે કરી રહ્યા છો કે જાણે આ દહીંના બદલામાં તમે મને મુક્તિ આપી દેવાના હો.

પ્રભુદાસ જલોટા વિચારે છે કે આ સુંદર દહીં મારા પ્રભુને લાયક છે. ગોવાલણ કહે છે કે દહીંના બદલામાં મને મુક્તિ આપશો? પ્રભુદાસે દહીં લીધું. એક ટકો તો આપ્યો. સાથે એક કાગળમાં લખી આપ્યું કે આ દહીંના બદલામાં તને મુક્તિ આપું છું. ગોવાલણ કહે છે કે તમે દહીંના બદલામાં મને મુક્તિ તો આપી પણ મારી પડોશણ આ વાત માનશે નહિ. માટે એવું કરજો કે જ્યારે મને મુક્તિ મળે ત્યારે દેવદૂતો મને મારી પડોશણના દેખતા લઈ જાય.

પ્રભુદાસ કહે છે : 'ઠીક છે. એવું થશે.' દહીં લઈને આવ્યા. શ્રીજી એટલા પ્રેમથી આરોગ્યા કે શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા. પૂછે છે : 'પ્રભુદાસ, આજે દહીં બહુ સુંદર આવ્યું છે. મારા શ્રીજીને બહુ સુખ થયું. દહીં માટે તેં શું દીધું?'

'જેરાજ, આ દહીં તો બહુ સસ્તામાં મળી ગયું. એના બદલામાં ખાલી મુક્તિ આપી છે.'

'અરે, આવું સુંદર પ્રભુને લાયક દહીં હતું તો એના બદલામાં મુક્તિ કેમ આપી? ભક્તિ આપી હોત તો!'

'જેરાજ, એણે મુક્તિ માગી તો મુક્તિ આપી. ભક્તિ માગી હોત તો ભક્તિ આપત.'

જ્યારે એ ગોવાલણનું મૃત્યુ થયું ત્યારે વિમાન આવ્યું અને એની પડોશણની સામે એ વિમાનમાં બેસીને ઉપર ગઈ. આ લીલાનું ચિંતન કરતાં શ્રીગુસાંઈજી પ્રભુચરણને થયું કે શ્રીઠાકોરજીને દહીં આપ્યું અને દહીંના બદલામાં ભક્તિ આપવાની વાત કરી. એકાદશીના દિવસે આ લીલાનું ચિંતન થતાં શૃંગારરસમંડનમાં દાનલીલાનાં અનેક પદો આપે સ્વયં પ્રગટ કર્યાં.

આ દાન શું છે? આપણને લાગે કે આપણે પ્રભુને દાન આપીએ છીએ. તો આપણે તો દાન આપવાના અધિકારી રહ્યા જ નથી. જે દિવસે બ્રહ્મસંબંધ લીધું અને સર્વસ્વ સમર્પણ કર્યું, પછી આપવા માટે આપણી પાસે રહ્યું શું? જ્યારે આપણી પાસે આપવા માટે કાંઈ રહ્યું જ નથી તો આપણે દાન કેવી રીતે આપી શકીએ?

શ્રીઠાકોરજી શું લીલા કરે છે? ગોરસ લઈને ગોપીઓ મથુરા જતી હોય ત્યારે શ્રીઠાકોરજી વિચાર કરે કે આ ગોરસ નથી પણ ગોપીનો મારા માટેનો

સર્વાત્મભાવ છે. એને હું મારા સિવાય કોઈની પાસે જવા નહિ દઉં. ભગવાન એ ગોરસ લેતા અને સર્વસ્વનું દાન ગોપીઓને કરતા. તેથી જ કહ્યું કે દાન આપણે નથી કરતા પણ દાન આ દિવસોમાં પ્રભુ આપણને આપે છે.

આપણે કહીએ કે પ્રભુને કર ભરીએ છીએ. દાણના દિવસો છે એમ જાણતા હોઈએ પણ બોલીએ છીએ શું? દાનના દિવસો છે. દાન એટલે શું? આ દિવસમાં શ્રીઠાકોરજી ભક્તોનું ગોરસ લે છે. આ પંદર દિવસ એવા છે કે જેમાં શ્રીઠાકોરજીને ગોરસ અર્પણ કરીએ, પ્રભુ આપણી પાસેથી ગોરસ લે અને ગોરસના બદલામાં પ્રભુ હંમેશા પોતાની જાતને આપણને અર્પણ કરે, એ માટે તો આ દાનના દિવસો છે.

શ્રીગુસાંઈજીએ પંદર દિવસ આ લીલાનું ચિંતન કર્યું. શ્રીગુસાંઈજી સાક્ષાત્ શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ. શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ હોવાને કારણે શ્રીગુસાંઈજીએ પોતાના સ્વરૂપની અંદર ચંદ્રાવલીજીનો ભાવ ક્યાં સ્થિર કર્યો?

શ્રીહરિરાયજીનો એક ગ્રંથ છે. 'શ્રીવિઠ્ઠલેશ ચિંતન પ્રકાર.' શ્રીગુસાંઈજીનું ધ્યાન કેવી રીતે કરવું? સ્મરણ કેવી રીતે કરવું? આ બાબત શ્રીહરિરાય મહાપ્રભુજીએ આપણને આ ગ્રંથ દ્વારા બતાવી છે. કહે છે કે શ્રીગુસાંઈજીએ ચંદ્રાવલીજીને પોતાના મુખારવિંદમાં છુપાવીને રાખ્યાં છે. મુખારવિંદમાં ક્યાં છુપાવ્યાં છે? તો કહે છે કે પોતાના તિલકની અંદર. શ્રીગુસાંઈજીના સ્વરૂપનું જ્યારે જ્યારે પણ ચિંતન કરીએ ત્યારે ચિંતન કોનું કરવું? આપશ્રીના તિલકનું. કારણ કે એમાં આપે ચંદ્રાવલીજીના ભાવને સંતાડીને રાખ્યા છે. જેટલું જેટલું ચિંતન શ્રીગુસાંઈજીના તિલકનું થાય, આપણને ખબર પણ નહિ પડે કે ભીતર બીરાજેલા ચંદ્રાવલીજીનો ભાવ ક્યારે પ્રગટ થયો અને હૃદયમાં સ્થિર થઈ ગયો!

એટલા માટે તો અહીંયા એ જ ચંદ્રાવલી સ્વરૂપે શ્રીગુસાંઈજી પ્રભુની સેવા કરે છે. આપના સિવાય પ્રભુના સુખનો વિચાર બીજું કોણ કરી શકે? તેથી કહ્યું આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો.

શ્રીગુસાંઈજીએ શું કર્યું? કોઈ ગંગા કિનારે ઊભો રહીને ગંગે, ગંગે, ગંગે કર્યા કરે તો એનાથી કશું થવાનું છે? શ્રીગુસાંઈજી કહે છે કે તમે પ્રભુનું ગમે તેટલું નામ લો, સ્મરણ કરો પણ જ્યાં સુધી પ્રભુની સેવા ન કરો ત્યાં સુધી તમારા ભાવની પ્રભુને ખબર કેવી રીતે પડે? સ્નેહનું આચરણ કરવા માટે ક્રિયા બહુ જરૂરી છે. ઘણાં કહે છે કે પ્રભુનું નામ લઈએ, સ્મરણ કરીએ પછી સેવા કરવાની જરૂર શી છે?

જો એક મા તેના બાળકને કહ્યા કરે કે હું તને આ આપીશ, આ ખવડાવીશ, અમુક જગ્યાએ લઈ જઈશ, પણ આખો દિવસ આમ કહ્યા પછી એક ચોકલેટ પણ અપાવે નહિ, તો એ બાળક માનો ભરોસો કરશે? શું કહેશે? આ તો ખાલી બોલે છે. એમ આપણે પણ આખો દિવસ પ્રભુનું નામ લઈએ, જાપ કરીએ, રટણ કરીએ, પાઠ કરતા રહીએ પણ સેવા ન કરીએ તો પ્રભુને લાગે કે આ તો બોલ્યા કરે છે. એનું મનાય નહિ. ખાલી ખાલી બોલે છે. સ્નેહનું આચરણ, સ્નેહનું દર્શન ક્રિયા દ્વારા થાય. લાખ વાર બોલો પણ એક વાર

કરો તો સામેવાળો માને. એમ આપણા પ્રેમની ખબર આપણા પ્રભુને પાડવી હોય તો એમની સેવા કરવી અનિવાર્ય છે.

આપણા બધાની દશા આજે કેવી છે? કિનારે ઊભા રહીને, સ્વીમીંગ કેવી રીતે કરાય એનું પુસ્તક વાંચી રહ્યા છીએ. પહેલાં પાણીમાં પડવાનું, પછી પગ હલાવવાના, સ્થિર થવાનું, હાથ ધીમે ધીમે હલાવવાના એમ આખું પુસ્તક ગોખી નાખીએ અને વિચારીએ કે હાશ, ચાલો તરતાં આવડી ગયું. પછી કોઈ વાર નદીમાં પડીશું તો તરીશું કે ડૂબીશું ? આખું પુસ્તક મોઢે કર્યું છે, હવે ડૂબવાનું કેમ? ભલે આખું પુસ્તક ગોખ્યું, પણ જ્યાં સુધી પાણીમાં ઉતર્યાં નથી, ત્યાં સુધી તરતાં ન આવડે.

શ્રીગુસાંઈજી કહે છે ભલે પાઠ કર્યા, જપ કર્યા, ભગવદ્ નામ લીધું પણ ભગવદ્ સેવા નથી કરી. પ્રભુ એટલે રસનો સાગર. એ રસના સાગરમાં કૂદશો તો હાથપગ હલાવીને તરતાં પણ શીખી જશો. કોઈ કહેશે કે અમને સેવા કરતાં નથી આવડતી તો શું કરીએ? હું ઘણી વાર કહેતો હોઉ છું કે જ્યારે કોઈ સ્ત્રીને બાળક થવાનું હોય ત્યારે એને કદી ક્લાસ ભરવા પડતા નથી કે મારે બાળકને કેવી રીતે ઉછેરવું. જેવું બાળક માના ખોળામાં આવે કે તરત એને ખબર પડી જાય કે એને ભૂખ લાગી છે, નિંદર આવી છે કે તરસ લાગી છે.

એ જ રીતે જ્યાં જીવ પણ ભગવદ્ સેવા કરવાનો પ્રારંભ કરે, પછી એને કાંઈ શીખવવું ન પડે, એને તો સ્વયં અમારા શ્રીઠાકોરજી શીખવે. સ્વયં ભાવનું દાન કરે. એને શીખવે કે સેવામાં શું આવશ્યકતા છે. માટે એ જ સેવાનો અનુભવ કરાવવા માટે, એ જ સેવાનો માર્ગ વિસ્તાર માટે આપનું પ્રાગટ્ય છે.

જ્યાં સુધી વ્યક્તિ સેવા ન કરે ત્યાં સુધી પુષ્ટિનો અનુભવ એને થઈ શકતો નથી. આપણો પુષ્ટિમાર્ગ અનુભવનો માર્ગ છે. આજે આપણી પાસે ગ્રંથો છે, સ્થાનો છે, ધામો છે પણ પુષ્ટિમાર્ગમાં સૌથી મહત્વની વસ્તુ છે અનુભવ. એ અનુભવ આપણી પાસે છે?

અનુભવી બિના અનુભવ કહા
જાન હી જાકો પિયા નહિ ચિત્ત ચોરે.

આ ભક્તિમાર્ગ એ તો અનુભવનો માર્ગ છે. આજે બધું હોવા છતાં આપણી પાસે અનુભવ નથી. અનુભવ કોને કહેવાય? આજે બ્રહ્મસંબંધ શબ્દ આપણે જાણી લીધો. પણ બ્રહ્મ સાથેના સંબંધનો આપણે અનુભવ કર્યો છે? પ્રભુને માણ્યા છે? આપણને શ્રીગુસાંઈજી પ્રભુચરણ, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજીએ, એવું એવું સાહિત્ય આપ્યું છે અને એમ માને છે કે જેટલા પણ જીવોને બ્રહ્મસંબંધ થયો છે, એમનો જન્મસિધ્ધ અધિકાર છે કે શ્રીઠાકોરજીની પ્રગટ લીલાનાં દર્શન જીવનમાં જરૂર કરે. આ દરેક પુષ્ટિજીવનું એ સૌભાગ્ય છે અને પ્રભુએ એને અધિકાર આપ્યો છે કે મારી પ્રગટ લીલાનો અનુભવ કરે, પણ છતાં આપણને થતો કેમ નથી? કારણ કે કિનારે ઊભા ઊભા પેલા તરવાનું શીખવા માટે પુસ્તક વાંચનાર જેવી આપણી દશા છે. એકવાર રસસાગરમાં કૂદશો તો શ્રીઠાકોરજી અનુભવનું દાન પણ કરશે.

એટલા માટે જ શ્રીગુસાંઈજી પ્રભુચરણ પોતે સેવા કરીને આપણને શીખવી રહ્યા છે. પોતે

આચરણ કરીને બતાવી રહ્યા છે કે મારા પ્રભુનું સુખ શામાં છે.

શ્રીગુસાંઈજીએ પ્રભુનું સુખ કેટલું વિચાર્યું છે તેના આપણે ત્યાં અનેક પ્રસંગો છે. એકવાર આપ ભોજન કરતા હતા ત્યારે શાકમાં ઘાસનું તણખલું આવી ગયું અને શ્રીગુસાંઈજીના મનમાં વૈરાગ્ય આવી ગયો કે અરે, મારા પ્રભુને આરોગવામાં ઘાસનું તણખલું આવી ગયું? આટલી સાવધાની પણ હું રાખી ન શક્યો, આટલી બધી અસાવધાની મારાથી થઈ ગઈ? આપને આ બાબતનો એટલો તાપ થયો કે શ્રીગિરિધરજીને બોલાવીને આજ્ઞા કરી કે હમણાં ને હમણાં મારાં વસ્ત્રો ગેરુઆ રંગે રંગાવીને સૂકવી દો. આ જ ઘડીએ હું ગૃહસ્થનો ત્યાગ કરું છું. સંન્યસ્ત ગ્રહણ કરું છું. મારા હોવા છતાં મારા પ્રભુની સેવામાં આટલી સાવધાની રાખી ન શકાઈ, મારા પ્રભુના રાજભોગમાં ઘાસનું તણખલું આવી ગયું! મારા પ્રભુને શ્રમ પડ્યો! મારે હવે ગૃહસ્થાશ્રમમાં રહેવું નથી. અને જ્યાં સંન્યાસ લેવા માટે તૈયાર થયા ત્યાં નાનકડા નવનીતપ્રિયાજી પણ આવ્યા. આવીને શ્રીગિરિધરજીને કહ્યું : જો તમે શ્રીગુસાંઈજીનાં વસ્ત્રો ભગવા રંગે રંગાવો છો, તો લો આ મારી ઝગુલી અને ટોપી, એને પણ ભગવા રંગે રંગાવી દો. જો મારા ગુંસાઈજી સંન્યાસ ગ્રહણ કરશે તો શ્રીનવનીતપ્રિયાજી કહે છે કે હું પણ સંન્યાસ ગ્રહણ કરીશ. મને તો મારા શ્રીગુસાંઈજીના સાન્નિધ્ય સિવાય, એમની સેવા સિવાય બીજું કાંઈ ગમતું નથી.

કેવા કેવા પ્રસંગો આપણે ત્યાં છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણ બિરાજતા હતા, સ્વયં શ્રીનાથજીએ કોઈ વૈષ્ણવને મોકલ્યા અને કહેવડાવ્યું કે કાકાજીને કહો કે અમને ભૂખ લાગી છે. અહીં ગ્વાલ મંડલી સાથે અમે ખેલી રહ્યા છીએ. અમને દહીંભાત આરોગવો છે માટે આપ સ્વયં આપના હાથે સિધ્ધ કરીને લઈને પધારો.

આટલું સાંભળતાં શ્રીગુસાંઈજી પ્રસન્ન થયા. પોતાના હાથે દહીં ભાત સિધ્ધ કરી, હાંડી લઈને વનમાં પધાર્યા. દર્શન કર્યા કે શ્રીઠાકોરજી, દાઉજી, બધા સખાઓ રમી રહ્યા છે. શ્રીઠાકોરજીએ પણ આપને જોયા અને બધા ભાગતા ભાગતા શ્રીગુસાંઈજી પાસે આવ્યા. શ્રીગુસાંઈજીની ગોદમાં એક તરફ શ્રીઠાકોરજી બેઠા અને બીજી બાજુ દાઉજી બેઠા. શ્રીગુસાંઈજી હાંડીમાંથી દહીંભાત લઈ ક્યારેક શ્રીનાથજીને આરોગાવે, ક્યારેક દાઉજીને આરોગાવે.

આ લીલાનાં દર્શન છીતસ્વામીએ કર્યા અને તેમને પ્રભુની બાલલીલાનો પ્રસંગ યાદ આવી ગયો. એકવાર અહીંથી આરોગ્યા પછી શ્રીઠાકોરજી નંદાલયમાં યશોદામા પાસે પધાર્યા. યશોદાજીએ તાજું તાજું માખણ કાઢીને રાખ્યું હતું. બેજરની રોટી અને સુંદર અચાર રાખ્યાં હતાં. જે જે શ્રીઠાકોરજીને ભાવે તે બધું રાખ્યું હતું. મૈયા કહે છે : લાલા, જો તને ભાવે છે એવી બધી સામગ્રી તૈયાર રાખી છે. લે, ખાઈ લે.

શ્રીઠાકોરજી કહે છે : 'મારે નથી ખાવું'

'કેમ નથી ખાવું?'

'હું ક્યાંક આરોગીને આવ્યો છું.'

'અરે લાલા, તને તો મારા હાથનું બહુ ભાવે છે. મારા હાથે આ રોટી ને માખણ સિધ્ધ કર્યા છે. તું આરોગી લે.'

પ્રભુ માનતા નથી. મૈયાને થાય છે : આજે લાલો એવા કોના હાથથી અરોગીને આવ્યો છે કે મારા હાથનું પણ ભોજન કરતો નથી! પ્રભુને પ્રેમથી બોલાવી, પોતાના ખોળામાં બેસાડીને પૂછે છે : 'લાલા, તને હું ક્યારેક આરોગાવું છું, ક્યારેક નંદબાવા આરોગાવે છે, ક્યારેક ગોપીઓ આરોગાવે છે. લાલા, બતાવ કે આમાં તને કોના હાથનું સૌથી વધારે ભાવે છે? હું તને સુંદર શૃંગાર કરું છું. ક્યારેક ગોપીઓ તને ફૂલના શૃંગાર કરે. ક્યારેક નંદબાવા પણ તારા માથે મોરપંખ ધરાવે. મને કહે લાલા, આ બધામાં સૌથી વધારે આનંદ તને કોના હાથે શૃંગાર ધરવામાં આવે?'

પ્રભુ કહે છે : 'મૈયા, હું કહું તો ખરો પણ તને ખોટું તો નહિ લાગેને? આટલું સાંભળતાં મૈયાને ખબર પડી ગઈ કે આમાં હું તો નથી જ. મારા સિવાય બીજા કોઈના હાથનો ભોગ અને શૃંગાર લાલાને ગમે છે. મૈયા કહે છે લાલા કહી જ દે. તને કોના હાથનું ભાવે છે, કોના હાથના શૃંગાર ગમે છે?'

'મા, મને તારા હાથનું ગમે, નંદબાવાનું પણ ગમે અને બધી ગોપીઓના હાથનું પણ ગમે. પણ એક વ્યક્તિ છે જેના હાથનું મને સૌથી વધારે ગમે છે.' 'લાલા, એ કોણ છે?' પ્રભુ કહે છે :

ભોગ શૃંગાર મૈયા સુન મોકો
શ્રીવિઠ્ઠલનાથકે હાથકો ભાવે ।

'મૈયા, તું ખોટું ન લગાડતી, પણ જેવું સુખ મને વલ્લભના ઘરમાં મળે છે, જેવું સુખ મને શ્રીગુસાંઈજીના ઘરમાં મળે છે, એવું સુખ તો નંદાલયમાં પણ મળતું નથી. જેવી સેવા અને ટહેલ શ્રી ગુસાંઈજી પ્રભુચરણ કરે છે, મારા સુખનો વિચાર જેટલો તેઓ કરે છે, એવો કોણ કરી શકે?'

મૈયા કહે છે : 'તેઓ એવું શું કરે છે?' પ્રભુ એનું વર્ણન કરતાં કહે છે :

નીકે ન્હવાય સિંગાર કરત હૈ,
આછી રૂચિસો મોહે પાગ બંધાવે ।

શ્રીગુસાંઈજી શું કરે છે? 'મૈયા હું શું બતાવું, શ્રીગુસાંઈજી મને સુંદર રીતે, મારા યશોગાન કરતાં કરતાં સ્નાન કરાવે છે. સ્નાન કરાવ્યા પછી એમના હસ્તે મારા મસ્તક ઉપર સુંદર પાગ બંધાવે છે. એવા પ્રેમથી વાતો કરતાં કરતાં આ બધું કરે કે મને પણ એમને ત્યાં આનંદ આવી જાય છે.'

'અરે લાલા, અહીં મારી પાસે તો તું સ્નાન કરતો નથી. કેટલું કેટલું તને બહેલાવું, ફોસલાવું ત્યારે સ્નાન કરવા આવે છે અને ગુસાંઈજીના ઘરમાં એવો ડાહ્યો થઈને સ્નાન કરે છે કે એવું લાગે કે જાણે તારાથી ડાહ્યો બીજો કોઈ છે જ નહિ.'

મૈયા પૂછે છે : 'મારા ઘરમાં અને શ્રીગુસાંઈજીના ઘરમાં ફરક શું છે? હું પણ તારી ખૂબ કાળજી રાખું છું.'

'મા, એ શું કરે છે એ પહેલાં સાંભળ.'

તાતેં સદા હોં ઉહાં હી રહત હોં,
તું ડર માખન દૂધ છીપાવે.

'અરે મૈયા, ખોટું ન લગાડતી. જો એક છે શ્રીવલ્લભનું - શ્રીગુસાંઈજીનું ઘર. એમના ઘરમાં જ્યારે રાજભોગ ધરે ત્યારે જે પણ સામગ્રી સિધ્ધ થઈ હોય તે બધી લાવીને મારી સન્મુખ કરી દે.

મારા નિમિત્તનું જે થયું તે કંઈપણ બાકી ન રહેવું જોઈએ. બધું ધરી દે, જ્યારે તારા ઘરમાં માખણ ખાવાની મને ઈચ્છા થાય તો તે પણ તું સંતાડીને રાખે છે. મને વધારે આનંદ ક્યાં આવે?'

છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નિરખ નૈન ત્રય તાપ નસાવે.
ભોગ સિંગાર મૈયા સુન મોકો,
શ્રીવિઠ્ઠલનાથકે હાથકો ભાવે.

જ્યારે છીતસ્વામી આવું ગાતા હોય, શ્રીગુસાંઈજીની આંખોમાં પ્રેમાશ્રુ આવવા લાગે. શ્રીજીનો કેટલો પ્રેમ છે મારા ઉપર! કેટલી કૃપા છે! મને કેટલો ચાહે છે! જ્યારે મૈયાને પણ કહી દે છે કે મને ભોગ-શૃંગાર તો શ્રીવિઠ્ઠલનાથના હાથના ગમે છે.

આમ શ્રીગુસાંઈજીએ પોતે સેવા કરીને, પોતાના આચરણ દ્વારા બતાવ્યું કે પ્રભુને સુખ કેવી રીતે અપાય, આનંદ કેવી રીતે અપાય. પ્રભુને જે જે વસ્તુ પ્રિય છે, અનુકૂળ છે, જેમાં તેમને સુખ છે, તે બધું શ્રીગુસાંઈજીએ ભગવદ્ સેવામાં યોજ્યું.

પ્રભુને સંગીત ગમે, તો અષ્ટછાપની સ્થાપના કરી. અષ્ટછાપના પદોનું સંકલન કરી શ્રીઠાકોરજીની સન્મુખ બધાંને ગાતાં કર્યાં, ઠાકોરજીને કલા પ્રિય છે, તો જેટલી જેટલી પણ કલાઓ છે, ચિત્રકલા, પાકકલા એ બધાનો વિનિયોગ ઠાકોરજીની સેવામાં કર્યો. કહે છે કે મારા પ્રભુ તો રસિક છે. તમારી અંદર પણ જો રસ હોય તો મારા પ્રભુ સાથે જોડાજો. પેલો પ્રસંગ છે ને કે ત્રણ જણ શ્રીગુસાંઈજી પાસે આવ્યા. સેવા કરવી છે. શ્રીગુસાંઈજીએ પૂછ્યું : તમને શાનો શોખ છે? 'મને સંગીતનો શોખ છે.'

'ભલે તને સેવા પધરાવીશ.' બીજાને પૂછ્યું : તને શાનો શોખ છે? 'મને નવી નવી સામગ્રી કરવાનો બહુ શોખ છે.'

'ભલે, તને પણ સેવા પધરાવીશ.'ત્રીજાને પૂછ્યું : 'તને શાનો શોખ છે?' 'મને તો શોખ-બોખ કોઈ નથી. બસ મારે સેવા કરવી છે.'

શ્રીગુસાંઈજીએ કહ્યું : 'ભાઈ, તારું આ માર્ગમાં કામ નથી. અમારા પ્રભુ તો 'રસો વૈ સઃ' છે. તારી અંદર રસ હશે, કોઈ શોખ હશે તો તું મારા પ્રભુને રીઝવીશ. તું પોતે જ નિરસ થઈને રહીશ તો તું એને સુખ કેમ કરીને આપીશ.'

આમ શ્રીગુસાંઈજીએ સેવાની સૂક્ષ્મતા આપણા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને સમજાવી. સેવાનો આનંદ આપ્યો.

આ આખ્યાનમાં ઘણા બધા રહસ્યો સમજાવેલાં છે. વલ્લભાખ્યાનના અર્થો ફક્ત બે જણ જ જાણે છે. એક શ્રીગુસાંઈજી અને બીજા ગોપાલદાસજી. કારણકે શ્રીગુસાંઈજીની સન્મુખ ગોપાલદાસજીએ એ ગાયાં છે. જ્યારે કોઈ બે પ્રિયજનો પરસ્પર વાતો કરતા હોય ત્યારે એવા સાંકેતિક શબ્દોનો ઉપયોગ કરતા હોય કે બીજા કોઈ સમજી ન શકે. કયા શબ્દનો કયો અર્થ થાય એ જેને ઉદ્દેશીને કહેવાયું હોય તે જ સમજી શકે, ભલે બધા લોકો સાંભળતા હોય.

એક પ્રાચીન ગ્રંથ છે. એનું નામ છે પ્રેમપત્તનમ્. એનો અર્થ થાય છે પ્રેમનું નગર. પ્રેમનું નગર એટલે શું? દરેક નગરને પોતાના કાયદા

હોય. આ પ્રેમના નગરમાં એવા કાયદા હોય કે તેમાં કોઈ ક્યારેક ના પાડે તો એને પણ હા કહેવાય. ક્યારેક હા કહે તો હાને પણ ના મનાય. આ પ્રેમની ભાષા છે. ગોપીગીતમાં, ભ્રમરગીતમાં બધામાં આ નિયમ લાગુ પડે છે. ગોપી કહે કે તું તો કપટી છે. તો એનો અર્થ એવો થાય કે ક એટલે આનંદ અને પટ એટલે વસ્ત્ર. જે પોતાના આનંદને છુપાવીને રાખે તે કપટી. એવા ઘણા શબ્દો છે જેનો અર્થ શ્રીઠાકોરજી અને ગોપીઓ જ જાણે. એ જ રીતે વલ્લભાખ્યાનના અર્થો પણ બે જ જણ જાણે છે. ગોપાલદારાજી અને શ્રીગુસાંઈજી.

આપણે બધા તો ખાલી અંદાજ લગાવીએ છીએ કે આ અર્થ હોઈ શકે, આ હોઈ શકે. પણ જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણ કૃપા કરે અને રસદૃષ્ટિ આપે તો રસદૃષ્ટિ દ્વારા આ વલ્લભાખ્યાનને સમજી શકાય.એટલા માટે અહીં કહી રહ્યા છે :

ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો.

શ્રીગુસાંઈજીએ સેવા કરીને બીજાને શીખવી પણ ખરી. સાથે સાથે ભક્તિપક્ષનો વૈભવ સુદૃઢ કર્યો. ભક્તિપક્ષનો વૈભવ એટલે શું? સેવા કરતાં કરતાં સ્વામી પણ આપણી સેવા કરવા તૈયાર થઈ જાય, સ્વામી પણ આધીન બની જાય ત્યારે માનવું કે ભક્તિપક્ષનો વૈભવ દૃઢ થયો. ઠાકોરજી પણ આધીન બને ત્યારે માનવું કે સ્વયં સ્વામીને પણ પરાધીન બનાવી દીધા. એ જ ભક્તિપક્ષનો વૈભવ કહેવાય.

આપણે કહીએ છીએ કે આ માર્ગ સમર્પણનો છે. પણ સમર્પણ કોણ કરે છે? સ્વયં શ્રીઠાકોરજી. આપણને લાગે કે આપણે પ્રભુની આગળ સમર્પિત થઈએ છીએ, આપણે સમર્પણ કરીએ છીએ પણ સમર્પણ કર્યું કોને કહેવાય એ શ્રીઠાકોરજીને જોઈએ ત્યારે ખબર પડે. સમર્પણ કર્યું એનું લક્ષણ શું? જે સમર્પણ કરે એની પોતાની કોઈ ચોઈસ ન રહે. દા.ત. તમને કોઈ સવારે ઉઠાડવા આવે. તમારે ઊઠવું હોય તો ઊઠો અને ન ઊઠવું હોય તો ન ઊઠો, પણ પ્રભુને જગાવવા જાઓ ત્યારે પ્રભુ કાંઈ હા-ના કરે છે? તમને કોઈ કંઈ ખાવા આપે, ત્યારે તમે ભાવતું હોય તો લઈ લો. ન ભાવતું હોય તો ના પાડી દો. પણ પ્રભુને તમે જે કાંઈ ધરો, ચાહે મીઠું નાખવાનું ભૂલી ગયાં હો, ચાહે એ સામગ્રી બગડી ગઈ હોય, પ્રભુ ક્યારેય કોઈ ફરિયાદ કરે છે? હવે કહો, સમર્પણ કોનું કહેવાય. જે સમર્પણ કરતો હોય એની કોઈ ચોઈસ ન રહે. સમર્પણ કરાવતો હોય એની પાસે બધી ચોઈસ રહે.

આપણને સુવાનું કહે તો આપણે કહીએ કે મને નિંદર નથી આવતી. મને થોડીવાર જાગવું છે. પણ જ્યાં ઠાકોરજીને તમે પોઢવાનું કહો, જ્યાં ગાવા લાગો : 'રૂચિ રૂચિ સેજ સજાઈ' ત્યાં શ્રીઠાકોરજીની આંખો ઘેરાવા લાગે. ઠાકોરજી ક્યારેય કહે છે કે મારે જાગવું છે? ઊંઘ નથી આવતી. જ્યાં આપણે પોઢાવીએ ત્યાં પોઢી જાય. કોઈવાર બહારગામ જવાન હોય તો વહેલા જગાવી લઈએ. કોઈવાર મોડેથી જગાવીએ તો મોડા જાગે. સમર્પણ કોણ કરે છે? આપણા માર્ગમાં શ્રીઠાકોરજી સમર્પણ કરે છે. તેઓ ભક્તને આધીન બની જાય છે. માટે કહ્યું : ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો.

શ્રીગુસાંઈજી પ્રભુચરણે સેવામાર્ગ પ્રગટાવીને ભક્તિપક્ષને સુદૃઢ કર્યો. ભાવનું દાન તો દરેક

વૈષ્ણવને થયું હતું, પણ આપે એ ભાવને પુષ્ટ કર્યો. એ જીવની એવી અવસ્થા આવી ગઈ કે શ્રીઠાકોરજી આ સમયે શું લીલા કરે છે, ક્યાં બિરાજે છે એનો અનુભવ તેને કરાવવા લાગે. હમણાં સુધી આપણી અધ્યાત્મ દૃષ્ટિ છે એટલે મંદિરમાં શ્રીઠાકોરજીનાં દર્શન થાય છે. આસપાસના સાહિત્યનાં દર્શન થાય છે. પ્રભુના શૃંગારના, સજાવટનાં દર્શન થાય છે પણ ઠાકોરજી ખાલી મંદિરની અંદર નથી રહેતા, બહાર જઈને પણ લીલા કરે છે. એ લીલાનો પણ અનુભવ કરાવે છે.

આપણે ત્યાં પ્રાચીન સમયમાં સત્સંગનો ક્રમ હતો. આપણે ત્યાં વાર્તાસાહિત્યના પ્રસંગો અને કેટલાંક પદો એવા છે કે જેનું તમે શ્રવણ કરો તો શ્રવણ કરતાંની સાથે અનુભવ થવા લાગે. પ્રાચીન વાર્તાસાહિત્ય વાંચશો તો આજે બ્રહ્મસંબંધ લીધું, કંઈક ઉપદેશ કર્યો અને 'શ્રીઠાકોરજી સાનુભાવ જતાવન લગે.'

આપણને થાય કે એ જ પ્રસંગો આપણે સાંભળીએ છીએ, એમાં શ્રીઠાકોરજી તરત લીલાનો અનુભવ કરાવવા લાગે તો આપણને કેમ ન કરાવે? એકવાર શ્રીગોકુલનાથજી ભગવદ્‌વાર્તા કરતા હતા. પ્રસંગ આટલો જ હતો : અનોસરનો સમય હતો. ઠાકોરજી વેણુ વગાડતા વગાડતા યમુનાજીના તટ પર પધાર્યા. ત્યાં એક વૃક્ષ ઉપર બિરાજ્યા. ત્યાં આપે બંસી બજાવી.

આટલો જ પ્રસંગ હતો. પણ શ્રીગોકુલનાથજીએ તેના ઉપર જે વિવેચન કર્યું તે ત્રણ દિવસ ચાલ્યું. બધાંને જાણે સમાધિ લાગી ગઈ, દિગ્મૂઢ થઈ ગયા. આપણને થાય કે આટલા પ્રસંગ ઉપર ત્રણ દિવસ સુધી શું કહ્યું હશે?

આપે વર્ણન કર્યું કે જ્યારે શ્રીઠાકોરજી યમુનાજીના તટ ઉપર પધાર્યા ત્યારે ત્યાં જે લીલું લીલું ઘાસ હતું એના ઉપર આપે ચરણ પધરાવ્યા તો એ ઘાસને કેવો અનુભવ થયો હશે?ઠાકોરજીના ચરણ ધીમે ધીમે વૃક્ષની ઉપર પધાર્યા તો એ ચરણ ઉપરથી કંકુના લાલ લાલ ચિહ્નો એ વૃક્ષ ઉપર પડ્યા. તો શ્રીઠાકોરજીના ચરણમાં આ લાલ કુમકુમ કોનું લાગ્યું હશે? ક્યાંથી આવ્યું હશે? આ પ્રસંગના વિવેચનનો ક્રમ ત્રણ દિવસ સુધી ચાલ્યો. આપણે ત્યાં સત્સંગનો આ જ ક્રમ હતો. આ ક્રમ પ્રમાણે ભગવદ્‌વાર્તા કરવામાં આવે તો ત્રણ ચાર દિવસમાં જ શ્રીઠાકોરજી પોતાની લીલાઓનો અનુભવ કરાવવા લાગે. હું એવા ઘણા વૈષ્ણવોને ઓળખું છું કે જેમને તમે પૂછો કે આ સમયે શ્રીઠાકોરજી ક્યાં છે? તો તરત કહેવા લાગશે કે ઠાકોરજી ક્યાં છે, કોની સાથે છે, શું કરી રહ્યા છે, આજે તેમણે શું ધર્યું છે, વ્રજભક્તોએ કયો મનોરથ કર્યો છે. આજે પણ આવા વૈષ્ણવો છે. આપણો માર્ગ દિવ્યમાર્ગ છે પણ આપણે બહારના આવરણમાં અટવાયેલા રહી ગયા અને અંદરના રસથી વંચિત રહી ગયા.જ્યારે અંદરના રસનો સંબંધ આપણને થાય તો ખબર પડે કે આપણી પાસે શું ધરોહર છે! આવી ધરોહર હોવા છતાં આપણે કોરે કોરા રહી ગયા. ભીંજાયા વિનાના રહી ગયા. તેથી જ કહ્યું : ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો. આ ભક્તિપક્ષનો જે વૈભવ છે, ભગવદ્‌સેવાનો માર્ગ છે, તેનો વિસ્તાર કરી એને દૃઢ કર્યો.

હવે કહે છે : આપની લીલા તે વદન પોતે કહી. જુઓ, જેમ જેમ શ્રીઠાકોરજીની સેવા કરી કરી શ્રીગુસાંઈજી જે આજ્ઞા કરે છે તેનું કારણ એ છે કે શ્રીઠાકોરજીમાં અને શ્રીગુસાંઈજીમાં ભેદ તો છે નહિ. શ્રીઠાકોરજીના સ્વરૂપને શ્રીઠાકોરજી સિવાય બીજું કોઈ બતાવી ન શકે. ઠાકોરજીના સ્વરૂપને સ્વામિનીજી સિવાય બીજું કોઈ બતાવી ન શકે. ઠાકોરજીનું સુખ શામાં છે એ તો તેઓ જ બતાવી શકે. એટલા માટે કહ્યું આપની લીલા તે વદન પોતે કહી. આપે સ્વયં પ્રભુસ્વરૂપ હોવા છતાં એનું વર્ણન પોતે કર્યું. જેટલા પણ આપણે ત્યાં રીતના પુસ્તકો છે, પ્રણાલિકા છે, એ શું છે? શ્રીગુસાંઈજીએ કોઈ કલ્પના કરીને લખી નથી. જે દિવસે પ્રભુ જે આજ્ઞા કરતા કે આજે મારે આ ધરવું છે, આવાં વસ્ત્ર ધરવાં છે, આ શૃંગાર ધરવા છે, તે પ્રમાણે શ્રીગુસાંઈજી નોંધી લેતા અને એમ કરી કરીને આ સેવારીતનાં પુસ્તકો પ્રગટ થયાં. તેથી કહ્યું આપની લીલા તે વદન પોતે કહી. હવે કહે છે : ઉચ્ચાર આનંદ અધિક દીધો.

એટલે કે શ્રીઠાકોરજીની સેવા કરતાં કરતાં આપે સેવાનાં રહસ્યો બતાવ્યાં. સેવા શીખવી. ભક્તોના ઉપર અનુગ્રહ કર્યો અને જોડે જોડે શ્રીઠાકોરજીને સુખ આપવા માટે શ્રીગુસાંઈજી પદોનું ગાન પણ કરતા. જેમ જેમ એ સુંદર કીર્તન આપના મુખારવિંદમાંથી ગવાય તેમ એનું કર્ણ દ્વારા શ્રવણ કરીને ભક્તોને એટલો રોમાંચ થતો કે એનું વર્ણન કોઈ કરી ન શકે. સેવા કરીને એનો તો આનંદ આપ્યો પણ આપની વાણી દ્વારા પ્રભુના ગુણગાન સંભળાવી જે સુખ આપ્યું, એ સુખનું વર્ણન થઈ શકે એમ નથી. સુખની ચરમ સીમાની અવસ્થા આવી જાય, એવું એ વર્ણન હતું.

કોઈએ પ્રશ્ન કર્યો : શ્રીગુસાંઈજીએ આ પુષ્ટિમાર્ગ આપણને બતાવ્યો, એનું રહસ્ય બતાવ્યું, તો શું આ માર્ગ આપે પોતે પ્રગટ કર્યો? પોતે કલ્પિત રીતે પ્રગટ કર્યો કે ક્યાંકથી પ્રગટાવ્યો? આ પ્રશ્નનો જવાબ બીજી પંક્તિમાં ગોપાલદાસજી આપે છે. કહે છે કે આ માર્ગ કપોલકલ્પિત નથી. પોતાના મનથી નહિ પણ જ્યાં છુપાયો હતો, ત્યાંથી પ્રગટ કર્યો. એ ક્યાં છુપાયો હતો, તે હવે કહે છે.

વેદદધિ મધ્ય નવનીત જે ભજન રસ,
મથિત માધુરી જીવે શ્રવણ પીધો,
તક્ર સમ કર્મપથ સ્નેહ-રસ-હીન જે,
શ્વેત જાણી વિમુખ તાણી લીધો..૨

જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણે ભગવદ્‌સેવાનો વિસ્તાર કર્યો, ભગવદ્ સેવા કરવી એ જીવ માત્રનો ધર્મ છે, એવી આપે આજ્ઞા કરી ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ પ્રકટ કરેલો આ પુષ્ટિમાર્ગ છે, એને વેદનો આધાર છે? ક્યાંથી પ્રગટ કર્યો છે? આપણે એમ નથી કહેતા કે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ સ્થાપ્યો, આપણે કહીએ છીએ કે પુષ્ટિમાર્ગ પ્રગટાવ્યો. સ્થાપ્યો અને પ્રગટાવ્યો-એ બંનેમાં ફરક શું? સ્થાપવું એટલે એસ્ટાબ્લીશ કરવું અને પ્રગટાવવું એટલે જે ક્યાંક છુપાયેલું હતું તેને આપે લોકોની સામે પ્રગટ કર્યું. આપણે કહીએ છીએ ને કે પુષ્ટિમાર્ગ પ્રકટાવ્યો, દૈત્યોનો તાપ નસાવ્યો. તેથી જ કહીએ છીએ કે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ સ્થાપ્યો નથી, પ્રગટાવ્યો છે, હવે પ્રશ્ન એ આવે કે એ છુપાયેલો ક્યાં હતો?

જેમ પહેલાના સમયમાં ગામડામાં એવા માણસો હતા જે જમીનમાં પાણી ક્યાં છે તે બતાવતા. ત્યાં ખોદવામાં આવે તો પાણી નીકળતું. એ રીતે મહાપ્રભુજીએ જે પુષ્ટિમાર્ગ પ્રકટાવ્યો તે ક્યાંથી પ્રકટાવ્યો?

વેદાઃશ્રીકૃષ્ણ વાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ ।
સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તત્ચતુષ્ટયમ્ ।।

જેને આપણે ત્યાં પ્રસ્થાન ચતુષ્ટયી કહેવામાં આવે છે તે વેદ, ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભાગવત. આ ચાર જગ્યાએ માર્ગ છુપાયેલો હતો. એનું મંથન કરીએ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ પુષ્ટિમાર્ગ પ્રકટાવ્યો.

વેદનું મંથન કરી એના સારરૂપ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો. માટે કહ્યું : વેદ દધિ મધ્ય નવનીત જે ભજન રસ, મથિત માધુરી જીવે શ્રવણ પીધો. શ્રીમહાપ્રભુજીએ શું કર્યું? વેદનું મંથન કરી, વેદના અર્થ, બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવતના અર્થ - બધાનો સમન્વય કરી, ચારેયનું મંથન કરી એમાંથી નવનીત પ્રકટાવ્યું. અહીં નવનીત એટલે પુષ્ટિમાર્ગ. આ ચારેયનો સાર એ જ પુષ્ટિમાર્ગ.

બ્રહ્મની વાતો બહુ થાય, પણ બ્રહ્મને માણવા કઈ રીતે? ઠાકોરજીનો સાક્ષાત્કાર થયો, પછી શું કરવું? એ વાત શ્રીમહાપ્રભુજીએ બતાવી. પ્રભુની સેવા કરી એમને કેવી રીતે માણવા, એમનો અનુભવ કેવી રીતે કરવો, પ્રભુને આત્મસાત કઈ રીતે કરવા, આ બધું શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું. વેદમાં છુપાયેલો કૃપામાર્ગ – પુષ્ટિમાર્ગ આપે પ્રગટ કર્યો એ કેવો છે? નવનીત જેવો.

વેદદધિ એટલે વેદરૂપી દહીં. દહીંનું મંથન કરવામાં આવે અને નવનીત મળે તો નવનીત જેવું સુખ આપે એટલું સુખ દહીં આપે? કોઈવાર સામગ્રી બનાવતા હોઈએ, વઘાર કરવો હોય અને કદાચ ઘી ઓછું પડે તો આ માખણ ચાલી જાય, દહીંથી વઘાર થાય? આપણને થાય કે નવનીત દહીંમાં સંતાયેલું છે તો પછી જેટલું સુખ આ નવનીત આપે એટલું દહીં કેમ ન આપે? કારણકે દહીંમાં નવનીત છે પણ વીખરાયેલું છે. મંથન કરી એનો સાર કાઢવામાં આવે, એ જેટલું સુખ આપે એટલું સુખ દહીં ન આપે.

ભાગવતજીમાં વર્ણન આવે છે. નારદજીને સનતકુમારોએ પૂછ્યું કે આ આંબાના ફળ છે, તો ઝાડ શાનું છે? તો કહે 'આંબાનું'. 'આના ફળ કેવાં લાગે?' 'બહુ મીઠાં લાગે.' આ ફળમાં જે રસ છે એ રસ ક્યાંથી આવે છે? રસની મધુરતા શામાંથી આવે છે?

આખા વૃક્ષમાંથી આવે છે. જો આખા વૃક્ષમાંથી એ મધુરતા આવે છે તો આંબાના પાન ખાઈએ તો એ મધુરતા મળે? થડ કે છાલ કે મૂળ ખાઈએ તો મળે? આપણને લાગે કે આંબાના ફળમાં જે મધુરતા આવી છે, એ આવી છે આખા વૃક્ષમાંથી, તો પછી એ ફળમાં જેટલી મધુરતા મળે છે એટલી બીજા અંગોમાંથી કેમ નથી મળતી?

એનું કારણ એ છે કે આંબાના વૃક્ષમાં એ મધુરતા વીખરાયેલી છે. જ્યાર એ મધુરતા - એ રસ ફળના રૂપે એક જગ્યાએ ભેગા થાય ત્યારે એ રસ આપણને મળે. એ આખા વૃક્ષમાં ન મળે. વેદ વૃક્ષ રૂપ છે. એમાંથી મથિત કરીને બહાર પ્રગટાવેલું

આંબાનું ફળ એટલે આપણો આ પુષ્ટિમાર્ગ. એની અંદર જે મધુરતા મળે, એ બીજે ન મળે. શ્રીમહાપ્રભુજીએ એવો સુંદર માર્ગ પ્રકટાવ્યો. સાચા અર્થમાં જોઈએ તો ભક્ત અને ભગવાનનો જેટલો મધુર સંબંધ પુષ્ટિમાર્ગમાં છે, એવો બીજે ક્યાંય જોવા ન મળે.

બીજે બધે તો આપણને ભગવાન પાસે જવું પડે, પણ આ પુષ્ટિમાર્ગ એવો છે, જેમાં ભગવાન જીવને ગોતતા ગોતતા એના ઘરે આવીને બિરાજે. આત્મીયતાનો સંબંધ આપણો અને શ્રીઠાકોરજીનો એટલો બધો છે કે સ્વયં આપણા ઘરમાં પોતાનું ઘર માનીને બિરાજે. આનાથી મોટી આત્મીયતાની વાત કઈ હોઈ શકે?

આપણે જે વિસ્તારમાં રહેતા હોઈએ, એ વિસ્તારનો એમ.એલ.એ. પણ આપણને ઓળખતો હોય તો આપણે કહેતા ફરીએ કે આમની સાથે મારે સારો સંબંધ છે. શહેરના મેયર આપણને ઓળખતા હોય તો પણ આપણને કોઈનો ડર ન લાગે. કારણ કે મોટી ઓળખાણ છે. રાજ્યના સી.એમ.ની ઓળખાણ હોય તો ક્યાંય કોઈની બીક લાગે? દેશના પ્રધાનમંત્રી ઓળખતા હોય, ઘર જેવો સંબંધ હોય, દેશના રાષ્ટ્રપતિ કે અમેરિકાના ઓબામા સાથે ઓળખાણ હોય તો આપણે કેવા વાઘ થઈને ફરીએ? આમ દેશના રાજાની સાથે સંબંધ હોયતો પણ આપણે નિશ્ચિંત થઈને ફરીએ, તો આપણો સંબંધ તો ત્રિલોકના ધણી સાથે છે. એ ઓળખતા હોય અને ઘરમાં આવીને બેઠેલા હોય પછી જગતમાં આપણને કોનો ડર હોય? કોનો ભય હોય? જ્યારે શ્રીઠાકોરજી સાથેનો એવો મધુર સંબંધ છે કે આપણે બેસાડીએ ત્યારે બેસે, જે કંઈ કહીએ એ સાંભળે, આપણી વાતો સાંભળવાનો એમની પાસે સમય છે, તો મનની વાત પ્રભુને કરીએ. આપણી એકએક વાત તેઓ જાણતા હોય, તો પછી શું બાકી રહે?

શ્રીઠાકોરજી આપણી એકએક વાતનો ઉત્તર પણ જરૂર આપે છે. ભલે આપણને એ ઉત્તર સાંભળતા આવડતું નથી. વળી આપણને ઠાકોરજીને મનની વાત કહેતાં પણ નથી આવડતી. ઠાકોરજીને મનની વાત કહેવી હોય તો એ કહેવાનો એક તરીકો છે, એક પ્રકાર છે. કયો? કોઈ વ્યક્તિ તમિલ ભાષા સમજતી હોય, એની સાથે તમે બંગાળીમાં વાત કરો તો એની સમજમાં આવે? કોઈ અંગ્રેજી ભાષી વ્યક્તિ સાથે તમે ફ્રેંચમાં વાત કરશો તો એની સમજમાં નહિ આવે, કારણ કે જે વ્યક્તિ જે ભાષા સમજે છે, એને એ જ ભાષામાં કહેલી વાત સમજમાં આવે છે અને તે ઉત્તર પણ આપે છે.

એમ ઠાકોરજીને પણ જ્યારે કોઈ મનની વાત કહેવી હોય તો કોઈપણ એક કીર્તન દ્વારા કહેવી, કારણ કે પ્રભુ એની વ્રજ ભાષા સમજે છે. જ્યારે તમને એમ લાગે કે આ કીર્તનમાં મારા મનની વાત છે, એમાં મારા આત્માનો અવાજ છે, તો એ કીર્તનમાં એકવાર પ્રભુને વિનંતી કરીને જોજો કે ઠાકોરજી એ વિનંતીને કેવી સાંભળે છે. એનો ઉત્તર પણ આપે છે. જેને જે ભાષા સમજમાં આવતી હોય એ ભાષામાં એની સાથે વાર્તાલાપ થાય. ઠાકોરજી એક એક વાતનો આપણને ઉત્તર આપે છે. એક એક વાત આપણને સમજાવે છે પણ ખરા. એ વાત જુદી છે કે આપણને પ્રભુનો ઉત્તર સમજવાની ટેવ નથી. પ્રભુ કહે છે કે હું જ્યારે આજ્ઞા કરું ત્યારે મારા શબ્દો દ્વારા નહીં

કરું, કારણ કે શબ્દો દ્વારા જે કહેવાય તે હંમેશા અપૂર્ણ હોય. શબ્દોની એક મર્યાદા છે. શબ્દો દ્વારા તમેજે અનુભવ કરો તેનું સો ટકા વર્ણન તમે ન કરી શકો. તમે જોયેલા કોઈ સુંદર દૃશ્યનું વર્ણન શબ્દો દ્વારા કરો ત્યારે તમે જેવું દૃશ્ય જોયું છે. તેનું આબેહૂબ વર્ણન શબ્દો દ્વારા કરી શકો? તેની માત્રા ઘટી જશે.

તેથી પ્રભુ કહે જેની માત્રા ઓછી હોય, જેમાં સો ટકા ન કહી શકાય તેવા સાધનનો શબ્દોનો વ્યવહાર હું કરતો નથી. આપણે આશા રાખીએ છીએ કે ભગવાન મારી સાથે વાતો કરે, મને ઉત્તર આપે, પણ જો ઉત્તર આપે તો વાણીનો ઉપયોગ કરવો પડે, વાણીનો ઉપયોગ કરે તો વાણીની એ સમર્થતા નથી કે એનું પૂર્ણ રીતે વર્ણન કરી શકે. તો પૂર્ણ વાત સમજવી કેવી રીતે? તો પ્રભુ કહે છે કે ભક્તને હું મારા ભાવોનું દાન કરું છું. મારા હૃદયમાં જે ભાવ છે તેનું દાન તમારા હૃદયમાં કરું છું. આ જાણવાનો પણ એક પ્રકાર છે.

ઠાકોરજી તો વાતો કરે છે. આપણી સામે બોલવા પણ ઘણું માગે છે. કોઈ બાળક હોય તેને તમે કહો કે ચૂપચાપ બેઠો રહે. તો એ બેસશે? આમ કરશે, તેમ કરશે, બોલવા જશે. તમે જેમ કહેશો કે બોલતો નહિ, એમ એ વધારે બોલશે, તેમ આપણા ઠાકોરજીને પણ સૌથી મોટો શોખ એ છે કે તેમને વાતો કરવા બહુ જોઈએ છે. આપણા ઘરમાં પધારેલા ઠાકોરજી બોલતા છે. પણ આપણે તેમની સાથે મૂંગે મોઢે વ્યવહાર કરીએ છીએ. જાણે ઠાકોરજીને કાંઈ મન થતું જ ન હોય એમ માનીએ છીએ.

તો ઠાકોરજી સાથે વાત કરવાનો, એમની સાથે સંવાદ કરવાનો, એમની વાણી સમજવાનો, ઠાકોરજી શું કહેવા માગી રહ્યા છે એ સંકેતને જાણવાનો પણ એક પ્રકાર છે. ક્યારેક એ વિષય લઈશું. જો સમય મળશે અને શ્રીઠાકોરજીની ઈચ્છા હશે તો આપણે એ જોઈશું.

તમે દહીંમાંથી છાશ બનાવો અને છાશનું મંથન કરી એમાંથી માખણ કાઢો તો બધો ભાગ નીકળી જાય કે થોડું બાકી રહે? ગોપાલદાસજીએ જ્યારે આ મંથનની વાત કરી ત્યારે કોઈએ પૂછ્યું : વેદ રૂપી દધિનું મંથન કર્યું, મંથન કરીને એનો સાર-નવનીતરૂપી માર્ગ એમાંથી કાઢી લીધો, તો જે ભાગ બાકી રહ્યો તે કયો અને એનું શું થયું? જે નવનીત પ્રગટ્યું તેનું આચમન કોણે કર્યું અને કેવી રીતે કર્યું?

ગોપાલદાસજી કહે છે : વેદ દધિ મધ્ય નવનીત જે ભજન રસ મથિત માધુરી જીવે શ્રવણ પીધો.

શ્રીગુસાંઈજીએ એ રસ પ્રગટાવ્યો તો ખરો, પણ એ રસનું દાન પુષ્ટિજીવોને કેવી રીતે કર્યું? તો કહે છે કે એ રસને પોતાની વાણી દ્વારા પુષ્ટિજીવોના કર્ણની અંદરથી હૃદયમાં પધરાવ્યો. આપણે ત્યાં બે પ્રકારની સૃષ્ટિ. નાદસૃષ્ટિ અને બિંદુસૃષ્ટિ. બિંદુ સૃષ્ટિ એટલે વલ્લભકુલનો પરિવાર અને વૈષ્ણવો એ નાદસૃષ્ટિ. નાદસૃષ્ટિનો મતલબ એ કે જ્યારે પણ આપણા ઉપર કૃપા થશે ત્યારે સાંભળી સાંભળીને થશે. જ્યારે પણ આ રહસ્યને જાણીશું ત્યારે સાંભળીને જાણીશું, કારણ કે આ નાદસૃષ્ટિ છે. જ્યારે શ્રીઠાકોરજીએ વેણુનાદ કર્યો ત્યારે વેણુ વગાડતા વગાડતા પ્રભુને એટલો આનંદ આવ્યો કે

આનંદના રસનાં બિંદુઓ અધરામૃત સ્વરૂપે પ્રભુની વેણુના છિદ્રમાંથી બહાર છલકવા લાગ્યા. જ્યારે એ બિંદુઓ છલકાયા ત્યારે શ્રીસ્વામિનીજી આવ્યાં અને પોતાની હથેલીઓ જોડી અધરામૃતનાં એ બિન્દુ ધારણ કર્યા. એ બિન્દુમાંથી જે પ્રગટ્યા એ વલ્લભકુળ. પ્રભુના વેણુનાદનું શ્રવણ કરીને જેઓ ભાગતા ભાગતા આવ્યા એ વૈષ્ણવસૃષ્ટિ. એટલા માટે વૈષ્ણવોની ઉપર જ્યારે પણ કૃપા થશે ત્યારે સાંભળીને થશે.

જેટલું સાંભળશો, ભલે ગમે તેટલું વાંચો, પણ જેટલું શ્રવણ કરશો એટલો પુષ્ટિમાર્ગ કર્ણ દ્વારા હૃદયમાં સ્થાપિત થશે. જે દૈવી જીવો હતા તેમણે પોતાના કર્ણના માધ્યમથી પુષ્ટિમાર્ગને પોતાના હૃદયમાં પધરાવ્યો.

જે બાકી રહ્યું એનું શું થયું? નવનીત કાઢી લીધા પછી જે તક્ર એટલે કે છાશ, જે કર્મકાંડનો માર્ગ છે, નવનીત કાઢી લીધા પછી જેમાં શુષ્કતા રહી છે. એ માર્ગમાં કોણ ગયું? જે સાધારણ જીવો હતા એમણે જોયું કે માખણ અને છાશ બંનેનો રંગ શ્વેત છે. સમાન રંગ છે તેથી બંને સમાન ફળ આપવાવાળા હશે એમ માની, માખણને છોડી, સરળતાથી પી શકાય અને વધારે દેખાય એવા છાશરૂપી કર્મમાર્ગમાં તેઓ ગયા. અને તેથી તેઓ નવનીત જેવા પુષ્ટિમાર્ગથી ચૂકયા. કારણ ભક્તિમાર્ગમાં તો બંને સાથે ચાલે છે.

જ્યારે એક વૈષ્ણવ ગુંસાઈજીના દર્શન કરવા આવ્યા તો જોયું કે અંદર તો સાક્ષાત્ શ્રીઠાકોરજી બિરાજે છે. તેમને થયું અરે, ગુસાંઈજીના ઘરમાં તો પ્રભુ સાક્ષાત્ બિરાજે છે! જેવા બહાર આવ્યા તો શું જોયું? શ્રીગુસાંઈજી સંધ્યાવંદન કરતા હતા. જ્યારે આવી વૈદિક વિધિ કરતા જોયા ત્યારે એમના મનમાં પ્રશ્ન થયો કે ગુસાંઈજીના ઘરમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે તો પછી આપ આ વૈદિક ક્રમ કેમ કરે છે?

શ્રીગુસાંઈજી કહે છે : આ ભક્તિમાર્ગ ગુલાબના ફૂલ જેવો છે. કર્મમાર્ગ એ કાંટાની વાડ જેવો છે. ગુલાબનું ફૂલ ઊગ્યું હોય અને એની રક્ષા કરવી હોય તો આસપાસ કાંટાની વાડ કરવી પડે. વાડ ન હોય તો ફૂલને કોઈપણ ચોરીને, તોડીને લઈ જાય. માટે તમારા બદલે અમે બધું વૈદિક કર્મ કરી લઈએ છીએ.

એટલા માટે અહીં કહેવામાં આવ્યું કે તક્ર સમ કર્મ પથ સ્નેહ રસ હીન જે, શ્વેત જાણી વિમુખ તાણી લીધો – જે પુષ્ટિજીવનના અધિકારી ન હતા એમણે જોયું કે સમાન રંગ છે એટલે સમાન ફલ આપનાર હશે એમ છેવટે પુષ્ટિમાર્ગ છોડી લૌકિક કર્મકાંડના માર્ગમા ગયા. હું આમ કરીશ, આટલું કરીશ તો મને આપ મળી જશે. જીવનમાં બે પથ એકસાથે ચાલે છે.કઠોપનિષદમાં શ્રેય અને પ્રેયની વાત આવે છે. એક માર્ગ એવો છે જેમાં ચાલતા વાર વાગે છે પણ એમાં જે ફળ મળે છે તે હંમેશા તમારી પાસે રહેશે. બીજો શોર્ટકટ છે. તરત ફળ મળશે પણ એ ફળ હંમેશા ટકશે નહિ. આ શ્રેય અને પ્રેય બંને એકસાથે ચાલે છે.

શ્રીમહાપ્રભુજીનો એક સંત સાથે સમાગમ થયો. બંને જણ પ્રભુનાં દર્શન કરવા જવાના હતા. શ્રીમહાપ્રભુજી કહે કે હું તો આ રાજમાર્ગથી ચાલીશ. સંત કહે આ જંગલમાંથી બીજો રસ્તો જાય છે એ

ટૂંકો છે. તરત પહોંચી જવાશે. શ્રીમહાપ્રભુજી કહે કે ગમે તે હોય. આ માર્ગ ભલે લાંબો હોય, હું તો આ માર્ગેથી ચાલીશ. બંને જ્યારે ગયા ત્યારે સંત પહેલા પહોંચ્યા. શ્રીમહાપ્રભુજી પધાર્યા ત્યારે કહે છે કે જુઓ મેં કહ્યું હતું ને કે આ જંગલનો માર્ગ ટૂંકો છે. હું તમારાથી પહેલાં આવી ગયો. શ્રીમહાપ્રભુજીએ કહ્યું : 'આપ તો મોટા સંત છો. પ્રભુના પરમ ભક્ત છો. આપની પાછળ જુઓ. કોણ ઊભું છે?'

સંતે પાછળ જોયું તો ત્યાં શ્રીઠાકોરજી હાંફતા હાંફતા ઊભા છે. પરસેવાથી રેબઝેબ છે. 'અરે, આ શું છે?'

શ્રીમહાપ્રભુજી કહે જ્યારે ભગવદ્ ભક્તો પ્રભુનાં દર્શન કરવા જતા હોય ત્યારે જેટલી ઉતાવળ એમને હોય, એના કરતાં વધારે ઉતાવળ એમના પ્રભુને એમને મળવાની હોય. જ્યાં મનમાં પ્રભુને મળવાનો સંકલ્પ કરે કે પ્રભુ ભાગતા ભાગતા એમની પાસે આવી જાય. પ્રભુ એ ચિંતા કરે છે કે મારા ભક્તને કોઈ તકલીફ ન પડે. જુઓ, હું રાજમાર્ગે આવ્યો તો પ્રભુને શ્રમ ન પડ્યો અને તમે કાંટાવાળા માર્ગે આવ્યા તો પ્રભુને ચિંતા થઈ કે મારાં દર્શન કરવા આવી રહ્યો છે, એના પગમાં ક્યાંક કાંટો ન વાગી જાય. તેથી જ તમે ચાલતા ચાલતા આવતા હતા ત્યારે રસ્તાના કાંટા અને પથ્થર હટાવતા પ્રભુને કેટલો શ્રમ થયો છે!

એટલા માટે આપણે જ્યારે જ્યારે પણ પ્રભુને મળવાનો સંકલ્પ કરીએ ત્યારે એવો પથ નિશ્ચિત કરીએ કે જેમાં પ્રભુને શ્રમ ન પડે, કારણ તે જ વખતે પ્રભુ પણ આપણને મળવાનો સંકલ્પ કરે છે.

અહીં કહે છે કે તક્ર સમ કર્મપથ સ્નેહરસ હીન જે શ્વેત જાણી વિમુખ તાણી લીધો. કેટલાકને એમ લાગ્યું કે આ કર્મપથ એવો છે જેમાં થોડું કાંઈ કરીશું અને તરત ફળ મળશે. આમ જલદી ફળ મેળવવાની લાલચમાં રાજમાર્ગ છોડી જ્યાં ત્યાં જે સાધન મળે તે જગ્યાએ જવા લાગ્યા. ભક્તિથી વિમુખ થઈ ગયા.

કલિકાલમાં બે વસ્તુથી હંમેશા ચેતવું. એક સસ્તું અને બીજું સરળ. કોઈ કહે કે આ બહુ સહેલો ઉપાય છે. આટલું કરશો તો બધું થઈ જશે.સસ્તું અને સરળ બે વસ્તુ કલિકાલમાં મળે ત્યાં સાવધાન થઈ જવું. સરળ માર્ગને બદલે સાચો માર્ગ શોધવાનો પ્રયત્ન કરવો. સરળ મળે પણ સાચો ન હોય તો શું કામનો? કદાચ સાચો માર્ગ મળી ગયો, એ લાંબો છે,ચાલી રહ્યા છો તો ક્યારેક પણ પહોંચશો ખરા. એટલા માટે કહ્યું વેદદધિ મધ્ય નવનીત જે ભજનરસ મથિત માધુરી જીવે શ્રવણ પીધો. તક્ર સમ કર્મપથ સ્નેહરસ હીન જે શ્વેત જાણી વિમુખ તાણી લીધો.

જે જીવે શ્રવણ દ્વારા પુષ્ટિભક્તિમાર્ગને પીધો, એનું કર્તવ્ય શું? એના મનોરથ કેવી રીતે પૂરા થશે? તો એનો જવાબ ગોપાલદાસજી ત્રીજી ટૂકમાં કહે છે.

એ ચરણશરણ વિના લોક દશચારમાં,
કહોને કેનો કાંઈ અર્થ સીધો,
શું કહું ચતુર થઈ થઈ અને વિસ્તરે,
ભજે નહિ પશુ જેમ વિષય કીધો...૩

અહીં ગોપાલદાસજી કહી રહ્યા છે કે આ દિવ્ય પુષ્ટિમાર્ગમાં આવી તો ગયા, એ ભજનરસ શ્રવણ દ્વારા પીધો, પણ તમે સાચા પુષ્ટિમાર્ગી ક્યારે કહેવાઓ? જ્યારે આટલી બાબતોમાં તમારી રુચિ હોય.

સૌથી પહેલાં આપણા પુષ્ટિપુરુષોત્તમમાં અનન્યતા હોય. આપણા આચાર્યોમાં શ્રધ્ધા હોય આપણા દરેક વૈષ્ણવ પ્રત્યે પ્રીતિ હોય. આપણા માર્ગના વિશેષ શબ્દો છે, એના પ્રત્યે આદર હોય. આપણા માર્ગના પહેરવેશ માટે સન્માન હોય, આપણા માર્ગના રીત-રિવાજ માટે અહોભાવ હોય. આટલી બાબતો હોય ત્યારે આપણે સાચા પુષ્ટિમાર્ગી કહેવાઈએ.

આમ સૌથી પહેલાં આપણા શ્રીઠાકોરજી માટે અનન્ય ભાવ, આપણા આચાર્યો માટે પૂર્ણ શ્રધ્ધા, એમની વાણી ઉપર પૂર્ણ ભરોસો, આપણા વૈષ્ણવો માટે પ્રીતિ, આપણા માર્ગના જેટલા પણ શબ્દો છે, પુષ્ટિમાર્ગની જે વિશિષ્ટ લેંગ્વેજ છે, વિશિષ્ટ શબ્દો છે - વળી વિશેષમાં એ છે કે દરેક વસ્તુને સન્માન અપાય છે. દરેકની પાછળ 'જી' લાગે છે- લોટીજી, ઝારીજી, બંટાજી, માળાજી - આપણે ત્યાં દરેક વસ્તુ સ્વરૂપાત્મક છે, ભાવાત્મક છે, પ્રભુની લીલામાં ઉપયોગી છે. પ્રભુની લીલોપયોગી દરેક વસ્તુ આપણે માટે સન્માનનીય થઈ જાય છે. આમ ઠાકોરજીમાં અનન્યભાવ, ગુરુના વચનમાં શ્રધ્ધા, વૈષ્ણવો માટે પ્રીતિ, પુષ્ટિમાર્ગીય શબ્દો માટે સન્માન જોઈએ. ત્યારબાદ આપણા માર્ગના પહેરવેશ માટે પણ અહોભાવ હોવો જોઈએ. જે પહેરવેશ બતાવવામાં આવ્યો છે એ પહેરીને તમે સેવા કરશો તો તમને લાગશે ૫૦% આપણા મને કર્યું છે ૫૦% કાર્ય આપણા પહેરવેશે કર્યું છે.

દયા ભવૈયાએ રાજાને રીઝવવાના ઘણા પ્રયત્ન કર્યા. રાજા રીઝતો નથી. એણે નક્કી કર્યું કે આજે જો હું રાજાને નહિ રીઝવું તો મારા પ્રાણ ત્યાગી દઈશ. રાજા બનીને આવ્યો, રાજા ન રીઝ્યા. અલગ અલગ રૂપ લીધાં. ક્યારેક યોગીનું, ક્યારેક સાધુનું પણ રાજા વૈષ્ણવ છે. નીચી દૃષ્ટિ કરીને અષ્ટાક્ષરનું સ્મરણ કરી રહ્યા છે. કેટલાય રૂપ ભવૈયાએ લીધા પણ રાજા પ્રસન્ન ન થયો. કોઈએ કહ્યું : ભવૈયા, આ રાજા વૈષ્ણવ છે.' ભવૈયાને થયું કે હું વૈષ્ણવનું સ્વરૂપ લઉં તો રાજાને પ્રીતિ જાગે. ધોતી-બંડી પહેર્યા, મસ્તક ઉપર તિલક ધારણ કર્યું, ગળામાં તુલસીમાળા અને હાથમાં ગૌમુખી લઈ દરબારમાં આવ્યા. રાજાને થયું કે કોઈ વૈષ્ણવ આવી રહ્યા છે. સિંહાસન ઉપરથી ઉતરીને દયા ભવૈયાને હૃદયથી લગાવી લીધો. એ વખતે ભવૈયાને વિચાર આવ્યો કે રાજાને રીઝવવા માટે મેં ખાલી વૈષ્ણવનો વેશ ધર્યો છે. એટલામાં આ રાજા રીઝી ગયા તો હું વૈષ્ણવ બની જાઉં તો આ જગતનો રાજા રીઝી ન જાય? માત્ર વૈષ્ણવતાનો વેશ લેવા માત્રથી રાજા રીઝીની દોડી આવ્યો, મને ભેટી પડ્યો. જો વૈષ્ણવ બની જાઉં તો આ રીતે મારા પ્રભુ પણ રીઝે. માર્ગના પહેરવેશ માત્રથી પણ આવું દુર્લભ કાર્ય થયું છે. તેથી આપણને આપણા પહેરવેશ માટે સન્માન હોય તે જરૂરી છે.

વળી પુષ્ટિમાર્ગના જે કોઈ રીતરિવાજ છે, એને માટે પણ આપણને પૂર્ણ સન્માન હોય. આ બધું હોય તો આપણે પુષ્ટિમાર્ગનું અનુસરણ કરી રહ્યા છીએ એમ કહી શકાય.

ખાલી બ્રહ્મસંબંધ લઈ લીધું, દર પૂનમે નાથદ્વારા જવાનું એવો નિયમ લીધો અને કહીએ કે અમે વૈષ્ણવ છીએ તો આમ વૈષ્ણવ ન થવાય. ઉપર કહી તે પાંચે બાબતો આવે ત્યારે સાચા અર્થમાં પુષ્ટિમાર્ગનું અનુસરણ આપણે કરી રહ્યાં છીએ, એમ કહી શકાય.

આ જ બાબત આ કડીમાં કહે છે. તમે પુષ્ટિમાર્ગમાં આવી તો ગયા, પણ શ્રીગુસાંઈજીના ચરણોમાં આશ્રય કર્યો નથી, તો આ માર્ગમાં આવીને તમે ચૌદે લોકમાં ફરો - લોક દશચારમાં - એટલે કે ચૌદે ભુવનમાં ફરશો તો ક્યાંય તમને એવો કોઈ દેખાશે નહિ કે જેણે શ્રીગુસાંઈજીનો આશ્રય ન કર્યો હોય અને પુષ્ટિફલનું દાન થયું હોય.

શ્રીગુસાંઈજીનો આશ્રય લીધા વિના, આધાર લીધા વિના, એમની કૃપા પ્રાપ્ત કર્યા વિના, આ પુષ્ટિજીવોને પુષ્ટિફલ મળી જ શકતું નથી. કોઈ કહે કે તમે કહો છો કે શ્રીગુસાંઈજીનો આશ્રય કર્યા વિના ભગવદ્ પ્રાપ્તિ થઈ જ ન શકે, તો સારસ્વત કલ્પમાં જે ગોપીજનો હતાં તેમને ભગવદ્ પ્રાપ્તિ કેવી રીતે થઈ હતી? તો ગોપાલદાસજી કહે છે કે સારસ્વત કલ્પમાં જે નંદનંદન હતા જેમની કૃપાથી ભગવદ્ પ્રાપ્તિ થઈ હતી એ નંદનંદન અને આ શ્રીગુસાંઈજી એ બંનેમાં ભેદ થોડો છે? એ વખતે એમની કૃપાથી ભગવદ્ પ્રાપ્તિ થતી હતી અને આજે આ કલિકાલમાં પણ એમની કૃપાથી જ ભગવદ્ પ્રાપ્તિ થાય છે. ભક્તોને એ કૃપાનું દાન થઈ રહ્યું છે. આજે પણ શ્રીગુસાંઈજી પ્રભુચરણના ચરણારવિંદનો આશ્રય ન કરે તો એ કૃપાબળ મળી ન શકે.

એટલા માટે તો કહ્યું કે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલને જાણી ન શક્યા તો પછી આ પુષ્ટિમાર્ગમાં આવવું સાર્થક નથી. માટે ઘણી વાર વૈષ્ણવો ગાય છેઃ

શ્રીવલ્લભ વિઠ્ઠલ હરિ નવ જાણ્યા,
તેણે સર્વસ્વ ખોયું રે.
શું લાવ્યા શું લઈને જાશો,
વારંવાર વહેવાયા રે.
પુષ્ટિમાર્ગમાં જે જન આવ્યા,
વિશ્વાસે ન વર્ત્યા રે.
વલ્લભ વિઠ્ઠલ હરિ નવ જાણ્યા
તેણે સર્વસ્વ ખોયું રે.

આ પુષ્ટિમાર્ગમાં આવી તો ગયા, શ્રીહરિને ન જાણ્યા, શ્રીમહાપ્રભુજીને ન જાણ્યા, શ્રીગુસાંઈજીને ન જાણ્યા, તો એવું થાય કે આગળ મીંડા લાગતા ગયા પણ પાછળથી એકડો ચાલ્યો ગયો! એકડા વગર વધારેલા મીંડાની કોઈ કિંમત રહે? શ્રીવલ્લભ, વિઠ્ઠલ, હરિને ન જાણીએ ત્યાં સુધી આગળના મીંડાનું કોઈ મોલ રહેતું નથી. તેથી જ કહે છે :

સેવાનું ફળ સેવા થાશે, ઋતુ પ્રમાણે મેવા રે.
સંપત પ્રમાણે સમર્પી લેજો, તેનું નામ તો સેવા રે,
વલ્લભ, વિઠ્ઠલ, હરિ ન જાણ્યા,
તેણે સર્વસ્વ ખોયું રે.
સેવા કરશે પાખંડ ધરશે, તે અથડાતા ફરશે રે.
ભાવ વિના જે ભક્તિ કરશે, તે પથ્થર કેમ તરશે રે,
વલ્લભ વિઠ્ઠલ હરિ નવ જાણ્યા તેણે સર્વસ્વ ખોયું રે.

આ જ રીતે ગોપાલદાસજી પણ કહે છે કે એ ચરણશરણ વિના લોકદશ ચારમાં કહોને કેનો કાંઈ અર્થ સીધો? પુષ્ટિમાર્ગમાં આવી તો ગયા પણ શ્રીવલ્લભ-વિઠ્ઠલને જાણી ન શક્યા, અથવા બંનેને અલગ અલગ જાણ્યા - તો સમજી લો આ ભૂતલ ઉપર આવીને પણ વ્યર્થ થઈ ગયા. આગળ કહે છેઃ

મીઠું બોલે ને આચરણ ખોટા તેને તો ખર કહીએ રે,
માધવદાસ તો એટલું માગે, તેનો સંગ ન કરીએ રે.
વલ્લભ વિઠ્ઠલ હરિ નવ જાણ્યા,
તેણે સર્વસ્વ ખોયું રે.

જ્યારે વૈષ્ણવ આ માર્ગમાં આવીને શ્રીગુસાંઈજી પ્રભુચરણના ચરણનો આશ્રય કરે અને આશ્રય કર્યો ક્યારે કહેવાય? જ્યારે એ ચરણારવિંદમાં દૃઢ અનન્યતા થઈ જાય, પ્રભુને લાગે કે આ મારો જ છે, ત્યારે માનવું કે આ ચરણારવિંદનો આશ્રય દૃઢ થયો. વૈષ્ણવ અનન્યતાનું વ્રત જ્યારે લઈ લે ત્યારે માનવું કે તેને ચરણારવિંદનો દૃઢ આશ્રય થયો. આવો દૃઢ આશ્રય ન થાય ત્યાં સુધી આ માર્ગનું જે હાર્દ છે, આ માર્ગનું જે ફલ છે તે ન મળે.

શ્રીગુસાંઈજીનો સ્વભાવ કેવો છે? 'ગ્રહી સોંપત શ્રીગોવર્ધનનાથ' જે એમને શરણે જાય તેને શ્રીઠાકોરજીને સોંપે છે. શ્રીગુસાંઈજી અને મહાપ્રભુજી કેવા છે? એક પ્રસંગ જોઈએ. એક પિતા અને પુત્ર ચાલતા ચાલતા જતા હતા. રસ્તામાં બ્રીજ આવ્યો. બ્રીજ તૂટેલો હતો. છોકરાએ કહ્યું : 'પિતાજી, મારો હાથ પકડી લો.' પિતાજી કહે છે : 'તારે મારો હાથ પકડવો જોઈએ. એને બદલે એમ કેમ કહે છે કે તમે મારો હાથ પકડી લો. તું નાનો છે કે હું નાનો છું?'

છોકરો કહે છે : બ્રીજ તૂટેલો છે એ હાલવા લાગશે તો કદાચ મેં પકડેલો હાથ છૂટી જશે. પણ જો આપે મારો હાથ પકડ્યો હશે તો મને વિશ્વાસ છે કે હું ગમે તેટલો વિચલિત થઈશ, આપ મારો હાથ કદી નહિ છોડો. એમ આ માર્ગમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણનો આશ્રય કરીએ અને શ્રીગુસાંઈજી જ્યારે હાથ પકડે ત્યારે જીવ આ ભવસાગરમાં ગમે તેટલો વિચલિત થાય, આ સંસારમાં એવી કોઈ ઘટના ઘટે કે એનો આશ્રય ડગવા લાગે, તો પણ શ્રીગુસાંઈજી તો 'ગ્રહી સોંપત શ્રીગોવર્ધનનાથ.' શ્રીઠાકોરજીને એનો હાથ પકડાવી દે છે. સોંપી દે છે. એ કદી છૂટતો નથી.

માટે કહ્યું : કહો કેનો કાંઈ અર્થ સીધો. શ્રીગુસાંઈજીથી દૂર જઈને કયો એવો પુષ્ટિજીવ છે કે જેને પુષ્ટિફલની પ્રાપ્તિ થઈ હોય. આગળ કહે છે : શું કહું ચતુર થઈ થઈ અને વિસ્તરે, ભજે નહિ પશુ જેમ વિષય કીધો.

ગોપાલદાસજીને અહીં એવા મનુષ્ય ઉપર હસવું આવે છે કે જે પુષ્ટિમાર્ગમાં આવીને શ્રીગુસાંઈજીનો આશ્રય કરી શકતો નથી. પોતાને ચતુર માનીને, પોતાને સર્વ સામર્થ્યવાન માનીને એવી રીતે ભમી રહ્યો છે કે પોતે તો ભટક્યો છે અને બીજાને પણ ભટકાવે છે.

શ્રીમહાપ્રભુજી ગહેવર વનમાં પધારતા હતા. ત્યાં શું જોયું? એક અજગરને ઘણી કીડીઓ ખાઈ રહી હતી. સેવકોએ એનું કારણ પૂછ્યું તો કહ્યુ કે આ અજગર મહંત હતો અને આ બધી કીડીઓ એ એના ચેલા હતા. એટલા માટે એને ખાઈ રહ્યા છે કે પોતે તો તરી ન શક્યા અને અમને પણ ડૂબાડ્યા. તમે તો પ્રભુના થઈ ન શક્યા અને અમને પણ થવા ન દીધા. આમ કહીને બદલો લઈ રહ્યા છે.

માટે ગોપાલદાસજી કહે છે : શું કહું ચતુર થઈ થઈ અને વિસ્તરે ભજે નહિ પશુ જેમ વિષય કીધો. પ્રભુનો થઈ શકતો કેમ નથી? તો કહે છે વિષયરસને એટલો માણ્યો છે કે પ્રભુ મધુર લાગતા નથી. જુઓ, કોઈ મીઠી વસ્તુ જ્યારે કડવી લાગે ત્યારે માનવું કે તબિયત સારી નથી. માંદગી આવી છે. ડૉક્ટર પાસે જઈને ઈલાજ કરાવવાની જરૂર છે.

એમ અહીં ગોપાલદાસજી પણ કહી રહ્યા છે કે આ માર્ગમાં આવીને શ્રીગુસાંઈજીના ચરણનો આશ્રય કરી શકતા નથી, તો માનવું કે એ જીવ બધા માંદા છે. એમને ઉપાયની - ઉપચારની જરૂરત છે. શ્રીગુસાંઈજીના ચરણારવિંદ પકડી ન શક્યા, એમનો આશ્રય કરી ન શક્યા તો માનવું કે આ રોગીને ઈલાજની જરૂર છે. જેણે વિષયરસ પીધો છે એને એવા ઈલાજ કરવાવાળા મળી જાય કે એને પોતાને પણ ટ્રીટમેન્ટની તાત્કાલિક જરૂર હોય. એક માણસને કાનમાં દુઃખતું હતું. એ કાન ચેક કરાવવા કાનના ડૉક્ટર પાસે ગયો. ત્યાં મોટા અક્ષરે બોર્ડમાં લખ્યું હતું કે 'મોટેથી બોલજો, ડૉક્ટરને ઓછું સંભળાય છે.' આમ આપણે જે અવસ્થામાં હોઈએ એવા લોકો પણ આપણને સામેથી મળી જાય. માણસ ભટકેલો હશે તો એને વધારે ભટકાવનારા મળી જશે. ક્યાંક અટક્યા હશે તો એને દૃઢ રીતે ત્યાં અટકાવી રાખવાવાળા પણ મળી જશે. જેવી આપણા મનની વૃત્તિ હશે એવું જ આપણે ગોતી લઈશું.

જેણે વિષયનું પાન કરેલું હોય તેને અમૃત ક્યાંથી ભાવે? વાંદરાનો સ્વભાવ એકથી બીજી, બીજીથી ત્રીજી ડાળીએ કૂદવાનો હોય. એમ આપણું મન પણ મર્કટ જેવું ચંચળ છે. એક વિચાર ઉપર ટકતું નથી. એ રીતે સદા ચંચળ રહેતું, માંકડા જેવું આપણું મન, એને કોઈ મદિરાપાન કરાવી દે તો એની દશા શું થાય? આટલું પણ ઓછું હોય, સદા ચંચળ રહેવા ટેવાયેલું મનમર્કટ, એને મદિરા પીવડાવી દીધી પાછો એને વીંછીએ ડંખ માર્યો, શું થાય? વળી આ બધું પણ ઓછું હતું ત્યાં એને ભૂત વળગ્યું, બતાવો આ મન રૂપી માંકડાની દશા શું થાય? એ મનનો ઈલાજ કોઈ કરી શકે? આપણા મનની દશા પણ કાંઈક આવી છે. એક તો ચંચળ હતું અને લૌકિક વિષયોની મદિરાનું પાન કર્યું. વધારે ચંચળ થયું. આટલું ઓછું હતું તેમ બીજાનું સુખ જોયું અને ઈર્ષ્યાના વીંછીએ એને ડંખ માર્યો. તો સાવ કાબુમાંથી ગયું. એટલું ઓછું હતું તે વળી બીજાને જોઈ એના જેવા થવાથી વૃત્તિ જાગી. બીજાના જેવા થવાનું ભૂત વળગ્યું. પછી એ મનનો કોઈ ઈલાજ ન કરી શકે.

બરાબર આવી જ દશા એ જીવોની થાય જે શ્રીગુસાંઈજીના ચરણોને છોડી સંસારમાં ભટક્યો અને પશુ જેમ વિષય કીધો. જેમ પશુઓ પોતાના દેહના પાલનપોષણ માટે ફરતા રહે તેમ બરાબર એવી દશા જીવની થઈ.

આવા મનને સ્થિર કરવાનો કોઈ ઉપાય ખરો? ગોપાલદાસજી કહે છે : એક ઉપાય છે જે કરવાથી ભટકેલું મન પણ અટકે, આવું ચંચળ મન પણ સ્થિર થાય.

શો ઉપાય છે? ચોથી કડીમાં તે બતાવે છે.

બોલ વલ્લભ સુવન વિમલ વાણી,
જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી,
ગૂઢ રસ તત્ત્વ જે વેદની વાણી તે,
પ્રકટ કીધી ભક્ત હેત જાણી...૪.

આ વલ્લભાખ્યાનમાં ત્રણની વાણી છે. ભગવદીયની, ગુરુની અને પ્રભુની. ત્રણેયનું રટણ ત્રણ વાર ગાઈને કરતાં કરતાં કોઈ એકની વાણીનો સ્પર્શ પણ થઈ જાય તો પણ જીવન ધન્ય બને. માટે આપણે દરેક કડી ત્રણવાર ગાઈએ છીએ.

ભટકતા મનને સ્થિર કરવાનો ઉપાય બતાવે છે. આપણી દશા કેવી છે? ઘણી વાર આપણે જોઈએ છીએ કે કોઈ દીવાલની અંદર અચાનક ક્યાંકથી ઝાડ ઊગી જાય, તે વખતે લોકો શું કરે છે? એને કાપી નાખે છે. પણ બીજની શક્તિ એવી છે કે એકવાર તમે ડાળ કાપો તો પણ તે ફરીથી ઊગે. વારેવારે કાપો તો યે વારેવારે ઊગે. ત્યારે કોઈ સમજદાર વ્યક્તિ હોય તે ઉપાય બતાવે. આમ ઉપર ઉપરથી ડાળ કાપશો તો વૃક્ષનો નાશ નહિ થાય, કારણ કે અંદર બીજ છે. બીજની એ શક્તિ છે કે તમે ગમે તેટલી વાર કાપવાનો પ્રયત્ન કરશો, એમાંથી વૃક્ષની ડાળી નીકળશે. માટે તમારે જો વૃક્ષને નષ્ટ કરવું હોય તો બીજને નષ્ટ કરો. બીજને નષ્ટ કરવાનો ઉપાય શું? એમાં એસીડ નાખી દો.

આમ જો એસીડ નાખવામાં આવે તો બીજ નષ્ટ થઈ જાય. બીજ નષ્ટ થઈ ગયા પછી એમાં ગમે તેટલું પાણી નાખો, વૃક્ષ નીકળશે નહિ. આ રીતે સમાજના લોકોએ આપણા પુષ્ટિબીજ ઉપર એસીડ નાખવાનો પ્રયત્ન કર્યો છે. કાપવાનો પ્રયત્ન તો ઘણાએ કર્યો છે. જરાક આપણી લૌકિકમાં કસોટી થાય કે કોઈ આવીને કહે કે તું આટઆટલું ભગવદ્ નામ લે છે, આટલી આટલી સેવા કરે છે, તો તારી સાથે આવું કેમ થયું?

આનો અર્થ શું? લોકો ડાળીઓ કાપી નાખે છે થોડીવાર તો આપણને થાય કે આની વાત તો સાચી છે. આપણને આવું કેમ થયું? પણ હજુ બીજ અંદર છે એટલે વળી થોડું સારું થાય, સત્સંગ મળે એટલે પાછી ડાળી નીકળે. ત્યાં વળી બીજો કોઈ પ્રસંગ આવે ને ફરી કોઈ કાપવાવાળા મળે પણ જ્યાં સુધી અંદર બીજ છે ત્યાં સુધી તો આ ડાળીઓ નીકળવાની જ છે. હવે લોકોએ વિચાર કર્યો કે આના બીજમાં એસીડ નાખી દઈએ. એસીડ કયો? ભગવદ્નામ લેવાતું હોય ત્યાં દુઃસંગ લાગી જાય. જ્યાં એ ભગવદ્ સાનિધ્ય, ભગવદ્ સેવા અને સત્સંગથી દૂર થયો કે સમજી લો, એના પર એસિડ નંખાઈ ગયું છે. એસીડ નંખાયું અને બીજ નષ્ટ થયું. હવે એમાંથી ડાળીઓ નીકળવાની કોઈ સંભાવના રહી નથી. તો શું હવે એ બીજ ક્યારેય ઊગી નહિ શકે? એને ફરીથી સિંચન નહિ થઈ શકે?

શાસ્ત્રકારો કહે છે કે હજુ એક ઉપાય છે. ભલે એસીડ નાખીને એ બીજને નષ્ટ કર્યું, પણ હજી એ બીજની ઉપર કોઈ અમૃતનું સિંચન કરી દે તો એ જીવંત થઈ જાય અને એમાંથી ડાળી ફૂટે. તો આ સત્સંગ શું છે? સત્સંગ બીજું કાંઈ નહિ પણ આ જગતની અંદર આપણા એસીડ નાખીને બાળેલા બીજની ઉપર આપણે ચાર દિવસ અમૃતનું સિંચન કરવાનું છે.

એટલા માટે તો અહીં કહ્યું : બોલ વલ્લભ સુવન વિમલ વાણી, જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી. આ સમાજે આપણા મનની અંદર રહેલા બીજને નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો, આપણા મનને વાસનાઓથી ભરી દીધું, એ મનને સ્થિર કરવા માટે અમૃતનું સિંચન કરવું પડશે. એ આપણા બળેલા, નષ્ટ થઈ ગયેલા બીજને પુનઃ જાગૃત કરવામાં મદદ કરશે. એ અમૃત કયું? ગોપાલદાસજી કહે છે : શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી,

શ્રીહરિરાય મહાપ્રભુજી વગેરેએ જે ગ્રંથો આપ્યા એ ગ્રંથો આપની વાણી છે. આ આચાર્યોની વાણીનું જેટલું જેટલું અવગાહન થાય, ઉચ્ચાર અને વાંચન થાય, એ અમૃત છે. જ્યારે જ્યારે પણ આપણે સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરીએ ત્યારે એમ ન માનવું કે હું પાઠ કરું છું. આ તો સાક્ષાત શ્રીગુસાંઈજીના અધરામૃત રૂપ વાણી છે. જે અધરામૃત દ્વારા જન્મથી મૂંગા એવા ગોપાલદાસજી બોલતા થયા, તો કૃપા મારા ઉપર પણ થશે. આવા વિચાર કરીને પાઠ કરીએ તો અમૃતનું સિંચન આપણી ઉપર થાય.

અહીં ગોપાલદાસજી કહે છે : બોલ વલ્લભ સુવન વિમલ વાણી. શ્રીગુસાંઈજી માટે વલ્લભસુવન શબ્દ વાપરે છે. સૌથી પહેલો ઉપાય એ બતાવ્યો કે આ ચંચળ મનને સ્થિર કરવા માટે અને અમૃતનું સિંચન કરવાને માટે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું સ્મરણ કરવું. આમ વલ્લભસુવન શબ્દથી વલ્લભનું સ્મરણ પણ થાય અને સુવન એટલે પુત્ર, તેથી વલ્લભના પુત્ર શ્રીગુસાંઈજીનું પણ સ્મરણ થાય.

કોઈપણ વસ્તુ શુધ્ધ કરવી હોય તો યા તો ધોઈને થાય અથવા તપાવીને થાય. વસ્ત્ર વગેરે ધોવાથી શુધ્ધ થાય. વાસણ ઈત્યાદિ અગ્નિમાં તપાવીને શુધ્ધ થાય. પુષ્ટિમાર્ગમાં પણ જીવને શુધ્ધ કરવાવાળા બે તત્ત્વ છે. જલ અને અગ્નિ તત્ત્વ. આ બે તત્ત્વ દ્વારા જીવ શુધ્ધ થાય. જલ તત્ત્વ એટલે શ્રીયમુનાજી અને અગ્નિ તત્ત્વ એટલે આપણા શ્રીમહાપ્રભુજી. આ બંનેની કૃપા થાય તો જીવ શુધ્ધ બને. માટે કહ્યું : બોલ વલ્લભસુવન વિમલ વાણી જેની. આપણે ત્યાં જે ગ્રંથો છે, તે ગ્રંથ સ્વરૂપે સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી અને સાક્ષાત્ શ્રીગુસાંઈજી બિરાજે છે. આપણે વિચારવાનું છે કે પુષ્ટિમાર્ગમાં આટલા ગ્રંથો પ્રકાશિત થયા એમાંથી આપણે કેટલા વસાવ્યા? કેટલા વસાવ્યા એ તો ઠીક પણ કેટલા વાંચ્યા?

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી આજે બેઠકજી સ્વરૂપે, પાદુકાજી સ્વરૂપે, હસ્તાક્ષર સ્વરૂપે, ગ્રંથ સ્વરૂપે પ્રગટ બિરાજે છે. ગ્રંથોમાં એ સામર્થ્ય છે. જે આપણી ગ્રંથિઓને તોડે એ ગ્રંથ કહેવાય. જે આપણી ઉપર શાસન કરે એ શાસ્ત્ર કહેવાય.

આ ગ્રંથો આપણી એક એક ગ્રંથિઓને તોડે છે. પુષ્ટિમાર્ગની સૌથી મોટી ગલતી એ થઈ છે કે નથી આપણે વાંચતા, નથી આપણે સમજતા. ઘણા મને પૂછે છે કે આ સમયમાં ધર્મને સૌથી મોટો ખતરો કોનો છે? ઘણાંને લાગે છે કે પાશ્ચાત્ય સંસ્કૃતિનો, આ કલિયુગના ફાસ્ટ લાઈફનો ખતરો છે પણ મને લાગે છે કે ધર્મને આમાંથી કોઈનો નહિ પણ ખતરો ખોટી સમજણનો છે. આજે આપણે બધા એનાથી પીડાઈ રહ્યા છીએ.

બાળક જ્યારે મોટું થાય ત્યારે એને બધું જાણવાનું મન થાય. જાણવા માટે એ પોતાની મમ્મીને સૌથી પહેલાં પૂછે. જ્યાં બાળકના મનમાં પ્રશ્ન જાગે ત્યારે એ એની માતાને જઈને પૂછે કે મા, યમુનાજી ઠાકોરજીનાં શું થાય? હવે માને કહેતાં શરમ આવે કે બેટા, મને આવડતું નથી. તેથી એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટેના બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કરીને કહેશે. બેટા, આ વસ્તુ બહુ ગૂઢ છે. તને સમજમાં નહિ આવે. ક્યાંય પણ આપણે છટકી જવું હોય તો આ બ્રહ્માસ્ત્ર ચાલે છે.

આ સમયે બાળકના મનમાં જિજ્ઞાસા જાગી હતી, એને સમજાવવાનો મોકો હતો, જો એ જિજ્ઞાસાનું સિંચન થઈ ગયું હોત, તો આજે એ બાળક પુષ્ટિમાર્ગ તરફ વળ્યો હોત. પણ મોકો ચૂકાઈ ગયો.

વળી બાળક થોડો મોટો થાય. જ્ઞાન લેવા માટે ગુરુ પાસે જાય. લોકો એને કહેશે ત્યાં ન પૂછાય, અપરાધ થાય. શ્રમ પડે. બિચારો નવો નવો આવ્યો હોય અને ઘણાં એને એવો તોડી પાડે કે એને શું કરવું તે ન સમજાય. એ એની રીતે વર્તતો હોય. હોલ ભરેલો હોય, નવો નવો કોઈ આવે ને બે હાથ જોડી ગુરુને કહે કે 'જયશ્રીકૃષ્ણ.' ત્યાં તો બધા એના ઉપર એવા તૂટી પડે કે એ બિચારો કદી એ રસ્તેથી પણ નીકળે નહિ. એને ખબર નથી કે શું ભૂલ થઈ છે, એ એની રીતે એના શબ્દોમાં ગુરુ પ્રત્યેના ભાવ વ્યક્ત કરી રહ્યો છે. સમજાવવાનો પણ એક તરીકે હોવો જોઈએ આપણે એને એવો તોડી પાડીએ કે ફરી કોઈને 'જયશ્રીકૃષ્ણ' કહેવાનું પણ ભૂલી જાય!

કોઈ વલ્લભકુલ બાલક કે ગુરુ કહેતા નથી કે એમને કોઈ પૂછે તો શ્રમ પડે છે. તેઓ ભૂતલ ઉપર આવ્યા જ એટલા માટે છે કે તમે આવીને એમને પૂછો. તમારો અધિકાર છે એમને પૂછવાનો. ક્યાંયથી જવાબ ન મળે તો એકબીજાને પૂછી, આડીઅવળી રીતે એવું શીખે કે આપણે પૂછીએ કે આવું ક્યાંથી શીખ્યા? તો કહે અમુક ભગવદીયે શીખવાડ્યું. ઘણીવાર એવા એવા ક્રમ થતા હોય, હરકતો થતી હોય કે બધું જોઈને આશ્ચર્ય થાય કે આ બધું આવ્યું ક્યાંથી?

એક નિષ્કિંચન ભગવદીયની વાર્તા છે. તેમની પાસે ભોગમાં ધરવા ચમચી ન હતી તેથી દાતણ મૂક્યું કે ઠાકોરજી ચમચીના ભાવથી ગરમ સામગ્રી હલાવીને આરોગે. ગામના વૈષ્ણવોએ આ જોયું. એમણે વિચાર કર્યો કે અમે આટલા વર્ષોથી સેવા કરીએ છીએ. અમારા ઉપર કૃપા ન થઈ અને આ વૈષ્ણવ ઉપર આટલી બધી કૃપા થઈ એનું કારણ આજે સમજાયું. અમે તો ભોગમાં ચમચી ધરતા હતા. સાનુભાવ કેવી રીતે થાય એ આજે સમજાયું. પછી તો એમણે એટલા દાતણ ભોગમાં ધરવા માંડ્યા કે ગામમાં ક્યાંય દાતણ ન મળે! કોઈએ પાંચ-પંચમહાભૂતોના ભાવથી તો કોઈએ અગિયાર મૂક્યા-એકાદશ ઈન્દ્રિયોના ભાવથી!

શ્રીગુસાંઈજી એ ગામમાં પધાર્યા. જુએ તો બધી સામગ્રીમાં દાતણ જ દાતણ. પૂછે છે : 'ભાઈ, આ કયો મનોરથ છે?' 'મનોરથ તો ઠીક પણ અમે તો પેલા વૈષ્ણવનું જોઈને દાતણ ધરીએ છીએ.'

'અરે, એ વૈષ્ણવ તો નિશ્કિંચન છે. એની પાસે ભોગમાં ધરવા માટે ચમચી નથી, માટે દાતણ મૂકે છે, તમે તો સાધનસંપન્ન છો. તમે શા માટે દાતણ મૂકો છો?'

આમ આપણે જે કરવાની આજ્ઞા કરી છે તે કરી શકતા નથી. જે કરવાનું નથી કહ્યું એને એવું ચલાવીએ છીએ કે આ બધું ક્યાંથી આવ્યું એની નવાઈ લાગે.

તેથી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની વાણીનો આશ્રય, ગ્રંથોનું અવગાહન, ગ્રંથોનું દર્શન વગેરે આપણે કરીએ તે જરૂરી છે. ૮૪-૨૫૨ની

વાર્તાઓ, શિક્ષાપત્ર, ષોડશગ્રંથો વગેરે આપણા દરેક વૈષ્ણવના ઘરમાં હોવા જોઈએ.

અહીં બેઠેલા કેટલાના ઘરમાં એ બધું છે? કેટલા રોજ એનું વાચન કરે છે? લગભગ ૨૫ ટકા હાથ ઊંચો કરે છે. જુઓ, આપણા ઘરમાં આટલું બધું સાહિત્ય છે ત્યારે તમે એટલો નિયમ ન લઈ શકો કે રોજ રાત્રે કોઈ ગમતા પુસ્તક કે મેગેઝીનનું એક પેજ વાંચીને સૂઈ જવું? આટલું ન કરી શકાય?

કરી શકાય એવું તો બધા સ્વીકારે છે, પણ કેટલા કરશે? જુઓ જેમ તમે શ્રીમહાપ્રભુજીની વાણીનો પરિચય કેળવશો, આપોઆપ પુષ્ટિરસ હૃદયમાં જાગશે. હૃદયમાં જે બીજ બળેલું પડ્યું છે, એની અંદર અમૃતનું સિંચન કરશો તો જ પુષ્ટિવૃક્ષ પલ્લવિત થશે. આજે આ અનિવાર્ય છે.

આપણી પાસે આજે કેટલી સુગમતા છે? ખરેખર, શ્રીહરસાનીજી ટ્રસ્ટને તો આપણે જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં છે, કારણકે એણે એક ક્રાંતિ કરી છે. શ્રીમહાપ્રભુજીની વાણી ઘરે ઘરે પહોંચતી કરી છે. વળી એ વાણી વૈષ્ણવોને સમજાય છે રીતે પહોંચતી કરી છે. વૈષ્ણવો શ્રીવલ્લભની વાણીને આત્મસાત કરી શકે એ રીતે સરળ ગુજરાતીમાં ગ્રંથો સુલભ કરી આપ્યા છે. કારણ મૂળ ગ્રંથો સંસ્કૃતમાં હોવાથી બધા સમજી શકતા ન હતા.

હવે આટલી બધી વ્યવસ્થા આપણી પાસે હોય છતાં વાંચવાની તત્પરતા આપણે ન બતાવીએ તો એ આપણા દુર્ભાગ્યની વાત કહેવાય.

હવે કહે છે : ગૂઢ રસ તત્વ જે વેદની વાણી તે પ્રકટ કીધી ભક્ત હેત જાણી. શ્રીમહાપ્રભુજીની વાણી એ સાક્ષાત્ વેદની વાણી છે. આપની વાણી કદી વેદથી વિરુધ્ધ ન હોય. એ વાણી વેદસંમત છે. શ્રીવલ્લભે શ્રીભાગવતજીના અર્થ કર્યા તે પણ વ્યાસજી પરક છે. વ્યાસજી જે કહેવા માગતા હતા તે અર્થો શ્રીવલ્લભે પ્રગટ કર્યા છે. પોતે જે કહેવા માગતા હતા એ તો આપે ષોડશગ્રંથોમાં કહ્યું છે. શ્રીમહાપ્રભુજીના સ્વતંત્ર અભિપ્રાયની અભિવ્યક્તિ ષોડશગ્રંથોમાં અને વ્યાસજી જે પ્રગટ કરવા માગતા હતા તે અક્ષરશઃ શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં પ્રગટ કર્યું. એટલા માટે આપણે જ્યારે એ વાણીનું ચિંતન, મનન, નિદિધ્યાસન કરીએ તો આપણને એ ભાવ સ્ફુરિત થાય. હૃદયમાં એ ભાવ જાગે.

શ્રીમહાપ્રભુજીની વાણી વેદવાણી કેવી રીતે કહેવાય તે હવે પાંચમી ટૂકમાં બતાવે છે.

શ્રીનંદનંદનરૂપે રાસલીલા કરી,
પોતે ન ઉચ્ચરી છાની રાખી,
દિવસ એકાર્ધની ઉત્તરા કુંવર પ્રતિ,
વ્યાસનંદન વિમલ વદન ભાખી....૫

આ પાંચમી ટૂકમાં ગોપાલદાસજી કહે છે કે પ્રભુ, આપ એ જ છો કે જેણે વ્રજમાં રાસલીલા કરી હતી. વૃંદાવનમાં શરદની રાત્રિમાં રાસલીલા જેમણે કરી હતી એ કૃષ્ણ સ્વરૂપે આપ પ્રગટ્યા છો. એ લીલા પણ કેવી છે? અને પ્રભુના ગ્રંથો પણ કેવા છે? નંદનંદન રૂપે રાસલીલા કરી, પોતે ન ઉચ્ચરી, છાની રાખી. જ્યારે શરદની રાતે છ મહિનાની રાત્રિ કરીને રાસલીલા કરી, એ લીલા આપે બહુ ગુપ્ત રાખી. પ્રગટ થવા ન દીધી. એ લીલા કરનાર શ્રીગુસાંઈજી પ્રભુચરણ આપ જ છો. શુકદેવજી મહારાજે એ કથા પરીક્ષિતને સંભળાવી છે તો પછી અહીં છાની રાખી એમ કેમ કહે છે?

વળી શુકદેવજી મહારાજ માટે વ્યાસનંદન શબ્દ કેમ વાપર્યો? પરીક્ષિત માટે ઉત્તરા કુંવર શબ્દ કેમ વાપર્યો? બંનેનો ભગવદ્ સંબંધ બતાવવો છે તે માટે ઉત્તરા કે જેના ગર્ભમાં સ્વયં ભગવાને પ્રવેશ કર્યો હતો માટે ભગવાન સાથે એનો સંબંધ હતો. તેથી પરીક્ષિત ન કહેતાં ઉત્તરાકુંવર શબ્દ કહ્યો. બીજું કહ્યું : વ્યાસનંદન. વ્યાસજીના પુત્ર. વ્યાસજી એટલે પ્રભુના જ્ઞાનાવતાર. તેથી શુકદેવજી ન કહેતાં વ્યાસનંદન કહ્યા. બંનેના ભગવદ્ સંબંધ બતાવવા માટે બંનેના નામ સંકેતમાં કહ્યા.

શુકદેવજી મહારાજે પરીક્ષિતને જે કથા કહી તે કથા પણ રાસની હતી. એ કથા છાની રાખી અને હવે આ સેવાક્રમમાં પ્રગટ કરી. એવું કેવી રીતે કહી શકાય? તો કહે છે શુકદેવજી મહારાજે પરીક્ષિતને જે રાસપંચાધ્યાયીની અંદર કથા સંભળાવી, તે છ મહિનામાંથી એક રાત્રિની કથા છે. પણ આ એક રાત્રિની કથા સાંભળ્યા પછી પરીક્ષિતને એક સંશય થયો કે ગોપીઓ જે રીતે ભાગતી ભાગતી ભગવાન પાસે જઈ રહી છે, તેમાં એવું કાંઈ દેખાયું નહિ કે તેમના મનમાં પ્રભુ પ્રત્યે બ્રહ્મભાવ છે. આ તો કોઈ સ્ત્રી પોતાના પ્રિયતમને મળવા જાય, એમ જઈ રહી છે. જ્યાં પ્રભુની લીલામાં પરીક્ષિતને સંશય થયો કે શુકદેવજીએ બાકીની બધી રહસ્યલીલાઓ ત્યાં જ અટકાવી દીધી. બાકી તો રાસલીલાની અંદર હોળીલીલા પણ છે, દાનલીલા છે અને માનલીલા પણ છે.

રાસલીલા જ્યારે શુકદેવજી પ્રારંભ કરે છે ત્યારે હોળીલીલાથી પ્રારંભ કરે છે. રાસપંચાધ્યાયીનો પ્રારંભ હોળીલીલાથી થાય છે એવું શ્રીમહાપ્રભુજી કહે છે. એમાં વર્ણન છે કે રાસના સમયે જ્યારે ચંદ્રમા ઉદય થયો ત્યારે અરૂણેન શતમયીઃ - ચંદ્રમાની પત્ની એટલે પ્રાચી. પ્રાચી દિશામાં એવી રીતે પ્રગટ થયો કે આસપાસ લાલિમા દેખાતી હતી. લાલીમાનો મતલબ એ કે જાણે પ્રભુને જોઈને ચંદ્રમાના મનમાં પણ રસ રંગ જાગ્યો. પોતાના હાથમાં લાલ રંગનું અનુરાગ કુમકુમ લઈ, પોતાની પત્ની એવી પ્રાચી દિશાનું મુખ રંગતા રંગતા પ્રગટ્યો હોય એવી રીતે રાસમાં ચંદ્રમા પ્રગટ્યો.

આનો અર્થ શ્રીમહાપ્રભુજી કરે છે કે ચંદ્રમાને જોઈને શ્રીઠાકોરજીને બહુ ક્ષોભ થયો. કેમ? પ્રભુનું પ્રાગટ્ય ચંદ્રવંશમાં થયું છે. હવે પ્રભુ ગોપીઓ સાથે રાસ કરવાના છે, તો એ સમયે ઘરના વડીલો હોય તો સંકોચ ન થાય? ચંદ્રમાના વંશમાં પ્રભુ પ્રકટ્યા છે એ ચંદ્રમા સામે છે. એને જોઈને પ્રભુને સંકોચ થાય. ચંદ્રમા વિચારે છે : રાસલીલા પ્રારંભ ન થાય માટે હું નિમિત્ત બનીશ. અપરાધ મને લાગશે. હું શું કરું? તો ચંદ્રમા પોતાના હસ્તમાં લાલ રંગનું અનુરાગમય કુમકુમ લઈ પોતાની પત્ની એવી પ્રાચી દિશાનું મુખ રંગતા રંગતા પ્રગટ્યા. ચંદ્રની આસપાસ લાલિમા પથરાતાં એવું લાગ્યું કે ચંદ્રમા પોતાની પત્ની સાથે હોળી રમે છે. આમ કરીને પ્રભુને સંદેશ આપ્યો કે જ્યારે મોટા કોઈ કામ કરતા હોય ત્યારે, નાનાએ કોઈ સંકોચ રાખવો નહિ. પછી પ્રભુએ રાસલીલા કરી.

આમ હોળીલીલા, દાનલીલા, માનલીલા બધી લીલાઓ રાસનાં અંગ છે, પણ શુકદેવજીએ જોયું કે પરીક્ષિતને સંશય થયો છે માટે આપે બધી

લીલાઓ છુપાવી દીધી. અપ્રગટ રાખી. જે લીલાઓ અપ્રગટ રહી, કહેવાની રહી ગઈ, શ્રીગુસાંઈજી પ્રભુચરણે એ અપ્રગટ લીલાઓનું દાન પોતાના અષ્ટસખાઓના હૃદયમાં કર્યું. એમને અનુભૂતિ કરાવી અને જે લીલાઓ શુકદેવજીએ પરીક્ષિતને કહી ન હતી, એ લીલાઓનું વર્ણન અષ્ટસખાઓએ પોતાના મુખથી ગાઈને કર્યું. માટે આપણે ત્યાં જે કીર્તન કરે તેને 'કીરતનીયા' કહેવાય છે. કીર એટલે શુકદેવજી અને તનયા એટલે એમની પરંપરામાં આવે છે તે. જે લીલા શુકદેવજીને ગાવાની બાકી રહી હતી તે લીલાઓ અષ્ટસખાઓએ ગાઈ. એટલે કહ્યું : નંદનંદન રૂપે રાસલીલા કરી, પોતે ન ઉચ્ચરી, છાની રાખી. પ્રભુએ તો છાની રાખી, પણ રાસનાં ૧૨ અંગ બતાવ્યાં છે. પ્રભુએ વેણુનાદ કર્યો ત્યારથી મહારાસ સુધી કુલ બાર અંગ કહ્યાં છે. એ બાર અંગની સેવા શ્રીગુસાંઈજીએ આ બાર મહિનાની સેવામાં વણી લીધી છે.

વેણુનાદથી લઈ મહારાસ આપણા બાર મહિનાના સેવાના ક્રમમાં આવે છે. એક એક મહિનામાં એક રાતની લીલા. આપણું વૈષ્ણવી જીવન છે એમાં પણ આ રાસનો ક્રમ જ ચાલે છે.જ્યારે ગોપીઓ વેણુનાદ સાંભળીને ભગવાન પાસે આવી એમ જીવને જ્યારે કોઈ કહે કે બ્રહ્મસંબંધ લઈ લો તો સારું અને એ જીવ બ્રહ્મ સંબંધ લે, તો સાંભળી સાંભળીને સન્મુખ થયા કહેવાય. ગુરુદેવ પ્રશ્ન પૂછે : 'શા માટે લેવા માગો છો? સેવા કરશો?'

જ્યારે ગોપીઓ પ્રભુ પાસે આવી ત્યારે કહ્યું કે 'પાછા જાઓ! શા માટે આવ્યાં છો?' આ જે સંવાદ થયો, તેમાં કહ્યું કે 'અમે બધું છોડીને આપની પાસે આવ્યાં છીએ. પાછાં કેમ જઈએ?'

ત્યારે ઠાકોરજી મળ્યા. સંબંધ થયો. શ્રીઠાકોરજી ઘરે પધાર્યા. સંયોગ અને વિપ્રયોગાત્મક સેવા આપણી ચાલી રહી છે.

ગોપાલદાસજીએ આપણા પ્રિયતમ સુધી પહોંચવા માટે 'વલ્લભાખ્યાન' નામની સીડી આપી છે એ સીડીમાં નવ પગથિયાં છે. જીવે ગોપાલદાસજીને પૂછ્યું : અમારું સામર્થ્ય નથી કે આ નવ પગથિયાં ચડી શકીએ. તો અમે પ્રિયતમ પાસે પહોંચીશું કઈ રીતે?

ગોપાલદાસજી કહે છે : 'આ સીડીની વિશેષતા છે કે જ્યાં તમે બીજે પગથયિ પગ મૂકશો એટલે સ્વયં શ્રીવલ્લભ અને વિઠ્ઠલ લેવા માટે પધારશે. જુઓ આપણને બીજે પગથિયે પગ મૂકતાં જ આજે લેવા માટે કોણ આવ્યું? શ્રીહરિરાય મહાપ્રભુજી. જ્યારે આ કાર્યક્રમ નિશ્ચિત થયો ત્યારે ખ્યાલ ન હતો કે શ્રીહરિરાયજીનો ઉત્સવ પણ આવે છે. ગઈકાલે વાત નીકળી ત્યારે સ્મરણ આવ્યું. જાણે શ્રીહરિરાયજી – જેમને સાક્ષાત્ શ્રીગુસાંઈજીનુ સ્વરૂપ પણ કહી શકાય. તેઓ પ્રભુચરણ છે – જે ચર્વિત તાંબુલ શ્રીગુસાંઈજીએ શ્રીકલ્યાણરાયજીના મુખમાં પધરાવ્યું અને એ જ સ્વરૂપે સ્વયં પોતાનો રસ, પોતાની કૃપા, પોતાનું સ્વરૂપ – એનું દાન કલ્યાણરાયજીને કર્યું અને શ્રીહરિરાયજી મહાપ્રભુ સ્વરૂપે આપણે ત્યાં પધાર્યા. જેમને શિક્ષાસાગર કહેવાય છે. એકવાર મોટેથી એમનો જયઘોષ કરીશું.' શ્રીહરિરાય મહાપ્રભુજીકી જય

મહાનુભાવો કહે છે કે પુષ્ટિમાર્ગને જાણવો હોય તો શ્રીમહાપ્રભુજી – શ્રીગુસાંઈજીના ગ્રંથો

વાંચવા, પણ જો પુષ્ટિમાર્ગને માણવો હોય તો શ્રીહરિરાયજીના ગ્રંથો વાંચવા. આપના શિક્ષાપત્રો, વાર્તાઓના ભાવપ્રકાશ વગેરે વાંચીએ ત્યારે સાચા અર્થમાં પુષ્ટિમાર્ગ આપણા હૃદયમાં ફલિત થાય. આજે આપના જન્મદિવસે શ્રીવલ્લભના અને શ્રીવિઠ્ઠલના ગુણગાનનું શ્રવણ આપણે વલ્લભાખ્યાનના માધ્યમથી કરી રહ્યાં છીએ.

પ્રચલિત છે એક દોહો -

ઢીલ કારજમેં નહિ વિશ્વાસકી ઢીલ
ગિરધરકે દરબારમેં હરિરાય વકીલ.

આપણા બધા વૈષ્ણવોના કોઈ વકીલ હોય તો તે શ્રીહરિરાયજી છે. જ્યારે કોર્ટમાં કેસ આવે ત્યારે હાર-જીતનો બધો આધાર તેના વકીલ ઉપર હોય છે. વકીલ સ્ટ્રોંગ હોય તો હારેલો કેસ પણ જીતાડી આપે. જ્યારે ઠાકોરજી કોઈ જીવ ઉપર કૃપા કરતા ન હોય ત્યારે શ્રીહરિરાયજી એવી દલીલો કરે - પ્રભુ, ગમે તેમ હોય પણ આ જીવ આપનો છે. આપનું નામ કૃપાનાથ છે. આપ કરુણા વરૂણાલય છો. તો આ જીવ ઉપર તો કૃપા કરવી પડશે. આમ પ્રભુને રીઝવે છે. જીવના વકીલ બને છે.

હવે છઠ્ઠી કડી જોઈએ.

બ્રહ્માદિ મહામુનિ અતિ જ્ઞાન પારંગત,
તે મધુસિંધુની કહિએ માખી,
ન કોઈ હુવો, ન હોય એ રૂપ સમ,
તેહના સકલ નિજ નિગમ સાખી...૬

જ્યારે ગોપાલદાસજીએ કહ્યું કે કૃપાનાથ, હું તમને ઓળખી ગયો છું. આપ એ જ પ્રભુ છો, જેમણે શરદપૂર્ણિમાએ છ મહિનાની રાત્રિ કરી, પોતાના નિજજનોને રાસલીલાનો અનુભવ કરાવ્યો. એ પરમ ફલનું દાન વ્રજભક્તોને કર્યું. આ વાત કરી ત્યારે કોઈએ પૂછ્યું : આ જગતમાં બીજા પણ મોટા મોટા જ્ઞાનીઓ છે, વિદ્વાનો છે, જેમણે પ્રભુના સાક્ષાત્કારો કરેલા છે. તો પછી શ્રીગુસાંઈજીની વિશેષતા શું છે?

ત્યારે ગોપાલદાસજી વર્ણન કરતાં કહે છે કે બ્રહ્માદિ મહામુનિ અતિ જ્ઞાન પારંગત, તે મધુસિંધુની કહીએ માખી. મોટા મોટા જ્ઞાનીઓ પણ મધુસિંધુની માખી જેવા છે. મધમાખી અલગ અલગ પુષ્પો ઉપર બેસે, ફૂલોનો રસ લે અને એ રસ પોતાના મધપૂડામાં ભેગો કરે. એ રસને એ પોતે પી શકે છે? પોતે માણી શકે છે? મધમાખી પુષ્પોનો રસ ભેગો કરે છે, એમ જ્ઞાનીઓ પણ અલગ અલગ શાસ્ત્રોમાંથી, ગ્રંથોમાંથી બધો સાર એકઠો કરે છે. એક જગ્યાએ ભેગો કરે છે પણ એને એ પોતે માણી શકતા નથી. જ્યારે આપણે પોતે જ બ્રહ્મ બની જઈએ પછી બ્રહ્મનો અનુભવ કેવી રીતે કરીએ?

બ્રહ્મનું સુખ માણીએ પણ કેવી રીતે ? મીસરી પોતે શું પોતાનો સ્વાદ લઈ શકે? જાણી શકે કે એ કેટલી મધુર છે? એ સ્વાદ માણવો હોય તો એને માટે કોઈ બીજો હોવો જોઈએ. જેમ જલની અંદર તરતી માછલી જલમાં રહેવા છતાં જલ પી શકતી નથી, જલ પીવું હોય તો જલથી થોડુંક ઉપર આવવું પડે તો એ જલ પી શકે. એ જ રીતે મોટા મોટા જ્ઞાનીઓએ વેદ વગેરે શાસ્ત્રોના સારને ભેગો કરી જાણે અમૃતનો સાગર બનાવ્યો. એ બનાવીને એના કિનારા ઉપર રહ્યા પણ એમાં ડૂબકી મારી ન શક્યા.

શ્રીગુસાંઈજીએ હાથ પકડી પકડી વૈષ્ણવોને એ રસસાગરમાં ડૂબકી મરાવી. આપની કૃપા પણ

કેવી? મોટા મોટા જ્ઞાનીઓએ શાસ્ત્રમાંથી સિધ્ધાંત ઘડ્યા. ઘડીને કહે છે કે જગતના બધા મનુષ્યો કર્મને આધીન છે. કર્મને આધીન એટલે શું? માણસ જેવાં કર્મ કરે એવાં ફળ એને ભોગવવાં જ પડે. સારા કર્મ કરે તો સારાં ફળ મળે અને ખોટાં કર્મ કરે તો ખોટાં કર્મનાં ફળ પણ ભોગવવાં જ પડે. કર્મ ભોગવ્યા વિના નષ્ટ ન જાય.

કોઈ પૂછે : 'પ્રભુના ચરણનો આશ્રય કરે તો પણ?'

'હા, કર્મની અસર ઓછી થાય, પણ ભોગવવાં તો પડે જ.'

શ્રીગુસાંઈજી કહે છે : 'એકવાર જીવ પુષ્ટિજીવન જીવવાનો પ્રારંભ કરે અને ઠાકોરજીના ચરણોનો આશ્રય કરીને બેસે, તો એનાં ગમે તેવાં કર્મ કેમ ન હોય, શ્રીઠાકોરજી કૃપા કરી તલવારનો ઘા સોયથી કાઢે છે. કેવી રીતે?'

એક વૈષ્ણવ છે. પુષ્ટિમાર્ગમાં આવી ગયો. એના ભાગ્યમાં પૂર્વના કર્મોને કારણે લખેલું છે કે એને નાની ઝૂંપડીમાં રહેવાનો વારો આવશે. ઘર વિનાનો થઈ જશે. એના ભાગ્યમાં ઘરનું સુખ નહિ રહે. હવે આ વૈષ્ણવના ભાગ્યમાં આવું લખ્યું છે, ત્યારે શ્રીગુસાંઈજીએ આ માર્ગમાં એક સુગમતા કરી આપી. જ્યારે ઘર વિનાનો થવાનો યોગ આવે, તારે માથે છાપરું પણ નહિ રહે એવી પરિસ્થિતિ આવે તો એ જીવનો આ યોગ રાખવા શ્રીગુસાંઈજીએ એવી કૃપા કરે કે એને વ્રજયાત્રા કરવા માટે મોકલી દે. વ્રજયાત્રા કરવા જાય ત્યારે પાલની અંદર રહે, પાલમાં પાણી ભરાય, કીચડમાં ફસાય, આ બધું શું છે? ઘણી વાર એવો પવન આવે બધા પાલ ઊડી જાય. એટલો વરસાદ આવે કે બધે જળ ભરાઈ જાય. આ બધું શું છે? જીવનમાં જે કર્મના લેખ લખાયા હતા, જે ભોગવ્યા વિના નષ્ટ થવાનાં ન હતા, પણ પુષ્ટિમાર્ગમાં આવ્યા, શ્રીગુસાંઈજીએ એવી વ્યવસ્થા કરી, એવી પ્રણાલિકા ચાલુ કરી કે કર્મફળ ભોગવવાનું આવે ત્યારે એને યાત્રા કરવા મોકલી દે. તમે જોજો, આપણા વૈષ્ણવો જ્યારે જ્યારે પણ યાત્રા કરીને આવે ત્યારે બહુ હેરાન થઈને આવે. ભલેને યાત્રાના આયોજકોએ બધી વ્યવસ્થા કરી હોય, બધા પ્રકારની સગવડ કરી હોય, પણ કેવીયે અવ્યવસ્થા થઈ જાય, આ બધું શું બતાવે છે?

આ બધી અવ્યવસ્થા બીજું કાંઈ નથી પણ આપણા ભાગ્યમાં લખેલી હતી, જે વસ્તુ મોટી થઈને સામે આવવાની હતી, પણ આપણા પ્રભુએ કૃપા કરી અને તલવારનો ઘા સોયથી કાઢી દીધો. એક મહિનો ત્યાં જઈને પાલમાં રહી આવ્યા. બધા અનુભવો કર્યા. ક્યારેક પાણી ન મળે, ક્યારેક ભોજન ન મળે, ચાલતાં ચાલતાં પગમાં છાલાં પડી જાય. આ બધા અનુભવ જે આપણે આપણા જીવનમાં લેવાના હતા, આ માર્ગમાં એવી વ્યવસ્થા કરી કે બધાં કર્મોને અહીંયા જ ઠાકોરજીના ચરણોમાં મૂકી દીધા. પછી એ કર્મના બંધનો એને નડતાં નથી.

માટે કહ્યું : બ્રહ્માદિ મહામુનિ અતિ જ્ઞાન પારંગત, તે મધુસિંધુની કહીએ માખી. અતિ જ્ઞાની મુનિઓ કેવા છે? અમૃતસાગરની માખી જેવા છે, જે અમૃતસાગર ઉપર ફરે તો છે, ભમે તો છે, પણ રસને માણી શકતા નથી.

શ્રીગુસાંઈજી પ્રભુચરણ કેવા છે? ન કોઈ હુઆ, ન હોય એ રૂપ સમ, તેના સકલ નિજ નિગમ

સાખી. ગોપાલદાસજી કહે છે કે શ્રીગુસાંઈજી જેવો અવતાર આ ભૂતલમાં ક્યારેય પણ થયો નથી. અને હવે પછી ક્યારેય થશે પણ નહિ. એવું રૂપ મારા શ્રીગુસાંઈજીનું છે. જુઓ, શ્રીગોપાલદાસજીની કેવી અનન્યતા છે! શ્રીગુસાંઈજીથી ઉપર કોઈને કલ્પી શકતા પણ નથી. કેટલી દઢતા છે! આ દઢતામાં શ્રીમહાપ્રભુજીને પણ કોઈ વાંધો નથી, શ્રીજીબાવાને પણ જરાયે વાંધો નથી. બીજા કોઈ સ્વરૂપને પણ નથી, કારણ કે આ પુષ્ટિભક્તિમાર્ગ એવો છે કે જેના થકી આપણો ઉધ્ધાર થવાનો હોય એ સ્વરૂપમાં આવીને જીવ અટકે. જેના થકી આપણા ઉપર કૃપા થવાની હોય, ઠાકોરજી એવી કૃપા કરે, એવી લીલા કરે કે ગમે ત્યાંથી જીવ એ સ્વરૂપની સન્મુખ પહોંચી જાય. ગોપાલદાસજીની સંપૂર્ણ સ્વરૂપાસક્તિ શ્રીગુસાંઈજીમાં છે. સ્વરૂપાસક્તિની પરાકાષ્ટા અહીં છે. પ્રારંભ કર્યો શ્રીગુસાંઈજીના ગુણગાનથી, પણ લાગ્યું કે શ્રીગુસાંઈજીનું સુખ મળશે માટે વલ્લભના ગુણગાન પણ કર્યા. છે તો બંને એક જ સ્વરૂપ. છતાં શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રભુ આવ્યા. ગોપાલદાસજી એવી દઢતાથી કહે છે હે શ્રીનાથજી બાવા, હું આપને કહું છું કે શ્રીગુસાંઈજી જેવું પ્રાગટ્ય ન ક્યારેય થયું છે, ન થવાનું છે. માટે હું વિનંતી કરું છું કે જ્યારે આપને પણ મને દર્શન આપવાનું મન થાય ત્યારે શ્રીગુસાંઈજીના સ્વરૂપે દર્શન આપજો. આવી અનન્યતા અને દઢતા જ્યારે કોઈ સ્વરૂપમાં થઈ જાય ત્યારે એ જીવ કૃતાર્થ થઈ જાય.

આપણે લૌકિકમાં પણ જોઈએ તો લયલા-મજનુનો એક પ્રસિધ્ધ પ્રસંગ છે. બંને અમર પ્રેમી થઈ ગયા. એક દિવસ મજનુ બેઠો હતો અને પ્રભુએ વિચાર કર્યો કે આવા પ્રેમીજનોની તો મને પણ જરૂરત છે. પોતાના દૂતોને આજ્ઞા કરી કે અમુક જગ્યાએ મજનુ બેઠો છે, એને લઈ આવો.

દૂતો આવ્યા ત્યારે મજનુ તો આંખો બંધ કરી લયલાનું સ્મરણ કરતો હતો. દૂતો કહે છે : 'મજનુ, તમને ખુદાએ યાદ કર્યા છે. ચાલો અમારી સાથે.' મજનુ કહે છે : 'મને મારી લયલાના સ્મરણમાંથી ક્યાંય જવાની ફૂરસદ નથી.'

'અરે, તને સ્વયં ભગવાન યાદ કરે છે, ચાલ! લોકો તો ભગવાન પાસે જવા માટે કેટલાં કેટલાં વ્રત-તપ કરે છે. જ્યારે તને ભગવાન સ્વયં બોલાવી રહ્યા છે, છતાં તું કેમ નથી આવતો?'

'જુઓ, તમે કહો છો કે સ્વયં ભગવાન મને મળવા માગે છે, તો બતાવો કે જેને મળવું હોય એને બોલાવાય કે પોતે મળવા જવાય?'

'તારી વાત તો ઠીક છે.'

'તો પછી ખુદાને જઈને કહેજો કે એમને મને મળવાનું ઘણું મન હોય, તો હજી હું ત્રણ દિવસ અહીં રોકાવાનો છું. યદિ એમને મળવું છે તો અહીં આવે. મને તેમની પાસે આવવાની ફૂરસદ નથી. પણ મારી એક વાત ખુદાને જરૂર કહેજો. તમને જો મને મળવું હોય તો ખુદા બનીને નહિ, પણ લયલા બનીને આવજો, તો મજનુ તમારી સાથે વાત કરશે. આવી દઢતા જ્યારે પોતાના પ્રિયની અંદર હોય તો એ પ્રેમ, પ્રેમ ન રહેતાં બંદગી બની જાય. ગોપાલદાસજીને પણ શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં એવી અનન્યતા છે કે તેઓ શ્રીગુસાંઈજીના સ્વરૂપ સિવાય બીજા કોઈની કલ્પના પણ કરી શકતા નથી.

ન કોય હુઓ ન હોય એ રૂપ સમ, તેના સકલ નિજ નિગમ સાખી. વેદશાસ્ત્રો પણ પ્રમાણ આપે છે કે શ્રીગુસાંઈજી જેવું સ્વરૂપ કોઈનું નથી અને ક્યારેય થશે પણ નહિ.

આગળની સાતમી ટૂકમાં આ જ વાતનો વિસ્તાર કરતાં ગોપાલદાસજી કહે છે

એ પ્રભુ રસપુંજ તે ભૂમિ પર રુચિ કરી,
ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી,
તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે
મંદમતિ કહી અને નિંદા દાખી...૭

શ્રીગુસાંઈજીના પ્રાકટ્યની વાત કરતાં કહે છે કે શ્રીગુસાંઈજીએ ભૂમિ ઉપર પ્રાગટ્ય શા માટે લીધું છે? આ જગતમાં જેટલા પણ પ્રાગટ્ય લે છે એ પોતાની ઈચ્છાથી નથી લેતા. જ્યાં વિધાતાએ લેખ લખ્યા હોય એ પ્રમાણે લે, જેવાં કર્મો હોય એ રીતે લે. તો શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા તો એ કઈ રીતે પ્રગટ્યા? ભૂમિ ઉપર રુચિ કરી પ્રગટ્યા. એટલે કે સ્વેચ્છાએ, પોતાની રૂચિથી, આપે આ પ્રાગટ્ય લીધું છે. એ શું બતાવે છે?

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃત નિખિલ ધર્મ રૂપમિતિ ।
નિગમ પ્રતિપાદ્યં યત્ તચ્છુધ્ધં સાકૃતિ સ્તૌમિ ।।

આ બાબત શ્રીગુસાંઈજીને અહીં લાગુ પડે છે. શ્રીગુસાંઈજીએ ભૂમિ ઉપર પ્રાગટ્ય લીધું, પણ જેનો જન્મ, કર્મ, આગમન અને ગમન દિવ્ય હોય એ કોઈ સાધારણ મનુષ્ય ન કહેવાય. શ્રીગુસાંઈજીના પ્રાગટ્યનો પ્રસંગ આપણે જાણીએ છીએ. શ્રીમહાપ્રભુજી પંઢરપુર પધાર્યા હતા. શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કરવા પધાર્યા ત્યારે શું ઘટના ઘટી? જરા એ પ્રસંગ ફરી યાદ કરી લઈએ. તે સમયે ત્યાં સાક્ષાત્ શ્રીનાથજીબાવા પ્રગટ થયા. શ્રીનાથજીબાવાએ નેત્રો દ્વારા શ્રીમહાપ્રભુજીને કાંઈક વિનંતી કરી અને શ્રીમહાપ્રભુજીએ નેત્રો દ્વારા શ્રીનાથજીને આશ્વાસન આપ્યું. આ ઘટના વિઠ્ઠલનાથજીએ જોઈ. એ વખતે શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને પૂછ્યું : વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રીવલ્લભજી શું વાત?

ઘણી જગ્યાએ આપણે સાંભળીએ છીએ કે વિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરી કે અમારે તમારે ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટવું છે. પણ આજ્ઞા કોણે કરી? શ્રીનાથજીએ કહ્યું છે કે મારો મનોરથ છે કે હું તમારી ગોદમાં ખેલું. તમે મારી સેવા કરો છો પણ પુત્ર બનીને હું પણ આપની સેવા કરું. કારણ આ પ્રેમ છે અને પ્રેમની અંદર અનન્યતા હોય. દિવ્યતા હોય. એમાં સેવા કરનાર પણ સ્વયં સેવા કરનારને ગુલામ બનાવી દે. એટલા માટે જ આપનો જન્મ પણ દિવ્ય છે, કર્મ પણ દિવ્ય છે. શ્રીગુસાંઈજીએ એવી એવી લીલાઓ કરી, બોલી ન શકે એને બોલતા કર્યા, જોઈ ન શકે એને જોતા કર્યા, ચાલી ન શકે એને ચાલતા કર્યા. કેવા કેવા પ્રસંગો છે! ખોટા સિક્કા જેવા હતા એમને ચલાવ્યા.

કેવા કેવા જીવો શરણે આવ્યા! કોઈ પરીક્ષા કરવા આવ્યા તો શ્રીગુસાંઈજીએ એમને પણ શરણે લીધા. પોતાના સ્વરૂપ દ્વારા, પોતાની વાણી દ્વારા, પોતાના પ્રભાવ દ્વારા. માટે કહ્યું કે આપનું આગમન પણ દિવ્ય, સ્થિતિ પણ દિવ્ય અને ગતિ પણ દિવ્ય.

શ્રીગુસાંઈજી નિત્યલીલામાં પધાર્યા ત્યારે સદેહે પધાર્યા છે. એમને અગ્નિસંસ્કાર નથી થયા.

શ્રીગિરિરાજજીની કંદરામાં સદેહે પધારી ગયા છે. આપનો એક મનોરથ હતો. એકવાર વ્રજમાં શ્રીગુસાંઈજીએ જોયું કે કોઈ પશુ મરી ગયું છે અને એને વ્રજવાસીઓ વ્રજરજમાં ઘસડતાં ઘસડતાં લઈ જતા હતા. આપે એ પશુને વ્રજરજમાં ઘસડાતો જોયો ત્યારે આપની આંખમાં આંસુ આવી ગયા. ગિરિધરજીને કહે છે : 'ગિરધર, જુઓ તો ખરા, આ પશુ પણ કેટલો ભાગ્યશાળી છે. વ્રજની રજમાં લોટી રહ્યો છે. જ્યારે હું પણ આ ભૂતલનો ત્યાગ કરું ત્યારે મારી સાથે પણ આવું કરજો.' પણ શ્રીગુસાંઈજી તો સદેહે ગિરિરાજજીની કંદરામાં પધાર્યા અને પોતાનો પ્રસાદી ઉપરણો શ્રીગિરિધરજીને આપીને કહ્યું : 'આને અગ્નિસંસ્કાર કરજો.' શ્રીગિરિધરજી આંખમાં અશ્રુ સાથે પાછા આવ્યા, ત્યારે એ ઉપરણાને વ્રજની રજમાં ઘસીટતા ઘસીટતા આવ્યા. પછી અગ્નિસંસ્કાર ઉપરણાને કર્યા. આમ આપનું આગમન, આપની સ્થિતિ અને ગમન ત્રણે દિવ્ય છે. માટે કહ્યું : એ પ્રભુ રસપુંજ તે ભૂમિ પર રૂચિ કરી. આ તો એ સમયનું ભાગ્ય હતું કે જે સમયમાં પ્રાગટ્ય લેવાનો નિર્ણય શ્રીગુસાંઈજીએ લીધો. એ જગતના, એ સમયના જીવો એટલા ભાગ્યશાળી કે એમના સમયમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણે પ્રાગટ્ય લીધું. કહે છે : ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી.

કેટલાક જીવો દુર્ભાગી હોય.જેમના ભાગ્યમાં જ કાંઈ નથી. કેટલાક જીવ કમભાગી હોય, જેના ભાગ્યમાં તો હતું પણ ભોગવતાં ન આવડ્યું. શ્રીગુસાંઈજી સાક્ષાત્ રસો વૈ સઃ છે. સાક્ષાત્ રસરૂપ છે, જ્યારે રસનું સ્વરૂપ આપણી સામે હોય ત્યારે આપણે તરસ્યા થઈને આસપાસના ખાબોચિયામાં પાણી પીવા જઈએ તો આપણાથી દુર્ભાગી બીજા કોણ હોઈ શકે? જ્યારે સ્વયં એ રસના સાગરના તટ ઉપર ઊભા હોઈએ અને તરસ લાગે ત્યારે ગામમાં શોધવા જઈએ કે મને ક્યાંકથી પાણી મળે, તો આપણા જેવો દુર્ભાગી બીજો કોણ કહેવાય? રસના સાગરના તટ ઉપર રહેવાનો મોકો મળ્યો પણ એ સૌભાગ્ય આપણે જીરવી ન શક્યા, સૌભાગ્યથી વંચિત થઈ ગયા... માટે કહે છે એ પ્રભુ રસપુંજ ભૂમિ પર રૂચિ કરી, ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી. તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે મંદમતિ કહી અને નિંદા દાખી.

જે સમયે શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રકટ્યા ત્યારે એમના સાન્નિધ્યમાં રહેવાવાળા જીવોએ એ રસની કણિકા ચાખી હતી. આજે પણ આપણે એ રસની કણિકા ચાખીએ છીએ. કેવી રીતે?

ધન્ય છે એ વૈષ્ણવોને જેમણે શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં. ધન્ય છે એ વૈષ્ણવ, જેમણે શ્રીગુસાંઈજીના ચરણસ્પર્શ કર્યા. ધન્ય છે એ વૈષ્ણવ જેમણે શ્રીગુસાંઈજીનાં વચનોનું શ્રવણ કર્યું. ધન્ય છે એ વૈષ્ણવ જેણે શ્રીગુસાંઈજીની ટહેલ કરી! જેને ક્ષણમાત્રભર ઝાંખી કરી છે એનો મતલબ એ છે કે એણે કણિકા ચાખી છે.

એક વસ્તુ યાદ રાખજો. આપણને આનંદનો અનુભવ ક્યારે થાય? કોઈ વસ્તુ મનને ગમે તો આનંદ થાય? આત્માને ગમે તો આનંદ થાય? ના. આપણા શરીરમાં જેટલી પણ ઈન્દ્રિયો છે, એ દરેક ઈન્દ્રિયોને એક એક દેવતા છે. જ્યારે એ દેવતાને તેઓ જે રસ માટે તરસતા હોય એ રસ મળે ત્યારે

પ્રસન્ન થાય. જ્યારે એ દેવતાઓ અપ્રસન્ન હોય ત્યારે શું થાય? કોઈવાર મુખમાંથી અજાણે બોલાઈ જાય કે પછી બહુ તકલીફ થવા લાગે. કાંઈક એવું થઈ જાય કે જેથી આપણને બહુ તકલીફ થાય. આ શું બતાવે છે? ઈન્દ્રિયોના દેવોની અવકૃપા. એક એક ઈન્દ્રિયોના જે દેવ છે, એમને જે જોઈએ છે, એ જે માગી રહ્યા છે, તમે પુષ્ટિજીવ છો, એમાં એક એક ઈન્દ્રિયોમાં દેવ વસેલા છે, એ ચાહે છે કે એમને પુષ્ટિરસ તમે આપો. જ્યારે પુષ્ટિરસ મળે એટલે કે નેત્રોથી શ્રીગુસાંઈજીનાં દર્શન થાય ત્યારે એ નેત્રના દેવતા પ્રસન્ન થઈ જાય અને નેત્ર અનુકૂલ થાય. મનમાં જ્યારે શ્રીગુસાંઈજીનું સ્મરણ થાય ત્યારે મનના દેવતા પ્રસન્ન થઈ જાય. એ પણ કૃપા કરે. એક એક ઈન્દ્રિયના દેવતાને એ રસ મળે ત્યારે એ પ્રસન્ન થાય. જો કોઈ ઈન્દ્રિયને તમે એ રસ ન આપો ત્યારે એને કારણે તકલીફ થાય. ક્યારેક વાણીને કારણે તકલીફ થાય, ક્યારે નેત્રને કારણે તકલીફ થાય. આ શું બતાવે છે? ઈન્દ્રિયોના દેવતાની અવકૃપા. આવો જીવનમાં અનુભવ કર્યો છે ને?

કંઈક બોલાઈ ગયું ને પછી કેટલીયે ચોખવટ કરવી પડી. આ શું બતાવે છે? એવું કાંઈક આપણાથી થઈ ગયું, જોવાઈ ગયું, સંભળાઈ ગયું કે પાછળથી ઉદ્વેગ થાય. આ શું બતાવે છે? દેવતાની અવકૃપા. પણ જ્યારે દર્શન કરીએ, નેત્રના દેવતા પ્રસન્ન થાય. મુખથી ગુણગાન કરીએ. જીભના દેવ પ્રસન્ન થાય. જ્યારે એક એક ઈન્દ્રિય શ્રીગુસાંઈજીનું સ્મરણ કરે, એક એક દેવતા પ્રસન્ન થાય, ત્યારે આપણને એ આનંદનો અનુભવ થાય.

આજે પણ જ્યારે જ્યારે આપણે શ્રીગુસાંઈજીનાં બેઠકજીમાં જઈએ, શ્રીગુસાંઈજીનાં દર્શન કરીએ તો આપણને આજે પણ એ રસની કણિકાનો અનુભવ મળે.

માટે કહ્યું કે જે પુષ્ટિજીવનમાં આવી તો ગયા છે, વૈષ્ણવ બન્યા તો છે, પણ શ્રીગુસાંઈજીનું ચિંતન કર્યું નથી, જેમણે એમનાં હજુ દર્શન કર્યાં નથી, એમનું સ્મરણ કર્યું નથી, ગુણગાન ગાયાં નથી એ તો ભાગ્યહીન જીવ કહેવાય. પુષ્ટિમાર્ગમાં આવીને પણ આ રસપુંજ, આ રસનો સાગર મળ્યો છે, છતાં એ સાગરના કિનારે બેસીને પણ ખાલી ખાબોચિયાથી તૃપ્તિ મેળવી રહ્યા છે, એનાથી બીજો દુર્ભાગી જીવ બીજો કોણ કહી શકાય? તેથી કહ્યું :

તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે – કયા દેવતાઓ? આપણી પ્રત્યેક ઈન્દ્રિયોના અધિપતિ એવા દેવતાઓ. તેઓ કહે છે કે આ જીવને ધિક્કાર છે. અમે માન્યું હતું કે આ વૈષ્ણવ જીવ છે, વૈષ્ણવ દેહ છે. વૈષ્ણવ દેહની ઈન્દ્રિયોમાં અમે આવીને વસીશું તો જે પુષ્ટિરસ છે તેનો અનુભવ અમને આ જીવ કરાવશે, પણ આ જીવ પુષ્ટિજીવ હોવા છતાં એણે શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં નથી, સ્મરણ કે ચિંતન કર્યાં નથી, એને ધિક્કાર છે.

'ઉપર રહ્યા' એટલે શું? દેવતાઓ કહે છે કે હમણાં સુધી અમે આની દરેક ઈન્દ્રિયોમાં રહ્યા હતા, એની રક્ષા કરતા હતા. હવે એમને છોડીને અમે પાછા જઈએ છીએ. બધા જ દેવતાઓ આમ ઈન્દ્રિયોનું આધિપત્ય છોડી ઉપર પાછા જાય, ત્યારે જતાં જતાં કહી જાય કે આ જીવને ધિક્કાર છે. એના દેહની અંદર અમે જે વિચાર કરીને રહ્યા હતા

કે આ જીવ પુષ્ટિરસનો અનુભવ કરશે અને અમને કરાવશે. પણ એ પોતે તો શુષ્ક રહ્યો, અભાગિયો રહ્યો અને અમને પણ દુર્ભાગી બનાવ્યા. આમ દેવતાઓ અંદર રહીને નથી બોલતા પણ છોડીને જાય ત્યારે 'ધિક્કાર છે તને' એમ કહેતા જાય. ઉપરથી 'મંદમતિ કહી અને નિંદા દાખે.' જીવને મંદમતિ કહીને કહે છે કે કેવો દુર્ભાગી જીવ છે, કેવો અભાગી જીવ છે કે પુષ્ટિમાર્ગમાં આવીને એ રસપુંજનો અનુભવ ન કરી શક્યો, કૃપાનો અનુભવ ન કરી શક્યો.

જીવનો સ્વભાવ એવો છે કે જે મળે એનો આનંદ એ લઈ શકતો નથી, પણ આનાથી જે મળશે એની આશામાં એ રહી જાય છે. આપણી સૌથી મોટામાં મોટી તકલીફ એ છે કે જે મળે એનો આનંદ આપણે માણી શકતા નથી અને આનાથી જે મળવાની આશા છે એ આશામાં અને આશામાં જે મળ્યું છે એનું સુખ આપણે ગુમાવી રહ્યા છીએ.

સત્સંગ કરતાં વિચાર આવે કે સત્સંગ કરીશું તો પ્રભુ જરૂર પ્રસન્ન થશે. પ્રભુ એક દિવસ જરૂર અમારા ઉપર કૃપા કરશે, જ્યાં આ ભાવ આવ્યો કે જે સત્સંગ ફળરૂપ મળ્યો હતો તે સાધન બની ગયો, જેના વડે તમે બીજું કાંઈ મેળવવા માગો છો. ઠાકોરજીની સેવા શાના માટે કરો છો? તો ઘણા કહેશે પ્રભુની કૃપા મેળવવા માટે. જો પ્રભુની કૃપા મેળવવા માટે કરો છો તો આ બિરાજે છે એ કોણ છે? જો તમે એવું વિચારીને સેવા કરો છો કે આ સેવા કરીએ છીએ તો પ્રભુ ક્યારેક કૃપા કરશે, તો સમજી લો કે એ જ દિવસે સેવા સાધન બની ગઈ અને જે મેળવવાની કામના હતી તે મૂળ લક્ષ્ય બન્યું. જે મળી રહ્યું છે એને આપણે માણીએ. સત્સંગ મળ્યો છે તો એમ કામના ન કરીએ કે ક્યારેક મન શાંત થશે, ક્યારેક મનમાં સ્થિરતા આવશે. પણ એમ માનવું કે મારું મન સ્થિર થયું છે, જેનું આ ફળ છે કે હું સત્સંગમાં આવીને બેઠો. ભગવદ્ સેવા કરવા બેઠા, તો એવો વિચાર ન કરવો કે સેવા કરીશું તો પ્રભુ કૃપા કરશે. કૃપા જ થઈ છે કે હું પ્રભુની સન્મુખ આવીને બેઠો છું, એવું માનવું.

ફળ મળ્યું છે તો હવે એને છોડીને બીજી કોઈ અપેક્ષા ન રખાય. જે મળ્યું છે તે માણે એ વૈષ્ણવ. જે અનુભવ થઈ રહ્યો છે, એનાથી બીજું કાંઈ મેળવવાની કામના ન જાગે, જે મળી રહ્યું છે એને જ ફળ માનીને જે જીવે, એ વૈષ્ણવી જીવનની પરાકાષ્ટા છે. એટલા માટે તો એક પ્રસંગ જાણીતો છે.

નારદજી ચાલતા ચાલતા જતા હતા. રસ્તામાં એક વૃધ્ધ સંન્યાસી વૃક્ષ નીચે બેસીને તપ કરતા હતા. તેમણે પૂછ્યું : 'નારદજી, ક્યાં જાઓ છો?'

'પ્રભુને મળવા, તમારે કાંઈ કહેવું છે?'

'હા, મારે પ્રભુને પૂછવું છે. મને કેટલાયે વર્ષો થઈ ગયા અહીં બેસીને તપ કરતાં. તમે પ્રભુને પૂછજો ને કે મને દર્શન ક્યારે આપશે? એમને પોતાના ભક્તોની કોઈ ફિકર છે કે નહિ?'

'ઠીક છે. પૂછતો આવીશ.' કહીને નારદજી આગળ ગયા. રસ્તામાં એક બીજો સંન્યાસી મળ્યો. એ યુવાન હતો. નાચતો હતો. ગાતો હતો. ક્યારેક 'હે શ્યામસુંદર' કહેતો અને એની આંખમાંથી દડદડ આંસુ પડતાં. ક્યારેક મુક્ત કંઠે પ્રભુનાં

ગુણગાન ગાવા માંડતો. નારદજી પૂછે છે : 'આ શું કરે છે તું?'

'અરે, હું તો પ્રભુનાં ગુણગાન ગાઉં છું.'

'હું પ્રભુની પાસે જઈ રહ્યો છું. તારે પ્રભુને કાંઈ પૂછાવવું છે?'

'ના, મને પ્રભુએ જે આપ્યું છે એમાં એટલું સુખ છે, આનંદ છે કે પ્રભુને કાંઈ પૂછવાની કે પ્રભુથી કાંઈ પામવાની મને હવે તમન્ના જ નથી.'

'જો ભાઈ, હું પ્રભુ પાસે જાઉં છું. પેલા વૃધ્ધ સંન્યાસીએ પૂછાવ્યું છે કે પ્રભુ ક્યારે દર્શન આપશે? તારે નથી પૂછાવવું?'

'મને દર્શનની ફિકર નથી. મને આમ જ બધું મળી ગયું છે.'

નારદજીએ વૃધ્ધ સંન્યાસીનો પ્રશ્ન પૂછ્યો તો ભગવાને કહ્યું કે એને કહેજો કે આવતા જન્મે એને હું મળીશ. અને પેલો યુવાન સંન્યાસી જે નાચી રહ્યો છે એને કહેજો કે જે વૃક્ષ નીચે ઊભો રહીને એ નાચે છે, એ વૃક્ષનાં જેટલાં પાંદડાં છે, એટલા વર્ષો પછી એને હું મળીશ.

પાછા આવતા નારદજીને એ વૃધ્ધ સંન્યાસીએ જોયા. માળા કરવાનું મૂકીને દોડતા દોડતા નારદજી પાસે આવ્યા. 'બતાવો નારદજી, પ્રભુએ કાંઈ કહ્યું?'

હા, પ્રભુએ કહ્યું છે કે જે વૃધ્ધ સંન્યાસી બેઠા બેઠા તપ કરે છે, એમને મારાં દર્શન જરૂર થશે. પણ આ જન્મે નહિ, આવતા જન્મે થશે.' સાંભળતાં જ ગુસ્સે થઈને સંન્યાસીએ માળા, જપ પાઠના પુસ્તકો બધું એકબાજુ મૂકી દીધું. કહે છે : 'આટલું આટલું કર્યું, બધુ નકામું ગયું. જન્મ આખો વેડફાઈ ગયો. એના કરતાં તો યુવાવસ્થામાં દુનિયા ફરી લીધી હોત, માણી લીધી હોત તો સારું હતું. આ તો બધી મહેનત માથે પડી. આટલું આટલું તપ કર્યું તો યે કહે છે કે આવતા જન્મે મળશે. શું ફાયદો થયો?'

બધું મૂકીને સંન્યાસી ચાલતા થયા. નારદજી આગળ ગયા. પેલા યુવાન સંન્યાસીને કહે છે : 'તારા માટે પ્રભુએ સંદેશો આપ્યો છે કે તું જેની નીચે ઊભો રહીને નાચી રહ્યો છે, એ વૃક્ષનાં જેટલાં પાંદડાં છે, એટલા જન્મો પછી તને પ્રભુ મળશે.'

આ વાત સાંભળીને સંન્યાસીના વર્તનમાં કોઈ ફેરફાર ન થયો. એ તો ખુશ થતાં કહે છે : 'ભલે, મને પ્રભુ અનેક જન્મો પછી મળે, મને કોઈ ચિંતા નથી, પણ આનંદ એ વાતનો છે કે પ્રભુને મેળવવા માટે હું મથી રહ્યો છું, એ વાતની પ્રભુને ખબર તો પડી ગઈ છે ને! હું નાચી રહ્યો છું, ગાઈ રહ્યો છું, પ્રભુને પોકારી રહ્યો છું, એમાં મને એટલો આનંદ મળે છે કે ગમે તેટલા જન્મો લેવા પડે એની મને ચિંતા નથી.'

આમ જે મળી રહ્યું છે એનો આનંદ લઈએ ત્યારે આપણા વૈષ્ણવી જીવનની સાર્થકતા સાચા અર્થમાં થાય. આ કરીને બીજું મેળવવાની આશા રાખીએ અને જે કરતાં હોઈએ એને સાધન બનાવી દઈએ. માળા કરતાં હોઈએ તો પણ એવી રીતે કરીએ કે જાણે માળા નથી કરતા, ઈન્સ્યોરન્સના પ્રિમિયમ ભરીએ છીએ. માળા કરીએ અને કહીએ કે રોજ એક માળા કરું છું તોયે આવું કેમ થાય છે? હે પ્રભુ, તું આવું કેમ કરે છે? એક માળા આપણે કરીએ છીએ ને બદલામાં કોઈક આશા રાખી લઈએ

છીએ. જ્યાં બદલાની આશા આવી કે જે કરીએ છીએ એ સાધન થઈ ગયું. આપણે આપણી સેવાને ફળરૂપા કરી શકતા જ નથી. સત્સંગ ક્યારે ફળરૂપ થયો કહેવાય કે જે મળે છે એનો આનંદ લઈએ. જે મળે છે એને માણીએ. એક એક રસને માણીએ. તો એની આનંદરૂપતા સિધ્ધ થાય. માટે કહ્યું કે – એ પ્રભુ રસપુંજ તે ભૂમિ પર રૂચિ કરી, ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી.

સાચા અર્થમાં આ કલિકાલમાં કૃપા કોની ઉપર થાય કે જેની પ્રગટ સ્વરૂપમાં આસક્તિ થાય. દુર્યોધન પ્રભુનો એટલો જ સગો હતો જેટલો અર્જુન હતો. પણ દુર્યોધન પ્રભુનો ઉપાસક હતો છતાં જે પ્રગટ સ્વરૂપે પ્રભુ પધાર્યા હતા, તેમનામાં એની આસક્તિ ન હતી. જ્યારે અર્જુનને પ્રભુના એ પ્રગટ સ્વરૂપમાં આસક્તિ હતી માટે કૃષ્ણને એણે દઢતાથી પકડી રાખ્યા.

રાવણે રામનાં દર્શન કર્યાં અને વિભિષણે પણ કર્યાં. રાવણ પણ પ્રભુનો પરમ ભક્ત અને વિભિષણ પણ ભક્ત. જેવી કૃપા વિભિષણ ઉપર થઈ એવી કૃપા રાવણ ઉપર થઈ? રાવણે પ્રભુની કેટલી કેટલી સ્તુતિઓ કરી છે છતાં જેવી કૃપા વિભિષણ ઉપર થઈ એવી કૃપા રાવણ ઉપર કેમ ન થઈ?

રાવણ માટે તો સ્વયં ભગવાન ચાલીને કૃપા કરવા આવ્યા, છતાં વિભિષણ ઉપર થઈ એવી કૃપા રાવણ પર કેમ ન થઈ? કારણકે રાવણને જે પ્રગટ સ્વરૂપે પ્રભુ પધાર્યા હતા, તેમનામાં આસક્તિ ન હતી. પ્રગટ સ્વરૂપમાં જ્યારે આસક્તિ થઈ જાય, ત્યારે એ જીવને કૃપાનો અનુભવ થાય. તેથી કહ્યું : તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે, મંદમતિ કહી અને નિંદા દાખી.

આમ દેવતાઓ એનો ત્યાગ કરી, નિંદા કરી પોતે પધારી જાય છે. ઉપર રહીને ધિક્કાર બોલે છે. આઠમી ટૂકમાં આ જ વાતને આગળ વધારતાં કહે છે :

વિબુધ વાંછે વાસ વસુમતિ ઉપરે,
શ્રીવલ્લભકુંવરની ટહેલ કરવા,
ઘોષથી વેગે પાંઉ ધારિયા ગિરિ ભણી
શ્રી ગિરિરાજધરણનો તાપ હરવા....૮

શ્રીગુસાંઈજી પ્રભુચરણનું પ્રાકટ્ય ભૂતલમાં થયું છે ત્યારે, એમનું અદ્ભુત સ્વરૂપ જોઈને કેટલાયે દેવતાઓ પણ ભૂતલ ઉપર પ્રાગટ્ય લેવા તરસે છે. કારણકે ભૂતલ ઉપર પ્રાગટ્ય મળે તો એમની ટહેલ મળે. વિબુધ વાંછે વાસ વસુમતિ ઉપરે શ્રીવલ્લભકુંવરની ટહેલ કરવા. દેવતાઓ તો માત્ર એમની નહિ એમના સેવકોની ટહેલ કરવા પણ ઈચ્છે છે. એક પ્રસંગ છે. એક ગામમાં એક બહુ મોટા ઉપાસક રહેતા હતા. તેમની પાસે એવી સિદ્ધિ હતી કે તેઓ જ્યારે પોતાનાં આરાધ્ય દેવીને યાદ કરે કે દેવી ત્યાં પ્રગટ થાય. હવે એકવાર એવું થયું કે ચાચા હરિવંશજી અને વૈષ્ણવો ચાલતા ચાલતા જતા હતા. રાત્રિનો સમય થયો. એક ઘરના ઓટલા ઉપર રાત્રિ વિશ્રામ કરવાનો વિચાર કર્યો. રાત્રે બધા ત્યાં સૂતા.

પેલા ઉપાસકે રાત્રે હાથમાં માળા લઈને જાપ ચાલુ કર્યા. એને એવી સિદ્ધિ હતી કે જ્યાં જાપ ચાલુ કરે ને દેવી પ્રગટ થઈ જાય. આજે આખી રાત

બેઠો બેઠો જાપ કરતો રહ્યો, પણ દેવી ન આવ્યાં. વિચાર કરે છે કે મારી સાધનામાં કંઈ ભૂલ થઈ હશે? મારાથી કોઈ અપરાધ થયો હશે? રોજ યાદ કરું ને દેવી પ્રગટ થઈ જાય છે, આજે આટલા આટલા દેવીને પોકારું છું, તો પણ આવ્યાં કેમ નહિ?

આખી રાત ન આવ્યાં પણ જ્યાં સવાર થઈ ત્યાં નામ લીધું કે સામેથી ચાલતાં ચાલતાં આવ્યાં. 'અરે દેવી, આખી રાત આપના પાઠ કર્યા, જાપ કર્યા, મનામણાં કર્યા, તોયે આપ ન પધાર્યાં અને સવારે જરાક નામ લીધું ને પધાર્યાં? રાત્રે આપ કેમ ન આવ્યાં?'

'રાત્રે હું આવી હતી, પણ ઘરની અંદર ન આવી શકી.'

'કેમ?'

'તમારા ઘરના આંગણામાં આવીને જોયું તો ઓટલા ઉપર વૈષ્ણવો સૂતા છે. વૈષ્ણવોને જોઈને મને થયું કે હું તો પ્રભુની માયા છું, પણ આ વૈષ્ણવો તો એ છે જેમના રોમરોમમાં પ્રભુ બિરાજે છે. જેમની પાછળ પાછળ મારા પ્રભુ દોડે છે. આવા વૈષ્ણવો જ્યારે સૂતા હોય, ત્યારે એમને ઉલ્લંઘીને હું તમારી પાસે કેવી રીતે આવું?'

'તો આપે આખી રાત શું કર્યું?'

'મને લાગ્યું કે આવા વૈષ્ણવોની ટહેલ માટે તો દેવતાઓ તલસે છે, અને આજે એ ટહેલ મને સુલભ થઈ છે. ગરમી સખત હતી તેથી આખી રાત ઊભી ઊભી હું એ વૈષ્ણવોની પંખાની સેવા કરતી રહી.'

'અરે, આપે વૈષ્ણવોને આખી રાત પંખો કર્યો? શું એ વૈષ્ણવો આપનાથી પણ મોટા થઈ ગયા કે આપ એમને પંખો કરો?'

'અનંત કોટિ બ્રહ્માંડ જે પ્રભુના એક એક રોમમાં હોય, એવા પ્રભુ જો આ વૈષ્ણવોની પાછળ દોડતા હોય તો શું એ પ્રભુ આપણાથી મોટા ન કહેવાય? જેને શ્રીપ્રભુ આધીન થઈ ગયા હોય, એ વૈષ્ણવોની બરોબરી કોણ કરી શકે?'

'દેવી, એ વૈષ્ણવો ક્યાં છે?'

'જો, હજુ બહુ દૂર નહિ ગયા હોય, હમણાં જ જા, રસ્તામાં મળી જશે.' ભાગતો ભાગતો એ ગયો. ચાચા હરિવંશજીને જોઈને ઓળખી ગયો. કહે છે : 'મને શરણે લો.'

'ભાઈ, શરણે તો અમારા ગુરુ લેશે.'

'મને વૈષ્ણવ થવું છે. કૃપા કરી મને વૈષ્ણવ બનાવો.'

'હું બીજું કાંઈ તો ન કરી શકું. શ્રીગુસાંઈજીનો પ્રસાદી ઉપરણો છે, એ તમને આપું છું.' ઉપરણો લઈને ઘેર આવ્યા. એક ખીંટી ઉપર લટકાવી દીધો. થયું એવું કે એ દિવસે ઘરે ઘણા બધા મહેમાન મળવા માટે આવ્યા હતા. પેલો ઉપાસક જાપ કરવા બેઠો. બેઠો કે તરત પવનથી ઊડીને એ ઉપરણો એના ગળામાં આવીને પડ્યો. ઉપરણો ગળામાં પડતા એને ઘેર આવેલા મહેમાનો પશુ જેવા લાગવા લાગ્યા. એને આશ્ચર્ય થયું. ઉપરણો કાઢીને જુએ તો બધા મનુષ્ય જેવા દેખાય. ઉપરણો ઓઢે તો પાછા પશુ જેવા લાગે. વિચારે છે કે આ શું થઈ રહ્યું છે? ગામમાં ફરવા નીકળ્યો. રસ્તામાં પણ બધા પશુ જેવા દેખાય. કોઈ મનુષ્ય ન દેખાય. સમજમાં નથી આવતું આવું કેમ થાય છે.

આગળ ગયો. બધા પશુ જેવા દેખાતા હતા, પણ બે જણૈં મનુષ્ય જેવા દેખાયા. આ કોણ હશે?

પૂછ્યું : 'કૃપા કરી બતાવો. આપ કોણ છો?' કહે છે : 'અમે બંને વૈષ્ણવ છીએ. નિત્ય શ્રીપ્રભુની સેવા અને સત્સંગ કરીએ છીએ. ત્યારે એને ખ્યાલ આવ્યો કે આ પ્રસાદી ઉપરણો ગળામાં આવતાં જ મારી અંતર્દૃષ્ટિ ખૂલી ગઈ છે. જે ખાવું પીવું એને જ જીવન માને છે એ બધા પશુ જેવા લાગ્યા અને જે ભગવદ્ સેવા – સત્સંગ કરે છે એ મનુષ્ય જેવા લાગ્યા છે.

વિબુધ વાંછે વાસ વસુમતિ ઉપરે શ્રીવલ્લભકુંવરની ટહેલ કરવા. દેવો પણ આ ભૂતલ ઉપર શ્રીવલ્લભકુંવરની ટહેલ કરવા ઈચ્છે છે. માટે આ ભૂતલ ઉપર જુદી જુદી રીતે અવતાર ધારણ કરે છે. હવે કહે છે :

ઘોષથી વેગે પાઉંધારિયા ગિરિ ભણી,
શ્રીગિરિરાજધરણનો તાપ હરવા.

હવે અહીંથી શ્રીગુસાંઈજીની દિનચર્યા શરૂ થાય છે. તેઓ શ્રીનાથજીબાવાની ટહેલ કરે છે. પોતે બિરાજે છે શ્રીગોકુલમાં અને શ્રીનાથજીબાવાનો એટલો વિપ્રયોગ થાય કે એ સહન ન કરી શકે. ગોકુલમાં પોતાને ત્યાં શ્રીનવનીતપ્રિયાજી બિરાજતા હતા. એમની સેવાનો શૃંગાર સુધીનો ક્રમ પહોંચી, જલદી જલદી શ્રીનાથજીબાવા પાસે જવાનો વિચાર કરે. પોતાનો તાપ તો શ્રીગુસાંઈજી સહન કરી લે પણ તેઓ જાણે છે કે પોતાના હૃદયમાં શ્રીનાથજીને મળવાનો જેટલો તાપ છે, એના કરતાં અનેકગણો તાપ શ્રીનાથજીબાવાના હૃદયમાં પોતાને મળવાનો છે. શ્રીનાથજીબાવાને બહુ શ્રમ પડી રહ્યો છે, માટે કહ્યું ઘોષથી વેગે પાઉં ધારિયા ગિરિભણી, શ્રીગિરિરાજધરણનો તાપ હરવા. શ્રીગુસાંઈજી શ્રીનાથજીબાવાની એવી ટહેલ કરે છે કે શ્રીનાથજીબાવા તેમના વગર રહી શકતા નથી. એમને થાય કે મારા પ્રભુ મને યાદ કરી રહ્યા છે. શ્રીનાથજીબાવાને શ્રમ પડી રહ્યો છે. મારા પ્રભુ મારા માટે વ્યાકુલ છે. આવી અવસ્થાની ખબર પડે એટલે શ્રીગુસાંઈજી પ્રભુચરણ કહે કે હવે મારે જલ્દી જલ્દી જતિપુરા જવું પડશે. મારા પ્રભુ મને યાદ કરી રહ્યા છે. ગત દિવસનો ક્રમ એમને યાદ આવી જાય. જ્યારે શ્રીનાથજીબાવાની સેવા પહોંચી ત્યાંથી નીકળવાના હોય ત્યારે શ્રીનાથજીબાવાને કહે : 'પ્રભુ, મને આજ્ઞા આપો.'

ત્યારે શ્રીનાથજીબાવાની દશા પણ કેવી થઈ જાય! શ્રીગિરિરાજજીને પણ તાપ છે અને શ્રીગિરિરાજધરણને પણ તાપ છે. શ્રીગિરિરાજજી હરિદાસ વર્ય છે. પ્રભુના દાસોમાં શ્રેષ્ઠ છે. એ જાણે છે કે જે મારા સ્વામી મારા ઉપર બિરાજે છે, તેમને આજે બહુ શ્રમ છે, કારણ કે શ્રીગુસાંઈજી તેમનાથી દૂર છે. જલ્દીથી શ્રીગુસાંઈજી મારા પ્રભુની સેવામાં પધારે, સેવાનો ક્રમ પ્રારંભ કરે તો મારા પ્રભુને સુખ મળશે.

આ બંનેનો તાપ શ્રીગુસાંઈજી સહન ન કરી શક્યા. જલદી જલદી શ્રીગોકુલથી જતિપુરા જવા નીકળ્યા. કેવી રીતે પધારે છે, એનું વર્ણન આગળ નવમી ટૂકમાં કરે છે,

ફૂલ ફેંટે ભર્યાં વસન વાઘા તણા,
વિવિધ ભૂષણ તે અંગ ધરવા,
તુરંગ ચાલે વાયુવેગે ઉતાવળો જાણે
નૌકા ચાલી સિંધુ તરવા....૯

શ્રીગુસાંઈજીને પ્રભુ પાસે જવાની ખૂબ

ઉતાવળ છે, એટલા માટે નહિ કે પ્રભુ પાસે જઈશ તો મને સુખ મળશે. ઉતાવળ એટલા માટે છે કે હું ત્યાં જઈશ તો મારા શ્રીજીને સુખ થશે. મારા પ્રભુનો તાપ દૂર થશે. મારા પ્રભુ, જે મારે માટે વ્યાકુળ છે, એમને સુખ મળશે. એટલા માટે આટલા ઉતાવળા થયા. ફૂલ ફેંટે ભર્યાં, પ્રભુ માટે જેટલાં જેટલાં પણ સુંદર માળાજી સિધ્ધ કર્યા છે, એ બધાં ઝોળામાં ભર્યા, ક્યાંક શ્રીનાથજીબાવા સુધી પહોંચતા આ ફૂલ કરમાઈ ન જાય. આ એક એક ફૂલ શું છે? શ્રીગુસાંઈજી તો શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ છે. અને પુષ્પ એ તો વ્રજભક્તોનાં કોમલ મન છે. આપણા પુષ્ટિમાર્ગમાં ફૂલ એ વ્રજભક્તોનાં સ્વરૂપો છે.

એક વૈષ્ણવનો પ્રસંગ છે. શ્યામદાસ નામના એક વૈષ્ણવ. શ્રીગુસાંઈજીએ ફૂલની સેવા એને સોંપી. રોજ ફૂલની સુંદર સુંદર માળાજી સિધ્ધ કરે. શ્યામદાસ વિચાર છે કે આપણા માર્ગમાં દરેક વસ્તુ અલૌકિક છે. હું આ માળાજી કરું છું એ ફૂલનો ભાવ શું હશે? શ્રીગુસાંઈજીની પાસે જઈને પૂછે છે : 'કૃપાનાથ, આ માર્ગમાં દરેક વસ્તુનો અલૌકિક ભાવ છે, તો આ ફૂલનો ભાવ શું?'

'જુઓ વૈષ્ણવ, આપણા માર્ગમાં ફૂલ એ માત્ર ફૂલ નહિ પણ વ્રજભક્તોનાં સુકોમલ મન છે. જ્યારે જીવ ફૂલનાં માળાજી સિધ્ધ કરવાની સેવા કરે, વ્રજભક્તોનાં સુકોમળ મનને સ્નેહના તારમાં પરોવી, પ્રભુના શ્રીકંઠમાં ધરાવે, ત્યારે વ્રજભક્તોને પ્રભુના હૃદયથી લાગી આનંદ થાય અને એ આશીર્વાદ આપે કે શ્રીઠાકોરજી આ જીવને પણ પોતાના હૃદયથી લગાવવાનું આવું જ સુખ આપે. ઠાકોરજી પણ કહે કે તેં આ વ્રજભક્તોને મારી સન્મુખ કર્યાં, હું પણ તને એક દિવસ આ જ સુખ આપીશ.

શ્યામદાસને લાગ્યું કે આ ફૂલની માળાનો કેટલો ઉત્તમ ભાવ છે! પણ બીજા દિવસે તકલીફ થઈ. જ્યાં માળાજી સિધ્ધ કરવા બેઠા કે એમના હાથ ધ્રુજવા લાગ્યા. વ્રજભક્તોનાં આ સુકોમળ મનમાં મારાથી સોય કેવી રીતે ખોસાય? જો હું સોય ખોસી દઈશ તો મને અપરાધ લાગશે.

પાછા શ્રીગુસાંઈજી પાસે ગયા. 'કૃપાનાથ, કાલે આપે આજ્ઞા કરી કે ફૂલ એ વ્રજભક્તોનાં મન છે. તો એમાં મારાથી આ તીક્ષ્ણ સોય કેવી રીતે ખોસાય? મને અપરાધ તો નહિ લાગે ને?'

શ્રીગુસાંઈજીએ મંદ સ્મિત કરતાં આજ્ઞા કરી : 'જુઓ શ્યામદાસ, આપણા માર્ગમાં દરેક વસ્તુનો અલૌકિક ભાવ છે. સોય એ સોય નહિ પણ શુચિ છે, દૂતિ છે. જે વ્રજભક્તોના મનમાં જઈને સૂચના આપે છે કે જો તારા ભાગ્યનો ઉદય થયો છે. તને શ્રીઠાકોરજીના હૃદયથી લાગવાનું સુખ મળવાનું છે.'

માળાજીનો બીજો પણ એક ભાવ શ્રીહરિરાયજીએ નિત્યલીલામાં બતાવ્યો છે. ગોપીજનો યશોદામૈયાની સામે પ્રભુને માળાજી ધરાવે ત્યારે યશોદામૈયા કે નંદબાવાને ખબર ન પડે પણ શ્રીઠાકોરજી સમજી જાય કે આજે ક્યાં મળવાનું છે! માટે જ માળાજી બનાવીએ ત્યારે કહેવામાં આવે છે કે થાક સીધો રાખો. થાક સીધો ન હોય તો શ્રીઠાકોરજી રસ્તો ભૂલી જાય! ગોપીઓ રાહ જોતી રહી જાય અને ઠાકોરજી રસ્તો ભૂલી જાય! કોઈ

બીજા એડ્રેસે પહોંચી જાય. વ્રજભક્તોને પણ શ્રમ પડે અને પ્રભુને પણ શ્રમ પડે.

આવાં પુષ્પોને પોતાની ઝોળીમાં પધરાવી શ્રીગુસાંઈજી પધારી રહ્યા છે. શ્રીગુસાંઈજીએ પોતાના હસ્તે પરોવેલાં ફૂલ એ પોતાનાં યૂથનાં (ચંદ્રાવલીજીના યૂથના) ગોપીજનો છે, જેમને સન્મુખ કરવા માટે આપ લઈ જાય છે. શ્રીગુસાંઈજી એટલા માટે ઉતાવળ કરે છે કે ફૂલ કરમાઈ ન જાય. કરમાઈ જાય તો પ્રભુને લાયક ન રહે. પુષ્પોની માળાની સાથે શ્રીજીબાવાને ધરવાનાં સુંદર સુંદર વસ્ત્ર તથા આભૂષણો લઈને જઈ રહ્યા છે. કેવી રીતે જઈ રહ્યા છે? તુરંગ ચાલે વાયુવેગે ઉતાવળો, જાણે નૌકા ચાલી સિંધુ તરવા.

તુરંગ એટલે અશ્વ અને તુરંગ એટલે સમુદ્રનાં મોજાં એવો અર્થ પણ થાય. સમુદ્રનાં મોટાં મોટાં મોજાં ઉછળતાં હોય અને એમાં કોઈ નૌકા હોય તો એ નૌકાએ તરવા માટે કોઈ પ્રયત્ન ન કરવો પડે, મોજાંના વેગથી જ એ તરતી જાય. એ રીતે શ્રીગુસાંઈજી પણ શ્રીજીબાવાને મળવા એવી રીતે જઈ રહ્યા છે, જાણે નૌકા ચાલી સિંધુ તરવા.

નૌકા સમુદ્રને પાર કરવા માટે એટલી વ્યાકુળ બની હોય કે મોજાં ઉપર સવાર થઈને પૂર્ણ ગતિથી જતી હોય, એવી ગતિ કે આજે એને કોઈ રોકી ન શકે, કોઈના થંભાવે થંભી ન શકે એવી ગતિથી નૌકા જતી હોય તેમ શ્રીગુસાંઈજી પણ જઈ રહ્યા છે. અહીં બે ઉપમા આપી. તુરંગની અને નૌકાની. તુરંગ એટલે અશ્વ. અશ્વ શબ્દ પુલ્લિંગ એટલે પુંભાવ અને નૌકા સ્ત્રીલિંગ એટલે સ્ત્રીભાવ. બંને ભાવોની ઉપમા આપી. અશ્વ ઉતાવળો જાય અને નૌકા ચાલી સિંધુ તરવા – આમાં બંને ભાવ છે. આમ શ્રીગુસાંઈજી બંને ભાવ હૃદયમાં ધારણ કરી પધારે છે. આચાર્યભાવ પ્રગટ છે અને ચંદ્રાવલીજીનો સ્વામિની ભાવ ભીતર છે. આ બંને ભાવે પોતાના પ્રિયતમને મળવા, પોતાના પ્રભુની સેવા કરવા, પ્રભુને સુખ આપવા માટે આપ વેગથી જઈ રહ્યા છે.

ઉતાવળ તો હોય જ ને ! કેમ ન હોય ! એ ઉતાવળનું કારણ ગોપાલદાસજી દસમી ટૂકમાં બતાવે છે.

દિવસ એકાર્ધનો વિરહ તે યુગ સમો,
નિરાંજન મિષે રૂપ હૃદય ધરવા.
જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણુ ક્ષણુ
શ્રી વિઠ્ઠલનાથ એવા ઉચ્ચરવા...૧૦

શ્રીગુસાંઈજી અને શ્રીનાથજીબાવા બંને ઉતાવળા થયા છે કારણ કે બંનેને દિવસ એકાર્ધનો વિરહ તે યુગ સમો છે. એક ક્ષણ પણ શ્રીનાથજી શ્રીગુસાંઈજીથી દૂર રહે અને ગુસાંઈજી જે એકએક ક્ષણ શ્રીનાથજીબાવા વગર વિતાવે એમને લાગે છે કે જાણે કેટકેટલા યુગ વીતી ગયા છે, પ્રભુ, આપનાં દર્શન વિના. આપની ઝાંખી કર્યા વિના. એવી પીડા એવો તાપ બંનેને થાય છે.

વિજ્ઞપ્તિ દ્વારા જ્યારે શ્રીગુસાંઈજીને ખૂબ વિયોગ થયો, ત્યારે શ્રીનાથજીબાવાએ પણ જણાવ્યું કે આપ ચિંતા ન કરો. આપને મારાં દર્શન જરૂર થશે. જ્યારે મેઘને વરસવાનો સમય આવે ત્યારે જ મેઘ વરસે છે. તમે ધૈર્ય ધારણ કરો. મિલનનો સમય જરૂર આવશે. આવો પત્ર જ્યારે શ્રીગુસાંઈજીને મળ્યો ત્યારે આંખમાંથી આંસુ સારતાં સારતાં, આંખના કાજળથી

શ્રીગુસાંઈજીએ ઉત્તર લખીને મોકલ્યો : 'પ્રભુ, આપની વાત સાચી છે. જ્યારે સમય આવે ત્યારે મેઘ વરસે, એની ઋતુ આવે ત્યારે જ મેઘ વરસે, પણ એ ચાતકને આ વાત કોણ સમજાવે કે જેણે મેઘ સાથે પ્રીતિ કરી છે. એ મેઘને તો જ્યારે વરસવાનો સમય આવશે ત્યારે મેઘ જરૂર વરસશે, પણ સમય આવ્યો હોય કે ન આવ્યો હોય ચાતકની તો પ્રીત એ મેઘ સાથે છે, ચાહે મેઘ વરસે કે ન વરસે, પણ જેમ ચાતક તો એની તરફ દૃષ્ટિ કરીને પોતાના પ્રિયતમને, મેઘને વારેવારે પોકારતો રહેશે, એમ ભક્તોનો સ્વભાવ છે કે પ્રભુ આપ જ્યારે કૃપા કરો ત્યારે કરો, આપ જ્યારે મળવા પધારો ત્યારે પધારો, આપનાં દર્શન જ્યારે થાય ત્યારે થાય, પણ પ્રભુ આપનાં દર્શન માટે આપના વિયોગમાં અમે તો આંખમાંથી આંસુ સારતા રહીશું. આપ મેઘ છો તો અમે એ સ્વાતિજલ બિંદુ માટે તરસતા રહીશું. ચાતકની પ્રીતિ આપની સાથે છે. એને સમજાવવું મુશ્કેલ છે, કે તારી પ્રતીક્ષાનો અંત લાવી દે. એ તો એના પ્રિયતમને પુકારતો જ રહેશે.'

આવી આતુરતા શ્રીગુસાંઈજીને પ્રભુને મળવાની છે. આવી આતુરતા શ્રીનાથજીબાવાને શ્રીગુસાંઈજીને મળવાની છે. એટલા માટે તો ભક્તો કહે છે કે જેવી પ્રીત આ બંને સ્વરૂપોને પરસ્પર છે, એવી દુનિયામાં ક્યાંય જોઈ નથી. દુનિયામાં અનેક પ્રીતોના દૃષ્ટાંત અપાય છે, પણ જેવી પ્રીત યશોદાનંદન અને વલ્લભનંદનની છે, એવી પ્રીત તો અમે ક્યારેય જોઈ નથી. ભક્તોએ એ પ્રીતનું વર્ણન કરતાં અદ્ભુત ભાવો વ્યક્ત કર્યા છે.

જ્યારે શ્રીગુસાંઈજી શ્રીનાથજીબાવાને શયન કરાવીને શ્રીગોકુળ પાછા પધારે છે ત્યારે બંનેની અવસ્થા કેવી હોય છે તેનું વર્ણન આ પદમાં ખૂબ સુંદર રીતે કર્યું છે.

ઐસી પ્રીત કહું નાહીં દેખી ।

આ દુનિયામાં પ્રીત તો ઘણી જોઈ છે. પ્રીતના દૃષ્ટાંતો તો ઘણા અપાયા છે. પ્રીતની વ્યાખ્યાઓ ઘણી થઈ છે. વાતો ઘણી થઈ છે. પણ જેવી પ્રીત અમારા શ્રીગુસાંઈજી પ્રભુચરણ અને શ્રીનાથજીબાવાની વચ્ચે – શ્રી યશોદાનંદન અને વલ્લભનંદન વચ્ચેની છે, એવી પ્રીત તો અમે આ દુનિયામાં ક્યારેય જોઈ નથી. એ પ્રીત કેવી છે?

યશોમતિસુત શ્રીવલ્લભસુત જૈસી,
શેષ સહસ્ર મુખ જાત ન લેખી – ઐસી. ૧

આ પ્રીત એવી છે કે શેષજી પોતાના સહસ્ર મુખેથી એનું વર્ણન કરવા પ્રયત્ન કરે તો પણ એ કરી ન શકે. જ્યારે શ્રીગુસાંઈજી આખો દિવસ ટહેલ કરે ત્યારે શ્રીનાથજી બાવાને એટલો આનંદ, એટલું સુખ મળે કે કોઈ વસ્તુની કમી હોય તો પણ, એની ખોટ ન લાગે. શ્રીનાથજીબાવાને એ વાતનો આનંદ રહે કે મારા ગુસાંઈજી મારી પાસે છે. આખા દિવસની સેવા પછી શયનનો ક્રમ થાય ત્યારે આપનું હૃદય ભરાવા લાગે. નેત્રો છલકાવા લાગે. શ્રીગુસાંઈજી ભોગ ધરવા પધારે ત્યારે શ્રીનાથજીબાવાની આ અવસ્થા જુએ ત્યારે શ્રીગુસાંઈજીથી પણ આ સહન ન થાય. પ્રભુ, આપને છોડીને ગોકુલ જવાનો સમય આવ્યો છે. જ્યાં આ ભાવ હૃદયમાં આવે, આંખમાંથી આંસુ આવે. શ્રીગુસાંઈજી એ છુપાવવાનો પ્રયત્ન કરે. મારા શ્રીજી મારાં આંસુ જોઈ ન જાય. જો એ જોઈ જશે તો મારા પ્રભુથી સહન નહિ થાય. મારા પ્રભુ બધું સહન કરી શકે પણ મારી આંખનાં આંસુ સહન નહિ કરી શકે.

જ્યારે પાછા જવાનો સમય આવે ત્યારે મુખિયાજીને બોલાવે, એક એક સેવકને બોલાવે. કહે : 'જોજો હોં, મારા લાલાનું ધ્યાન રાખજો. મારા શ્રીજીનું ધ્યાન રાખજો. એમને જરા પણ તકલીફ ન થાય તે જોજો. મારા પ્રભુ બહુ કોમળ છે. એમને સાચવજો. એમને જરા પણ વિપત્તિ ન થાય તે જોજો. મને વચન આપો.'

સેવકો કહે : 'કૃપાનાથ, તમે ચિંતા ન કરો.'

શ્રીગુસાંઈજી કહે : 'ના, એમ નહિ. મને વચન આપો. તમે શ્રીનાથજીને છોડી એક ક્ષણ માટે પણ દૂર નહિ જાઓ.' અને હાથમાં હાથ લઈ વચન લે. શ્રીનાથજીબાવાને કહે કે કૃપાનાથ, આ આપની જ લીલા છે. સંયોગ અને વિયોગ બંનેનો અનુભવ આપ કરાવવા માગો છો. ભારે હૃદયે શ્રીનાથજી પાસે આવે. બંનેના મુખ ઝુકેલાં હોય. શ્રીગુસાંઈજીને થાય કે હું કેવી રીતે આજ્ઞા માગું કે પ્રભુ હવે આપને છોડીને ગોકુલ જાઉં. એમને ખબર છે કે શ્રીનાથજી મારા વિના રહી શકતા નથી. એવી દશા થઈ જાય કે શ્રીનાથજીનાં નેત્રોમાંથી પણ જાણે આંસુ આવવા લાગે. શ્રીગુસાંઈજી મારાથી દૂર પધારશે એ વિચારે વ્યથિત થાય. કહે કે તમને જવાની આજ્ઞા હું કઈ રીતે આપું. શ્રીનાથજીબાવા બહુ જ ધ્યાન રાખે છે કે ક્યાંક મારાં અશ્રુ શ્રીગુસાંઈજી જોઈ ન જાય. જો જોઈ લેશે તો અહીં જ મૂર્છિત થઈને ઢળી પડશે. શ્રીગુસાંઈજી બધું જ સહન કરી શકે પણ જો શ્રીજીબાવાના નેત્રમાં અશ્રુ આવે, તે પણ પોતાને માટે, તો એ એમને સહન ન થાય.

તેથી જ જ્યારે આજ્ઞા લેવા આવે ત્યારે શ્રીનાથજીબાવાના બંને ચરણોને દૃઢતાથી પકડી લે, પોતાનું મસ્તક ચરણોમાં મૂકી દે, કહે કે કૃપાનાથ, જવાની આજ્ઞા આપો. ત્યારે શું દશા થાય?

આજ્ઞા માગ ચલે શ્રીગોકુલ
ફિર ફિર ઝાંક ઝરોખન પેખી.

શ્રીનાથજીનું હૃદય પણ ભરાઈ આવે છે. શ્રીગુસાંઈજીનું હૃદય પણ ભરાઈ આવ્યું. બંને એકબીજા તરફ દૃષ્ટિ પણ કરી શકતા નથી. કારણકે શ્રીનાથજીના પ્રાણ શ્રીગુસાંઈજી છે. ગુસાંઈજીના પ્રાણ કોઈ છે તો એ શ્રીનાથજી છે. આજે જ્યારે શ્રીનાથજીથી દૂર જવાની આજ્ઞા માગે છે, ત્યારે એ સહન કરી શકતા નથી. છતાં ભારે હૃદયે આજ્ઞા લઈ શ્રીનાથજીથી દૂર જવા લાગે છે. દૃષ્ટિ તો શ્રીજીના મુખ સામે છે. પ્રભુ, હવે આપનાં દર્શન મને ક્યારે થશે? પુનઃ આપની ઝાંખી ક્યારે થશે? શ્રીનાથજી બાવાનાં દર્શન કરતાં કરતાં પાછા પગલે શ્રીગુસાંઈજી દ્વારની બહાર જાય ત્યારે શ્રીનાથજી પોતાની ચરણચોકી ઉપરથી કૂદકો મારી નીચે ઉતરે અને દોડતા દોડતા પોતાના નિજમંદિરની બારી પાસે જઈને ઊભા રહે. શ્રીગુસાંઈજીને પાછા જતા જુએ અને નેત્રમાંથી દડદડ આંસુ સરતા જાય. તેથી કહે છે : આજ્ઞા માગ ચલે શ્રી ગોકુલ ફિર ફિર ઝાંક ઝરોખન પેખી. શ્રીગુસાંઈજી અશ્વ ઉપર સવાર થઈને જાય છે. દૃષ્ટિ ઝરોખા ઉપર છે. શ્રીનાથજી શ્રીગુસાંઈજીને જોઈ રહ્યા છે. નેત્ર દ્વારા કહે છે : 'કૃપાનાથ, ધૈર્ય ધારણ કરો. હું કાલે જરૂર આવી જઈશ.'

શ્રીનાથજીબાવા તો એટલા કોમળ છે કે પોતાના પ્રિયનો વિયોગ સહન નથી કરી શકતા. એમને શ્રીગુસાંઈજી જઈ રહ્યા છે તેથી પીડા થાય

છે. માટે ભક્તોએ કહ્યું આ બંને જેવી પ્રીત અમે ક્યાંય જોઈ નથી.

સુનિયત કથા જલદ ચાતકકી
કુમુદિની ચંદચકોર વિશેખી... ઐસી. ૨

દુનિયામાં જ્યારે પણ પ્રેમની વાત આવે, પ્રેમીઓના દૃષ્ટાંતો અપાય ત્યારે ચંદ્રમા અને ચકોરના, મેઘ અને ચાતકના દૃષ્ટાંત અપાય છે. પરંતુ શ્રીવલ્લભનંદન અને યશોદાનંદન જેવી પ્રીતિ તો ક્યાંય જોઈ નથી. જેટલો વિયોગનો અનુભવ આ બંને સ્વરૂપો કરે છે એટલો અનુભવ તો આ જગતમાં કોઈ ન કરી શકે. બંને વચ્ચે કેટલી પ્રીતિ છે! પ્રીતિનું લક્ષણ એ છે કે શું કરે છે એ મહત્વનું નથી પણ કોણ કરે છે એ મહત્વનું છે. માટે બંનેના પ્રેમનું વર્ણન કરતાં આગળ કહે છે :

ઈનકો કિયો સબે જીય ભાવત,
કરત શિંગાર વિચિત્ર વિશેખી,
ગોવિંદ ગોવર્ધનપેં માગત બિસરો
પલછીન ન અર્ધ નિમેખી...ઐસી. ૩

શ્રીગુસાંઈજી જે ધરાવે, જે શૃંગાર કરે, મુકુટ-કાછની કે કાંઈપણ ધરે ત્યારે શ્રીનાથજીબાવા પ્રસન્ન થઈને ધારણ કરે છે. હસતા હસતા ધારણ કરે છે. કેટલો પ્રેમ છે! આ બંનેનો વિપ્રયોગ ગોવિંદસ્વામી જોઈ શકતા નથી, તેથી કહે છે : હે પ્રભુ, હું આપને વિનંતી કરું છું કે એક ક્ષણ માટે પણ બિછડો નહિ – અલગ ન થાઓ કારણકે જુદા પડવાથી આપ બંનેને ખૂબ વિપ્રયોગ થાય છે. ક્ષણ માટે પણ આપને એકબીજાનો વિયોગ ન થાય એવું માગું છું. એક પાંપણ બંધ થાય એટલા સમય માટે કે તેનાથી અર્ધા સમય માટે પણ આપ શ્રીનાથજીથી દૂર ન થાઓ.

અહીં ગોપાલદાસજી પણ કહે છે : દિવસ એકાર્ધનો વિરહ તે યુગ સમો. જ્યાં આવી પ્રીતિ હોય, આવો પ્રેમ હોય, જ્યાં એકબીજાને જોયા સિવાય રહી ન શકાય ત્યાં એકબીજાને જોયા વિનાની એક પળ પણ એમને સહેવી દુષ્કર થઈ જાય છે. શ્રીનાથજીબાવા એવા કોમળ છે કે એ પોતાના પ્રિયજનનો વિરહ સહન કરી શકતા નથી. આ ભાવ શ્રીગુસાંઈજી જાણે છે.

નિરાંજન મિષે રૂપ હૃદય ધરવા. પોતાના હૃદયનો તાપ અને જે શ્રીનાથજીબાવાના હૃદયમાં છે એ તાપ – એનું શમન કરવા શ્રીગુસાંઈજી રાજભોગનો ક્રમ પહોંચી આરતી કરે છે. આરતી ઉતારતાં ઉતારતાં એક ક્ષણ માટે શ્રીનાથજીબાવાના મુખારવિંદ સામે આરતી સ્થિર રાખી, એ આરતીની જ્યોતની મધ્યમાં પોતાનું મુખારવિંદ રાખી, શ્રીનાથજીબાવાના હૃદયમાં એ સ્થાપિત થાય અને પોતાના હૃદયમાં શ્રીનાથજીબાવાનું મુખારવિંદ સ્થાપિત થાય, બંનેનો એકબીજા માટેનો તાપ શમી જાય એવું કરે છે. આરતી ઉતારીને એના દ્વારા પ્રભુના સ્વરૂપને પોતાના હૃદયમાં સ્થાપિત કરે. પોતાનું સ્વરૂપ શ્રીનાથજીના હૃદયમાં સ્થાપિત કરે. શ્રીવલ્લભકુલના બાલકો આરતી ઉતારે ત્યારે તમે દર્શન કરતાં હશો કે એ આરતીની જ્યોતને એક ક્ષણ માટે સ્થિર કરે છે. જેથી તે સમયે તે જ્યોતની મધ્યમાંથી પોતાનો તાપ શ્રીનાથજીના હૃદયમાં સ્થાપન થાય અને શ્રીનાથજીબાવાના હૃદયનો તાપ પોતાના હૃદયમાં સ્થાપન થાય અને તાપનું શમન થાય. માટે કહ્યું :

નિરાંજન મિષે રૂપ હૃદય ધરવા. જેમનો શ્રીનાથજીબાવા આટલો વિયોગ કરતા હોય, વિચાર

કરો એ શ્રીગુસાંઈજીનું સ્વરૂપ કેવું હશે? માટે કહ્યું : જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણુ ક્ષણુ શ્રીવિઠ્ઠલનાથ એવા ઉચ્ચરવા. આ તાપને ઓળખવો કે એનો અનુભવ કરવો એ આપણા વશની વાત નથી. એ તાપનું વર્ણન કરવું એ પણ આપણા વશની વાત નથી, માટે કહ્યું કે આપણે તો શ્રીગુસાંઈજીના નામનો માત્ર ઉચ્ચાર કરી શકીએ. રટણ કરી શકીએ. એ સિવાય કાંઈ પણ કરવાની કોઈ યોગ્યતા કે સામર્થ્ય કે ભાવ આપણી પાસે નથી. શ્રીગુસાંઈજી પ્રભુચરણનું નામ માત્ર લેવાથી શ્રીનાથજીબાવાના હૃદયમાં એ જીવનો તાપ જાગી જાય છે. શ્રીગુસાંઈજીના નામનું રટણ કરતાં એક ક્ષણ માટે પણ આપનું સ્વરૂપ હૃદયમાં સ્થિર થાય તો જેવો તાપ શ્રીનાથજી બાવાને શ્રીગુસાંઈજી માટે છે એવો તાપ એમના હૃદયમાં આપણે માટે પણ થઈ જાય. શ્રીનાથજીબાવા કૃપા કરીને આપણે ત્યાં પધારે.

ગોપાલદાસજી કહે છે કે પ્રભુની આ કેવી લીલા છે. બંને સ્વરૂપો પરસ્પરનો વિયોગ કરે છે. પણ સાચી વાત હું જાણું છું. બંને સ્વરૂપમાં કોઈ ભેદ છે કે નહિ. બંને સ્વરૂપો એક જ છે પણ અમારા જેવા જીવોને પ્રભુની સેવા શીખવવા માટે, પ્રભુનું સુખ શામાં છે એ બતાવવા માટે શ્રીનાથજીબાવા જ શ્રીગુસાંઈજી સ્વરૂપે પધાર્યા છે. આપણને થાય કે શ્રીવલ્લભ પ્રભુનું સ્વરૂપ, શ્રીગુસાંઈજી પણ પ્રભુનું સ્વરૂપ, શ્રીનાથજીબાવા પણ પ્રભુનું સ્વરૂપ તો જે સમયે શ્રીમહાપ્રભુજી છે, એ સમયે શ્રીગુસાંઈજી પણ છે, જો એક જ પ્રભુનાં સ્વરૂપ હોય તો અલગ-અલગ સ્વરૂપ કેમ છે?

જવાબ એ છે કે રાસમાં શ્રીઠાકોરજી એક હતા, પણ વ્રજભક્તો હજારો હતાં. તે સમયે બધા વ્રજભક્તોની ઉપર કૃપા કરવા માટે એ એક જ શ્રીઠાકોરજીએ જેટલાં વ્રજભક્તો હતાં એટલા સ્વરૂપ ધારણ કર્યાં હતાં. એ સ્વરૂપો ધારણ કરીને વ્રજભક્તોને કૃપાનું દાન કર્યું. બરાબર એ જ રીતે આ અલગ અલગ સ્વભાવવાળા, અનેક પ્રકારના પુષ્ટિજીવો, અલગ અલગ પ્રકૃતિવાળા પુષ્ટિજીવો, જેમાં કેટલાક એવા છે જે શ્રીમહાપ્રભુજીની કૃપાથી શરણે આવશે, કેટલાક શ્રીગુસાંઈજી દ્વારા શરણે આવશે, ઘણા શ્રીનાથજી દ્વારા, કેટલાક યમુનાજી દ્વારા, કેટલાક શ્રીગિરિરાજજી દ્વારા, કેટલાક વ્રજભૂમિ દ્વારા શરણે આવશે. આ બધા ભગવદ્ સ્વરૂપો એક જ છે ને!

શ્રીઠાકોરજીનું રૂપ, નામ, લીલા અને ધામ બધામાં કોઈ ભેદ નથી. ઘણીવાર એવું બને કે કોઈ ભાવ નથી પણ વ્રજમાં જઈને આવ્યા ને એકદમ ભાવ આવી જાય. કોઈ બેઠકે ગયા, ત્યાં ભાવ જાગ્યો. આમ શ્રીઠાકોરજીએ અલગ અલગ સ્વભાવવાળા જીવો ઉપર કૃપા કરવા પોતાનાં જ અલગ અલગ સ્વરૂપો પ્રકટ કર્યાં છે. અમુક જીવો અમુક સ્વરૂપો દ્વારા જ શરણે આવવાના છે. માટે વિવિધ સ્વરૂપો ધારણ કરી આપ વિહાર કરે છે. તેથી ગોપાલદાસજી કહે છે કે શ્રીગુસાંઈજી અને શ્રીનાથજીબાવા એ બંનેના સ્વરૂપમાં કોઈ ભેદ છે જ નહિ. બંને એક જ સ્વરૂપ છે. એનું વર્ણન અગિયારમી ટૂકમાં કરે છે.

રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે,
વિવિધ લીલા કરે ભજનસાર.
વિવિધ વચનાવલિ નયન સેને કરી,
સંજ્ઞા સૂચવે નિશિ વિહાર....૧૧

ગોપાલદાસજી અહીં કહે છે કે જુઓ, પ્રભુની આ કેવી લીલા છે! અમારા જેવા જીવોને વિયોગનો અનુભવ કરાવવા માટે, પ્રભુથી એક ક્ષણ પણ અલગ થવું એ શું હોય એનો અનુભવ કરાવવા માટે આપ બંને છો તો એક જ, પણ બે અલગ અલગ સ્વરૂપે વિહાર કરી, સેવા સ્વયં કરી, સેવા કરતાં પણ શીખવો છો. શૃંગાર કરવાવાળા પણ આપ અને શૃંગાર ધરાવવાવાળા પણ આપ! સામગ્રી સિધ્ધ કરીને ભોગ ધરવાવાળા પણ આપ છો અને એ જ સામગ્રી આરોગવાવાળા પણ પ્રભુ આપ જ છો! બંને સ્વરૂપ એક જ હોવા છતાં આપ અલગ અલગ સ્વરૂપે વિહાર કરી રહ્યા છો.

એવા કેટલાયે ભક્તો છે જેમને આ બંને સ્વરૂપની ઐક્યતાનો અનુભવ થયો છે. અજબકુંવરબાઈને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં એટલી આસક્તિ થઈ ગઈ કે શ્રીગુસાંઈજીથી ક્ષણભર પણ દૂર ન રહી શકે. ત્યારે શ્રીગુસાંઈજીએ એમને પોતાના પાદુકા પધરાવી આપ્યા. આજ્ઞા કરી કે જ્યારે મારાં દર્શન કરવાનું મન થાય ત્યારે આ પાદુકાનાં દર્શન કરજે. હું તને દર્શન આપીશ.

થતું પણ એવું જ કે જ્યારે અજબકુંવરબાઈને શ્રીગુસાંઈજીનાં દર્શનનો ખૂબ તાપ થતો ત્યારે ટેરો હટાવીને દર્શન કરે તો પાદુકાજી બિરાજતા હોય ત્યાં શ્રીગુસાંઈજી પ્રભુચરણ સંધ્યાવંદન કરતા દર્શન આપે. આ પાદુકાજીનાં દર્શન કરતાં કરતાં એક ઘડી એવી આવી ગઈ કે શ્રીગુસાંઈજીના બદલે સાક્ષાત્ શ્રીનાથજી એને દર્શન આપવા લાગ્યા. ભગવદ્ સ્વરૂપ કોને કહેવાય કે જેને જોઈને શ્રીઠાકોરજી યાદ આવી જાય. જેને જોઈને પ્રભુની યાદ આવે ત્યારે માનવું કે આ સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ છે. અજબકુંવરબાઈને શ્રીગુસાંઈજીમાં ખૂબ પ્રીતિ થઈ ત્યારે શ્રીગુસાંઈજીએ પોતાનામાં થયેલી એ પ્રીતને શ્રીનાથજીબાવામાં કરાવી દીધી. ગુરુનું કાર્ય જ એ છે કે પોતાની સન્મુખ આવેલા જીવને એ પ્રભુને સોંપી દે. ભગવાન પ્રત્યે વાળી દે.

આવા કેટકેટલા પ્રસંગો આપણી પાસે છે જેમાં પ્રમાણ મળે છે કે શ્રીગુસાંઈજી ને શ્રીનાથજીમાં કોઈ ભેદ નથી. નાગજીભટ્ટનો પ્રસંગ છે. તેઓ દ્વારિકા ગયા. ત્યાં શ્રીદ્વારિકાધીશનાં દર્શન કર્યાં તો જોયું કે શ્રીગુસાંઈજી શ્રીદ્વારિકાધીશને બીડાં આરોગાવે છે. એ સમયે દ્વારિકાધીશજી પણ શ્રીગુસાંઈજીને બીડાં આરોગાવે છે.

અકબરે પણ કેવાં સુંદર દર્શન કર્યાં! પ્રિય નવનીત પાલને ઝૂલે. શ્રીનવનીતપ્રિયજી ઝૂલે છે અને શ્રીગુસાંઈજી ઝુલાવે છે. પછી તો બાદશાહની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. છીતસ્વામીજી ગાઈ રહ્યા છે. એવી ઘટના ઘટી કે દૃશ્ય બદલાઈ ગયું. કબહુક આપ સંગ મિલ ઝૂલે, કબહુક ઉતરી ઝુલાવે હો. વળી પછી તો એવાં દર્શન કર્યાં કે શ્રીનવનીતપ્રિયજીએ શ્રીગુસાંઈજીનો હાથ પકડ્યો અને ખેંચીને પોતાની પાસે પલનામાં બેસાડી દીધા. સંગ મિલ ઝુલે. બંને એક જ પલનામાં સાથે ઝૂલી રહ્યા છે. કબહૂક ઉતરી ઝુલાવે હો. પરાકાષ્ટા તો એ જોઈ કે શ્રીનવનીતપ્રિયજી સ્વયં નીચે ઉતરીને પોતે શ્રીગુસાંઈજીને ઝુલાવી રહ્યા છે. આ કેવી ઐક્યતા!

કબહુક સુરંગ ખિલૌના લે લે, નાના ભાંતિ ખિલાવે હો. બંને સ્વરૂપની ઐક્યતા એવી છે કે શ્રીઠાકોરજીના હૃદયનો આનંદ એ જ શ્રીસ્વામિનીજી

અને શ્રીસ્વામિનીજીના મુખારવિંદનું સ્વરૂપ એ શ્રી ચંદ્રાવલીજી–ચંદ્રાવલીજી એ જ શ્રીગુસાંઈજી છે. માટે તો શ્રીઠાકોરજી કેટલો હક શ્રીગુસાંઈજી પ્રત્યે બતાવે છે! કહે છે કે મારે તો આપનાં નિત્યલીલાનાં સ્વરૂપનાં દર્શન કરવાં છે. શ્રીઠાકોરજીને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં ચંદ્રાવલીજીનો ભાવ જાગી ગયો છે. હમણાં ને હમણાં મારે આપનાં એ સ્વરૂપનાં દર્શન કરવાં છે, એમ કહે છે.

શ્રીગુસાંઈજી કહે છે : 'પ્રભુ, આટલા બધા વૈષ્ણવો દર્શન કરે છે, ત્યાં આ ગુપ્તલીલા પ્રગટ કેવી રીતે થાય?' શ્રીઠાકોરજી કહે છે : 'કંઈ પણ થાય, મારે તો આપનાં ચંદ્રાવલીજી સ્વરૂપે હમણાં જ દર્શન કરવાં છે.' શ્રીઠાકોરજીના મનમાં મનોરથ જાગ્યો છે. શ્રીગુસાંઈજી જાણી ગયા કે પ્રભુ હઠ લઈને બેઠા છે, માનશે નહિ. તેથી આપે એક ફિરકની લીધી. ફિરકની ફેરવી ત્યાં શ્રીનવનીતપ્રિયજીને દર્શન થયાં કે મારો મનોરથ પૂર્ણ કરવા શ્રીચંદ્રાવલીજી ગોળ ગોળ ફરતાં સુંદર નૃત્ય કરી રહ્યાં છે. એમનો ઘેરદાર ઘાઘરો ગોળ ગોળ ફરતો હોય એવાં દર્શન શ્રીનવનીતપ્રિયજીને એ ફિરકનીની અંદર થયાં.

પ્રભુ કહે છે : 'આપના નૃત્યનો આનંદ ત્યારે જ આવે કે જ્યારે નૃત્યની સાથે પગના ઘૂંઘરુંનો અવાજ પણ આવે. ઘુંઘરું વગર નૃત્યનો આનંદ નથી આવતો. મારે તો ઘુંઘરુના અવાજ સાથે આપનું નૃત્ય જોવું છે.' શ્રીગુસાંઈજીએ ફરી ફિરકની ફેરવી. સાથે હાથમાં ઘૂઘરા લઈને પણ બજાવ્યા. ઝુનઝુના હાથ બજાવે હો. ઘૂઘરાની છમછમથી લાગે કે જાણે ચંદ્રાવલીજી નૃત્ય કરે છે ત્યારે ઘૂંઘરુ પણ બાજી રહ્યા છે એવી રીતે ઘૂઘરા વગાડ્યા.

આ છે તો બાલલીલાનું પદ, પણ આખી રહસ્યલીલા પદમાં પ્રગટ થઈ રહી છે. ભોજન કરત થાલ એક ઝારી. આમાં પણ પ્રભુની અને ગુસાંઈજીની ઐક્યતા બતાવી. દોઉ મિલ ખાય ખવાવે હો. એક જ ઝારી છે અને એક જ થાળ છે. શ્રીગુસાંઈજીએ પ્રભુને રાજભોગ ધર્યો ત્યારે શ્રીઠાકોરજી એવા રસમત્ત બન્યા કે શ્રીગુસાંઈજી સ્વરૂપે શ્રીચંદ્રાવલીજીનો હાથ પકડીને કહે છે : 'હું ભોજન ત્યારે જ કરું, જ્યારે આપ પણ મારી સાથે ભોજન કરો.' પોતાની પાસે પધરાવીને શ્રીઠાકોરજી એમને મનુહાર કરીને આરોગાવે છે. શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજીને મનુહાર કરીને આરોગાવે છે. કેવી ઐક્યતા! આપ બંનેના સ્વરૂપમાં કોઈ ભેદ છે જ નહિ. કેટકેટલા પ્રસંગો આ બતાવતા મળે છે.

એક ક્ષત્રિય વૈષ્ણવે સાંભળ્યું કે શ્રીગુસાંઈજી સાક્ષાત્ શ્રીજીનું સ્વરૂપ છે. ઉષ્ણકાલમાં બધા વૈષ્ણવો શ્રીગુસાંઈજીને અરગજા સમર્પિત કરે. આ ક્ષત્રિય વૈષ્ણવ પણ અરગજા સમર્પવા ગયો. અરગજા સમર્પિત કર્યું તો ખરું પણ મનમાં થયું કે બધા કહે છે કે શ્રીગુસાંઈજી શ્રીજીનું સ્વરૂપ છે, પણ મને તો એવો કોઈ અનુભવ ન થયો. બધા વૈષ્ણવો જવા લાગ્યા ત્યારે ગુસાંઈજીએ તેને કહ્યું : 'વૈષ્ણવ તમે અહીં રોકાજો.' વૈષ્ણવ રોકાઈ ગયા.

શ્રીગુસાંઈજી એક પાતળો ઉપરણો ઓઢીને પોઢ્યા. એ વૈષ્ણવની દૃષ્ટિ ત્યાં ગઈ. એણે એ વસ્ત્ર નીચે જોયું તો શ્રીગુસાંઈજી દેખાયા. ક્યારેક વળી શ્રીનાથજીબાવા દેખાય. ત્યારે એને થયું કે આ બંને સ્વરૂપમાં કોઈ જ ફરક નથી. બંને એક જ સ્વરૂપ છે. એક જ રૂપે અહીં બિરાજમાન છે. આમ આપણા

ભગવદીયોએ કેટકેટલા અનુભવ કર્યા અને ગાયું : તેઈ એઈ એઈ તેઈ કછુ ન સંદેહ. બંનેમાં કોઈ ભેદ નથી. સૂરદાસજીએ પણ કહ્યું કે કછુ ન્યારો દેખતો તો ન્યારો ગાતો. બરાબર આ તો એવી જ લીલા છે, એવી જ કૃપા છે. માટે ગોપાલદાસજી કહે છે : રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે, વિવિધ લીલા કરે ભજન સાર.

પુષ્ટિજીવો સંયોગ અને વિપ્રયોગને સમજી શકે તે માટે બંને ભિન્ન હોય તેવી લીલા કરી રહ્યા છે.

વિવિધ વચનાવલી નેન સેને કરી, સંજ્ઞા સૂચવે નિશિવિહાર. જ્યારે શ્રીગુસાંઈજી પ્રભુચરણ શ્રીઠાકોરજીની સામે આવે ત્યારે ઠાકોરજી પોતાના નેત્રો દ્વારા નિશિવિહાર એટલે કે રાત્રે કરેલી લીલાનું અનુસંધાન કરાવે છે. કહે છે કે આપ ચંદ્રાવલી સ્વરૂપે મને નિકુંજમાં લઈ ગયાં હતાં અને સવારે પાછા જવાની ઉતાવળમાં મેં આપનાં વસ્ત્રો અને આપે મારાં વસ્ત્રો ધારણ કરી લીધાં હતાં. હું નંદાલયમાં પહોંચ્યો ત્યારે મારી મૈયા ચોંકી. આવાં વસ્ત્રો ક્યાંથી લઈ આવ્યા? આમ રાત્રિના સમયે કરેલી લીલાઓ નેત્રો દ્વારા–સંજ્ઞા દ્વારા સૂચવી રહ્યા છે. માટે કહ્યું : સંજ્ઞા સૂચવે નિશિવિહાર.

હવે ૧૨,૧૩,૧૪ ત્રણે ટૂકોનું સાથે ગાન કરીશું અને પછી તેનો ભાવ સમજીશું.

રત્ન મુક્તાવલિ પાટ સૂત્રે કરી
ગલસરી શોભિતા કરે શૃંગાર
વિવિધ કુસુમાવલિ ગ્રથિત હાથે કરી
એકએકને કંઠે આરોપે હાર...૧૨
વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન્ન
રસ રસમસ્યા અર્પે તે બહુ પ્રકાર,
વિવિધ બીડાં સુગંધ કર્પુર એલચી,
લવિંગ પુંગી અને ખેર સાર...૧૩
વ્યંજન શીતલ વાયુ મુકર કરકમલ ધરી,
દેખાડતાં મોહે સકલ સંસાર,
એહ સેવારસ પ્રગટ પોતે કરી,
નિજ સેવક તણી કીધી સાર....૧૪

આ ત્રણ કડીમાં શ્રીઠાકોરજીના શૃંગારથી લઈને રાજભોગ સુધીની સેવાનું વર્ણન ગોપાલદાસજી કરે છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણે શ્રીજીબાવાને સ્નાન ઈત્યાદિ કરાવીને, જે સુંદર વસ્ત્ર–શૃંગાર આપ પધરાવી લાવ્યા હતા તે ધરાવ્યા. કેવી રીતે શૃંગાર ધર્યા? રત્ન મુક્તાવલિ પાટ સૂત્રે કરી ગલસરી શોભીતા કરે શૃંગાર. વિવિધ કુસુમાવલિ ગ્રથિત હાથે કરી, એક એકને કંઠે આરોપે હાર.

આમાં બે ભાવ કહ્યા. એક ભાવ એવો કહ્યો કે શ્રીગુસાંઈજી આગ્રહ કરી કરીને એક એક માળા શ્રીનાથજીબાવાને ધરાવે છે. બીજો ભાવ એ પણ બતાવ્યો કે એક એકને કંઠે આરોપે હાર. શ્રીગુસાંઈજી જ્યારે શૃંગાર કરતા હોય ત્યારે શ્રીનાથજીબાવા કહે એ માળા મને નહિ પણ આપને વધુ સુંદર લાગશે. એમ કહીને શ્રીગુસાંઈજી ધરાવે. એકએકને કંઠે આરોપે હાર. એનો મતલબ એ થાય કે બંને સ્વરૂપ પરસ્પર શૃંગાર કરે છે.

આ માળાઓ પણ શું છે? રત્ન મુક્તાવલી. મુક્તા એટલે મોતી. મુક્તા એટલે મુક્ત જીવો. મુક્ત જીવો કોને કહેવાય? જે સંસારની આસક્તિને છોડીને ભગવાનમય થઈ ગયા છે, જેમ ગોપીઓ સર્વ આસક્તિઓને છોડીને ભગવાન પાસે આવી,

ઘરની, પરિવારની બધી આસક્તિ છોડીને ભગવાનના શરણે આવી, એને કહેવાય 'મુક્તા' - માળામાં જે મોતી છે એ વ્રજભક્તો છે. શ્રીગુસાંઈજી કહે છે : 'કૃપાનાથ, આ ભક્તો યુગો યુગોથી આપને માટે વ્યાકુળ છે. આપને મળવા તત્પર છે. આને આપ ધારણ કરો.' આમ મનુહાર કરી કરીને ધરાવે છે. ફૂલોની સુંદર માળા, જે વ્રજભક્તોનાં મન છે તેવાં ફૂલોની માળા આપે સિધ્ધ કરી છે, એને પણ પ્રભુને મનુહાર કરીને ધરાવે છે. પછી શ્રીગુસાંઈજી શ્રીનાથજીબાવાને ભોગ ધરે છે. શ્રીઠાકોરજીને મેવા, દૂધઘર, અનસખડી, સખડી ઈત્યાદિ સામગ્રી ભોગ ધરાય છે. દરેક સામગ્રી માટે અલગ અલગ મેડ કરાય છે, કારણકે દૂધગરની સામગ્રીવાળા હાથ અનસખડીની સામગ્રીને, કે સખડીની સામગ્રીને લગાવી શકાય પણ સખડીની સામગ્રીવાળા હાથથી બીજી સામગ્રી ન ધરાય. કેમ કે આ બધી માત્ર સામગ્રી નથી. અલગ અલગ વ્રજભક્તો છે. શ્યામને મળવા માટે, પ્રભુને મળવા માટે જે અગ્રી એટલે ઉતાવળો છે એવો જીવ તે સામગ્રી. બધી સામગ્રી સ્વરૂપાત્મક છે. દરેકના ભાવ અલગ છે. આપણે ત્યાં એક વસ્તુ બહુ શીખવા જેવી છે. પ્રસાદી-અનપ્રસાદી. પ્રસાદી વસ્તુને હાથ લગાવી દો પછી જો એ હાથ અનપ્રસાદી વસ્તુને લગાવો તો એ સામગ્રીનો પ્રભુને ભોગ ન આવે. આપણે ધરેલી વસ્તુ સરાવીને એ જ હાથે નવી સામગ્રી લઈને ભોગ ધરીએ, એવું ન કરાય.

આપણે ત્યાં ભોગ ન ધરાયો હોય તેવી વસ્તુને સામગ્રી અને પ્રભુને ભોગ ધરાય, તેઓ આરોગી લે, પછી એ વસ્તુને પ્રસાદ કહેવાય છે. ઘણા અણસમજમાં સામગ્રીને પ્રસાદ કહે છે. 'પ્રસાદ ધરાવો' એમ ન કહેવાય. શ્રીઠાકોરજી આરોગે પછી એ સામગ્રીને પ્રસાદ કહેવાય. જો સામગ્રી માટે પ્રસાદ શબ્દ વાપરીએ તો પછી એ સામગ્રીનો ભોગ જ ન આવે.

મર્યાદા અને પુષ્ટિમાં ફરક શો છે? જ્યાં પ્રભુ સામગ્રીને પોતાની નાસિકા અને નેત્રો દ્વારા ગ્રહણ કરે એને કહેવાય નૈવેદ્ય. જ્યાં ભગવાન સ્વયં પોતાના મુખારવિંદથી આરોગે એને કહેવાય ભોગ. આપણે ઠાકોરજીને જે ભોગ ધરીએ છીએ એમાં, સામગ્રી સાજવામાં આવે એમાં વિવેક ખૂબ રાખવો. કેવી રીતે ભોગ ધરવો, કેવી રીતે કાની આપવી, રાજભોગના સમયે દરેક સામગ્રીમાં તુલસીપત્ર ધરાય-તુલસીપત્ર રાજભોગના સમયે જ આવે, ઘણા મંગલભોગમાં પણ પધરાવે, શયનભોગમાં પણ પધરાવે. પૂછીએ કે આવું કેમ કરો છો? તો કહે શ્રીઠાકોરજીને તુલસી વગર કેમ ચાલે?

તુલસીજીની સુગંધ અને શ્રીસ્વામિનીજીના શ્રીઅંગની સુગંધ એકસરખી છે. રાજભોગનો સમય એ સ્વામિનીજીનો સમય છે. તેથી સ્વામિનીજીના ભાવથી દરેક સામગ્રીમાં રાજભોગમાં તુલસીપત્ર આવે. અન્ય ભોગમાં નહિ. આપણે ત્યાં અલગ અલગ સમયે અલગ અલગ જનોની સેવા છે. માટે બીજા કોઈ ભોગમાં, મંગળાથી શયન સુધીમાં સામગ્રીમાં તુલસીજી ન પધરાવાય, માત્ર રાજભોગમાં જ પધરાવાય. જે સમયે ભોગ ધરીએ, સામગ્રીમાં તુલસીજી પધરાવીએ, તે સમયે શ્રીઠાકોરજીનાં માળાજી પણ વડા થઈ જાય, કારણકે માળાજી એ વ્રજભક્તોનું સ્વરૂપ છે. વ્રજભક્તો ઠાકોરજી પાસે બિરાજેલાં હોય તો શ્રીસ્વામિનીજીને આવતાં સંકોચ

થાય. માળાજી વડા થાય એનો અર્થ એ કે આપણે વ્રજભક્તોને વિનંતી કરીએ છીએ કે આપ હવે આપની નિકુંજમાં પધારો. માળાજી વડા થઈને બંટાજીમાં પધરાવ્યા પછી તુલસીજી પધરાવાય. હવે સ્વામિનીજી પધાર્યાં.

ભોગ ધર્યા પછી ધૂપ-દીપ કરીને શંખોદક કરવામાં આવે છે. શંખોદક શું છે? શંખમાં જળ લઈ બધી સામગ્રી ઉપર છીડકવામાં આવે એનો ભાવ શું છે? શંખનો આકાર રાધાજીના અધર જેવો છે. ગોપાલદાસજી છટ્ઠા આખ્યાનમાં કહે છે : રાધા અધર સુધા વિના પિયુને બીજું તે કાંઈ નવ ભાવેજી. પ્રભુને રાધાજીની અધરસુધા વિના બીજું કાંઈ ભાવે નહિ તેથી શંખમાંથી રાધાજીની અધરસુધાના ભાવથી બધી સામગ્રી ઉપર જલ છીડકવામાં આવે છે. પછી કાની આપી ઠાકોરજીને ભોગ ધરાય છે.

વિવિધ બીડાં સુગંધ કપુર એલચી, લવિંગ પુંગી અને ખેર સાર. ભોગ સરાવ્યા પછી એલચી, લવિંગ, સોપારી અને ખેરસાર એટલે કાથો વગેરે પધરાવીને સુગંધી બીડાં આરોગાવે છે. શ્રીરાધાજીના અધરામૃત સ્વરૂપે શ્રીઠાકોરજી બીડાં આરોગે છે. લે રાધે ગિરિધર જુ પઠાઈ અપને મુખકી સુંદર બીરી. બીડું આરોગાવ્યા પછી એ શ્રીઠાકોરજીની પાસે રહેલી ચરણચોકીની બાજુમાં ત્રસ્ટીમાં પધરાવાય છે. ત્રસ્ટી એ ચંદ્રાવલીજીનો ભાવ છે. રાધાજીનું અધરામૃત અને શ્રીઠાકોરજીનું અધરામૃત ચંદ્રાવલીજી ગ્રહણ કરે છે એવો ભાવ છે. ત્યારબાદ રાજભોગ આરતી થાય છે.

વ્યંજન શીતલ વાયુ મુકુર કર કમલ ધરી, દેખાડતાં મોહે સકલ સંસાર, એહ સેવારસ પ્રકટ પોતે કરી, નિજ સેવક તણી કીધી સાર.

જ્યારે રાજભોગ સરી જાય પછી શ્રીઠાકોરજીને પુનઃ માળાજી ધરાવી, વેણુવેત્ર ધરી, આરસી બતાવે છે. મુકુર એટલે દર્પણ. આ દર્પણ એટલે કે આરસી એ સ્વામિનીજીનું હૃદય છે. જ્યારે દર્પણ બતાવવામાં આવે ત્યારે શ્રીઠાકોરજી શ્રી સ્વામિનીજીના હૃદયમાં પોતાનું સ્વરૂપ જોઈને ઘણા પ્રસન્ન થાય છે. એ દર્પણ પછી આપણે હૃદયથી લગાવી નીચે પધરાવીએ. અહીં કહે છે કે આખી દુનિયા જેનાં દર્શન કરીને મોહિત થઈ જાય એવું અમારા પ્રભુનું સ્વરૂપ છે. હવે જ્યારે પ્રભુ દર્પણમાં પોતાના સ્વરૂપનાં દર્શન કરે છે ત્યારે એ આખી દુનિયાને મોહિત કરવાવાળા પ્રભુ પોતે મોહિત થઈ જાય છે. મોહે સકલ સંસાર - જે આખા સંસારને મોહિત કરવાવાળા છે તે પોતે મોહિત થઈ ગયા કારણકે પ્રભુ સ્વજન મોહન અને સ્વમન મોહન છે. જે પોતાના નિજજનોને મોહી લે તે સ્વજન મોહન, પણ પ્રભુનું સ્વરૂપ એવું છે કે પોતાનાં દર્શન પોતે કરેને તો પોતે પણ મોહિત થઈ જાય માટે કહે છે : દેખાડતાં મોહે સકલ સંસાર.

શ્રીઠાકોરજીને દર્પણ બતાવી આરતી કરી. ત્યારબાદ પુનઃ દર્પણ બતાવી વેણુવેત્ર વડાં કર્યાં. ત્યારબાદ મુખિયાજીએ માળાજી અને બીડાં શ્રીગુસાંઈજીના શ્રીહસ્તમાં આપ્યા. કેમકે શ્રીસ્વામિનીજી સ્વરૂપે શ્રીગુસાંઈજી પ્રભુની આરતી ઉતારે એટલે પ્રભુ તેમના ઉપર ખૂબ રીઝે અને પોતાની કંઠમાળા ઉતારીને એમને આપે. આરતી પછી જ્યારે પ્રભુ રીઝે ત્યારે કંઠની માળા આપે.

શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલ રીઝ દઈ અંકમાલ. - આચાર્યબાલક જ્યારે આરતી ઉતારે

ત્યારે માળાજી વડા કરીને એમને આપે. હાથમાં બીડાં આપે. પછી આપ આગળ પધારે.

આ આખો સેવાનો રસ પોતે પ્રકટ કરી, પોતે માણી, પોતે અનુભવ કરી સુખ લીધું એ સેવારસ, સેવાનો પ્રકાર આપણને બધા જીવોને અનુભવ કરાવવા માટે વિસ્તાર્યો. મને સેવાનું જે સુખ પ્રાપ્ત થાય એ મારા પ્રત્યેક વૈષ્ણવને પણ પ્રાપ્ત થાય એવી ભાવનાથી ઘરઘરમાં પોતાના શ્રીઠાકોરજી પધરાવીને પ્રભુને વિનંતી કરી કે જે રીતે મને સેવાનું સુખ આપો છો તે રીતે મારા પ્રત્યેક વૈષ્ણવને પણ આપો. જે રીતે મારા રીઝો છો એ રીતે મારા પ્રત્યેક વૈષ્ણવને પણ હૃદયથી લગાવો. આવી વિનંતી કરીને શ્રીગુસાંઈજી પ્રભુચરણે વૈષ્ણવોના ઘરઘરમાં શ્રીઠાકોરજીને પધરાવ્યા. હવે આગળ પંદરમી કડીમાં ગોપાલદાસજી કહે છે :

અહર્નિશ ધ્યાન શ્રીવિઠ્ઠલાધીશનું,
સકલ કલિમલ દુરિત કોટિ ક્ષાલે.
એ પ્રભુ ભુવિ પ્રગટ વિપ્રવર તનુ ધરી,
દીઠડે ત્રિભુવન તણાં ચિત્ત ચાલે...૧૫

અહીં કહે છે કે શ્રીગુસાંઈજી પ્રભુચરણનું સ્વરૂપ એવું છે કે એ સ્વરૂપનું જ્યારે પણ જીવ ધ્યાન ધરે, એ સ્વરૂપનું સ્મરણ કરે, એના કોટિ કોટિ અપરાધો, જે અપરાધોના કારણે જીવ પ્રભુની સેવામાં પહોંચી શકતો નથી, પ્રભુની કૃપાનો અનુભવ કરી શકતો નથી, પ્રભુની કૃપામાં ભીંજાઈ શકતો નથી, એ બધા અપરાધો-અંતરાયો નિર્મૂળ થઈ જાય છે.

આમ ગોપાલદાસજી કહે છે કે શ્રીગુસાંઈજીનું ધ્યાન ધરો તો કોટિ અઘ દૂર થાય. વલ્લભાખ્યાનની એક એક પંક્તિ એક એક કુંડ છે. કુંડનાં ખાલી દર્શન કરીએ તો આનંદ ન આવે. થોડું પાન કરીએ તો યાત્રા સફળ થાય, માટે શ્રીગુસાંઈજીના સ્વરૂપનું અહર્નિશ ધ્યાન કરવું.

એ પ્રભુ ભુવિ પ્રગટ વિપ્રવર તનુ ધરી, દીઠડે ત્રિભુવન તણાં ચિત્ત ચાલે. આ સ્વરૂપ એવું છે કે એમનાં દર્શન કરવા માત્રથી આપણું ચિત્ત ચલિત થાય. હવે સોળમી અને સત્તરમી ટૂકને સંક્ષિપ્તમાં જોઈ લઈએ.

જાલરંધ્રે સખી જાણે ચિત્રે લખી,
વાંછિતા નાથની છબિ નિહાળે.
કમલ ખંજન મીન, મધુપ જ્યાં ત્યાં થકા
વક્ર લોચન પ્રાંત પાછાં વાળે...૧૬
હાવભાવાદિક કોટિ-કોટિ કરે,
મદનજવર વ્યથા તે વેગે ટાળે.
દાસ તો દાસ ભણે સકલ સજ્જન સુણે,
શ્રીવિઠ્ઠલ આપનું બિરદ પાળે...૧૭

આ પંક્તિમાં ચંદ્રાવલીજીની નિકુંજનું વર્ણન છે. જ્યારે ચંદ્રાવલીજી શયનના સમયે યુગલ સ્વરૂપને પોતાની નિકુંજમાં પધરાવીને લઈ જાય છે, ત્યારે એ ગાઢ નિકુંજમાં - જ્યાં બહારનો કોઈ અવાજ પણ જઈ ન શકે ત્યાં બધાં ગોપીજનો - જેઓ પ્રભુ પાસે પણ એ સુખની કામના કરે છે એવાં - વાંછિતા ગોપીજનો યુગલ સ્વરૂપનાં દર્શન કરે છે. યુગલ સ્વરૂપને શૈયામાં પધરાવે છે. પછી જે પ્રભુની લીલાના અધિકારી છે એવાં ગોપીજનો જાલરંધ્રે - સઘન કુંજની મધ્યમાં જ્યાં દર્શન કરવાની જગ્યા છે એમાંથી યુગલસ્વરૂપની લીલાનાં દર્શન કરી રહ્યાં છે. દર્શન કરીને પોતાના તાપને ટાળી રહ્યાં છે.

આ છેલ્લી બે કડીઓ શ્રીચંદ્રાવલીજીની નિકુંજલીલાની છે. એનો અર્થ શ્રીગુસાંઈજી અને શ્રીગોપાલદાસજી સિવાય કોઈ જાણતું નથી. જ્યારે કૃપાનું દાન થાય ત્યારે સાચા અર્થો સમજાય.

કમલ ખંજન મીન મધુપ જ્યાં ત્યાં થકાં – જે સખીઓને પ્રભુની આ લીલાનાં દર્શન કરતાં કરતાં પ્રેમનાં અશ્રુ આવી ગયાં, નેત્રો ભરાઈ ગયાં, એમને માટે શબ્દ આવ્યો કમલ. કારણકે એ નેત્ર, નેત્ર ન રહેતાં કમળ બન્યાં. શ્રીમહાપ્રભુજી કહે છે સજલં કમલં, જ્યાં સુધી આ નેત્ર કોરાં છે, ત્યાં સુધી એ નેત્ર કહેવાય, પણ જ્યારે પ્રભુનાં દર્શન કરીને આ નેત્ર ભરાઈ જાય, તો જેમ કમલ જલ વિના રહી શકતું નથી, તેમ પ્રભુને યાદ કરી આ નેત્ર ભરાયાં ત્યારે આ નેત્ર ન રહેતાં નેત્રકમળ બન્યાં.

ખંજન – ખંજન પક્ષી ચંચળ છે, ચાલાક છે, ચતુર છે. તો અહીં ખંજન કોણ? અહીં આ શબ્દ ઘણા અર્થમાં લઈ શકાય. ગોપીજનોનાં નેત્રો માટે, શ્રીસ્વામિનીજીનાં નેત્રો માટે પણ લઈ શકાય. સૂરદાસજીએ ગાયું છે : ખંજન નેન રૂપ રસ માતે. ખંજન પક્ષી જે ચંચળ છે, એવાં ચંચળ બનેલાં નેત્રોને અહીં ખંજન કહ્યાં છે.

મીન એટલે કે જે પ્રભુનાં દર્શન કરીને અનુભવ કરે છે કે પ્રભુનું આ મુખારવિંદ તો રસનો સાગર છે. રસના સાગરને જોઈને જેમ એક માછલી એ સાગરમાં તરવા માટે વ્યાકુળ બને, એવા જે ગોપીઓના ભાવ જાગ્યા, એ ગોપીઓનાં નેત્ર માટે શબ્દ આપ્યો મીન.

જેમ રસથી ભરેલું સુંદર કમળ હોય એવા રસસભર મુખારવિંદનું પાન કરી જે ગોપીઓ પ્રભુની આસપાસ ફરી રહી છે અને દર્શન કરી રહી છે, એમનાં નેત્રોને નામ આપ્યું મધુપ. જેમ ભ્રમર કમળની આસપાસ ફરે એમ જે નેત્રો પ્રભુનાં શ્રીઅંગ ઉપર મંડરાઈ રહ્યાં છે, એ નેત્રોને કહ્યાં મધુપ. આ બધી સખીઓ પ્રભુની નિકુંજલીલાનાં દર્શન કરી રહી છે ત્યારે – વક્ર લોચન પ્રાંત પાછાં વાળે – એમ કહીને સંકેતથી બતાવે છે કે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી માટે આવી સુંદર વ્યવસ્થા ચંદ્રાવલીજીએ કરી ત્યારે શ્રીસ્વામિનીજીએ ચંદ્રાવલીજી ઉપર દૃષ્ટિ કરી, લીલામાં જે છ માસના વિયોગની વાત હતી, એ છ માસ પૂર્ણ થયાનો સંકેત આપ્યો છે. માટે ગોપાલદાસજી કહે છે : દાસનો દાસ ભણે સકલ સજ્જન સુણે, શ્રીવિઠ્ઠલ આપનું બિરદ પાળે.

આમ કહીને ગોપાલદાસજી કહે છે કે જુઓ, મારા ઉપર કેવી કૃપા થઈ છે. મારે તો આપનો દાસ નહિ પણ આપના દાસના દાસ થવું છે. આપના દાસ એટલે ભાઈલા કોઠારી, હું તો એમનો દાસ છું. એના ઘરમાં હું ન આવ્યો હોત, એમની સાથે મારો સંબંધ ન થયો હોત, તો આપ મને મળ્યા ન હોત.

શ્રીગુસાંઈજી જે વચન આપે તે વચન પોતે પાળે છે. વિઠ્ઠલ શબ્દનો અર્થ જ એ છે કે જે જ્ઞાનશૂન્યનો ઉદ્ધાર કરે. જે સંકલ્પ કરીને શ્રીગુસાંઈજી પ્રભુચરણ પધાર્યા છે, એ સંકલ્પ, એ બિરૂદ આપ પાળે પણ છે. આ વાત આ સત્તરમી કડીમાં કહીને આપણે અહીં સાતમા આખ્યાનને વિરામ આપીએ.

વલ્લભાખ્યાન : ૮

(રાગ : ધનાશ્રી)

સાતમા આખ્યાનમાં આપણે જોયું કે શ્રીનાથજીબાવા અને શ્રીગુસાંઈજી પ્રભુચરણના સ્વરૂપમાં કોઈ ભેદ નથી. જીવને સેવાનો ઉપદેશ આપવા માટે, જીવને સંયોગ અને વિપ્રયોગનો અનુભવ કરાવવા માટે એક જ સ્વરૂપ બે અલગ અલગ સ્વરૂપમાં પ્રગટ થયું છે. એ સ્વરૂપની લીલાઓ એટલી અગાધ છે કે એનો પાર શેષજી પણ પામી શકતા નથી. બંને સ્વરૂપોના સંયોગનું દર્શન આપણે કર્યું. વિયોગનું દર્શન પણ કર્યું. હવે એ જ શૃંખલામાં શ્રીગુસાંઈજીના મનોહર માધુર્ય સ્વરૂપનું દર્શન કરવાનું છે.

ગોપાલદાસજીને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં એટલી બધી અનન્યતા અને દઢતા છે કે શ્રીગુસાંઈજીના મુખારવિંદમાં જ તેમને શ્રીનાથજીના મુખારવિંદનાં દર્શન થાય છે. શ્રીગુસાંઈજીની દરેક લીલામાં ગોપાલદાસજીને સારસ્વત કલ્પમાં પ્રભુએ કરેલી લીલાની ઝલક મળે છે. આપની દરેક આજ્ઞામાં ભગવદ્ આજ્ઞાનો સંકેત મળે છે.

હવે આઠમા આખ્યાનમાં આપણે પ્રવેશ કરીએ. શ્રીગુસાંઈજીના માધુર્ય સ્વરૂપનું વર્ણન કરતાં ગોપાલદાસજીએ અગાઉ આપને શ્રી વૃંદાવનચંદ્ર કહ્યા છે. એ વૃંદાવનચંદ કે જે રાસના સમયે ગોપીઓની મધ્યમાં પ્રગટ્યા. એ સમયે આપનું એવું સૌંદર્ય હતું કે ગોપીઓ તો ગોપીઓ પણ સૌંદર્યના પ્રતીક એવા કામદેવ સ્વયં પણ મોહિત થઈને મૂર્છિત થઈ ગયા. જ્યારે કામદેવે પ્રભુને યુધ્ધ માટે લલકાર્યા ત્યારે પ્રભુએ પૂછ્યું કે કયા પ્રકારનું યુધ્ધ કરવું છે? મેદાનનું કે કિલ્લાનું? કામદેવ પૂછે છે : 'મેદાનનું યુધ્ધ કેવું હોય અને કિલ્લાનું યુધ્ધ કેવું હોય?'

પ્રભુ કહે છે : 'જો કિલ્લાનું યુધ્ધ એવું હશે કે જેમાં એક અંધારા ઓરડામાં હું પદ્માસન લગાવીને બેસીશ. એ વખતે તું આવ. મને વિચલિત કરી દે, તો તું જીત્યો અને ન કરી શકે તો હું જીત્યો.'

મેદાનનું યુધ્ધ શું છે? કિલ્લાના યુધ્ધમાં તો હું એકલો અંધારા ઓરડામાં બેઠો હોઈશ, પણ મેદાનના યુધ્ધમાં હું એકલો પુરૂષ હોઈશ. હજારો હજારો વ્રજગોપીઓની સાથે હું નૃત્ય કરતો હોઈશ, નાચતો હોઈશ, ગાતો હોઈશ. એ વખતે તું મારી સામે આવીને મને વિચલિત કરી દે તો તું જીત્યો અને ન કરી શકે તો હું જીત્યો.

કામદેવ કહે કે આ બહુ પહોંચેલ વ્યક્તિ છે. જો એને અંધારા ઓરડામાં પરેશાન કરવા જઈશ, તો હારે એવા નથી, પણ મેદાનના યુધ્ધ માટે પડકારું, જ્યાં એકલા પુરુષ હશે અને હજારો ગોપીઓ સાથે નૃત્ય કરતા હશે તો એમને વિચલિત કરતાં બે ઘડીની પણ વાર નહિ લાગે. આમ વિચારીને કહે છે : 'પ્રભુ, મારે આપની સાથે મેદાનનું યુધ્ધ કરવું છે.'

પ્રભુએ કહ્યું : 'શરદપૂનમની રાત્રિએ તું આવજે.' કામદેવ આવ્યો શરદની રાત્રિએ. બાણ ચડાવી તૈયાર થયો. હમણાં ભગવાન પધારશે અને

એમને મારાં આ બાણ દ્વારા ઘાયલ કરી દઈશ. હજારો હજારો ગોપીઓનાં યૂથ પ્રકટ્યાં.

ઝાંઝ-પખાવજ વાગવા લાગ્યાં. ધીરે ધીરે પ્રભુ પણ પોતાના ચરણોમાં ઘૂંઘરું ધારણ કરી છમ છમ કરતાં પધાર્યા. કામદેવ વિચારે છે કે હમણાં જ પ્રભુને પરાસ્ત કરી દઉં.

પ્રભુએ શ્વેત જરીનાં સુંદર વસ્ત્રો ધારણ કર્યાં છે. મસ્તકે સુંદર મુકુટ ધારણ કર્યો છે. લાંબા લાંબા કેશ છે. અલકાવલી અને કમલપત્ર શોભે છે. જ્યાં આવું સ્વરૂપ ગોપીઓની મધ્યમાં પ્રગટ્યું કે કામદેવ કે જે આવ્યા હતા પ્રભુને પરાસ્ત કરવા પણ વૃંદાવનચંદની આવી અપૂર્વ શોભા જોઈ હાથ ધ્રુજવા લાગ્યા અને યુધ્ધ કરવું તો દૂર, એ સૌંદર્યને કામદેવ સહન ન કરી શક્યો, ત્યાં જ મૂર્છિત થઈને ઢળી પડ્યો. આમ જે સૌંદર્ય દ્વારા આપે જગતને મોહિત કરવાવાળા કામદેવને પણ મોહી લીધા, એવું કોટિ કંદર્પ લાવણ્ય શ્રીગુસાંઈજી પ્રભુચરણનું છે. આવા શ્રીગુસાંઈજીનું વર્ણન આ આઠમા આખ્યાનમાં ગોપાલદાસજી કરે છે.

લલિત મનોહર શ્રીવલ્લભ સુવન સુજાણ,
નખશિખ સુંદર વ્રજજન જીવન પ્રાણ...૧

રાગ ધનાશ્રીમાં આ આખ્યાન ગવાયું છે. ધનાશ્રી રાગ ગાઈને ગોપાલદાસજી કહે છે કે આ આઠમું આખ્યાન એવું છે કે જેનું ગાન કરનારનું જીવન ધન્ય થશે. અતિ પવિત્ર બનશે. એના બધા જ દોષ નિર્મૂળ થશે.

કહે છે કે શ્રીગુસાંઈજી પ્રભુચરણ લલિત મનોહર શ્રીવલ્લભ સુવન સુજાણ છે. લલિત કોને કહેવાય? વ્યક્તિની અંદર કંઈક આગવું હોય, વિશિષ્ટ હોય તેને લલિત કહેવાય. ગુસાંઈજી લલિત તો છે જ પણ સાથે લલિત મનોહર છે. દુનિયામાં ઘણાંને લલિતની ઉપમા અપાય. 'લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે.' આમ અનેક સ્વરૂપોમાં લલિત શબ્દ આવે. પણ ગુસાંઈજી કેવા છે? લલિત મનોહર. મનોહર એને કહેવાય કે જે દરેકના મનને હરી લે. દરેકના મનને હરનારનું મન પણ હરી લે.

પુષ્ટિમાર્ગમાં લલિત શું છે? શ્રીગુસાંઈજીના જેટલા પણ સેવકો છે, પુષ્ટિજીવો છે એ બધા પણ લલિત છે. પુષ્ટિમાર્ગમાં જે એક એક વૈષ્ણવ છે તે શ્રીઠાકોરજીને એટલો જ પ્રિય છે, લલિત છે. દરેકને એક આગવી વિશિષ્ટતા શ્રીઠાકોરજીએ આપી છે. એ દરેકને કોઈકને કોઈક કલા પણ આપી છે. ઘણાની આસક્તિ સામગ્રી સિધ્ધ કરવામાં, ઘણાંની આસક્તિ શૃંગાર સિધ્ધ કરવામાં, વસ્ત્ર સિધ્ધ કરવામાં, કીર્તન સંભળાવવામાં હોય. આપણને લાગે કે દરેકને અલગ અલગ કલા શ્રીઠાકોરજીએ આપી છે.

હું ઘણીવાર કહેતો હોઉં છું કે સામગ્રી સિધ્ધ કરવામાં જેની આસક્તિ હોય, એનાથી શૃંગારમાં બહુ પહોંચાતું ન હોય તો ઘણીવાર એને ક્ષોભ રહે કે મારાથી બધી સેવા કરી શકાતી નથી. જેને શૃંગાર આદિમાં રૂચિ હોય એને થાય કે મારાથી સામગ્રીમાં પહોંચાતું નથી. બધી સેવા થતી નથી, પણ જુઓ ઠાકોરજી માટે આ બધા જ વૈષ્ણવો લલિત છે. આપણાથી કોઈ એક સેવા વિશેષ થઈ રહી છે અથવા એક સેવામાં વધારે મન લાગી ગયું છે. તો એમ ન માનવું કે બીજી સેવા થતી નથી. એમ માનવું કે પ્રભુને મારી સૌથી વધારે સેવા આ જ ગમે છે. આ સેવા પ્રભુને ખૂબ ગમતી હોવાથી આપણાથી યેનકેન પ્રકારેણ પ્રભુ વિશેષ કરાવે છે.

કોઈને વસ્ત્રની સેવામાં બહુ રૂચિ હોય, વસ્ત્રો બનાવતાં હોય, એને થાય કે લાવ, બીજી બધી સેવા પણ કરું, એ બીજી સેવાની શરૂઆત કરે ત્યાં કોઈ વૈષ્ણવ આવીને કહી જાય કે જરા અમારા ઠાકોરજી માટે પણ વસ્ત્ર સિધ્ધ કરી દેજોને! એવી વ્યક્તિ આવીને કહી જાય કે ના પણ ન પડાય. ત્યારે શું માનવું? ઠાકોરજીને આપણી આ સેવા બહુ પ્રિય છે. માટે કહ્યું : લલિત મનોહર શ્રીવલ્લભ સુવન સુજાણ. લલિત એટલે ઠાકોરજીના વૈષ્ણવો, લલિત એટલે શ્રીગુસાંઈજીના સેવકો અને એ લલિતનું પણ મન જે હરે છે એવા શ્રીગુસાંઈજી લલિત મનોહર છે. મન પણ કેવું હરી લે?

માણેકચંદના પત્નીએ ઝરૂખામાંથી શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં, શ્રીગુસાંઈજી સંધ્યાવંદન કરી રહ્યા હતા, ત્યારે એમને લાગ્યું કે સામે સાક્ષાત્ પુરૂષોત્તમ પ્રભુ બિરાજી રહ્યા છે. બે ઘડી તો આંખો ઉપર ભરોંસો ન થયો. દોડતાં જઈને પોતાના પતિને બોલાવી લાવ્યાં. માણેકચંદે દર્શન કર્યાં તો સાક્ષાત્ પ્રભુનાં દર્શન થયાં. સેવક થયા. શ્રીગુસાંઈજી એ ગામ છોડીને આગળ પધાર્યા ત્યારે બંને પતિ-પત્ની પણ પાછળ ચાલવા લાગ્યાં.

શ્રીગુસાંઈજી કહે છે : 'તમે ઘરે પાછા જાઓ.'

'કૃપાનાથ, જે દિવસે આપનાં ચરણોમાં સર્વ સમર્પણ કર્યું, જે દિવસે અમે આપનાં થયાં, એ દિવસે ઘરબાર બધું આપના ચરણોમાં સમર્પિત કરી દીધું છે. હવે આપનાં ચરણ છોડીને અમે ક્યાં જઈએ?' શ્રીગુસાંઈજીએ વારંવાર પાછા જવાનું કહ્યું પણ હવે અમે આપનાં ચરણ છોડીને ક્યાં જઈએ? આમને કહેવાય લલિત. આવા લલિત ભક્તોનાં મનને હરી લે એ મનોહર, એ મનને એવું હરી લે કે એને પછી બીજું કાંઈ દેખાય નહિ. એ સિવાય એને બીજી કોઈ ગતિ ન લાગે.

વળી કહે છે કે ભક્તો તો લલિત છે પણ શ્રીરુક્મિણીવહુજી અને શ્રીપદ્માવતીવહુજી એ પણ લલિત છે. એ બંનેના મનને હરવાવાળા શ્રીગુસાંઈજી લલિત મનોહર છે. જે ભક્તોને શ્રીગુસાંઈજી સિવાય બીજું કોઈ સાધન નથી અને શ્રીગુસાંઈજીને જ પોતાનું સર્વસ્વ માની, એમનો જ આશ્રય લઈને બેઠા છે, એના જીવનપ્રાણ પણ શ્રીગુસાંઈજી છે. માટે કહ્યું : વ્રજજન જીવન પ્રાણ. વ્રજજન શબ્દનો એક મતલબ એ પણ થાય કે શ્રુતિરૂપા ગોપીજનોનો સમુદાય. આ ગોપીજનોનાં મુખ્યાં શ્રીચંદ્રાવલીજી છે. એ જ શ્રીગુસાંઈજી પ્રભુચરણ છે. માટે એમને વ્રજજન જીવનપ્રાણ કહ્યા.

વદન કાંતિ જાણે ઉદયા કોટિક ભાણ,
દ્વિજકુલ મંડન પ્રગટ્યા પુરુષ પ્રમાણ...૨

આ બીજી કડીમાં શ્રીગુસાંઈજીનું સ્વરૂપ બતાવે છે. શ્રીગુસાંઈજીનું તેજ એવું છે કે જાણે એક સાથે કરોડો સૂર્યનો ઉદય થઈ ગયો હોય તેવું લાગે છે. આપનું તેજ એવું છે કે એને સૂર્યની ઉપમા આપી છે. સૂર્ય ઊગે તો કમળ ખીલે. સૂર્ય આથમે તો કમળ બીડાય. આપણા હૃદયની અંદર પણ એક કમળ છે. એ હૃદય કમળની અંદર આપણું મૂળ ભગવદ્ લીલાનું સ્વરૂપ અને એનું બીજ સ્થાપિત કરીને પ્રભુએ આપણને મોકલ્યા છે. કહેવાય છે ને કે પોતાના સ્વરૂપને ઓળખો. તો આ સ્વરૂપને ઓળખવા માટેનું બીજ શ્રીઠાકોરજીએ આપણા હૃદયરૂપી કમળની અંદર મૂક્યું છે. એ કમળ છે

બંધ. કમળ ક્યારે ખીલે? જ્યારે સૂર્યનો ઉદય થાય. સૂર્ય ઊગે તો કમળ ખીલે. કમળ ખીલે, તો અંદર છુપાયેલું એ બીજ પ્રગટ થાય.

અહીં એક વસ્તુ યાદ રાખજો. આપણે ત્યાં કહેવાય છે કે કલિદોષ નડે છે. એ કલિદોષ કોને કહેવાય? આ કલિકાલમાં આપણે આવ્યા અને એ કલિકાલની અસર આપણા ઉપર થાય એ કલિદોષ ન કહેવાય. પણ આપણા હૃદયમાં જે કમળની કળી ઠાકોરજીએ આપી હતી અને આજ્ઞા કરી હતી કે તું પુષ્ટિમાર્ગમાં આવી, શ્રીગુસાંઈજીની કૃપા પ્રાપ્ત કરી, એને ખીલવીને ફૂલ બનાવજે અને છતાં શ્રીગુસાંઈજીનો આશ્રય ન કરી શક્યા, એ સૂર્યને શરણે ન જઈ શક્યા, હૃદયમાં રહેલી એ કમળની કળી ખીલ્યા વિના રહી ગઈ એ જ કલિદોષ કહેવાય. કળીને આપણે ખીલવી ન શક્યા અને જે પુષ્ટિફલ પામવા માટે આપણે આ ભૂતલ ઉપર આવ્યા હતા, જે સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આવ્યા હતા, એ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના આપણે ચાલ્યા ગયા. એને કહેવાય કલિદોષ. આ કલિકાલનો-યુગનો જે પ્રભાવ છે, એ આપણને ન નડે. કળી ખીલ્યા વિના રહી જાય, એ આપણને નડે. આ કળી ખીલવવા માટે આપણને આપી છે અને જ્યાં સુધી હૃદયમાં રહેલી એ કળી ખીલી નથી, ત્યાં સુધી માનજો કે આપણે પુષ્ટિમાર્ગમાં એક ડગલું પણ આગળ વધ્યા નથી. જ્યારે હૃદયનું એ કમળ ખીલે ત્યારે આપણું એક ડગલું પુષ્ટિના પથ પર આગળ વધે.

જુઓ, આ તો સૂર્ય છે. સવાર પડે ત્યારે સૂર્યને આપણે આમંત્રણ આપવું પડતું નથી કે મારા ઘરમાં આવ. સૂર્યનો સ્વભાવ છે કે અવસર મળે એટલે ગમે ત્યાંથી ઘરમાં પ્રવેશ કર્યા વિના રહેશે નહિ. સૂર્ય ઊગે પણ આપણે ઘરનાં બધાં બારી-બારણાં બંધ કરી દઈએ, એના ઉપર પડદા લગાવી દઈએ, તો સૂર્યનો પ્રકાશ અંદર આવશે ખરો? જો સૂર્યને લાવવો છે, તો શું કરવું પડે? માયાના પડદા કરીને બેઠાં હોઈએ, આપણી આસક્તિની બારીઓ બંધ કરીને બેઠાં હોઈએ, આપણી અહંતા મમતાના દ્વાર બંધ કરીને બેઠા હોઈએ અને પાછાં કહીએ, પ્રભુની કૃપા થતી કેમ નથી?

અરે, એ તો વ્યાકુળ છે આપણા જીવનમાં પ્રવેશ કરવા. જરા તમારી બારીઓ ખોલીને તો જુઓ. આસક્તિના પડદા હટાવીને તો જુઓ. સૂર્ય ઊગે પછી એને આમંત્રણની જરૂર પડતી નથી, એને અવસરની જરૂર છે. જેવાં દ્વાર જરાક ખૂલે અને સૂર્યનો પ્રકાશ સીધો અંદર પ્રવેશ કરી જાય. શ્રીગુસાંઈજી તો સૂર્ય છે. સૂર્ય ઊગશે તો જ આ કમળ ખીલશે. જો સૂર્ય નહિ ઊગે તો આ કમળ હંમેશા બિડાયેલું જ રહેશે. જો આ કમળ ખીલવી ન શક્યા તો માનજો કે આપણે પુષ્ટિમાર્ગમાં આવ્યા તો ખરા, એક અણમોલ મણિ મળ્યો તો ખરો પણ આપણે એવા દુર્ભાગી કે એનાથી વંચિત રહ્યા.

કેટલાય યુગોથી અંધકાર હોય, તમે કહો કે મારે આ અંધકાર દૂર કરવો છે, તો એ દૂર થશે? તમે અંધારાને બહુ કોસશો, અપશબ્દો કહેશો, તો પણ એ દૂર થશે નહિ, માત્ર એક દીવો પ્રગટાવશો તો યુગોથી રહેલો અંધકાર પણ દૂર થઈ જશે.

એમ આપણા જીવનમાં ચાહે પ્રગાઢ અંધકાર કેમ ન હોય, પણ જે દિવસે શ્રીગુસાંઈજી પ્રભુચરણની

કૃપારૂપી સૂર્યનો ઉદય થાય અને એ સૂર્યનાં કિરણોને આપણે આપણી અંદર પ્રવેશ કરવા દઈએ, તો યુગોનો અંધકાર પણ દૂર થાય અને આપણને દૃષ્ટિ મળે. અંધારું હોય તો આપણી પાસે પડેલી વસ્તુ પણ આપણે જોઈ શકતા નથી, અહીં-તહીં ચારેબાજુ અંધારામાં ગોતીએ પણ ન મળે. જરાક પ્રકાશ થાય કે દેખાય. જે વસ્તુ માટે ચારે બાજુ ફાંફા મારતા હતા તે લાગે કે આ તો બિલકુલ આપણી પાસે છે. એ રીતે શ્રીઠાકોરજી પણ આપણા ઘરમાં આપણી પાસે છે. આપણા ખોળામાં છે પણ એ જ્ઞાનનો પ્રકાશ નથી. માટે એ જ પ્રભુને ગોતવા તીર્થોમાં જઈએ, આમ તેમ બધે શોધીએ પણ એ કિરણોને તમારી અંદર એકવાર પ્રવેશવા દો, તો જેને મેળવવા બધે ભાગો છો તે તમને તમારી સન્મુખ મળશે. માટે કહ્યું : વદન કાંતિ જાણે ઉદયા કોટિક ભાણ, દ્વિજકુલ મંડન પ્રગટ્યા પુરુષ પ્રમાણ.

શ્રીગુસાંઈજી આચાર્ય સ્વરૂપે - બ્રાહ્મણના સ્વરૂપે આપ ભૂતલ ઉપર પ્રગટ્યા છે. શાસ્ત્રો એ વાતનું પ્રમાણ પણ આપે છે. અનેક શાસ્ત્રોમાં શ્રીગુસાંઈજીનું સ્વરૂપ વર્ણવાયું છે. હવે આપણે આગળની પંક્તિનું દર્શન કરીશું.

નામ નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ
જેના સાખી ચારે વેદ પુરાણ...૩

શ્રીગુસાંઈજીના નામનો મહિમા બતાવતા ગોપાલદાસજી અહીં કહે છે કે આ 'વિઠ્ઠલ' નામની અંદર એવું સામર્થ્ય છે કે જે ફલ શ્રીપુરુષોત્તમ સહસ્રનામનો પાઠ કરવાથી થાય, એ જ ફલ શ્રીવિઠ્ઠલનું નામ, શ્રીગુસાંઈજીનું નામ લેવાથી પ્રાપ્ત થાય છે. નામ નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ. શ્રીગુસાંઈજીએ એક સ્ત્રીને નામ નિવેદન કરી અષ્ટાક્ષર મંત્ર બોલવા કહ્યું. શ્રીકૃષ્ણઃ શરણં મમ બોલવા કહ્યું. પેલી બાઈને એ મંત્ર બોલતા ન ફાવ્યો. વારેવારે શ્રીગુસાંઈજીએ એને એ મંત્ર શીખવવા પ્રયત્ન કર્યો. પણ એ શીખી ન શકી. પેલી બાઈ કહે છે : મહારાજ, મને આ યાદ નથી રહેતું. હું શું કરું?

શ્રીગુસાંઈજી પૂછે છે : 'તને મારું નામ આવડે છે?' 'હા, શ્રીવિઠ્ઠલ' અને એ નામનો જાપ કરતાં કરતાં એને એ જ ફળની પ્રાપ્તિ થઈ, જે ફળની પ્રાપ્તિ અષ્ટાક્ષરના જાપથી થાય.

શ્રીગુસાંઈજીનું સ્વરૂપ પણ કેવું છે? જ્યારે આપે એક વૈષ્ણવને સુબોધિનીજી સંભળાવ્યાં, ત્યારે એ વૈષ્ણવે સાંભળ્યા તો ખરા પણ એને સમજમાં જ ન આવે. શ્રીગુસાંઈજી સમજાવીને થાક્યા, પણ એ સમજી ન શક્યો ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે અમુક વૈષ્ણવ પાસે જા. એ તને સમજાવશે.

જ્યારે એ ત્યાં ગયો અને એ વૈષ્ણવે સમજાવ્યું કે એને તરત સમજમાં આવી ગયું. ત્રીજા વૈષ્ણવે પૂછ્યું કે શ્રીગુસાંઈજીએ તને આટલું આટલું સમજાવ્યું, છતાં તને સમજમાં ન આવ્યું અને આ વૈષ્ણવે જરાક સમજાવ્યું તો તને તરત સમજમાં કેવી રીતે આવી ગયું?

પેલા વૈષ્ણવે કહ્યું કે શ્રીગુસાંઈજી સુબોધિનીજીમાંની લીલાઓ શ્રીકૃષ્ણપરક સમજાવતા હતા, પણ મેં એને એ લીલાઓ શ્રીગુસાંઈજીની લીલા છે એ રીતે સમજાવ્યું, તો તરત સમજમાં આવી ગયું. કેમ? કારણ એની આસક્તિ શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં હતી. આપની લીલાને જાણવા માટે મથતો હતો. આપના સ્વરૂપને પામવા

માટે મથતો હતો. તેથી ભાગવતજીની એ લીલા મેં આપની લીલાના રૂપમાં ઘટિત કરીને સમજાવી, ત્યારે એને બરોબર સમજાઈ ગઈ, એવો શ્રીગુસાંઈજીના નામનો, સ્વરૂપનો મહિમા છે. માટે કહ્યું- નામ નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ. તેના સાખી ચારે વેદ પુરાણ. શ્રીગુસાંઈજીના નામનો ઉલ્લેખ કરે, નામનું ગાન કરે તેને પોતાના જીવનમાં કલ્યાણનો અનુભવ થાય. દિવ્યતાનો અનુભવ થાય. ચારે વેદ એનું પ્રમાણ પણ આપે છે.

અહીં 'નામનિરૂપમ' ના બે અર્થ થાય છે. શ્રીગુસાંઈજીનું નામ અને શ્રીગુસાંઈજીએ આપેલું નામ નિવેદન. એટલું જ નહિ પણ શ્રીગુસાંઈજીના મુખથી આપણા માટે જે આજ્ઞા નીકળી, એ આજ્ઞા પણ આપણે માટે મંત્ર બની જાય. ગુરુના મુખથી નીકળેલા એક એક વચન પણ આપણા માટે મંત્ર બની જાય. એ વચનમાં જ્યારે આપણને અનન્યતા હોય ત્યારે શું થાય? પરેની વાર્તા આ માટે જાણીતી છે.

આમ તો 'પરે' એટલે દૂર રહે. કોઈ ભગવાનને એમ કહેતો હોય કે દૂર રહે, દૂર રહે તો ભગવાન આવે ખરા? પણ આ શબ્દો, શ્રીગુસાંઈજીના મુખમાંથી નીકળેલી આ વાણી, મંત્રસ્વરૂપ હતી. 'દૂર રહે, દૂર રહે.' કહેતાં કહેતાં પણ શ્રીઠાકોરજી એને ત્યાં પ્રત્યક્ષ આવી ગયા, તો આપણે ત્યાં તો શ્રીઠાકોરજી પ્રત્યક્ષ છે, જો એમની ઉપર કૃપા કરે તો આપણી ઉપર કેમ ન કરે? 'પરે પરે' કરતાં પણ શ્રીઠાકોરજી આવી જાય, કારણકે શ્રીગુસાંઈજીના મુખમાંથી નીકળેલા એ વચન મંત્ર બની જાય. માટે કહ્યું કે નામ નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ. શ્રીગુસાંઈજીએ આપણને જે આજ્ઞા કરી એ આજ્ઞા જ આપણે માટે મંત્ર છે. સર્વોપરી છે. એ આજ્ઞાને મંત્ર માની જે જીવનમાં આત્મસાત કરે, એ જ પુષ્ટિફલનો અનુભવ કરી શકે.

શ્રીગુસાંઈજી જ્યારે નામ આપે, અષ્ટાક્ષર મંત્ર આપે ત્યારે એ નામ પારસમણિ જેવું હોય છે. આપણું શરીર જો લોખંડનું માનીએ અને આ પારસમણિ મળે તો આ શરીર કેવું બનવું જોઈએ? લોઢાને પારસમણિનો સ્પર્શ થાય તો એ સુવર્ણ બનવું જોઈએ. પણ એ પારસમણિને જો એક ચીંથરામાં લપેટીને પછી લોઢાના પાત્રમાં મૂકો તો કહેવાય તો ખરું કે આ પાત્રમાં પારસમણિ છે પણ એનાથી એ લોઢાના પાત્રમાં કોઈ ફેરફાર થાય ખરો? કેમ ન થાય? હવે તમને જવાબ મળી ગયો ને કે કેમ કૃપા થતી નથી? કેમ ઠાકોરજી સાંભળતા નથી? ક્યારે શ્રીઠાકોરજીની કૃપાનો અનુભવ થશે? પારસમણિને લોઢાના પાત્રમાં મૂકો પણ વચ્ચે ચીંથરાનું આવરણ હશે તો એ લોઢું સોનું બની નહિ શકે. શ્રીગુસાંઈજીએ જે આ મંત્ર આપ્યો છે એ અષ્ટાક્ષર મંત્ર કલ્પવૃક્ષ છે. કલ્પવૃક્ષ કોને કહેવાય? એને કહેવાય કે જેની અંદર એ સામર્થ્ય છે કે આપણા મનમાં રહેલા પ્રત્યેક ઈચ્છિત અલૌકિક મનોરથને પૂર્ણ કરે.

અષ્ટાક્ષરના પ્રત્યેક અક્ષર બોલવાથી શું લાભ થાય તે આપણે જાણીએ છીએ. ખાલી જીહ્વાથી ઉચ્ચાર કરવાથી એ અસર ન થાય. પણ એક એક અક્ષરની અસર થાય તેવી રીતે એ બોલવાથી પછી એ જાગૃત થાય. ઘણા વૈષ્ણવો અષ્ટાક્ષર મંત્ર લેવા આવે અને અમે બોલીએ 'શ્રી' એટલે એ બોલે

'કૃષ્ણ શરણં મમ', એમ બોલીએ 'શ્રી', એટલે બોલે 'કૃષ્ણ', કહીએ 'શરણં' એટલે બોલે મમ. આ મંત્ર લઈ જાય પછી કહે આ તો અમને આવડે છે. જો આવડતું હતું તો મંત્ર લેવાનો ફાયદો શું? ગુરુના મુખથી શા માટે સાંભળવાનો?

આપણને આ મંત્ર આવડતો હોય તો પણ એને ગુરુમુખથી શા માટે લેવો પડે? એક ફેકટરીમાં એક મશીન બગડ્યું. એ મશીન એટલું જરૂરી હતું કે એ બંધ રહે તો એક દિવસનું લાખો રૂપિયાનું નુકશાન થાય. એ ચાલુ કરવા માટે વિદેશથી એન્જીનીયરને બોલાવવામાં આવ્યો. એની ટિકિટનો અને એને લાવવાનો, હોટલમાં રહેવાનો, ગાડીઓનો વગેરેનો લાખો રૂ.નો ખર્ચ કર્યો. એણે આવીને એક હથોડી લઈને મશીન ઉપર મારી કે મશીન ચાલુ થઈ ગયું. એક લાખ રૂ.નું એન્જીનીયરે બીલ આપ્યું. ફેકટરીના માલિકે કહ્યું : 'આટલા પૈસા ખર્ચીને તમને બોલાવ્યા. તમે અહીં આવીને કોઈ મહેનત તો કરી નથી. ખાલી હથોડી મારી, એના એક લાખ રૂપિયા હોય?'

'હથોડી મારી એના તો એક હજાર રૂપિયા જ છે પણ એ હથોડી ક્યાં મારવી, એના ૯૯૦૦૦ રૂપિયા છે.'

હથોડી મારતાં તો દરેકને આવડે પણ એની ચોટ ક્યાં મારવી, એની અસર ક્યાં ક્યાં આપવી, એ બાબત એ જ જાણે કે જેને મશીનનું જ્ઞાન છે, એ રીતે આ અષ્ટાક્ષર મંત્ર કે કોઈ પણ સૂત્ર જ્યારે આપણને શ્રીગુસાંઈજીના મુખથી સાંભળવા મળે ત્યારે એ સૂત્ર જ મંત્ર બની જાય. એને આત્મસાત કરીએ ત્યારે એનું ફળ મળે. શ્રીગુસાંઈજીના મુખથી કોઈ પદ, શ્લોક, મંત્ર મળ્યા હોય, એ પણ આપણે માટે મંત્ર બની જાય. માટે કહ્યું : નામ નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ.

અસુર હણેવા બ્રહ્મવાદ કરપાણ
ભક્તિ કરે સૌ વાજંતે રે નિશાણ...૪

જે વેદથી વિરુધ્ધ કાર્ય કરે તેને અસુર કહેવાય. જે મનઘડંત વિચારોથી જીવન જીવે તે અસુર. પોતે તો ભરમાયેલો હોય અને બીજાને પણ ભરમાવે એને કહેવાય અસુર. જે માત્ર પોતાના માટે કાર્ય કરતો હોય, પોતાના પ્રાણોની રક્ષા માટે જ જીવતો હોય એ અસુર. એ સમયમાં એવો પાખંડવાદ ચાલ્યો હતો કે લોકો વેદની આજ્ઞાઓ ભૂલી પોતાના મનમાં આવે તે રીતે, મનઘડંત રીતે પોતાના વાદોને સ્થાપિત કરવા લાગ્યા હતા. આવા સમયે શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મવાદ સ્થાપિત કર્યો અને શ્રીગુસાંઈજીએ આ બ્રહ્મવાદ રૂપી તલવારથી એ આસુરી મતોને ખંડિત કર્યા. એ વાત આ કડીમાં કહી અને હવે આગળ ગોપાલદાસજી કહે છે :

વૈષ્ણવ જનને આપે પદ નિર્વાણ,
મારગ મુકતો કોઈ ન માગે દાણ....૫

અહીં કહે છે કે શ્રીગુસાંઈજી પ્રભુચરણ પોતાના જનોને 'આપે પદ નિર્વાણ.' નિર્વાણ એટલે પુષ્ટિમોક્ષ આપે છે. શ્રીગુસાંઈજી નિર્વાણ આપે એનો અર્થ એવો કે તેઓ આપણા મૂલ સ્વરૂપનું જ્ઞાન આપણને કરાવે. મૂલ સ્વરૂપનું જ્ઞાન કેવી રીતે કરાવે? આપણે ત્યાં ભૃગુસંહિતા નામનો જ્યોતિષનો એક ગ્રંથ છે. એમ કહેવાય છે કે દુનિયામાં જેટલા પણ મનુષ્યો છે એ દરેકની કુંડળી આ ભૃગુસંહિતામાં છે. એમાં સાંકેતિક રીતે બતાવેલી વાત જે સમજી શકે એને પોતાના ગયા જન્મની વાતની ખબર પડે.

એવી રીતે આપણા પુષ્ટિમાર્ગમાં પણ એક ભૃગુસંહિતા છે. એ કઈ? જેની અંદર આપણે કોણ હતા અને કોણ છીએ એની ખબર પડે. એ ભૃગુસંહિતા એટલે ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ. આપણામાંથી એક પણ વૈષ્ણવ એવો નહિ હોય જેનો સમાવેશ એ ૨૫૨ વૈષ્ણવમાં થતો નહિ હોય. જ્યારે જ્યારે પણ એ વાર્તાઓ વાંચો ત્યારે જોજો કે એમાં આપણો બધાનો ઈતિહાસ અને આપણે બધાં કોણ હતા, તેની લીંક ઓળખતાં આવડતી હોય તો એમાં છે. ૮૪ તો નિર્ગુણ ભક્તો છે, જ્યારે ૨૫૨માં સાત્વિક, તામસ, રાજસ ભક્તો છે. એમાંથી આપણે કોણ હતા અને જે છીએ એ કયા કારણે છીએ, આ જીવનમાં આપણે કયા અનુભવ કરી રહ્યાં છીએ, કયા અપરાધોના કારણે તકલીફ વેઠી રહ્યાં છીએ અને સુખ મેળવી રહ્યાં છીએ તો કયા પુણ્યોને કારણે એનો ઉલ્લેખ પણ ૨૫૨ની ત્રણ જન્મની વાર્તામાંથી મળશે. જો કડીઓ મેળવતાં આવડે અને શ્રીગુસાંઈજી કૃપા કરે, તો એમાં બધાંની વાત મળે છે. આ ૨૫૨ વાર્તાઓ નહિ પણ ૨૫૨ નિકુંજો છે. એમાંથી આપણી નિકુંજ આપણે ગોતવાની છે.

શ્રીગુસાંઈજી વૈષ્ણવોને એવું પદ આપે, કે એનાથી છૂટવાની કામના પણ કોઈ કરે નહિ. એ બંધન પણ વૈષ્ણવોને એટલું મધુરું લાગે કે એમાંથી એક ક્ષણ માટે પણ મુક્ત થવાનું કોઈને ન ગમે. પુષ્ટિમોક્ષ કોને કહેવાય? ગ્રંથોમાં એનો ઉલ્લેખ આવે છે. જીવની જ્યારે ગતિ થાય ત્યારે એને લેવા માટે શ્રીમહાપ્રભુજીના વૈષ્ણવો આવે. ધોતી-બંડી-તિલક-ગૌમુખી સાથે આવે. જીવને સત્સંગ કરાવતાં કરાવતાં લઈ જાય. સૌથી પહેલાં વીરજા નદીમાં સ્નાન કરાવે. વીરજા પણ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. એમાં સ્નાન કરવાથી જીવના બધા અપરાધોનું શમન થાય. પછી એક એક નિકુંજનું દર્શન કરાવતાં કરાવતાં વૈષ્ણવો લઈ જાય. દરેક નિકુંજમાં શ્રીઠાકોરજી કઈ લીલા કરે તેનું વર્ણન કરતા જાય. શ્રીઠાકોરજીએ કહ્યું હોય કે આ જીવને સત્સંગ કરાવતા કરાવતા લઈ આવજો. જો સત્સંગ નહિ કરાવો અને આસપાસના વૈભવમાં એનું મન ગયું, તો એ જીવ અહીં સુધી આવી નહિ શકે, ત્યાં જ અટકી જશે.

જ્યારે આપણો જીવ જશે ત્યારે શ્રીમહાપ્રભુજીના સેવકો આપણને લઈને નિકુંજદ્વારે જશે. ત્યાં શ્રીગિરિરાજજીની કંદરા હશે. એની બહાર એક સખી ઊભી હશે. એ સખીને એવી આજ્ઞા હશે કે અંદર પણ જઈ શકે અને બહાર પણ આવી શકે. એ સખી આપણને કહેશે કે તારું સ્વરૂપ આ છે, યૂથ આ છે, સેવા આ છે, તું આ અપરાધને કારણે અહીંથી ભૂતલ ઉપર ગઈ હતી. ત્યારબાદ એ સખી અંદર જશે. ત્યાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી ભીતર બિરાજતાં હશે. એમને આપણી વાત કરશે. જ્યારે અનુમતિ મળશે ત્યારે એક હાથમાં ફૂલની છાબડી અને એક હાથમાં ફળની છાબડી લઈને આવશે. આપણને બંને હાથમાં બે છાબડી આપશે અને કહેશે કે શ્રીઠાકોરજી યુગલ સ્વરૂપે બિરાજતા હશે. તું ત્યાં જાય ત્યારે એ બંને સ્વરૂપ ઉપર ફૂલની વૃષ્ટિ કરજે અને જ્યારે એ મુસ્કુરાય ત્યારે આ ફલ એમને આરોગાવજે. તારા મનોરથ પૂર્ણ થશે અને તારી લીલામાં પ્રાપ્તિ થઈ જશે. પછી જ્યારે આપણે નિકુંજમાં પ્રવેશ કરીએ ત્યારે આપણો દેહ સખીરૂપે થઈ જાય. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના ઉપર

ફૂલની વૃષ્ટિ કરીએ, યુગલસ્વરૂપ પ્રસન્ન થાય, પછી એ ફલ આરોગાવીએ, શ્રીઠાકોરજી રીઝે અને કહે કે જીવ, તું આજે મારી પાસે આવ્યો છે, મારી સન્મુખ ઊભો છે, મારી દૃષ્ટિની સામે ઊભો છે, જાણે છે શા કારણે? તારા હાથમાં જે ફળની છાબ છે, એ માત્ર સાધારણ ફળની છાબ નથી. તારા જીવનમાં તે કરેલાં સેવા અને સત્સંગના ફળની છાબ છે. આ ફળ છે એ બીજું કાંઈ નહિ વૈષ્ણવી જીવનમાં તેં જે સેવા કરી છે, સત્સંગ કર્યો છે, એનું ફળ છે. એના આધારે તું મારા સુધી પહોંચી શક્યો છે. એ ફળ આરોગીને શ્રીઠાકોરજી એમના પરિકરમાં પ્રવેશ આપે છે. આ જ કહેવાય પુષ્ટિમાર્ગીય નિર્વાણ.

ભક્તો તો કહે છે કે શ્રીગુસાંઈજી પ્રભુચરણનું સાન્નિધ્ય મળ્યું હોય તો એ છોડીને અમારે બીજા કોઈ તીરથ કરવા જવાનું મન પણ નથી. હમ તો શ્રીવિઠ્ઠલનાથ ઉપાસી. અમે તો શ્રીગુસાંઈજીના ઉપાસી છીએ. એમને છોડીને જઈએ તો ક્યાં જઈએ? બીજું કોણ અમને તારશે?

હમ તો શ્રીવિઠ્ઠલનાથ ઉપાસી ।
સદા સેવું શ્રીવલ્લભનંદન કહા કરો જાય કાસી ।।૧।।

શ્રીગુસાંઈજી પ્રભુચરણ જ્યાં બિરાજે એ વ્રજ છે. એમની છત્રછાયામાં બેઠાં હોઈએ અને કોઈ તીર્થમાં જવાનું કહે તો થાય કે સાક્ષાત્ શ્રીગુસાંઈજી રૂપી કલ્પવૃક્ષની છાયામાં બેઠાં છીએ, એમનાં જ ઉપાસક અમે છીએ, તો પછી એમને છોડીને ક્યાં જઈએ? એમને છોડીને જઈશું તો ત્યાં અમારો ઉપહાસ જ થવાનો છે કે શ્રીગુસાંઈજી જેવાનું શરણ મળ્યું, આશ્રય મળ્યો, એમના ચરણોમાં સ્થાન મળ્યું, અને એમને છોડીને અહીં આવ્યા છો? એવી ઉપહાંસી થશે. માટે હમ તો શ્રીવિઠ્ઠલનાથ ઉપાસી છીએ.

ઈને છાંડે ઔર જો ધ્યાવે,
સો કહિએ અસુરાસી ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ
બાની નિગમ પ્રકાસી ।।૨।।

અમે તો શ્રીગુસાંઈજીના ચરણારવિંદનો આશ્રય કરનારા છીએ. શ્રીગુસાંઈજીના ચરણારવિંદના ઉપાસક છીએ. શ્રીગુસાંઈજીના ચરણ અને આધાર છોડીને અમે ક્યાં જઈ શકીએ?

માટે કહ્યું : આ મારગને છોડીને બીજું કોઈ ક્યાં કશું માગે? મારગ મુક્તો કોઈ ન માગે દાણ. બીજા કશાની શું આશા રાખે? આવો માર્ગ શ્રીગુસાંઈજીએ આપ્યો છે. હવે આગળ કહે છે :

ચરણ ચાખડી વંદે રાણો રાણ
સરસ થયા જે હુતા પ્રેત પાષાણ...૬

શ્રીયમુનાજીનું સર્વ માહાત્મ્ય, ઐશ્વર્ય શામાં છે? જ્યારે શ્રીઠાકોરજીએ પૂછ્યું ત્યારે શ્રીયમુનાજીએ કહ્યું કે આપનું બધું માહાત્મ્ય બે જગ્યાએ પધરાવો. એક તો મારા તટની રજમાં અને બીજું મારા નામમાં.

એ જ રીતે શ્રીગુસાંઈજી પ્રભુચરણનું પણ સમગ્ર ઐશ્વર્ય તેમના નામમાં અને તેમની પાદુકામાં છે. ચરણચાખડી શબ્દના બે અર્થ થાય. એક તો ચરણમાં ધારણ કરાતી ખડાઉ. બીજો અર્થ એવો કર્યો કે જ્યારે કોઈ વૈષ્ણવના ઘેર પધરામણી થાય અને એ વૈષ્ણવ આપના ચરણને કુમકુમમાં પધરાવી, એ ચરણની છાપ વસ્ત્રમાં ધારણ કરે તો એને પણ ચરણચાખડી કહેવાય.

આ બે અર્થ અલગ અલગ આચાર્યોએ કર્યા. શ્રીમહાપ્રભુજી તો ચરણમાં કાંઈ ધારણ કરતા ન હતા. માટે શ્રીમહાપ્રભુજીનાં જ્યાં જ્યાં પાદુકાજી બિરાજે છે એ ખાલી ચરણનો સ્પર્શ કરાવીને પ્રસાદી કરીને આપેલાં છે. માટે એ પાદુકામાં ઉપર ખૂંટી નથી હોતી. પણ શ્રીગુસાંઈજી પાદુકાજી ધારણ કરતા હતા. આપનું સમગ્ર ઐશ્વર્ય એમના ચરણારવિંદમાં છે.

કલ્પવૃક્ષનું મૂળ શું? ચરણારવિંદ. શ્રીગુસાંઈજી કલ્પવૃક્ષ રૂપે છે. આપનાં બંને ચરણારવિંદ કલ્પવૃક્ષનાં મૂળ છે. બંને ભુજાઓ એ કલ્પવૃક્ષની શાખાઓ છે. બંને નેત્ર એ કલ્પવૃક્ષનાં ફૂલ અને અધર એ ફળ. શ્રીગુસાંઈજીનાં ચરણારવિંદ કલ્પવૃક્ષનું મૂળ અને એ ચરણારવિંદ જેની ઉપર બિરાજે છે એ પાદુકા, જેને સતત શ્રીગુસાંઈજીના ચરણારવિંદનો આશ્રય છે, ચરણરજ પણ છે. એ ચરણપાદુકા શ્રીગુસાંઈજીએ જેને જેને ત્યાં પધરાવી છે એના ઉપર કેવી કૃપા થઈ છે. અજબકુંવરીનું દર્શન આપણે કર્યું. જેના ઘરમાં શ્રીગુસાંઈજીએ પોતાના પાદુકાજી પધરાવ્યાં અને એ જ પાદુકામાં અજબકુંવરને શ્રીનાથજીનાં દર્શન થયાં. કારણકે શ્રીગુસાંઈજીનું સમગ્ર ઐશ્વર્ય પાદુકાજીમાં છે.

જ્યારે જ્યારે પણ બેઠકજીમાં જઈએ, કેસરસ્નાન કરીએ ત્યારે શ્રીગુસાંઈજીનાં પાદુકાજીના ચરણસ્પર્શ જરૂર કરવાં. કારણકે ત્યાં આપની ચરણરજ હોય. જ્યાં જ્યાં બેઠકજી છે ત્યાં આપશ્રી પ્રગટ સ્વરૂપે બિરાજે છે. એમનાં પાદુકાજીના ચરણસ્પર્શ કરવાથી આપની ચરણરજ આપણને મળે છે. આપણે ત્યાં મહત્વ ચરણરજનું જ છે, કારણકે ચરણરજ એ ભગવદ્ લીલાત્મક દૃષ્ટિ આપનારી છે. જ્યારે કાજલ આંખમાં આંજીએ ત્યારે દૃષ્ટિ મળે કે જેનાથી આપણે જોઈ શકીએ. એમ રજ જ્યારે આપણા નેત્રો ઉપર લગાવીએ ત્યારે આપણને લીલાત્મક દૃષ્ટિ મળે, જેનાથી આપણે શ્રીઠાકોરજીની સેવામાં અને ઠાકોરજીના પરિકરમાં જે અલૌકિક લીલા થઈ રહી છે, એનો અનુભવ કરી શકીએ. ચરણસ્પર્શ કરીએ ત્યારે પહેલાં ડાબો, પછી જમણો અને પછી ફરી પાછો ડાબો ચરણ સ્પર્શીએ છીએ. એનો અર્થ એવો છે કે પહેલાં અમે પુષ્ટિમાં હતા. પછી મર્યાદામાં ગયા અને ફરી પાછા પુષ્ટિમાં આવ્યા. તેથી આ ચરણરજ લઈ આંખો ઉપર લગાવીએ છીએ.

આ ચરણપાદુકા કેવી છે? ચરણચાખડી વંદે રાણોરાણ. ચરણચાખડીને સાધારણ જીવો જ નહિ પણ મોટા મોટા રાજાઓ અને રાણીઓ પણ વંદે છે. રાજાઓ-રાણીઓને એવા અનુભવ થયા, તેમને એવી કૃપાનું દાન થયું કે તેઓ ચરણપાદુકા આગળ ઝૂકી ગયા છે. આગળ આપણે અજબકુંવરબાઈની વાત સાંભળી.

આ રજ કેવી છે? સરસ થયા જે હુતા પ્રેત પાષાણ. આ ચરણરજથી કેટલાક પ્રેત અને પથ્થરોનો પણ ઉધ્ધાર થયો છે. પ્રેત એટલે માત્ર ભૂતપ્રેત નહિ પણ ભજન બિના જીવત જૈસે પ્રેત. સૂરદાસજી કહે છે કે જેના જીવનમાં ભગવદ્ સેવા નથી, ભગવદ્ સત્સંગ નથી, એનું જીવન પ્રેત જેવું છે. આ ચરણચાખડી એવી છે કે જેનાં દર્શન માત્રથી આપણો ઉધ્ધાર થાય.

શ્રીગુસાંઈજીના એક સેવક, તેમનો લીલા પ્રવેશ થયો, અગ્નિસંસ્કાર થઈ રહ્યા હતા ત્યાં સ્મશાનમાં એક વૃક્ષ ઉપર પ્રેત રહેતો હતો, તેને આ વૈષ્ણવના અગ્નિસંસ્કારનો ધૂમાડો લાગ્યો. ધૂમાડા માત્રથી એ પ્રેતનો ઉધ્ધાર થયો. પછી અગ્નિ તો ઓલવાઈ ગયો. ત્યાં એક બીજો પ્રેત હતો. તેણે કહ્યું ગુસાંઈજીના સેવક એવા આ વૈષ્ણવના અગ્નિસંસ્કારના ધૂમાડાથી પેલા પ્રેતનો ઉધ્ધાર થયો, તો એ રીતે મારો પણ ઉધ્ધાર કરો. ત્યારે એ રાખમાં ફરી અગ્નિ પ્રકટાવ્યો. એના ધૂમાડાથી બીજા પ્રેતનો પણ ઉધ્ધાર થયો.

શ્રીગુસાંઈજીની ચરણપાદુકા કેવી છે? એકવાર આપ ગુજરાતમાં ચાલતા ચાલતા પધારતા હતા, ત્યાં એક સુંદર પર્વત જોયો. પર્વત ઉપર સુંદર વૃક્ષો અને વૃક્ષો ઉપર સુંદર પક્ષીઓ હતાં. શ્રીગુસાંઈજીએ કહ્યું આ પર્વત તો શ્રીઠાકોરજીની લીલામાં હોવો જોઈએ. આ તો શ્રીઠાકોરજીની લીલાની સામગ્રીરૂપે છે. જ્યાં એ પર્વતને આપશ્રીના ચરણારવિંદનો સ્પર્શ થયો કે એ પથ્થરના પર્વતનો, એનાં વૃક્ષો-પક્ષીઓ સાથે નિત્યલીલામાં પ્રવેશ થઈ ગયો. શ્રીગુસાંઈજીના ચરણનો સ્પર્શ કર્યા માત્રથી એ પથ્થરનો પર્વત હતો એનો પણ ભગવદ્ લીલા સામગ્રીમાં વિનિયોગ થઈ ગયો. વિચાર કરો કે શ્રીગુસાંઈજીના ચરણારવિંદ કેવા હશે! એ ચરણનો આશ્રય કેવો હશે?

શ્રીગુસાંઈજી એક ગામમાં પધાર્યા હતા. ત્યાં એક જ વૈષ્ણવે બ્રહ્મસંબંધ લીધું. એને થયું કે આ ગામમાં બીજો કોઈ વૈષ્ણવ નથી, હું કોની સાથે સત્સંગ કરું? શ્રીગુસાંઈજીએ તો સત્સંગ કરવાની આજ્ઞા કરી છે. એણે વિચાર કર્યો કે જે વૃક્ષ નીચે મારા ગુરુદેવ શ્રીગુસાંઈજી બિરાજ્યા હતા, જે વૃક્ષની નીચે મારા ગુરુની ચરણરજ છે, એનાથી બીજો વૈષ્ણવ મને ક્યાં મળશે? એ તો દરરોજ સાંજ પડે એ વૃક્ષ પાસે ચાલ્યો જાય. ત્યાં બેસે. વૃક્ષની નીચેની રજ લે. શ્રીગુસાંઈજીના નામનો જાપ કરે. વૃક્ષને કહે કે જો તું પણ વૈષ્ણવ છે કારણ મારા શ્રીગુસાંજી અહીં બિરાજ્યા હતા. શ્રીઠાકોરજીની લીલાનું વર્ણન દરરોજ એ વૈષ્ણવ પેલા વૃક્ષને સંભળાવે. જ્યારે થોડા સમય પછી શ્રીગુસાંઈજી ત્યાં ફરી પધાર્યા ત્યારે જે વૃક્ષે શ્રીગુસાંઈજીની ચરણરજ પ્રાપ્ત કરી હતી, અને દરરોજ શ્રીગુસાંઈજીનું નામ સાંભળતાં સાંભળતાં એનામાં એવું પરિવર્તન આવી ગયું હતું, કે તે પોતાની બધી ડાળીઓ સાથે શ્રીગુસાંઈજીના ચરણમાં ઝૂકી ગયું. જેમ કોઈ વૈષ્ણવ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે તેમ વૃક્ષે પણ નીચે પડી શ્રીગુસાંઈજીના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા.

વિચાર કરો, જે શ્રીગુસાંઈજીના નામથી અને ચરણરજથી વૃક્ષ પણ એમના ચરણોમાં નમે, તો એ જ શ્રીગુસાંઈજીનું નામ આપણે લઈએ તો પ્રભુને ન ગમીએ? જો વૃક્ષ નમી શકે તો આપણે પ્રભુને ગમી ન શકીએ?

માટે કહ્યું : ચરણચાખડી વંદે રાણોરાણ, સરસ કીધા જે હુતા પ્રેત-પાષાણ, જે પ્રેત હતા તેઓ શ્રીગુસાંઈજીએ કૃપા કરી તો દિવ્ય બન્યા. પથ્થર એટલે કોણ? પથ્થર એટલે જડ જીવો. એમને પણ જ્યારે શ્રીઠાકોરજીના ચરણારવિંદની રજ મળે તો તેઓ પણ સફળ થાય,

શ્રીગુસાંઈજીએ પોતાનું ઐશ્વર્ય પોતે પ્રગટ ન કરી, પોતાના સેવકોના માધ્યમથી પ્રગટ કર્યું.

વેણુગીતના સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી સુંદર વાત કરે છે : સ્વામીના સામર્થ્યનું જ્ઞાન સ્વામીને જોઈને નહિ પણ એમના સેવકોને જોઈને પ્રાપ્ત કરવું. વિષ્ણુદાસ છીપા સેવા તો દ્વારપાલ તરીકે કરતા, પણ મોટા મોટા જ્ઞાની પુરુષો આવે એમને શાસ્ત્રાર્થમાં હરાવી દેતા. વિદ્વાનો પણ વિચારે કે જેના શિષ્ય આવા છે એમના ગુરુ તો કેવા હશે!

શ્રીગુસાંઈજીએ કેટકેટલા પ્રેતોનો ઉધ્ધાર કર્યો છે. એક વૈષ્ણવ સત્સંગ કરવા માટે બીજે ગામ જતા હતા. રસ્તામાં જંગલમાંથી પસાર થતા હતા ત્યારે એક વૃક્ષ ઉપર રહેતા રાક્ષસે આવીને કહ્યું કે હું તને ખાઈ જઈશ. પેલા વૈષ્ણવે કહ્યું : 'આજે બાજુના ગામમાં સત્સંગ છે. મને ત્યાં જવા દે. પાછો આવું ત્યારે ખાવો હોય તો ખાઈ જજે.'

રાક્ષસ કહે છે : 'અરે તને જવા દેવાય? તું જઈને થોડો પાછો આવશે?'

'હું શ્રીગુસાંઈજીનો સેવક છું. મારા મુખમાંથી એકવાર નીકળેલું વચન ક્યારેય બદલાશે નહિ.'

રાક્ષસને થયું કે આ જાય પછી પાછો આવે ખરો? પણ એ વૈષ્ણવના મુખ ઉપર એવી ચમક હતી, એવી દઢતા હતી, મસ્તક ઉપર તિલક હતું, તેથી રાક્ષસને થયું કે આ ખોટું નહિ બોલતો હોય. પાછો આવશે ખરો. તેથી કહે છે : તને જવા તો દઉં છું, પણ પાછો આવજે.

વૈષ્ણવ કહે છે : 'ચિંતા ન કરો, હું જરૂર આવી જઈશ.'

વૈષ્ણવ સત્સંગમાં ગયો. પાછો આવ્યો ત્યારે રાક્ષસ આવીને ઊભો રહ્યો. 'હવે નિશ્ચિંત મને ખાઈ જા.'

રાક્ષસને નવાઈ લાગી : 'કેમ?' 'હું સત્સંગ કરીને આવ્યો. મારા પ્રભુચરણનાં દર્શન કરીને આવ્યો. વૈષ્ણવોનાં દર્શન કરીને આવ્યો છું.'

'તને મૃત્યુની પણ બીક નથી લાગતી?'

'જે અમૃત મને મારા ગુરુએ પાયું છે, વૈષ્ણવો પાસેથી મને જે પ્રાપ્ત થયું છે, એ મળ્યા પછી હવે મને મૃત્યુની કોઈ બીક નથી. પીડા પણ નથી.'

રાક્ષસ વિચાર કરે છે જે સત્સંગ કર્યા પછી આને મૃત્યુની બીક રહી નથી, એ સત્સંગ કેવો હશે! કહે છે : 'જો ભાઈ, હું તને એક શરતે મારીશ નહિ. તું જે સત્સંગ કરીને આવ્યો છે, એનું ફળ મને આપી દે તો તને જીવતો જવા દઉં.'

વૈષ્ણવ કહે છે : 'તમે મને મારી નાખો. મારા ગુરુની આજ્ઞા છે કે અનધિકારી આગળ ભગવદ્ લીલાની વાત ન થાય. તમે ચાહો તો હમણાં ને હમણાં મને કાચો ને કાચો ખાઈ જાઓ, પણ ભગવદ્ લીલાની વાત હું તમને નહિ કરું.'

'ભલે, આખું નહિ તો અડધું ફળ આપી દો.' રાક્ષસ કરગરે છે. વૈષ્ણવ મક્કમ રહ્યા. તેની આ દઢતા જોઈ રાક્ષસને થયું કે જાણે અજાણે મારા ભાગ્યનો ઉદય થઈ રહ્યો છે. આ વૈષ્ણવ મને મળ્યા છે. પણ જો આ ભગવદ્ રસથી વંચિત રહી ગયો તો મારો ઉધ્ધાર કોઈ જનમમાં થશે નહિ. વૈષ્ણવના ચરણોમાં પડીને કહે છે : 'કંઈ નહિ તો પા ભાગનો રસ તો આપો!' વૈષ્ણવ માનતા નથી. રાક્ષસની આંખમાં આંસુ આવી ગયાં. 'મને રતીભર તો સત્સંગનું ફળ આપો. જરાક ઝલક આપો.'

અને શ્રીગુસાંઈજીનું સ્મરણ કરી વૈષ્ણવે કહ્યું : 'જો, મારા ગુરુની આજ્ઞા થઈ છે. તને સત્સંગનું રતીભર ફળ આપું છું.' એમ કહીને જળ લઈને છોડ્યું ત્યાં તો દિવ્ય વિમાનમાં બેસીને રાક્ષસ બ્રહ્મલોકમાં ગયો. આ સત્સંગનું ફળ છે.

આ સત્સંગ આપણને એમને એમ ન મળે. જ્યારે ગુરુની કૃપા થાય, શ્રીગુસાંઈજી પ્રભુચરણની કૃપા થાય ત્યારે મળે. સત્સંગ શું છે? સત્સંગ એટલે આપણા પ્રભુનો સંયોગ. જ્યારે પણ વૈષ્ણવો સત્સંગ કરતા હોય ત્યારે મધ્યમાં શ્રીનાથજીબાવાનું ચિત્ર પધરાવે. મંડલ મધ્ય બિરાજત ગિરિધર. જ્યાં જ્યાં પણ વૈષ્ણવો સત્સંગ કરે છે ત્યાં ત્યાં આપણા શ્રીનાથજીબાવા નિશ્ચિત રીતે પધારે છે. આપણા ઠાકોરજીની ત્યાં હાજરી હોય જ છે, એમાં કોઈ સંશય નથી. પ્રભુની લીલા સાંભળતા ક્યારેક રોમાંચ થાય, ક્યારેક આંખમાંથી અશ્રુ આવે, આંખોમાંથી પ્રેમધારા વહેવા લાગે, એ પ્રમાણ છે કે અહીં આપણી સાથે આપણા શ્રીઠાકોરજી છે. પ્રભુનો સ્પર્શ આપણને મળે છે માટે આપણી આવી દશા છે.

સત્સંગ એટલે સંયોગ અને જ્યારે પ્રભુથી દૂર ગયા ને તાપ થયો તો તે વિયોગ. જ્યારે જ્યારે પણ વિયોગ થાય ત્યારે પ્રભુ સત્સંગ દ્વારા કૃપા કરે અને વિયોગ દ્વારા પણ કૃપા કરે. ક્યારેક કોઈ કારણસર પ્રભુથી દૂર જવાનું થાય ત્યારે પ્રભુ એટલા યાદ આવે કે પ્રભુ સિવાય રહી ન શકાય. જે જોડે હોય એની કદર આપણને ન હોય. એની કદર ત્યારે જ સમજાય, જ્યારે એનાથી દૂર જવાનું થાય. સાથે હતા તો ખબર નહોતી પડતી કે આ મારે માટે શું છે, પણ જ્યારે બે ઘડીનો પણ વિયોગ થાય ત્યારે ખબર પડે છે કે પ્રભુથી દૂર રહેવું શું છે. પ્રભુ મારે માટે શું છે. પ્રભુ મારું સર્વસ્વ છે એની ખબર તો ત્યારે જ પડે કે જ્યારે એમનાથી દૂર જવાનું થાય. વિયોગ દ્વારા પણ કૃપા થાય અને સંયોગ દ્વારા પણ કૃપા થાય. જ્યારે પ્રભુના વિયોગમાં તડપીએ, પ્રભુ ખૂબ યાદ આવે, ત્યારે માનવું કે આજે મારા ઉપર શ્રીવલ્લભની કૃપા થઈ છે. સત્સંગમાં બેસીને પ્રભુનાં ગુણગાન કરીએ ત્યારે માનવું કે આજે શ્રીગુસાંઈજી પ્રભુચરણ મારા ઉપર વરસ્યા છે. સંયોગનું દાન મને શ્રીગુસાંઈજી આપી રહ્યા છે. કારણકે જ્યારે સત્સંગ કરીએ ત્યારે એનું ગાન અને પાન એકમાત્ર ઠાકોરજી જ કરતા હોય છે. ઠાકોરજી જ સત્સંગ કરાવે છે અને એનું શ્રવણ પણ શ્રીઠાકોરજી જ કરે છે. ઠાકોરજીની વાણીથી જ પ્રગટ થાય અને ઠાકોરજી જ વૈષ્ણવના હૃદયમાં બેસીને શ્રવણ પણ કરે. શ્રીગુસાંઈજી પ્રભુચરણની આ કૃપા કેવી રીતે થાય? તો કહે છે કે આપના ચરણોનો આશ્રય કરવાથી. ચરણચાખડી વંદે રાણોરાણ, સરસ થયા જે હુતા પ્રેત પાષાણ.

જે પથ્થર જેવા હતા તે પણ શ્રીગુસાંઈજીની કૃપાથી પીગળ્યા છે. કેવા કેવા જીવો શરણે આવ્યા છે! કોઈ કસોટી કરવા આવ્યા, કોઈ પરીક્ષા કરવા આવ્યા, કોઈ સામે થયા પણ શ્રીગુસાંઈજીના પ્રમેયબળથી શ્રીગુસાંઈજીના ચરણોમાં ઝૂક્યા. એને થાય કે અરે, મેં કોની સાથે કલહ કર્યો? આ પુરુષોત્તમ સાથે?

ગોપાલદાસજી કહેતા હોય કે શ્રીગુસાંઈજી તો સ્વયં પુરુષોત્તમ છે, ત્યારે આપણને થાય કે ગુરુ સ્વરૂપે પ્રગટ્યા છે, તો પુરુષોત્તમનો ભાવ કેવી રીતે

આવે? જ્યારે આપણે કહીએ કે 'ગુરુ બ્રહ્મ છે' ત્યારે એમ ન માનવું કે એમાં બ્રહ્મની મહત્તા છે. ગુરુની મહત્તા છે, પણ એમ માનવું કે શિષ્યની અંદર રહેલી શ્રધ્ધા, ગુરુ માટેની ભાવના જ ગુરુની અંદરથી પુરુષોત્તમને પ્રગટાવે છે. જ્યારે પ્રહ્લાદજીને હિરણ્યકશ્યપે પૂછ્યું કે તારા ભગવાન ક્યાં છે? આ થાંભલામાં છે? ત્યારે પ્રહલાદજીએ કહ્યું કે હા, મારા ભગવાન આ પથ્થરના થાંભલામાં પણ છે. એ સમયે ભક્તની શ્રધ્ધા હતી, અનન્યતા હતી. જ્યારે ભક્ત અનન્યતાથી કહે છે કે આ પથ્થરના થાંભલામાં પણ મારા ભગવાન છે, તો ભક્તની વાણી સાચી પાડવા ભગવાન એમાંથી પણ પ્રગટ થઈ શકે, તો જે શિષ્યની એવી શ્રધ્ધા હોય કે આ ચેતનવંતા ગુરુની અંદર મારા ભગવાન છે, તો જે ભગવાન પથ્થરના થાંભલામાં પ્રકટી શકે એ ભગવાન શું ચેતનવંતા ગુરુમાં ન પ્રકટી શકે? આપણી અંદર રહેલી એ અનન્યતા પુરુષોત્તમને પ્રગટાવે છે. દઢતા પ્રભુને પ્રગટાવે છે. એટલા માટે તો પ્રાચીન આચાર્યો આજ્ઞા કરતા કે અમુક આચાર્યોને ક્યારેક કોઈ નિયમ હોય તો એ નિયમનો ભંગ કરવાનો પ્રયત્ન ન કરવો. કોઈ આચાર્ય કોઈ વસ્તુ આરોગતા હોય, ન આરોગતા હોય, પણ આપણને આનંદ થાય માટે આપણે એમના નિયમ તોડાવવા પણ પ્રયત્ન કરીએ. પ્રાચીન આચાર્યો આજ્ઞા કરતા કે તમે જે પણ આચાર્યોના શરણે જાઓ, એમના નિયમોને, એમની ગરિમાને જેટલી સાચવશો, એટલું તમારા ઉધ્ધારનું સામર્થ્ય એમનામાં પ્રગટશે. ગોપાલદાસજી પોતાની આ વાત સમજાવવા દૃષ્ટાંત આપે છે.

હતિત પતિતનું જુઓ તમે પ્રગટ એંધાણ,
શેષ સહસ્ર મુખ, ઉચ્ચરે જેનાં વખાણ....૭

કહે છે કે હતિત અને પતિત નામના બે પ્રેત હતા, એમનો ઉધ્ધાર શ્રીગુસાંઈજીએ કર્યો છે. એ બંને પ્રેતનો પ્રભાવ વીસ કોસ સુધી હતો. વીસ કોસના એરિયામાં કોઈ આવી ન શકે. જો કોઈ આવે તો એમને આ બંને રાક્ષસો કાચા ને કાચા ખાઈ જાય. શ્રીગુસાંઈજીએ આ વાત સાંભળી. કહ્યું કે મારે તો આ જ માર્ગે જવું છે. બધા કહે : 'કૃપાનાથ, આ માર્ગે ન પધારો. રસ્તામાં ઉપદ્રવ છે. ત્યાં પ્રેતાત્મા ફરે છે.'

શ્રીગુસાંઈજી કહે : 'એમના માટે તો મારું પ્રાગટ્ય છે.' આપશ્રી પધાર્યા અને એ વિસ્તારમાં જ્યારે મુકામ કરી, સામગ્રી સિધ્ધ કરવા અગ્નિ પ્રકટાવ્યો ત્યારે એ અગ્નિના ધૂમાડા માત્રથી બંને પ્રેતનો ઉધ્ધાર થયો. ૨૫૨ વૈષ્ણવની વાર્તાના આ પ્રસંગનું ઉદાહરણ ગોપાલદાસજીએ અહીં આપ્યું છે. હતિત-પતિતનું જુઓ તમે પ્રગટ એંધાણ. શેષ સહસ્ર મુખ ઉચ્ચરે જેનાં વખાણ. શેષજી પણ હજારો મુખોથી શ્રીગુસાંઈજીના ગુણગાન ગાઈ રહ્યા છે. એમનો પાર કોણ પામી શકે? માટે આઠમી ટૂકમાં કહે છે :

ચૌદ લોકમાં વર્તે જેની આણ,
ત્રાસ તિમિરનું જાણે સકલ વિહાણ...૮

ચૌદ લોકમાં વર્તે જેની આણ. આણ એટલે? આણનો એક અર્થ થાય ટેક. ચૌદે લોકમાં જેમની ટેક પ્રવર્તે છે. ભક્તોના ઉધ્ધાર માટે એમણે જે ટેક લીધી છે, ભલે પછી કેવી પણ વિપત્તિઓ આવે, કેવી પણ કસોટીનો કાળ આવે, શ્રીગુસાંઈજી કદી

પાછા પડતા નથી. આ શ્રીગુસાંઈજીની આણ છે, પ્રતિજ્ઞા છે. કેમ પણ કરીને લીલામાંથી વિખૂટા પડેલા જીવોને પ્રભુની લીલામાં પાછા જોડવા છે. આને કહેવાય આણ. આણ એટલે ખ્યાતિ પણ થાય, આણ એટલે યશ પણ કહેવાય. શ્રીગુસાંઈજીનો યશ ચૌદે લોકમાં ફેલાયેલો છે. કેવો યશ ફેલાયેલો છે? ત્રાસ તિમિરનું જાણે સકલ વિહાણ. અંધકારનો જે આ ત્રાસ છે, એને દૂર કરવાનું સામર્થ્ય કોઈનામાં છે, તો એ શ્રીગુસાંઈજીમાં છે. ચૌદે લોકમાં આપની આટલી આણ કેમ પ્રવર્તે છે? ચૌદે ભુવનના, અખિલ બ્રહ્માંડના નાથ શ્રીનાથજીબાવા છે, એ પણ જેમની પાછળ પાછળ દોડે, એમને શ્રીગુસાંઈજી જે આરોગાવતા હોય તે આરોગે, એ જે ધરાવતા હોય એ ધરે, સ્વયં શ્રીનાથજીબાવા પણ એમને આધીન હોય, પછી બીજાની તો શું વિસાત? ચૌદ ભુવનના નાથ એમને કેવા આધીન છે?

એક વૈષ્ણવે શ્રીનાથજીબાવાને વિનંતી કરી કે એવી કૃપા કરો કે મને આપનાં અને આપના સમગ્ર લીલાપરિકરનાં દર્શન થાય. શ્રીનાથજી કહે છે : 'તને હજી વાર છે.' દુઃખી થઈને એ વૈષ્ણવ ગુસાંઈજી પાસે આવ્યો. કહે છે : 'મહારાજ, શ્રીનાથજીનાં અને તેમના લીલા પરિકરનાં દર્શન કરવાનો મનોરથ છે, પણ શ્રીનાથજીબાવા ના પાડે છે.'

શ્રીગુસાંઈજીએ તેને કહ્યું : 'શ્રીનાથજીબાવા તો બાળક છે. એમને ખબર ન પડે. તું વ્રજના અમુક સ્થાનમાં જા. ત્યાં તને દર્શન થશે.'

એ વૈષ્ણવ ત્યાં ગયો. શ્રીનાથજી બાવાએ તેને પોતાના લીલા પરિકર સાથે દર્શન આપ્યા. આ બતાવે છે કે શ્રીનાથજીબાવા પણ શ્રીગુસાંઈજીને વશ છે.

એકવાર કુંભનદાસજી શ્રીનાથજીબાવા સાથે ખેલતા હતા. જ્યાં મંદિરમાં શંખનાદ થયો કે કુંભનદાસજી શ્રીનાથજીને છોડીને મંદિર તરફ ભાગ્યા.

શ્રીનાથજી કહે : 'કુંભનદાસ, ઊભો રહે. તું ત્યાં કોના દર્શન માટે જાય છે?'

'મહારાજ, આપનાં દર્શન માટે.'

'હું ક્યાં છું?'

'મારી સામે.'

'તો પછી તું મને છોડીને ક્યાં ભાગે છે?'

'કૃપાનાથ, હું આપને અને આપના સ્વભાવને બહુ જાણું છું. આપ તો બહુ ચંચળ છો. આજે અહીં દર્શન આપવા પધાર્યા, કાલે ન પધારો તો આપને ગોતવા ક્યાં જાઉં? ત્યાં તો આપ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની આડીથી બિરાજો છો, એટલે ત્યાંથી પ્રભુ આપ ક્યાંય ન જઈ શકો. ત્યાં નિત્ય બિરાજો છો.' માટે કહ્યું : ચૌદ ભુવનમાં વર્તે જેની આણ.

જ્યારે પણ શ્રીગુસાંઈજીના મુખમાંથી કોઈ વચન નીકળે, આજ્ઞા નીકળે ત્યારે એનું પાલન કરવા માટે સ્વયં શ્રીનાથજી પણ તત્પર રહે છે.

જ્યારે રસખાનજી શ્રીનાથજીનાં દર્શન માટે અતિ વ્યાકુળ થયા હતા, મંદિરની સામે બેસી ગયા હતા - પ્રભુનાં દર્શન નહિ થાય ત્યાં સુધી અહીંથી હટવાનો નથી. બે દિવસ થયા, ત્રણ દિવસ થયા, ભૂખ્યા તરસ્યા બેઠા હતા ત્યારે શ્રીનાથજીને

ચિંતા થઈ કે આ મારાં દર્શન માટે બેસી રહ્યો છે. ક્યાંક મરી ન જાય. આવું વિચારી રસખાનજી પાસે જે વસ્ત્ર શૃંગારનાં પોતાનાં ચિત્રજી હતા તેવાં વસ્ત્ર-શૃંગાર પોતે ધારણ કર્યાં. ગિરિરાજજીની ઉપર આવી વેણુનાદ કર્યો. જ્યાં વેણુનાદ કર્યો ત્યાં દર્શન કરીને રસખાનજી બોલી ઊઠ્યા : મુઝે મેરા ખુદા મીલ ગયા, પ્રભુ મીલ ગયા. દોડતા દોડતા શ્રીનાથજીને પકડવા ગયા. ત્યાં શ્રીનાથજી અંતર્ધ્યાન થઈ ગયા. સીધા ગોકુળમાં શ્રીગુસાંઈજી પાસે પધાર્યા. શ્રીગુસાંઈજી પોઢ્યા હતા. એમના મસ્તક ઉપર હાથ ફેરવીને જગાવ્યા. 'અરે બાવા, આ સમયે આપ અહીં કેમ પધાર્યા?'

'એક બહુ જરૂરી કામ આવી ગયું.'

'શું?'

'પેલો રસખાન, મારાં દર્શન માટે ખાધા-પીધા વગર ત્રણ ત્રણ દિવસથી બેઠો છે. એ ભૂખ્યો-તરસ્યો મરી ન જાય એની ચિંતા મને થાય છે. એટલા માટે હું આવ્યો છું. એના પ્રાણ ટકી રહે માટે મેં એને દર્શન તો આપ્યાં, પણ એ મને પકડવા આવ્યો એટલે હું ભાગીને આપની પાસે આવી ગયો છું.'

'કૃપાનાથ, આપને એ જીવની આટલી ચિંતા-ફિકર છે, એને દર્શન આપવા માટે પણ પધાર્યા, તો પછી જ્યારે એ આપને પકડવા આવ્યો તો ભાગી કેમ આવ્યા?'

'હું તો આપના દ્વારા વચને બંધાયો છું, માટે ભાગી આવ્યો. આપ જે જીવને બ્રહ્મસંબંધ આપશો, જે જીવને આપ મારી સન્મુખ કરશો એને જ હું મારા શ્રીઅંગની સેવા સોંપીશ. આ વચનને નિભાવવા હું ત્યાંથી અંતર્ધ્યાન થયો છું.' આમ કહી પ્રભુ પાછા પધાર્યા.

સવારે શ્રીગુસાંઈજી પધાર્યા. રસખાનજીને નામ-નિવેદન કરાવ્યું. પછી રસખાનજી શ્રીનાથજી પાસે ગયા તો શ્રીનાથજી હાથ પકડી રસખાનજીને પોતાની સાથે ખેલવા માટે લઈ ગયા.

આમ આપણા શ્રીનાથજીબાવા શ્રીગુસાંઈજીને આધીન છે. તેઓ કહે તેમ કરે છે. શ્રીગુસાંઈજીના મનના મનોરથ પૂર્ણ કરે છે. કેવો પ્રેમ હશે કે શ્રીગુસાંઈજીનો જન્મદિવસ શ્રીનાથજીબાવાએ સ્વયં ઉજવ્યો. જલેબી સિધ્ધ કરાવી છે. માટે તો જલેબી ઉત્સવ કહેવાયો. તેથી કહ્યું ચૌદ લોકમાં વર્તે જેની આણ.

આગળ કહે છે :

અધર્મ સકલનું પેરે પેરે કીધું વિત્રાણ,
ધર્મ સકલનું પ્રભુજીએ કીધું ત્રાણ...૯

અધર્મ સકલ – જે જે પણ અધર્મો પ્રવર્તિત થતા હતા, જે જે કુરિવાજો હતા, એને શ્રીગુસાંઈજીએ નિર્મૂલ કરી શુધ્ધ ધર્મ આપણને બતાવ્યો. શુધ્ધ ધર્મ સ્થાપિત કરી આપણને તેનું આચરણ કરવા આપ્યો. આ વાત આ ટૂંકમાં કહી આગળ કહે છે.

સન્મુખ કીધા જે હતા ભ્રષ્ટ અજાણ,
નિર્ભય કીધા, શિર પર ધરી નિજ પાણ...૧૦

શ્રીગુસાંઈજીએ એવા જીવો, જે પ્રભુના સ્વરૂપને જાણતા ન હતા, જે પ્રભુથી વિમુખ હતા એવા જીવોને પ્રભુની સન્મુખ કર્યા. સેવામાં એક હોય સન્મુખતા, બીજી હોય સેવા અને ત્રીજી હોય સેવ્યની પ્રસન્નતા. ત્રણ વસ્તુ જોઈએ. એક તો સન્મુખ

રહેવું, બીજી ટહેલ કરવી અને ત્રીજી વસ્તુ એ કે ટહેલ કર્યા પછી પ્રભુની પ્રસન્નતા મળી કે નહિ, એ સૌથી મહત્વની વસ્તુ છે. આપણને કદાચ સન્મુખતા મળે, ભાગ્યથી એની સેવા પણ મળે, પણ પ્રસન્નતા મેળવી ન શક્યા તો માનવું કે આપણે કશું પ્રાપ્ત કર્યું નથી. ઠાકોરજીની સેવા કરો અને એ કરતાં કરતાં એમની પ્રસન્નતા મેળવો, પછી સન્મુખતા હોય કે ન હોય, સેવા કરીએ કે ન કરીએ, આપણને જોઈને પણ પ્રભુને આનંદ આવે ત્યારે માનવું કે આપણે પ્રભુની પ્રસન્નતા મેળવી છે. આ પ્રસન્નતા મેળવવી એ સૌથી મોટી વસ્તુ છે. સન્મુખ કીધા જે હતા ભ્રષ્ટ અજાણ.

શ્રીગુસાંઈજીએ જીવોને સન્મુખ કર્યા. કહે છે કે તને હું નદીને કિનારે લાવીને મૂકી તો દઉં, હવે જલ પીવાનું કામ તો તારું છે ને? તને પ્રભુને સન્મુખ કર્યો, હવે તારા પ્રેમથી તારા સ્વામીને રીઝાવ. એ જ આ ભક્તિમાર્ગની ગતિ છે, સફળતા છે.

કહે છે : નિર્ભય કીધા શિર પર ધરી નિજ પાણ. જે જીવો આ સંસારના ભયથી ત્રસ્ત હતા, એના મસ્તક પર પોતાનો શ્રીહસ્ત પધરાવી એમને નિર્ભય કર્યા.

નિગમ તત્ત્વરસ-યશભર્યાં અમૃત સંધાન
રૂપ સુંદરતા શું કહું? નહિ કો એ સમાન...૧૧
કૃપા કરી હરિ રાખી બહુ વિધ કાન,
સેવક જનને રાખી લ્યો એ લ્હાણ...૧૨

અહીં ગોપાલદાસજી કહે છે કે વેદોનો બધો સાર મંથન કરી સરલ અને ઉત્તમ એવો પુષ્ટિમાર્ગ આપ્યો કે એને જીવનમાં અપનાવીને, એનું આચરણ કરીને પ્રભુથી વિમુખ થયેલો પતિત જીવ પણ પ્રભુને પ્રિય બને છે. કોઈ જીવ વૈષ્ણવ બની જાય અને પોતાની ઓળખ વૈષ્ણવ તરીકે આપે, પછી પ્રભુ એની જાત-પાત કાંઈ ન પૂછે. વૈષ્ણવ થઈ ગયો, પ્રભુનો થઈ ગયો, પછી એના બધા દોષો નિર્મૂળ થાય અને એ ઠાકોરજીનો કહેવાય. માટે કહ્યું નિગમ તત્વ રસ યશભર્યા અમૃત સંધાન. રૂપ સુંદરતા શું કહું, નહિ કો એ સમાન. શ્રીગુસાંઈજી પ્રભુચરણના સ્વરૂપની વાત હું શું કરું? આપના સ્વરૂપને જો કોઈની ઉપમા આપવી હોય તો કોની અપાય? કારણકે આપના જેવું કોઈ છે જ નહિ. જેના સમાન કોઈ હોય એને એની ઉપમા અપાય, પણ એના સમાન કોઈ હોય જ નહિ, તો કોની ઉપમા અપાય?

આ પુષ્ટિમાર્ગમાં શ્રીગુસાંઈજી જ્યારે કોઈ જીવને શ્રીઠાકોરજીની સેવામાં યોજવાનો સંકલ્પ કરે તો કેટલીક વસ્તુ એની પાસેથી લઈને પણ કરે અને કેટલીક વસ્તુ આપીને પણ કરે. ઘણીવાર આપણને થાય કે પ્રભુ આમ કેમ કરે છે? આવું કેમ કર્યું? પુષ્ટિમાર્ગ એવો છે કે જ્યારે તમે શ્રીઠાકોરજીના ચરણોમાં સમર્પિત થયા, એટલે તમે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની રેન્જમાં આવી ગયા. હવે તમે ક્યાંય જાઓ છો તો એની ચિંતા તમને નથી. શ્રીવલ્લભ અને વિઠ્ઠલને છે. આ જીવને મેં ઠાકોરજીના ચરણોમાં સોંપ્યો છે, એ હવે પ્રભુના ચરણોથી ભટકવો ન જોઈએ. ઘણીવાર એવું બને કે આપણે કોઈ લૌકિક કાર્ય માટે ગયાં છીએ અને ત્યાં પણ કોઈ વૈષ્ણવ મળી ગયા. અનાયાસ ભગવદ્વાર્તા થઈ ગઈ. આ શું છે? આ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કૃપાદૃષ્ટિ આપણા ઉપર છે. ચાહે છે કે આ જીવ ભટકે નહિ. આ જીવ મારાથી દૂર ન

થાય. એવા એવા પ્રસંગો ઉપસ્થિત કરે કે યેનકેન પ્રકારેણ, ઈચ્છાએ કે અનિચ્છાએ આપણે ભગવદ્‌વાર્તા કે સત્સંગ માટે પહોંચી જઈએ. એ શું છે? એ આપની કૃપા છે. એટલા માટે અહીં ગોપાલદાસજી વિનતી કરે છે કે કૃપા કરી હરિ રાખી બહુ વિધ કાન, સેવક જનને રાખી લ્યો એ લ્હાણ.

ગોપાલદાસજી હાથ જોડીને વિનંતી કરે છે : ‘કૃપાનાથ, હવે કૃપા કરી આપની અંતરંગ લીલાનાં મને દર્શન કરાવો. આપની નિજગૃહની લીલાનાં દર્શન કરાવો.’ પહેલાં પણ વિનંતી કરી હતી કે કરો કૃપા હું કરું વિનંતી, પોતાનો કરી જાણો, એ વિનંતી કરતી વખતે શ્રીગુસાંઈજીએ દિવ્ય દૃષ્ટિ આપી, આ સૃષ્ટિનું પ્રાગટ્ય, બ્રહ્માંડની ઉત્પત્તિ, આસુરી અને દૈવી સૃષ્ટિનું પ્રાકટ્ય વગેરેની વાત કરી. પછી છઠ્ઠા આખ્યાનમાં વિનંતી કરી : તે પદ ક્યારે દેખીશું જે ગોધન પૂંઠે ધાયજી. પ્રભુ, આપ છો તો નંદનંદન પણ અહીં આચાર્ય સ્વરૂપે બિરાજો છો, છતાં આપની વ્રજલીલાનાં દર્શન મને કરાવો. પ્રભુએ કૃપા કરી એ લીલાનાં દર્શન કરાવ્યાં.

હવે વિનંતી કરે છે કે કૃપાનાથ, આપ જે લીલા વ્રજની અંદર કરો છો, એ જ લીલા નિજ ગૃહની અંદર પણ કરો છો. આચાર્ય સ્વરૂપે જે પ્રભુ પધાર્યા છે એમની લીલાનાં દર્શન કરવાં છે. આ વિનંતી કરી છે માટે આપણે વિનંતીનું એક ધોળ સાંભળી લઈએ. જેથી આપણા ઉપર કૃપા ઉતરે, એમની ચરણરજ મળે તો આપણે આ ભક્તિમાર્ગમાં આગળ વધી શકીએ.

શિર પર ધરું રે હું તો શિર પર ધરું,
મારા ગુરુની ચરણરજ મારા શિર પર ધરું.
વેદ પુરાણ એનો મહિમા બતાવે રે,
સમજ્યા પછી શીદને જ્યાં ત્યાં ફરું... મારા ગુરુની.
જ્યારથી રે જાણ્યો એના રજના પ્રતાપને રે,
ત્યારથી લલાટે એનું તિલક કરું... મારા ગુરુની.
રજના કારણિયે હું તો રાખું એ વિભાવના રે,
ગુરુજીના ચરણોમાં જીવું કે મરું... મારા ગુરુની.

રજનો પ્રતાપ કેવો છે? જેના સ્પર્શ માત્રથી પાષાણોનો, ભૂતપ્રેતોનો ઉદ્ધાર થઈ જાય. શ્રીગુસાંઈજીના ચરણની રજ તો સાક્ષાત્ સ્વામિનીજીના ચરણની રજ છે, એ રજ ઊડીને આપણા દેહના જે ભાગમાં લાગે એ ભાગ શ્રીસ્વામિનીજીથી ભાવિત થઈ જાય. જ્યારે એ રજ ઉડીને આપણા મસ્તક ઉપર લાગે તો આપણા કેશ શ્રીસ્વામિનીજીના કેશ જેવા થઈ જાય. આપણાં નેત્રો ઉપર પડે તો એ સ્વામિનીજી ભાવ પરક થઈ જાય. મુખ પર પડે તો મુખ સ્વામિનીજીથી આવિષ્ટ થઈ જાય. આ ચરણરજ એવી છે, જે નવીન સ્વરૂપનું નિર્માણ કરે છે.

ગોપાલદાસજીએ બારમી કડી ગાઈને સંકેતમાં શ્રીગુસાંઈજીને વિનંતી કરી. આ વલ્લભાખ્યાનની વાણી એવી છે કે જે ફક્ત બે જ જણ સમજે છે. ગોપાલદાસજી અને શ્રીગુસાંઈજી. બારમી કડીમાં તેમણે ગાયું કે કૃપા કરી હરિ રાખી બહુ વિધ કાન, સેવક જનને રાખી લ્યો એ લ્હાણ. કહે છે કે હે પ્રભુ, આપે પોતાની આણ, પોતાના સંકલ્પો, પોતાની પ્રતિજ્ઞા સારસ્વત કલ્પમાં તો નિભાવી પણ પ્રભુ આ કલ્પમાં પણ આપ નિભાવી રહ્યા છો. જે લીલા આપે સારસ્વત કલ્પમાં કરી એ લીલા આજે પણ આપના ગૃહની અંદર થઈ રહી છે. કૃપા કરી પ્રભુએ

સારસ્વત કલ્પમાં એવી લીલા કરી કારણકે એ સમયમાં એવા જીવો, એવા ભક્તો હતા. એ સમયે એવા અનુભવ હતા પણ એ જ કૃષ્ણ જો આ કલિકાલની અંદર પ્રગટે તો આજના વ્રજભક્તો અલગ છે. હવે જો એ જ કૃષ્ણ આજે આવે તો આપણામાંથી કોઈ અપનાવે કે ન અપનાવે.

એક વાર્તાકારે એક પ્રસંગ લખ્યો છે. એક વૈષ્ણવે ઠાકોરજી તો અમારા સખા છે, અમારા સર્વસ્વ છે, એમ વિચારી પોતાના પ્રભુને મળવા માટે વ્રજમાં જવાનું વિચાર્યું. પ્રભુને પત્ર લખ્યો. 'પ્રભુ, હું આપને મળવા માગું છું.' પ્રભુ કહે : 'આવી જા. હું વ્રજમાં જતિપુરામાં રહું છું. ગિરિરાજજી ઉપર.' વૈષ્ણવે વિચાર્યું કે પર્વત ઉપર કોઈ સુંદર હીલ સ્ટેશન હશે. ત્યાં ઉપર મારા પ્રભુ રહેતા હશે. થોડા દિવસ હું પણ રહીશ. આમ વિચારી એ વ્રજમાં આવ્યો. કોઈકે કહ્યું : આ મિત્રને મળવા જવું હોય તો ઉપર ચંપલ પહેરીને નહિ જવાય. હવે આને ચંપલ વગર ફાવે નહિ. પ્રભુ કહે : 'એમ કર, તું મારા ઘરમાં આવ.' 'તમારા ઘરમાં શા માટે આવું?' 'ભોજન કરવા માટે.'

'પ્રભુ, શું ભોજન કરાવશો?'

'મને ભાવતી બધુ વસ્તુ તને જમાડીશ.'

'આપને શું ભાવે છે?'

'મને બેજરની રોટી, ટેંટીનું શાક અને સંધાણું ભાવે છે.'

આ સાંભળી મુંબઈના વૈષ્ણવનું મોઢું બગડી ગયું. એને તો ચોપાટી યાદ આવી. કહે છે : 'પ્રભુ, આપને મળવા તો માગીએ છીએ પણ અમને ભાવે એવી વસ્તુ હોય તો આવીએ. અમને ગમે એવું સ્થાન હોય, જગ્યા હોય તો અમે તો આવીએ.'

'કેમ?'

'કારણકે પ્રભુ તમારી આ લીલા છે સારસ્વત કલ્પની અને અમે વૈષ્ણવો છીએ આ કલિકાલના.' જો એ જ પ્રભુ એમને એમ જ આવી જાય તો કદાચ અમે એમને અનુરૂપ ન થઈ શકીએ કે આપણી વ્યવસ્થા એમને અનુરૂપ ન થાય. આપણા શોખ કંઈક વધારે પડતા છે. પ્રભુના શોખ કંઈક અલગ છે. એમને કંઈક ગમે છે અને આપણને ગમે છે કંઈક અલગ. આપણે વ્રજમાં જઈએ. પ્રભુને કહીએ ક્યાં લઈ જશો? તો કહેશે ચાલો મારી સાથે વનમાં ગાયો ચરાવવા માટે. હવે પ્રભુ સાથે જવું છે તો ગાયો ચરાવવા પણ જવું પડે. પણ આપણને એ ન ગમ્યું અને ખાલી હાથે પાછા આવી ગયા.

ગોપાલદાસજી પણ કહે છે કે પ્રભુ આપે સારસ્વત કલ્પમાં જે લીલા કરી એ તો સમજમાં આવી ગઈ. આપ પ્રગટ્યા છો આ કલિકાલમાં. આ સમયના લોકોની પ્રકૃતિ અલગ, પ્રવૃત્તિ અલગ, સ્વભાવ અલગ, એમનો જીવન જીવવાનો ઢંગ અલગ. તો એ જીવોને સન્મુખ કરવા માટે આપ જ્યારે આચાર્ય સ્વરૂપે, શ્રીગુસાંઈજી સ્વરૂપે પધાર્યા અને જીવોને સન્મુખ કરવા માટે આપ જે લીલા કરી રહ્યા છો, એ લીલાનાં દર્શન મને કરાવો.

આવી વિનંતી કરી એટલે શ્રીગુસાંઈજીએ એમને અનુભવ કરાવ્યો. જ્યારે એ અનુભવ કરાવ્યો ત્યારે ગોપાલદાસજીના હૃદયમાં એટલો આનંદ થયો કે તેરમી પંક્તિથી આ આખ્યાનનો ઢાળ બદલાઈ ગયો. નવી દૃષ્ટિ મળી, લીલાનાં દર્શન થવા લાગ્યાં. માહાત્મ્યનો અનુભવ થવા લાગ્યો. એટલે આ

આખ્યાનમાં મોડ આવ્યો. આનંદનો સાગર ઉછળવા લાગ્યો. ક્યારેક નેત્રથી અનુભવ થાય તો આનંદ નેત્રમાંથી છલકાય છે. એવા આનંદમાં આવી ગયા કે ગોપાલદાસજી ઊભા થઈ ગયા અને હાથ ઊંચા કરીને કહેતા હોય તેમ ગાવા લાગ્યા.

એવા તે ગુણનિધિ નાથ ગાતાં
બ્રહ્મહત્યાદિક અઘ ટળે.
લીલા તે લહરી સિંધુ ઝીલે
રાસ રસિકને જઈ મળે...૧૩

ગોપાલદાસજી વર્તી ગયા કે હવે શ્રીગુસાંઈજીની કૃપા મારા ઉપર થઈ ચૂકી છે. કૃપા કરી મને રાસનો અનુભવ કરાવી રહ્યા છે. મારા સ્વામી, મારા નાથ એવા છે કે એમનું નામ જો કોઈ લે તો એના બ્રહ્મહત્યા જેવા પાપ પણ એમનું નામ લેવા માત્રથી ટળી જાય છે. એવું મારા પ્રભુનું નામ છે. સમગ્ર ઈચ્છિત કામના પૂર્ણ કરનારા મારા સ્વામી છે.

જેમ નદીના કિનારે, નદીના જળમાં પગ બોળીને કોઈ બેઠો હોય અને અચાનક નદીમાં મોટું પૂર આવે, તો એ વ્યક્તિ નદીના પૂરમાં તણાતો તણાતો ક્યાંય ચાલ્યો જાય. એવું જ થયું કે હમણાં સુધી નદીના કિનારે બેઠા હતા, શ્રીગુસાંઈજીનાં ગુણગાન ગાતા હતા, જ્યાં ગુસાંઈજીની કૃપાવૃષ્ટિ થઈ અને એ સરિતામાં એવું પૂર આવ્યું કે નદી સાગરને મળવા ઉતાવળી થઈ ગઈ. સાગરમાં એવી લહેર આવી કે ગોપાલદાસજી શ્રીગુસાંઈજીના તટ ઉપર બેઠા બેઠા પોતાની કીર્તન રૂપી, પોતાના ગાન રૂપી સરિતાનો આનંદ લેતા હતા, પણ એમાં શ્રીગુસાંઈજીની કૃપાનું એવું પૂર આવ્યું કે, હવે એ વહેતા વહેતા રસસાગરને મળવા જઈ રહ્યા છે. જેમ સરિતા સાગરને મળવા માટે જાય એમ ગોપાલદાસજી પણ કૃપાના ધોધમાં વહેતા વહેતા રસસાગર તરફ જઈ રહ્યા છે. કેવી મસ્તી તેઓ અનુભવી રહ્યા છે! લીલા તે લહેરી સિંધુ ઝીલે – જાણે એ લહેરમાં પોતે ઉછળતા ઉછળતા લીલા રસસાગરને મળવા જઈ રહ્યા છે અને આનંદની પરાકાષ્ઠાનો અનુભવ કરી રહ્યા છે. કહે છે : રાસરસિકને જઈ મળે.

'પ્રકર્ષતિ ઈતિ પ્રવાહ' વિના પ્રયત્ને ખેંચીને લઈ જાય એ પ્રવાહ. તળાવમાં પડો તો હાથપગ હલાવવા પડે પણ હરદ્વાર જાઓ અને ગંગામાં પડો તો ત્યાં એવો પ્રવાહ હોય કે આપણું કંઈ ન ચાલે, પ્રવાહ જ્યાં લઈ જાય ત્યાં જવું પડે, એમ આ સરિતાની અંદર જે પહેલાં કોમળ હતી, ધીમે ધીમે ગાતાં હતાં, ધીમે ધીમે બોલતા હતા, જ્યાં ગુસાંઈજીને વિનંતી કરી કે કૃપાનું એવું પૂર આવ્યું કે જાણે પ્રયત્ન કરવા છતાં કિનારે રહી ન શક્યા, પ્રવાહમાં વહેતા વહેતા, જાણે સરિતા સિંધુને મળવા જઈ રહી હોય, એમ આ કૃપારૂપી સરિતા ગોપાલદાસજીને લઈ જઈ રહી છે.

કહે છે કે રાસરસિકને જઈ મળે. રાસરસિક એટલે શું? રાસરસિક એટલે જેણે આટલી લીલા કરી. દાનલીલા, માનલીલા, હિંડોળાલીલા, ગૌચારણલીલા, હોરીખેલલીલા, બાલલીલા- આ છ રસિકલીલાઓ છે. આ છ લીલાઓ જે કરે તેને રાસરસિક કહેવાય. દાનલીલા પણ રાસમાં આવી જાય. બધા આચાર્યોએ પરમ લીલા કોને માની છે? રાસલીલાને. પણ શ્રીગુસાંઈજી, શ્રીહરિરાયજી

વગેરેએ રાસલીલા કરતાં ઉત્તમ લીલા હોળીખેલ અને દાનલીલાને માની છે. આ લીલા એ શુધ્ધ પુષ્ટિલીલા છે. રાસલીલામાં તો ગોપીઓ અંધારી રાતે પ્રભુને ગોતતી ગોતતી ઘરમાંથી ભગવાન પાસે આવી. જ્યારે દાનલીલા અને હોળીલીલામાં ભગવાન સ્વયં ગોતતા ગોતતા ગોપીઓ પાસે આવે. રાસલીલામાં ગોપીઓને જરાક સૌભાગ્યમદ આવ્યો, તે પણ ભગવાનથી સહન ન થયો. ભગવાન અંતર્ધાન થયા. એ જ ભગવાન હોળીમાં અને દાનમાં પોતે ગોપીઓ પાસે પધારે છે. ગોપીઓ ભગવાનને ગાળો આપે છે, એ પણ ભગવાનને બહુ મીઠી લીગે છે. દો ટકાકી કામરી તામે ઈતનો ગુમાન! - બે ટકાની કામળી લઈને ફરો છો, અને આટલું અભિમાન શેનું છે? આવી ભાષા અને આવા શબ્દો ગોપીઓ કહે છે. તો રાસમાં અને હોળીખેલમાં શું ફરક? રાસમાં ભગવાન ગોપીઓની મધ્યમાંથી અંતર્ધાન થાય અને હોળીમાં ને દાનમાં ગોપીઓ જ્યાં સંતાઈ હોય ત્યાં સામે પ્રગટ થાય. એવા એવા રસ્તે ગોપીઓ જાય કે જ્યાં ભગવાન કદી જતા ન હોય. એમનાથી બચીને નીકળે. પાછલી ગલીઓમાંથી જાય, તોયે સામે પ્રગટ થઈ જાય. કારણકે આ શુધ્ધ પુષ્ટિલીલા છે, જેમાં ભગવાન ભક્તોને ગોતતા ગોતતા આવે છે. માટે કહ્યું : લીલા તે લહરી સિંધુ ઝીલે, રાસરસિકને જઈ મળે.

ગોપાલદાસજી આગળની કડીમાં શ્રીગુસાંઈજીનાં ગુણગાન ગાતાં કહે છે :

નિઃસાધન જન હિત કરવા,
શ્રીનાથ વિઠ્ઠલ આવિયા,
વ્રજમાં તે હીંડે મલપતા તે,
વ્રજસખી મન ભાવિયા..૧૪

જ્યાં ગોપાલદાસજીને શ્રીગુસાંઈજીની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત થઈ કે સૌથી પહેલાં એ રાસલીલાયુક્ત પ્રભુનાં દર્શન થયાં. વિચાર કર્યો કે ગુસાંઈજી પ્રભુચરણ ભૂતલમાં કેમ પધાર્યા હશે? નિઃસાધન જન હિત કરવા. એ જ શ્યામસુંદર - એ જ કૃષ્ણ કલિકાલમાં પ્રગટે છે તો કેમ પ્રગટે છે, કોના માટે પ્રાગટ્ય લે છે? તો કહે છે કે શ્રીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી પ્રગટ્યા છે. અહીં એક અર્થ એવો કર્યો કે શ્રી એટલે શ્રી રુકિમણીજી અને પદ્માવતીજી, એમના નાથ એટલે શ્રીવિઠ્ઠલનાથજી આવ્યા. અહીં કલિકાલમાં જે પ્રભુ પ્રગટ્યા છે, જે ભગવદ્લીલા કરે છે, એની વાત કરે છે માટે શ્રીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી પ્રગટ્યા એવો અર્થ પણ થાય.

અહીં કહ્યું કે શ્રીગુસાંઈજી નિઃસાધન જીવો ઉપર કૃપા કરવા પધાર્યા. નિઃસાધન કોણ કે જે કોઈ સાધન કરી શકતા નથી, એવું નથી, પણ નિઃસાધન એટલે એવા જીવો જેમને શ્રીગુસાંઈજી સિવાય બીજા કોઈનો આશ્રય નથી. બીજો કોઈ આધાર નથી. જે શ્રીગુસાંઈજી સિવાય બીજા કોઈને જાણતા નથી. એ જીવ પણ નિઃસાધન કહેવાય કે જે સંપૂર્ણ રીતે શ્રીગુસાંઈજી ઉપર આશ્રિત હોય. એવા જીવો ઉપર કૃપા કરવા માટે, એમના મનોરથ પૂર્ણ કરવા માટે શ્રીગુસાંઈજી અને શ્રીનાથજીબાવા ભૂતલ ઉપર પ્રગટ્યા છે, એવો અર્થ પણ લઈ શકાય.

વ્રજમાં તે હીંડે મલપતા તે વ્રજસખી મન ભાવિયા. શ્રીગુસાંઈજી ભલે ઘરની અંદર ફરી રહ્યા

છે અને જે જે ભક્તો છે, કોઈ નાગજીભાઈ સ્વરૂપે છે, કોઈ છીતસ્વામી સ્વરૂપે છે, કોઈ ગોવિંદસ્વામી છે, એ બધામાં પણ ગોપાલદાસજીને ભગવદ્ લીલાત્મક સખીભાવે દર્શન થયાં છે. શ્રીગુસાંઈજીના જેટલા પણ સેવકો છે, એમની અંદર પણ એવાં દર્શન થાય છે કે આ સર્વ સખીજનો છે, જેમની સાથે શ્રીઠાકોરજીએ રાસ કર્યો હતો. શ્રીગુસાંઈજીએ જ્યારે એ વૈષ્ણવો ઉપર દૃષ્ટિ કરી ત્યારે એ દૃષ્ટિમાત્રથી વૈષ્ણવોનાં મન એવાં મોહી લીધાં કે હવે એમને શ્રીગુસાંઈજી સિવાય કાંઈ ગમતું નથી.

મન એ દેહનો રાજા છે. આપણા બધાંનો કોઈ ખજાનો છે તો મન છે. શ્રીગુસાંઈજી શું કરે છે? જ્યારે પોતાના વૈષ્ણવો ઉપર દૃષ્ટિ કરે છે, દૃષ્ટિમાત્રથી એમનું મન હરી લે છે. મન હરી લે ત્યારે શું થાય? તમે ઘરમાં બધાં બેઠાં હો અને અચાનક કોઈ આવે, ઘરમાં પડેલી કોઈ કીમતી વસ્તુ ઉઠાવીને જતો રહે, તો બધા લોકો શું કરે? બધા લોકો જે કોઈ કામ કરતાં હોય એ મૂકીને પેલા ચોરની પાછળ ભાગે. પકડો, પકડો, ચોરને પકડો, કહેતાં ચોરની પાછળ પડે, એમ શ્રીગુસાંઈજીએ જ્યાં એ વૈષ્ણવોના ઉપર દૃષ્ટિ કરી, દૃષ્ટિમાત્રથી એમનું મન હરી લીધું. મન હરી લીધું, મનના કીમતી ખજાનાને હરી લીધો, મન ચોરાયું એટલે આપણી બુદ્ધિ વિચારે કે મન કોણે ચોર્યું? એની પાછળ જાઓ. ઈન્દ્રિયો એની પાછળ દોડે. એમ આ મન, ઈન્દ્રિયો બધાં શ્રીગુસાંઈજીને ગોતતા ગોતતાં એમના સ્વરૂપમાં સ્થિર થઈ ગયાં. જે દર્શન કરે એ એમનામાં સ્થિર થઈ જાય. આવાં દર્શન કરી ગોપાલદાસજી ગાય છે કે વ્રજમાં તે હીંડે મલપતાં તે વ્રજસખી મન ભાવિયા. ભલે પ્રભુ આપ અહીં ગોકુલમાં વિચરણ કરી રહ્યા છો પણ આપ એ સારસ્વતકલ્પના છો, એ સમયે વ્રજમાં જેમ પ્રભુએ વિચરણ કર્યું એમ આજે આપ કરી રહ્યા છો. તે સમયે જેમ આપે વ્રજભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા, બરાબર એ જ રીતે આજે આપ ભક્તોના મનોરથ પૂર્ણ કરી રહ્યા છો.

શ્રીગુસાંઈજી પોતાના દર્શન માત્રથી એ જીવના હૃદયમાં ભાવ જગાવે છે, પછી એ ભાવની પુષ્ટિ અને વર્ધન કેવી રીતે કરે છે? ગોપાલદાસજીને આજે બધી સૂક્ષ્મ વસ્તુઓની ખબર પડી રહી છે, કારણ? દૃષ્ટિ તો શ્રીગુસાંઈજીએ જ આપી છે. આ દૃષ્ટિ મળ્યા પછી ગોપાલદાસજીને એવો પ્રેમ થયો છે, એવો સખીભાવ જાગી રહ્યો છે, જેમ ગોપીગીતમાં ગોપીઓ શ્રીઠાકોરજીનાં નેત્રો, નેત્રના કટાક્ષો વગેરેનું વર્ણન કરે છે તે રીતે એ જ સખીભાવે શ્રી ગોપાલદાસજી કહી રહ્યા છે :

કમલ નેણે ને અમૃત વેણે,
વાક્ય માધુરી રેડતા,
વેદ ધ્વનિ મિષ હસ્ત ચલણે
શોભે સૌને તેડતા....૧૫

જ્યારે વૈષ્ણવો શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા આવે ત્યારે જે લીલા શ્રીઠાકોરજીએ તે સમયે કરી હતી તે જ લીલા આજે ગોપાલદાસજીને દેખાઈ રહી છે. ચાહે તેનાં પાત્રો બદલાઈ ગયા છે, આકાર અને રૂપ અને સ્થાન બદલાઈ ગયાં છે, પણ લીલા તો એ જ ચાલી રહી છે. કેવી રીતે? શ્રીગુસાંઈજી દર્શન કરવા આવેલા વૈષ્ણવોનું મન દર્શન માત્રથી હરી લે છે. મન હરી લીધું, એમની કૃપા ઉતરી એટલે એનો અર્થ એ કે હૃદયકમળ

ખીલ્યું. હૃદયકમળ ખીલ્યું એટલે અંદર છુપાયેલું બીજ ખીલ્યું.

બીજ પ્રગટ્યું તો ખરું પણ બીજ વૃક્ષ ત્યારે બને જ્યારે એમાં સિંચન થાય, તો શ્રીગુસાંઈજી સિંચન કેવી રીતે કરે છે? કમલ નેણે ને અમૃત વેણે વાક્યમાધુરી રેડતા. અહીં 'રેડતા' શબ્દ વાપર્યો. શ્રીગુસાંઈજી પોતાના દર્શન માત્રથી આપણા હૃદયકમળને ખીલવે, પુષ્ટિનું બીજ પ્રગટ થાય, ત્યારે બીજને દૃઢ કરવા માટે કૃપાનું – રસનું દાન પોતાના નેત્રકમલ દ્વારા કરે. કારણકે વાણી દ્વારા અપાય તે ક્યારેક અપૂર્ણ પણ હોઈ શકે, પણ જ્યારે સ્નેહની વાત હોય તો પૂર્ણ રીતે નેત્રો દ્વારા પ્રગટ થાય. વાણી દ્વારા અપાયેલી વસ્તુમાં જેટલું કહેનારે કહ્યું હોય તેના ૬૦ ટકા જ સાંભળનાર સાંભળે અને સમજે ૩૦ ટકા. વાણી દ્વારા કહેવાતું હોય એમાં કદાચ કહેનારનો ભાવ કંઈક હોય અને સમજનારને સમજાય કંઈક. પોતાના અર્થઘટનથી સાંભળનાર કહેનારની વાત જુદી જ રીતે સમજે એવું પણ બને. પણ સ્નેહની વાતને પૂર્ણ રીતે નેત્રો દ્વારા કહેવાય.

ભગવાને નેત્રો આપ્યાં છે એટલા માટે કે જ્યારે તારે લૌકિક વાતો કરવી હોય ત્યારે વાણીનો ઉપયોગ કરજે અને જ્યારે સ્નેહની વાત કરવી હોય ત્યારે નેત્રનો ઉપયોગ કરજે. નેત્ર આપ્યાં છે એટલા માટે કે એનાથી સ્નેહની વાત થાય. સ્નેહને પૂર્ણ રીતે નેત્રો દ્વારા જ પ્રગટ કરી શકાય. માટે કહ્યું : કમલ નેણે – નેત્રકમલ દ્વારા પોતાના ભક્તોને રસનું દાન કરે છે.

બીજું કહે છે : અમૃત વેણે – રસનું દાન કરવા નેત્રો દ્વારા કૃપાવૃષ્ટિ કરે અને અમૃત જેવી વાણી, પોતાના વચનામૃત દ્વારા પણ કૃપાવૃષ્ટિ કરે. પુષ્ટિભક્તિ માત્ર વાંચવાથી નહિ પણ સાંભળી સાંભળીને ફલિત થાય છે – નાદસૃષ્ટિ છે એટલા માટે.

વાક્યમાધુરી રેડતા–શ્રીગુસાંઈજી પોતાની દૃષ્ટિ દ્વારા, વાણી દ્વારા, પોતાનાં વાક્યો દ્વારા એ જીવના હૃદયમાં જાગેલા ભાવને એવો દૃઢ કરી દે છે કે જે બીજ એના હૃદયમાં પ્રગટ થયું હતું એ બીજ ક્યારે વૃક્ષ બની ગયું એની એને ખબર પણ ન પડે.

લૌકિકમાં તો બીજ વાવીએ પછી વર્ષો બાદ વૃક્ષ ઊગે. આપણા શ્રીમહાપ્રભુજીએ તો ઉજ્જૈનમાં એક પત્ર વાવ્યું અને રાતોરાત મોટું વૃક્ષ થઈ ગયું હતું. શ્રીગુસાંઈજીની કૃપા આમ એક ક્ષણમાં થઈ જાય છે. શ્રીગુસાંઈજી પોતાની દૃષ્ટિ અને વાણી દ્વારા જીવને ભાવનું દાન કરે છે અને એ ભાવનું દાન થયા પછી એને ક્ષણની પણ વાર લાગતી નથી.

વેદધ્વનિ મિષ હસ્ત ચલણે, શોભે સૌને તેડતા. જ્યારે આપ સંધ્યાવંદન કરતા હોય ત્યારે આપ વેદના પાઠ કરે. તે સમયે હાથનું હલનચલન થાય, ત્યારે વૈષ્ણવોને લાગે છે કે ભલે આપ વેદપાઠ કરવા માટે હસ્ત હલાવો છો, પણ અમને એમ જ લાગે છે કે જેમ શ્રીનાથજીબાવા પોતાનો હસ્ત ઊંચો કરી ભક્તોને બોલાવે છે, એમ આપ પણ પોતાનાથી દૂર થયેલા જીવોને બોલાવી રહ્યા છો. વેદધ્વનિના મિષે જાણે બધાને બોલાવતા હોય એવી રીતે શ્રીગુસાંઈજી પોતાનો હસ્ત ઉપર નીચે કરીને, હસ્તના હલનચલનથી પોતાના જીવોને બોલાવી રહ્યા છે. પોતાના વૈષ્ણવોને બોલાવી રહ્યા છે. એ

વાત આ કડીમાં કહીને હવે ગોપાલદાસજી કહે છે કે પ્રભુ, જે લીલા આપે સારસ્વત કલ્પમાં વ્રજમાં કરી છે એ લીલા આજે આપ ગોકુલમાં પણ કરો છો, એ વાત આગળ સોળમી ટૂકમાં કહે છે.

રંગે તે રમતા રસભર્યા,
પ્રભુ ઘોષમાં લીલા કરે,
અધિક અધિક પ્રતાપ પૂરણ
યશ દશોદિશ વિસ્તરે...૧૬

ઘોષ એટલે ગ્રામ, ગોકુલ. એમાં શ્રીઠાકોરજી અનેક પ્રકારે લીલા કરી રહ્યા છે. આપનો પ્રતાપ એટલો અધિક છે કે એનો યશ દશે દિશાઓમાં ફેલાઈ ગયો છે. કહે છે કે આપ ગોકુલમાં રાસલીલા પણ કરી રહ્યા છો. જેમ અનેક સ્વરૂપો ધારણ કરીને ઠાકોરજીએ રાસલીલા કરી હતી એમ ગોકુલમાં જ્યારે શ્રીગુસાંઈજી બિરાજતા ત્યારે પણ રાસલીલા થઈ રહી છે, કારણકે આપની સાથે એ સાતે સ્વરૂપ પણ બિરાજમાન છે. શ્રીમથુરાધીશજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારિકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીમદનમોહનજી બધાં સ્વરૂપો બિરાજે છે. એ સાત સ્વરૂપો - જેણે રાસલીલામાં વેણુનાદ કરીને ગોપીજનોને બોલાવ્યા એ મદનમોહનજી પણ બિરાજે છે, જે રાસમાં ગોપીઓની સામે પુનઃ પ્રગટ થયા - તાસામ્ આવિર્ભુત એ ગોકુલચંદ્રમાજી પણ બિરાજે છે. આ બધા સ્વરૂપો નિત્ય ગોકુળમાં બિરાજે છે અને ત્યાં બિરાજીને રાસનો જ અનુભવ, રાસના સુખનું જ દાન કરી રહ્યા છે. રાસનો પ્રારંભ કર્યો ત્યારે કહ્યું : 'ભગવાનપિ તા રાત્રિ' અને ભગવાન કોને કહેવાય? જેનામાં ષડ્ ઐશ્વર્ય હોય તેને. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય - આ ષડ્ ધર્મ જેનામાં હોય તે ભગવાન.

રાસ વખતે જે જીવોની આસક્તિ જે સ્વરૂપમાં હતી તેવાં સ્વરૂપો ધારણ કરી એ જીવો સાથે રાસ કર્યો, ત્યારે આપનામાં જે ષડ્ ધર્મો હતા તે ષડ્ ધર્મો આજે પણ આપનામાં બિરાજે છે. એ ષડ્ ધર્મો કયા? તો કહેવાય કે શ્રીગિરિધરજી એ ધર્મી સ્વરૂપ, શ્રીગોવિંદરાયજી ઐશ્વર્ય સ્વરૂપ, શ્રીબાલકૃષ્ણલાલજી વીર્ય સ્વરૂપ, શ્રીગોકુલનાથજી યશ સ્વરૂપ, શ્રીરઘુનાથજી શ્રી સ્વરૂપ, શ્રીયદુનાથજી જ્ઞાન અને શ્રીઘનશ્યામજી વૈરાગ્ય સ્વરૂપ. જેમ ભગવાનની અંદર છ ધર્મો છે એ છ ધર્મો આપની અંદર પણ વિદ્યમાન છે અને એ જ પ્રકારે રાસલીલા કરી પોતાના જીવોને શ્રીગુસાંઈજી સુખ આપી રહ્યા છે. માટે કહ્યું :

ભાંતિ ભાંતિ લીલા કરે,
પ્રભુ સાતે સ્વરૂપ સોહામણાં,
એક એકથી અધિક શોભા,
વ્રજ સખી લે ભામણાં...૧૭

સાત સ્વરૂપો - સપ્તનિધિ કહું કે સાત લાલજી કહું, જેનાં દર્શન કરી - તેમની અલગ અલગ લીલાઓનાં દર્શન કરી વ્રજસખીઓ એમનાં ઓવારણાં લે છે. ભામણાં લે છે. આગળ કહે છે :

પેરે પેરે પરિવાર સોહે
દેવ મોહે નિરખતાં
ઉત્સાહ આનંદ અધિક વાધ્યો,
કુસુમ વરખે હરખતાં....૧૮

ગોપાલદાસજીની દૃષ્ટિ શ્રીગુસાંઈજીના ઘરમાં ગઈ. જોયું તો સાત સાત લાલજી સુંદર રીતે પ્રભુને

લાડ લડાવે છે. ઠાકોરજીની સેવામાં તત્પરતાથી પહોંચે છે. કોઈ સુંદર કીર્તન કરે, કોઈ સુંદર સજાવટ કરે, કોઈ સુંદર સામગ્રી સિધ્ધ કરે. શ્રીગુસાંઈજીના ઘરની આવી સુંદર શોભા જોઈ ગોપાલદાસજી કહે છે : પેરે પેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતાં. જ્યારે દેવતાઓ જુએ છે કે શ્રીગુસાંઈજીના ઘરમાં શ્રીઠાકોરજીને આટલો આનંદ મળી રહ્યો છે, ત્યારે દેવતાઓ પણ મોહિત થઈ જાય છે. પ્રસન્ન થઈ ત્યાં પુષ્પની વૃષ્ટિ કરે છે. તમે કોઈ પણ હવેલીમાં જોશો કે જ્યારે બાળક બિરાજતા હોય, મોટા ઉત્સવ હોય ત્યારે વૈષ્ણવો ઉપરથી પુષ્પવૃષ્ટિ કરે છે. ઉત્સાહ આનંદ અધિક વાધ્યો. કુસુમ વરખે હરખતાં. ગોપાલદાસજી એનું વર્ણન કરતાં કહે છે કે જાણે દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરી રહ્યા છે, એવા ભાવથી વૈષ્ણવો પુષ્પવૃષ્ટિ કરે છે. હવે આગળ કહે છે :

પ્રતિ સદન શોભા અતિ ઘણી,
ભણી વેદ વદને ન જાય.
મકરંદ-માતા ભ્રમર
ગુંજે પક્ષીનાદ સોહાય...૧૯

શ્રીગુસાંઈજીના સાતે લાલજી અલગ અલગ ભવનમાં બિરાજે છે. ત્યાં એમનાં સેવ્ય સ્વરૂપો આજ્ઞા કરે તે પ્રમાણે, અલગ અલગ રીત પ્રમાણે, પોતાની અલગ પ્રણાલિકા પ્રમાણે એમના સેવ્ય સ્વરૂપોની સેવા અદ્‌ભુત રીતે થઈ રહી છે. સુંદર રીતે થઈ રહી છે. માનો એક એક સદન એક એક લાલજીની નિકુંજ છે. નિકુંજલીલાનો અનુભવ થઈ રહ્યો છે. નિકુંજમાં ભ્રમર ગુંજારવ કરે છે. પક્ષીઓ કલરવ કરી રહ્યાં છે. આનું દર્શન કરીને આજના સમયમાં તમે હવેલીમાં જાઓ અને જેવાં દર્શન કરો તેવાં દર્શન એ સમયમાં ગોપાલદાસજીએ કર્યાં છે, તેનું વર્ણન તેઓ કરે છે. આજે પણ શ્રીગુસાંઈજીનો એ જ પરિવાર છે. ત્યાં દર્શન કરવા જઈએ તો શું અનુભવ થાય તે બતાવે છે.

અંતઃપુર લીલા કરે પ્રભુ
સકલ જન સંતોષતા,
જાણે તે મત્ત માતંગ છૂટ્યા,
નૂપુરને નિર્ઘોષતા...૨૦

શ્રીઠાકોરજીના નિજમંદિરમાં શ્રીગુસાંઈજી અને એમનો આખો પરિવાર શોભે છે. આજે મોટો મનોરથ કર્યો છે. એ મનોરથનાં દર્શનનું સુખ નિજજનોને આપવાના છે. બહાર વૈષ્ણવો રાહ જોઈ રહ્યાં છે : હમણાં દર્શન ખૂલશે અને જેવાં દર્શન ખૂલ્યાં કે ગોપાલદાસજીને મદ ઝરતા ગજરાજ કે મદઝરતા સિંહ જેમ તરાપ મારીને ભાગે એવા અનેક સિંહોનાં, ગજરાજનાં દર્શન થયાં. આ ગજરાજ, આ સિંહ કોણ હશે? એમ કહે છે કે નૂપુરને નિર્ઘોષતા જઈ રહ્યા છે. આજે પણ જેમ વૈષ્ણવો દર્શન માટે દોડે છે, આ પરંપરા ૪૦૦-૫૦૦ વર્ષોથી ચાલતી આવે છે. ગોપાલદાસજીને કેવું લાગ્યું હશે? જાણે બાંધીને રાખેલા, કેદ કરીને રાખેલા સિંહો એકસાથે હોય અને જેવું કોઈ પાંજરું ખોલે કે બધા દોડતા જાય, બરાબર એ રીતે દોડીને દર્શન કરતા વૈષ્ણવોને એમણે જોયા. એમના ચરણમાં ધારણ કરેલ નુપૂરનો અવાજ પણ એમને સંભળાયો. દર્શન બંધ થયા પછી શું થયું તે આગળ કહે છે.

હાર કંકણ કર્ણ ભૂષણ,
નાદ નાના હીંડતા,
ગાન ગાયે ને સ્વર સુહાયે,
શ્રીનવનીતપ્રિયાજીને પોઢતાં...૨૧

મનોરથનાં દર્શન બંધ થયાં. હવે શ્રીઠાકોરજીને પોઢાવવાનો સમય થયો છે. ગોપાલદાસજી તો બહાર બેઠા છે. પણ શ્રીઠાકોરજીના પોઢવાના સમયે સાતે લાલજીનાં વહુજી ત્યાં પધાર્યા છે. એમણે આવીને સજાવટ વડી કરી. મંદિરવસ્ત્ર કર્યાં, પોતાના હાથે શ્રીઠાકોરજીની શૈયા સઁવારી. હવે શ્રીનવનીતપ્રિયાજીને ખૂબ મનુહાર કરી કરીને પોઢાવે છે. પ્રભુને પ્રિય લાગે એવાં સુંદર પદો પણ ગાઈ રહ્યાં છે. આ બધી સેવા અંદર થાય છે ત્યારે ગોપાલદાસજી બહાર બેઠા છે. તેમને દર્શન થતાં નથી પણ કહે છે-હાર કંકણ કર્ણ ભૂષણ નાદ નાના હીંડતા - વહુજી બધાં અંદર સેવા કરી રહ્યાં છે. શ્રીઠાકોરજીને પોઢાવી રહ્યાં છે. બધાં એક એક બાબતનું ધ્યાન રાખી રહ્યાં છે. તેમનાં આભૂષણોનાં અવાજ બહાર સંભળાઈ રહ્યાં છે.

હવે સાંજના સમયે શ્રીગુસાંઈજીના ઘરમાં વૈષ્ણવો આવે ત્યારે એમને શું લાભ મળે છે તે જણાવે છે.

સંધ્યા સમે શૃંગાર નૌતન,
ફૂલ ગુંથે સૌ મળી,
સદન શોભા નિરખતાં તે,
લક્ષ્મી મન પામ્યાં રળી...૨૨

કોઈ ઉત્સવના દિવસો હોય, હિંડોળા ઈત્યાદિના દિવસો હોય, જ્યારે પણ તમે સાંજે હવેલીમાં જાઓ ત્યારે શું દૃશ્ય જુઓ? બધા વૈષ્ણવ મળીને ફૂલ ગુંથતા હોય, હિંડોળા સિધ્ધ થતા હોય. સુંદર ધોળપદ ગવાતાં હોય. શ્રીગુસાંઈજીના ઘરમાં પણ સાંજના સમયનો માહોલ કેવો હોય તે ગોપાલદાસજી જણાવે છે. બધા વૈષ્ણવો ભેગા મળ્યા છે. કોઈ ફૂલની માળા ગૂંથે છે. કોઈ હિંડોળા ભરે છે, કોઈ વસ્ત્ર સિધ્ધ કરી રહ્યાં છે. કોઈ વ્રજભક્તોના - ગોપીઓનાં શૃંગાર કરી રહ્યા છે. શ્રીગુસાંઈજીના ઘરનું આ સુખ સ્વયં લક્ષ્મીજીએ આવીને જોયું, તેમને થાય છે કે મારા પ્રભુને જેવું સુખ અને લાડ અહીં શ્રીગુસાંઈજીના ઘરમાં મળે છે, એવું તો વૈકુંઠમાં પણ મળતું નથી. માટે લક્ષ્મીજી પણ વિચાર કરે છે કે હું પણ મારા પ્રભુનાં દર્શન નિત્ય અહીં આવીને કરીશ. હવે આગળ કહે છે.

વાસ વાંછે વ્રજ વસેવા,
એણી પેરે સુખ પામવા,
શ્રીપુરુષોત્તમ ઉત્તમ વરને
સમય જોઈ શિર નામવા...૨૩

શ્રીગુસાંઈજીના ઘરના આ શોભા જોઈ શ્રીલક્ષ્મીજી પણ વ્રજમાં વાસ મળે તેવી ઈચ્છા કરે છે. વિચારે છે કે અહીં મારા પ્રભુને ઘણું સુખ મળી રહ્યું છે. મને પણ અહીં પ્રભુની ટહેલ મળે. અહીં રહીને હું મારા પ્રભુને વંદન કરું, સેવાનું સુખ લઉં, એવી કામના લક્ષ્મીજી કરી રહ્યાં છે.

લીલાને અનુસાર કલરવ,
કૂજતા દ્વિજ શોભતા,
સ્વ સ્વભાવ ત્યાગી, ધ્યાન રાગી,
કોઈક ભાવે લોભતા...૨૪
સહચરી રત્ન સુકંઠ નાદે,
ગાન સુયશ પ્રકાર,

રસિક જન સૌ સંગ મળીને,
કરે તે ઉચ્ચાર...૨૫
એણી પેરે લીલા કરે,
શ્રીવલ્લભ રાજકુમાર,
ભક્તજનના કોડ પૂરો,
આપો ચરણ વિહાર...૨૬

શ્રીગુસાંઈજી પ્રભુચરણે પ્રભુની લીલા અને ભગવદ્ સેવા આ ભૂતલ ઉપર પ્રગટ કરી. શ્રીગુસાંઈજીએ બતાવેલો આ સેવાક્રમ શાસ્ત્રોમાં ગોતવા જઈશું તો શાસ્ત્રો પણ એ લીલાનો પાર પામી શકતા નથી. શ્રીગુસાંઈજીએ ભગવદ્‌લીલાને આ સેવાપ્રકારના રૂપે પ્રકટ કરી દીધી. સાક્ષાત્ આપણી સામે પ્રગટ કરી છે.

સહચરી રત્ન સુકંઠ નાદે, ગાન સુયશ પ્રકાર. શ્રીગુસાંઈજીના ઘરમાં બધા જ વ્રજભક્તો ભેગા થઈને સાંજના સમયમાં વિવિધ ધોળ-પદ ગાઈ શ્રીગુસાંઈજીના સુયશનું ગાન કરે છે. અમારા ઉપર આપે કેવી કૃપા કરી કે આ ઠાકોરજીનું સુખ અમને મળ્યું. કેવી કૃપા કરી કે આ ઠાકોરજી અમને આધીન બન્યા. કેવી કૃપા કરી કે સારસ્વત કલ્પની લીલાનો ક્રમ. શ્રીઠાકોરજીને રીઝવવાની પધ્ધતિ અમારી સામે પ્રગટ કરી દીધી. વ્રજભક્તો જ્યારે આવેશમાં આવી જાય ત્યારે પોતાના મનની વાત ગુસાંઈજીને કહેવી હોય તો વિવિધ ધોળ પદોના માધ્યમથી કહે છે. રસિકજન સૌ સંગ મળીને કરે તે ઉચ્ચાર.

છેલ્લે ગોપાલદાસજી કહે છે કે એણી પેરે લીલા કરે શ્રીવલ્લભરાજકુમાર, ભક્તજનના કોડ પૂરો, આપો ચરણવિહાર.

આ બધી લીલાની અનુભૂતિ કરી અંતે શ્રી ગોપાલદાસજી એનું રહસ્ય પણ બતાવી દે છે. કહે છે કે હે પ્રભુ, આ બધા ભક્તોના મનોરથ છે કે તેઓ આપની પ્રગટ લીલાનાં દર્શન કરે. જેટલા પણ ભક્તો છે એ બધાનો મનોરથ છે કે આપની એ પુરુષોત્તમ લીલાનો અનુભવ કરે. તો એમના મનોરથ પણ પ્રભુ, આપ પૂરા કરો. કેવી રીતે? આપના ચરણારવિંદનો સ્પર્શ કરાવી, આપના ચરણારવિંદનો આશ્રય આપી, આપ તેમના મનોરથ પૂર્ણ કરો.

આ સાથે અહીં આપણે આ આઠમા આખ્યાનને વિરામ આપીએ.

❖

વલ્લભાખ્યાન : ૯

(રાગ : બિભાસ)

શ્રીવલ્લભાખ્યાનના માધ્યમથી શ્રીવલ્લભનું નામ અને શ્રીગુસાંઈજીના સ્વરૂપનું પાન આપણે કરી રહ્યાં છીએ, એ યમુનાપાનથી જરાયે ઓછું નથી. જ્યાં અમારા શ્રીહરિરાય મહાપ્રભુજી કહેતા હોય કે સબનતેં શ્રીવલ્લભ નામ ભલો, યાહી મેં ગોકુલ, યાહીમાં વૃંદાવન, યાહીમેં વ્રજમંડલો. યાહીમેં ગોવર્ધન રાસાદિ લીલા. શ્રીહરિરાયજી કહે છે કે એક વાર પણ ભાવથી વલ્લભ અને વિઠ્ઠલનું નામ મુખમાંથી નીકળે, સમજી લો શ્રીયમુનાજીનાં પાન થઈ ગયાં. સમજી લો વ્રજચોર્યાશી કોસની પરિક્રમા થઈ ગઈ. સમજી લો આપણી દરેક વૃત્તિઓને શ્રીઠાકોરજીએ સ્વીકારી. શ્રીવલ્લભાખ્યાનના માધ્યમથી, એક એક આખ્યાન એટલે એક એક સીડી ચડતાં ચડતાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી આપણો હસ્ત પકડી આજે નવમી સીડી સુધી લઈ આવ્યા છે. નવમી સીડી એટલે આત્મનિવેદન ભક્તિ. જ્યાં સર્વસમર્પણ થઈ જાય, જ્યાં સર્વસ્વ અર્પણ થઈ જાય, પછી એના સિવાય બીજું કાંઈ દેખાય નહિ, એટલા માટે આ નવમા આખ્યાનમાં શ્રીગોપાલદાસજી શ્રીગુસાંઈજીના સમગ્ર પરિવારનું વર્ણન કરે છે.

પહેલા દિવસે જ્યારે વલ્લભાખ્યાનની શરૂઆત કરી, ત્યારે મેં કહ્યું હતું કે શ્રીગોપાલદાસજીએ વલ્લભાખ્યાન ગાયું તો એ તો નિમિત્ત બન્યા પણ એમના હૃદયમાં બિરાજમાન થઈ શ્રીગુસાંઈજીએ આ વલ્લભાખ્યાન ગાયાં છે.

આ વાતનું પ્રમાણ શું? જેમ સમગ્ર ભાગવતમાં સ્પષ્ટ રીતે 'રાધા' શબ્દનો ઉલ્લેખ મળતો નથી, સંકેતમાં ઘણી જગ્યાએ છે, રાધસ શબ્દ છે. રાધસા છે, પણ સ્પષ્ટ ઉલ્લેખ નથી કારણ ભાગવતનું જ્યારે વર્ણન થયું, ત્યારે શુકદેવજી તો નિમિત્ત હતા. એમના હૃદયમાં બિરાજમાન થઈ સ્વયં ભગવાને જ એનું ગાન કર્યું છે. પ્રેમના માર્ગમાં એવું કહેવાય કે જે બહુ પ્રિય હોય એનું નામ ન લેવાય. કેમ? કારણ નામ હોય એનો નાશ જરૂર થાય. જે જે વસ્તુનાં નામ હોય એનો નાશ જરૂર થાય અને આપણે વિચાર કરીએ કે અમે જેને પ્રેમ કરીએ છીએ એનો નાશ ક્યારેય ન થાય. એટલા માટે જેને પ્રેમ કરીએ છીએ એનું નામ ન લેવાય. શાસ્ત્રોની મર્યાદા છે કે મોટા પુત્રનું નામ ન લેવાય. પત્નીનું નામ ન લેવાય. પત્નીથી પતિનું નામ ન લેવાય.

શ્રીઠાકોરજીના પરમ પ્રિયા કોણ છે? રાધાજી. માટે રાધાજીનું નામ સંકેતથી પ્રભુએ લીધું પણ સ્પષ્ટ રીતે ભાગવતમાં લીધું નથી, કારણ એ વાણી સ્વયં ભગવાનની છે. વલ્લભાખ્યાનમાં પણ ગોપાલદાસજી નિમિત્ત બન્યા. એમના હૃદયમાં બિરાજમાન થઈ સ્વયં શ્રીગુસાંઈજીએ વલ્લભાખ્યાન ગાયું છે. એનું પ્રમાણ નવમા આખ્યાનમાં મળશે. એમાં બધાં જ આચાર્યોનાં નામ, બધા બાળકો અને

એમના વહુજીનાં નામ બધું છે, પણ શ્રીગુસાંઈજીનાં વહુજીનું નામ નથી. બધાંનું નામ છે પણ શ્રીગુસાંઈજીના વહુજીનું નામ નથી એ બતાવે છે કે ગોપાલદાસજીના હૃદયમાં બિરાજમાન થઈ વલ્લભાખ્યાન સ્વયં શ્રીગુસાંઈજીએ ગાયા છે.

આ આખ્યાન શું છે? નવ વિનંતીઓ છે. શ્રી ઠાકોરજીને મળવા માટેની વિનંતી છે. જીવનમાં ચર્મચક્ષુમાંથી આંતરચક્ષુ ખુલે એની પ્રક્રિયા એ વલ્લભાખ્યાન છે. આ એક દિવ્ય ગ્રંથ છે. જેમાં પુષ્ટિમાર્ગનુ કોઈપણ એવું રહસ્ય નથી, જે ગોપાલદાસજીએ ગુસાંઈજીની કૃપાથી ખોલ્યું ન હોય. પુષ્ટિમાર્ગનો સિધ્ધાંતપક્ષ, ભાવપક્ષ, વેદાન્ત પક્ષ, આચાર પ્રણાલિકાનો પક્ષ એકએક પક્ષને અહીં ગોપાલદાસજીએ શ્રીગુસાંઈજીની કૃપાથી સ્પર્શ કર્યો છે. પણ કેટલાક શબ્દો અને કેટલીક વાણી એવી છે કે જ્યારે શ્રીગુસાંઈજી પ્રગટ કરે ત્યારે સમજમાં આવે. આ તો શબ્દો છે અને આપણે ખાલી શબ્દોનો ઉચ્ચાર કરીએ છીએ. શબ્દોનું મહત્વ નથી હોતું, શબ્દો તો પાત્ર જેવા છે.

વલ્લભાખ્યાનના આ શબ્દો શ્રીગુસાંઈજીની કૃપાથી ગોપાલદાસજીના મુખમાંથી પ્રગટ થયા છે, એ એક એક શબ્દ એ એક એક પાત્ર છે.

જ્યારે કોઈ આપણને પાત્ર આપે ત્યારે પાત્રનું મહત્વ નથી હોતું, પાત્રમાં ભરીને શું આપણને આપી રહ્યો છે, એ મહત્વનું હોય છે. એક એક શબ્દો જાણ્યા, એ શબ્દો એ પાત્ર છે. પણ એમાં જે ભરીને આપણને આપ્યું છે, જ્યાં સુધી એ આત્મસાત ન થાય ત્યાં સુધી શબ્દોનો જ આશ્રય કરીને આપણે રહી જઈએ. જેમ જેમ શબ્દો આપણને ટકોર મારશે, આપણને સ્પર્શશે, વારે વારે એ રીતે થતાં એની અસર થશે.

આ નવમા આખ્યાનમાં કહે છે કે નિત્ય પ્રતિ ક્ષણુ ક્ષણુ સમરિયે શ્રીવલ્લભનો પરિવાર. પ્રતિ ક્ષણે હંમેશા સ્મરણ કરવું, કેમ કે પથ્થરની ઉપર જલનું ટીપું પડે તો જલમાં ખાડો ન પડે, પણ પથ્થરની ઉપર જલનાં ટીપાં સતત પડતાં રહે તો પથ્થરમાં પણ ખાડો પડી જાય. માટે અહીં શ્રીગોપાલદાસજી શ્રીવલ્લભના-શ્રીગુસાંઈજીના પરિવારનું નિત્ય ગુણગાન કરવાનું કહ્યું છે. આ આખ્યાન એ આત્મનિવેદન ભક્તિ છે.

ગોપાલદાસજી કહે છે કે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલની કેવી કૃપા છે કે અનેક જગ્યાએ પુષ્ટિસૃષ્ટિ વિસ્તાર પામી છે, એની કાળજી રાખવા માટે શ્રીવલ્લભ પોતાના પરિવારનો વિસ્તાર કરે છે. એનો મતલબ એ છે કે પોતે જ અનેક સ્વરૂપો ધારણ કરી પોતાની પુષ્ટિસૃષ્ટિના મનોરથો પૂર્ણ કરે છે. માટે અહીં આ આખ્યાનમાં શ્રીવલ્લભના સમગ્ર પરિવારનાં ગુણગાન તેઓ ગાય છે.

નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરિયે,
શ્રીવલ્લભનો પરિવાર કે રસના,
શ્રીપુરુષોત્તમ પ્રગટિયા રે
જગતનો કરવા ઉધ્ધાર રે રસના...૧

શ્રીવલ્લભની અને શ્રીગુસાંઈજીની એવી કૃપા થઈ કે ગોપાલદાસજીને શ્રીવલ્લભના આખા પરિવારનાં દર્શન થયાં. કલ્પવૃક્ષની જેમ-જેમાં મૂળમાં શ્રીમહાપ્રભુજી છે. થડ શ્રીગુસાંઈજી છે. એક ડાળી છે શ્રીગોપીનાથજીની અને એમાં પણ પાછી બીજી એક કળી ખીલી છે. શ્રીગુસાંઈજી

નામની શાખા છે, એમાં પણ બીજી સાત શાખાઓ ખીલેલી છે. આવા અલૌકિક કલ્પવૃક્ષનાં દર્શન જ્યારે ગોપાલદાસજીને થયાં, ત્યારે તેઓ કહે છે કે શું વૃક્ષમાં અને તેની શાખામાં કોઈ ભેદ હોઈ શકે?

કોઈ પૂછે કે વડનું વૃક્ષ ક્યાં છે? આપણે આંગળી મૂકી બતાવીશું કે આ છે. તો એ કહેશે કે આ તો થડ છે. ઉપર શાખા ઉપર આંગળી મૂકીશું તો કહેશે કે આ તો ડાળી છે. વૃક્ષ ક્યાં છે? પાન ઉપર મૂકીશું તો કહેશે આ તો પાન છે, વડ નથી. તો આપણે કહીશું કે સમગ્ર વસ્તુઓ ભેગી મળે ત્યારે એને વૃક્ષ કહેવાય છે. ડાળી, પાન, થડ બધાં એ વૃક્ષનાં અંગ છે. એ જ પ્રકારે શ્રીગુસાંઈજીનો આખો પરિવાર ગોપાલદાસજીને એક કલ્પવૃક્ષ રૂપે દેખાય છે. એમને થાય છે કે આ પરિવારના એક એક લાલજી શ્રીવલ્લભના સ્વરૂપે જ પધાર્યા છે. ગોપાલદાસજી સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં દર્શન એ પ્રત્યેક શાખામાં કરી રહ્યા છે.

જેમ ભક્તોને વૃંદાવનમાં વૃક્ષે વૃક્ષે વેણુધારી અને પત્રે પત્રે ચતુર્ભુજનાં દર્શન થાય છે, બરાબર એવા જ દર્શન અહીં ગોપાલદાસજીને થયાં છે. એક એક શાખામાં વલ્લભનાં દર્શન થયાં ત્યારે એમણે ગાયું : નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરિયે શ્રીવલ્લભનો પરિવાર રે રસના.

અહીં તેઓ પોતાની જીહ્વાને ઉપદેશ આપે છે. જીહ્વા શબ્દ ન કહેતાં જીભને રસના કહે છે. જીહ્વા બે વસ્તુ માટે ટેવાયેલી હોય. સ્વાદ અને વાદ, પણ જે જિહ્વામાં પ્રભુનાં ગુણગાનની લાલસા જાગી છે, જે જીહ્વાએ પ્રભુનો સ્વાદ માણ્યો છે, જે જિહ્વાએ પ્રભુના રસને પામ્યો છે, ને જે જિહ્વા માત્ર લૌકિક કબૂલ નથી કરતી, એ જિહ્વા માત્ર જિહ્વા ન કહેવાતાં રસના કહેવાય છે. જે રસને લઈ જાણે, એવું પાન કરી જાણે એ રસના.

જેમ મીઠાઈ ખાધા પછી ચા પીએ તો મોળી લાગે, ફીકી લાગે, એ જ રીતે જેણે શ્રીવલ્લભ-વિઠ્ઠલના નામ રૂપી માધુર્યનું પાન કર્યું હોય, એ રસનાને જગતના બધા સ્વાદ ફીકા લાગે. જે જિહ્વાને શ્રીવલ્લભ અને શ્રીગુસાંઈજીના નામ રૂપી રસને પીવાની ટેવ પડી ગઈ છે, જે જિહ્વા શ્રીવલ્લભ-વિઠ્ઠલના નામનું રટણ કર્યા સિવાય રહી શકતી નથી, એને કહેવાય રસના. ગોપાલદાસજીએ આઠ આખ્યાન ગાયાં છે. એ ગાતાં એને શ્રીવલ્લભની-શ્રીગુસાંઈજીની એવી લગની લાગી ગઈ છે, કે હવે એમની રસના ઔર કોઈ નામ કબૂલ કરતી નથી. પ્રયત્ન કરવા છતાં જિહ્વા બીજા કોઈનું નામ લેવા તૈયાર નથી, માટે ગોપાલદાસજી શબ્દ આપે છે રસના.

પોતાની રસનાને કહે છે તું નિત્યપ્રતિ ક્ષણે ક્ષણે આ પરિવારનું સ્મરણ કર. આ કાળ કેવો છે? ચૈતન્ય મહાપ્રભુનો પ્રસંગ છે. તેમણે કહ્યું કે આ કલિકાલ એવો છે કે ગાયના શીંગડા ઉપર એક રાઈનો દાણો ટકે એટલી વાર પણ કોઈ ભગવદ્ નામ લે તો એનો ઉધ્ધાર થાય. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આ કલિકાલ એવો છે કે ગાયના શીંગડા ઉપર એક રાઈનો દાણો ટકે એટલીવાર પણ જો ભગવદ્ નામ છૂટે તો આ કલિકાલ હાવી થઈ જાય. માટે કહ્યું કે નિત્ય પ્રતિ ક્ષણુ ક્ષણુ સમરિયે. આ વલ્લભનો પરિવાર અને એનાં ગુણગાન એવાં છે કે

એ ગુણગાન નિત્ય કરવાનાં છે. તે પણ ક્ષણે ક્ષણે કરવાનાં છે.

શા માટે? તે પુરુષોત્તમ પ્રગટિયા જગતનો કરવા ઉધ્ધાર રે રસના. કહે છે કે આ પરિવાર એવો છે કે જેમાં સ્વયં પ્રભુ જ પોતાના પુરુષોત્તમ સ્વરૂપે અવતરિત થયા છે. આ પરિવાર એવો છે કે જેને શ્રીનાથજીબાવા નિજ પરિવાર ગણે છે. જ્યારે શ્રીમહાપ્રભુજીને આસુર વ્યામોહ લીલા કરવાની આજ્ઞા થઈ ત્યારે આંખોમાં અશ્રુ લઈ શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીબાવાને વિનંતી કરી : કૃપાનાથ, અમે તો આ યુગની અંદર આ લોકમાં રહીએ છીએ, બનતો પ્રયત્ન કર્યો છે કે પ્રભુ આપને શ્રમ ન પડે, પરંતુ આપ એક કૃપા કરજો કે આગળ જઈને પરિવારના કોઈ બાળકથી કોઈ અપરાધ થઈ જાય, સેવામાં કોઈ ક્ષતિ થઈ જાય, તો આપ એને ક્ષમા કરજો. ત્યારે શ્રીનાથજીબાવાએ કહ્યું : હે વલ્લભ, હું આપનામાં અને આપના બાલકોમાં કોઈ ભેદ જાણતો નથી. હું આપને વચન આપું છું કે આપના બાળક યદિ પીઠ કરીને ઊભા રહેશે અને ડાબા હાથે ઝારી ભરશે તો પણ મને એમનામાં આપનાં જ દર્શન થશે. મને વલ્લભ જ દેખાશે. આવું વચન જ્યારે શ્રીનાથજીબાવાએ આપ્યું ત્યારે શ્રીમહાપ્રભુજીની આંખોમાં અશ્રુ આવી ગયાં. શ્રીનાથજીબવાનો આ પરિવાર ઉપર કેટલો પ્રેમ છે! કેટલી કૃપા છે કે આ પરિવારને તેઓ પોતાનો નિજ પરિવાર ગણે છે!

આવા ઘણા પ્રસંગો છે કે જેમાં શ્રીનાથજીબાવા અને શ્રીનવનીતપ્રિયજીએ પ્રમાણ આપ્યું છે કે આ પરિવારને હું મારો પરિવાર ગણું છું. શ્રીગુસાંઈજીના મોટા લાલજી શ્રીગિરિધરજી, એમના લાલજી દીક્ષિતજી અને એમના લાલજી રામકૃષ્ણજી હતા. જયારે એકવાર દીક્ષિતજીએ નવનીતપ્રિયજીને રાજભોગ ધર્યો, ધૂપદીપ કરી બહાર નીકળ્યા, ત્યારે એમના લાલજી રામકૃષ્ણજી પાંચ વર્ષના હતા, તે કંઈક લેવા માટે પાછળ ગયા હશે, બધાને ખબર નહોતી, દ્વાર બંધ કરી દીધા. નાનકડા રામકૃષ્ણજી ડરવા લાગ્યા. બહાર કેવી રીતે જાઉં? મને બંધ કરી દીધો છે. બારણું ખોલવાનો પ્રયત્ન કરે, પણ ખૂલે નહિ. તેઓ ભયભીત થઈને રડવા લાગ્યા.

બાવાને રડતા જોયા ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ કહ્યું : 'બાવા, મેરે પાસ આ જાઓ.' રામકૃષ્ણજી નવનીતપ્રિયજી પાસે ગયા. પૂછે છે : 'બાવા, ભૂખ લગી હૈ?'

'હાં, લગી હૈ'

'ઉપર આકે મેરી ગાદી પેં બૈઠ જાઓ.'

રામકૃષ્ણજી ના કહે છે. પિતાશ્રી જોશે તો મને વઢશે. શ્રીઠાકોરજીએ આગ્રહ કરીને, પોતાની પાસેનો બંટો સરકાવી, જગ્યા કરીને બાજુમાં બેસાડી દીધા. ખીરનો ડબરો લઈ, એમાં ચમચી પધરાવી રામકૃષ્ણજીને આપી દીધો. 'બાવા, યે અરોગો.'

રામકૃષ્ણજી ખીર અરોગવા લાગ્યા. રાજભોગ સરાવવાનો સમય થયો. દીક્ષિતજીએ દ્વાર ખોલ્યાં અને ઉપરનું દૃશ્ય જોયું તો બહુ નારાજ થઈ ગયા. 'અરે, આ શું કર્યું? ઠાકોરજી સાથે બેસી જઈને એમના રાજભોગમાંથી સામગ્રી આરોગે છે?' એટલો ગુસ્સો આવ્યો કે ગુસ્સામાં ને ગુસ્સામાં એ પાંચ વર્ષના નાનકડા રામકૃષ્ણજીને નીચે ઉતારી

એમના ગાલ પર જોરથી લાફો માર્યો. જ્યાં બીજો લાફો મારવા ગયા ત્યાં નવનીતપ્રિયજીએ દીક્ષિતજીનો હાથ પકડી લીધો. 'આ શું કરો છો? જરા જુઓ તો ખરા, આપે એમના ગાલ ઉપર લાફો માર્યો, પણ ગાલ મારા સૂજી ગયા છે.' નવનીતપ્રિયજીનાં દર્શન કર્યાં. દીક્ષિતજીની આંખોમાં આંસુ આવી ગયા. 'કૃપાનાથ, આપ કેટલી કૃપા કરો છો! આ પરિવારને આપ પોતાનો પરિવાર ગણો છો. પોતાના અંગરૂપ માનો છો! પ્રહાર બાળક ઉપર થયો ને પીડા પ્રભુ, આપને થઈ છે. આવી કૃપા કોણ કરી શકે?'

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી માટે શ્રીનાથજીબાવાને કેટલો પ્રેમ છે! જ્યારે શ્રીમહાપ્રભુજી અને શ્રીજીબાવાનું પ્રથમ મિલન થયું ત્યારે શ્રીમહાપ્રભુજીને થયું કે હું શ્રીનાથજીબાવાને શું ભેટ ધરું? ત્યારે પોતાના માતુશ્રીની આપેલી કંઠસરી પોતાના કંઠમાંથી કાઢી શ્રીનાથજીને ધરાવી. શ્રીનાથજીબાવાને વલ્લભ માટે એટલો પ્રેમ કે ચાહે કેટલાયે રત્નજડિત શૃંગાર શ્રીનાથજીબાવાને ધરાય અને વડા થાય, પણ એ કંઠસરી કદી વડાં થતાં નથી. પ્રાચીન બાળકો પાસેથી સાંભળ્યું છે કે કોઈ કારણસર કંઠસરી કદાચ ખંડિત થાય, તેને સિધ્ધ કરાવવા માટે બહાર આપવી પડે, તો જ્યાં સુધી શ્રીમહાપ્રભુજીની આપેલી કંઠસરી આપનાથી દૂર રહે ત્યાં સુધી શ્રીનાથજીના ઝારી અને બંટા બંને સરાવી લેવામાં આવે છે. જ્યાં સુધી વલ્લભજીની કંઠસરી ન ધરું ત્યાં સુધી કાંઈ આરોગીશ પણ નહિ અને જલ પણ નહિ લઉં. કેટલો પ્રેમ શ્રીનાથજીબાવાને મહાપ્રભુજી માટે!

માટે કહ્યું કે શ્રીવલ્લભનો-શ્રીવિઠ્ઠલનો પરિવાર, જેને ઠાકોરજી સ્વયં પોતાનો પરિવાર માને છે, તેને નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરિયે. આ પ્રથમ કડીમાં બે વસ્તુ બતાવી. મને બતાવો કે જિહ્વા ગાય કે સ્મરણ કરે? રસનાનું કાર્ય ગુણગાન ગાવાનું છે કે સ્મરણ કરવાનું છે? તો આમાં 'રસના' શબ્દ કોને માટે કહ્યો હશે? જો રસના શબ્દનો અર્થ જિહ્વા કરીએ તો એમ કહેવાય કે નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું ગાઈએ શ્રીવલ્લભનો પરિવાર રે રસના. પણ અહીં 'સમરિયે' કહ્યું છે. જિહ્વાને સ્મરણ કરવા કેમ કહ્યું? જિહ્વા દ્વારા સ્મરણ કેવી રીતે થાય? જોવા જઈએ તો સ્મરણ પણ જિહ્વા જ આપણને કરાવી શકે.

રસના શબ્દના અનેક અર્થ થાય છે. જેમ જિહ્વાને રસના કહેવાય છે તેમ ક્યારેક મનને પણ રસના કહેવાય છે. મનનું કામ સ્મરણ છે અને જિહ્વાનું કાર્ય ગુણગાન છે. અહીં 'સમરિયે' કહ્યું છે માટે તેનો અર્થ મન પ્રત્યે છે.

અહીં ગુણગાન ન કહેતાં સ્મરણ કહ્યું અને છતાં રસના શબ્દનો ઉપયોગ કર્યો. રસના એટલે કે જે રસ લઈ જાણે. હવે જે આ જિહ્વા છે એ જ્યારે ભગવદ્ રસ પ્રાપ્ત કરવા લાગે ત્યારે એ રસના કહેવાય. જ્યારે આ મન ભગવદ્ રસ પ્રાપ્ત કરવા લાગે ત્યારે એને પણ રસના કહેવાય. આની અંદર જ્યારે પણ રસના શબ્દ આવે ત્યારે એ કોના માટે આવ્યો છે તેની લીંક મેળવી લેવાની.

શ્રીગુસાંઈજીનાં ચંદ્રાવલીજી સ્વરૂપે દર્શન સાતમા અને આઠમા આખ્યાનમાં થયાં. સાતમા આખ્યાનમાં શ્રીચંદ્રાવલીજીની નિકુંજમાં

શ્રીઠાકોરજીને યુગલ સ્વરૂપે પધરાવ્યા. ત્યાં પોઢાવ્યા. જાલરંધ્રમાંથી ઘણી સખીઓ લીલાનાં દર્શન પણ કરતી હતી. જે સખીઓએ જાલરંધ્રમાંથી દર્શન કર્યાં એમાંની જ એક સખી હતી આ ગોપાલદાસ. તેઓ પોતાનું નામ ન લેતાં નિત્યલીલામાં પોતાનું જે સખી સ્વરૂપ છે એનો નિર્દેશ આપી રહ્યા છે. અહીં 'રસના' શબ્દ પોતાના એ સખીસ્વરૂપ માટે કર્યો છે. કહે છે કે હું તો ભૂતલમાં છું. ગુસાંઈજીની આ પરિવારલીલાનાં દર્શન કરી રહ્યો છું, પણ હે રસના સખીરૂપ મારું નિત્યલીલાનું સ્વરૂપ, તું તો નિકુંજમાં છે. નિકુંજમાં બીરાજેલ મારા સખી સ્વરૂપ રસના, તને પણ કહું છું કે ઠાકોરજીનાં ગુણગાન ગાય છે પણ તને પરમ ફલની પ્રાપ્તિ ત્યારે થશે જ્યારે તું પણ ગુસાંઈજીના અને તેમના પરિવારના ગુણગાન ગાઈશ.

આમ ગોપાલદાસજી ભૂતલ ઉપર બેઠા છે પણ નિત્યલીલાના પોતાના સખી સ્વરૂપને જોઈ રહ્યા છે. એ ત્યાંની યુગલસ્વરૂપની લીલાનો રસ લઈ રહી છે. માટે પોતાના એ સ્વરૂપને રસના નામથી સંબોધિત કરે છે. કહે છે કે તારો ભાવ ત્યારે જ દઢ થશે કે જ્યારે તું ભૂતલ ઉપરની શ્રીગુસાંઈજીની લીલાનું પણ સ્મરણ કરશે.

માટે જાણે નિત્યલીલાના એ સ્વરૂપ સામે હાથ કરીને કહે છે :

નિત્યપ્રતિ ક્ષણું ક્ષણું સમરિયે
શ્રીવલ્લભનો પરિવાર રે રસના.

જ્યારે ગોપાલદાસજી આ વાત પોતાના સખી સ્વરૂપને કરે છે ત્યારે કહે છે કે મને તો અહીં પુરુષોત્તમ મળ્યા છે.

નિત્યલીલાની સખી પૂછે છે : 'હું તો અહીં નિત્યલીલામાં પ્રભુની સેવામાં છું અને મને નીચે આવવાનું ને ત્યાંની લીલાનું સ્મરણ કરવાનું કેમ કહો છો?'

ત્યારે ગોપાલદાસજી કહે છે : અહીં જે પરિવાર છે તે બીજો કોઈ નથી. તે પુરુષોત્તમ પ્રગટિયા રે, જગતનો કરવા ઉધ્ધાર રે રસના. એ જ પુરુષોત્તમ, જેનાં દર્શન તું કરે છે, એ જ અહીં પ્રગટ્યા છે. આ જે પાત્રમાં ભરીને મોકલ્યું હતું, તેનો રસ ચખાડ્યો. માત્ર પાત્ર જોઈએ તો અનુવાદ સમજાય પણ અંદર ડૂબકી મારીએ તો એનો મૂળ અર્થ અને ભાવ સમજાય. વર્ષોથી આપણે ગાઈ રહ્યાં છીએ આ આખ્યાન પણ ક્યારેય આ પ્રશ્ન જાગ્યો છે કે રસનાને સ્મરણ કરવાનું કેમ કહ્યું હશે? ગુણગાન કરનારી જિહ્‌વાને સ્મરણ કરવાનો નિર્દેશ કેમ કરે છે? સાધારણ અર્થ સાંભળીએ તો આધિભૌતિક અર્થ સમજાય. પણ એ પાત્રની અંદર ડૂબકી મારી, એના મૂળ રસને જાણીએ ત્યારે એ પંક્તિઓના આધિદૈવિક અર્થ અને આધિદૈવિક લીલાનાં દર્શન આપણને થાય. હવે બીજી કડીમાં ગોપાલદાસજી આ પરિવારનું સ્મરણ કરવાનું કારણ બતાવે છે.

કલિમાં કારણ એહ છે,
બીજું સર્વે ભૂમિનો ભાર રે રસના.
એ વિના બીજું સર્વે બાદલું,
ચૌદ લોકનો શણગાર રે રસના...૨

આ વલ્લભ પરિવારનું સ્મરણ કરવાનું શા માટે કહી રહ્યા છે? એનું કારણ આપતાં કહે છે આ ભૂતલ ઉપર કલિકાલ ચાલી રહ્યો છે. સતયુગની અંદર પ્રભુની પ્રાપ્તિ તપ કરીને થતી. જ્યારે ત્રેતાયુગ

આવ્યો ત્યારે યજ્ઞ કરવાથી થતી. દ્વાપરની અંદર પૂજન-અર્ચન કરવાથી પુરુષોત્તમની પ્રાપ્તિ થતી. આ કલિકાલમાં પ્રભુની પ્રાપ્તિ નામ સ્મરણથી થાય છે. પ્રભુનું નામ અને પ્રભુનું સ્મરણ એ બે દ્વારા આ કલિકાલમાં પુરુષોત્તમની પ્રાપ્તિ થાય. કલિકાલમાં પુરુષોત્તમ પ્રગટ્યા છે માટે એમના નામ અને સ્મરણથી તેમની પ્રાપ્તિ થશે. નામ અને સ્મરણ કરવાથી જીવને શ્રીવલ્લભની કૃપાનો અનુભવ થાય. વલ્લભનું તો નામ જ છે : સ્મૃતિ માત્રાર્તિનાશનઃ- સ્મરણ કરવા માત્રથી જેની આર્તિને દૂર કરે, તાપને દૂર કરે છે એ શ્રીવલ્લભ છે.

દામોદરદાસ હરસાનીજી ઝરૂખામાં બેઠા બેઠા સ્મરણ કરતા હતા કે મારા વલ્લભ ક્યારે પધારશે. આજ્ઞા થઈ છે કે આ જ માર્ગ ઉપરથી તેઓ પધારશે. આખો દિવસ ઝરૂખામાં બેઠા રહે છે, રસ્તા ઉપર દૃષ્ટિ રાખે છે. મારા વલ્લભ ક્યારે પધારશે? તાપ એટલો વધી ગયો કે રાત્રે સૂતા હોય અને જરાક અવાજ આવે તો થાય કે મારા વલ્લભ તો નહિ પધાર્યા હોય. દોડતા દોડતા ઝરૂખામાં આવે.

એક દિવસ બધા ભાઈઓમાં સંપત્તિના ભાગલા પડતા હતા. ત્યારે હરસાનીજી તો ઝરૂખામાં ઊભા ઊભા વલ્લભની પ્રતીક્ષા કરતા હતા. ત્યાં જ અગ્નિનો પ્રકાશ દેખાયો. થયું કે જેની આટલા યુગોથી પ્રતીક્ષા કરું છું એ મારા વલ્લભ તો નથી પધારી રહ્યા? આંખો ઉપર ભરોંસો ન આવ્યો. જ્યાં સામે વલ્લભને પધારતા જોયા, આંખોમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યાં. ઘરમાં સંપત્તિનો ભાગલા પડે છે પણ એ માટે વિચારવાનો સમય ક્યાં છે? વલ્લભનાં દર્શન કરતાં જ ઝરૂખામાંથી છલાંગ લગાવી દીધી શ્રીવલ્લભના ચરણોમાં. ઝરૂખામાંથી કૂદી પડ્યા. શ્રીવલ્લભના ચરણોને પકડીને કહેવા લાગ્યા : 'જે ચરણારવિંદની પ્રાપ્તિ માટે યુગો યુગો સુધી તરસતો રહ્યો, એ શ્રીવલ્લભના ચરણ આજે મારા હાથમાં આવ્યા છે.'

વલ્લભ કહે છે : 'દમલા, જા, તું પરિવાર પાસે જઈને રજા લઈ આવ.'

'કૃપાનાથ, જેની રાહ જોતો હતો એ જ મળી ગયા છે. હવે પાછો કેમ મોકલો છો? આપ તો પુરુષોત્તમ છો. પુરુષોત્તમે આજ્ઞા કરી છે કે જ્યાં હું ઊભો થઈ જાઉં, એ મારું ધામ કહેવાય. મારા ધામમાં એકવાર આવી જાય, એ કદી પાછો ફરતો નથી. માટે પ્રભુ, આપના ચરણરૂપી ધામમાં એકવાર હું આવી ગયો, તો હવે પાછો ક્યાં જાઉં? સંસારમાં શા માટે જાઉં? હે પ્રભુ, કૃપા કરી મને આપની સાથે લઈ જાઓ.' એ દિવસથી શ્રીહરસાનીજી વલ્લભની સાથે રહ્યા.

વલ્લભનો સ્વભાવ કેવો છે? સ્મરણ કરવા માત્રથી જીવને કૃતાર્થ કરે છે. સ્મરણ કરવા માત્રથી પોતાની કૃપાનું દાન કરે છે.

સુરતમાં શ્રીપુરુષોત્તમજી થઈ ગયા. જેમને દશદિગન્તવિજયી કહેવાય છે. લાખો શ્લોકોના સાહિત્યની રચના તેમણે કરી છે. એ જ્યારે નાના પાંચ વર્ષના હતા ત્યારે સુરતમાં કોઈ મોટા માયાવાદી વિદ્વાન આવ્યા. તેમને ખબર પડી કે વલ્લભના વંશજ આ ગામમાં બિરાજે છે. તો આવીને શાસ્ત્રાર્થ કરવા માટે પડકાર કર્યો.

એટલા મોટા પરમ જ્ઞાની, વિદ્વાન પંડિત અને પાંચ વર્ષના પુરુષોત્તમજી, વિચાર કરે છે કે આમની

જોડે હું ચર્ચા કેવી રીતે કરીશ. ચર્ચા ન કરી શક્યો તો વલ્લભના મતની રક્ષા કેમ થશે? મનમાં એટલો ઉદ્વેગ થયો. નિંદર નથી આવતી. માતુશ્રી પાસે આવ્યા. બધી વાત કરી. પોતાની મનોસ્થિતિ જણાવી. માતુશ્રીએ કહ્યું : 'બાવા, ડરો નહિ. આપનું પ્રાગટ્ય તો શ્રીવલ્લભના પરિવારમાં થયું છે, વલ્લભના વંશમાં થયું છે. બસ, આપની અંદર છુપાયેલા એ વલ્લભને પ્રકટ કરો.'

આ સાંભળતા શ્રીપુરુષોત્તમજી એક રૂમમાં બેસી ગયા. દ્વાર બંધ કરીને ત્રણ દિવસ સુધી અખંડ સર્વોત્તમ સ્તોત્રના પાઠ કર્યા. સ્વયં શ્રીવલ્લભે દર્શન આપી પોતાનો શ્રીહસ્ત એમને માથે પધરાવ્યો. શ્રીપુરુષોત્તમજીએ ત્યારબાદ એ વિદ્વાન સાથે શાસ્ત્રાર્થ કરી, તેને પરાજિત કરી દીધો.

આ પુરુષોત્તમજી એટલા જ્ઞાની થયા, એટલા ગ્રંથો લખ્યા કે એમની ટીકા મહાપ્રભુજીના ગ્રંથ ઉપર મળે તો જ આજે કહેવાય છે કે આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીનો છે. કોઈ ગ્રંથ કે શ્લોક માટે સંશય થાય કે આ શ્રીમહાપ્રભુજીએ લખેલો છે કે કેમ? તો એનું પ્રમાણે એ ગણાય છે કે શું પુરુષોત્તમજીએ એના ઉપર ટીકા લખી છે? લખી હોય તો એ ગ્રંથ શ્રીમહાપ્રભુજીનો હોય, કારણકે શ્રીપુરુષોત્તમજીએ શ્રીમહાપ્રભુજીના દરેક શ્લોક, દરેક ગ્રંથ ઉપર ટીકા લખી છે. આટલા મોટા જ્ઞાની - વિદ્વાન શ્રીવલ્લભના સ્મરણમાત્રથી થયા. કૃપામાત્રથી થયા. માટે કહ્યું : કલિમાં કારણ એહ છે. બીજું સર્વ ભૂમિનો ભાર રે રસના. કારણ સ્મરણ કરવા માત્રથી કૃપા કરવાવાળા શ્રીવલ્લભ છે.

જ્યારે કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીનું શરણ લીધા પછી, પોતાના પહેલા ગુરુ પાસે ગયા ત્યારે ગુરુ પોતાનો ચહેરો ફેરવીને બેસી ગયા. કૃષ્ણદાસ પૂછે છે : 'આપ મારાથી નારાજ કેમ છો?'

'હું તારો ગુરુ છું, છતાં તે બીજા ગુરુ કર્યા?'

'ના, મારા ગુરુ તો આપ જ છો.'

'બધા કહે છે કે તું શ્રીમહાપ્રભુજીના શરણે ગયો છે.'

'મેં કોઈ બીજા ગુરુ નથી કર્યા. આપની કૃપાથી મને સાક્ષાત્ પુરુષોત્તમ મળી ગયા છે.'

'અરે, તું શું વાત કરે છે? વલ્લભ પુરુષોત્તમ છે એનું પ્રમાણ શું?'

જ્યાં પ્રમાણની વાત આવી કે કૃષ્ણદાસ રહી ન શક્યા. ત્યાં જ સગડીમાં બળતા અંગારા હતા, પોતાના હાથમાં ઊઠાવી લીધા અને કહે છે 'જો શ્રીવલ્લભ પુરુષોત્તમ ન હોય તો આ અંગારા હમણાંને હમણાં મારા હાથને બાળી નાખે.' આંખો બંધ કરી શ્રીવલ્લભનું સ્મરણ કરતા ઊભા રહ્યા. અગ્નિ બળીને રાખ થઈ ગયો પણ કૃષ્ણદાસજીના હાથને જરાયે આંચ ન આવી.

આમ સ્મરણ કરવા માત્રથી કૃપા કરવાવાળા, તાપનું હરણ કરવાવાળા શ્રીમહાપ્રભુજી છે. માટે અહીં એમનું સ્મરણ કરવાનું કહે છે. આગળ પણ કહ્યું હતું કે લક્ષ્મણસુત શ્રીવલ્લભરાયજી, સ્મરણ કરંતા દુષ્કૃત જાયજી. અમારા વલ્લભ કેવા છે? સ્મરણ કરે એના બધાં દુષ્કૃત્યોને દૂર કરવાવાળા છે.

શ્રીહરિરાયજીનો પણ પ્રસંગ છે. શ્રીકલ્યાણરાયજીએ એમને દ્વાર બંધ કરી એક રૂમમાં બંધ કરી દીધા. ત્યારે શ્રીહરિરાય મહાપ્રભુને સત્સંગ માટે એટલો તાપ થયો કે આપે ત્રણ દિવસ સુધી શ્રીસર્વોત્તમ સ્તોત્રના અખંડ પાઠ કર્યા. પરિણામે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી બંનેએ પ્રગટ થઈને આપને દર્શન આપ્યાં. બંનેએ પોતાનો શ્રીહસ્ત શ્રીહરિરાયજીને માથે પધરાવ્યો. ત્યારે આપે ગાયું :

જય જય શ્રીવલ્લભ પ્રભુ શ્રીવિઠ્ઠલેશ સાથે,
નિજજન પર કરત કૃપા ધરત હાથ માથે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી તો પ્રગટ છે. જે જીવ એમનું સ્મરણ કરે, સ્મરણ માત્રથી એના મનોરથ પૂરા કરે છે.

વિદેશમાં એક વૈષ્ણવ હતા. નવા ઘરમાં રહેવા માટે ગયા. ઘરમાં શ્રીઠાકોરજીની સેવા પધરાવી હતી. શ્રીગુસાંઈજીનું ચિત્ર પધરાવ્યું હતું. એક દિવસ મોટો ઉત્સવ હતો. એ વૈષ્ણવને ક્યાંક બહાર જવાનું થયું. વિચાર કર્યોકિ સવારે જઈશું અને બપોરે પાછા આવી જઈશું. શ્રીઠાકોરજીને ઘરમાં જ પધરાવી રાખ્યા. થયું કે મારા ઠાકોરજી એકલા છે. આજે તો ઉત્સવનો દિવસ છે. ઉત્સવ નહિ મનાવું તો કેમ ચાલશે? લાવ થોડી સામગ્રી લઈ આવું. જન્માષ્ટમી છે તો રાત્રે આવીને પંચામૃત કરાવીશું અને ખૂબ આનંદ કરીશું. પણ ઠાકોરજીને એકલા મૂકીને કેવી રીતે જવું? ઘરમાં જે શ્રીગુસાંઈજીનું ચિત્ર હતું તે શ્રીઠાકોરજી પાસે પધરાવી દીધું. વિનંતી કરી કે કૃપાનાથ હું જઈને આવું છું. આપના લાલનને સાચવજો. આમ કહીને એ દંપતી ગયાં. રસ્તામાં એટલો બરફ પડ્યો કે બધા રસ્તા બંધ થઈ ગયા. બંનેને ખૂબ તાપ થયો કે શું આજે ઉત્સવના દિવસે અમારાથી અમારા પ્રભુની સેવા નહિ પહોંચાય? પ્રભુ એકલા છે શું થશે?

ત્યાં સૂચના મળી કે આજે આખી રાત રસ્તો બંધ રહેશે. આ વૈષ્ણવ વિચારે છે કે આજે જન્માષ્ટમીની રાત્રિ છે. કેટલો આનંદ કરવાનો મનમાં મનોરથ હતો. શું પ્રભુ આજે આપની સેવા મારાથી નહિ થાય? અમે આપને ઉત્સવના દિવસે સુખ ન આપી શક્યા? આખી રાત રડતા રહ્યા. હે શ્રીગુસાંઈજી પ્રભુ, મારા લાલાને હું તો આપને ભરોસે સોંપીને આવી છું. મારા લાલાનું ધ્યાન રાખજો. કૃપાનાથ, કૃપા કરજો.

આખી રાત ગઈ. બીજો દિવસ પણ ગયો અને સાંજે રસ્તા ખૂલ્યા. ઘેર આવ્યા. જોયું તો શ્રીઠાકોરજી બિરાજતા હતા. શ્રીગુસાંઈજીનું ચિત્ર પણ ત્યાં હતું. પણ એમના બાજુવાળાએ પોલિસમાં કમ્પલેઈન કરી હતી કે રાત્રિના સમયે આ ઘરમાંથી મોટે મોટેથી સંગીત વાગતું હોય એવા અવાજો આવતા હતા. પખાવજ, તબલા, ઝાંઝ વાગતા હતા. તેથી પોલીસ તપાસ કરવા આવી. 'તમે કેમ આટલા મોટે મોટેથી ગાતા હતા? બાજુવાળાને બહુ અવાજ આવતો હતો.'

'અરે, અમે તો આખી રાત ક્યાંથી ગાઈએ? અમે તો રોડ ઉપર બરફમાં ફસાયેલાં હતાં. રાત્રિના સમયે અમે જ્યાં હતાં ત્યાં પોલિસ સ્ટેશન હતું. રાત્રે અમે ત્યાં જ બેઠાં હતાં. ઘરની ચાવી પણ અમારી પાસે હતી. રાત્રે ઘર બંધ હોય ત્યારે ત્યાં સંગીત કેમ થતું હોય?'

'ના, એમ લાગતું હતું કે મોટો ઉત્સવ થઈ રહ્યો છે. લાગતું હતું કે ઘણા બધા લોકો ત્યાં આવ્યા છે. ઝાંઝ-મૃદંગ વાગતા હોય એવો ધ્વનિ સંભળાતો હતો.'

'આવું બની જ ન શકે.' બાજુવાળા ભાઈ આવ્યા અને કહે છે કે મેં બરાબર સાંભળ્યું હતું. અવાજ અહીંથી જ આવતો હતો. એક વ્યક્તિ એવા હતા કે જે વારેવારે બહાર આવતા હતા. બહાર આવીને કંઈક કહીને પાછા અંદર જતા હતા. કેટલા બધા લોકો એમને મળવા આવ્યા હતા.

બધા ઘરમાં ગયા. પેલા ભાઈએ ગુસાંઈજીનું ચિત્ર જોયું. કહે કે આ જ એ વ્યક્તિ છે, જે વારેવારે બહાર આવતા હતા. બધા લોકો એમનાં દર્શન માટે આવતા હતા.

આટલું સાંભળતાં એ વૈષ્ણવ દંપતીનું હૃદય ભરાઈ આવ્યું. ધ્રુસકે ધ્રુસકે રડતાં શ્રીગુસાંઈજીના ચરણોમાં પડ્યાં. નાથ, આપના પ્રભુને આપના સિવાય કોઈ સાચવી ન શકે. કોઈ સુખ આપી ન શકે. કૃપાનાથ, અમે તો પ્રયત્ન કરીએ પણ અમારું કોઈ સામર્થ્ય નથી. આપના પ્રભુની જેટલી ચિંતા આપને હોય, એટલી ચિંતા આ જીવ શું કરવાનો છે? આપના પરિવારને પ્રભુએ પોતાનો પરિવાર માન્યો છે. શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ સિવાય પ્રભુની સેવા કોણ કરી શકે? આપણે તો ખાલી એનું અનુસરણ કરવાનો પ્રયત્ન કરીએ છી. સેવા તો શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલે કરી. અહીં આપે પ્રમાણ આપ્યું કે જ્યાં શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલ બિરાજતા હોય, આપની રીત પ્રમાણે પ્રભુની સેવા થતી હોય, એ ઘર વૈષ્ણવનું નહિ પણ વલ્લભનું ઘર કહેવાય. જે ઘરમાં શ્રીમહાપ્રભુજીની રીત ચાલે એ વલ્લભનું ઘર. જે માટે શ્રીઠાકોરજી કહે કે મૈયા, જેટલો આનંદ મને તારે ત્યાં ન મળે, જેટલો આનંદ મને ગોલોકધામમાં ન મળે એટલો મને વલ્લભને ઘેર મળે છે. રહ્યો મોહિ શ્રીવલ્લભ ગૃહ ભાવે. વલ્લભના ઘર જેવો આનંદ મને બીજે ક્યાંય ન મળે.

એ બહેન આજે પણ મને મળવા આવે છે ત્યારે કહે છે કે શ્રીઠાકોરજી બિરાજે છે. પલેપલ એવો અનુભવ થાય છે કે જાણે પોતે તો થોડી ટહેલ કરે છે પણ જાણે શ્રીગુસાંઈજી જ બધી સેવા કરે છે. જેનામાં દઢતા છે અને પાત્રતા છે એમની અંદર વ્રજભક્તોનો આવેશ આવે છે. જ્યારે આવો આવેશ આવે ત્યારે આપણે સન્મુખ થઈ શકીએ.

કોઈપણ આચાર્ય બાલક જ્યારે બ્રહ્મસંબંધ આપે ત્યારે શ્રીવલ્લભનું અને ગુસાંઈજીનું સ્મરણ કરીને આપે છે. જ્યારે પણ બ્રહ્મસંબંધ આપે ત્યારે શ્રીવલ્લભ જ આપે છે. જ્યારે પણ જીવ બ્રહ્મસંબંધ લે ત્યારે એમની આડીથી શ્રીહરસાનીજી જ બ્રહ્મસંબંધ લે છે. તો જ આ પુષ્ટિભાવ, પુષ્ટિબીજ આપણા જીવનમાં દઢ થાય. માટે કહ્યું : કલિમાં કારણ એહ છે, બીજું સર્વે ભૂમિનો ભારરે રસના.

પ્રભુને પામવાનો કોઈ ઉપાય હોય તો તે શ્રીવલ્લભનો - વિઠ્ઠલનો પરિવાર છે. જો એમનું શરણ મળ્યું તો જગતમાં બધુ મળશે, પણ બધાંને મળવા ગયા અને એમને ખોઈ દીધા, તો કશું રહેશે નહિ. આગળ મીંડાં વધારતા ગયા પણ એકડો ખોઈ દીધો તો એ મીંડાંની કોઈ કિંમત ન રહે. માટે કહ્યું : એ વિના બીજું સર્વે બાદલું - એના વિના બીજું બધુ નકામું છે. અર્થ વિનાનું છે. મૂલ્ય વિનાનું છે. ચૌદ

લોકનો શણગાર રે રસના. ચૌદ લોકનો શણગાર કોઈ હોય તો આ શ્રીવલ્લભનો પરિવાર છે. આમ શ્રીગોપાલદાસજી પોતાના નિત્યલીલાના સખી સ્વરૂપને રસનાનું સંબોધન કરી નિત્યલીલાને અને ભૂતલની લીલાને પ્રકટ સમજાવી રહ્યા છે.

નિત્યલીલાના સખી સ્વરૂપ જેને રસના કહે છે તે પૂછે છે : 'તમે કહી રહ્યા છો ગોપાલદાસજી કે જે પુરુષોત્તમ અહીં નિત્યલીલામાં બિરાજમાન છે, એ જ શ્રીગુસાંઈજી સ્વરૂપે ભૂતલ ઉપર લીલા કરી રહ્યા છે, તો પ્રભુ તો એને કહેવાય કે જેમાં ષડ્ધર્મો છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. એ છ ધર્મો જેનામાં બિરાજમાન હોય એને પુરુષોત્તમ કહેવાય. તો શું આપના એ સ્વરૂપોમાં આ ધર્મો છે?' ગોપાલદાસજી પરિવારના એક એક સ્વરૂપનું વર્ણન કરતાં આ પ્રશ્નનો જવાબ આપી રહ્યા છે. સૌથી પહેલાં શ્રીગોપીનાથજીનું વર્ણન કરે છે.

શ્રીગોપીનાથજી સોહામણા,
નવ જલ ઘન તનુ ભાણ રે રસના
સુખ દાતા લઘુ ભ્રાતના,
પૂરણ પુરુષ પ્રમાણ રે રસના...૩

સૌથી પ્રથમ શ્રીગોપીનાથજીનું વર્ણન કરે છે. શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ લાલજી ગોપીનાથજી કેવા છે? તો કહે છે જેમ જલથી ભરેલું શ્યામ વાદળ હોય, એ વરસે ત્યારે શીતલતા પણ આપે અને ભીંજવી પણ દે, બરાબર શ્રીગોપીનાથજી એવા જ છે. આપશ્રીની ભગવદ્ સેવામાં ખૂબ તત્પરતા છે. એમણે નિયમ લીધેલો કે સમગ્ર શ્રીમદ્ ભાગવતજીનો પાઠ જ્યારે પૂર્ણ થાય તે પછી ભોજન કરવું. ૧૮૦૦૦ શ્લોકોનો પાઠ પૂર્ણ થાય પછી ભોજન કરે તો ઘણીવાર ૩-૪ દિવસ લાગી જાય. શ્રીમહાપ્રભુજીને થયું કે આ દેહ ભગવદ્ સેવા માટે છે. કદાચ ભોજન નિયમિત નહિ લે અને અશક્ત થશે તો ભગવદ્ સેવામાં કેમ કરીને પહોંચાશે? એ ન ભોજન કરે તો એમનાં પરિવારજનો પણ ભોજન ન કરે. નિયમ લીધો છે તો હવે શું કરવું?

શ્રીવલ્લભે આનો ઉપાય કરવા શ્રીમદ્ ભાગવતજીના સારરૂપ શ્રીપુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રની રચના કરી. શ્રીગોપીનાથજીને એ સ્તોત્ર આપી આજ્ઞા કરી કે આ સ્તોત્રનો આપ પાઠ કરજો. એનો પાઠ કરનારને સમસ્ત શ્રીભાગવતના પાઠનું ફલ પ્રાપ્ત થશે.

વળી કહે છે ગોપીનાથજી-સુખદાતા લઘુભ્રાતના - નાના ભાઈ ગુસાંઈજીને સુખ આપનારા છે. જ્યારે શ્રીમહાપ્રભુજીએ આસુર વ્યામોહ લીલા કરી, તે વખતે શ્રીગુસાંઈજી બહુ નાના હતા. ત્યારે શ્રીગુસાંઈજીને કોઈએ સાચવ્યા હોય તો શ્રીગોપીનાથજીએ સાચવ્યા.

મંગળાચરણમાં આપણે બોલીએ છીએ કે તમહં સર્વદા વન્દે શ્રીમદ્ વલ્લભનંદનં. આ શ્લોકનો અર્થ ઘણા એવો કરે છે કે શ્રીવલ્લભનંદન શ્રીગુસાંઈજીને હું વંદન કરું છું. પણ આ શ્લોક શ્રીગુસાંઈજીએ લખેલો છે. તેઓ આ શ્લોકથી પોતાના મોટા ભાઈ, વલ્લભનંદન એવા શ્રીગોપીનાથજીને વંદન કરે છે. કારણકે શ્રીગોપીનાથજીએ શ્રીગુસાંઈજીને પિતાની જેમ સાચવ્યા હતા. તેમનાં લગ્ન પણ કરાવ્યાં હતાં. શ્રીગોપીનાથજીને અહીં વંદન કરીએ. આપનું પ્રાકટ્ય

ભાદરવા વદ બારસે થયું. આપે પુષ્ટિમાર્ગના પ્રચાર અને પ્રસાર માટે અદ્ભુત કાર્ય કર્યું. અનેક જીવોને શરણે લીધા. પ્રભુની સન્મુખ કર્યા. હવે શ્રીગોપાલદાસજી ચોથી ટૂકમાં કહે છે :

કમલલોચન કરૂણાભર્યાં,
શ્રીવિઠ્ઠલ સુખરાશ રે રસના.
દીઠડે તાપ ત્રિવિધ ટળે,
સ્મરણ માત્ર અઘનાશ રે રસના...૪

પોતાની આસક્તિનું સ્વરૂપ, પોતાનું ઈષ્ટ સ્વરૂપ, પોતાનું સર્વસ્વ એવા શ્રીગુસાંઈજીનું વર્ણન કરતા કહે છે કે તેઓ કમલલોચન છે. એટલે કે તેમનાં નેત્રોનો આકાર કમળ જેવો છે. આપનાં નેત્રો શીતળતા આપનારા છે. તેઓ દૃષ્ટિ કરવા માત્રથી આપણા હૃદયના તાપને હરી લે છે. દૃષ્ટિ માત્રથી ભક્તના ભાવની વૃદ્ધિ કરે છે. ભાવનું દાન કરે છે. ભાવ કેળવાય નહિ – ભાવનું દાન આપણને થાય છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણ દૃષ્ટિમાત્રથી આપણી પાત્રતા અને અધિકાર જોઈને ભાવનું દાન કરે ત્યારે આપણે એ ભાવ સંપાદન કરી શકીએ.

ભાવ બે પ્રકારના – સ્થાયી ભાવ અને સંચારી ભાવ. હંમેશા એક ભાવ રહે તેને સ્થાયીભાવ કહેવાય અને ક્યારેક બાલભાવ જાગે, ક્યારેક સ્વામીભાવ તો ક્યારેક દાસભાવ એમ વારંવાર ભાવ બદલાય એને સંચારી ભાવ કહેવાય. પણ એક ભાવ એવો છે કે જે હંમેશા રહે છે. એને સાચા અર્થમાં સ્થાયીભાવ કહેવાય.

કમળનેત્રનો એક અર્થ એ પણ છે કે લીલાત્મક દૃષ્ટિનું દાન આપનારા. દા.ત. જ્યારે આપે શ્રીયમુનાષ્ટપદી રચી ત્યારે કહ્યું કે શ્રીયમુનાજીમાં રાત્રિના સમયે સફેદ કમળ દેખાય છે. દિવસે દર્શન કરું તો લાલ કમળ દેખાય છે. આમતો વહેતાં જળમાં ક્યારેય કમળ ખીલે નહિ. શ્રીગુસાંઈજી લીલાત્મક દૃષ્ટિ આપતાં કહે છે કે શ્રીઠાકોરજી યમુનાજીના તટ ઉપર નિત્ય રાસ કરે છે. શ્રીયમુનાજી રોજ પ્રતીક્ષા કરે કે મારા પ્રભુ ક્યારે પધારે? શ્રીઠાકોરજી પધારે, સાથે સખીજનો પધારે. જેટલાં સખીજનો હોય એટલાં સ્વરૂપો ધારણ કરી પ્રભુ રાસ કરે. શ્રીયમુનાજીને થાય કે મારે એક એક નેત્રથી એક એક પ્રભુને જોવા છે. બે નેત્રોથી તો કેમ કરીને બધાં સ્વરૂપને જોઈ શકું? તો એ સમયે યમુનાજીના જળમાં હજારો પોયણીઓ ખીલી જાય. એ પોયણીઓ એ રાસનાં દર્શન કરવા શ્રીયમુનાજીએ ધારણ કરેલાં તેમના હજારો નેત્રો છે. આ નેત્રોથી શ્રીયમુનાજી આખી રાત શ્રીઠાકોરજીનાં રાસનાં દર્શન કરે છે. દિવસ થાય ત્યારે લાલ કમળ કેમ ખીલે? આખી રાત કોઈ જાગ્યું હોય તો દિવસે એની આંખો લાલ જ લાગે ને! આમ કમળ એ યમુનાજીનાં નેત્ર છે, એવી ભાવદૃષ્ટિ આપણને શ્રીગુસાંઈજી આપે છે માટે એમને અહીં કમલલોચન કહ્યા છે. કમલલોચનનો એક અર્થ એ પણ છે કે જે આપણા હૃદયકમળમાં શું છે, તે જાણતા હોય એ જાણે કે આ જીવ ક્યાંનો છે, કઈ કક્ષાનો છે એ પ્રમાણે એને શ્રીગુસાંઈજી ટહેલ આપે છે. કોઈને શ્રીઠાકોરજીની સેવા સોંપી, ઘણાંને સત્સંગમાં અટકાવ્યા. ઘણાને ગાયોની સેવા સોંપી. ઘણાંને વૈષ્ણવોની સેવા સોંપી. જે કક્ષાના જીવ હતા તેવી સેવા સોંપી. આપણને જે સેવા મળે તેનાથી આપણો ઉદ્ધાર છે એમ માનવું. માટે કહ્યું કમલલોચન. આપ કરૂણાભર્યા છે. જેને કોઈ ન સ્વીકારે એવા જીવોને પણ કરૂણા કરી આપે સ્વીકાર્યા

છે. ૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આપણે પ્રસંગો જોઈએ છીએ કે કેવા કેવા ઠગ, ચોર, છલ કરવા આવેલા જીવો હતા જેમનું આપે કૃપાદૃષ્ટિ દ્વારા વરણ કર્યું. કૃષ્ણદાસજીએ છ મહિનાનો વિપ્રયોગ કરાવ્યો, આપ છ મહિના ચંદ્રસરોવર ઉપર આવીને બિરાજ્યા. શ્રીનાથજીના મંદિરની નાનકડી બારી ઉપર દૃષ્ટિ સ્થિર રાખી દર્શન કરતા. એ બારી પણ બંધ કરાવી દીધી ત્યારે શ્રીગુસાંઈજીને ખૂબ તાપ થયો. એનાથી હજારગણો તાપ શ્રીજીબાવાને થયો. શ્રીગુસાંઈજીને પોતાના વિપ્રયોગની પીડા કરતાં શ્રીનાથજીબાવાના વિપ્રયોગની પીડા વધુ થઈ. પ્રભુ, હું તો સહી લઈશ, વિયોગના દિવસો પસાર કરી દઈશ પણ પ્રભુ આપ કઈ રીતે સહન કરશો? આપનું હૃદય તો કોમળ છે.

છ મહિના જેમણે દર્શન બંધ કરાવ્યા એ કૃષ્ણદાસને જ્યારે કારાગૃહમાં નાખ્યા ત્યારે શ્રીગુસાંઈજી કહે છે : 'મારા પિતૃચરણના કૃપાપાત્રને કારાવાસ? જ્યાં સુધી એ પાછા નહિ આવે ત્યાં સુધી હું અન્ન-જલનો ત્યાગ કરીશ.' આવી કરૂણા શ્રીગુસાંઈજી કરતા. જ્યારે કૃષ્ણદાસજીને છોડાવીને લાવ્યા, ત્યારે એમણે ગાયું : પરમ કૃપાલ શ્રીવલ્લભ નંદન, કરત કૃપા નિજ હસ્ત દે માથે. આપના જેવી કૃપા પ્રભુ, કોણ કરી શકે? આવા કૃપાળુ કોણ હોઈ શકે. જીવોના દોષ ન જોઈ આપ કૃપા કરો છે. માટે કહ્યું કે કમલલોચન કરૂણાભર્યા. શ્રીવિઠ્ઠલ સુખરાશ રે રસના.

શ્રીગુસાંઈજી પ્રભુચરણ બધા સુખોનો સાગર છે. તેઓ એવા સાગર છે જેમાંથી આઠ આઠ લહેરો નીકળે છે. એક એક લહેર નીકળી. અષ્ટસખા પ્રકટ કર્યા. અષ્ટસ્વરૂપો પ્રગટ કર્યા, અષ્ટયામની સેવા પ્રકટ કરી. આપે પુષ્ટિમાર્ગનો સેવાક્રમ પ્રગટ કર્યો.

શ્રીગુસાંઈજી એવા છે કે જેમનાં દર્શન કરવા માત્રથી આપણા ત્રિવિધ તાપ દૂર થાય. દીઠડે તાપ ત્રિવિધ ટળે. નેત્રોનો, કર્ણનો અને મુખનો તાપ દૂર થાય. શ્રીગુસાંઈજીનાં દર્શનથી નેત્રોનો, આપના શબ્દો કાનમાં પડે ત્યારે કર્ણનો, આપણે જેમનાં દર્શન કરવા આવ્યા તેમની સાથે વાતચીત કરવાથી મુખનો તાપ દૂર થાય. આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક એ ત્રણે તાપોનું શમન તેમનાં દર્શન કરવા માત્રથી દૂર થાય છે. માટે કહ્યું : દીઠડે તાપ ત્રિવિધ ટળે રે.

શ્રીગુસાંઈજીએ સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણે પ્રકારના જીવો ઉપર કૃપા કરી, શરણે લીધા. આપનામાં ષડ્ ધર્મો બિરાજમાન છે. જેનો અનુભવ આપણે કરી રહ્યાં છીએ. એમને જોતાંની સાથે તાપ ટળે અને એમનું સ્મરણ કરીએ તો? જીવમાં એટલા દોષો કરવાનું સામર્થ્ય નથી, જેટલો દોષો સ્મરણ માત્રથી દૂર કરવાનું સામર્થ્ય શ્રીગુસાંઈજીમાં છે. અહીં શ્રીગુસાંઈજીને આપણે વંદન કરીએ.

શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય નોમના દિવસે. રામચંદ્રજીનું પ્રાગટ્ય પણ નોમના દિવસે અને નંદમહોત્સવ પણ નોમના દિવસે. શ્રીગુસાંઈજીએ નોમના દિવસે પ્રાગટ્ય એટલા માટે લીધું કે રામચંદ્રજીની મર્યાદા, આચારવિચાર અને નંદમહોત્સવનો આનંદ બંનેને જોડીને આપે પુષ્ટિમાર્ગની સીમા બાંધી. પુષ્ટિમાર્ગને આનંદ-ઉત્સવનો માર્ગ બનાવ્યો કે જેમાં વૈષ્ણવો પ્રતિક્ષણે

આનંદ માણે. આપે મનોવૈજ્ઞાનિક ઢંગથી સેવાપ્રણાલિકા બાંધી કે જેઓ ઘરમાં શ્રીમહાપ્રભુજીની રીત પ્રમાણે સેવા કરતા હોય એ લોકો એક ક્ષણ પણ નવરા ન પડે. ઠાકોરજી એમને ક્ષણ પણ નવરા પડવા જ ન દે. અહીં વિરહ ગુપ્ત છે. ઉત્સવનો આનંદ પ્રકટ છે. સાચા અર્થમાં પુષ્ટિમાર્ગ આનંદનો માર્ગ છે. પ્રભુના સાન્નિધ્યમાં રહીએ તો સદા આનંદમાં રહીએ. મર્યાદામાં જઈએ તો ગવાતું હોય – કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે. પુષ્ટિમાર્ગમાં તો કહત સબનકો આવો આવો. અહીં બધાં આપણાં છે. બધા દૈવી છે, પુષ્ટિજીવો છે. પુષ્ટિજીવોને બોલાવવા માટે તો શ્રીગુસાંઈજી પ્રભુચરણ પધાર્યા છે. જીવોને ઠાકોરજીની સન્મુખ કરવા માટે પધાર્યા છે. જીવ જેનાથી વિખૂટો પડ્યો છે એની સાથે જોડવા માટે પધાર્યા છે. માટે કહ્યું દીઠડે તાપ ત્રિવિધ ટળે. સ્મરણમાત્ર અઘ નાશરે રસના.

શ્રીગોપીનાથજીને વંદન કર્યાં. શ્રીગુસાંઈજીનું સ્મરણ કર્યું. હવે શ્રીગુસાંઈજીના પરિવારનું વર્ણન કરે છે.

શ્રીગિરિધર નરભૂષણ,
ભ્રાત સકલ ધુરિધાર રે રસના,
વક્તા વેદશાસ્ત્ર તણા,
શ્રી ભામિનીજી ભરથાર રે રસના...૫

છ લાલજી ષડ્ધર્મરૂપ છે અને શ્રીગિરિધરજી ધર્મી સ્વરૂપ છે. ધર્મી સ્વરૂપ એને કહેવાય કે જેણે આ બધા ધર્મોને ધારણ કરેલા હોય. શ્રીગુસાંઈજીની ગિરિધરજી ઉપર ઘણી કૃપા હતી. શ્રીગિરિધરજી પણ શ્રીગુસાંઈજીના હાર્દને જાણતા. એકવાર શ્રીગિરિધરજી અને ગોકુલનાથજી બંને ઊભા હતા. શ્રીગુસાંઈજી પણ જોડે હતા. એ જ વખતે શ્રીયમુનાજીમાંથી એક વડનું પાંદડું વહેતું વહેતું જતું હતું. શ્રીગુસાંઈજી કહે કે ગિરિધર, આ ઢાકનું પાન કેવું સુંદર છે! શ્રીગિરિધરજી કહે કે 'હા કાકાજી, આ ઢાકનું પાન ખરેખર બહુ સુંદર છે!'

શ્રીગુસાંઈજી પધાર્યા પછી શ્રીગોકુલનાથજીએ પૂછ્યું : 'દાદાભાઈ, આપ આવું ખોટું કેમ બોલ્યા? જે પાન વહેતું વહેતું જતું હતું એ તો વડનું હતું. જ્યારે કાકાજીએ ગલતીથી કહ્યું કે આ ઢાકનું પાન સુંદર છે. તો આપે પણ કેમ એને ઢાકનું પાન કહ્યું? કેમ ન કહ્યું કે આ વડનું પાન છે?'

ગિરિધરજી કહે : 'જુઓ વલ્લભ, જ્યારે કાકાજીએ યમુનાજીમાં વડના પાનને વહેતું જોયું ત્યારે આપને શ્યામ ઢાકની લીલાની સુધી આવી ગઈ. શ્યામ ઢાકમાં આ સમયે શ્રીનાથજીબાવા કોઈ લીલા કરી રહ્યા છે. તેથી આપને એ ઢાકનું પાન લાગ્યું. માટે મેં પણ એને ઢાકનું પાન જ કહ્યું. આપણો આખો માર્ગ સુધીનો છે. સુધિ એટલે જેને જોઈને આપણને સ્મરણ થાય.'

આપણે ત્યાં શ્રીહરિરાય મહાપ્રભુ શ્રીગુસાંઈજીનું સ્વરૂપ કહેવાય છે. જ્યારે શ્રીહરિરાયજી જેસલમેર પધાર્યા હતા, ત્યારે ત્યાં રેતીના ટીલા જોઈ આપને શ્રીગિરિરાજજીની યાદ આવી ગઈ, અને ત્યાં એમને સાક્ષાત્ શ્રીગિરિરાજજીનાં દર્શન થયાં. ત્યારે આપશ્રીએ ગાયું :

ગોવર્ધનકી રહીએ તરેટી. આ પદ આપે જતિપુરામાં નહિ પણ જેસલમેરમાં ગાયું છે. આ

સુધિનું પદ છે. જેસલમેરમાં આવો વિસ્તાર પણ છે જેનું નામ તરેટી છે અને કુંડ પણ છે જેનું નામ ગોવિંદકુંડ છે. આ બાબતનું પ્રમાણ શું?

રસિક પ્રીતમ હિત ચિતકી બાતેં શ્રીગિરિધારીજીસોં કહિએ. શ્રીગિરિધારીજીનું મંદિર છે જેસલમેરમાં અને તેની બરાબર પાસે શ્રીહરિરાયજીની બેઠક છે. આમ આ સુધિનું પદ છે.

આ ગિરિધરજી ઉપર શ્રીનાથજીબાવાએ બહુ મોટી કૃપા કરી છે. શ્રીગુસાંઈજીએ સતઘરા સિધ્ધ કરાવ્યું, બધા સ્વરૂપ ત્યાં બિરાજમાન થયા હતા. એક દિવસ શ્રીગિરિધરજી શ્રીનાથજીબાવાના શૃંગાર કરતા હતા. ત્યારે શ્રીનાથજીબાવાએ તેમને પોતાની મથુરા પધારવાની ઈચ્છા જણાવી. કહે છે : 'મને તારા ઘરે આવવું છે.' તે સમયે શ્રીગુસાંઈજી પરદેશ બિરાજતા હતા. શ્રીગિરિધરજીએ શ્રીનાથજીબાવાની ઈચ્છા જાણી મોટો રથ તૈયાર કરાવ્યો. કોઈ સેવકો શ્રીનાથજીબાવાને ઊંચકી ન શક્યા ત્યારે શ્રીગિરિધરજીએ પોતે શ્રીનાથજીને પોતાના ખભા ઉપર પધરાવી, દોડતા દોડતા શ્રીગિરિરાજજી ઉપરથી નીચે ઉતર્યા અને પ્રભુને રથમાં પધરાવ્યા. શ્રીનાથજીબાવાએ પ્રસન્ન થઈને આજ્ઞા કરી : 'ગોવર્ધન, મારો ભાર તારા સિવાય કોઈ ઊંચકી નહિ શકે.' એટલા માટે શ્રીનાથજીબાવાએ શ્રીગિરિધરજીના વંશને પોતાની સેવા આપી.

શ્રીગિરિધરજી શ્રીનાથજીબાવાને પધરાવીને મથુરા પધાર્યા, સતઘરામાં આપ બિરાજ્યા, તે દિવસ મહા વદ સાતમનો હતો. શ્રીજીબાવાનો પાટોત્સવ આ દિવસે ઉજવાય છે કારણકે આ દિવસે આપ શ્રીગુસાંઈજીના ઘેર પધાર્યા છે. અહીં પધારી આપે શ્રીગુસાંઈજીના પરિવારને ઘણું સુખ આપ્યું છે. શ્રીગિરિધરજીએ કહ્યું : શ્રીજીબાવા સ્વયં પોતાની ઈચ્છાથી પધાર્યા છે, ત્યારે આપણે આપણી પાસે કાંઈ બાકી રાખવાનું નથી. સૌએ પોતાની પાસે જે કાંઈ હતું તે સર્વસ્વ શ્રીનાથજીબાવાના ચરણોમાં સમર્પિત કરી દીધું. એક બેટીજી પાસે વાળી રહી ગઈ હતી, કે પણ શ્રીજીએ માગી લીધી. હોળીખેલના દિવસો હતા. શ્રીજી સૌની સાથે હોળી ખેલ્યા. વળી એક દિવસ કહે છે : 'મથુરામાં જાતજાતના ખેલ કરવાવાળા ઘણા હોય છે, મારે પણ એ ખેલ જોવા જવું છે.'

શ્રીગિરિધરજી વિચાર કરે છે કે જો હું શ્રીનાથજીબાવાને પધરાવીને ખેલ બતાવવા લઈ જઈશ તો આખા ગામમાં ખબર પડી જશે. યવનોનો ઉપદ્રવ તે સમયે ઘણો હતો. તેથી બધા ખેલ કરવાવાળાને પોતાને ત્યાં બોલાવે. શ્રીનાથજીબાવા પણ આનંદથી-પ્રસન્નતાથી એને માણે. આમ શ્રીનાથજીબાવા શ્રીગુસાંઈજીના ઘરને પોતાનું ઘર માનીને પધાર્યા. શ્રીગિરિધરજી ધર્મી સ્વરૂપ છે. એટલે કે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ એ ધર્મો આપનામાં છે. આપનું ઐશ્વર્ય શું? ઐશ્વર્ય એ જ શ્રી ઠાકોરજીને સર્વસ્વ માનીને એમનામાં જે આવેશ આવ્યો, મારા પ્રભુ છે અને એ પ્રભુને પ્રસન્ન રાખવાનો મારો ધર્મ છે, પછી એ ચિંતા ન કરી કે શ્રીગુસાંઈજી પધારશે તો શું કહેશે? ગામમાં કોઈને ખબર પડશે તો શું કહેશે? પ્રભુની આજ્ઞાનું પાલન કરવામાં પરંતુ-કિંતુ એવો વિચાર ન આવે - એ વીર્ય ધર્મ છે. વૈષ્ણવનો યશ કયો? તો એ કે વૈષ્ણવ

ભગવદ્ સેવા કરે ત્યારે ઘરનાં બીજાં પણ એ સેવામાં જોડાય. એનાથી વિમુખ ન થાય. શ્રી એટલે સંપત્તિ. આપણી સેવાથી આપણા પ્રભુ પ્રસન્ન થાય ત્યારે માનવું કે 'શ્રી' ધર્મનું દાન પ્રભુએ કર્યું છે. ત્યારપછી જ્ઞાન. જ્ઞાન એટલે શું? પ્રભુને શું ગમે, શું ન ગમે એનું જ્ઞાન થાય એ સાચું જ્ઞાન. બધું જાણી લીધું હોય પણ આપણા પ્રભુને શું પ્રિય છે અને શું અપ્રિય છે, એનું જ જ્ઞાન ન હોય તો બધું જાણેલું નકામું. છેલ્લે આવે વૈરાગ્ય. શ્રીગિરિધરજીએ શ્રીનાથજીબાવાને પોતાની સકલ સંપત્તિ, પોતાનું સર્વસ્વ ધરી દીધું. પોતે ભવિષ્યમાં શું કરશે એનો પણ વિચાર ન કર્યો. પોતાના બાળકોનો કે પરિવારનો વિચાર કર્યા વિના પોતાનું સકળ ઐશ્વર્ય શ્રીનાથજીબાવાના ચરણોમાં ધરી દીધું. આ આપનો વૈરાગ્ય છે. આમ છ એ ધર્મો આપનામાં બિરાજે છે. તેથી આપ ધર્મી સ્વરૂપ છે.

શ્રીગુસાંઈજી ગોવિંદસ્વામીને લઈને જ્યારે નિત્યલીલામાં પધારતા હતા ત્યારે શ્રીગિરિધરજીની આંખમાં અશ્રુ આવી ગયા. આપશ્રીને શ્રીગિરિરાજજીની કંદરામાં પધારતા રોકવાનો પ્રયત્ન કર્યો. ઘણો વિલાપ કર્યો. કહ્યું કે શ્રીનાથજીને સુખ કોણ આપશે? પ્રભુને આપની આદત પડી ગઈ છે. આપ પધારી જશો તો અમે પ્રભુને કેમ કરીને સુખ આપીશું? ખૂબ તાપ શ્રીગિરિધરજીને થયો. શ્રીગુસાંઈજીએ ઉપરણો આપીને પાછા મોકલ્યા.

શ્રીગિરિધરજી ઉપર શ્રીગુસાંઈજીની ઘણી કૃપા હતી. સાતમા લાલજી શ્રીઘનશ્યામજી બહુ નાના હતા ત્યારે એમના માતુશ્રી લીલામાં પધાર્યાં હતાં. શ્રીગુસાંઈજી ગુજરાત પધારતા હતા ત્યારે શ્રીગિરિધરજીનાં વહુજી શ્રીભામિની વહુજીને ઘનશ્યામજી સોંપ્યા. આજ્ઞા કરી : આને માથે માનું છત્ર નથી. આપ એમનાં મોટાં ભાભી છો. ભાભી મા સમાન કહેવાય. આપ જ એમને સાચવજો.' ઘણા મહિનાઓ પછી આપ પાછા પધાર્યા ત્યારે ઘનશ્યામજીની ચિંતા કરતા હતા કે એનું કોઈએ ધ્યાન રાખ્યું હશે કે નહિ રાખ્યું હોય? પણ જ્યારે એમને જોયા તો ખૂબ હૃષ્ટપુષ્ટ હતા. આનંદમાં હતા. જાણે પોતાની માતાના ખોળામાં ખેલતા હોય એમ પોતાની ભાભીના ખોળામાં ખેલતા જોયા. આપશ્રીની આંખોમાં હર્ષના અશ્રુ આવ્યાં. ભામિની વહુજીના ખોળામાં યજ્ઞના અક્ષત પધરાવી આશીર્વાદ આપ્યા. 'આપે આ બાળકને એની માનું સુખ આપ્યું છે. હું બહુ પ્રસન્ન થયો છું. આપને વરદાન આપું છું કે આ ભૂતલ ઉપર શ્રીગિરિધરજીનો વંશ હંમેશા રહેશે.' આ વચન પ્રમાણે આજે તેમનો વંશ વિદ્યમાન છે. ભૂતલ ઉપર વલ્લભકુલના જેટલા પણ બાળકો બિરાજે છે, એ બે આચાર્યોનો વંશ છે. એક શ્રીગિરિધરજી અને બીજા છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજી.

એકવાર શ્રીગિરિધરજી પોતાના સેવ્ય શ્રીમથુરાધીશની સેવા કરતા હતા. શૃંગાર ધરતાં ધરતાં આપની દૃષ્ટિ શ્રીમથુરાધીશના નેત્રો ઉપર પડી. બંનેના નેત્રો એવાં મળી ગયાં કે શ્રીગિરિધરજીને લાગ્યું કે શ્રીમથુરાધીશ પોતાને બોલાવી રહ્યા છે. ધીરે ધીરે આપશ્રી સદેહે શ્રીમથુરાધીશના મુખારવિંદમાં સમાઈ ગયા. નિત્યલીલામાં પધાર્યાં. આપશ્રીએ પોતાના જીવનકાળ દરમ્યાન માત્ર છ વૈષ્ણવોને બ્રહ્મસંબંધ આપ્યું છે. શ્રીગિરિધરજીનો

પ્રભાવ અને નિત્યલીલાની આપની સુધિ એવી હતી કે આપશ્રી જેમને બ્રહ્મસંબંધ આપતા તેમને તરત જ નિત્યલીલાની પ્રાપ્તિ થઈ જતી. અહીં શ્રીગિરિધરજીને આપણે વંદન કરીએ.

હવે શ્રીગોપાલદાસજી આગળની કડીમાં શ્રીગોવિંદરાયજીનું દર્શન કરાવતાં ગાય છે :

શ્રીગોવિંદજી આનંદમય,
ધર્મ સકલનું ધામ રે રસના,
શ્રી રાણીજી રંજન રૂડલાં,
ભક્ત સકલ વિશ્રામ રે રસના...૬

શ્રીગોવિંદરાયજી શ્રીઠાકોરજીનું ઐશ્વર્ય સ્વરૂપ છે.

આપની ભગવદ્‌સેવામાં ખૂબ આસક્તિ હતી. જ્યારે આપનાં લગ્ન નિશ્ચિત થયા, ત્યારે સાંજનું મુહૂર્ત આવ્યું. શ્રીગોવિંદરાયજીને ઉત્થાપનની સેવાનો નિયમ હતો. જ્યારે જાણ્યું કે લગ્નનો સમય ઉત્થાપનની સેવાનો જ સમય છે, ત્યારથી એમને ચેન પડતું નથી. શ્રીગુસાંઈજીને કહી શકતા નથી. મનમાં ઉદ્વેગ કરી રહ્યા છે કે આ લૌકિક પ્રસંગને કારણે મારી ભગવદ્ સેવા છૂટશે? મારો ઝારીજી ભરવાનો સમય ચાલ્યો જશે. લગ્નનો દિવસ આવી ગયો. સાયંકાલે આપને સુંદર શૃંગાર થયા છે. સહેરો બાંધ્યો છે. અશ્વ ઉપર સવાર થયાને ધૈર્ય છૂટી ગયું. મારા શ્રીજીને છોડીને જઈ રહ્યો છું એવું લાગતાં ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. હજારો વૈષ્ણવો વરઘોડાના દર્શન કરવા માટે આવેલા છે. કોઈ જાણી ન શક્યું કે આપ આજના દિવસે કેમ રૂદન કરે છે. શ્રીગુસાંઈજી સમજી ગયા. 'બાવા, ચિંતા ન કરો. લગ્નનું મુહૂર્ત બીજું કાઢીશું. જાઓ, સેવામાં પધારો.' જુઓ કેવા પુત્ર અને કેવા પિતા ! ભગવદ્ સેવાનો કેવો વિરહ!

શ્રીગોવિંદરાયજીની આંખોમાં ચમક આવી. સ્મિત કર્યું. ઘોડા ઉપરથી ઉતરીને અપરસ કરી. પ્રભુની ટહેલમાં પહોંચ્યા. પોતાના હાથે ઝારીજી ભર્યા. પછી સંતોષ થયો. પછી લગ્ન કરવા પધાર્યા. ત્યારથી વલ્લભકુળમાં ક્રમ આવ્યો કે શયન પછી જ લગ્નની વિધિ થાય. વિવાહ અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ એટલા માટે કરવાનો છે કે શ્રીઠાકોરજીની સેવામાં એક જીવ વધે. એક સેવક વધે. ભગવદ્ સેવા છૂટે એવો ક્રમ અહીં સ્વીકાર્ય નથી.

ગોવિંદરાયજીને ત્યાં પુત્રનું પ્રાગટ્ય થયું. શ્રીગુસાંઈજીના ઘેર પ્રથમ પૌત્ર પ્રગટ્યા. શ્રીગુસાંઈજી શ્રીજીબાવાની સેવામાં હતા અને ત્યાં આપને આ વધાઈ મળી. વધાઈ સાંભળીને શ્રીનાથજીના મુખમાંથી નીકળ્યું : 'ગોવિંદકે ઘર કલ્યાણ પ્રગટે.' માટે શ્રીગુસાંઈજીએ પૌત્રનું નામ 'કલ્યાણ' રાખ્યું. સ્વયં શ્રીનાથજીબાવાએ નામ આપ્યું. શ્રીગુસાંઈજીએ પૌત્રજન્મની વધાઈના રૂપમાં શ્રીનાથજીબાવાને સુંદર નૂપુર સિદ્ધ કરાવ્યા. એ નૂપુર આજે પણ શ્રીનાથજીબાવા ધરે છે.

જેવો સેવાનો તાપ, ભગવદ્ સેવાનો આગ્રહ શ્રીગોવિંદરાયજીને હતો તેવો જ સેવાનો આગ્રહ શ્રીકલ્યાણરાયજીને પણ હતો. જ્યારે શ્રીમહાપ્રભુજીના ભાઈ કેશવપુરીજી પોતાના મઠના ઉત્તરાધિકારી માટે શ્રીગુસાંઈજી પાસે તેમના એક બાળકને ગોદ લેવા માટે આવ્યા, ત્યારે શ્રીગુસાંઈજીના બધા બાળકોએ મઠના અધિપતિ થવાની, કરોડોની સંપત્તિના માલિક થવાની ના પાડી દીધી. શ્રીનાથજીની સેવા છોડીને અમારે ક્યાંય જવું

નથી. એ વખતે ઘરમાં સૌથી નાના હતા શ્રીકલ્યાણરાયજી. તેમને થયું કે બધાએ ના પાડી છે, હું ઘરમાં નાનો છું, કદાચ ગુસાંઈજી મને ગોદ આપી દેશે તો મારી સેવા અને વ્રજ છૂટી જશે. મારે આ બધું છોડીને જવું નથી. રાત્રે શ્રીગુસાંઈજી પોઢ્યા હતા. એકદમ જાગી ગયા. તેમને લાગ્યું કે મારા કક્ષની બહાર બેસીને કોઈ રડી રહ્યું છે. જોયું તો નાનકડા કલ્યાણરાયજી રડે છે. પૂછે છે : 'બાવા, આપ કેમ રડો છો?'

'મને બીક લાગે છે.' 'શાની બીક લાગે છે? બતાવો.'

'હું આજે આપની પાસે કાંઈ માગવા ઈચ્છું છું. આપ મારા મસ્તક ઉપર હાથ મૂકીને વચન આપો કે હું જે માગીશ તે આપ આપશો.'

શ્રીગુસાંઈજીએ મસ્તક ઉપર હાથ મૂકીને કહ્યુ: 'બાવા, બતાવો તો સહી. આપકો કયા ચાહિયે?'

કલ્યાણરાયજીએ એક કીર્તન ગાયું. 'વ્રજ તજ અનત ન જાઉં.' હે કૃપાનાથ, એવા આશીર્વાદ આપો કે આ વ્રજ છોડીને હું ક્યાંય ન જાઉં. મને ઈન્દ્રની સંપત્તિ મળે તો પણ મારે માટે એ ધૂળ બરાબર છે. મારે મારા શ્રીજીની સેવા છોડવી નથી. મારા પ્રભુની સેવા છોડીને સમગ્ર દુનિયાનું ઐશ્વર્ય મળે તો પણ મારે માટે એની કોઈ કિંમત નથી.

પૌત્રનો આ ભાવ સાંભળી શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈ તેમને પોતાના હ્દયથી લગાવી લીધા. પોતાના મુખમાંથી ચર્વિત તાંબુલ કાઢી કલ્યાણરાયજીના મુખમાં પધરાવ્યું. માનો એ રીતે પોતાના સ્વરૂપને કલ્યાણરાયજીના હ્દયમાં સ્થાપિત કર્યું. એ ચર્વિત તાંબુલના ફળસ્વરૂપ કલ્યાણરાયજીને ત્યાં શિક્ષાસાગર શ્રીહરિરાયજી મહાપ્રભુ પ્રકટ્યા. જેમણે શિક્ષાપત્ર અને અન્ય ગ્રંથો દ્વારા સમગ્ર પુષ્ટિસૃષ્ટિને સનાથ કરી. પોતાની વાણી, વિચારો દ્વારા ધન્ય કરી. શ્રી ગોવિંદરાયજીને અહીં વંદન કરીએ.

હવે આગળની કડીમાં ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજી વિશે કહે છે :

શ્રીબાલકૃષ્ણજી બાલુવા,
સુંદર ભીનલે વાન રે રસના,
કમલ લોચન કમલાપતિ,
છબી નહિ કો' એ સમાન રે રસના...૭

શ્રીબાલકૃષ્ણજી જલથી ભરેલા વાદળ જેવા મેઘશ્યામ સ્વરૂપ છે. આપ કમલલોચન છે. આપનાં નેત્રો કમળની પાંખડી જેવા છે. તેથી જ આપનું ઘરનું નામ રાજીવલોચન હતું. શ્રીગુસાંઈજીએ શ્રીનાથજી માટે નેત્રો સિધ્ધ કરવાનો વિચાર કર્યો. જેટલી વાર ઝવેરી નેત્રો સિધ્ધ કરીને લાવે તેટલી વાર શ્રીનાથજી એને પસંદ ન કરે. વારેવારે નેત્રો બન્યાં પછી શ્રીગુસાંઈજીએ કહ્યું : 'આપને કેવાં નેત્રો જોઈએ તે બતાવો.'

ત્યાં જ શ્રીબાલકૃષ્ણજી પધાર્યા. શ્રીનાથજીબાવાએ કહ્યું : બરોબર આમના જેવાં જ નેત્રો મારે માટે સિધ્ધ કરાવો. આજે આપણા શ્રીનાથજીબાવા જે નેત્રો ધરે છે એ નેત્ર-અલંકાર બરાબર શ્રીબાલકૃષ્ણજીનાં નેત્રોને જોઈને બનાવવામાં આવ્યાં છે.

શ્રીગુસાંઈજીએ શ્રીબાલકૃષ્ણજીને સેવા કરવા માટે શ્રીદ્વારિકાધીશનું સ્વરૂપ પધરાવી આપ્યું. એ સેવા કરતા પણ એમને એવું મન હતું કે મારા પ્રભુ

સ્વામિનીજી સહિત બિરાજે અને હું એમની સેવા કરું. શ્રીગુસાંઈજીને પૂછ્યું : 'કૃપાનાથ, મારા પ્રભુનાં સ્વામિનીજી કોણ છે?' શ્રીગુસાંઈજીએ તેમને સુવર્ણના કડાં આપ્યાં અને કહ્યું કે આ કડાં જેમના હાથમાં બરોબર માપનાં આવી જાય એ શ્રીદ્વારિકાધીશનાં સ્વામિની છે, એમ માનજો. કડાં લઈને વ્રજમાં ફરતાં ફરતાં શ્રીબાલકૃષ્ણજી ગુંજાવનમાં પધાર્યા. ત્યાં શ્રીયમુનાજી પધાર્યાં અને કહે કે મારાં કડાં આપી દો. કયાં છે? કડાં બરોબર આપના શ્રીહસ્તમાં માપસર આવી ગયાં. માટે શ્રીદ્વારિકાધીશનાં સ્વામિનીજી શ્રીયમુનાજી છે.

શ્રીબાલકૃષ્ણજીને નંદમહોત્સવના ઉત્સવમાં ખૂબ આસક્તિ હતી. એકવાર જન્માષ્ટમીના ઉત્સવ ઉપર એમને વરધી પડી. વરધીમાં નંદમહોત્સવમાં જવાય નહીં. દહીં ઊડે, ભીનું થાય એટલે બધું છોવાઈ જાય. એટલે બધા બાળકો ઝરુખામાં ઊભા ઊભા દર્શન કરતા હતા. નીચે બધા વૈષ્ણવો નંદમહોત્સવનો આનંદ બધા લઈ રહ્યા હતા, ઝાંઝ-મૃદંગના તાલે બધા નૃત્ય કરી રહ્યા હતા. એ દર્શન કરતાં જ શ્રીબાલકૃષ્ણજીને એવો આવેશ આવ્યો, કે ઝરૂખામાંથી નીચે કૂદી પડ્યા. બધાંની સાથે નૃત્ય કરવા લાગ્યા. એમને રોકવા કોઈ ગયું તો શ્રીગુસાંઈજીએ ના પાડી. બાવા હમણાં આવેશમાં છે. રોકો નહિ. આવેશમાં છે ત્યાં સુધી કશું છોવાશે નહિ. આમ આપે સુંદર રીતે નંદમહોત્સવ મનાવ્યો.

શ્રીબાલકૃષ્ણજીને અહીં વંદન કરીએ.

હવે યશસ્વરૂપ શ્રીગોકુલેશપ્રભુનું વર્ણન ગોપાલદાસજી કરે છે.

શ્રીગોકુલપતિ અતિ ગુણનિધિ,
તાત તણો પ્રતિબિંબ રે રસના
શ્રી પાર્વતી પતિ પ્રેમશું,
શોભા સકલ કુટુંબ રે રસના...૮

અહીં કહે છે કે શ્રીગોકુલનાથજી જાણે સાક્ષાત્ શ્રીવલ્લભનું સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી જ જાણે પોતાનું અધૂરું કાર્ય કરવા પધાર્યા હોય તેમ લાગે છે. માટે કહ્યું તાત તણો પ્રતિબિંબ રે રસના.

આપનું પ્રાગટ્ય માગશર સુદ સાતમે થયું. જ્યારે શ્રીરુક્મિણી વહુજીને પ્રસવ પીડા ઉપડી, તે સમયે કૃષ્ણાદાસીએ આવીને વિનંતી કરી કે બાવા, યહ સમય પધારવે કે લિયે ઠીક નહિ. વિનંતીની સાથે પ્રસવપીડા રોકાઈ ગઈ. જ્યારે દિવસ-વાર-સમય નિશ્ચિત રીતે અનુકૂલ આવ્યો, ત્યારે કૃષ્ણાદાસીએ વિનંતી કરી કે બાવા, અબ પધારો. એજ સમયે શ્રીગોકુલનાથજીનું પ્રાગટ્ય થયું. કૃષ્ણાદાસીએ કહ્યું, મેરો શ્રીગોકુલનાથ આયો. ઘરમાં નામ હતું વલ્લભ પણ પોતાના ભક્તે જે નામ-ગોકુલનાથ-આપ્યું હતું તે નામથી આપ જગત ભરમાં પ્રસિધ્ધ થયા.

'તાત તણો પ્રતિબિંબ' શબ્દથી પરિચય આપીને ગોપાલદાસજીએ જણાવ્યું કે શ્રીવલ્લભે જે કાર્ય માટે પ્રાગટ્ય લીધું હતું, અને જે કાર્ય અધૂરું હતું તે પૂર્ણ કરવા માટે આપ ભૂતલ ઉપર પધાર્યા. ગોકુલેશ પ્રભુ જો પ્રકટ્યા ન હોત તો આજે આપણે કંઠમાં તુલસીમાળા અને લલાટમાં તિલક ધારણ કરી શકતા ન હોત. માત્ર ગોકુલેશપ્રભુની કૃપાથી જ આપણે માળા-તિલક ધારણ કરી શકીએ છીએ.

શ્રીગોકુલનાથજીએ આપણા ઉપર બીજી એક વિશિષ્ટ કૃપા કરી છે. શ્રીયમુનાજીનાં મુકુટ કાછનીના સ્વરૂપનાં આજે આપણે જે દર્શન કરીએ છીએ, તે શ્રીમહાપ્રભુજીના કે શ્રીગુસાંઈજીના સમયમાં ન હતા. શ્રીયમુનાજીનું વર્ણન ઘણું થયું હતું પણ ચિત્રજી ન હતાં. જ્યારે શ્રીગોકુલનાથજીએ માનલીલાનું વર્ણન કરી વૈષ્ણવોને બતાવ્યું કે કેવી રીતે શ્રીયમુનાજીએ મુકુટ કાછનીનો શૃંગાર ધારણ કરી બંને સ્વરૂપોનું માન છોડાવ્યું, ત્યારે એ પ્રસંગનું વર્ણન સાંભળતા બધા વૈષ્ણવોના મનમાં દર્શન માટે એવો તાપ જાગ્યો કે એમણે શ્રીગોકુલનાથજીને એ સ્વરૂપનાં દર્શન કરાવવા વિનંતી કરી. એ વખતે શ્રીગોકુલનાથજીએ ચિત્રકારને બોલાવ્યો. પોતે શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન કરતા ગયા અને ચિત્રકારે એ પ્રમાણે ચિત્ર તૈયાર કર્યું. આમ માત્ર અને માત્ર શ્રીગોકુલનાથજીની કૃપાથી આપણે આજે શ્રીયમુનાજીનાં ચિત્રજીનાં દર્શન કરી શકીએ છીએ.

શ્રીમહાપ્રભુજીના ભૂતલ ઉપરના અનેક કાર્યોમાં એક કાર્ય નિજ માહાત્મ્ય પ્રગટ કરવાનું હતું. ટીકાકારોએ નિજ માહાત્મ્યનો અર્થ કર્યો કે નિજજનોનું માહાત્મ્ય. એવા ઘણા સંપ્રદાયો થયા છે કે જેમાં ભક્તોએ એમના ગુરુની કથા-વાર્તા લખી હોય પણ એક માત્ર આપણો સંપ્રદાય એવો છે કે જેમાં શ્રીગોકુલનાથજી આચાર્ય થયા અને એમણે ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા વાર્તાના સ્વરૂપે લખી અને પોતાના નિજજનોનું માહાત્મ્ય પ્રગટ કર્યું. આપણને ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓની અપ્રતીમ ભેટ જે મળી તે શ્રીગોકુલનાથજીની કૃપાનું પરિણામ છે.

એકવાર શ્રીગોકુલનાથજી શ્રીનાથજીબાવાના શૃંગાર કરતા હતા. જોયું તો નિજમંદિરની બારીમાંથી શ્રીનાથજી ઉપર તડકો આવી રહ્યો છે. આપથી આ સહન ન થયું. મીસ્ત્રીને બોલાવી દીવાલ ચણાવી બારી બંધ કરી દીધી. શ્રીનાથજીબાવા એ બારીમાંથી દરરોજ પોતાના સખાઓને ખેલતા જોતા હતા. બારી બંધ થઈ તો સખાઓ પણ દેખાતા બંધ થયા. શ્રીગોકુલનાથજી તો પધારી ગયા. શ્રીનાથજીએ મોહનાને કહ્યું : 'તું જઈને વલ્લભને કહે કે આપ પધારીને આ દીવાલ દૂર કરો.' મોહના તો ભાગતો ભાગતો ગયો. શ્રીગોકુલનાથજીને વિનંતી કરે છે : 'કૃપાનાથ, શ્રીનાથજીએ આપને માટે સંદેશો મોકલ્યો છે. મારા વલ્લભને જઈને કહે કે અહીં પધારીને આ દીવાલ હટાવી દે.'

જ્યાં આ શબ્દો સાંભળ્યા કે શ્રીગોકુલનાથજી પૂછે છે : મોહના ફરી કહે. શ્રીનાથજીએ શું આજ્ઞા કરી છે?' મોહનાએ ફરીથી કહ્યું. સાંભળતા આપની આંખમાંથી દડ દડ આંસુ પડ્યાં. કહે છે : 'ફરી કહે મોહના, મારા શ્રીજીએ શું આજ્ઞા કરી છે?' મોહનાએ ફરીથી આજ્ઞા કહી સંભળાવી. શ્રીગોકુલનાથજી તો સાંભળીને જાણે મૂર્છિત થવા લાગ્યા. મોહનાને થયું કે મારાથી શું કહેવાઈ ગયું કે આપને આવું દુઃખ થયું. 'મોહના, મને સાચું જ બતાવ, શ્રીનાથજીબાવાએ એમના મુખારવિંદથી મારું નામ લીધું છે? શ્રીનાથજી પોતે બોલ્યા હતા કે મારા વલ્લભને જઈને કહેજે. જ્યારે બોલ્યા ત્યારે એમ બોલ્યા કે 'મારા વલ્લભને' કહેજે?

'હા કૃપાનાથ, 'મારા વલ્લભ' એવું કહ્યું હતું. આટલું સાંભળતા શ્રીગોકુલનાથજીની

આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. એ જ ઘડીએ પધારીને દીવાલ દૂર કરી. એ દિવસે આપે મોટો ઉત્સવ મનાવ્યો. શ્રીનાથજીએ મને પોતાનો કરી જાણ્યો છે. પ્રભુ જ્યારે આપણને પોતાના માને પછી એનાથી વધીને આપણને બીજું શું જોઈએ?

શ્રીગોકુલનાથજી લીલાઓ દિવ્ય છે. અનેક ધોળપદોમાં એમની લીલાનું દર્શન ભક્તોએ કરાવ્યું છે.

વારી વારી શ્રીગોકુલનાથ, તમારા લટકાને.
લટકે શ્રીગોકુલ ગામ વસાવ્યું,
ને મોટા ગંદિરનું રાજ રે,
સબ સેવકને ચરણે રાખો,
ચૌદ ભુવનના નાથ.. તમારા.
પીળા પીતાંબર પરવટ વાધા,
ઓઢ્યા ઉપરણા સાર રે,
કેસર કેરા તિલક બિરાજે,
શિર પર કેસરી પાગ... તમારા.
કંઠે સેહિયા દુગદુગી ને હીરા કંઠી અતિ સારી રે,
કંઠે મોતીનકી માલા બિરાજે
કુંડલ ઝલકે કાન... તમારા.
શુધ્ધ સુવર્ણનાં કડાં બિરાજે,
પહોંચી રત્ન જડાવ રે,
બાંહે બાજુબંધ બેરખા બિરાજે
એવા સર્વ શણગાર... તમારા.
મદનમોહનજી આપ બિરાજે
શ્રીબાલકૃષ્ણલાલની જોડ રે
નવનીતપ્રિયજી આપ બિરાજે,
બડા વૈષ્ણવનાં ભાગ્ય - તમારા.
સાતે સ્વરૂપ શ્રીગોકુલ બિરાજે
જાણીએ ગોલોક પુરી રે,
મોટે મંદિરે શ્રીગોકુલનાથજી બિરાજે,
સામા શ્રીવલ્લભજીનાં રાજ.. તમારા.
ગોકુલનાથજીને પાર્વતી વહુજી,
નિત્ય નવી આરતી પૂરે રે,
લટકે શ્રીગોકુલનાથ આરતી ઉતારે,
સેવકને સુખ રાશ... તમારા.

* * *

જય જય શ્રીગોકુલેશ, જય જય શ્રીગોકુલેશ
શેષ ન રહે કલેશ, જય જય શ્રીગોકુલેશ

અહીં શ્રીગોકુલનાથજીને વંદન કરીએ.

આગળ પાંચમા લાલજી શ્રીરઘુનાથજીનું વર્ણન જોઈએ.

શ્રી રઘુપતિ, અતિ ગજગતિ,
રતિ-પતિ કરું બલિહાર રે રસના
શ્રીજાનકી જીવન એ સદા,
મધ્ય મણિ રત્નમય હાર રે રસના...૯

શ્રીગુસાંઈજીના પંચમ લાલજી શ્રીસ્વરૂપ શ્રીરઘુનાથજી હતા. એમને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં ખૂબ આસક્તિ હતી. એમનો નિયમ હતો કે સવારે નેત્રો ખોલે ત્યારે સૌ પ્રથમ શ્રીગુસાંઈજીનાં જ દર્શન કરે. જાગીને નેત્ર ખોલ્યા વિના સીધા શ્રીગુસાંઈજીના કક્ષમાં જઈ શ્રીગુસાંઈજીનાં દર્શન કરે. એકવાર આ રીતે આંખો બંધ કરીને જતાં ઠેસ વાગી, પીડા થઈ, શ્રીગુસાંઈજીથી સહન ન થયું, પોતાનું ચિત્ર સિધ્ધ કરી પધરાવી આપ્યું કે રોજ આ ચિત્રજીનાં દર્શન કરજો અને તમારો નિયમ સાચવજો. જ્યારે પણ રઘુનાથજી એ ચિત્રનાં દર્શન

કરે ત્યારે શ્રીગુસાંઈજીનાં પ્રકટ સ્વરૂપનાં દર્શન એમને થતાં.

શ્રી રઘુનાથજી ઉપર શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની ખૂબ કૃપા હતી. શ્રીગુસાંઈજીના સમયમાં એવો નિયમ હતો કે જ્યારે સેવામાં હોય ત્યારે આચાર્યો સંસ્કૃતમાં વાત કરતા. એક દિવસ શૃંગાર કરતા કરતા શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'મંજૂષામાનય.' શૃંગારની પેટી લાવો. સંસ્કૃત જાણતા ન હોવાથી નાનકડા રઘુનાથજી સમજી ન શક્યા કે શું લાવવાનું છે. જે દિશામાં આંગળી કરી હતી તે દિશામાં દોડ્યા તો ખરા, પણ હૃદયમાં તાપ થયો કે સેવામાં શાની આવશ્યકતા છે અને શું લઈ જવાનું છે તે કેવી રીતે જાણવું. શ્રીમહાપ્રભુજી આ તાપ સહન ન કરી શક્યા. ત્યાં પ્રગટ થઈ રઘુનાથજીના મસ્તકે શ્રીહસ્ત પધરાવી આશીર્વાદ આપ્યા. ત્યાં શ્રીરઘુનાથજીને સકલ શાસ્ત્રોનું જ્ઞાન થયું. 'નામરત્નાખ્ય સ્તોત્ર' બોલતાં બોલતાં શૃંગારની મંજૂષા લઈ પધાર્યા.

જ્યારે તુલસીદાસજી શ્રીગુસાંઈજી પાસે પધાર્યા ત્યારે શ્રીરઘુનાથજી અને તેમનાં વહુજી શ્રીજાનકીવહુજીનાં તેમને સાક્ષાત્ શ્રીરામ અને સીતાજી સ્વરૂપે દર્શન થયાં. આવી કૃપાનો અનુભવ થયો. શ્રીરઘુનાથજીએ શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કરી. જ્યારે આપ લીલામાં પધાર્યા ત્યારે આપ પણ શ્રીગોકુલચંદ્રમાજીના સ્વરૂપની અંદર જ સમાઈ ગયા. શ્રીરઘુનાથજીને અહીં વંદન કરીએ. હવે છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીનું વર્ણન શ્રીગોપાલદાસજી કરે છે.

શ્રી યદુપતિ જીવન જગતના,
સદા મન પ્રસન્ન ઉલ્લાસ રે રસના,
નાથ તે શ્રીમહારાણીજી તણા,
મુખ માધુરી વિલાસ રે રસના...૧૦

શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી જ્ઞાનસ્વરૂપ શ્રીયદુનાથજીનું વર્ણન કરતાં કહે છે કે તેઓ જગતના જીવન રૂપ છે. આપનું પ્રાગટ્ય ચૈત્ર સુદ છઠના રોજ છે. એ દિવસે શ્રીયમુનાજીનું પણ પ્રાકટ્ય માનવામાં આવે છે. તેથી શ્રીયદુનાથજી યમુનાજીનું પણ એક સ્વરૂપ છે. જેમ શ્રીયમુનાજીને નિત્ય સંયોગ છે તેમ શ્રીયદુનાથજીને પણ નિત્ય સંયોગ છે. માટે આપ સદા આનંદમાં રહેવાવાળા છે. આપનું ઘરનું નામ 'મહારાજ' છે. આપનાં વહુજીનું નામ 'મહારાણી' વહુજી છે. આપશ્રી પોતાની વાણી દ્વારા, પોતાના ગ્રંથો દ્વારા જીવોને કૃતાર્થ કરનારા છે. જીવોને પુષ્ટિમાર્ગમાં અગ્રેસર કરનારા છે. આપે શ્રીમહાપ્રભુજીના ચરિત્ર રૂપે શ્રીવલ્લભ દિગ્વિજય ગ્રંથ આપ્યો છે. એ ગ્રંથ દ્વારા શ્રીમહાપ્રભજીના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું છે. આવા શ્રીયદુનાથજીને વંદન કરી આગળ શ્રી ઘનશ્યામલાલજી વિશે ગોપાલદાસજી કહે છે તે જોઈએ.

શ્રીઘનશ્યામજી સિંચે સુધા,
જીવન સકલ બ્રહ્માંડ રે રસના,
નાથ તે શ્રીકૃષણાવતી તણા,
લીલા નિત્ય અખંડ રે રસના...૧૧

શ્રીગુસાંઈજીના સપ્તમ લાલજી શ્રીઘનશ્યામજી વૈરાગ્ય ધર્મ લઈને પ્રકટ્યા છે. પોતાની અમૃતસુધા દ્વારા, પોતાની વાણી દ્વારા, વચનામૃત દ્વારા જાણે આખા બ્રહ્માંડને સિંચી રહ્યા છે. જ્યારે ભૂમિ તપ્ત બની હોય અને કોઈ સિંચન કરી બીજને પલ્લવિત કરે એમ શ્રીઘનશ્યામલાલજી

પોતાની વાણી દ્વારા આખા બ્રહ્માંડને પોષિત કરી રહ્યા છે. આપનાં વહુજીનું નામ શ્રીકૃષ્ણાવતી વહુજી છે. જેમની લીલા નિત્ય અને અખંડ છે એવા શ્રીઘનશ્યામલાલજીને આપણે વંદન કરીએ. આગળની બે ટુક, જેમાં શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીનાં બેટીજીનું વર્ણન છે, તે જોઈએ.

શ્રીલક્ષ્મી, સત્યભામા બેહુ,
અગ્રજની અનુહાર રે રસના,
શ્રીનવનીતપ્રિયજીને રીઝવ્યા,
સેવ્યા વિવિધ પ્રકાર રે રસના...૧૨
શોભા યમુના કમલા દેવકા,
જેને સાત બાંધવ સૌભાગ્ય રે રસના,
એહુના ચરણ સ્મરણ કરી
શ્રીવિઠ્ઠલ પદ રજ રતિ માગ્ય રે રસના...૧૩

સાત લાલજી પછી હવે બેટીજીનું વર્ણન કરે છે. શ્રીલક્ષ્મીજી અને સત્યભામાજી આ બે બેટીજી શ્રીગોપીનાથજીનાં છે. એમના અગ્રજ એટલે શ્રીપુરુષોત્તમજી. શ્રીપુરુષોત્તમજી જે પ્રમાણે શ્રીનવનીતપ્રિયજીની ટહેલ કરે છે તેમ આ બંને બેટીજી પણ શ્રીનવનીતપ્રિયજીને ખૂબ સુખ આપે છે.

શ્રીગુસાંઈજી પ્રભુચરણનાં ચાર બેટીજી છે. શોભા, યમુના, કમલા, દેવકા-શ્રીગોપાલદાસજી કહે છે કે એમનાં ચરણનું સ્મરણ કરી, એમની ચરણરજમાં રતિ અને મતિ તું માગ.

હવે છેલ્લી ટૂકમાં શ્રીગોપાલદાસજી કહે છે.

પુત્ર પૌત્રાદિક સુખ શું કહું,
જો તું મુખમાં એક રે રસના,
શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમ ફળ્યો,
તેની શાખા પ્રસરી અનેક રે રસના...૧૪

આ છેલ્લી પંક્તિમાં જે રસના શબ્દ છે એ જિહ્વા માટે છે. શ્રીગુસાંઈજી અને એમના લાલજીની લીલાનું વર્ણન પોતે જ્યારે પોતાના લીલા સ્વરૂપ સાથે કરતા હતા ત્યારે વર્ણન કરતાં કરતાં પોતાની જિહ્વાની અસમર્થતાનું જ્ઞાન થયું. જો હું આ બધી લીલાનું પૂર્ણ વર્ણન કરવા જાઉં તો પૂર્ણ વર્ણન થઈ ન શકે. આવી પોતાની અસમર્થતા બતાવવા પોતાની જિહ્વાને કહે છે : જો તું મુખમાં એક રે રસના.

શ્રીગુસાંઈજી રૂપી કલ્પવૃક્ષ ફળ્યો છે. તેની શાખાઓ અનેક ફેલાઈ છે. બધે જઈને એ શાખાઓ પોતાની સૃષ્ટિને, પોતાના જીવોને પોષણ આપી રહી છે.

હવે સમય થઈ ગયો છે. વિશેષ કાંઈ ન કહેતાં આ શ્રી વલ્લભાખ્યાનને શ્રીગુસાંઈજીના ચરણકમલમાં સમર્પિત કરું છું. આ તો શ્રીગુસાંઈજીની વાણી છે. તેઓ જ્યારે હૃદયમાં બિરાજમાન થઈ પોતાના જીવોને કાંઈક આપવા માગે તો કોઈને નિમિત્ત બનાવીને આપે. આ ત્રણ વર્ષના સત્સંગમાં જે નિમિત્ત બન્યા એવા શ્રીહરસાનીજી ચેરિટેબલ ટ્રસ્ટને આપણે ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન આપીશું. આ શુભ કાર્યમાં જોડાયેલાં શ્રીવસંતબેન, વિજયભાઈ, પ્રમોદભાઈ, અમિતભાઈ, સુરેખાબેન અને એમનો બધો પરિકર, જેમણે આવી સુંદર સજાવટ કરીને જે લીલાનું વર્ણન થાય તે લીલા આપણી સામે તાદશ પ્રગટ કરી, એ સૌને પણ ખૂબ ખૂબ ધન્યવાદ. આ ઉત્સવમાં જે જે નિમિત્ત બન્યા,

મનોરથી બન્યા એ બધાને પણ ખૂબ ખૂબ શુભકામના. આ દિવ્ય ધામ પ્રેમપુરી આશ્રમ, તેના બધા કમિટિ મેમ્બરો, ટ્રસ્ટીગણ-આ ભૂમિનો પ્રભાવ કંઈક એવો છે કે અહીં બેઠાં હોઈએ ત્યારે લાગે નહિ કે આપણે મુંબઈની મધ્યમાં છીએ, ક્યાંક ગંગાજી કે યમુનાજીના તટ ઉપર હોઈએ એવી અનુભૂતિ થાય છે. ગંગાજીના તટની અનુભૂતિ આ ભવનમાં અને શ્રીયમુનાજીના તટની અનુભૂતિ આ વૈષ્ણવોની લહેરો જોઈએ એટલે થાય છે.

વિશેષ તો શું કહું પણ જે કંઈ આપે શ્રવણ કર્યું અને જે કંઈ સ્પર્શ્યું હોય એને પોતાની પૂંજી માનીને હૃદયમાં રાખજો. શ્રીગુસાંઈજીનું સ્વરૂપ જે હૃદયમાં પ્રગટ્યું છે, એને સદા આપની પાસે રાખજો. સૌને શુભકામના, શુભ આશિષ. એક વિનંતી શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીના ચરણોમાં કરીશ કે યદિ આપ કોઈના હૃદયમાં પ્રગટ્યા હો તો સદા માટે ત્યાં જ બિરાજજો. અહીં મારી વાણીને વિરામ આપું છું.

શ્રીવલ્લભાધીશકી જય
શ્રી ગોવર્ધનનાથકી જય
શ્રીયમુનેમહારાણીજીકી જય

❖

શ્રીવલ્લભાખ્યાન

આખ્યાન-૧

વંદુ શ્રીવિઠ્ઠલ વર સુંદર, નવ ઘન શ્યામ તમાલ;
જગતી તલ ઉદ્ધાર કરવા, પ્રગટ્યા પરમ દયાલ. ૧
શ્રીપુરુષોત્તમ સ્વતંત્ર ક્રીડા, લીલા દ્વિજ-તનુ ધારી;
સાત દિવસ ગિરિવર કર ધાર્યો, વાસવ વૃષ્ટિ નિવારી. ૨
તે પ્રગટ્યાનું કારણ કહીએ, જો સુરતા મન આણો;
કરો કૃપા હું કરું વિનંતી, પોતાનો કરી જાણો. ૩
વ્યાપક રૂપ અદ્વૈત બ્રહ્મ જે, તેજોમય કહેવાય;
આર્ય પંથ અધિકારી મુનિ જન, તે માંહે લય થાય.૪
અક્ષર આદિ અખંડ અનુપમ, ઉપમા કહી નવ જાય;
અસ્તિ-વસ્તુ સહુ કો મળી બોલે, નિગમ ‘નેતિ-નેતિ’ ગાય. ૫
નિર્ગુણનો નિર્દેશ અટપટો, રસના શી પેરે કહીએ?
રૂપ, વર્ણ, વપુ, દૃષ્ટ પદારથ, ત્યાં એકો નવ લહીએ. ૬
તેહ થકી પુરુષોત્તમ અળગા, લીલા અચલ વિહાર;
બ્રહ્મ જ્ઞાની ને મુક્તિ મારગી, સ્વપ્ને નહિ વ્યવહાર. ૭
જ્યાં શ્રી વૃંદાવન આદિ અચલ શશિ, શરદ રેન બહુ વેશ;
વન દેવી પદ કુમકુમ મુખ સુખ, પરસે રંગ વિશેષ. ૮
જ્યાં સરિતા ચામીકર મણિગણ, ઉભય બદ્ધ સોપાન;
કમલ, કુમુદ, નાના અલિ સુંદર, મધુર કરે ત્યાં ગાન. ૯
કનક લતા, માલતી, મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ;
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ. ૧૦
પદ્મરાગ મરકત મણિ, સ્ફટિક, શ્રીગોવર્ધન સોહે;
બ્રહ્મા, રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરિનાં મન મોહે. ૧૧
નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહિ પાર;

વિવિધ પ્રકારે જૂજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર. ૧૨
શ્યામા શત દલ નયન સુંદરી, જૂથ તણો નહિ પાર;
અનેક રાસ મંડલ રચના રચી, ખેલે શ્રીનંદકુમાર. ૧૩
એણી પેરે નિત્ય નવલી લીલા, ઘોષ વાદ્ય ઝંકાર;
અંગ-સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર. ૧૪
એ પ્રભુને મન ઈચ્છા ઉપની, યશ થાવા વિસ્તાર;
અધિકારી પાખે એ વાણી, નહિ કોને ઉચ્ચાર. ૧૫
ભ્રૂભંગેથી સૃષ્ટિ નીપની, અતિ સુંદર બ્રહ્માંડ;
ચોદ લોક નાના વૈચિત્ર્યે, ભૂમંડલ નવ ખંડ. ૧૬
પર પોતાની વ્યક્તિ કરેવા, સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર;
દૈવી-આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર. ૧૭
ભક્તિ સુંદરી ને માયા દાસી, બે મૂરત પ્રગટાવી;
તેમાં પહેલી નખશિખ સુભગા, શ્રી હરિને મન ભાવી. ૧૮
કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં, ઉપન્યા સત્ત્વ અનંત;
ભક્તિ લીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત. ૧૯
બીજી કટાક્ષે જે જન ઉપન્યા, માયામાં થયા લીન;
કર્મજડ આસુર અન્ય ઉપાસક, ભજન ધર્મથી હીન. ૨૦
એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધાગુણ, મિશ્રિત ચાલી જાય;
ભક્તિ મારગી જીવ સ્વતંત્ર, કેવલ ભક્ત ન થાય. ૨૧
શ્રીપુરુષોત્તમે વળી વિચાર્યું, હવે પ્રકાર શો કરીએ;
મારી સેવા અને કથા રસ, નિરૂપવા તનુ ધરીએ. ૨૨
ભક્ત જીવનાં ભાગ્ય વિસ્તર્યાં, ઈચ્છા કરી હરિ સાર;
તેણે હેતે આપો પેં પ્રગટ્યા, શ્રીવલ્લભ રાજ કુમાર. ૨૩
પૂર્ણ બ્રહ્મ શ્રી લક્ષ્મણ-સુત, પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ;
શ્રીગોકુલમાં પ્રગટ પધાર્યા, સ્વજન કીધાં સનાથ. ૨૪

❖

આખ્યાન-૨

[રાગ : રામકલી]

લક્ષ્મણસુત શ્રીવલ્લભ રાયજી,
સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી;
કલિજન તરવા નહિ અવર ઉપાયજી,
યજ્ઞ પુરુષ હરિના શ્રુતિ ગુણ ગાયજી. ૧
ગાય શ્રુતિ ગુણ-રૂપ અહર્નિશ, ધરી ધ્યાન વિચાર;
આનંદરૂપ, અનૂપ, સુંદર, પામે નહિ કોઈ પાર. ૨
પ્રાણ પતિ-પ્રાગટ્ય કારણ, કાંઈક કહું મતિ મંદ;
હર, સુર, વિધાતા, નવ લહે, સાક્ષાત્ બ્રહ્માનંદ. ૩
શ્રી વૃંદાવન-ચંદ મુખ રુચિ, અગ્નિ તે અવતાર;
દ્વિજ તિલક ત્રિભુવન, નામ-નિરૂપમ, રૂપ અંગીકાર. ૪
દેવ લોકે દુંદુભિ વાગિયાં, આનંદ કરે રે નિશંક;
અસુર તિમિર ઉચ્છેદવા, ભુવિ વલ્લભ દેવ મયંક. ૫
પૂર્ણ પુરુષ પ્રમાણ પંથા, વ્યાખ્યાતા વેદાંત;
ગ્રંથ સર્વે રસ રૂપ કીધા, પોતાને સિદ્ધાંત. ૬
રસિક રસના રસિક વાણી, જાણી નર નવ ખંડ;
ઊર્ધ્વપંથા સુયશ પ્રસર્યો, વાધિયો બ્રહ્માંડ. ૭
એક બ્રહ્માંડે જેના જશ ન માયા, તેના હુવા કોટિ અનંત;
તોય ત્યાં થકી વાધિયો, જઈ વસ્યો મુખ ધીમંત. ૮
અતુલ અમલ ઉદ્યોત ઉદયો, ભૂતલ દ્વિજ માર્તંડ;
ભક્તિ મારગ-કેસરી, ગજ-માયિક-મત શત ખંડ. ૯
દિગ્વિજય દશ દિશાયે કીધો, પરિક્રમાને વ્યાજ;
તીર્થસકલ સનાથ કીધાં, ચરણ રેણુ-સમાજ. ૧૦
પત્રાવલંબે પંડિત જીત્યા, માયિક-મત્ત-માતંગ;
શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા, જેનાં રૂપ કોટિ અનંગ. ૧૧

સ્વમારગ સ્થિર સ્થાપવા, આપવા ભજનાનંદ;
નામ આપ્યાં જીવને, શુભ મિષ્ટ મુખ-મકરંદ. ૧૨
અનેક જીવને કૃપા કરવા, દેશાંતર પ્રવેશ;
કોમલ પદ જ્યાં કમલ વિલસે, ધન્ય કહું તે દેશ. ૧૩
અંગ, બંગ, કલિંગ, કૈકટ માગધ, મારુ, સૂર, સિંધ;
તે તામસનાં અઘ હર્યાં, પરતાપ પદ રજ - ગંધ. ૧૪
કનક સ્નાન શત મણ સુવર્ણે, કરાવ્યું મહિપાળ;
તે મૂકી વેગે ચાલિયા, રાય દૃષ્ટિ ન પાછી વાળ. ૧૫
ત્યાંથી દક્ષિણ પાંઉ ધારિયા, પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ;
નેત્ર મળતાં વાત કીધી, વચન દીધું હાથ. ૧૬
વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રીવલ્લભજી શું વાત;
અમને તે ઈચ્છા એહ છે જે, હું નંદન તમે તાત. ૧૭
તે પુરુષોત્તમ પ્રગટશે, શ્રીવિઠ્ઠલ રૂપ - નિધાન;
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભકતને સન્માન. ૧૮
ત્યાંથી વૃંદાવન પાંઉ ધારિયા, જ્યાં મધુપ કરે ઝંકાર;
કુસુમ દ્રુમ નવ મલ્લિકા, મકરંદનો નહિ પાર. ૧૯
તરુ તમાલ અતિ શોભતાં, હેમ જૂથિકા સંઘોડ;
લલના તે સુભગા લટકતાં, હીંડે તે મોડા મોડ. ૨૦
તાન ધુનિ મુનિ મયૂર રૂપે, સાંભળે ધરી ધ્યાન;
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુ પાન. ૨૧
કુંજ સદન સોહામણાં, શોભા તણો નહિ પાર;
વિવિધ રાસ મંડલ રચના રચી, ખેલે શ્રીનંદકુમાર. ૨૨
રંગે તે રમતા દીઠડા, બલદેવ શ્રીગોવિંદ;
તે પુત્ર ભાવે પ્રગટશે, મન ઉપન્યો આનંદ. ૨૩
બલદેવ શ્રીગોપીનાથ કહીએ, શ્રીવિઠ્ઠલ નંદાનંદ;
તે વેદ પંથ વિસ્તારશે, જન આપશે આનંદ. ૨૪

ત્યાંથી કેશીઘાટ પાંઉ ધારિયા, કહી કથા તત્ત્વ સમાધિ;
રસ પુંજ પુરુષોત્તમ પ્રમાણ્યા, સરસ્વતી તજી આધિ. ૨૫
શ્રીગિરિરાજને આશ્વાસન દીધો, ધરી કોમળ ચરણ;
હરખે તે સામા આવિયા, શ્રીગોવર્ધન ઉદ્ધરણ. ૨૬
હળી મળીને ચાલિયા, ચરણાટ જ્યાં નિજ ધામ;
નવરંગ નાગર પ્રગટિયા, મન પૂરવા બહુ કામ. ૨૭
તત્ત્વ સંખ્યાએ કહ્યાં પદ, સાર માંહે સાર;
હવે કાંઈ એક સ્તુતિ કરું, શ્રીવલ્લભરાજ કુમાર. ૨૮

આખ્યાન-૩

[રાગ - ધનાશ્રી]

આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી, અક્કાજી ઉર ઊપન્યો આનંદ;
આ ચંદ શ્રી વૃંદાવન તણો પ્રગટિયો. (૧)
આ સૌભાગ્ય સુંદરી મળી ધવલ ગાયે, સુહાયે રૂડા કંઠના નાદ;
આહ્‌લાદ ઊપન્યો તે અંગો અંગ ઘણો. (૨)
આ સૂતિકા સદન સોહામણું, શોભા રૂડી લહેરડે જાય;
આ વાજિંત્ર વાજે તે સમે તણાં. (૩)
આ સર્વસ્વ દાન તેણે સમે, કરે રે શ્રી વલ્લભજી ઉદાર;
આ સુકુમાર સુત ઉદયો શ્રવણે સુણી. (૪)
આ પાતાળે શેષ નાગ રીઝિયા, ઉપર ઈંદ્રાદિક દેવ;
આ તત ખેવ સુણી નિશાન વજડાવિયાં. (૫)
આ સિદ્ધ ગંધર્વ ગુણી અપસરા, ઊલટિયાં નૃત્યને નાદ;
આહ્‌લાદ ભર્યાં શ્રીવલ્લભજીએ માનિયાં. (૬)
આ બ્રહ્મા, મહાદેવ, મુનિ હરખિયા, વરખિયા કુસુમ સમૂહ;
આ મોહ ટાળ્યો જગતના જીવનો. (૭)
આ નિગમ સામ શાખા સહસ્રશું, કરે રે ભલા નિર્ઘોષ;

આ ઘોષ પતિ ભગવંત (ભગવદી) ભેટતાં. (૮)
આ વેદ વિહિત કૃત્ય સર્વે કીધાં, દીધાં બહુ પેરે ગૌદાન;
આ માનશું સ્વજન સંતોષિયાં. (૯)
આ કનક કચોળાં કુમકુમ ભર્યા, અક્ષત દુર્વા ભર્યા રે સુથાળ;
આ માળ પારિજાતની મહમહે. (૧૦)
આ તોરણ પર્ણ સહકારનાં, ધરણિયે ચંદન તણાં નીર;
આ વીર શ્રીગોપીનાથ, શ્રીવિઠ્ઠલ પ્રગટિયા. (૧૧)
આ દધિ દૂધ ઘૃત મધુ માંડવે, શેરડિયે વહે રે સુગંધ;
આ સુંગધે મોહ્યા અલિ કુલ આવીયા. (૧૨)
આ સૂત માગધ સાધુ સર્વે મળ્યા, મળિયા તે માંહો માંહે;
આ ઉત્સાહ ભર્યા કો, કોને જાણે નહીં. (૧૩)
આ શુકદેવ સબળ આનંદિયા, વંદિયા શ્રી વલ્લભજીનાં ચરણ;
આ ગિરિધરણ શ્રી ભાગવત મારું નિરખશે. (૧૪)
આ સકલ કલા કલિ કાલમાં, કલ્પ દ્રુમ પ્રગટિયો આજ;
આ કાજ મન વાંછિત પૂરવા. (૧૫)
આ તૈલંગ તિલક ત્રિભુવન ધણી, મણિ મરકત ઘનવાન;
આ સમાન રૂપ નિરખતાં કો નહીં. (૧૬)
આ ગણક ગર્ગાદિક આવિયા, ભાવિયા દિયે રે આશિષ;
આ જગદીશ શ્રીવલ્લભ ઘેર પ્રગટીયા. (૧૭)
આ 'ધવલ ધનાશ્રી' ગાન જે કરે, ઉચ્ચરે શ્રી વિઠ્ઠલજી અવતાર;
આ સારસ્વત લીલા તે જન લહે. (૧૮)
આ દાસનો દાસ જાય વારણે, બારણે રહ્યો રે ઉત્સવ જુવે;
આ કો એક ભાગ્યવાન (ભગવદી) તે સમે. (૧૯)

આખ્યાન-૪

[રાગ- ભૂપ કલ્યાણ]

તે પદ વંદું શ્રી વલ્લભ નંદજી, ત્રિભુવન મંગલ પરમાનંદજી;
સકલ જીવનો ટાળ્યો દ્વંદ્વજી, જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી. (૧)

[ઢાળ]

સુખદ વંદું શ્રી વલ્લભ સુતનાં, પદામ્બુજ સુકુમાર;
નિગમ રહસ્ય વિચાર કીધો, સકલ જન નિસ્તાર. (૨)

બ્રહ્મકુલ હરિ અવતર્યા તે, ટાળવા ભૂમિ ભાર;
શ્રીનાથ વિઠ્ઠલ નામ નિરુપમ, વૃંદાવન શૃંગાર. (૩)

એક રસના કેમ કહું ગુણ, પ્રકટ વિવિધ પ્રકાર;
નિત્ય લીલા નિત્ય નૌતન, શ્રુતિ ન પામે પાર. (૪)

સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે, સાર માંહે સાર;
તત્ત્વ માંહે તત્ત્વ ત્રિભુવન, ભકતનો આધાર. (૫)

સર્વે અંગોઅંગ રસ ભર્યાં, રસભર્યાં લોચન ચાર;
ચલણ-વલણે બોધવ્યા, હૃદેભાવ અનેક પ્રકાર. (૬)

મુખ સુગંધે મોહ્યા અલિ સકલ તે, આવી કરે રે ગુંજાર;
સરસ વચન ઉચ્ચાર માત્રે, સંશયનો પરિહાર. (૭)

નામ-વ્યાજે પ્રગટ કીધો, મુક્તિ શત્રુકાર;
ભુજ-દંડ પરસે ભય હર્યા, એવા નાથ અમિત ઉદાર. (૮)

સ્વ સ્વરૂપ-અર્થે પ્રોજિઝયા, કૃત હુતા જે સંસાર;
રાજ-કાજે જોડીયા જન, ઉચ્ચાવચ નરનાર. (૯)

આગળ અંશે પ્રગટીયા તે, ગ્રંથ કહ્યા બહુ વાર;
શ્રી યશોદા- ઉત્સંગ- લાલિત, પૂરણ અતિ સુકુમાર. (૧૦)

અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ, નિગમને અનુસાર;
ગિરિરાજ ધરણાનો તાપ ટાળ્યો, શ્રી લક્ષ્મણ સુત નિરધાર. (૧૧)

પોતે તે પ્રગટ પોતા તણો, રસ તણો કર્યો રે ઉચ્ચાર;
પોતે અંગોઅંગ સુખદ શોભા, સદન અંગીકાર. (૧૨)

સ્કંધસંખ્યાએ કહ્યાં પદ, શ્રી ભાગવત રસ રાજ;
ભકત જન- પદ રજ પ્રતાપે, સકલ સરિયાં કાજ. (૧૩)

❖

આખ્યાન-૫

[રાગ- સામેરી]

શ્રી વિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય નરનારી; દુર્ગતિ સકલ નિવારી,
પ્રગટયા શ્રી વ્રજપતિ રાસ વિહારી. (૧)
માયિક-મત જેણે ખંડયો, ભક્તિ મારગ જેણે બહુ પેરે મંડયો;
ઉત્પથજન સર્વે દંડયો, મૂરખ હેતુ કુશબ્દ વિતંડયો. (૨)
વદન-સુધારક-જોતે, વચન સરસ રસ રાસ ઉદ્યોતે;
નવ જલ ઘન-વપુ પોતે, ભક્તિ સરસ કીધાં પ્રભુ હોતે. (૩)
ભક્તિ પક્ષ દ્દઢ કીધો, વચન સુધા રસ જન શ્રુતિ પીધો;
અર્થ સકલ તેનો સીધો, તે લીલા માંહે તાણીને લીધો. (૪)

ઢાળ

જે લીલામાં અંગીકાર કરિયો રે, તેનો સકલ તાપ નિસ્તરિયો રે;
જેને શ્રી વિઠ્ઠલનાથ વિચારે રે, તેને પ્રગટ પદારથ ચારે રે. (૫)
ઉપરાંત ભજન ફલ આપે રે, વ્રજ મંડલ સ્થિર કરી સ્થાપે રે;
તેને દેવ મુનિ સર્વે ગાયે રે, તે તો સર્વ ઉપરાંત સુહાયે રે. (૬)
તેને કાલ-કર્મ નવ બાધે રે, યમ તે શિર ધનુષ ન સાધે રે;
એવો મારગ શ્રીવલ્લભ વરનો રે, જ્યાં નહિ પ્રવેશ વિધિ-હરનો રે. (૭)
જ્યાં નિત્ય રાસ બહુ પેરે રે, મધ્ય નાયક નિરતત ઘેરે રે;
જ્યાં રત્ન જટિત તટ સરિતા રે, નવ પલ્લવ ભૂમિ હરિતા રે. (૮)
જ્યાં રત્ન ધાતુ ગિરિ રાજે રે, વાજિંત્ર વિવિધ પેરે વાજે રે;
જ્યાં યુવતી-યૂથ બહુ માંયે રે, શ્રીજી-શ્યામલ વર્ણ સુહાયે રે. (૯)
એણી પેરે શ્રી ગુંસાઈજીને જાણો રે, જાણી અહર્નિશ ગાઈ વખાણો રે;
જે જીવ જાતિ હોય કોઈ રે, તેને તત્ ક્ષણ સર્વ સુખ હોય રે. (૧૦)
સેવક જન 'દાસ' તમારો રે; તેનો રૂપ વિયોગ નિવારો રે. (૧૧)

આખ્યાન-૬

[રાગ : પરજ]

સગુણ સ્નેહી શામળા વ્હાલા, અહર્નિશ દર્શન આપો જી;
પરમ સુખ દેવાને કાજે, વ્રજ મંડલ સ્થિર કરી સ્થાપો જી. ૧
શ્રી વલ્લભ કુંવર કોડામણા,
તમારું નામ નિરંતર લીજે જી;
રૂપ સુધારસ માધુરી તે, લોચન ભરી ભરી પીજે જી. ૨
તે પદ કયારે દેખશું, જે ગોધન પૂંઠે ધાયે જી;
વ્રજ સુંદરી મુખ સુખ પામીને, વારંવાર અઘાયે જી. ૩
દિવસે સર્વ શ્યામા મળી, રસરૂપ તણો જશ ગાયે જી;
ગોપમંડલી મધ્ય દેખીને, વારંવાર સુખ થાયે જી. ૪
વાસર નિર્વાહ એમ કરે, સખી સાયંકાળે પેખે જી;
અલક મુખ ખુર રજ લાગી તે, કમલ ભ્રમર વિશેખે જી. ૫
ગોપ બાલક મંડલી મધ્ય, રંગ અનેક ઉપજાવે જી;
મત્ત ગજગતિ મલપતા તે, શ્રી ગોકુલમાં આવે જી. ૬
લોચન-ભૃંગ પીયે ઘણું તે, પ્રગટ મુખ મકરંદ જી;
કમલ પત્ર શી આંખડી તે, જોઈ જોઈ ટાળ્યો દ્વંદ્વ જી. ૭
જોતાં તૃપ્તિ ન ઉપજે, પ્રભુ અધર - સુધારસ પાયે જી;
ભુજલતા ભીડી ભામિની, ત્યારે દિવસ તાપ બુઝાયે જી. ૮
પૂરણ સુખ દઈ ગોષ્ઠમાં, પ્રભુ આઘેરા પાંઉ ધારે જી;
યશોદાજી લે ભામણાં સુતને, રાઈ લૂણ ઉતારે જી. ૯
વસ્રાંચલ મુખ રજ પોંછીને, રૂપ સકલ નિહાળે જી;
ઊભી થાય રોમાવલી કર, કોમલ અંગ સંભાળે જી. ૧૦
કરી પેરે પેરે વારણાં સુતને, સદનમાં પધરાવે જી;
સુંદરી ગૃહ કારજ મિષે વળી, નિરખવાને આવે જી. ૧૧
ઉષ્ણોદક સોંધો ભેળીને, અંગ અંઘોળ કરાવે જી;
અંગ વસ્ત્ર કરી સ્વચ્છ વપુને, પાછે તેલ લગાવે જી. ૧૨

અનેક સુગંધ વસન ને ભૂષણ, ફૂલ અંબોડે ફાવે જી;
ઠણઠણતો વ્હાલો લાડકડો તે, ભોજન શાળાએ આવે જી. ૧૩
રાધા અધર-સુધા વિના પિયુને, બીજું તે કાંઈ નવ ભાવેજી;
પ્રાતઃ પધારે ને નિશાએ આવે વ્હાલો, પ્રીતિ નવી ઉપજાવેજી. ૧૪
માતાનું મન રંજવા વ્હાલો, આરોગ્યા બહુ સ્વાદે જી;
સુગંધ બીડી કર ધરીને, ઉઠયા નૂપુરને નાદે જી, ૧૫
સકલ વ્રજમાં પોઢિયા વ્હાલો, વિવિધ રસ સુખ દાન જી;
એ લીલા મારે મન વસો, જે ભક્ત માગ માન જી. ૧૬
શ્રી વિઠ્ઠલ દ્વિજ રૂપ તમારી, લીલા એણી પેરે ઝાઝી જી;
ઓળવ્યે કેમ ચાલશે. જે પ્રીત અમશું બાઝી જી. ૧૭

❖

આખ્યાન-૭

[રાગ સામેરી]

આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો ।
આપની લીલા તે વદન પોતે કહી, ઉચ્ચાર આનન્દ તે અધિક દીધો ।।૧।।
વેદ દધિ મધ્ય નવનીત જે ભજન રસ, મથિત માધુરી જીવે શ્રવણ પીધો ।
તક્રસમ કર્મ પથ સ્નેહરસ હીન જે, શ્વેત જાણી વિમુખ તાણી લીધો ।।૨।।
એ ચરણ શરણ વિના લોક દશ ચારમાં, કહો ને કોનો કાંઈ અર્થ સીધો ।
શું કહું ચતુર થઈ-થઈ અને વિસ્તરે ભજે નહિ પશુ જેમ વિષય કીધો ।।૩।।
બોલ વલ્લભ સુવન વિમલ વાણી જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી,
ગૂઢ રસ તત્વ જે વેદની વાણી તે પ્રકટ કીધી ભક્ત હેત જાણી ।।૪।।
નંદ નંદન રૂપે 'રાસ લીલા' કરી, પોતે ન ઉચ્ચરી છાની રાખી ।
દિવસ એકાદની ઉત્તારા કુંવર પ્રતિ, વ્યાસ નન્દન વિમલ વદન ભાખી ।।૫।।
બ્રહ્માદિ મહામુનિ અતિજ્ઞાન પારંગત, તે મધુ સિંધુની કહિયે માખી ।
ન કોઈ હુવો ન હોય એ રુપ સમ । તેના સકલ નિજ નિગમ સાખી ।।૬।।
એ પ્રભુ રસપુંજ તે ભુવ ચક્રમાં કરિ ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી ।
તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે । મંદમતિ કહી અને નિન્દા દાખી ।।૭।।

વિબુધ વાંછે વાસ વસુમતિ ઉપરે । શ્રીવલ્લભ કુંવરની ટહેલ કરવા ।
ઘોષથી વેગે પાંઉ ધારિયા ગિરિ ભણી । શ્રીગિરિરાજ ધરણનો તાપ હરવા ॥૮॥
ફૂલ ફેંટે ભર્યા વસન વાગા તણાં । વિવિધ ભૂષણ તે અંગ ધરવા ।
તુરંગ ચાલ્યો વાયુ વેગે ઉતાવળો । જાણે નૌકા ચાલી સિન્ધુ તરવા ॥૯॥
દિવસ એકાર્ધનો વિરહ તે યુગ સમો । નીરાંજન મિષે રૂપ હૃદય ધરવા ।
જીવને યહ કૃત્ય નિત્યપ્રતિ ક્ષણુ ક્ષણુ શ્રીવિઠ્ઠલનાથ એવા ઉચ્ચરવા ॥૧૦॥
રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે વિવિધ લીલા કરે ભજન સાર ।
વિવિધ વચનાવલી નયન સેને કરી । સંજ્ઞા સૂચવે નિશિ વિહાર ॥૧૧॥
રત્ન મુક્તાવલિ પાટ સૂત્રે કરી, ગલસરી શોભિતા કરે સિંગાર ।
વિવિધ કુસુમાવલી ગ્રથિત હાથે કરી । એક એકને કન્ઠે આરોપે હાર ॥૧૨॥
વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન્ન રસ, ધસમસ્યા અર્પેતે બહુ પ્રકાર ।
વિવિધ બીડી સુગન્ધ કર્પૂર, એલચી, લવીંગ પૂંગી અને ખેરસાર ॥૧૩॥
વ્યંજન શીતલ વાયુ મુકુર કરકમલ ધરી દેખાડતાં મોહે સકલ સંસાર ।
એહ સેવારસ પ્રગટ પોતે કરી નિજ સેવક તણી કીધી સાર ॥૧૪॥
અહર્નિશ ધ્યાન શ્રી વિઠ્ઠલાધીશનું, સકલ કલિમલ દુરિત કોટિ ક્ષાલે,
એ પ્રભુ ભુવિ પ્રકટ વિપ્રવર તનુ ધરી, દીઠડે ત્રિભુવન તણાં ચિત્ત ચાલે ॥૧૫॥
હાવ ભાવાદિક કોટિ-કોટિ કરે । મદન-જ્વર વ્યથા તે વેગે ટાળે ।
જાલરંધ્રે સખી જાણે ચિત્રે લખી । વાંછિતા નાથની છબી નિહાળે ॥૧૬॥
કમલ, ખંજન, મીન, મધુપ, જ્યાં ત્યાં થકી । વક્ર લોચન પ્રતિ પાછાં વાળે ।
દાસનો 'દાસ' ભણે સકલ સજ્જન સુણે, શ્રીવિઠ્ઠલ આપનું વિરદ પાળે ॥૧૭॥

◆

અધ્યાય-૮

[રાગ-ધનાશ્રી]

લલિત મનોહર, શ્રીવલ્લભસુવન સુજાણ,
નખશિખ સુન્દર વ્રજજન જીવન પ્રાણ ॥૧॥
વદન કાંતિ જાણે, ઉદયા કોટિક ભાણ,
દ્વિજકુલ મંડન, પ્રગટ્યા પુરુષ પ્રમાણ ॥૨॥

નામ નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ,
તેના સાખી, ચારે વેદ-પુરાણ ॥૩॥
અસુર હણેવા, બ્રહ્મવાદ-કરપાણ,
ભક્તિ કરે સૌ વાજંતે રે નિશાણ ॥૪॥
વૈષ્ણવ જનને, આપે પદ-નિર્વાણ,
મારગ મુક્તિ કોઈ ન માગે દાણ ॥૫॥
ચરણ ચાખડી, વંદે રાણો રાણ;
સરસ થયા જે, હુતા પ્રેત પાષાણ ॥૬॥
હતિત પતિતનું જુઓ તમે પ્રગટ એંધાણ;
શેષ સહસ્ત્ર મુખ, ઉચ્ચરે જેનાં વખાણ ॥૭॥
ચૌદ લોકમાં, વરતે જેની આણ;
ત્રાસ તિમિરનું જાણે સકલ વિહાણ ॥૮॥
અધર્મ સકલનું, પેરે પેરે કીધું વિહાણ,
ધર્મ સકલનું પ્રભુજીએ કીધું ત્રાણ ॥૯॥
સન્મુખ કીધા, જે હુતા ભ્રષ્ટ અજાણ;
નિર્ભય કીધા, શિર પર ધરી નિજ પાણ ॥૧૦॥
નિગમ તત્ત્વરસ, યશ ભર્યા અમૃત સંધાણ;
રૂપ સુન્દરતા શું કહું? નહિ કો એહ સમાન ॥૧૧॥
કૃપા કરી હરિ, રાખી બહુ વિધ કાન;
સેવક જનને, રાખી લ્યો એ લ્હાણ ॥૧૨॥

[ઢાળ]

એવા તે ગુણનિધિ નાથ ગાતાં, બ્રહ્મ હત્યાદિક અઘ ટળે;
લીલા તે લહરી સિંધુ ઝીલે, રાસ-રસિકને જઈ મળે ॥૧૩॥
નિઃસાધન જન હિત કરવા, શ્રીનાથ વિઠ્ઠલ આવિયા,
વ્રજમાં તે હીંડે મલપતા તે, વ્રજસખી મન ભાવિયા ॥૧૪॥
કમલ નેણે ને અમૃત વેણે, વાક્ય માધુરી રેડતાં,
વેદ-ધ્વનિ મિષ હસ્ત ચલણે, શોભે સૌને તેડતાં ॥૧૫॥
રંગે તે રમતા રસભર્યા, પ્રભુ ઘોષમાં લીલા કરે

અધિક અધિક પ્રતાપ પૂરણ, યશ દશો દિશ વિસ્તરે ।।૧૬।।
ભાંતિ-ભાંતિ લીલા કરે પ્રભુ, સાતે સ્વરૂપ સોહામણાં,
એક એકથી અધિક શોભા, વ્રજસખી લે ભામણાં ।।૧૭।।
પેરે પેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતાં,
ઉત્સાહ આનન્દ અધિક વાધ્યો, કુસુમ વરખે હરખતાં ।।૧૮।।
પ્રતિ સદન શોભા અતિ ઘણી, ભણી વેદ વદને ન જાય,
મકરન્દ માતા ભ્રમર ગુંજે, પક્ષી નાદ સોહાય ।।૧૯।।
અન્તઃપુર લીલા કરે પ્રભુ, સકલ જન સંતોષતા,
જાણે મત્ત માતંગ છૂટ્યા, નૂપુરને નિર્ઘોષતા ।।૨૦।।
હાર-કંકણ-કર્ણ ભૂષણ નાદ નાના હીંડતાં,
ગાન ગાય ને સ્વર સુહાયે, 'શ્રીનવનીતપ્રિયાજી' ને પોઢતાં ।।૨૧।।
સંધ્યા સમે શૃંગાર નૌતન, ફૂલ ગૂંથે સૌ મળી;
સદન શોભા નિરખતાં તે, લક્ષ્મી મન પામ્યાં રળી ।।૨૨।।
વાસ વાંછે વ્રજ વસેલા, એણી પેરે સુખ પામવા;
શ્રીપુરુષોત્તમ ઉત્તમ વરને, સમે જોઈ શિર નામવા ।।૨૩।।
લીલા ને અનુસાર કલરવ, કૂજતા દ્વિજ શોભતા;
સ્વ સ્વભાવ ત્યાગી, ધ્યાનરાગી, કોઈક ભાવે લોભતા ।।૨૪।।
સહચરી રત્ન સુકંઠ નાદે, ગાન સુયશ પ્રકાર;
રસિક જન સૌ સંગ મળીને, કરે તે ઉચ્ચાર ।।૨૫।।
એણી પેરે લીલા કરે, શ્રીવલ્લભરાજ કુમાર,
ભક્તજનના કોડ પૂરો, આપો ચરણ વિહાર ।।૨૬।।

❖

આખ્યાન-૯

[રાગ : બિભાસ]

નિત્ય પ્રતિ ક્ષણુ ક્ષણુ સમરિયે, શ્રીવલ્લભનો પરિવાર રે રસના,
શ્રીપુરુષોત્તમજી પ્રગટિયા જગત કરેવા ઉદ્ધાર રે રસના ।।૧।।

કલિમાં કારણ એહ છે, બીજું સર્વે ભૂમિનો ભાર રે રસના,
એ વિના બીજું સર્વે બાદલું, ચૌદ લોકનો શણગાર રે રસના ॥૨॥
ગોપીનાથજી સોહામણા, નવજલ ઘન તનુ ભાણ રે રસના;
સુખદાતા લઘુ ભ્રાતના, પૂરણ પુરુષ પ્રમાણ રે રસના ॥૩॥
કમલ લોચન કરુણા ભર્યા, શ્રીવિઠ્ઠલ સુખરાસ રે રસના;
દીઠડે તાપ ત્રિવિધ ટળે, સ્મરણ માત્ર અઘ નાશ રે રસના ॥૪॥
'શ્રીગિરિધર' નરભૂષણ, ભ્રાત સકલ ધુરિધાર રે રસના;
વકતા વેદ શાસ્ત્ર તણા, 'શ્રીભામિનીજી' ભરથાર રે રસના ॥૫॥
'શ્રીગોવિન્દજી' આનન્દમય, ધર્મ સકલનું ધામ રે રસના,
'શ્રી રાણીજી' રંજના રૂડલા, ભકત સકલ વિશ્રામ રે રસના ॥૬॥
શ્રી બાલકૃષ્ણજી અતિ બાલુડા, સુન્દર ભીનલે વાન રે રસના,
કમલ લોચન કમલા પતિ, છબી નહિ કો એ સમાન રે રસના ॥૭॥
શ્રીગોકુલપતિ અતિ ગુણનિધિ, તાત તણો પ્રતિબિમ્બ રે રસના,
શ્રીપાર્વતી પતિ પ્રેમશું, શોભા સકલ કુટુમ્બ રે રસના ॥૮॥
શ્રીરઘુપતિ અતિ ગજગતિ, રતિ-પતિ કરું બલિહાર રે રસના,
શ્રીજાનકી જીવન એ સદા, મધ્ય મણિ રત્નમય હાર રે રસના ॥૯॥
'શ્રીયદુપતિ' જીવન જગતના, સદા મન પ્રસન્ન હુલાસ રે રસના,
નાથ તે 'શ્રીમહારાણીજી' તણા, મુખ માધુરી વિલાસ રે રસના ॥૧૦॥
શ્રી ઘનશ્યામજી સીંચે સદા, જીવન સકલ બ્રહ્માન્ડ રે રસના,
નાથ તે શ્રીકૃષ્ણાવતી તણા, લીલા નિત્ય અખન્ડ રે રસના ॥૧૧॥
શ્રી લક્ષ્મી સત્યભામા બેઉ, અગ્રજની અનુહાર રે રસના,
શ્રી નવનીતપ્રિયાજીને રીઝવ્યા સેવ્યા વિવિધ પ્રકાર રે રસના ॥૧૨॥
શોભા, યમુના, કમલા, દેવકા; જેને સાત બાંધવ સૌભાગ્ય રે રસના,
એમના ચરણ-સ્મરણ કરી શ્રી વિઠ્ઠલ પદરજ રતિ માગ રે રસના ॥૧૩॥
પુત્ર પૌત્રાદિક સુખ શું કહૂં, જો તું મુખમાં એક રે રસના,
શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમ ફળ્યો, તેની શાખા પ્રસરી અનેક રે રસના ॥૧૪॥

◆

વચનામૃત

મને શ્રીવલ્લભાખ્યાન ઉપર અપૂર્વ પ્રેમ છે. તેના ફલ સ્વરૂપે મેં આ ગુજરાતી ભાષાના ગ્રંથની સંસ્કૃતમાં ટીકા કરવાનો પ્રયાસ કર્યો છે. જ્યારે મારી બિમારી વધી જાય છે, ત્યારે દવા નથી લેતો. બધાને કહું છું કે શ્રીવલ્લભાખ્યાનના પાઠ કરો. પાઠના અંતે મારી તબિયત સારી જ થઈ જાય છે. આ મારો અનુભવ છે. સૈદ્ધાંતિક રીતે અને મારા પ્રાણરક્ષક તરીકે હું મહતી શ્રદ્ધા ધરાવું છું. હું તેને ઉપનિષદ તુલ્ય માનું છું.

જેમ શ્રી ભાગવત સર્વેમાં સુખદાયક છે તેમ હું કહું છું કે શ્રીવલ્લભાખ્યાન સુખદાયક છે. શ્રીમદ્ ભાગવત સુખદાયક થાય તે માટે શ્રીમહાપ્રભુજીએ નિબંધ ગ્રંથ રચ્યો તેમ શ્રીવલ્લભાખ્યાન સુખદાયક થાય, તે માટે મારું આ પ્રવચન છે.

– નિ. લી. પ. પૂ. ગો. ૧૦૮ શ્રી દીક્ષિતજી મહારાજનાં વચનામૃત

* * *

શ્રીમદાચાર્યચરણના અને શ્રીગુસાંઈજી પ્રભુચરણના સ્મરણ માટે દરરોજ શ્રીવલ્લભાખ્યાનનો પાઠ કરવો આવશ્યક છે.

શ્રીગુસાંઈજી પરમદયાલની કૃપાથી ગોપાલદાસ કે જે મૂંગા હતા, તેમને ચર્વિત પાન આપતાં અનુગ્રહ થયો અને 'મૂકં કરોતિ વાચાલં' ઉક્તિ પ્રમાણે મૂંગા ગોપાલદાસે શ્રીવલ્લભસ્તવન શરૂ કર્યું. તરત જ ગાવા લાગ્યા : 'વંદુ શ્રી વિઠ્ઠલવર સુંદર...' આ પ્રમાણે નવ વલ્લભાખ્યાન ગાયાં.

આ છે અનુગ્રહ – કૃપા, કે જે મૂંગાને પણ મહાન, સમર્થ વિદ્વાન, ગાયક અને ભક્ત બનાવી શકે છે. આવી જ કૃપા સર્વ ભક્તો ઉપર થાય તેવી શ્રી બાલકૃષ્ણ પ્રભુ કૃપા કરે.

– નિ. લી. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ, સુરત (પૂ. દાદાજી)